ગુ.યુ.પ્રેસ ૮૫-૪૫૦+૧૦-૫-૧૯૭૫

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા, ગુરુવાર, તા. ૧૩--૬--૧૯૭૪ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે મળી હતી, અને શુક્રવાર, તા. ૧૪--૬--૧૯૭૪ના રોજ તે જ સમયે ચાલુ રહી હતી, અને તે પછી તે જ રીતે સાંજે થયેલા સભામોકૂફીના ઠરાવ અન્વયે આ સભા શનિવાર, તા. ૧૫--૬--૧૯૭૪ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે કોર્ટ-ખંડમાં ફરી મળી હતી. ત્રણે દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિશ્રી શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. આ ત્રણે દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩-૬-૧૯૭૪	૧૪-૬-૧૯૭૪	૧૫-૬-૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૩.	શ્રી. ઉમાશંકર જોશી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૪.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. કંચનલાલ સી. પરીખ, કુલસચિવ	હાજર	હાજર	હાજર
૬.	શ્રી. પી. એફ. પટેલ, ગ્રંથપાલ	હાજર	હાજર	હાજર
૭.	શ્રી. એસ. જે. મુનશા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. એ. કે. મહેતા	હાજર	હાજર	હાજર
૯.	ડૉ. વી. એચ. ઠાકોર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. એસ. પી. તનેજા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. પી. સી. પરીખ	હાજર	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર	હાજર	હાજર
૧૩.	શ્રી. એન. એમ. બારોટ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪.	શ્રી. એમ. જી. બ્રહ્મભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૫.	શ્રી. બી. એન. પટેલ	હાજર	હાજર	હાજર
૧૬.	શ્રી. પી. સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩--૬--૧૯૭૪	૧૪--૬--૧૯૭૪	૧૫--૬--૧૯૭૪
૧૭.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર	ગેરહાજર
૧૮.	શ્રી. બી. કે. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૧૯.	શ્રી. જી. ડી. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૨૦.	ડૉ. જે. એલ. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૧.	શ્રી. જે. બી. શાહ	હાજર	હાજર	હાજર
૨૨.	શ્રી. એમ. જે. દવે	હાજર	હાજર	હાજર
૨૩.	શ્રી. આર. વી. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૨૪.	ડૉ. આર. એન. ઘોડિયાવાલા	હાજર	હાજર	હાજર
૨૫.	શ્રી. એમ. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૨૬.	ડૉ. આર. એમ. ચોકસી	હાજર	હાજર	ગેરહાજર
૨૭.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર	હાજર	હાજર
૨૮.	શ્રી. એમ. સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૨૯.	શ્રી. આર. ટી. મણિયાર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૩૦.	શ્રી. બી. જે. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૩૧.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૩૨.	ડૉ. બી. એસ. અગ્રવાલ	હાજર	હાજર	હાજર
૩૩.	શ્રી. બી. આર. મિસ્ત્રી	હાજર	હાજર	હાજર
૩૪.	ડૉ. સી. એસ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૩૫.	ડૉ. એચ. પી. પટેલ	હાજર	હાજર	હાજર
૩૬.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૩૭.	શ્રી. એમ. સી. પરીખ	હાજર	હાજર	હાજર
૩૮.	શ્રી. એન. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૩૯.	શ્રી. એમ. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૪૦.	શ્રી. એમ. આર. પટેલ	હાજર	હાજર	હાજર
૪૧.	શ્રી. બી. જી. ચૌધરી	હાજર	હાજર	હાજર
૪૨.	શ્રી. બી. વી. પટેલ	હાજર	હાજર	હાજર
૪૩.	શ્રી. સી. એમ. શેઠ	હાજર	હાજર	હાજર
૪૪.	શ્રી. કે. એ. શાહ	હાજર	હાજર	હાજર
૪૫.	શ્રી. ઈ. એમ. બલસારા	હાજર	હાજર	હાજર
૪૬.	શ્રી. એમ. એચ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૪૭.	શ્રી. એન. વી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૪૮.	શ્રી. પી. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૪૯.	શ્રી. પી. એફ. પટેલ	હાજર	હાજર	હાજર
૫૦.	શ્રી. આર. એસ. પટેલ	હાજર	હાજર	હાજર
૫૧.	શ્રી. ડી. એન. આચાર્ય	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩-૬-૧૯૭૪	૧૪-૬-૧૯૭૪	૧૫-૬-૧૯૭૪
૫૨.	શ્રી. એમ. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૫૩.	શ્રી. વી. એમ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૫૪.	શ્રી. બી. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૫૫.	શ્રી. એ. જી. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૫૬.	શ્રી. એમ. એ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૫૭.	શ્રી. એમ. ડી. પંચોલી	ગેરહાજર	હાજર	હાજર
૫૮.	શ્રી. એમ. ડી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૫૯.	શ્રી. હરુભાઈ એમ. મહેતા	હાજર	હાજર	હાજર
૬૦.	ડૉ. જે. એન. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૬૧.	ડૉ. પી. પી. મહેતા	હાજર	હાજર	ગેરહાજર
૬૨.	શ્રી. સી. બી. મહેતા	હાજર	હાજર	ગેરહાજર
૬૩.	શ્રી. જી. આર. દેસાઈ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૬૪.	શ્રી. પી. આર. શાહ	હાજર	હાજર	હાજર
૬૫.	શ્રી. આર. એચ. વ્યાસ	હાજર	હાજર	ગેરહાજર
૬૬.	શ્રી. આર. એમ. શાહ	હાજર	હાજર	હાજર
૬૭.	શ્રી. એસ. બી. વોરા	હાજર	હાજર	હાજર
૬૮.	શ્રી. સી. કે. શાહ	હાજર	હાજર	હાજર
૬૯.	શ્રી. ડી. બી. સોલંકી	ગેરહાજર	ગેરહાજર	હાજર
૭૦.	શ્રી. બી. જે. ત્રિપાઠી	હાજર	હાજર	હાજર
૭૧.	શ્રીમતી બકુલા કે. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૭૨.	ડૉ. વી. કે. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૭૩.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર	હાજર
૭૪.	આચાર્ય સી. કે. અકુવાલા	હાજર	હાજર	હાજર
૭૫.	આચાર્ય આઈ. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૭૬.	આચાર્ય એમ. ડી. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૭૭.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૭૮.	આચાર્ય જે. જે. દવે	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૭૯.	આચાર્ય જી. બી. પરીખ	હાજર	હાજર	હાજર
૮૦.	આચાર્ય જી. બી. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૮૧.	આચાર્ય કે. એસ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૮૨.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	ગેરહાજર
૮૩.	આચાર્ય વાય. પી શુક્લ	હાજર	હાજર	હાજર
૮૪.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર	હાજર
૮૫.	આચાર્ય વી. જે. ત્રિવેદી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૮૬.	આચાર્ય એચ. એમ. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩–૬–૧૯૭૪	૧૪–૬–૧૯૭૪	૧૫–૬–૧૯૭૪
૮૭.	આચાર્ય ઓ. જી. મુન્શી	હાજર	હાજર	હાજર
૮૮.	આચાર્ય જે. જી. પટેલ	હાજર	હાજર	હાજર
૮૯.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૯૦.	આચાર્ય વી. એફ. શાહ	હાજર	ગેરહાજર	હાજર
૯૧.	આચાર્ય જે. ડી. તલાટી	હાજર	હાજર	ગેરહાજર
૯૨.	આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૯૩.	આચાર્ય જે. પી. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૯૪.	આચાર્ય બી. એસ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૯૫.	આચાર્ય ટી. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૯૬.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર	હાજર
૯૭.	આચાર્ય સી. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૯૮.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૯૯.	આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૦.	આચાર્ય જી. જે. જોષી	હાજર	હાજર	હાજર
૧૦૧.	આચાર્ય એચ. પી. પંડ્યા	હાજર	હાજર	ગેરહાજર
૧૦૨.	આચાર્ય એચ. ઓ. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૩.	આચાર્ય બી. એમ. પીરઝાદા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૪.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર	હાજર
૧૦૫.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૦૬.	આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૭.	ડૉ. ઓ. એમ. મલાવવાળા	હાજર	હાજર	ગેરહાજર
૧૦૮.	શ્રી. એમ. ટી. જાની	હાજર	હાજર	ગેરહાજર
૧૦૯.	શ્રી. એસ. આર. ધ્રુવ	હાજર	હાજર	હાજર
૧૧૦.	શ્રી. બી. એસ. ગઢવી	હાજર	હાજર	ગેરહાજર
૧૧૧.	શ્રી. આર. જી. ગુપ્તા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૨.	શ્રી. પી. આર. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૧૧૩.	શ્રી. એસ. ડી. શાહ	હાજર	હાજર	હાજર
૧૧૪.	શ્રી. એ. સી. નાયક	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૫.	શ્રી. એ. સી. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૬.	શ્રી. એ. એમ. ઢબુવાલા	હાજર	હાજર	હાજર
૧૧૭.	શ્રી. પી. આર. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૧૧૮.	શ્રી. એમ. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૧૯.	શ્રી. શરદ પટેલ	હાજર	હાજર	હાજર
૧૨૦.	શ્રી. ડી. એન. પરીખ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૧.	શ્રી. શ્રેણિક કસ્તૂરભાઈ લાલભાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩–૬–૧૯૭૪	૧૪–૬–૧૯૭૪	૧૫–૬–૧૯૭૪
૧૨૨.	આચાર્ય ઓમ. ઓસ. પંડિત	હાજર	હાજર	હાજર
૧૨૩.	આચાર્ય જી. ઓમ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૨૪.	પ્રા. ઓ. ઓમ. રાવલ	હાજર	હાજર	હાજર
૧૨૫.	પ્રા. ડી. એન. પાઠક	હાજર	હાજર	હાજર
૧૨૬.	ડૉ. વી. સી. શાહ	હાજર	ગેરહાજર	હાજર
૧૨૭.	ડૉ. ચંપાબહેન ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૧૨૮.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૯.	ડૉ. ઓ. એસ. નાગર	હાજર	હાજર	હાજર
૧૩૦.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૩૧.	ડૉ. વાય. કે. અલ્વ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૨.	શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૩.	શ્રી. સી. જી. વાઘેસ	હાજર	હાજર	ગેરહાજર
૧૩૪.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૫.	શ્રી. ઓ. એ. જસદાણવાળા	હાજર	હાજર	હાજર
૧૩૬.	ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર	હાજર
૧૩૭.	શ્રી. આઈ. એ. પરમાર	હાજર	હાજર	હાજર
૧૩૮.	શ્રીમતી એન. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૩૯.	શ્રી. એચ. એન. પટેલ	ગેરહાજર	ગેરહાજર	હાજર

૧. (ક) તા. ૧૭/૨૦–૬–૧૯૭૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ સભાની નોંધ મંજૂર કરવા બાબત :

તા. ૧૭/૨૦–૬–૧૯૭૩નારોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ સભાની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧. (ખ) તા. ૧૮–૧૦–૧૯૭૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

તા. ૧૮-૧૦–૧૯૭૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ સભાની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧ (ગ) શ્રી. મૂકેશ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તાજેતરના ગુજરાતના ઐતિહાસિક લોક-આંદોલનમાં શહીદ થયેલા વીર યુવકોને આ સભા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. મૂકેશ પટેલે રજૂ કર્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેના બે સુધારા રજૂ કરવા માટે અનુક્રમે શ્રી. અશોક એમ. ઢબુવાલા અને શ્રી. શૈલેશ શાહે નોટિસ આપી હતી :

(૧) **શ્રી. અશોક એમ. ઢબુવાલા**એ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તાજેતરના ગુજરાતના ઐતિહાસિક લોક-આંદોલનમાં શહીદ થયેલા વીર યુવકોને આ સભા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે અને તેમનાં કુટુંબોને મદદરૂપ થઈ પડાય તે માટે યુનિવર્સિટી એક ટ્રસ્ટ ઊભું કરી તેમને જ્યાં સુધી મદદની જરૂર હોય ત્યાં સુધી મદદ થઈ શકે."

(૨) **શ્રી. શૈલેશ શાહે** નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"'.....શ્રદ્ધાંજલિ અર્પે છે' આ શબ્દો પછી નીચે પ્રમાણે ઉમેરવું :

'અને શહીદોના માનમાં યુનિવર્સિટી કોર્ટની આ સભા પ્રતીક તરીકે એક કલાક મુલતવી રાખવી તેમ ઠરાવે છે'."

તે પછી આચાર્ય એસ. આર. ભટ્ટે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ બાબત નં. ૧ની પેટાબાબત તરીકે મૂકવામાં આવેલી છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરી?

તે બાબતમાં સભાગૃહમાં થોડીક ચર્ચા થઈ તે દરમિયાન કુલપતિશ્રીએ જણાવ્યું કે શોકાંજલિના પ્રસ્તાવો અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવાનો શિરસ્તો આ સભાગૃહમાં પડેલો છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ અધ્યક્ષસ્થાનેથી હું રજૂ કરું છું.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે શ્રી. અશોક એમ. ઢબુવાલાનો સુધારો કાનૂનસર ગણી શકાય તેમ નથી.

તે પછી અધ્યક્ષસ્થાનેથી નીચેનો શોકદર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યો :

"તાજેતરના ગુજરાતના ઐતિહાસિક લોક-આંદોલનમાં શહીદ થયેલા વીર યુવકોને આ સભા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે."

ઉપરના પ્રસ્તાવને સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

તે પછી અધ્યક્ષસ્થાનેથી નીચેના શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

(૧) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના કુલપતિશ્રી તથા આ યુનિવર્સિટીની સેનેટના ભૂતપૂર્વ સભ્ય અને ગુજરાતની વડી અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી. નસરવાનજી કે. વકીલના અવસાન બદલ ઊંડા શોકની લાગણી વ્યકત કરે છે અને શિક્ષણ, સાહિત્ય અને ન્યાયતંત્રનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

(૨) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા આ યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી. અમૃતલાલ હરગોવિંદદાસ શેઠના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી વ્યકત કરે છે, અને વેપાર-ઉદ્યોગ તથા શિક્ષણનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

(૩) ગુજરાત યુનિવર્સિટીની કોર્ટની આ સભા આ યુનિવર્સિટીની સેનેટના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા સમાજસેવક શ્રી. કલ્યાણજીભાઈ મહેતાના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી વ્યકત કરે છે, અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમણે આપેલા યશસ્વી ફાળાને તથા ઊંડી દેશદાઝને કૃતજ્ઞભાવે સ્મરીને શિક્ષણ તથા સમાજનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી નિઃસ્વાર્થ સેવાઓને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

(૪) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા ખાતેના ભારતના ભૂતપૂર્વ એલચી અને જાણીતા અર્થશાસ્ત્રી તથા લેખક શ્રી. ગગનવિહારી મહેતાના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી વ્યકત કરે છે અને દેશના વેપાર--ઉદ્યોગના તથા અર્થતંત્રના વિકાસમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

(૫) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા જાણીતા સાહિત્યકાર શ્રી. વિજયરાય ક. વૈદ્યના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી વ્યકત કરે છે અને ગુજરાતી સાહિત્ય અને વિવેચનનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

ઉપરના ઠરાવોની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

સદરહુ પ્રસ્તાવો કોર્ટના સૌ સભ્યોએ ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યા.

તે પછી શ્રી. શૈલેશ શાહે શ્રી. મૂકેશ પટેલે જેની નોટિસ આપી હતી તે પ્રસ્તાવ પર પોતે રજૂ કરેલા સુધારાના સંદર્ભમાં નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

"તાજેતરના ગુજરાતના ઐતિહાસિક લોક-આંદોલનમાં શહીદ થયેલા વીર યુવકોને આ સભા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે અને શહીદોના માનમાં યુનિવર્સિટી કોર્ટની આ સભા પ્રતીક તરીકે એક કલાક મુલતવી રાખવી તેમ ઠરાવે છે."

સદરહુ પ્રસ્તાવને આચાર્ય બી. એમ. પીરજાદાએ ટેકો આપ્યો.

તે પર અધ્યક્ષસ્થાનેથી મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહનું કામકાજ ૧૨--૪૫થી ૧--૪૫ સુધી મોકૂફ રાખવામાં આવ્યું. તે દરમિયાન બાબત નં. ૨માં જણાવેલ ચૂંટણી અંગે મતદાનનું કામ શરૂ કરવા માટે અધ્યક્ષશ્રીએ અનુમતિ આપી અને નીચે મુજબ ચકાસણીદારો (Scrutineers)ની નિમણૂક કરી :

(૧) આચાર્ય કે. એન. શાહ
(૨) આચાર્ય ઈન્દુભાઈ ભટ્ટ
(૩) પ્રો. કે. જે. ભટ્ટ
(૪) ડૉ. એ. એસ. નાગર.

આ અંગે આચાર્ય દર્શનસિંઘ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે બાબત નં. ૨માં જણાવેલ ચૂંટણી અંગેનું કામ મતદાનનો સમય પૂરો થાય નહીં ત્યાં સુધી પૂરું થયેલું ગણાય નહીં, અને તે દરમિયાન બીજી કોઈ બાબત હાથ ધરી શકાય નહીં; તો પ્રશ્નોત્તરીનું કામ હાથ ધરવું તે કાનૂનસર ગણાય?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સભાગૃહમાં આ અંગે જે શિરસ્તો પડેલો છે તે જોતાં પ્રશ્નોત્તરીનું કામ હાથ ધરવામાં વાંધો નથી.

૨. ૧૯૭૪--૭૫ના વર્ષ માટે બોર્ડ ઑફ્ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ્ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૭૩ના ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૪ના રોજ પૂરી થયેલી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની છે.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૭૪થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૫ સુધીનું, રહેશે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૧૩--૫--૧૯૭૪ના રોજ પરિપત્રાંક સિ./૦૪૦૪૩/૧૯૭૪ દ્વારા મોકલવામાં આવી છે.]

મતદાનનું કામ બપોરે ૩--૦૦ સુધી ચાલ્યું અને તે પછી મતગણતરી પૂરી થયા બાદ તેનું પરિણામ આવતાં સભાગૃહમાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

(૧) પટેલ હીરાલાલ અંબાલાલ
(૨) આચાર્ય જશભાઈ ગોરધનભાઈ
(૩) શાહ જિતેન્દ્ર બચુભાઈ.

તે પછી સભા ૧--૪૫ વાગ્યે પુનઃ શરૂ થતાં પ્રશ્નોત્તરીનું કામ હાથ ધરવામાં આવ્યું :

પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન નં. ૧ થી ૭૮ સુધીનું જ કામકાજ હાથ ધરી શકાયું હતું. સદરહુ પ્રશ્નોત્તરી પૈકી કેટલાક પ્રશ્નો અંગે પેટાપ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, તેની વિગતો પણ નીચે દર્શાવવામાં આવેલી છે :

પ્રશ્નોત્તરીનો એક કલાકનો સમય બપોરે ૨--૪૫ વાગ્યે પૂરો થતાં બાકીના પ્રશ્નો હાથ ધરી શકાયા ન હતા.

[૧] **શ્રી શરદ પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : તા. ૧--૫--૧૯૭૩ના રોજ રાજ્ય સરકારે જાહેર કરેલ મોંઘવારી ભથ્થું, સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે કૉલેજોને જણાવેલ હોવા છતાં, આ મોંઘવારી ભથ્થું હજુ સુધી કઈ કઈ કૉલેજોએ પોતાના કર્મચારીઓને આપ્યું નથી ?

ઉત્તર ૧ : તા. ૩૧--૫--૧૯૭૪ સુધીમાં ઉપલબ્ધમાહિતી પ્રમાણે નીચેની એક કૉલેજ છે :
એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
(મ્યુ. કૉર્પો.નાં ધારાધોરણ મુજબ અને સરેલા પંચ મુજબ મોં. ભથ્થું આપવામાં આવે છે.)

પ્રશ્ન ૨ : અને તે બાબતમાં યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે ?

ઉત્તર ૨ : સદરહુ કૉલેજોને મોંઘવારી ભથ્થાની ચુકવણી કરી તેની જાણ કરવા જણાવવામાં આવ્યું છે.
શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :
એક વર્ષ થઈ ગયાં છતાં મોંઘવારી ભથ્થું નહીં આપનાર બીજી અન્ય કઈ કૉલેજો છે ? તેની વિગત આપશો ?
કુલપતિશ્રીનો ઉત્તર : કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી રજૂ કરવામાં આવી છે.

પ્રશ્ન ૩ : યુનિવર્સિટીએ તેના પરિપત્ર ક્રમાંક સિ./૧૫૬૫૦, તા. ૬--૬--૧૯૭૩થી ૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી સંલગ્ન કૉલેજોનાં ગ્રંથાલયોમાં ગ્રંથપાલ ઉપરાંત વધારાનો એક ક્લાર્ક રાખવા કૉલેજોને જણાવેલ હોવા છતાં આજદિન સુધી આનો અમલ કઈ કઈ કૉલેજોએ નથી કર્યો?

ઉત્તર ૩ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૧" જોવા વિનંતી છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અમલ કરવાનું જણાવ્યા છતાં આવી કૉલેજો સામે શિક્ષાત્મક નક્કર પગલાં લેવાનું યુનિવર્સિટી કંઈ વિચારે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : તે બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલ ઘટતી વિચારણા કરશે.

પ્રશ્ન ૪ : અને યુનિવર્સિટીએ તે બાબતમાં શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૪ : પરિપત્રનો અમલ કરવાનું જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૫ : માર્ચ ૧૯૭૩માં યુનિવર્સિટીનો નવો કાયદો અમલમાં આવ્યો ત્યાર બાદ કઈ કઈ કૉલેજોમાંથી બિનશૈક્ષણિક કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા છે? અને કોને કોને?

પ્રશ્ન ૬ : અને તેમને નોકરીમાં પાછા લેવડાવવા યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૫ અને ૬ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૨" જોવા વિનંતી છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પેટલાદની કૉલેજ અંગેની માહિતી કેમ આપવામાં આવી નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : પેટલાદની માહિતી જૂદી આપવામાં આવી છે. શિક્ષક અને બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓને પાછા લેવા, નહીં તો નવા વર્ષથી તેમને વિદ્યાર્થીઓ દાખલ કરવા મંજૂરી આપવામાં આવે નહીં કે ગ્રાન્ટકાપ માટે સરકારને ભલામણ કરવામાં આવે કે નવી નિમણૂક માટે પસંદગી સમિતિમાં યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલશે નહીં અને જે નવી નિમણૂકો થશે તે માન્ય રાખી શકાશે નહીં, ઇ. પગલાં લેવાનું એકિઝકયુટિવ કાઉન્સિલ વિચારશે.

દરામલી કૉલેજની સામે પણ આ કારણે પગલાં લીધાં છે, પણ તે કૉલેજે રીટ અરજી કરી છે અને તે પરથી ગુજરાતની વડી અદાલતે આપણને સ્ટે ઑર્ડર આપેલો છે.

શ્રી. શરદ પટેલે જણાવ્યું કે જે પેટાપ્રશ્નોના જવાબો આપાય છે તે પેટાપ્રશ્નોના જવાબો રેકર્ડ કરવામાં આવે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે તે રેકર્ડ થાય છે.

પ્રશ્ન ૭ : સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગરમાં કેટલો ક્લેરિકલ સ્ટાફ છે?

પ્રશ્ન ૮ : તેની કેડરવાઈઝ માહિતી આપવા વિનંતી છે.

પ્રશ્ન ૯ : અને જો ક્લેરિકલ સ્ટાફ ન હોય તો તે કામ કયા કર્મચારીઓ કરે છે?

ઉત્તર ૭ થી ૯ : સદરહુ કૉલેજમાં ક્લેરિકલ વર્ગનો એક પણ કર્મચારી નથી. નાની કૉલેજ હોવાથી આચાર્યશ્રી પોતે આ જવાબદારી ઉઠાવે છે, તેમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

શ્રી. અંબુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સદરહુ ટ્રેનિંગ કૉલેજમાં ક્લેરિકલ સ્ટાફમાં એક પણ સભ્ય નથી? તો ક્લેરિકલ કામ કોણ કરે છે?

શ્રી. કુલપતિએ જણાવ્યું કે તે કામ આચાર્યશ્રી પોતે જ સંભાળી લે છે એમ તેમણે જણાવ્યું છે.

પ્રા. કૃષ્ણશંકર શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આવી બીજી કોઈ કૉલેજ છે? અને કૉલેજોના મહેકમ અંગે શું સ્થિતિ છે?

કુલપતિશ્રીનો ઉત્તર : બીજી કોઈ કૉલેજની માહિતી નથી. મહેકમ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે એક સમિતિ નીમી છે. કર્મચારીઓનું પ્રતિનિધિ મંડળ પણ મને મળ્યું હતું. મહેકમ નક્કી થશે ત્યારે તે પ્રમાણે ગોઠવણ કરવામાં આવશે જ.

આચાર્યશ્રી, સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગરે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, અમારી કૉલેજમાં ગ્રંથપાલ છે. હિસાબ હું પોતે જ લખું છું. ટાઈપિસ્ટ નથી પણ કાગળો હું જાતે જ લખું છું. આમ કરવા છતાં વધારાનો પગાર લેતો નથી.

પ્રશ્ન ૧૦ : એવી કઈ સંલગ્ન કૉલેજો છે કે જેમાં કર્મચારીનો પગાર જે કૉલેજમાંથી આપાતો હોય, પણ વાસ્તવમાં તે કર્મચારી તે કૉલેજના સંચાલક મંડળ દ્વારા સંચાલિત અન્ય કૉલેજમાં કામ કરતો હોય?

ઉત્તર ૧૦ : ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે (૧) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, તલોદના હેડક્લાર્ક તથા ગ્રંથપાલ વિજ્ઞાન કૉલેજ, તલોદમાં પણ કામ સંભાળે છે. તેમનો પગાર આર્ટ્સ-કૉમર્સ કૉલેજ આપે છે. તથા (૨) આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈના લાઈબ્રેરી ક્લાર્ક કૉમર્સ કૉલેજમાં કામ કરે છે અને તેમનો પગાર આર્ટ્સ-સાયન્સ કૉલેજમાંથી અપાય છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્વામીનારાયણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજની માહિતી આવી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

પ્રશ્ન ૧૧ : આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજમાં છેલ્લાં આઠી વર્ષથી કાયમી જગ્યા ઉપર કામ કરતા બિનશિક્ષક કર્મચારી શ્રી. રાયમલ એમ. પરમાર (માળી)ને સદરહુ કૉલેજમાંથી તેમની ફરજમાંથી મુક્તિ આપવામાં આવી છે તે વાત સાચી છે?

ઉત્તર ૧૧ : ના, જી.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શ્રી. પરમારની બદલી રદબાતલ કરી છે તેમ આગાઉની પ્રશ્નોત્તરીમાં આપે જણાવ્યું છે તો પછી આ વાત ખોટી છે તેમ શા માટે કહેવામાં આવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : કૉલેજ પાસેથી મળેલી માહિતી અત્રે રજૂ કરવામાં આવી છે.

પ્રશ્ન ૧૨ : સદરહુ કર્મચારીને યુનિવર્સિટી ધારાની કલમ ૫૧--એ અનુસાર કૉલેજમાંથી પોતાની ફરજમાંથી ફારેગ કરી શકાય?

ઉત્તર ૧૨ : ઉપર પ્રશ્ન નં. ૧૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : સદરહુ કર્મચારીને સદરહુ કૉલેજના મંડળની ઑફિસમાં કામગીરી આપી છે તે વાત સાચી છે?

ઉત્તર ૧૩ : ના, જી.

પ્રશ્ન ૧૪ : જો "હા" તો યુનિવર્સિટી ધારાની કલમ ૫૧--એ નું ઉલ્લંઘન થયું ગણાય?

ઉત્તર ૧૪ : ઉપર પ્રશ્ન ૧૩નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૫ : સદરહુ કર્મચારીને યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ (ચોથા વર્ગના કર્મચારી માટેનું) તથા બીજી તમામ સવલતો આપવામાં આવે છે?

ઉત્તર ૧૫ : હા, જી.

પ્રશ્ન ૧૬ : જો "ના", તો શા માટે નહીં?

ઉત્તર ૧૬ : ઉપરનો પ્રશ્ન ૧૫નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૭ : આ બાબતમાં કુલપતિશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે?

ઉત્તર ૧૭ : હા, જી.

પ્રશ્ન ૧૮ : જો "હા", તો તે અંગે યુનિવર્સિટીએ તેમને તેમની કૉલેજની મૂળ સેવામાં લેવડાવવા અને યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ અને સવલતો આપાવવા શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૧૮ : કુલપતિશ્રીએ સંચાલક મંડળના પ્રમુખશ્રીને પત્ર લખ્યો હતો.

પ્રશ્ન ૧૯ : જો યુનિવર્સિટીએ પગલાં લીધાં હોય છતાં તે કર્મચારીને પાછા કૉલેજની મૂળ સેવામાં નહીં લેવાનું કારણ શું છે?

ઉત્તર ૧૯ : ઉપર પ્રશ્ન ૧૧નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૦ : ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય--ગ્રંથાલય--ભવનોમાં ટાઈપિસ્ટોને ગુજરાતી ટાઈપિંગ ભથ્થું આપવામાં આવે છે?

ઉત્તર ૨૦ : હા, જી.

પ્રશ્ન ૨૧ : જો "હા", તો કેટલું?

ઉત્તર ૨૧ : માસિક રૂ. ૧૦--૦૦.

પ્રશ્ન ૨૨ : શા માટે?

ઉત્તર ૨૨ : અંગ્રેજી ઉપરાંત ટાઈપિસ્ટો ગુજરાતી ભાષામાં ટાઈપિંગનું કામ કરે તે માટે પ્રોત્સાહનરૂપે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ ઍલાવન્સ બધા ટાઈપિસ્ટોને આપવામાં આવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, ગુજરાતી ટાઈપિંગના જાણકાર બધા ટાઈપિસ્ટોને તે ભથ્થું આપવામાં આવે છે.

પ્રશ્ન ૨૩ : કઈ તારીખથી સિન્ડિકેટના ઠરાવ અનુસાર આપવામાં આવે છે?

ઉત્તર ૨૩ : સિન્ડિકેટના તા. ૬--૨--૧૯૫૪ના ઠરાવથી.

પ્રશ્ન ૨૪ : ગુજરાત યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગના પંચ ઑપરેટરને મશીન ભથ્થું આપવામાં આવે છે?

ઉત્તર ૨૪ : ના, જી.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એકમાં હા અને એકમાં ના એમ કેમ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે જુનિયર ઑપરેટરને રૂ. ૧૧૧ મશીન એલાવન્સ આપવામાં આવતું હતું. તે પછી જુનિયર ઑપરેટરની જે જગ્યાઓ જેમ જેમ ખાલી થતી જાય છે તેમ તેમ તે જગ્યાઓ રદ કરીને તેને બદલે પંચ ઑપરેટરની જગ્યાઓ ઊભી કરવામાં આવી છે. અને પંચ ઑપરેટરની આ નવી જગ્યાઓ માટે મશીન ભથ્થું જુદું આપવાને બદલે તે જગ્યાનું પગારધોરણ યોગ્ય રીતે સુધારવામાં આવેલું છે.

પ્રશ્ન ૨૫ : જો "હા", તો કેટલું?

ઉત્તર ૨૫ : પ્રશ્ન ૨૪નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૨૬ : ગુજરાત યુનિવર્સિટીના ટાઈપિસ્ટોને મશીન ભથ્થું આપવામાં આવે છે?

ઉત્તર ૨૬ : ના, જી.

પ્રશ્ન ૨૭ : જો "હા", તો કેટલું?

ઉત્તર ૨૭ : ઉપર પ્રશ્ન ૨૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૮ : જો "ના" , તો કેમ આપવામાં આવતું નથી?

ઉત્તર ૨૮ : આવી કોઈ જરૂરિયાત જણાઈ નથી તેથી.

પ્રશ્ન ૨૯ : જો પંચ ઑપરેટરને રૂ. ૧૧૧ મશીન ભથ્થું આપવામાં આવતું હોય તો ટાઈપિસ્ટો કે જેઓ મશીન સાથે કામ કરે છે તેમને કેમ મશીન ભથ્થું આપવામાં આવતું નથી.

ઉત્તર ૨૯ : પ્રશ્ન ૨૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૦ : ગુજરાત યુનિવર્સિટીના ટાઈપિસ્ટોએ આ અગાઉ મશીન ભથ્થા માટે માગણી કરી હતી?

ઉત્તર ૩૦ : ના, જી.

પ્રશ્ન ૩૧ : જો "હા", તો તે કેમ ન સ્વીકારાઈ?

ઉત્તર ૩૧ : ઉપર પ્રશ્ન ૩૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૨ : યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતા ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી ઘરભાડું રાજ્ય સરકારના ધોરણે લેવાય છે?

ઉત્તર ૩૨ : હા, જી.

પ્રશ્ન ૩૩ : અ. મ્યુ. કૉર્પોરેશન તેના ચોથા વર્ગના કર્મચારીઓને ટોકન ભાડું લઈને પોતાનાં રહેઠાણો તેમને ભાડે આપે છે તેનો આધાર લઈને યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓને તે ધોરણે યુનિવર્સિટીનાં રહેઠાણો ભાડે આપવા યુનિવર્સિટી સમક્ષ કોઈ માગણી કરેલી?

ઉત્તર ૩૩ : હા, જી.

પ્રશ્ન ૩૪ : તે માગણી મંજૂર કરવામાં આવી છે?

ઉત્તર ૩૪ : ના, જી.

પ્રશ્ન ૩૫ : જો તે મંજૂર કરવામાં ન આવી હોય તો તેનાં કારણો આપવા વિનંતી છે.

ઉત્તર ૩૫ : યુનિવર્સિટીનાં રહેઠાણો માટે યુનિવર્સિટીએ રાજ્ય સરકારના ધોરણે ભાડું લેવાનું નક્કી કરેલું હોવાથી એ માગણી મંજૂર કરવામાં આવી નથી.

પ્રશ્ન ૩૬ : યુનિવર્સિટીના કર્મચારીઓને ઘરભાડું, મોંઘવારી ભથ્થું, લોકલ કોમ્પેન્સેટરી ભથ્થું, રજાઓ વગેરે આપવા માટે રાજ્ય સરકારનાં ધોરણો અપનાવવામાં આવે છે. ત્યારે યુનિવર્સિટીના કર્મચારીઓને વાહન ભથ્થું આપવા બાબતમાં રાજ્ય સરકારનું ધોરણ કેમ અપનાવવામાં આવતું નથી?

ઉત્તર ૩૬ : વાહન ભથ્થાના ધોરણ અંગે ઠરાવમાં કોઈ કારણો દર્શાવવામાં આવ્યાં નથી તે સ્પષ્ટતા સાથે ઉમેરવાનું કે અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશનની જેમ ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓનું કાર્યક્ષેત્ર બહુધા અમદાવાદ નગર પૂરતું મર્યાદિત હોય છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઠરાવમાં કારણ દર્શાવવામાં આવ્યું ના હોય તેનો અર્થ એ ખરો કે તેનું વાજબીપણું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સ્વીકાર્યું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ના. આ સંસ્થા કેટલીક બાબતોમાં પોતાને યોગ્ય લાગે તે રીતે સ્વતંત્ર રીતે નિર્ણય કરે છે, અને તેથી તે બીજી કોઈ સંસ્થાનું અનુકરણ કરે છે એમ ન કહેવાય. મોંઘવારી ભથ્થું સરકારી ધોરણે અપાય છે.

શ્રી. શરદપટેલે બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઠરાવવામાં યુનિવર્સિટી હવેથી કારણ નોંધે તો તેમાં ખોટું શું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : તે શક્ય નથી, અને તેમ કરવાનું કારણ પણ નથી.

પ્રશ્ન ૩૭ : રાજ્ય સરકારમાં પોતાના કર્મચારીઓને વાહનભથ્થું આપવામાં આવતું હોય તો તેની તપાસ લાંબ વેરી હાલમાં યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓને અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશન મુજબ આપાતા આ ભથ્થા ઉપર પુનઃવિચારણા કરવાની કોઈ માગણી કર્મચારી સંઘ તરફથી યુનિવર્સિટી પાસે આવી છે?

ઉત્તર ૩૭ : હા, જી.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

રાજ્ય સરકારમાંથી તપાસ કરીને જે માહિતી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હોય તે સરકાર- શ્રીનો મૂળ પત્ર સભાગૃહમાં વાંચી સંભળાવ્યો?

પ્રશ્ન ૩૮ : હા, તો કઈ તારીખે?

ઉત્તર ૩૮ : તા. ૨૯--૧૨--૧૯૭૩ના રોજ.

પ્રશ્ન ૩૮ અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે આ જગ્યાએ શુદ્ધિપત્રક રૂપે સુધારો છે. તા. ૨૯--૧૨--૧૯૭૩ અને તા. ૨૩--૪--૧૯૭૪ એ પ્રમાણે વાંચવા વિનંતી છે.

પ્રશ્ન ૩૯ : જો તેવી માગણી આવી હોય તો તે અંગે યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૩૯ : આ માગણી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ પાસે રજૂ કરવામાં આવી હતી, અને તેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવામાં આવતાં મંજૂર કરવામાં આવી નથી.

પ્રશ્ન ૩૯ : અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે "આ માગણી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ પાસે રજૂ કરવામાં આવી રહી છે." તે પ્રમાણે વાંચવું.

પ્રશ્ન ૪૦ : યુનિવર્સિટીમાં કર્મચારીઓને વાહનભથ્થું આપવા કયો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો છે?

ઉત્તર ૪૦ : પ્રત્યેક કેસની જરૂરિયાત જોઈને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ નિર્ણય લે છે.

પ્રશ્ન ૪૧ : યુનિવર્સિટી કાર્યાલયના કયા કયા કર્મચારીઓને પ્રત્યેક માસે કેટલું કેટલું વાહનભથ્થું આપવામાં આવે છે?

પ્રત્યેક કર્મચારીઓના હોદ્દા જણાવશો.

ઉત્તર ૪૧ : માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	નામ	હોદ્દો	ભથ્થાની રકમ	ભથ્થાની વિગત
૧.	શ્રી. કં. ચં. પરીખ	શ્રી. કુલસચિવ	રૂ. ૩૦૦--૦૦ માસિક	મોટરકાર ભથ્થું
૨.	શ્રી. બી. એમ. પટેલ	શ્રી. વિકાસ અધિકારી	રૂ. ૭૫--૦૦ ,,	વાહન ભથ્થું
૩.	શ્રી. વી. પી. મહેતા	શ્રી. શારીરિક શિક્ષણ સંચાલક	રૂ. ૭૫--૦૦ ,,	સ્કૂટર ભથ્થું
૪.	શ્રી. પી. ડી. મિસ્ત્રી	શ્રી. એસ્ટેટ સુપરિ.	રૂ. ૭૫--૦૦ ,,	,, ,,
૫.	શ્રી. લાલજીભાઈ ઠક્કર	શ્રી. મદદનીશ શારીરિક શિક્ષણસંચાલક	રૂ. ૭૫--૦૦ ,,	,, ,,
૬.	શ્રી. કનકભાઈ દવે	શ્રી. યુવક કલ્યાણ વિભાગના મદદનીશ સંચાલક	રૂ. ૭૫--૦૦ ,,	,, ,,
૭.	શ્રી. દીપક સુતરિયા	શ્રી. બિલ્ડિંગ સુપરવાઈઝર	રૂ. ૭૫--૦૦ ,,	,, ,,
૮.	ડૉ. સી. આર. ત્રિવેદી	શ્રી. રેસિડન્ટ મેડિકલ ઑફિસર	રૂ. ૭૫--૦૦ ,,	,, ,,
૯.	શ્રી. રામભાઈ પટેલ	શ્રી. મદદનીશ વહીવટી અધિકારી (એન.એસ.એસ.)	રૂ. ૭૫--૦૦ ,,	,, ,,
૧૦.	શ્રી. જે. એમ. પુરોહિત	શ્રી. પ્રેસ-મૅનેજર	રૂ. ૭૫--૦૦ ,,	,, ,,

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કુલસચિવશ્રીના ભથ્થા અંગે સ્ટે. ૧૩૪ આ સભાગૃહે પસાર કર્યો છે, તો માસિક રૂ. ૩૦૦ વાહનભથ્થું સ્ટેચ્યૂટ સુધારવા આ સભાગૃહ પાસે કેમ લાવવામાં આવ્યો નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગે સવાલ પુછાયા પછી આ બાબતમાં ગુજરાત રાજ્યના ઍડવોકેટ-જનરલનો અભિપ્રાય મેં લીધો છે. કુલપતિશ્રીએ તે અભિપ્રાયમાંથી સંબંધકર્તા ભાગ સભાગૃહમાં વાંચી સંભળાવતા જણાવ્યું કે એડવોકેટ જનરલનો અભિપ્રાય હકારમાં છે.

પ્રશ્ન ૪૨ : ઉપરોક્ત કર્મચારીઓ પૈકી કયા કયા કર્મચારીઓને અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશનનો દાખલો લઈને વાહનભથ્થું અપાય છે?

ઉત્તર ૪૨ : ડૉ. સી. આર. ત્રિવેદી (R.M.O.)ને.

પ્રશ્ન ૪૩ : જે કર્મચારીને મ્યુનિ. કૉર્પોરેશનનો દાખલો લઈ વાહનભથ્થું અપાયું ન હોય તે કર્મચારીઓને અન્ય કયા આધારનો દાખલો લઈને વાહનભથ્થું અપાય છે?

ઉત્તર ૪૩ : તેઓની ફરજો ધ્યાનમાં લઈ આ ભથ્થું આપવામાં આવેલું છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે તારીખે ઓ નિષ્પાદુક કરવામાં આવી ત્યારે આ ફરજો ધ્યાનમાં નહોતી?

આ તબક્કે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો પોઈન્ટ ઑફ ઑર્ડર કર્યો : પ્રશ્નોત્તરીમાં ચર્ચા થઈ શકે ખરી?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે પ્રશ્નોત્તરીમાં ચર્ચા થઈ શકે નહીં.

પ્રો. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

Any criteria are laid down ?

Vice-Chancellor's answer : No Please.

પ્રશ્ન ૪૪ : ઉપરોક્ત કર્મચારીઓને વાહનભથ્થું આપવા અંગેના ઠરાવો સિન્ડિકેટે તેની કઈ કઈ તારીખની સભામાં કર્યા ?

ઉત્તર ૪૪ : સ્કૂટર/વાહન ભથ્થા અંગેના ઠરાવો સિન્ડિકેટ/એકિઝકયુટિવ કાઉન્સિલની નીચેની સભાઓમાં થયા હતા :

૧. તા. ૮--૧૦--૧૯૬૬	૫. તા. ૬--૩--૧૯૭૧
૨. તા. ૬/૭--૧૨--૧૯૬૯	૬. તા. ૪/૫--૧૨--૧૯૭૧
૩. તા. ૧૪/૧૫--૩--૧૯૭૦	૭. તા. ૫/૬--૨--૧૯૭૨
૪. તા. ૬/૭--૬--૧૯૭૦	૮. તા. ૧૧/૧૨--૧૧--૧૯૭૨.

પ્રશ્ન ૪૫ : પ્રત્યેક ઠરાવના પાઠ આપવા વિનંતી છે.

ઉત્તર ૪૫ : ઉપરોક્ત ઠરાવોના પાઠ અનુક્રમે નીચે પ્રમાણે છે :

૧. તા. ૮--૧૦--૧૯૬૬નો ઠરાવ :

"સદરહુ સમિતિની ભલામણ (૧) અંગે ઠરાવવામાં આવ્યું કે, રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. ત્રિવેદીને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં તેના ડૉક્ટરોને જે ધોરણે આપવામાં આવે છે તે ધોરણે સ્કૂટર ઍલાવન્સ આપવું."

૨. તા. ૬/૭--૧૨--૧૯૬૯નો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૨--૧૧--૧૯૬૯ની ભલામણો મંજૂર કરવી."

સ્થાયી સમિતિની તા. ૨૨--૧૧--૧૯૬૯ની સંબંધકર્તા ભલામણ નીચે પ્રમાણે છે :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીને, યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસરને જે ધોરણે સ્કૂટર એલાવન્સ આપવામાં આવે છે તે ધોરણે સ્કૂટર એલાવન્સ આપવું."

૩. સિન્ડિકેટનો તા. ૧૪/૧૧--૩--૧૯૭૦નો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૭--૩--૧૯૭૦ની ભલામણો મંજૂર કરવી."

સ્થાયી સમિતિની તા. ૭--૩--૧૯૭૦ની સંબંધકર્તા ભલામણ નીચે પ્રમાણે છે :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજનાનું કામકાજ તેમની દેખરેખ હેઠળ થતું હોઈ ડી.પી.ઈ. શ્રી. વી. પી. મહેતાને તે અંગેનાં કામકાજ માટે જવું--આવવું પડતે માટે તેઓને માસિક રૂ. ૫૧--૦૦ લેખે સ્કૂટર એલાવન્સ હંગામી ધોરણે આપવું અને આ ખર્ચ તે અંગેની ગ્રાન્ટમાંથી પાડવું."

૪. તા. ૬/૭--૬--૧૯૭૦ના ઠરાવનો સંબંધકર્તા પાઠ :

"૧. ડેવલપમેન્ટ ઑફિસરની જગ્યા પર શ્રી. ભૂપેન્દ્રકુમાર એમ. પટેલને રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૫૦-૦૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા અને તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર રાખેતા મુજબનાં ભથ્થાં ઉપરાંત માસિક રૂ. ૫૧--૦૦નું સ્કૂટર ભથ્થું આપવું."

૫. તા. ૬--૩--૧૯૭૧નો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૩--૧--૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી."

સ્થાયી સમિતિની તા. ૨૩--૧--૧૯૭૧ની સભાની સંબંધકર્તા ભલામણ નીચે પ્રમાણે છે :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદી, એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રી, શારીરિક શિક્ષણ સંચાલક શ્રી. વી. પી. મહેતા તથા વિકાસ અધિકારી શ્રી. બી. એમ. પટેલને તા. ૧--૪--૧૯૭૦થી માસિક રૂ. ૬૦--૦૦ લેખે સ્કૂટર એલાવન્સ આપવું તથા તેઓ રજા પર જાય ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના નિયમો પ્રમાણે તેની કપાત કરવી."

૬. સિન્ડિકેટનો તા. ૪/૫--૧૨--૧૯૭૧નો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૭--૧૧--૧૯૭૧ની ભલામણો મંજૂર કરવી."

સ્થાયી સમતિની તા. ૨૭--૧૧--૧૯૭૧ની સભાની સંબંધકર્તા ભલામણ નીચે પ્રમાણે છે :

"આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડિંગ સુપરવાઈઝર શ્રી. ડી. બી. સુતરિયાને વાહનભથ્થા તરીકે, તે અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણને આધીન, માસિક રૂ. ૬૦--૦૦નું સ્કૂટર ઑલાવન્સ આપવું."

૭. તા. ૧/૬--૨--૧૯૭૨નો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૯--૧--૧૯૭૨ની ભલામણો મંજૂર કરવી."

સ્થાયી સમિતિની તા. ૨૯--૧--૧૯૭૨ની સભાની સંબંધકર્તા ભલામણ નીચે પ્રમાણે છે :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા વ્યાયામ યોજના વિભાગના મદદનીશ અધિકારી શ્રી. આર. એસ. પટેલ, શિક્ષણપ્રવૃત્તિ વિભાગના મદદનીશ નિયામક શ્રી. એલ. ઓ. ઠક્કર અને યુવક કલ્યાણ પ્રવૃત્તિ વિભાગના મદદનીશ નિયામક શ્રી. કે. એચ. દવેને તેઓની ફરજો જોતાં વાહનભથ્થા તરીકે, તે અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન, માસિક રૂ. ૬૦--૦૦નું સ્કૂટર એલાવન્સ આપવું."

૮. તા. ૧૧/૧૨--૧૧--૧૯૭૨નો ઠરાવ :

"સદરહુ બાબતના સંદર્ભમાં કર્મચારી સંઘના પત્રો નં. ૧૪૧ (તા. ૨૦--૯--૧૯૭૨), નં. ૧૪૪ (તા. ૨૧--૯--૧૯૭૨), નં. ૧૪૫ (તા. ૨૨--૯- ૧૯૭૨), નં. ૧૪૯ (તા. ૨૮--૯--૧૯૭૨) તથા કાર્યાલય નિયામક અને હેડક્વાર્ટર કક્ષાના કર્મચારીઓ તરફથી આવેલ તા. ૨૯--૧--૧૯૭૨નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૬--૯--૧૯૭૨ની સભાની ભલામણ નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી તથા બાકીની બધી ભલામણો પણ મંજૂર કરવી :

સ્થાયી સમિતિની તા. ૧૬--૯--૧૯૭૨ની સંબંધકર્તા ભલામણ નીચે પ્રમાણે છે :

"૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલસચિવશ્રી કે. ચં. પરીખને માસિક રૂ. ૩૦૦--૦૦લેખેનું મોટરકાર ભથ્થું નીચેના નિયમોને આધીન રહીને આપવું :

૧. જો કર્મચારી આકસ્મિક કે બદલાની રજા ઉપર જાય તો કોઈ કપાત કરવી નહીં.

૨. જો કર્મચારી ચાર માસથી ઓછા સમય માટે હક્ક રજા કે માંદગીની રજા ઉપર જાય તો આ ભથ્થાની રજાના સમય માટે પચાસ ટકા રકમ આપવી.

૩. જો કર્મચારી ચાર માસથી વધુ હક્ક રજા કે માંદગીની રજા ઉપર જાય તો કાંઈ ભથ્થું આપવું નહીં.

૪. જો કર્મચારી અભ્યાસ-રજા કે બીજી કોઈ ખાસ રજા પર જાય તો ભથ્થું આપવું નહીં.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓને હાલ માસિક રૂ. ૬૦--૦૦નું જે સ્કૂટર ભથ્થું / વાહન ભથ્થું આપવામાં આવે છે તે તા. ૧--૪--૧૯૭૨થી વધારીને માસિક રૂ. ૭૫--૦૦ લેખે આપવું."

તા. ૧૬--૩--૧૯૭૪નો ઠરાવ :

"વધુમા શ્રી. પ્રેસ-મેનેજરને વાહનભથ્થા તરીકે માસિક રૂ. ૭૫ લેખે સ્કૂટર ભથ્થું આપવું."

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કુલસચિવશ્રી તરફથી મોટરકાર ભથ્થા અંગેની માગણી આવી હતી ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના.

શ્રી. શરદ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તો વગર માગણીએ કોઈને આવો લાભ આપવામાં આવ્યો છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તપાસ કરીશું.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ અંગે કોઈ ઑડિટ કવેરી ઊભી થઈ છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ઑફિસિયલી કોઈ નોંધ મારી પાસે આવી નથી.

પ્રશ્ન ૪૬ : અમદાવાદ મ્યુ. કૉર્પો.માં વાહનભથ્થામાં વધારો થતાં તેનો આધાર લઈ વાહનભથ્થું વધારવા માટે કયા કયા કર્મચારીઓએ માગણી કરી ?

ઉત્તર ૪૬ : રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીએ મ્યુનિ. કૉર્પોરેશને સ્કૂટર ભથ્થું રૂ. ૫૫--૦૦થી વધારીને રૂ. ૬૦--૦૦ કર્યા ત્યારે તે આપવા માગણી કરી હતી.

પ્રશ્ન ૪૭ : જે કર્મચારીઓએ વાહનભથ્થું વધારવા માગણી કરી ન હોય છતાં મ્યુનિ. કૉર્પોરેશનમાં આપાતા વાહનભથ્થામાં વધારો થતાં કયા કયા કર્મચારીઓને તે વધારાનો કેટકેટલો લાભ આપાયો ?

ઉત્તર ૪૭ : નીચેના કર્મચારીઓને પણ વધારો આપવામાં આવ્યો હતો :

રૂ. ૫૫થી વધારી રૂ. ૬૦ કરવામાં આવ્યું ત્યારે :

૧. શ્રી. વી. પી. મહેતા
૨. શ્રી. પી. ડી. મિસ્ત્રી
૩. શ્રી. બી. એમ. પટેલ

રૂ. ૬૦થી વધારી રૂ. ૭૫ કરવામાં આવ્યું ત્યારે :

૧. ડૉ. સી. આર. ત્રિવેદી
૨. શ્રી. વી. પી. મહેતા
૩. શ્રી. બી. એમ. પટેલ
૪. શ્રી. પી. ડી. મિસ્ત્રી
૫. શ્રી. એલ. એ. ઠક્કર
૬. શ્રી. કે. એચ. દવે
૭. શ્રી. ડી. બી. સુતરિયા
૮. શ્રી. આર. એસ. પટેલ

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્કૂટર ભથ્થામાં વણમાગ્યો વધારો આપવામાં આવ્યો છે, તેનું કોઈ કારણ ખરું ?

કુલપતિશ્રીનો ઉત્તર : કશું કારણ માની લેવું નહીં.

પ્રશ્ન ૪૮ : વાહન ભથ્થું મેળવવા ઉપરોકત પ્રત્યેક કર્મચારી યુનિવર્સિટી કેમ્પસની બહાર યુનિવર્સિટીને લગતી કઈ કઈ કામગીરી બજાવે છે તેની કર્મચારીઓનાં નામ સાથે યાદી આપશો.

ઉત્તર ૪૮ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

૧. શ્રી. કં. યં. પરીખ (શ્રી. કુલસચિવશ્રી)	તે કામગીરીમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે : યુનિવર્સિટી/કૉલેજો તરફથી યોજાતાં વ્યાખ્યાનો, કાર્યક્રમો, સરકારી / અર્ધસરકારી તથા અન્ય સંસ્થાઓની કચેરીઓમાં જવા માટે, તથા સામાજિક અને સાંસ્કૃતિક જનસંપર્ક (પબ્લિક રિલેશન્સ) માટે.
૨. શ્રી. બી. આમ. પટેલ (વિકાસ અધિકારી)	યુનિવર્સિટીનાં વિકાસ-ગ્રાન્ટનાં કામો અંગે મ્યુનિ. કૉર્પો.માં, સરકારી / અર્ધસરકારી કચેરીઓમાં, કૉલેજોમાં તથા અન્ય ફરજો અંગે જવાનું થાય છે.
૩. શ્રી. વી. પી. મહેતા (ડી.પી.ઈ.)	એન.એસ.એસ.યોજના હેઠળ સ્થાનિક કૉલેજના એન.એસ.એસ. એકમો તથા રમતગમત અને યુનિવર્સિટીની અભ્યાસેતર પ્રવૃત્તિની વ્યવસ્થા અંગેની ફરજો બાબત.
૪. શ્રી. પી. ડી. મિસ્ત્રી (એસ્ટેટ સુપરિ.)	યુનિવર્સિટીનાં મકાનના બાંધકામ માટે સરકારી કચેરીઓ, આર્કિટેકટ તથા કૉન્ટ્રેકટર પાસે તથા મ્યુનિ. કોર્પો.માં જવા અંગેની ફરજો બાબત.
૫. શ્રી. ડી. બી. સુતરિયા (બિલ્ડિંગ સુપરવાઈઝર)	ઉપર પ્રમાણે.
૬. શ્રી. એલ. એ. ઠક્કર (મદદનીશ ડી.પી.ઈ.)	સ્પોર્ટ્સ અંગેની હરીફાઈ માટે કૉલેજો તથા મેદાનો ઉપર વખતોવખત જવાની ફરજો બજાવવા અંગે.
૭. શ્રી. કે. એચ. દવે (મદદનીશ ડાયરેકટર ઑફ યૂથ વેલ્ફેર)	યૂથ વેલ્ફેર પ્રવૃત્તિઓ અંગેની સ્થાનિક કૉલેજોનો સંપર્ક સાધવા અને સ્થાનિક કાર્યક્રમોમાં હાજરી આપવાની ફરજો વગેરે.
૮. શ્રી. રામભાઈ પટેલ (મદદનીશ એડમિનિસ્ટ્રેટર)	એન.એસ.એસ. પ્રવૃત્તિ અંગે સ્થાનિક કૉલેજોના એકમોનો સંપર્ક રાખવા તથા સ્થાનિક કાર્યક્રમોમાં હાજરી આપવાની ફરજો અંગે.
૯. ડૉ. સી. આર. ત્રિવેદી (આર.એમ.ઓ.)	કેમ્પસ ઉપરના કર્મચારીઓને દાકતરી તપાસ માટે જવા અંગેની ફરજો માટે.

શ્રી. નરહરિ પરીખે સૂચવ્યું કે પ્રશ્નોત્તરી અંગે કોઈ "ક્રાઇટેરિયા" નક્કી કરીએ તો સારું.

શ્રી. મૂકેશ પટેલે પોઇન્ટ ઑફ ઑર્ડર કરી પૂછ્યું કે—

પ્રશ્નોત્તરી કેટલો સમય માટે હોય છે? સમય વધારીને આપવામાં આવે?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે "એક કલાકનો જ સમય પ્રશ્નોત્તરી માટે સ્ટેચ્યૂટથી મુકરર કરવામાં આવેલો હોઈ તેમાં કોઈ વધારો કરી શકાય એમ નથી.

શ્રી. મૂકેશ પટેલે સૂચવ્યું કે દરેક સભ્યને સરખો સમય મળવો જોઈએ.

શ્રી. નરહરિ પરીખે પૂરક પ્રશ્ન પૂછ્યો કે આ સભાગૃહમાં પ્રશ્નોત્તરીનો સમય કોઈ વધારી શકે નહીં?

કુલપતિશ્રીનો ઉત્તર : ના જી, આ માટે સ્ટેચ્યૂટ છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૩. ૩૧ વાહનભથ્થું આપવામાં આવે છે તો તેમની ફરજો શી છે?

ડૉ. વી. સી. શાહે સભાગૃહને જણાવ્યું કે રેસિડેન્ટ મેડિકલ ઑફિસરને સ્કૂટર ભથ્થું આપવામાં આવે છે, પરંતુ કેમ્પસ પર રહેતા એક કર્મચારીના બાળકનું અવસાન થયું તે વખતે તેઓ તેને જોવા ગયા નહીં, તો આવું ભથ્થું આપવું યોગ્ય ગણાય ખરું? આ બનાવ અંગે તપાસ પણ થવી જોઈએ.

કુલપતિશ્રીએ જણાવ્યું કે તે અંગે શું હકીકત છે તે અંગે તપાસ કરવામાં આવશે.

પ્રશ્ન ૪૯ : કુલપતિશ્રીના ઉપયોગમાં આવતી મોટરગાડી સિવાય યુનિવર્સિટી પાસે હાલ કેટલી ગાડીઓ છે?

ઉત્તર ૪૯ : યુનિવર્સિટી કાર્યાલય માટે એક એમ્બેસેડર ગાડી છે. તે ઉપરાંત ઓ.એસ.એસ. યોજના માટે એક સ્ટેશન વેગન અને એક એમ્બેસેડર ગાડી હાલ છે. ઉપરાંત એક જૂની પ્લિમથ ગાડી પણ છે, જે વેચવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે.

પ્રશ્ન ૫૦ : ઉપર પ્રમાણેની યુનિવર્સિટીની માલિકીની મોટરગાડીઓ હોવા છતાં યુનિવર્સિટીની ગાડીઓનો ઉપયોગ કરી શા માટે કરકસર કરવામાં આવતી નથી?

ઉત્તર ૫૦ : કાર્યાલયના ઉપયોગ માટે સામાન્ય રીતે એક ગાડી અને એક ડ્રાઇવર રાખવામાં આવેલ છે, તે જોતાં આ હંમેશાં શક્ય નથી. વધુમાં મોટરગાડીને બદલે સ્કૂટર વાપરવાથી કરકસર પણ થાય એ સમજી શકાય તેવી વાત છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ અધિકારીઓને વાહન ભથ્થું આપવામાં આવે છે તેમ છતાં યુનિવર્સિટીની ગાડીનો યુનિવર્સિટીનાં કામકાજ માટે કેટલી વાર ઉપયોગ કર્યો છે તે ડ્રાઇવરના પત્રક ઉપરથી માહિતી આપશો?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટીની મોટર ગાડીઓ માટે લૉગ રજિસ્ટર રાખવામાં આવે છે. ગાડીઓની બધી અવરજવર તેમાં નોંધાય છે.

પ્રશ્ન ૫૧ : રાજ્યની અન્ય યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીની બહિની સંસ્થા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કર્મચારીઓને માસિક રૂ. ૨૧ વાહનભથ્થું આપવામાં આવે છે તેમ જણાવીને ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ માટે માસિક રૂ. ૨૫ના વાહનભથ્થાની માગણી યુનિવર્સિટી પાસે કરેલી?

ઉત્તર ૫૧ : હા, જી.

પ્રશ્ન ૫૨ : તે માગણી નામંજૂર કરવાનાં કારણો આપવા વિનંતી છે.

ઉત્તર ૫૨ : તે માગણી નામંજૂર કરવા માટેનાં કારણો ઠરાવમાં નોંધાયાં નથી; પરંતુ કર્મચારીઓની સામાન્ય કામગીરી જોતાં તેમને વાહનભથ્થું આપવાનું પ્રયોજન જણાયું ન હતું.

પ્રશ્ન ૫૩ : ગુજરાત યુનિવર્સિટીમાં જે જે કર્મચારીઓને હાલમાં વાહનભથ્થું આપવામાં આવે છે તે કર્મચારીઓ જે જે હોદ્દાઓ ધરાવે છે તેવા હોદ્દાઓ ધરાવતા દેશની અન્ય યુનિવર્સિટીઓના કર્મચારીઓને વાહનભથ્થું આપવામાં આવે છે કે કેમ અને આપવામાં આવતું હોય તો કેટલું તેની માહિતી એકઠી કરીને પૂરી પાડવા વિનંતી છે.

ઉત્તર ૫૩ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પરિશિષ્ટ "૩" માંથી ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વવિદ્યાલયનો પત્ર સભાગૃહમાં વાંચવા વિનંતી છે.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે એ પત્ર શ્રી. પટેલની માગણી પરથી **વાંચવા માટે** ઉપલબ્ધ કરવામાં આવશે.

પ્રો. કૃષ્ણચંદ્ર શાસ્ત્રીએ નીચેના પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ માહિતી સભાગૃહને ઊંધી માહિતી આપે છે એમ છે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે ઉત્તરમાં આપવામાં આવેલી માહિતીમાં **જે ભૂલ** છે તે સુધારવા માટે મેં નોંધ કરી રાખેલી જ છે. સદરહુ કૃષિ યુનિવર્સિટીમાં **અધિકારીઓને** આપાતા વાહનભથ્થા અંગે આપેલી માહિતીને બદલે નીચે મુજબ માહિતી **વાંચવી :**

"શ્રી કુલસચિવ સિવાયના જે બીજા અધિકારીઓને તેમની ફરજના **ભાગરૂપે** યુનિવર્સિટી કેમ્પસ પર સતત ફરવાનું હોય છે તેમને યુનિવર્સિટી તરફથી વાહન **આપવામાં** આવે છે અગર તો તેઓ જો પોતાની મોટરસાયકલ/સ્કુટર નિભાવતા હોય **તો તેમને** માસિક રૂ. ૩૦ નું વાહન ભથ્થું આપવામાં આવે છે."

પ્રશ્ન ૫૪ : યુનિવર્સિટી ઓર્ડિઝકચુટિવ કાઉન્સિલે સંલગ્ન કૉલેજોને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ **માટે** નિયત કરેલાં પગારધોરણો કે જે યુનિવર્સિટીઓ પરિપત્ર નં. સિ./૦૨૮૬૫૦, તા. ૧૮–૩–૧૯૭૪થી તેનો તા. ૧–૪–૧૯૭૩થી અમલ કરવા કૉલેજોનાં **મૅનેજમેન્ટને** જણાવેલ છે, તેનો પ્રત્યેક સંલગ્ન કૉલેજે અમલ કરવો આવશ્યક છે?

ઉત્તર ૫૪ : હા, જી.

પ્રશ્ન ૫૫ : જો "હા" તો તા. ૯–૪–૧૯૭૪ના રોજ નડિયાદ ખાતે મળી ગયેલ ગુજરાત **યુનિવર્સિટી** ગ્રામવિસ્તાર કૉલેજ સંચાલક મંડળની મૅનેજિંગ કમિટીએ આ પગારધોરણોનો **અમલ નહીં** કરવા સભ્ય સંચાલકોને આદેશ આપતો ઠરાવ પસાર કર્યો છે અને તેની જાણ **કુલપતિશ્રીને** સાઉથ ઝોન કૉલેજ કર્મચારી મંડળે કરી છે તે વાત સાચી છે?

ઉત્તર ૫૫ : હા, જી.

પ્રશ્ન ૫૬ : સદરહુ કર્મચારી મંડળના મજકૂર પત્ર ઉપર કુલપતિશ્રીએ, યુનિવર્સિટીએ નિયત કરેલાં પગારધોરણો ઝોનની કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને તા. ૧–૪–૧૯૭૩થી મળે અને ઓર્ડિઝકચુટિવ કાઉન્સિલના ઠરાવનો કૉલેજોનાં સંચાલક મંડળો અમલ કરે તે માટે શું પગલાં લીધાં છે?

ઉત્તર ૫૬ : નવાં પગારધોરણોનો અમલ દરેક સંલગ્ન કૉલેજે કરવો આવશ્યક છે તે તરફ કપડવંજ કેળવણી મંડળ અને ગ્રામવિસ્તાર કૉલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીએ લીધેલાં પગલાંને ધ્યાન દોરવા સિવાય બીજાં કોઈ પગલાં લઈ શકતી નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : તે માટે વાટાઘાટો પણ ચાલે છે.

પ્રશ્ન ૫૭ : યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓ માટે, યુનિવર્સિટી કર્મચારીઓને મળતાં પગારધોરણો, ઘરભાડું, સી.એલ.એ., મોંઘવારી ભથ્થું વિ. નિયત કરી તેનો અમલ કરવા કૉલેજ મૅનેજમેન્ટોને યુનિવર્સિટીના પરિપત્ર નં. સિ./૦૨૭૧૯૦, તા. ૧--૩--૧૯૭૪ અને સિ./૦૨૮૬૫૦, તા. ૧૮--૩--૧૯૭૪થી જણાવેલ છે અને તેનો અમલ કરવો આવશ્યક છે તેમ જણાવી યુનિવર્સિટી કાર્યાલયને તે અંગેની જાણ કરવા કૉલેજોને ઉપરોકત પરિપત્રથી જણાવવામાં આવેલ છે, તો આજદિન સુધી કઈ કઈ સંલગ્ન કૉલેજોએ તેનો અમલ કર્યો છે અને કઈ કઈ કૉલેજોએ તેનો અમલ નથી કર્યો તેની માહિતી આપશો?

ઉત્તર ૫૭ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૪"** જોવા વિનંતી છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજની જોડાણની શરતોમાં બિનશિક્ષક કર્મચારીઓ અંગે તે શરતોમાં ઉમેરો ના થઈ શકે?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, થઈ શકે.

પ્રશ્ન ૫૮ : કઈ કઈ સંલગ્ન કૉલેજો હજી પણ કર્મચારીઓને ફિકસ પગાર આપીને તેમની ફુલ ટાઇમ સેવાઓ લે છે?

ઉત્તર ૫૮ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૯ : યુનિવર્સિટીએ તેના પરિપત્રાંક સિ./૦૨૭૧૯૦, તા. ૧--૩--૧૯૭૪ સાથે બીડેલ આ અંગેની સમિતિની ભલામણોમાંની ભલામણ નં. ૩ મુજબ, યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટેના સેવાઓના નિયમો યથાવત્ કૉલેજ/સંસ્થાના બિનશૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડવામાં આવે તેમ જણાવેલ છે, તો આ સેવાના નિયમો યુનિવર્સિટીએ નિયત કરી તેનો અમલ કરવા સંલગ્ન કૉલેજોને જણાવ્યું છે?

ઉત્તર ૫૯ : ના, જી.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અમુક કૉલેજોમાં ફિકસ્ડ પગાર આપવામાં આવે છે, તો યુનિવર્સિટીએ સક્રિય પગલાં લીધાં છે?

કુલપતિશ્રીનો ઉત્તર : નવા પગારધોરણના અમલ માટે અમે દરેક કૉલેજને જાણ કરી છે.

શ્રી. શરદ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કપડવંજ કૉલેજમાં ગ્રંથપાલને રૂ. ૧૧૦ ફિકસ્ડ પગાર આપવામાં આવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, કાગળ આવ્યો છે, તે અંગે ઘટતું કરીશું.

શ્રી. શરદ પટેલે નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

લુણાવાડા કૉલેજ ફિક્સ્ડ પગાર આપે છે? શા માટે તે કૉલેજનું નામ આ યાદીમાં નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : જે માહિતી કાર્યાલયને ઉપલબ્ધ થઈ છે તે અહીં આપવામાં આવેલી છે.

પ્રશ્ન ૬૦ : જો "ના", તો શા માટે?

ઉત્તર ૬૦ : ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારાની કલમ ૫૧--એમાં, કૉલેજ/સંસ્થાના બિનશૈક્ષણિક કર્મચારીઓનો પણ સમાવેશ થયેલ હોઈ, યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓ માટેના નિયમોમાંથી તેમને છૂટા કરવા અંગેની જે જોગવાઈ છે તે સંલગ્ન કૉલેજ/માન્ય સંસ્થાના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીને યથાતથ લાગુ પાડી શકાય નહિ તેના સંદર્ભમાં, યુનિવર્સિટી કર્મચારીઓની સેવાના નિયમોમાંથી કયા નિયમો કૉલેજ/સંસ્થાના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટેના સેવાના નિયમોમાં આવરી લેવા તે બાબત હાલ એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૬૧ : હજી આ સેવાના નિયમો તૈયાર કરીને તેનો અમલ કરવા કૉલેજોને જણાવતાં કેટલો વખત લાગશે?

ઉત્તર ૬૧ : એકિઝકયુટિવ કાઉન્સિલે આ અંગે નિયુકત કરેલ સમિતિએ કરેલી ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની હવે પછીની સભા સમયે રજૂ કરવામાં આવશે.

પ્રશ્ન ૬૨ : સ્ટોરકીપરનાં સુધારેલ પગારધોરણો અંગે આખરી નિર્ણય થયેથી સંલગ્ન કૉલેજોને જાણ કરવામાં આવશે તેમ પરિપત્ર સિ./૦૨૮૬૫૦, તા. ૧૮--૩--૧૯૭૪માં જણાવ્યું છે, તો આ અંગેનો આખરી નિર્ણય થતાં હજી કેટલી વાર લાગશે?

ઉત્તર ૬૨ : બહુ વાર નહિ લાગે એમ અપેક્ષા છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આખરી નિર્ણય મોડામાં મોડો કયારે લેવામાં આવશે?

કુલપતિશ્રીનો ઉત્તર : ટૂંક સમયમાં સમિતિની સભા બોલાવીશું.

પ્રશ્ન ૬૩ : પ્રસ્તુત બાબત હાલ કયા તબક્કે વિચારણા હેઠળ છે?

ઉત્તર ૬૩ : પ્રશ્ન ૬૨નો ઉત્તર જોવા વિનંતી છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તે હાલ કયા તબક્કે છે તે મારે જાણવું છે.

કુલપતિશ્રીનો ઉત્તર : તે માટે એકિઝકયુટિવ કાઉન્સિલે એક સમિતિ નીમી છે, અને આ બાબત તેની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૬૪ : યુનિવર્સિટીએ, સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે, યુનિવર્સિટી કર્મચારીઓને (જે તે કેડર) મળતાં પગારધોરણો આપવાનું સ્વીકાર્યું છે?

ઉત્તર ૬૪ : સંપૂર્ણત: નહિ.

પ્રશ્ન ૬૫ : જો "હા", તો સંલગ્ન કૉલેજોના એકાઉન્ટન્ટ માટે યુનિવર્સિટીના એકાઉન્ટન્ટ, ડે. એકાઉન્ટન્ટ, આસિ. એકાઉન્ટન્ટમાંથી કોઈ પણ એક કેડરનો સ્કેલ નહીં સ્વીકારતાં સીનિયર કલાર્કનો સ્કેલ આપવાનો નિર્ણય લઈ, ફકત આ જ કેડર માટે અપવાદ રાખવા પાછળનું કંઈ કારણ ખરું?

ઉત્તર ૬૫ : પ્રશ્ન ૬૪નો ઉત્તર જોવા વિનંતી છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મારે કારણ જાણવું છે. મોટી કૉલેજોમાં ઓકાઉન્ટન્ટનો હોદ્દો આપવામાં આવે છે. આ બાબતમાં પુનર્વિચારણા ના થઈ શકે?

શ્રી. ડાહ્યાભાઈ મકવાણાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીના સીનિયર ક્લાર્ક અને ઓકાઉન્ટન્ટમાં કોઈ ફેરફાર ખરો?

કુલપતિશ્રીના ઉત્તર : યુનિવર્સિટીના સિનિયર ક્લાર્ક અને ઓકાઉન્ટન્ટની જગ્યાઓ જુદી હોય છે. કૉલેજના ઓકાઉન્ટન્ટ માટે યુનિવર્સિટીમાં રજૂઆત થઈ છે અને તે અંગે ઘટતી વિચારણા કરવામાં આવશે.

પ્રશ્ન ૬૬ : "જો હા", તો શું કારણો છે તેની વિગતવાર માહિતી આપશોજી.

ઉત્તર ૬૬ : પ્રશ્ન ૬૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૭ : "કપડવંજ કેળવણી મંડળ" કે જે બાલમંદિરથી માંડીને કૉલેજના અનુસ્નાતક વર્ગો સુધીનું સંચાલન કરે છે તેના કાર્યાલયમાં સર્વશ્રી બાલમુકુંદ કે. ત્રિવેદી, જયંતીલાલ એમ. રાવલ અને ગંગારામ સી. મારવાડી કામ કરે છે તેમના પગારો, કપડવંજ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પડે છે તે વાત સાચી છે?

ઉત્તર ૬૭ : હા, જી.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શું આ વ્યવસ્થિત ભ્રષ્ટાચાર નથી?

કુલપતિશ્રીએ જણાવ્યું કે, અમારી પાસે કોઈ માહિતી આવી નથી. કૉલેજ જે માહિતી યુનિવર્સિટીને મોકલે તે જ માહિતી અમે આપી શકીએ.

શ્રી. શરદ પટેલે બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તો તે બંધ કરાવવા યુનિવર્સિટી વિચારણા કરશે?

કુલપતિશ્રીના ઉત્તર : માહિતી મળ્યેથી તે અંગે વિચારણા કરી શકાય.

પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપ કહી ના શકો પણ કરી તો શકો ને?

કુલપતિશ્રીના ઉત્તર : હા, આ બધું કરાવવામાં અમારે પણ શકિત-મર્યાદા હોય છે, અને ઘણી વાર તેમાં સમય પણ લાગે છે.

પ્રશ્ન ૬૮ : કપડવંજ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં સ્થાનિક તપાસ માટે યુનિવર્સિટીએ મોકલેલ એલ.આઈ.સી.એ પોતાના છેલ્લા અહેવાલમાં આ કૉલેજમાં કેટલા ક્લાર્ક અને પટાવાળા જણાવેલ છે?

ઉત્તર ૬૮ : સદરહુ અહેવાલમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનો સંખ્યાનો ઉલ્લેખ નથી.

પ્રશ્ન ૬૯ : કપડવંજ આર્ટ્સ-કૉમર્સ કૉલેજમાં ૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓની સંખ્યા હોઈ યુનિવર્સિટીના નિયમ મુજબ લાઈબ્રેરી ક્લાર્ક રાખવામાં આવેલ છે?

ઉત્તર ૬૯ : સદરહુ કૉલેજે તેના તા. ૧૫--૫--૧૯૭૪ના પત્રાંક ૧૯૩--૭૪થી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં ગુજરાત યુનિવર્સિટીના નિયમો પ્રમાણે લાઈબ્રેરીમાં તા. ૧૦--૩--૧૯૭૪થી શ્રી. કે. કે. પરીખની અને તા. ૧--૫--૧૯૭૪થી શ્રી. પી. આર. જોશીની ક્લાર્ક તરીકે નિમણૂકો કરવામાં આવેલ છે."

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ બાબત અંગે કૉલેજના આચાર્યોએ જે જવાબો આપ્યા છે તે ખોટા છે.

આચાર્ય ધીરુભાઈ પી. ઠાકરે જણાવ્યું કે શ્રી. શરદભાઈ પટેલે આચાર્યો ખોટા જવાબ આપે છે તે શબ્દો પાછા ખેંચીલેવા જોઈએ.

કુલપતિશ્રીએ જણાવ્યું કે આ સભાગૃહમાં એકબીજા ઉપર આક્ષેપ મૂકીએ તો તે ખોટું છે. તપાસ કરવા જેવું હશે તો આમે જરૂર કરીશું.

પ્રશ્ન ૭૦ : જો રાખવામાં આવેલ હોય તો તે કર્મચારીનું નામ અને કઈ તારીખથી તેમની લાઈબ્રેરી કલાર્ક તરીકે ત્યાં નિમણૂક કરવામાં આવી છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૭૦ : પ્રશ્ન ૬૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૧ : કપડવંજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં કામ કરતા શ્રી. કીર્તનભાઈ કે. પરીખ, કૉલેજ કાર્યાલયમાં ટાઈપિસ્ટ--કલાર્ક તરીકે કામ કરે છે તેવું સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં એલ.આઈ.સી.એ જણાવેલ છે તે વાત સાચી છે?

ઉત્તર ૭૧ : ના, જી.

પ્રશ્ન ૭૨ : જાહેર નાણાં દ્વારા ચાલતી કૉલેજોમાં, કૉલેજના ઉપયોગ માટે ખરીદાયેલ ફર્નિચર, ચીજવસ્તુઓ, કૉલેજના ઉપયોગ માટે નહીં વાપરતાં સંચાલક મંડળના હોદ્દેદારોના નિવાસસ્થાને વાપરી શકાય ?

ઉત્તર ૭૨ : ના, જી.

પ્રશ્ન ૭૩ : ઉપર મુજબ કઈ કઈ સંલગ્ન કૉલેજોમાં બને છે તેની માહિતી એકઠી કરીને પૂરી પાડવા વિનંતી છે.

ઉત્તર ૭૩ : જો કોઈ કૉલેજમાં આવું બનતું હોય તો તે અંગે ચોક્કસ માહિતી યુનિવર્સિટીને મોકલવામાં આવશે તો તે અંગે તપાસ કરવામાં આવશે, પણ આવી માહિતી બધી કૉલેજોને લખીને એકઠી કરવાનું યોગ્ય કે જરૂરી જણાયું નથી તો ક્ષમા કરશો.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બીજી બધી માહિતી કૉલેજ પાસે મંગાવી શકીએ તો આ માહિતી મંગાવવામાં શો વાંધો છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે સ્પેસિફિક કૉલેજ વિષે વાત હોય તો તેને વિષે પુછાવીએ તે જ યોગ્ય થાય.

પ્રશ્ન ૭૪ : કપડવંજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ઉપર મુજબ બને છે તે વાત સાચી છે?

ઉત્તર ૭૪ : આ કાર્યાલય પાસે તેવી માહિતી નથી.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કાર્યાલય પાસે માહિતી નથી તો તે માહિતી કેમ મેળવવામાં આવી નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : અમારી પાસે માહિતી આવી નથી.

પ્રશ્ન ૭૫ : કપડવંજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના રોલ ઉપર પટાવાળા તરીકે કામ કરતા શ્રી. છોટુભાઈ જી. ઠાકોર, સંચાલક મંડળના ઉપ પ્રમુખશ્રી શંકરલાલ હ. શાહના નિવાસસ્થાને કૉલેજના કામના કલાકો દરમિયાન રસોઈ કરવા જાય છે તે વાત સાચી છે?

ઉત્તર ૭૫ : આ કાર્યાલય પાસે તે અંગે માહિતી નથી.

શ્રી. હરુભાઈ મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજનાં કામકાજ માટે સમય નક્કી કરવામાં આવ્યો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : સંલગ્ન કૉલેજોના આ કર્મચારીઓના કામકાજના કલાક માટે યુનિવર્સિટીએ હજુ સુધી નિયમ કર્યો નથી. એક સમિતિને આ અંગે કામ સોંપ્યું છે તે તેની વિચારણા કરશે.

પ્રશ્ન ૭૬ : કપડવંજ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના કયા કયા બિનશિક્ષક કર્મચારીઓ પાસેથી, કૉલેજના કામના કલાકો દરમિયાન "ગુજરાત યુનિવર્સિટી ગ્રામ વિસ્તાર કૉલેજ સંચાલક મંડળ"નું કામ સવેતન લેવામાં આવે છે?

ઉત્તર ૭૬ : સદરહુ કૉલેજે તેના તા. ૧૧-૫-૧૯૭૪ના પત્રાંક ૧૯૩/૭૪થી નીચે મુજબ જણાવ્યું છે :

"કૉલેજના કામના કલાકો દરમિયાન ગુજરાત યુનિવર્સિટી ગ્રામ વિસ્તાર કૉલેજ સંચાલક મંડળનું કામ કૉલેજના કલાર્ક પાસેથી લેવામાં આવતું નથી."

આચાર્ય એચ. ઓ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પગારધોરણની સાથે કામના કલાક જણાવ્યા છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી.

પ્રશ્ન ૭૭ : માર્ચ-એપ્રિલ ૧૯૭૩માં કપડવંજ કેન્દ્ર ઉપર લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષાઓમાં ગેરરીતિઓ (સામૂહિક ચોરીઓ) આચરવામાં આવી હતી તેવી સદરહુ કેન્દ્રના જુનિયર તેમ જ સીનિયર સુપરવાઇઝર્સ તરફથી યુનિવર્સિટીને કંઈ ફરિયાદ મળેલી?

ઉત્તર ૭૭ : હા, જી.

પ્રશ્ન ૭૮ : જો "હા" તો (૧) તપાસને અંતે તેના માટે કઈ વ્યક્તિ જવાબદાર ઠરેલી, (૨) તેનું નામ અને તેમના ઉપર યુનિવર્સિટીએ શું પગલાં લીધાં છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૭૮ : પરીક્ષાને લગતી માહિતી ગુપ્ત પ્રકારની હોઈ તે આપી શકાય તેમ નથી, તો ક્ષમા કરશો.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પરીક્ષા અંગેની અંતર્ગત માહિતી પૂછતો નથી, પરંતુ જવાબદાર ઠરેલી વ્યક્તિ વિષે અને લેવાયેલ પગલાં અંગે પૂછી રહ્યો છું. તો જે માહિતી આપી શકાય તેમ હોય તે સભાગૃહને આપશો.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કયા સ્ટેચ્યૂટ, ઑર્ડિનન્સ, એક્ટ અગર સિન્ડિકેટના ઠરાવ નીચે આ માહિતીને ગુપ્ત ગણવામાં આવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : સ્ટે. ૩૧ (૬) હેઠળ.

પ્રો. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પરીક્ષા પતી ગયા પછી તેની ગુપ્તતાનો આશય શું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આવી ચર્ચાને જાહેર કરવી યોગ્ય નથી.

કુલસચિવશ્રીએ, પ્રો. એસ. બી. વોરાના પૂરક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે પરીક્ષકોની નિમણૂક અને શુદ્ધિ સમિતિએ કરેલા ઠરાવ ખાનગી હોય છે એમ સિન્ડિકેટે નક્કી કરેલું છે.

પ્રો. કૃષ્ણશંકર શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સાહેબ એક વર્ષ પછી પણ આ બાબત કેમ ખાનગી ગણાય છે?

કુલપતિશ્રી : ખાનગી છે એટલે.

પ્રશ્ન ૭૯ : તા. ૮--૪--૧૯૭૪થી બિનશિક્ષક કર્મચારીઓએ વહીવટી કાર્યના બહિષ્કારનું અને "ધરણા"નું આંદોલન ચાલુ કરેલું ત્યાર બાદ કર્મચારીઓના "મહામંડળ"ના ઉપપ્રમુખ અને કુલપતિશ્રી વચ્ચે કોઈ પણ કૉલેજના કર્મચારીનો પગાર કાપવામાં આવશે નહીં અને આ સમય દરમિયાનની ગેરહાજરી છે તે રજાની સામે એડજસ્ટ કરવામાં આવશે તેવી કોઈ લેખિત સમજૂતી થયેલી?

ઉત્તર ૭૯ : હા. જી.

પ્રશ્ન ૮૦ : જો "હા", તો આ સમજૂતીથી સંલગ્ન કૉલેજોને વાકેફ કરવામાં આવી છે?

ઉત્તર ૮૦ : હા, જી.

પ્રશ્ન ૮૧ : કઈ તારીખથી?

ઉત્તર ૮૧ : તા. ૧૪--૪--૧૯૭૪ના રોજ આખબારી યાદીથી અને તા. ૧૮--૫--૧૯૭૪ના રોજ પરિપત્રથી.

પ્રશ્ન ૮૨ : ઉપરોકત સમજૂતી થયા છતાં, કપડવંજની કૉલેજોના સંચાલક મંડળે, સ્થાનિક કૉલેજોના અમુક બિનશિક્ષક કર્મચારીઓ ઉપર શૉ-કૉઝ નોટિસ બજાવી, તેમની સામે શિસ્તભંગનાં પગલાંની કાર્યવાહી શરૂ કરી છે તેવી કોઈ ફરિયાદ કુલપતિશ્રીને મળી છે?

ઉત્તર ૮૨ : હા, જી.

પ્રશ્ન ૮૩ : જો "હા", તો કુલપતિશ્રીએ મજકૂર સમજૂતીના આધારે શૉ-કૉઝ નોટિસો વિ. પાછી ખેંચાવી લેવા અને સમજૂતીનો અમલ કરવા શું પગલાં લીધાં છે?

ઉત્તર ૮૩ : આ બાબતમાં સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવા સદરહુ મંડળને જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૮૪ : અને કયારે?

ઉત્તર ૮૪ : તા. ૨૦--૫--૧૯૭૪ના રોજ.

તે પછી કુલપતિશ્રીએ શ્રી. શરદ પટેલની માગણી મુજબ ગોવિંદ વલ્લભ પંત એગ્રિકલ્ચર યુનિવર્સિટીનો પત્ર સભાખંડમાં વાંચી સંભળાવ્યો.

તે પછી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો હતો.

૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧ મી માર્ચ ૧૯૭૩ ના રોજ પૂરા થતા વર્ષનો એકિઝકયુટિવ કાઉન્સિલે રજૂ કરેલો યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ.

***G.U. Act. Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ધીરૂભાઈ ઠાકરે નોટિસ આપી હતી :

"તા. ૩૧ મી માર્ચ ૧૯૭૩ ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભાએ વિચારણા કરીને નોંધ લીધી છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ પી. ઠાકરે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર લાંબાણ ચર્ચાવિચારણા ચાલી. દરમિયાન કેટલાક સભ્યોએ માહિતીના મુદ્દા (Point of information) રજૂ કર્યા. તેમાં તા. ૮મી જૂન ૧૯૭૪ના રોજ ટી.વાય.બી.કૉમ.ની પરીક્ષા વખતે અમદાવાદ કેન્દ્રમાં કેટલાક વિદ્યાર્થીઓએ ધાંધલ તથા ભાંગફોડ કરી તેનું કારણ તા. ૮ જૂન ૧૯૭૪ના રોજ બપોરના ૩--૦૦થી ૬--૦૦ દરમિયાનની અમદાવાદ કેન્દ્રની ટી.વાય.બી.કૉમ.ની પરીક્ષાનું કામ બંધ રાખવું (susenpd કરવું) પડેલું. તેને કારણે તા. ૨૨--૮--૧૯૭૪ના રોજ તે પરીક્ષા ફરી લેવા અંગે યુનિવર્સિટીએ કરેલી જાહેરાત અન્વયે શ્રી. શૈલેશ શાહે ચર્ચા ઊભી કરી તેના સંદર્ભમાં કુલપતિશ્રીએ ટી.વાય.બી.કૉમ.ની પરીક્ષામાંથી બહાર નીકળી જનાર વિદ્યાર્થીઓ પૈકી શ્રી. શૈલેશ શાહ એક હતા અને તેઓ તેમની બેઠક જે કૉલેજમાં હતી તે કૉલેજમાંથી નીકળીને બીજી કૉલેજ પર પણ ગયા હતા, આવી માહિતી પોતાને મળી હોવાનો કુલપતિશ્રીએ ઉલ્લેખ કર્યો. તે પર ઉગ્ર વાદ-વિવાદ ઊભો થયો અને કેટલાક સભ્યોએ જણાવ્યું કે કુલપતિશ્રીએ આમ કહીને શ્રી. શૈલેષ શાહ પર આક્ષેપ કર્યો છે અને તે પાછો ખેંચવો જોઈએ. તે અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે શ્રી. શૈલેષ શાહ પર આક્ષેપ કરવાનો પોતાનો આશય નથી, તેમ છતાં શ્રી. શૈલેષ શાહ પોતે એમ જણાવે કે તેઓ પરીક્ષાના દિવસે અશાંતિ ઊભી થઈ તે દરમિયાન બીજી કૉલેજમાં ગયા નથી તો તે પોતાના શબ્દો પાછા ખેંચી લેવા તૈયાર છે. કેટલાક સભ્યોને આથી સંતોષ થયો નહીં અને પોતાના આક્ષેપ પાછા ખેંચી લેવા માટે આગ્રહ ઉગ્રતાપૂર્વક જાળી રાખ્યો, જેને કારણે સભાગૃહમાં ભારે ધોંધાટ પ્રવર્તી રહ્યો. તે પરથી કુલપતિશ્રીએ જણાવ્યું કે જો સભ્યો શાંતિપૂર્વક સભાગૃહનું કામકાજ ચાલવા દેશે નહિ તો સભા બરખાસ્ત કરવાની પોતાને ફરજ પડશે. તેમ છતાં પણ સભાગૃહમાં ધોંધાટ શમ્યો નહીં. આ સંજોગોમાં કુલપતિશ્રીએ જણાવ્યું કે સભા બરખાસ્ત કરવામાં આવે છે.

આમ સભાગૃહનું કામકાજ ગુરુવાર તા. ૧૩--૬--૧૯૭૪ના રોજ આગળ ચાલી શક્યું નહીં.

તે પછી શુક્રવાર, તા. ૧૪--૬--૧૯૭૪ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે સભાગૃહનું કામકાજ ચાલુ રહેવાનું હતું તે મુજબ સભા ફરી મળી અને સભાગૃહનું કામકાજ આગળ હાથ ધરતાં પહેલાં કુલપતિશ્રીએ આગલા દિવસના બનાવ અંગે ટૂંકું નિવેદન કર્યું. તે પછી સભાગૃહનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

---

meeting. The Court may pass resolutions thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

‡**Statute 90 :**

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.

તે પછી આઇટમ નં. ૩ હેઠળ રજૂ કરવામાં આવેલ ૧૯૭૨--૭૩ના વર્ષના વાર્ષિક અહેવાલ પરની ચર્ચા આગળ હાથ ધરવામાં આવી.

આ દિવસે પણ લંબાણુ ચર્ચાવિચારણા ચાલી. તે દરમિયાન શ્રી. મૂકેશ પટેલે યુનિવર્સિટીના કોર્ટ પરના વિદ્યાર્થી--પ્રતિનિધિઓના સભ્યપદની મુદતનો પ્રશ્ન ઊભો કર્યો. તે અંગે કુલપતિશ્રીએ શ્રી. કુલસચિવને પૂછતાં શ્રી. કુલસચિવે જણાવ્યું કે, યુનિવર્સિટી કોર્ટ પરના વિદ્યાર્થી-પ્રતિનિધિઓની મુદત યુનિવર્સિટી ધારાની પેટાકલમ હેઠળ એક શૈક્ષણિક વર્ષ (academic year) પૂરતી મર્યાદિત કરવામાં આવેલી હોઈ તેમનું સભ્યપદ તે દિવસે, એટલે કે તા. ૧૪--૬--૧૯૭૪ના રોજ પૂરું થાય તેમ પોતાની સમજ છે.

તે પછી શ્રી. મૂકેશ પટેલે જણાવ્યું કે નવું શૈક્ષણિક વર્ષ તા. ૧--૭--૧૯૭૪થી શરૂ થવાનું છે તે જોતાં વિદ્યાર્થી-પ્રતિનિધિઓના સભ્યપદની મુદત તા. ૩૦--૬--૧૯૭૪ સુધી તો અવશ્ય ચાલુ રહેવી જોઈએ એટલું જ નહિ, પરંતુ નવા વિદ્યાર્થી-પ્રતિનિધિઓની ચૂંટણી થાય ત્યાં સુધી જૂના પ્રતિનિધિઓને ચાલુ રાખવા જોઈએ. નહિ તો સભાગૃહમાં અમુક સમય સુધી વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ રહેવા પામશે નહીં.

શ્રી. મૂકેશ પટેલના આ મંતવ્યને કેટલાક સભ્યોએ સમર્થન આપ્યું તો બેત્રણ સભ્યોએ તેનો વિરોધ કર્યો.

તે પછી સભાગૃહનું એકંદર વલણ જોઈ કુલપતિશ્રીએ જણાવ્યું કે યુનિવર્સિટી કોર્ટ પર વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓની મુદતના પ્રશ્ન પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૮ અન્વયે કુલાધિપતિશ્રીને નિર્ણય માટે વિનંતી કરવામાં આ સૂચનને ૨૦ કરતાં વધુ સભ્યોએ અનુમોદન આપ્યું. તે પછી કુલપતિશ્રીએ જણાવ્યું કે આ બાબત કુલાધિપતિશ્રીના નિર્ણય માટે પોને રજૂ કરાશે અને તે દરમિયાન હાલ છે તેવી પરિસ્થિતિ (Status Quo) ચાલુ રહેશે.

તે પછી વાર્ષિક અહેવાલ પરની ચર્ચા આગળ ચાલી. ત્યાર બાદ આચાર્યશ્રી ધીરુભાઈ પી. ઠાકરે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. પંકજ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાનું કામકાજ હાલ બંધ રાખીને તે બીજે દિવસે, એટલે કે શનિવાર, તા. ૧૫--૬--૧૯૭૪ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ચાલુ રાખવામાં આવે, તેને પ્રો. એમ. ડી. પંચોલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઉપરના ઠરાવ અન્વયે મોકૂફ રાખવામાં આવેલી સભા, શનિવાર, તા. ૧૫--૬--૧૯૭૪ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે ફરી મળતાં આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

આ તબક્કે પ્રો. કનુભાઈ શાહે સભાગૃહનું ધ્યાન ખેંચ્યું કે અમદાવાદની અમદાવાદ કૉમર્સ કૉલેજે સાંજના વર્ગોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલો છે. તો સાંજના વર્ગો ચલાવવા માટે યુનિવર્સિટીએ મંજૂરી આપેલી છે?

કુલપતિશ્રીએ જણાવ્યું કે સદરહુ કૉલેજને સાંજના વર્ગો ચલાવવા માટે હજુ સુધી મંજૂરી આપવામાં આવી નથી.

આ બાબતના સંદર્ભમાં પ્રો. કનુભાઈ શાહે જણાવ્યું કે કેટલાક વિદ્યાર્થીઓને આ કૉલેજમાં સાંજના વર્ગોમાં પ્રવેશ આપવામાં આવેલો છે, અને "સાંજના વર્ગો ભરવા માટે સંમત છીએ" એ મુજબની લેખિત કબૂલાત વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવેલ છે અને તેથી તે યુનિવર્સિટી ધારાધોરણનો ભંગ થયેલો છે.

પ્રોફેસર કનુભાઈ શાહની આ રજૂઆતના સંદર્ભમાં કેટલાક સભ્યોએ જણાવ્યું કે સદરહુ કૉલેજને ઠપકો આપતો ઠરાવ આ સભાગૃહે પસાર કરવો જોઈએ.

સદરહુ કૉલેજના આચાર્ય અને વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ શ્રી. ગોવિંદભાઈ એમ. પટેલ, જેઓ સભાગૃહમાં હાજર હતા તેમને આ બાબત અંગે કુલપતિશ્રીઓ ખુલાસો કરવા માટે જણાવ્યું. તે પરથી આચાર્ય ગોવિંદભાઈ એમ. પટેલે જણાવ્યું કે યુનિવર્સિટીએ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના પ્રશ્નો હલ કરવા માટે જે સ્થાયી સમિતિ નીમી છે તે સ્થાયી સમિતિના ઠરાવ મુજબ વધુ વિદ્યાર્થીઓ લેવા માટે પરવાનગી માગતો પત્ર પોતે યુનિવર્સિટીને પાઠવ્યો છે અને તે સંદર્ભમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પોતાના ઓક્સ-વિદ્યાર્થીઓને સાંજના વર્ગોમાં દાખલ કરવાના થાય તે પરિસ્થિતિમાં આવા ૩૦ વિદ્યાર્થીઓને એવી સમજૂતી સાથે કામચલાઉ પ્રવેશ આપેલ છે અને જો યુનિવર્સિટી તેની પરવાનગી આપશે નહીં તો આ વિદ્યાર્થીઓને પોતે સવારના વર્ગોમાં સમાવી લેશે.

તે પછી પ્રો. ચંદ્રકાન્ત કડિયાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ યુનિવર્સિટીની પૂર્વસંમતિ લીધા વિના અમદાવાદ કૉમર્સ કૉલેજે સાંજના વર્ગોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો છે તે અંગે વિરોધ દર્શાવવા માટે આ સભાગૃહનું કામકાજ અડધા કલાક મોકૂફ રાખવામાં આવે.

સભામોકૂફીના આ ઠરાવને શ્રી. શૈલેષ શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહનું કામકાજ અડધો કલાક મોકૂફ રાખવામાં આવ્યું.

ત્યાર બાદ અર્ધા કલાક પછી સભા ફરી મળતાં આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૪. ૧૯૭૨--૭૩ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જશભાઈ પટેલે નોટિસ આપી હતી :

"આ સભાએ સને ૧૯૭૨--૭૩ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નોંધ લીધી છે."

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

તે પછી ઉપરોક્ત બાબત નં. ૪ આચાર્ય જશભાઈ પટેલની ગેરહાજરીમાં સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. ખંડિને રજૂ કર્યો, તેને આચાર્ય દર્શનસિંઘ શીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભા ફરી મળી અને બાબત નં. ૫ હાથ ધરવામાં આવે તે પહેલાં આચાર્ય દર્શનસિંઘ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે શ્રી. કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાનું જોડાણ તા. ૧૪--૬--૧૯૭૪ના રોજ સમાપ્ત થયેલું છે અને તે ચાલુ કરી આપવામાં આવેલું નથી, તે જોતાં તે કૉલેજના આચાર્યશ્રી યુનિવર્સિટી કોર્ટના સભ્યપદે ચાલુ રહી શકે ખરા અને આ સભાગૃહમાં હાજર રહી ભાગ લઈ શકે ખરા?

તે પરથી કુલપતિશ્રીએ સદરહુ કૉલેજના જોડાણની કાર્યવાહી અંગેના કાગળો સભાગૃહમાં રજૂ કર્યા અને આચાર્ય દર્શનસિંઘ શીખને વિનંતી કરી કે પોતાના કાનૂની મુદ્દા અંગે તેઓ આગ્રહ રાખે નહીં.

તે પછી કેટલાક સભ્યો તરફથી એમ સૂચવવામાં આવ્યું કે આચાર્ય પીરજાદાના સભ્યપદ અંગેના પ્રશ્ન પર કુલાધિપતિશ્રીનો નિર્ણય માગવામાં આવે, જે સૂચનને ૨૦ કરતાં પણ વધુ સભ્યોએ અનુમોદન આપ્યું. તે પછી

સભાગૃહનું એકંદર વલણ જોઈને કુલપતિશ્રીએ જણાવ્યું કે આ કૉલેજ અંગે પોતે કુલાધિપતિશ્રીને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૮ અન્વયે જરૂરી નિર્ણય લેવા માટે વિનંતી કરશે.

તે પછી બાબત નં. ૫ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી :

૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯(૬) તથા સ્ટે. ૮૯‡ અનુસાર એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૭૪--૭૫નું અંદાજપત્ર તથા સને ૧૯૭૩--૭૪નું પુનર્નિમિત અંદાજપત્ર.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુકલે નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૧) અનુસાર એકિઝકયુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૭૪--૭૫ના અંદાજપત્ર તથા સને ૧૯૭૩--૭૪ના પુનર્નિમિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લીધી છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય ધીરુભાઈ પી. ઠાકરે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ અંગે નીચેનો સુધારો રજૂ કરવા શ્રી. શરદ પટેલે નોટિસ આપી હતી :

"સભાએ" શબ્દ પછી નીચે પ્રમાણે ઉમેરવામાં આવે :

'આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન, ડેપ્યુટી એકાઉન્ટન્ટ, આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટર (એન. એસ. એસ.) ઑફિસ સુપરિન્ટેન્ડન્ટને સમકક્ષ ગણી તે તમામનું એક પગારધોરણ યુનિવર્સિટીએ સ્વીકારેલ છે અને રાજ્ય સરકારે મંજૂર રાખેલ છે. પરંતુ આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન એકલાને હાલમાં ૫૧૨--૨૦--૬૧૨--૩૦--૭૬૨ પગારધોરણ આપવામાં આવે છે. તથા આ સભા લાગતાવળગતાં સત્તામંડળોને ઉપરોક્ત તમામ કક્ષાના કર્મચારીઓને તે જ પગારધોરણમાં એટલે કે ૫૧૨--૨૦--૬૧૨--૩૦--૭૬૨માં મુકવા અંગેની ઘટતી જોગવાઈ અંદાજપત્રમાં અંદાજવાની ભલામણ કરી તેની નોંધ લે છે."

"વિચારણા કરી છે અને તેની નોંધ લીધી છે" ઓ શબ્દો રદ કરવા."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. શરદ પટેલે રજૂ કર્યો.

તે અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે અંદાજપત્રના પ્રસ્તાવના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ મુજબ ઠરાવો અંગેના પ્રસ્તાવો મૂકી શકાય છે, પરંતુ અંદાજપત્ર અંગેના ઠરાવ પર સુધારો મૂકી શકાય નહીં અને તેથી સદરહુ સુધારો કાનૂનસર ગણી શકાય તેમ નથી.

સદરહુ બાબત અંગે નીચેના પ્રસ્તાવો રજૂ કરવા શ્રી. પી. સી. પટેલે નોટિસ આપી હતી :

૫(૧). પ્રો. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે તેમ જ એલ.આઈ.સી. જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓએ તેમના કર્મચારીઓના સ્વાસ્થ્ય અંગે જાગરૂકતા દાખવી વિવિધ તબીબી રાહત યોજનાઓ અમલમાં મૂકી છે. ગુજરાત યુનિવર્સિટીએ પણ તેના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ વગેરે માટે આરોગ્યકેન્દ્ર અને તબીબી રાહત યોજનાની સવલતો ઊભી કરી છે. ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને રાજ્ય સરકારની કામદાર રાજ્ય વીમા યોજના જેવી તબીબી રાહત યોજનાનો લાભ મળે છે, પરંતુ યુનિવર્સિટી પ્રેસના ક્લાર્ક–સીનિયર ક્લાર્ક કક્ષાના પાંચ--સાત કર્મચારીઓને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ, નિયમ મુજબ, કોઈ રાહત મળતી નથી. તો યુનિવર્સિટી કોર્ટની આ સભા, યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા ન હોય તેમને ગુજરાત યુનિવર્સિટીના ક્લાર્ક-સીનિયર ક્લાર્ક કક્ષાના કર્મચારીઓને મળતી આરોગ્યકેન્દ્ર અને તબીબી રાહત

યોજનાનો લાભ લેવાની પરવાનગી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે અને આના સંદર્ભમાં યુનિવર્સિટીના સને ૧૯૭૪-૭૫ના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર યુનિવર્સિટી મુદ્રણાલય ખાતે રૂ. ૭,૧૭,૧૦૦નો કુલ ખર્ચ અંદાજવામાં આવ્યો છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૨૫ ઉમેરી કુલ ખર્ચ રૂ. ૭,૧૭,૧૨૫ ગણવો એમ વિનંતી છે."

૫(૨). પ્રો. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને તબીબી રાહત યોજના લાગુ પાડવામાં આવી તે પહેલાં યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને માંદગીની રજાઓ જે ધોરણે મળતી હતી તે રજાઓના ધોરણમાં, તબીબી રાહત યોજના લાગુ પાડયા પછી, કોઈ કાપકૂપ કરી નથી કે માંદગીની રજાઓ પાછી ખેંચી લીધી નથી; જ્યારે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને છેલ્લાં દસેક વર્ષથી ગુજરાત રાજ્ય સરકારની 'કામદાર વીમા યોજના' લાગુ પાડવાની સાથોસાથ, દસ વર્ષ જેટલા લાંબા સમય સુધી સાત દિવસની માંદગીની રજાઓ આપ્યા પછી, પ્રેસ કર્મચારીઓને વીમા યોજનાનો લાભ મળે છે તે કારણે તેમને માંદગીની સાત રજાઓની સવલત છેલ્લા એક વર્ષથી પાછી ખેંચી લેવામાં આવી છે. આમ ગુજરાત યુનિવર્સિટી જેવા ઉચ્ચ શૈક્ષણિક સરસ્વતીધામમાં પણ કર્મચારીઓ--કર્મચારીઓ વચ્ચે બેવડાં ધોરણ અપનાવાનાં હોવાની છાપ ઊપસે છે. તો જે રીતે યુનિવર્સિટીના કર્મચારીઓને તબીબી રાહત યોજના લાગુ પાડયા છતાં તેમની માંદગીની રજાઓ ચાલુ રાખવાની ઉદારતા દાખવવામાં આવી છે. તેવી રીતે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને રાજ્ય સરકારે તેની કામદાર વીમા યોજનાનો લાભ આપ્યો છે તે કારણે યુનિવર્સિટીએ પોતે વર્ષો સુધી તેના પ્રેસ-કર્મચારીઓને ઉદાર ભાવે માંદગીની રજાઓ આપ્યા કરી છે તે પાછી ખેંચી લેવાની આવશ્યકતા નથી. તો વર્તમાન ભીષણ આર્થિક કટોકટીના સમયમાં ગુજરાતની આ પ્રમુખ યુનિવર્સિટી તેના પ્રેસ-કર્મચારીઓની માંદગીની રજાઓની સંખ્યામાં ભલે વધારો ન કરે, પણ હમણાં સુધી જેટલી માંદગીની રજાઓ મળતી હતી તે બંધ ન કરીને ઔદાર્ય દાખવે એમ સ્વાભાવિક જ અપેક્ષા હોઈ, પ્રેસના કર્મચારીઓની માંદગીની સાત રજાઓ પુનઃ યથાવત્ ચાલુ રાખવા કોર્ટની આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના સને ૧૯૭૪-૭૫ના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર યુનિવર્સિટી મુદ્રણાલયનો જે કુલ ખર્ચ રૂ. ૭,૧૭,૧૦૦ અંદાજવામાં આવ્યો છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૦૧નો ખર્ચ વધુ અંદાજવો."

૫(૩). પ્રો. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાઓ માટે કોરી ઉત્તરવહીઓ જે તે બહારગામનાં પરીક્ષાકેન્દ્રો ઉપર તાકીદે હાથોહાથ પહોંચાડવાની જરૂરિયાત ઊભી થતાં, કાર્યકારી પ્રેસ-મૅનેજરની સૂચના મુજબ ખાસ ટ્રક ભાડે રાખીને યુનિવર્સિટી પ્રેસના જુ. બાઇન્ડર શ્રી. પી. બી. પ્રજાપતિએ પરીક્ષાકેન્દ્રો ઉપર કોરી ઉત્તરવહીઓ પહોંચાડવાનું કામ તા. ૬-૩-૧૯૭૩થી તા. ૧૩-૩-૧૯૭૩ દરમિયાન કરેલું. પ્રેસ-મૅનેજરે યુનિવર્સિટી કાર્યાલય પર તા. ૩૧-૧-૧૯૭૩ના રોજ મોકલેલા પ્રસ્તાવમાં પ્રમાણિત કર્યું છે તે મુજબ તા. ૬-૩-૧૯૭૩થી તા. ૧૩-૩-૧૯૭૩ સુધીના રોજના ૬ થી ૮ કલાક પ્રમાણે ઓવરટાઇમ વેતન યુનિવર્સિટી પ્રેસે શ્રી. પ્રજાપતિને ચૂકવવાનું થાય છે. સદરહુ રકમ મેળવવા માટે શ્રી. પ્રજાપતિએ યુનિવર્સિટી કાર્યાલયમાં અસંખ્ય લેખિત રજૂઆત કર્યા છતાં, લગભગ એક વર્ષ થવા છતાં હજુ સુધી તે રકમ તેમને મળી નથી. તે જોતાં, તેમના કાગળો ગેરવલ્લે ગયા હશે એમ ધારી,

પ્રેસ-મૅનેજરે તેમના તા. ૩૧--૫--૧૯૭૩ના પ્રસ્તાવમાં પ્રમાણિત કરેલ રોજના ૬ થી ૮ કલાક પ્રમાણે શ્રી. પ્રજાપતિને ઓવરટાઈમ વેતન ચૂકવી આપવા કાર્યાલયને આદેશ આપવા યુનિવર્સિટી કોર્ટની આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. અને આના સંદર્ભમાં યુનિવર્સિટીના સને ૧૯૭૪--૭૫ના અંદાજપત્રના પૃષ્ઠ ૪૫ ઉપર "૪. અધિક સમય તથા બીજાં ભથ્થાં" મથાળા સામે કોલમ ૫ માં રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ અંદાજ્યો છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૧ વધુ અંદાજવા ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પર લંબાણ ચર્ચાવિચારણા થઈ અને ચર્ચા ચાલુ હતી તે દરમિયાન શ્રી. નરહરિ પરીખે કુલસચિવશ્રીનું ધ્યાન ખેંચ્યું કે સભાગૃહના કામકાજ માટે જરૂરી ગણપૂર્તિ (કોરમ) માટે જરૂરી સભ્યોની હાજરી નથી.

તે પછી સભાગૃહના સભ્યોની હાજરીની ગણતરી કરવામાં આવતાં ૪૧ સભ્યોની હાજરી જણાઈ હતી. અને તેથી ગણપૂર્તિ માટે જરૂરી એવી ઓછામાં ઓછી ૫૦ સભ્યોની હાજરી ન હોવાથી કુલપતિશ્રીએ જણાવ્યું કે કોરમના અભાવે સભાગૃહનું કામકાજ આગળ ચાલી શકે તેમ નથી.

આ તબક્કે શ્રી. હરુભાઈ મહેતાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. અન્વયે કુલપતિશ્રીએ આ સભાનું કામકાજ આગળ ચલાવવા માટે આ સભા બોલાવવા માટે બીજી તારીખ નક્કી કરવી જોઈએ.

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સ્ટે. સભાગૃહના કામકાજના પ્રારંભના સમયને સ્પર્શે છે, અને તેથી બીજી તારીખ નક્કી કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

તે પછી સભાગૃહનું કામકાજ બંધ રહ્યું અને બાકીની બાબતો હાથ ધરી શકાઈ નહીં:

નં. કૉર્ટ / ૨૨૧૧૭ / ૧૯૭૫.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ--૩૮૦ ૦૦૯.
જુલાઈ ૨૮, ૧૯૭૫.

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "૧"

[૧] શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૩ અંગેની તા. ૩૧--૫--૧૯૭૪ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી. ૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી સંલગ્ન કૉલેજોમાં લાઇબ્રેરી ક્લાર્કની નિમણૂક કરવામાં આવી નથી તેવી કૉલેજોની યાદી :

૧. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૨. શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૪. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર
૫. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૬. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ
૭. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા
૮. સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ કૉલેજ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર
૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૧૦. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૧૧. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
૧૨. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૩. શ્રીમતી સવિતાબહેન ચૂનીલાલ ફરતી કૂઈવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈ
૧૪. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૫. શેઠશ્રી સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર
૧૬. ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર
૧૭. એસ. ડી. આર્ટ્સ અને બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા
૧૮. શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ--કરજણ
૧૯. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

પરિશિષ્ટ "૨"

[૧] શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૫ અને ૬ અંગેની તા. ૩૧--૫--૧૯૭૪ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી :

ક્રમાંક	કૉલેજનું નામ	છૂટા કરવામાં આવેલ બિનશૈક્ષણિક કર્મચારીનું નામ	નોકરીમાં પાછા લેવડાવવા યુનિવર્સિટીએ લીધેલાં પગલાં
૧.	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	શ્રી. આર. આઈ. ચૌહાણ	કૉલેજનું વક્તવ્ય મંગાવ્યું છે.
૨.	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. બી. એન. પટેલ	,,
૩.	નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ	શ્રી. સી. આર. સુથાર	,,

પરિશિષ્ટ "૩"

[૧] શ્રી. શરદ પટેલના પ્રશ્ન નં. ૫૩૩ની માહિતી

ભારતની કુલ ૮૪ યુનિવર્સિટીઓમાંથી યુનિવર્સિટીના અધિકારીઓને આપાતા સ્કૂટર, મોટર, વાહનભથ્થાં અંગેની માહિતી મંગાવી હતી તે પૈકી ૪૩ યુનિવર્સિટીઓએ માહિતી મોકલી છે તે પ્રમાણે નીચેના અધિકારીઓને નીચે જણાવ્યા પ્રમાણે સ્કૂટર, મોટર, વાહનભથ્થું આપવામાં આવે છે :

ક્રમાંક	અધિકારીની કક્ષા	અન્ય કેટલી યુનિવર્સિટીમાં આપવામાં આવે છે.	યુનિવર્સિટીઓનાં નામ	માસિક ભથ્થું	ભથ્થાનો પ્રકાર
૧	૨	૩	૪	૫	૬
૧.	શ્રી. કુલસચિવ	૨	૧ મરાઠાવાડ યુનિવર્સિટી ૨ ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૭૫/- રૂ. ૩૦/-	વાહનભથ્થું ,,
૨.	વિકાસ અધિકારી	૧	ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૩૦/-	,,
૩.	ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન	૪	૧. નાગપુર યુનિવર્સિટી ૨ મરાઠાવાડ યુનિવર્સિટી ૩ ઇન્દોર યુનિવર્સિટી ૪ ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૨૦/- રૂ. ૫૦/- રૂ. ૫૦/- રૂ. ૩૦/-	વાહનભથ્થું વાહનભથ્થું સ્કૂટર/મોટર-સાઇકલ ભથ્થું વાહનભથ્થું
૪.	એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ	૧૧	૧ અલીગઢ મુસ્લિમ યુનિ. ૨ પૂના યુનિવર્સિટી ૩ અલ્લાબાદ યુનિવર્સિટી ૪ રાજસ્થાન યુનિવર્સિટી ૧૧ ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૫૦/- રૂ. ૨૫/- રૂ. ૫૦/- રૂ. ૧૦૦/- રૂ. ૩૦/-	વાહનભથ્થું ,, ,, ,, ,,
૫.	મદદનીશ ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન	૨	૧ નાગપુર યુનિવર્સિટી ૨ ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૨૦/- રૂ. ૩૦/-	વાહનભથ્થું ,,
૬.	ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર	૨	૧ મરાઠાવાડ યુનિવર્સિટી ૨ ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૧૨.૫૦ રૂ. ૩૦/-	વાહનભથ્થું ,,

૧	૨	૩	૪	૫	૬
૭.	બિલ્ડિંગ સુપરવાઈઝર	૧૧	૧ દક્ષિણ ગુજરાત યુનિ.	રૂ. ૧૦/-	વાહનભથ્થું
			૨ પૂના યુનિવર્સિટી	રૂ. ૨૧/-	,,
			૩ નાગપુર યુનિવર્સિટી	રૂ. ૩૦/-	,,
			૪ ઈન્દોર યુનિવર્સિટી	રૂ. ૧૦/-	સ્કૂટર/મોટરસાઈકલ ભથ્થું
			૧૧ ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૩૦/-	વાહનભથ્થું
૮.	રેસિડેન્ટ મેડિકલ ઑફિસર	૭	૧ અલી ગઢ મુસ્લિમ યુનિ.	રૂ. ૧૦/-	સ્કૂટર ભથ્થું અથવા
				રૂ. ૭૫/-	મોટરકારભથ્થું
			૨ યુનિવર્સિટી ઑફ સાગર	રૂ. ૧૦/-	વાહનભથ્થું
			૩ યુનિવર્સિટી ઑફ રૂરકી	રૂ. ૧૦/-	,,
			૪ નાગપુર યુનિવર્સિટી	રૂ. ૪૦/-	,,
			૧૧ રાજસ્થાન યુનિવર્સિટી	રૂ. ૬૦/-	,,
			૬ દિલ્હી યુનિવર્સિટી	રૂ. ૧૦૦/-	મોટરકારભથ્થાં
				પરંતુ રૂ. ૧૨૦/-	મહિનામાં ૨૦ થી વધુ વિઝિટ થાય તો
			૭ ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૩૦/-	વાહનભથ્થું
૯.	મદદનીશ એડમિનિસ્ટ્રેટર (એન. એસ. એસ.)	૧	ગોવિંદ વલ્લભ પંત કૃષિ વિશ્વ વિદ્યાલય	રૂ. ૩૦/-	વાહનભથ્થું

પરિશિષ્ટ "૪"

[૧] શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૫૭ અંગેની તા. ૩૧--૫--૧૯૭૪ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી.

યુનિવર્સિટીના પરિપત્રનં. સિ. ૦૨૭૧૯૦, તા. ૧--૩--૧૯૭૪ અને સિ. ૦૨૮૬૧૦ તા. ૧૮--૩--૧૯૭૪થી જાણાવ્યા પ્રમાણે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે નિયત કરેલ પગારધોરણો, ઘરભાડું, સી.એચ.એ., મોંઘવારી ભથ્થું વિગેરે આપવાનો અમલ કર્યો છે અને અમલ નથી કર્યો તેવી કૉલેજોની યાદી :

અમલ કર્યો છે તેવી કૉલેજોની યાદી

૧. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. બી. ડી. કૉલેજ, અમદાવાદ
૩. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. આર્ટ્સ કૉલેજ, સંખેડા

૫. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
૭. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
૮. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૯. યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૧૦. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૧૧. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
૧૨. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ
૧૩. સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
૧૪. નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
૧૫. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ
૧૬. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી
૧૭. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર
૧૮. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
૧૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી
૨૦. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા
૨૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા
૨૨. વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૨૩. સાયન્સ કૉલેજ, કડી
૨૪. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૫. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
૨૬. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૨૭. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૨૮. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૨૯. સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૦. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૧. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૨. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૩૩. શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ
૩૪. શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
૩૫. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૩૬. શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણ
૩૭. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
૩૮. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ
૩૯. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
૪૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૪૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર
૪૨. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ.

અમલ નથી કર્યો તેવી કૉલેજોની યાદી

૧. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૨. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી
૫. શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર
૬. શ્રી સી. એન. પટેલ ફરતી કૂઈવાળા આર્ટ્સ એન્ડ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ
૭. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ
૮. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર
૯. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૧૦. આર. કે. આર્ટ્સ એન્ડ એમ. કે. કૉમર્સ કૉલેજ, પેટલાદ
૧૧. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા
૧૨. વાય. એસ. આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા
૧૩. કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ
૧૪. પટેલ જે. બી. રુદેલવાલા આર્ટ્સ કૉલેજ
એન્ડ પટેલ એ. એમ. રુદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ
૧૫. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
૧૬. શેઠ એસ. વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
૧૭. એમ. ડી. શાહ કૉમર્સ એન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા
૧૮. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૧૯. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૨૦. શ્રી. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા
૨૧. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર
૨૨. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૨૩. કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
૨૪. આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ
૨૫. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ
૨૬. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૨૭. શ્રી સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૮. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
૨૯. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ
૩૦. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
૩૧. શ્રીમતી એસ. સી. પટેલ ફરતી કૂઈવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈ

૩૨. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૩. શેઠશ્રી સી. એન. કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, વીસનગર
૩૪. ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર
૩૫. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર
૩૬. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ
૩૭. એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાળા લૉ કૉલેજ, નડિયાદ
૩૮. લૉ કૉલેજ, ભૂજ
૩૯. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત
૪૦. પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૪૧. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ
૪૨. એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા
૪૩. શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ
૪૪. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા
૪૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
૪૬. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૪૭. એન. એચ. એલ. મ્યુનિ. મેરિકલ કૉલેજ, અમદાવાદ
(મ્યુનિસિપલ કૉર્પોરેશનનાં ધારાધોરણ મુજબ અપાય છે.)

પરિશિષ્ટ "૫"

[૧] શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૧૮ અંગેની તા. ૩૧-૧-૧૯૭૪ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી :

કર્મચારીઓને ફિક્સ આપીને ફુલટાઇમ સેવાઓ લે છે તેવી સંલગ્ન કૉલેજોની યાદી :

૧. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
૨. પટેલ જે. બી. રુદેલવાલા આર્ટ્સ કૉલેજ એન્ડ પટેલ એ. એમ. રુદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ
૩. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
૪. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૫. સી. યુ. શાહ કૉલેજ, અમદાવાદ
૬. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ ડિસેમ્બર ૧૯૭૩થી ફેબ્રુઆરી ૧૯૭૪ સુધીમાં યુનિવર્સિટી હિસાબોના ઑડિટ અંગે હાજર રહી કામ પૂરું કર્યું છે. તા. ૬—૩—૧૯૭૪ના રોજ છેવટની સભામાં નીચેના સભ્યો હાજર હતા :

૧. આચાર્ય જશભાઈ જી. પટેલ	હાજર
૨. શ્રી. રમેશચંદ્ર મણિલાલ શાહ	હાજર
૩. આચાર્ય કાંતિલાલ એમ. આચાર્ય	હાજર.

પ્રમુખસ્થાન આચાર્ય જશભાઈ જી. પટેલે લીધું હતું.

બોર્ડના દરેક સભ્યે તેમને સોંપવામાં આવેલું ઑડિટ અંગેનું કામ પૂરું કર્યું છે તેની નોંધ લેવામાં આવી. ત્યાર બાદ કોર્ટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું :

૧. યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનોને તેમની વિવિધ પ્રવૃત્તિઓ અંગે જે રકમો ઍડવાન્સ તરીકે આપવામાં આવે છે તે યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષો દ્વારા આપવાનું રાખવું જોઈએ.

૨. વર્ષ દરમિયાન યુનિવર્સિટી ભવનોને ઍડવાન્સ રકમો આપવામાં આવે તે અંગેના હિસાબો તે અંગેની વધેલી રકમ સહિત કોઈ પણ સંજોગોમાં જે તે હિસાબી વર્ષની આખર સુધીમાં એટલે કે તારીખ ૩૧મી માર્ચ પહેલાં હિસાબ વિભાગને મળે તેમ ગોઠવવું જોઈએ.

૩. જો ઍડવાન્સ રકમ અંગેના હિસાબો તારીખ ૩૧મી માર્ચ સુધીમાં ન મળે તો તે જ પ્રવૃત્તિ માટે ઍડવાન્સની વધુ રકમ નવા વર્ષમાં આપતાં પહેલાં જૂના હિસાબો ચૂકતે થયા પછી તે આપવાનું રાખવું જોઈએ.

૪. કૉલેજોએ યુનિવર્સિટી પરીક્ષાના સંચાલન ખર્ચ માટે ઍડવાન્સ રકમ મેળવી હોય તે અંગેના હિસાબો પરીક્ષા પૂરી થયા બાદ એક માસમાં વધેલી રકમ સહિત યુનિવર્સિટી કાર્યાલયને સુપરત કરવાનું રાખવું જોઈએ.

૫. ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કં., જેઓ યુનિવર્સિટીના હિસાબોનું સતત (continuous) ઑડિટ કરે છે, તેઓએ યુનિવર્સિટીનું હિસાબી વર્ષ પૂરું થયે પોતાનો ઑડિટ રિપોર્ટ મોડામાં મોડો તારીખ ૩૧મી ઑગસ્ટ સુધીમાં રજૂ કરવાનું રાખવું જોઈએ તેમ સૂચન છે.

૬. યુનિવર્સિટીની માલિકીની ફાજલ જમીનમાંથી વધુ ઊપજ થાય તેવી યોજનાઓ વિચારવા અમારું સૂચન છે.

૭. યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સ અંગેના "મરામત અને ફેરફાર" માટેનો ખર્ચ, સામાન્ય સંજોગોમાં, ક્વાર્ટર્સની ભાડાની વાર્ષિક આવકના ૧/૧૨ (એક બારાંશ) ભાગ જેટલો વધુમાં વધુ યુનિવર્સિટીએ કરવો તેવી ખર્ચની મર્યાદા રાખવા સૂચન છે.

૮. રાષ્ટ્રીય સેવા યોજના અંગે કૉલેજ લેવલે થતા ખર્ચના હિસાબોની રજૂઆતમાં એકસૂત્રતા લાવવાની જરૂર જણાય છે જેથી આ અંગેના વિવિધ પ્રકારના ઑડિટ વાંધાઓ નિવારી શકાય.

૯. યુનિવર્સિટીની વધતી જતી પ્રવૃત્તિઓને કારણે હિસાબોનું કામ વિસ્તરતું રહ્યું છે. આથી ઑડિટ અંગેના કામને પહોંચી વળવા યુનિવર્સિટીના આંતરિક ઑડિટ વિભાગમાં સ્ટાફનો વધારો કરવાનું વિચારવા અમારું સૂચન છે. આવું સૂચન ગયા વર્ષના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલમાં પણ કરવામાં આવ્યું હતું. તે પ્રત્યે ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

૧૦. બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પોતાની મર્યાદાઓના કારણે ફકત "ટેસ્ટ" ઑડિટ જ કરી શકે છે. તેથી આ અંગેના સ્ટેચ્યૂટમાં ઑડિટ શબ્દની આગળ "ટેસ્ટ" શબ્દ ઉમેરી સ્ટેચ્યૂટ સુધારવો જોઈએ. આ ઉપરાંત બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ચૂંટાઈ આવતા સભ્યોને તેમની કામગીરી બરાબર અદા કરવા માટે સતત ત્રણ વર્ષ માટે તે કામગીરી સોંપવી ઉપકારક થઈ પડશે તેવું અમારું અનુભવના આધારે માનવું છે. તેથી હાલના સ્ટેચ્યૂટમાં જરૂરી સુધારો કરવા અમારી ભલામણ છે.

૧૧. યુનિવર્સિટીના સને ૧૯૭૨--૭૩ના ઑડિટ થયેલા વાર્ષિક હિસાબો અમે તપાસ્યા છે અને તે બરાબર રાખેલા જણાયા છે. હિસાબો અંગે ઈન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કં.ની ઑડિટ નોટ અમે જોઈ છે. હિસાબો અંગે જરૂરી માહિતી અમને પૂરી પાડવામાં આવી હતી અને તે અંગેના અમારા બધા પ્રશ્નોના સંતોષકારક ખુલાસાઓ અમને મળ્યા હતા.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૭૦૯

ગુ.યુ.પ્રેસ ૮૫-૩૦૦+૧૦-૫-૧૯૭૫

કોર્ટ (વાર્ષિક સભા) : તા. ૨૯—૩—૧૯૭૫

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા, શનિવાર, તા. ૨૯--૩--૧૯૭૫ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ-ખંડમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯—૩—૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ (કુલપતિશ્રી)	હાજર
૨.	શ્રી. એલ. આર. દેસાઈ	હાજર
૩.	શ્રી. ઉમાશંકર જે. જોશી	ગેરહાજર
૪.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર
૫.	શ્રી. કંચનલાલ સી. પરીખ (કલસચિવ)	હાજર
૬.	શ્રી. પી. એફ. પટેલ	હાજર
૭.	શ્રી. એસ. જે. મુન્શા	હાજર
૮.	પ્રો. એસ. બી. કુમ્તા	હાજર
૯.	ડૉ. એચ. એન. પટેલ	ગેરહાજર
૧૦.	શ્રી. સી. એમ. પટેલ	હાજર
૧૧.	શ્રી. પી. સી. પરીખ	ગેરહાજર
૧૨.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૩.	શ્રી. નવીનચંદ્ર એમ. બારોટ	હાજર
૧૪.	શ્રી. એમ. જી. બ્રહ્મભટ્ટ	હાજર
૧૫.	શ્રી. બી. એન. પટેલ	હાજર
૧૬.	શ્રી. પી. સી. શાહ	હાજર
૧૭.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
૧૮.	શ્રી. બી. કે. પટેલ	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૭૫
૧૯.	શ્રી. જી. ડી. ભટ્ટ	હાજર
૨૦.	ડૉ. જે. એલ. ભટ્ટ	હાજર
૨૧.	શ્રી. જે. બી. શાહ	હાજર
૨૨.	ડૉ. એમ. જે. દવે	હાજર
૨૩.	શ્રી. આર. વી. પટેલ	હાજર
૨૪.	ડૉ. રૂપેશ ગોડીઆવાલા	હાજર
૨૫.	શ્રી. મહેન્દ્રભાઈ એ. પટેલ	હાજર
૨૬.	ડૉ. આર. એમ. ચોક્સી	હાજર
૨૭.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૨૮.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૨૯.	શ્રી. આર. ટી. મણિયાર	હાજર
૩૦.	શ્રી. બાબુભાઈ જ. પટેલ	હાજર
૩૧.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર
૩૨.	ડૉ. ભગવતશરણ અગ્રવાલ	હાજર
૩૩.	શ્રી. બી. આર. મિસ્ત્રી	હાજર
૩૪.	ડૉ. સી. એસ. ત્રિવેદી	હાજર
૩૫.	ડૉ. એચ. પી. પટેલ	ગેરહાજર
૩૬.	ડૉ. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩૭.	શ્રી. એમ. સી. પરીખ	હાજર
૩૮.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૩૯.	શ્રી. એમ. એમ. પટેલ	હાજર
૪૦.	શ્રી. એમ. આર. પટેલ	હાજર
૪૧.	શ્રી. બી. જી. ચૌધરી	હાજર
૪૨.	શ્રી. બી. વી. પટેલ	હાજર
૪૩.	શ્રી. સી. એમ. શેઠ	હાજર
૪૪.	શ્રી. કે. એ. શાહ	હાજર
૪૫.	શ્રી. ઈ. એમ. બલસારા	હાજર
૪૬.	શ્રી. એમ. એચ. પટેલ	હાજર
૪૭.	શ્રી. એન. વી. પંડ્યા	હાજર
૪૮.	શ્રી. પી. સી. પટેલ	હાજર
૪૯.	શ્રી. પી. એફ. પટેલ	હાજર
૫૦.	શ્રી. આર. એસ. પટેલ	હાજર
૫૧.	શ્રી. ધર્મેન્દ્ર એન. આચાર્ય	હાજર
૫૨.	શ્રી. મંગળભાઈ એમ. પટેલ	હાજર
૫૩.	શ્રી. વી. એમ. પટેલ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૭૫
૫૪.	શ્રી. બી. એ. પટેલ	હાજર
૫૫.	શ્રી. એમ. એ. ત્રિવેદી	હાજર
૫૬.	શ્રી. એમ. ડી. પંચોલી	હાજર
૫૭.	શ્રી. એમ. ડી. પંડ્યા	ગેરહાજર
૫૮.	શ્રી. હરુભાઈ એમ. મહેતા	હાજર
૫૯.	ડૉ. જે. એન. પટેલ	હાજર
૬૦.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૬૧.	શ્રી. સી. બી. મહેતા	હાજર
૬૨.	શ્રી. જી. આર. દેસાઈ	હાજર
૬૩.	શ્રી. પી. આર. શાહ	હાજર
૬૪.	શ્રી. જી. એસ. શાહ	હાજર
૬૫.	શ્રી. આર. એમ. શાહ	હાજર
૬૬.	શ્રી. એસ. બી. વોરા	હાજર
૬૭.	શ્રી. સી. કે. શાહ	હાજર
૬૮.	શ્રી. ડી. બી. સોલંકી	હાજર
૬૯.	શ્રી. બી. જે. ત્રિપાઠી	હાજર
૭૦.	શ્રીમતી બકુલા કે. શાહ	હાજર
૭૧.	ડૉ. વી. કે. પટેલ	હાજર
૭૨.	પ્રિ. કે. એમ. આચાર્ય	હાજર
૭૩.	પ્રિ. સી. કે. અકુવાલા	હાજર
૭૪.	પ્રિ. આઈ. જે. ભટ્ટ	હાજર
૭૫.	પ્રિ. એમ. ડી. ભટ્ટ	હાજર
૭૬.	પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર
૭૭.	પ્રિ. જે. જે. દવે	હાજર
૭૮.	પ્રિ. જી. બી. પરીખ	હાજર
૭૯.	પ્રિ. જી. બી. પટેલ	હાજર
૮૦.	પ્રિ. કે. એસ. પટેલ	હાજર
૮૧.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર
૮૨.	પ્રિ. જે. એ. દવે	હાજર
૮૩.	પ્રિ. ડી. પી. ઠાકર	હાજર
૮૪.	પ્રિ. વી. જે. ત્રિવેદી	હાજર
૮૫.	પ્રિ. એ. જી. મુન્શી	હાજર
૮૬.	પ્રિ. જે. જી. પટેલ	હાજર
૮૭.	પ્રિ. કે. એન. શાહ	હાજર
૮૮.	પ્રિ. વી. એફ. શાહ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૭૫
૮૯.	પ્રિ. જે. ડી. તલાટી	હાજર
૯૦.	પ્રિ. જે. જે. ત્રિવેદી	હાજર
૯૧.	પ્રિ. જે. પી. ત્રિવેદી	હાજર
૯૨.	પ્રિ. એચ. એમ. દેસાઈ	હાજર
૯૩.	પ્રિ. ડી. ડી. દેસાઈ	હાજર
૯૪.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૯૫.	પ્રિ. સી. સી. ત્રિવેદી	હાજર
૯૬.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	હાજર
૯૭.	પ્રિ. એમ. સી. દેસાઈ	હાજર
૯૮.	પ્રિ. જી. જે. જોશી	હાજર
૯૯.	પ્રિ. એચ. પી. પંડ્યા	હાજર
૧૦૦.	પ્રિ. એચ. એ. પટેલ	હાજર
૧૦૧.	પ્રિ. બી. એમ. પિરજાદા	હાજર
૧૦૨.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૧૦૩.	પ્રિ. એચ. કે. ત્રિવેદી	હાજર
૧૦૪.	પ્રિ. સી. એસ. શાહ	હાજર
૧૦૫.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર
૧૦૬.	શ્રી. સાગર કે. રાયકા	હાજર
૧૦૭.	શ્રી. શૈલેષ આર. દેસાઈ	હાજર
૧૦૮.	શ્રી. એચ. સી. શેલત	હાજર
૧૦૯.	શ્રી. મનીષ પી. ગાંધી	હાજર
૧૧૦.	શ્રી. જે. એમ. શાહ	હાજર
૧૧૧.	શ્રી. અશ્વિન એમ. વૈદ્ય	હાજર
૧૧૨.	શ્રી. ઘનશ્યામ એચ. અમીન	હાજર
૧૧૩.	શ્રી. ગણપત પી. કંદોઈ	હાજર
૧૧૪.	શ્રી. વિદ્યુત જ. દેસાઈ	હાજર
૧૧૫.	શ્રી. બી. એન. પરીખ	હાજર
૧૧૬.	શ્રી. એચ. એચ. કારગાથ્રા	હાજર
૧૧૭.	શ્રી. શરદ પટેલ	હાજર
૧૧૮.	શ્રી. દીપક એન. પરીખ	હાજર
૧૧૯.	શ્રી. શ્રેણિક કસ્તૂરભાઈ લાલભાઈ	હાજર
૧૨૦.	પ્રિ. એમ. એસ. પંડિત	હાજર
૧૨૧.	ડૉ. એસ. જે. દામાણી	હાજર
૧૨૨.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર
૧૨૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯–૩–૧૯૭૫
૧૨૪.	શ્રી. ઓ. એમ. રાવળ	હાજર
૧૨૫.	શ્રી. ડી. એન. પાઠક	હાજર
૧૨૬.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૨૭.	ડૉ. સી. એલ. ભટ્ટ	હાજર
૧૨૮.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૨૯.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૧૩૦.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૧૩૧.	ડૉ. વાય. કે. આલઘ	ગેરહાજર
૧૩૨.	શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ	ગેરહાજર
૧૩૩.	શ્રી. સી. જી. વાલેસ	હાજર
૧૩૪.	ડૉ. ઓ. પી. ગુપ્તા	હાજર
૧૩૫.	શ્રી. અકબરઅલી જસદણવાળા	હાજર
૧૩૬.	ડૉ. સી. એચ. નાયક	હાજર
૧૩૭.	શ્રી. આઈ. એ. પરમાર	ગેરહાજર
૧૩૮.	શ્રીમતી નિર્મળાબહેન પટેલ	હાજર
૧૩૯.	શ્રી. એચ. એન. પટેલ	ગેરહાજર

નોંધ.—ગુજરાત યુનિવર્સિટી કોર્ટની તા. ૧૩/૧૪/૧૫--૬--૧૯૭૪ના રોજ મળેલી વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ, યુનિવર્સિટીના તા. ૧૨--૩--૧૯૭૫ના પરિપત્રાંક એકે./૫૪૬૯૦/૧૯૭૫માં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં નોંધાયેલી રિટ અરજીના સંદર્ભમાં મળેલ મનાઈહુકમ અન્વયે, સભ્યોને પરિપત્રિત કરવામાં આવી નહોતી.

યાદી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં પ્રમુખસ્થાનેથી નીચેના બે શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટીના ભૂતપૂર્વ રેક્ટર અને યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય, જાણીતા વૈજ્ઞાનિક ડૉ. કુંવરજી જી. નાયકના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને વિજ્ઞાન તથા શિક્ષણનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સન્નિષ્ઠ સેવાઓને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

વધુમાં આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે અધ્યક્ષશ્રીને સત્તા આપે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા એન. એચ. એલ. મેડિકલ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય અને યુનિવર્સિટી સેનેટના ભૂતપૂર્વ સભ્ય ડૉ. મણિભાઈ ડી. દેસાઈના અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે અને તબીબી સેવા અને તબીબી શિક્ષણનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સન્નિષ્ઠ સેવાઓને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા અધ્યક્ષશ્રીને સત્તા આપે છે."

સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટનું મૌન પાળીને તે પસાર કર્યા.

તે પછી પ્રો. હરુભાઈ મહેતાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે વિદ્યાર્થીઓને સભાગૃહની કાર્યવાહી નિહાળવા માટે તેમને ઉપરની ગૅલેરીમાં બેસવા દેવામાં આવે. તેને બીજા કેટલાક સભ્યોએ ટેકો આપ્યો. તે અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે પ્રેક્ષકો શાંતિ જાળવશે તેની બાંયધરી મળવી જોઈએ.

પ્રો. હરુભાઈ મહેતાએ જણાવ્યું કે એ જવાબદારી તેઓ પોતે સ્વીકારી શકે નહીં. તે પછી કુલપતિશ્રીએ જણાવ્યું કે વિદ્યાર્થીઓ શાંતિથી બેસે અને સભાના કામકાજમાં ખલેલ ન કરે તો તેમને બેસવા દેવા માટે વિચારી શકાય.

૧. ૧૯૭૫--૭૬ના વર્ષ માટે બોર્ડ ઑફ્ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ.**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ્ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૭૪માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૫ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૭૫થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૬ સુધીનું છે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૨૪--૨--૧૯૭૫ના રોજ પરિપત્રાંક એકે./૫૨૨૪૧/૧૯૭૫ દ્વારા મોકલવામાં આવી હતી.]

બોર્ડ ઑફ્ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તથા તે માટે પ્રમુખશ્રીએ નીચેના ચકાસણીદારોની નિમણૂક કરી :

(૧) આચાર્ય ડી. ડી. દેસાઈ
(૨) પ્રો. ચિમનભાઈ ત્રિવેદી.

૧૯૭૫--૭૬ના વર્ષ માટે બોર્ડ ઑફ્ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય શુક્રવાર, તા. ૨૧--૩--૧૯૭૫ના રોજ કાર્યાલયના સમય દરમિયાન, નીચેના ઉમેદવારો તરફ્થી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં, જેની ચકાસણી રવિવાર, તા. ૨૩--૩--૧૯૭૫ના રોજ સવારના ૧૧--૩૦ વાગ્યે કરવામાં આવતાં સદરહુ ઉમેદવારીપત્રો માન્ય (valid) ઠર્યાં હતાં :

ક્રમાંક	સભ્યનું નામ	સરનામું
(૧)	આચાર્ય હીરાલાલ અંબાલાલ પટેલ	કૉમર્સ કૉલેજ, ડભોઈ.
(૨)	આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ	બોરસદ સાયન્સ અને લૉ કૉલેજ, બોરસદ.
(૩)	શ્રી. જિતેન્દ્ર બચુભાઈ શાહ	શાહ ટ્રેડિંગ કંપની, કોટિસ સ્ટુડિયો બિલ્ડિંગ, રિલીફ્ રોડ, અમદાવાદ.
(૪)	શ્રી. જયકાંત નગીનભાઈ શાહ	૪૮, પંચશીલ સોસાયટી, અમદાવાદ--૧૩.
(૫)	શ્રી. પ્રિયવદન રતિલાલ શાહ	"વંદના", ખડાયતા સોસાયટી, મણિનગર, અમદાવાદ--૮.
(૬)	શ્રી. હરિયંત ચંપકલાલ શેલત	૭૯, ગિરધરનગર સોસાયટી, શાહીબાગ, અમદાવાદ--૪.
(૭)	આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદી	એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ.

ઉમેદવારીપત્રોની ચકાસણી પછીના ચોવીસ કલાક સુધીમાં, એટલે કે સોમવાર, તા. ૨૪--૩--૧૯૭૫ના રોજ સવારના ૧૧--૩૦ વાગ્યા સુધીમાં, શ્રી. જયકાન્ત નગીનભાઈ શાહે તેમનું ઉમેદવારીપત્ર સ્ટે. ૧૧૧માં જણાવ્યા પ્રમાણે સહી--સાક્ષી કરી--કરાવીને પાછું ખેંચી લીધું હતું.

મતગણતરી પૂરી થતાં નીચેના ત્રણ સભ્યોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :

(૧) શ્રી. પ્રિયવદન રતિલાલ શાહ

(૨) શ્રી. હરિયંત ચંપકલાલ શેલત

(૩) આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદી.

૨. યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૫) અન્વયે શિક્ષકો ન હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર ખાલી પડેલી એક જગ્યા માટેની પેટાચૂંટણી.

સદરહુ પેટાચૂંટણી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તથા પ્રમુખશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા :

(૧) આચાર્ય એમ. એસ. પંડિત

(૨) આચાર્ય એસ. આર. ભટ્ટ.

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૫) પ્રમાણે કોર્ટ મતદારવિભાગમાંથી કોર્ટના સભ્યો પૈકી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર ચૂંટાયેલા ત્રણ સભ્યો કે જેઓ શિક્ષકો નથી, તે પૈકીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પરની એક ખાલી પડેલ જગ્યા માટેની પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય બુધવાર, તા. ૧૯--૩--૧૯૭૫ના રોજ સાંજના ૪--૦૦ વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારી-પત્રો આવ્યાં હતાં; જેની ચકાસણી શુક્રવાર, તા. ૨૧--૩--૧૯૭૫ના રોજ સવારના ૧૧--૩૦ વાગ્યે કરવામાં આવતાં સદરહુ ઉમેદવારીપત્રો માન્ય (valid) ઠર્યાં હતાં :

ક્રમાંક	ઉમેદવારનું નામ	સરનામું
(૧)	શ્રી. નવીનચંદ્ર મોનીલાલ બારોટ	વાઈસ-પ્રેસિડેન્ટ, લિપ્ટન એમ્પ્લોયીઝ યુનિયન, ધી ટેક્સ્ટાઈલ લેબર એસોસિયેશન, ભદ્ર, અમદાવાદ.
(૨)	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	સીમ્સ લેબોરેટરી, ધી તરુણ કૉમર્શિયલ મિલ્સ કંપની પ્રીમાઈસીઝ, કાળુપુર દરવાજા બહાર, અમદાવાદ--૨.
(૩)	શ્રી. શરદ પટેલ	૪૯, પ્રોફેસર્સ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ--૯.
(૪)	શ્રી. સાગર કલ્યાણભાઈ રાયકા	સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
(૫)	શ્રી. જિતેન્દ્ર બચુભાઈ શાહ	શાહ ટ્રેડિંગ કંપની, કોટિઝ સ્ટુડિયો બિલ્ડિંગ, રિલીફ રોડ, અમદાવાદ.
(૬)	શ્રી. હરિયંત ચંપકલાલ શેલત	૭૮, ગિરધરનગર સોસાયટી, શાહીબાગ, અમદાવાદ--૪.
(૭)	શ્રી. અશ્વિન મધુસૂદન વૈદ્ય	૧૪, સુરસંગમ સોસાયટી, પ્રભુદાસ ઠક્કર કૉલેજ સામે, પાલડી, અમદાવાદ--૭.

ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ અને સમય પછીના ચોવીસ કલાકની અંદર એટલે કે તા. ૨૨--૩--૧૯૭૫-ના રોજ સવારના ૧૧--૩૦ વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવારોએ તેમનું ઉમેદવારીપત્ર પોતાની સહીથી, લેખિત

અરજી કરીને, અને સ્ટે. ૧૫૫માં જણાવેલી રીતે સહી-સાક્ષી કરી-કરાવીને પાછું ખેંચી લીધેલું હતું :

ક્રમાંક	સભ્યનું નામ
(૧)	શ્રી. સાગર કલ્યાણભાઈ રાયકા
(૨)	શ્રી. જિતેન્દ્ર બચુભાઈ શાહ
(૩)	શ્રી. હરિયંત સી. શેલત.

મતગણતરીનું કામ પૂરું થતાં ચકાસણીદારોએ તેમનો અહેવાલ પ્રમુખશ્રીને આપ્યો અને શ્રી. નવીનચંદ્ર મોતીલાલ બારોટને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

[**નોંધ.**—ઉપર બાબત નં. ૧ અને ૨માં જણાવેલ ચૂંટણીઓ માટે મતદાનનો સમય બપોરના ૧૨-૪૫થી ૩-૦૦ સુધીનો હોવાથી સભાગૃહનું સામાન્ય વલણ જોતાં બાકીનું કામકાજ બપોરે ત્રણ વાગ્યા સુધી બંધ રાખવામાં આવ્યું.]

બપોરે ત્રણ વાગ્યે સભાનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું તે વખતે કેટલાક વિદ્યાર્થીઓએ સભાગૃહમાં દાખલ થઈને તથા સૂત્રોચ્ચાર કરીને જે વિદ્યાર્થીઓનાં ફૉર્મ ઘણાં મોડાં આવવાને કારણે સ્વીકારાયાં નથી તેમનાં ફૉર્મ લેવા માટે તેમણે આગ્રહ કર્યો, અને પોતાને સભાની કામગીરી નિહાળવા દેવામાં આવે તેવી માંગણી પણ રજૂ કરી. પ્રો. હરુભાઈ મહેતાએ જણાવ્યું કે આ પહેલાં સભાગૃહનું કામકાજ શરૂ થયું ત્યારે કુલપતિશ્રીએ જે જવાબ આપ્યો હતો તેને આધારે કેટલાક વિદ્યાર્થીઓ સભાની કામગીરી નિહાળવા માટે આવેલા છે, અને તેથી તેમને બેસવા દેવા જોઈએ. બીજા કેટલાક સભ્યોએ પણ પ્રો. હરુભાઈ મહેતાના તે પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

તે પછી કુલપતિશ્રીએ જણાવ્યું કે વિદ્યાર્થીઓ શાંતિ જાળવશે અને સભાની કાર્યવાહીમાં કશી ખલેલ કરશે નહીં તે શરતે ઉપરની ગૅલેરીમાં તેમને બેસવા દેવામાં આવે. તે પછી વિદ્યાર્થીઓ માટે ઉપરની ગૅલેરી ખુલ્લી મૂકવામાં આવી હતી અને તેમાં વિદ્યાર્થીઓને પ્રેક્ષકો તરીકે બેસવા દેવામાં આવ્યા હતા.

તે પછી બાબત ક્રમાંક ૨-અ હેઠળ પ્રશ્નોત્તરી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૨-અ. પ્રશ્નોત્તરી :

પ્રો. મંગુભાઈ પટેલે જણાવ્યું કે અમને પ્રશ્નોત્તરી તા. ૨૭મી માર્ચના રોજ મળે છે તો સ્ટેચ્યૂટ મુજબ કેટલા દિવસ પહેલાં તે મળવી જોઈએ તેની માહિતી આપશો. જે પ્રશ્નોના ઉત્તર તૈયાર થયા હોય તે રિવાઈઝ્ડ ઓજન્ડા સાથે મોકલવામાં આવશે તેમ સ્ટેચ્યૂટમાં જણાવેલું છે. પ્રશ્નોત્તરી છપાઈને તૈયાર થઈ શકે તેમ ન હોવાથી રવિવાર, તા. ૨૩-૩-૧૯૭૫ના રોજ "એમેન્ડમેન્ટ્સ" સાથેનો "રિવાઈઝ્ડ ઓજન્ડા" મોકલવામાં આવ્યો અને મંગળવાર, તા. ૨૫-૩-૧૯૭૫ના રોજ પ્રશ્નોત્તરી મોકલવામાં આવી.

આચાર્યશ્રી બી. એમ. પીરજાદાએ જણાવ્યું કે પ્રશ્નોત્તરીનાં પરિશિષ્ટો પણ બતાવેલાં પાનાં ઉપર મળતાં નથી.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે પરિશિષ્ટોની અનુક્રમણિકા આપેલી છે, તેમ છતાં પણ જરૂર જણાશે ત્યાં જે તે પ્રશ્નોને લગતાં પરિશિષ્ટો તરફ ધ્યાન ખેંચી શકાશે.

કુલપતિશ્રીએ ઉમેર્યું : તમે જાણો છો કે યુનિવર્સિટીમાં વર્ક-ટૂ-રૂલનું આંદોલન ચાલતું હતું. તે ઉપરાંત પરીક્ષાનું કામકાજ પણ ચાલતું હતું તેથી જરા મોડું થયું છે. સ્ટેચ્યૂટ પણ કહે છે કે જે ઉત્તરો તૈયાર થયા હોય તે રિવાઈઝ્ડ ઓજન્ડામાં મોકલવા, અને તે પ્રમાણે મોકલી આપવામાં આવેલ છે.

[૧] શ્રી. શરદ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સર્વાનુમતે ઠરાવી સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓ માટે નિયત કરેલાં પગારધોરણોનો અમલ તા. ૧–૪–૧૯૭૩ થી કરવા કૉલેજોને પરિપત્રાંક સિ–૨–૦૨૮૬૫૦, તા. ૧૮–૩–૧૯૭૪ થી જણાવેલ હોવા છતાં તેનો અમલ આજદિન સુધીમાં કઈ કઈ કૉલેજોએ નથી કર્યો ? કૉલેજોનાં નામો આપવા વિનંતી છે.

ઉત્તર ૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : આ પગારધોરણોનો તા. ૧–૪–૧૯૭૩થી અમલ કૉલેજોએ કરવો આવશ્યક છે તેવું પરિપત્રાંક સિ-૨–૦૨૮૬૫૦, તા. ૧૮–૩–૧૯૭૪માં કૉલેજોને જણાવવામાં આવ્યું છે તે વાત સાચી છે ?

ઉત્તર ૨ : હા, જી.

પ્રશ્ન ૩ : છતાં કૉલેજોએ અમલ નથી કર્યો તો તે બાબતમાં યુનિવર્સિટીએ તેનો અમલ કરાવવા પત્રો–રિમાઈન્ડરો લખવા સિવાય બીજાં કોઈ સક્રિય પગલાં લીધાં છે ?

ઉત્તર ૩ : આ બાબતમાં કૉલેજોનાં સંચાલકમંડળોના પ્રતિનિધિઓને કુલપતિશ્રીએ રૂબરૂમાં પણ વાત કરેલી છે.

પ્રશ્ન ૪ : યુનિવર્સિટીના આવા ઠરાવોનો કૉલેજો અમલ ન કરવાનું જ વલણ અખત્યાર, અવારનવાર પત્રો લખવા છતાં કરતી હોય તો આવી કૉલેજો સામે યુનિવર્સિટી કઈ જાતનાં પગલાં ભરવાનું વિચારી રહી છે ?

ઉત્તર ૪ : ઉપર પ્રશ્ન ક્રમાંક ૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સર્વાનુમતે ઠરાવી સંલગ્ન કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓના બિન-શિક્ષક કર્મચારીઓને ૧૬–૩–૧૯૭૪ની તેની સભામાં ઠરાવ્યા મુજબ જે સ્થળે ઘરભાડા ભથ્થું મળી શકતું ન હોય તેમને તેમના મૂળ માસિક પગારના ૫% જેટલું ઘરભાડા ભથ્થું આપવાને તે સ્થળની કૉલેજોને પરિપત્રાંક સિ-૮૭૩૭, તા. ૨૩–૫–૧૯૭૪થી જણાવ્યું હોવા છતાં હજી સુધી કઈ કઈ કૉલેજોએ આ ઠરાવનો અમલ કર્યો નથી ? કૉલેજોનાં નામો આપવા વિનંતી છે.

ઉત્તર ૫ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : યુનિવર્સિટીએ તેનો પરિપત્ર સિ. ૨–૦૨૮૬૫૦, તા. ૧૮–૩–૧૯૭૪ કે જેની સાથે રાજ્ય સરકારશ્રીના ઘરભાડા ભથ્થા અંગેનો સરકારી ઠરાવ વી. એલ. બી–૧૧૭૧–૨૧૦૯–સી એચ. તા. ૩–૮–૧૯૭૨ કૉલેજોને મોકલ્યો તે પહેલાં ગ્રામ વિસ્તારની સરકારશ્રીના મજકૂર ઠરાવમાં જે જે ગામોનો ઉલ્લેખ કરેલ છે તે સિવાયનાં કયાં કયાં ગામોની કૉલેજો પોતાના બિન-શિક્ષક કર્મચારીઓને ૫ ટકા ઘરભાડું આપતી હતી ? કૉલેજોનાં નામો આપવા વિનંતી છે.

ઉત્તર ૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : જો આ કૉલેજો યુનિવર્સિટીના પરિપત્ર સિ-૨-૦૨૮૬૧૦, તા. ૧૮-૩-૧૯૭૪ ગયો તે પહેલાં પણ બિન-શિક્ષક કર્મચારીઓને ૫% ઘરભાડું આપતી હતી તો સદરહુ પરિપત્ર કૉલેજોને મળ્યા બાદ એકાએક બંધ કરી દેવાનું કારણ શું હતું ?

ઉત્તર ૭ : પ્રશ્ન ૬ ના ઉત્તરમાં જે કૉલેજો પરિશિષ્ટમાં દર્શાવી છે તે કૉલેજોએ ૫% ઘરભાડા ભથ્થું તેમના બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓને આપવાનું બંધ કર્યું છે તેની કોઈ માહિતી આ કાર્યાલય પાસે નથી, તેથી તેનું કારણ આપવાનું શક્ય નથી તો માફ કરશો.

પ્રશ્ન ૮ : આ બિન-શિક્ષક કર્મચારીઓને ૫% પાકું ઘરભાડું મળે તે માટે યુનિવર્સિટીએ પરિપત્ર સિ-૮૭૩૭, તા. ૨૩-૧૧-૧૯૭૪ મોકલ્યા બાદ પણ જે જે કૉલેજોએ તેનો અમલ નથી કર્યો ત્યાં એક્ઝિકયુટિવ કાઉન્સિલના ઠરાવનો અમલ કરાવવા યુનિવર્સિટી શું સક્રિય પગલાં લેવા માગે છે ?

ઉત્તર ૮ : તે અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલ ઘટતી વિચારણા કરશે.

પ્રશ્ન ૯ : યુનિવર્સિટીએ તેના પરિપત્ર સિ-૦૨૮૬૧૦, તા. ૧૮-૩-૧૯૭૪ની કલમ (ધ) અને (ચ)માં જણાવ્યા મુજબ ઘરભાડા ભથ્થું અને મોકલ કોમ્પેન્સેટરી ભથ્થું સદરહુ પરિપત્ર સાથે બીટેલ સરકારશ્રીના જી.આર.માં જણાવેલ ગ્રામવાણી કઈ કઈ કૉલેજો હજી સુધી બિન-શિક્ષક કર્મચારીઓને આપતી નથી ? કૉલેજોનાં નામ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પ્રશ્ન ૧ના ઉત્તરમાં આપેલ **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦ : યુનિવર્સિટીના પરિપત્ર સિ.-૦૨૮૬૧૦, તા. ૧૮-૩-૧૯૭૪ની કલમ ખ(૧)માં જણાવવા મુજબ કેશિયરનું કામ કરતા બિન-શિક્ષક કર્મચારીને રૂ. ૧૫-૦૦ 'કેશ એલાવન્સ' આપવા જણાવ્યું હોવા છતાં હજુ સુધી કઈ કઈ કૉલેજો પોતાના કેશિયરોને આ એલાવન્સ આપતી નથી ? કૉલેજોનાં નામ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧ : યુનિવર્સિટી એક્ઝિકયુટિવ કાઉન્સિલે સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોમાં કામ કરતા સ્ટોરકીપર માટે રૂ. ૨૧૧-૧૦-૨૪૧ ઈ.બી. ૧૧૫-૩૮૦-૨૦-૫૨૦નો સ્કેલ નિયત કર્યો છે, તે વાત સાચી છે ?

ઉત્તર ૧૧ : હા, જી.

પ્રશ્ન ૧૨ : હજી સુધી કઈ કઈ વિજ્ઞાન કૉલેજોએ તેનો અમલ નથી કર્યો ? કૉલેજોનાં નામ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા સ્ટોરકીપરોને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૭નો સ્કેલ આપવામાં આવે છે તે વાત સાચી છે?

ઉત્તર ૧૩ : હા, જી.

પ્રશ્ન ૧૪ : સંલગ્ન કૉલેજોમાં જે તે જગ્યા ઉપર કામ કરતા બિન-શિક્ષક કર્મચારીઓના સ્કેલ મહદ અંશે આપવાનું યુનિવર્સિટીએ સ્વીકાર્યું છે તે વાત સાચી છે?

ઉત્તર ૧૪ : હા, જી.

પ્રશ્ન ૧૫ : તો સંલગ્ન વિજ્ઞાન કૉલેજોના સ્ટોરકીપરનો સ્કેલ રૂ. ૨૧૫-૧૦-૨૪૫ ઈ.બી. ૧૫-૩૮૦-૨૦-૫૨૦ રાખવાનો યુનિવર્સિટીએ નિર્ણય લીધો તે જ વખતે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા સ્ટોરકીપરોનો સ્કેલ રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૪૦૮-૧૯-૪૬૫માંથી રૂ. ૨૧૫-૧૦-૨૪૫ ઈ.બી. ૧૫-૩૮૦-૨૦-૫૨૦ કરવાનો નિર્ણય યુનિવર્સિટીએ શા માટે ન લીધો?

ઉત્તર ૧૫ : આવી જરૂરિયાત જણાઈ નથી.

પ્રશ્ન ૧૬ : બન્ને સંસ્થાઓની આ જગ્યા ઉપર કામ કરતા કર્મચારીની ફરજોના પ્રકાર અલગ અલગ છે?

ઉત્તર ૧૬ : ના, જી.

પ્રશ્ન ૧૭ : યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના સ્ટોરકીપરોનો સ્કેલ રૂ. ૨૧૫—૧૦—૨૪૫ ઈ.બી. ૧૫—૩૮૦—૨૦—૫૨૦ કરી આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘ તરફથી કોઈ માગણી યુનિવર્સિટીને મળેલી છે?

ઉત્તર ૧૭ : હા, જી.

પ્રશ્ન ૧૮ : જો હા, તો તેના ઉપર આજદિન સુધીમાં શું કાર્યવાહી હાથ ધરવામાં આવી છે?

ઉત્તર ૧૮ : યુનિવર્સિટીના બિનશિક્ષકગણના કર્મચારીઓનાં પગારધોરણો અંગેનો પ્રશ્ન પગારપંચની વિચારણા હેઠળ હોઈ તે અંગે હાલ આ કાર્યાલય તરફથી વિશેષ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

પ્રશ્ન ૧૯ : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ્યા અનુસાર સંલગ્ન કૉલેજોના બિન-શિક્ષક કર્મચારીઓ માટે પ્રોવિડંટ ફંડ અંગેના નિયમો નિયત કરી પરિપત્રાંક સિ-૦૫૩૩૯૫-૦૫૫૪૪, તા. ૨૪-૧૧-૧૯૭૪થી કૉલેજોને તેનો અમલ ૧-૪-૧૯૭૩થી કરવાનું જણાવાયા બાદ આજદિન સુધીમાં તેનો અમલ હજી સુધી કઈ કઈ કૉલેજોએ કર્યો નથી? કૉલેજોનાં નામ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦ : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ્યા અનુસાર સંલગ્ન કૉલેજોના બિન-શિક્ષક કર્મચારીઓને પરિપત્ર સિ-૨-૦૫૨૪૫-૦૫૩૯૪, તા. ૨૪-૫-૧૯૭૩ થી જણાવી તા. ૧—૫—૧૯૭૩થી 'વચગાળાની રાહત' આપવા જણાવેલ હોવા છતાં હજુ સુધી કઈ કઈ કૉલેજોએ આ 'વચગાળાની રાહત' આપી નથી? કૉલેજોનાં નામો જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧ : યુનિવર્સિટી એક્ઝિકયુટિવ કાઉન્સિલે સંલગ્ન કૉલેજોના બિન-શિક્ષક કર્મચારીઓ માટે નિયત કરેલ સેવાના નિયમોનો અમલ કરવા કૉલેજોને પરિપત્ર સિ-૧૫૮૭૪, તા. ૪--૭--૧૯૭૪થી જણાવેલ છે. તેનો અમલ હજી સુધી કઈ કઈ કૉલેજોએ કર્યો નથી? કૉલેજોનાં નામ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨ : યુનિવર્સિટી એક્ઝિકયુટિવ કાઉન્સિલે સંલગ્ન કૉલેજોમાં બિન-શિક્ષક કર્મચારીઓનું પ્રમાણ, તેનો પરિપત્ર સિ-૨--૩૧૭૪૨, તા. ૨૧-૯-૧૯૭૪ની કલમ ૭માં જણાવ્યા અનુસાર હોવું અનિવાર્ય છે તમ કૉલેજોને જણાવેલ છે તા તેનો પૂરેપૂરો અમલ આજદિન સુધીમાં કઈ કઈ કૉલેજોએ ન કર્યો ? કૉલેજોનાં નામ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩ : યુનિવર્સિટીના પરિપત્ર સિ. ૩૧૭૪૨, તા. ૨૧--૯--૧૯૭૪માં જણાવ્યા અનુસાર 'ગ્રેચ્યુઇટી અંગેના' નિયમોનો ૧--૭--૧૯૭૪ થી અમલ કરવો આવશ્યક છે છતાં આજ-દિન સુધીમાં તેનો અમલ પોતાના બિન-શિક્ષક કર્મચારીઓ માટે કઈ કઈ કૉલેજોએ નથી કર્યો ? કૉલેજોનાં નામ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પ્રશ્ન ૨૨ના ઉત્તરમાં આપેલ **પરિશિષ્ટ "૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪ : યુનિવર્સિટીએ તેનો પરિપત્ર સિ ૩૯૯૯/૪૧ તા. ૮--૧૧--૧૯૭૪ મોકલી સંલગ્ન કૉલેજોને શિક્ષક અને બિન-શિક્ષક વર્ગના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે સુધારેલા **મોંઘવારી ભથ્થાના** દરો ૧--૫--૭૪થી સુધારવા જણાવ્યું છે. હજી સુધી કઈ કઈ કૉલેજોએ તેનો અમલ કર્યો નથી ? કૉલેજોનાં નામો જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨૪ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૫ : યુનિવર્સિટીએ કૉલેજોના બિન-શિક્ષક કર્મચારીઓ માટે પગારધોરણો, ભથ્થાં, ઈત્યાદિ નક્કી કરી તેનો અમલ કરવા કૉલેજોને જણાવેલું હોવા છતાં હજુ પણ કેટલીક કૉલેજો કર્મચારીઓને 'ફિકસ' પગાર આપી તેમનું શોષણ કરી રહી છે તેવી કોઈ ફરિયાદો યુનિવર્સિટીને મળી છે?

ઉત્તર ૨૫ : કૉલેજોના બિન-શિક્ષકવર્ગના બે કર્મચારીને ફિક્સ પગાર આપવામાં આવે છે તેવી ફરિયાદ યુનિવર્સિટીને મળી છે.

પ્રશ્ન ૨૬ : જો 'હા', તો તેના ઉપર યુનિવર્સિટીએ શું સક્રિય કાર્યવાહી હાથ ધરી છે ?

ઉત્તર ૨૬ : સદરહુ ફરિયાદના સંદર્ભમાં કૉલેજનું વકતવ્ય માગવામાં આવ્યું હતું જેમાં એક કૉલેજમાં તેના બિન-શિક્ષકવર્ગને ફિક્સ પગાર આપવામાં આવે છે તેવી ફરિયાદમાં તથ્ય ન હોવાનું તે કૉલેજના આચાર્યે યુનિવર્સિટીને જણાવ્યું છે, જ્યારે બીજી કૉલેજ તરફથી જવાબ મળ્યો નથી.

પ્રશ્ન ૨૭ : હજી સુધી કર્મચારીઓને 'ફિક્સ' પગાર આપતી કઈ કઈ કૉલેજો છે? કર્મચારીનાં નામ સાથે કૉલેજોનાં નામો જણાવવા વિનંતી છે અને તેમને કેટલો 'ફિક્સ' પગાર અપાય છે તે પણ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૧"** જોવા વિનંતી છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એકથી સત્યાવીસના પ્રશ્નોનાં પરિશિષ્ટોમાં જે જે કૉલેજોનાં નામ આપ્યાં છે તેમાં મહદ્ અંશે આ પ્રશ્નો પત્યા નથી તો આ અંગે યુનિવર્સિટી શું સ્પષ્ટ પગલાં લેવા માંગે છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કૉલેજોની મૅનેજમેન્ટોને આ વિશે લખવામાં આવ્યું છે, અને ફરીથી પણ લખવામાં આવશે. કુલપતિશ્રીએ પણ મૅનેજમેન્ટોના પ્રતિનિધિઓ સાથે વાત કરી છે અને જરૂર પડે એક્ઝિકયુટિવ કાઉન્સિલ સમક્ષ પણ આ બાબત મૂકી શકાશે.

પ્રશ્ન ૨૮ : કુલસચિવશ્રીને મળવાપાત્ર પગાર, ભથ્થાં, અન્ય સવલતો અંગેના સ્ટેચ્યૂટમાં જરૂરી જોગવાઈ કર્યા વિના તેમને માસિક રૂ. ૩૦૦ મોટરકાર ઍલાવન્સ આપવામાં આવે છે તે બાબતમાં રાજ્ય સરકારશ્રી તરફથી કોઈ પૂછપરછ યુનિવર્સિટીને કરવામાં આવી છે?

ઉત્તર ૨૮ : હા, જી.

પ્રશ્ન ૨૯ : જો હા, તો રાજ્ય સરકારશ્રીના સદરહુ પત્રો તથા તેના યુનિવર્સિટી તરફથી જે જવાબો આપવામાં આવ્યા હોય તેની નકલો આ પ્રશ્નના જવાબ સાથે પૂરી પાડવા વિનંતી છે.

ઉત્તર ૨૯ : સદરહુ માહિતી કોર્ટની સભાના ટેબલ ઉપર મૂકવામાં આવશે. નકલો આપવાનું બની શકયું નથી, તો માફ કરશો.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સદરહુ માહિતી ટેબલ ઉપર મૂકવામાં આવશે તેમ જણાવ્યું છે તો તે છાપવી જરૂરી હતી, અને તે છાપવામાં વાંધો ન હતો, તો કેમ છાપી નથી? પત્રવ્યવહારની નકલો પહેલાં છાપીને પૂરી પાડવામાં આવેલી છે તો આમાં કેમ પૂરી પાડી નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રશ્ન દ્વારા માહિતી માગી શકાય પણ આમાં માગી છે તે પત્રવ્યવહારની નકલ આપવાનું હમેશાં બની શકે નહિ.

શ્રી. શરદભાઈ પટેલે જણાવ્યું કે મોટરકાર ભથ્થા અંગેનો શ્રી. શિક્ષણનિયામકનો પત્ર વાંચી સંભળાવવામાં આવે.

કુલપતિશ્રીએ તા. ૩૧–૧૨–૧૯૭૫નો સદરહુ પત્ર સભાગૃહમાં વાંચી સંભળાવ્યો.

પ્રશ્ન ૩૦ : યુનિવર્સિટીના કેટલાક અધિકારી કર્મચારીઓને સતત આઉટડોર ડયુટીના ઓઠા નીચે જે કન્વેયન્સ / સ્કૂટર ઍલાવન્સો આપવામાં આવે છે તે બાબતમાં રાજ્ય સરકારશ્રી તરફથી યુનિવર્સિટીને કંઈ પૂછપરછ કરવામાં આવી છે?

ઉત્તર ૩૦ : યુનિવર્સિટીના કેટલાક અધિકારીઓને તેમની ફરજને લક્ષમાં લઈને સ્કૂટર/વાહન ઍલાવન્સ આપવામાં આવે છે તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી તરફથી યુનિવર્સિટીને પુછાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩૧ : જો "હા", તો રાજ્ય સરકારશ્રીના સદરહુ પત્રો તથા યુનિવર્સિટી તરફથી તેના જે જવાબો આપવામાં આવ્યા હોય તેની નકલ આ પ્રશ્નના જવાબ સાથે પૂરી પાડવા વિનંતી છે.

ઉત્તર ૩૧ : રાજ્ય સરકારશ્રીના શિક્ષણનિયામકશ્રીના પત્રો કોર્ટની સભાના ટેબલ ઉપર મૂકવામાં આવશે. નકલો આપવાનું બની શકયું નથી તો માફ કરશો.

પ્રશ્ન ૩૨ : ગુજરાત યુનિવર્સિટીમાંથી જુદી પડેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પોતાના નાના કર્મચારીઓને માસિક રૂ. ૨૧ લેખે અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પોતાના નાના કર્મચારીઓને માસિક રૂ. ૩૧ કન્વેયન્સ એલાવન્સ આપે છે તેની માહિતી યુનિવર્સિટીને છે?

ઉત્તર ૩૨ : ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘ તરફથી સૌરાષ્ટ્ર યુનિ.માં આ અંગે અપાતાં એલાવન્સ અંગે તે યુનિવર્સિટીના ઠરાવ મોકલ્યા છે તે અંગેની માહિતી સિવાય બીજી કોઈ માહિતી આ કાર્યાલય પાસે નથી.

પ્રશ્ન ૩૩ : (ક) ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે નાના કર્મચારીઓને માસિક રૂ. ૨૫ કન્વેયન્સ એલાવન્સ મળે તેવી કોઈ માગણી કરી છે?

ઉત્તર ૩૩ : (ક) હા, જી.

પ્રશ્ન ૩૩ : (ખ) કઈ તારીખે?

ઉત્તર ૩૩ : (ખ) તા. ૨૮-૯-૧૯૭૨ના રોજ.

પ્રશ્ન ૩૪ : તેના ઉપર યુનિવર્સિટીએ આજદિન સુધીમાં શું કાર્યવાહી હાથ ધરી છે?

ઉત્તર ૩૪ : આ માગણી અને તે પત્રમાં જણાવેલ બીજી માગણીઓ સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવી હતી અને તે માંગણીઓ નામંજૂર કરવામાં આવી હતી. વધુમાં ઉમેરવાનું કે તા. ૧-૭-૧૯૬૭ પહેલાં જે યુનિવર્સિટી કર્મચારીઓનો પગાર રૂ. ૪૩૦થી ઓછો હતો તે દરેકને માસિક રૂ. ૫-૦૦ સાઈકલ ભથ્થું આપવામાં આવતું હતું. આ ભથ્થું તા. ૧-૭-૧૯૬૭થી તેઓના મૂળ પગારમાં ઉમેરી તેઓને પગારધોરણના ઉપલા પગથિયે મૂકવામાં આવ્યા હતા. વધુમાં, ચોથા વર્ગના કર્મચારીઓને તે ઉપરાંત એક પગારવધારો પણ આપવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૩૫ : રાજ્ય સરકાર પોતાને ત્યાં પોતાના અધિકારીઓને સ્કૂટર/મોટર/કન્વેયન્સ એલાવન્સો આપે છે કે કેમ તે બાબતની પૂછપરછ કરતો કોઈ પત્ર પણ યુનિવર્સિટીએ એજ્યુકેશન એન્ડ લેબર ડિપાર્ટમેન્ટને લખ્યો છે?

ઉત્તર ૩૫ : ના, જી.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

જવાબ છે તે પૂરેપૂરી ખાતરી કર્યા પછી આપ્યો છે? હું વિનંતી કરું છું કે પ્રમુખશ્રી બરાબર ખાતરી કરી જવાબ આપે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે રેકોર્ડ્ઝને આધારે આ માહિતી આપવામાં આવેલી છે.

પ્રશ્ન ૩૬ : જો "હા", તો રાજ્ય સરકારશ્રી તરફથી આવેલ જવાબની નકલ આ પ્રશ્નના જવાબ સાથે પૂરી પાડવા વિનંતી છે.

ઉત્તર ૩૬ : પ્રશ્ન ૩૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૭ : યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં આસિસ્ટંટ એકાઉન્ટન્ટની કાયમી કેટલી જગ્યાઓ છે ?

ઉત્તર ૩૭ : આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટની કાયમી બે જગ્યાઓ છે.

પ્રશ્ન ૩૮ : હાલના ડે. એકાઉન્ટન્ટ શ્રી. વી. વી. શાહને આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટની જગ્યા ઉપરથી ડે. એકાઉન્ટન્ટ સમકક્ષ જગ્યા ઉપર તા. ૨૧–૯–૧૯૬૭ના રોજ પ્રમોશન મળ્યું ત્યારથી આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટની મજકૂર જગ્યા પૂરવાની બાકી છે તે વાત સાચી છે ?

ઉત્તર ૩૮ : ના, જી. તે જગ્યા તાજેતરમાં પૂરવામાં આવેલી છે.

પ્રશ્ન ૩૯ : સદરહુ ૭ વર્ષથી ખાલી પડેલી આસિસ્ટંટ એકાઉન્ટન્ટની તે જગ્યા પૂરવા યુનિવર્સિટીએ આજદિન સુધીમાં શું કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૩૯ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કાર્યાલયનો વર્કલોડ તપાસવા માટે સમિતિ નીમી હોવાથી આ જગ્યાઓ ભરવામાં આવી ન હતી. ત્યાર બાદ આ જગ્યા માટે બે વખત જાહેરખબર આપી અરજીઓ મંગાવવામાં આવી હતી અને તે જગ્યા તાજેતરમાં પૂરવામાં આવી છે.

પ્રશ્ન ૪૦ : આ જગ્યા કેટલી ચોક્કસ સમયમર્યાદામાં યુનિવર્સિટી પૂરવા માંગે છે ?

ઉત્તર ૪૦ : પ્રશ્ન ૩૯નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૪૧ : આ સિવાય બીજી કોઈ કાયમી જગ્યા આટલો લાંબો સમય પુરાયા વિનાની ભૂતકાળમાં રહી છે ખરી ?

ઉત્તર ૪૧ : હા, જી.

પ્રશ્ન ૪૨ : (ક) પ્રતિવર્ષે તૈયાર થતાં યુનિવર્સિટીનાં અંદાજપત્રોમાં ત્રીજા અને ચોથા વર્ગના (કાર્યાલય નિયામક સુધી) કર્મચારીઓની કાયમી જગ્યાઓ અંગેની જે જોગવાઈ કરવામાં આવે છે તેઓની હજુ સુધી કેટલી જગ્યાઓ બાકી છે ?

ઉત્તર ૪૨ : (ક) યુનિવર્સિટી કાર્યાલયમાં ત્રીજા અને ચોથા વર્ગની નીચેની કાયમી જગ્યાઓ હજી પૂરવાની બાકી છે :

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	નોંધ
૧.	કાર્યાલય નિયામક	૩ જગ્યાઓ	તા. ૮–૩–૧૯૭૫ના રોજ કાર્યાલય નિયામક-નીં ત્રણ જગ્યાઓ ફાળવીને મંજૂર કરવા નિર્ણય લેવાયો છે.
૨.	હેડકલાર્ક	૨ જગ્યાઓ	તા. ૬–૩–૧૯૭૪થી એક જગ્યા અને તા. ૧૪–૬–૧૯૭૪થી બીજી જગ્યા એમ બે જગ્યાઓ ખાલી છે. હાલ આ જગ્યાઓ પર કાર્યકારી ધોરણે નિમણૂકો કરવામાં આવેલી છે, તે કાયમી ધોરણે પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે.

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	નોંધ
૩.	જુનિ. ક્લાર્ક	૧૦ જગ્યાઓ	૮ જગ્યાઓ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૧૨-૧૯૭૪ની સભામાં મંજૂર કરી છે, જ્યારે બાકીની ૨ જગ્યાઓ પૈકી એક તા. ૧૭-૧૦-૧૯૭૪થી અને બીજી તા. ૩૧-૧૨-૧૯૭૪થી ખાલી છે. આ જગ્યાઓ પૂરવા માટેની કાર્યવાહી ચાલુ છે.
૪.	લેબ્ટર	૨ જગ્યાઓ	બે પૈકીની એક જગ્યા તા. ૩૧-૧૦-૧૯૭૨ અને બીજી તા. ૫-૭-૧૯૭૩થી ખાલી પડેલી છે. મેન્ટેનન્સનાં કેટલાંક કામો કૉન્ટ્રેક્ટથી હવે કરાવવામાં આવે છે તેના સંદર્ભમાં આ જગ્યાઓ ચાલુ રાખવી કે કેમ તે બાબત વિચારણા હેઠળ છે.
૫.	ચોકીદાર	૪ જગ્યાઓ	છેલ્લાં ચાર વર્ષથી બે જગ્યાઓ ખાલી હતી અને છેલ્લાં બે વર્ષથી બે જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ પર હાલ રોજિંદા ધોરણે ચાર ચોકીદારો નીમવામાં આવેલા છે. કાયમી ધોરણે નિમણૂકો કરવા માટેની કાર્યવાહી હાલ ચાલુ છે.

પ્રશ્ન ૪૨ : (ખ) અને કેટલા સમયથી બાકી છે? અને તેને નહિ પૂરવાનાં કારણો જણાવવા વિનંતી છે.

ઉત્તર ૪૨ : (ખ) ઉપર પ્રશ્ન ૪૨(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૩ : યુનિવર્સિટીનાં ૪ વિદ્યાભવનોના સંદર્ભમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને તેની સામે રાખવામાં આવેલ બિન-શિક્ષક સ્ટાફને લગતી માહિતી પ્રોફોર્મા ભરીને મેં મારા પત્રાંક ૧૧૮૨, તા. ૧૨-૯-૧૯૭૪થી યુનિવર્સિટી પાસે માંગેલ માહિતી અંગે પત્ર યુનિવર્સિટીને મળ્યો નથી?

ઉત્તર ૪૩ : તા. ૧૨-૯-૧૯૭૪નો સદરહુ પત્ર કાર્યાલયને મળ્યો છે.

પ્રશ્ન ૪૪ : ત્યાર બાદ સદરહુ પત્રના જવાબ માટે મેં તા. ૨૪-૯-૧૯૭૪ના રોજ કરેલ રિમાઈન્ડર પત્રાંક ૧૨૦૨ પણ યુનિવર્સિટીને મળ્યો નથી?

ઉત્તર ૪૪ : સદરહુ સ્મૃતિપત્ર પણ મળ્યો છે.

પ્રશ્ન ૪૫ : (ક) જો બન્ને પત્રો મળ્યા છે તો કોર્ટ સભ્યોને ૫ મહિના સુધી જવાબ આપવાનો શિષ્ટાચાર પણ યુનિવર્સિટી કેમ બતાવતી નથી?

ઉત્તર ૪૫ : (ક) નિયત કરેલા ફોર્મમાં માંગેલી માહિતી યુનિવર્સિટી પાસે તૈયાર ન હોવાથી જવાબ આપી શકાયો નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૪૫ : (ખ) તેની પાછળનાં કોઈ કારણો છે ?

ઉત્તર ૪૫ : (ખ) પ્રશ્ન ૪૫(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૬ : મેં મારા સદરહુ પત્રાંક ૧૧૮૨, તા. ૧૨-૯-૧૯૭૪થી માંગેલ જવાબ પ્રોફોર્મા મુજબ આ પ્રશ્નના જવાબ સાથે પૂરો પાડવા વિનંતી છે.

ઉત્તર ૪૬ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૭ : યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૩ થી અમલી બનાવેલ નવાં પગારધોરણો, વચગાળાની રાહત, વિ.નો અમલ કર્યો હોય પણ તેનું ઓરિયર્સ રોકડમાં હજુ સુધી કર્મચારીઓને ચૂકવવાનું બાકી હોય તેવી કઈ કઈ કૉલેજો છે ? કૉલેજોનાં નામ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૪૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૮ : યુનિવર્સિટીએ સમયસર માગેલી માહિતી પણ જે કૉલેજ પૂરી પાડતી ન હોય તેવી કૉલેજો ઉપર યુનિવર્સિટી શું પગલાં લેવા વિચારી રહી છે ?

ઉત્તર ૪૮ : એ બાબતે એક્ઝિકયુટિવ કાઉન્સિલે ઘટતી વિચારણા કરવાની રહેશે.

પ્રશ્ન ૪૯ : યુનિવર્સિટીમાં કર્મચારીઓને પ્રમોશન આપવામાં આવે છે તે વખતે પ્રમોશનવાળી નવી જગાના પગારધોરણમાં સ્ટેજ-અપ કરીને વધારાનો એક ઈજાફો આપવાની પ્રથા છે ?

ઉત્તર ૪૯ : ના, જી.

પ્રશ્ન ૫૦ : યુનિવર્સિટીના હાલના વિકાસ અધિકારીશ્રી જ્યારે એકાઉન્ટન્ટની જગામાં કામ કરતા હતા ત્યારે તેમને તે જગ્યા ઉપરથી ડે. રજિસ્ટ્રાર (ફા.)ની જગ્યા ઉપર પ્રમોશન આપવામાં આવ્યું ત્યારે ડે. રજિસ્ટ્રાર (ફા.)ના પગારધોરણમાં સ્ટેજ-અપ કરી એક વધારાનો ઈજાફો તેમને આપવામાં આવ્યો હતો તે વાત સાચી છે ?

ઉત્તર ૫૦ : હા, જી.

પ્રશ્ન ૫૧ : યુનિવર્સિટી કર્મચારી સંઘે નાના કર્મચારીઓને પણ પ્રમોશન આપતી વખતે પ્રમોશનવાળી નવી જગ્યાના પગારધોરણમાં સ્ટેજ-અપ કરી વધારાનો એક ઈજાફો આપવાની કોઈ લેખિત માંગણી આજથી ૧૦ માસ પહેલાં યુનિવર્સિટી સમક્ષ કરી છે ?

ઉત્તર ૫૧ : હા, જી.

પ્રશ્ન ૫૨ : સદરહુ માગણી ઉપર યુનિવર્સિટીએ દશ દશ મહિના વીતી ગયા હોવા છતાં કોઈ સક્રિય વિચારણા કરી છે ?

ઉત્તર ૫૨ : સદરહુ પ્રકારની માગણી અગાઉ સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૧-૧૯૭૦ સમક્ષ મૂકવામાં આવી હતી જે નામંજૂર કરવામાં આવી હતી. ત્યાર બાદ આ અંગેની માગણી ફરીથી આવતાં તા. ૨૭-૧૨-૧૯૭૨ની જોઈન્ટ કન્સલ્ટેટિવ સમિતિ સમક્ષ તે મૂકવામાં આવી હતી અને તે બાબતની વિચારણા તેણે મોકૂફ રાખી હતી. દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી એક્ટમાં સુધારો થતાં આ સમિતિની રચના સ્ટે. હેઠળ આવશ્યક બનેલ હોઈ સંબંધકર્તા સ્ટે. મંજૂર થયેથી સમિતિની રચના થશે ત્યારે આ પ્રસ્તાવ તેની વિચારણા માટે મૂકવામાં આવશે, દરમ્યાન રાજ્ય સરકાર તરફથી જરૂરી માહિતી મંગાવવામાં આવી રહી છે.

પ્રશ્ન ૫૩ : અને જો કરી હોય તો તે માગણી કઈ સભા-સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવી હતી તેની તારીખ અને ઠરાવ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૫૩ : પ્રશ્ન ૫૨ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૪ : અને જો "ના", તો તેના ઉપર વિચારણા નહીં કરવાનાં કારણો જણાવવા વિનંતી છે.

ઉત્તર ૫૪ : પ્રશ્ન ૫૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૫ : નાણાભીડ છે તેવી અવારનવાર ફરિયાદો કરતી યુનિવર્સિટીએ તેના કર્મચારી સંઘે કરકસર કરીને નાણાની બચત કરવા કેટલાંક સક્રિય સૂચનો કરતો પત્ર આજથી ૯ માસ પહેલાં લખ્યો છે તે વાત સાચી છે?

ઉત્તર ૫૫ : હા, જી.

પ્રશ્ન ૫૬ : તેના ઉપર યુનિવર્સિટીએ કોઈ સક્રિય વિચારણા આજદિન સુધીમાં કરી છે ખરી? જો કરી હોય તો તેનાં કયાં કયાં સૂચનો ઉપર પગલાં લેવામાં આવ્યાં છે અને શું પગલાં લેવામાં આવ્યાં છે તેની વિગતો આપવા વિનંતી છે.

ઉત્તર ૫૬ : સદરહુ સૂચનો કાર્યાલયના ઉપરી અધિકારીઓની અવિધિસરની સભામાં તેમના ધ્યાન પર લાવવામાં આવ્યાં હતાં.

પ્રશ્ન ૫૭ : જોખમી કામો સાથે સંકળાયેલા કર્મચારીઓની પર્સનલ એક્સિડેન્ટ વીમાની પૉલિસી લેવાનો યુનિવર્સિટીએ નિર્ણય તેની કઈ તારીખની એક્ઝિકયુટિવ કાઉન્સિલની બેઠકમાં લીધો છે? તેની વિગતવાર ઠરાવ સાથે માહિતી આપશોજી.

ઉત્તર ૫૭ : ઉપરોકત બાબતનો નિર્ણય એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં લીધો છે. સ્થાયી સમિતિની તા. ૧૮-૬-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરી છે:

"આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નીચેના કર્મચારીઓના પર્સનલ એક્સિડેન્ટ અંગે નીચે મુજબની વીમાની પૉલિસી લેવી અને તે અંગેનું પ્રીમિયમ યુનિવર્સિટીએ ભરવું:

ક્રમાંક	જગ્યાનું નામ	વીમાની પૉલિસીની રકમ
૧.	ઈલેક્ટ્રિકલ એન્જિનિયર	રૂ. ૨૦,૦૦૦
૨.	વાયરમેન	રૂ. ૧૦,૦૦૦
૩.	વાયરમેનના હેલ્પર	રૂ. ૧૦,૦૦૦
૪.	યુનિવર્સિટીના ડ્રાઈવરો	રૂ. ૧૦,૦૦૦"

પ્રશ્ન ૫૮ : ત્યાર બાદ આજદિન સુધીમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલના સદરહુ ઠરાવનો અમલ થયો છે?

ઉત્તર ૫૮ : પર્સનલ એક્સિડેન્ટની વીમાની પૉલિસીઓ અંગે પ્રપોઝલ ફૉર્મ ભરી વીમા કૉર્પોરેશનને મોકલી આપવામાં આવ્યાં છે.

પ્રશ્ન ૫૯ : જો "ના", તો તેનો અમલ કયારે થનાર છે?

ઉત્તર ૫૯ : પ્રશ્ન ૫૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૦ : યુનિવર્સિટીમાં સતત પાંચ વર્ષની જેમની સેવાઓ લેવામાં આવતી હોય છતાં કાયમી કરવામાં આવ્યા ન હોય તેવા ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓનાં નામ તથા તેઓ કેટલાં વર્ષથી સેવાઓ આપે છે તેની વિગતો આપવા વિનંતી છે.

ઉત્તર ૬૦ : માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કેટલાં વર્ષથી કામ કરે છે ?
૧.	શ્રી. રામઅંજવર જડોસર	માળીના હેલ્પર	છેલ્લાં પાંચ વર્ષથી
૨.	શ્રી. સોમાઇ દુ:ખી	,,	,,
૩.	શ્રી. બિશ્વેસર નથઈ	,,	,,
૪.	શ્રા. માતાકેર ધીટાઈ	,,	,,
૫.	શ્રી. ભવાનીપ્રસાદ રામલાલ	,,	,,
૬.	શ્રી. ગયાપ્રસાદ રામસમજ	,,	,,
૭.	શ્રી. શારદાપ્રસાદ	,,	,,
૮.	શ્રી. શંકરજી નાથાજી	માળી-કમ-વૉચમૅન	,,
૯.	શ્રી. ભેરૂમલ ડી. જૈન	કૂક-કમ-કેર-ટેકર	,,
૧૦.	શ્રી. ચતુરજી	ચોકીદાર	,,
૧૧.	શ્રીમતી લીના બી. પીટર્સ	જૂ. કલાર્ક	છેલ્લાં સાત વર્ષથી

પ્રો. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીમાં ૧૧ કર્મચારીઓ છેલ્લાં પાંચ વર્ષથી રોજિંદા પગારે કામ કરે છે તે શોભે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : જેમ જેમ કાયમી જગ્યાઓ ખાલી પડે છે તેમ તેમ તે ભરવામાં આવે છે. કેટલીક જગ્યાઓ કાયમી ધોરણે ઊભી કરવામાં આવેલી નથી. તે ઊભી કરવામાં આવશે ત્યારે બાકીનાને તે જગ્યાઓ પર કાયમ કરવાનું વિચારી શકાશે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ક્રમાંક ૧૧ માં જણાવેલ બહેનની નિમણૂક આ દરમિયાન કાયમી જગ્યા પર કરવામાં આવી છે.

શ્રી. નરહરિ પરીખે જણાવ્યું કે પાંચ પાંચ વર્ષ સુધી કોઈ કર્મચારીને દૈનિક રોજી પર રાખી શકાય નહીં.

પ્રો. મંગુભાઈ પટેલ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ આચાર્ય પ્રોફેસરને દાઢિયા ઉપર રાખવા માગે તો પરવાનગી આપશો?

પ્રો. હરુભાઈ મહેતાએ જણાવ્યું કે, ફરીથી આ પ્રકારનો જવાબ ન આવે તેમ ઇચ્છીએ છીએ.

પ્રશ્ન ૬૧ : આ કર્મચારીઓને રોજિંદું કેટલું વેતન અપાય છે ?

ઉત્તર ૬૧ : તેમને હાલ રૂ. ૫–૦૦નું દૈનિક વેતન આપવામાં આવે છે.

પ્રશ્ન ૬૨ : તેમને કાયમી નહીં કરી યુનિવર્સિટી રોજિંદા તરીકે જ તેમને નિવૃત્ત કરવા માગે છે ?

ઉત્તર ૬૨ : કાયમી જગ્યાઓ ખાલી પડે ત્યારે તે પર આ ભાઈઓને, ભૂતકાળમાં અનેક કેસોમાં થયું છે તેમ, તે પર સમાવવાનું વિચારી શકાશે.

પ્રશ્ન ૬૩ : જો "ના", તો તેમને કાયમી કયાં સુધીમાં યુનિવર્સિટી કરવા માગે છે?

ઉત્તર ૬૩ : પ્રશ્ન નં. ૬૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૪ : સંલગ્ન કૉલેજના કોઈ કર્મચારીને "ફિક્સ" પગારમાં રાખવો નહીં તેવો આગ્રહ રાખતી યુનિવર્સિટી પોતે જ પોતાના કર્મચારીઓને "ફિક્સ" પગારમાં વર્ષોથી રાખી તેમને મોંઘવારી ભથ્થું, અન્ય ભથ્થાં, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી વગેરેના લાભોથી વંચિત રાખી તેમનું શોષણ કરવાનું કયારે બંધ કરશે?

ઉત્તર ૬૪ : કામનો પ્રકાર જોઈને કેટલાક કર્મચારીઓને દૈનિક ધોરણે નિયમ મુજબના દરે રોજ પર રાખવામાં આવે છે તેમાં તેમનું શોષણ કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૬૫ : તા. ૧૭-૧૧-૧૯૭૩ના રોજ મળી ગયેલ કર્મચારી સંઘની કારોબારી સભાએ સર્વાનુમતે પસાર કરેલ ઠરાવ ૫ યુનિવર્સિટીને પત્રાંક ૫૬૪--૧૯૭૩, તા. ૧૯--૧૧--૧૯૭૩થી મોકલ્યા બાદ સદરહુ ઠરાવ ઉપર યુનિવર્સિટીએ શું નિર્ણય લીધો છે?

ઉત્તર ૬૫ : તા. ૧૭--૧૧--૧૯૭૩ના રોજ મળેલ કર્મચારી સંઘની કારોબારીના ઠરાવ નં. ૫ અંગે અગાઉ સિન્ડિકેટે નીચે પ્રમાણે ઠરાવ્યું હોવાથી પુનર્વિચારણા કરવાની જરૂર જણાઈ નથી. સિન્ડિકેટે તેની તા. ૧૨--૧૨--૧૯૭૦ની સભામાં સ્થાયી સમિતિની નીચેની ભલામણ મંજૂર કરી છે:

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ચોથા વર્ગના કર્મચારીઓને પોતાના વતનમાં જવા આવવા અંગે મુસાફરી ભથ્થું આપવા અંગે તેઓની તા. ૨૯--૪--૧૯૭૦ની વિનંતી નામંજૂર કરવી."

પ્રશ્ન ૬૬ : આ યુનિવર્સિટીના ભૂતપૂર્વ સેનેટ અને સિન્ડિકેટ સભ્ય તથા ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં ચાલતા ભ્રષ્ટાચારના સંદર્ભમાં તપાસ હાથ ધરવા કરેલ માગણી તા. ૭-૯--૧૯૭૪ અને ત્યાર બાદ મેં તે અંગે તા. ૧૧-૯--૧૯૭૪ના રોજ યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના પ્રમુખ શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ યુનિવર્સિટીને તે બાબતમાં લખેલ પત્રાંક ૧૧૮૧ ઉપર શું કાર્યવાહી હાથ ધરી છે?

ઉત્તર ૬૬ : આ બાબતમાં ઘટતી તપાસ માટે એક સમિતિ નીમવામાં આવેલી છે.

પ્રશ્ન ૬૭ : કોર્ટ સભ્યો તરફથી લખવામાં આવતા પ્રશ્નોનો જવાબ યુનિવર્સિટી નિયમિત રીતે આપવાનું કયારથી ચાલુ કરનાર છે?

ઉત્તર ૬૭ : યુનિવર્સિટી પર આવતા પ્રશ્નોના જવાબો સામાન્ય રીતે નિયમિત આપવામાં આવે છે.

પ્રશ્ન ૬૮ : મારા તા. ૧૧-૯-૧૯૭૪ના પત્રાંક ૧૧૮૧નો જવાબ યુનિવર્સિટી તરફથી કેમ આપવામાં આવતો નથી?

ઉત્તર ૬૮ : ઉપરોકત પત્રમાં જણાવાયેલી બાબત અંગે નિમાયેલી સમિતિની સભા સમક્ષ આ બાબત વિચારણા નીચે હોવાથી.

પ્રશ્ન ૬૯ : મારા તા. ૧૮-૧૨-૧૯૭૩ના પત્રાંક ૬૪૧નો જવાબ હજુ સુધી યુનિવર્સિટીઓ મને કેમ આપ્યો નથી?

ઉત્તર ૬૯ : આ અંગેની જરૂરી માહિતી ભવનોના અધ્યક્ષો પાસેથી માગવામાં આવી છે, જે હજુ ભવનો તરફથી આવેલી નથી તેથી જવાબ આપવાનું બની શકયું નથી તો ક્ષમા કરશો.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તા. ૧૮--૧૨--૧૯૭૩ના મારા પત્રનો હજુ સુધી જવાબ આપવામાં આવ્યો નથી. તેનું કારણ એવું દર્શાવવામાં આવ્યું છે કે એ અંગેની જરૂરી માહિતી ભવનોના અધ્યક્ષો પાસેથી માંગવામાં આવી છે જે હજી સુધી આવી નથી. તો એક વર્ષ અને ત્રણ માસ સુધી ભવનોમાંથી જવાબ ન આવે તો, યુનિવર્સિટી આ અંગે શું કાર્યવાહી કરવા માંગે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : તમે પોતે તમારા મિત્રો પાસેથી માહિતી મેળવી શકયા હોત.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ અંગે હિસાબ વિભાગ તરફથી કેટલા સ્મૃતિપત્રો લખવામાં આવ્યા છે તેની માહિતી આપશો?

કુલપતિશ્રીનો ઉત્તર : આ બાબતમાં જેટલી જલદીથી માહિતી ભેગી કરી શકાશે તેટલી જલદીથી કરીશું.

પ્રો. હરુભાઈ મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

માહિતી માંગવા છતાં ન આપવામાં આવે તો કોઈ પગલાં ભરવાનું વિચારાયું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી.

પ્રશ્ન ૭૦ : મારા સદરહુ પત્રોનો જવાબ આ પ્રશ્નના જવાબ સાથે આપવા વિનંતી છે.

ઉત્તર ૭૦ : પ્રશ્ન ૬૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૧ : યુનિવર્સિટીના શિક્ષક કર્મચારીઓને અને બિનશિક્ષક કર્મચારીઓને ઘરભાડા ભથ્થું અને લોકલ કૉમ્પેન્સેટરી ભથ્થું એકધોરણે અપાય છે, તેમાં કોઈ ભેદભાવ છે?

ઉત્તર ૭૧ : ના, જી. કોઈ ભેદભાવ નથી.

પ્રશ્ન ૭૨ : યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષક કર્મચારીઓનાં પગારધોરણો તા. ૧–૪–૧૯૬૫થી સુધારવામાં આવ્યાં તેના પર મર્જ્ડ મોંઘવારી ભથ્થું આપવામાં આવતું હતું કે અનમર્જ્ડ?

ઉત્તર ૭૨ : યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષક કર્મચારીઓનાં પગારધોરણો તા. ૧–૪–૧૯૬૫થી સુધારવામાં આવ્યાં તેના પર અંશત: ભેળવેલું (partially merged) મોંઘવારી ભથ્થું આપવામાં આવતું હતું.

પ્રશ્ન ૭૩ : ૧૯૬૬ના વર્ષમાં યુ.જી.સી.એ મોંઘવારી ભથ્થું મર્જ્ડ કરી જે નવાં પગારધોરણો વિદ્યાભવનોના શિક્ષકો માટે મુકરર કર્યાં તેના ઉપર મર્જ્ડ મોંઘવારી ભથ્થું તેમને યુનિવર્સિટી આપતી હતી?

ઉત્તર ૭૩ : તા. ૧–૪–૧૯૬૬થી જે નવાં પગારધોરણો વિદ્યાભવનોના શિક્ષકો માટે મુકરર કર્યાં તેમાં મોંઘવારી ભથ્થું ઉમેરવામાં આવ્યું ન હતું તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે તે પગારધોરણ ઉપર અંશત: ભેળવેલું (partially merged) મોંઘવારી ભથ્થું આપવામાં આવતું હતું. પરંતુ રાજ્ય સરકારના તા. ૧૪–૨–૧૯૭૪ના જી.આર. અન્વયે સ્ટે. ૨૦૪ સુધરતાં તેઓને તા. ૧–૪–૧૯૬૬થી અનમર્જ્ડ મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે.

પ્રશ્ન ૭૪ : તા. ૧--૪--૧૯૭૪થી યુનિવર્સિટીએ પોતાના બિનશિક્ષક કર્મચારીઓ માટે મર્જ્ડ પગાર-ધોરણો સ્વીકાર્યા અને પાછળથી તેનો અમલ તા. ૧--૬--૧૯૬૭થી કર્યો તેના ઉપર યુનિવર્સિટી બિનશિક્ષક કર્મચારીઓને મર્જ્ડ મોંઘવારી ભથ્થું આપે છે કે અનમર્જ્ડ ?

ઉત્તર ૭૪ : યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓને અંશત: ભેળવેલું (partially merged) મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે.

પ્રશ્ન ૭૫ : ૧૯૬૬થી અમલી બનેલ યુ.જી.સી.ના મર્જ્ડ ડી.એ.વાળાં પગારધોરણો ઉપર વિદ્યાભવનોના શિક્ષક કર્મચારીઓને અનમર્જ્ડ ડી.એ. તા. ૧--૪--૧૯૬૬થી આપવાનું યુનિવર્સિટીએ શરૂ કર્યું છે તે વાત સાચી છે ?

ઉત્તર ૭૫ : હા, જી.

પ્રશ્ન ૭૬ : જો "હા", તો એક જ સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ શિક્ષક--બિનશિક્ષક કર્મચારીઓ કે જેમને મોંઘવારી ભથ્થું જીવનધોરણની સમતુલા જાળવવા માટે આપવામાં આવે છે તેમાં એક વર્ગને મર્જ્ડ સ્કેલ ઉપર અનમર્જ્ડ ડી.એ. યુનિવર્સિટી આપે અને બીજા વર્ગને મર્જ્ડ સ્કેલ ઉપર મર્જ્ડ દરે ડી.એ. યુનિવર્સિટી આપે તે નીતિ યુનિવર્સિટીને વાજબી લાગે છે ?

ઉત્તર ૭૬ : ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની તા. ૯-૮-૧૯૭૧ની માગણી ઉપરથી રાજ્ય સરકારની તા. ૨૯-૭-૧૯૭૧ની મંજૂરી પ્રમાણે અંશત: ભેળવેલું (partially merged) મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે તે જોતાં આ નીતિ યુનિવર્સિટીને વાજબી લાગવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૭૭ : યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓને મર્જ્ડ સ્કેલ ઉપર અનમર્જ્ડ ડી.એ. આપવાની માગણી સૌપ્રથમ કઈ તારીખે યુનિવર્સિટી સમક્ષ કરી છે ? અને ત્યાર બાદ યુનિવર્સિટીએ તે માગણી સ્વીકારવા શું કાર્યવાહી હાથ ધરી છે ?

ઉત્તર ૭૭ : ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે તા. ૩—૯—૧૯૭૪ના રોજ સૌપ્રથમ માગણી કરી હતી. રાજ્ય સરકારશ્રીએ આ અંગે બીજા વેતનપંચની નિમણૂક કરી હોવાથી પંચના અહેવાલ પર રાજ્ય સરકારનો નિર્ણય લેવાયેથી તે અંગે વિચારણા કરી શકાશે. તે પહેલાં તે અંગે કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૭૮ : અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પોતાના ચોથા વર્ગના કર્મચારીઓને પોતાનાં સ્ટાફ ક્વાર્ટર્સ રૂ. ૧-૦૦ ટોકન ભાડું લઈને રહેવા આપે છે તેવી કોઈ માહિતી યુનિવર્સિટીને છે ?

ઉત્તર ૭૮ : તેવી માહિતી ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે પૂરી પાડેલી છે.

પ્રશ્ન ૭૯ : અત્યાર સુધી યુનિવર્સિટીના કેટલાક અધિકારીઓને જે સ્કૂટર એલાવન્સો આપવામાં આવ્યાં છે તેમાં વધારા કરવામાં આવ્યા છે તે અંગે જે તે અધિકારીએ યુનિવર્સિટીને અરજી કરી હોય તેમાં કૉર્પોરેશનમાં તેમ થયું છે માટે તેમને મળતા આ પ્રકારના ભથ્થામાં વધારો કરી આપવાની રજૂઆત સદરહુ અરજીમાં કરી છે કે કેમ તે તેમની અરજી ચકાસીને જવાબ આપવા વિનંતી છે.

ઉત્તર ૭૯ : હા, જી.

પ્રશ્ન ૮૦ : અધિકારી વર્ગ માટે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનનો બેઇઝ તેમની માગણી મંજૂર કરવા લેવાય અને નાના કર્મચારીની માગણી મંજૂર કરવા તે બેઇઝ ન લેવાય, આવી બેવડી નીતિ યુનિવર્સિટી અખત્યાર કરવાનું ક્યારે બંધ કરશે ?

ઉત્તર ૮૦ : પ્રત્યેક પ્રસ્તાવ પર તેના ગુણદોષને આધારે યુનિવર્સિટીનાં સત્તામંડળો નિર્ણય લે છે, તેમાં બેવડી નીતિ અખત્યાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૮૧ : સામાન્ય રીતે રાજ્ય સરકારને યુનિવર્સિટી આવી માગણીઓ બાબતમાં અનુસરે છે તે વાત સાચી છે ?

ઉત્તર ૮૧ : ઉપર પ્રશ્ન નં. ૮૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૨ : તો રાજ્ય સરકાર પોતાના કર્મચારીઓને પોતાનું મકાન બાંધવા ૬૦ પગાર લોન તરીકે આપે છે તેમ જણાવી તેવી સવલત યુનિવર્સિટીના કર્મચારીઓને મળે તેવી આજથી ૨ વર્ષ પહેલાં કર્મચારીઓએ કરેલ માગણી ઉપર યુનિવર્સિટીએ આજદિન સુધીમાં શું પગલાં લીધાં છે?

ઉત્તર ૮૨ : આ માગણી જોઈન્ટ કન્સલ્ટેટિવ સમિતિની તા. ૨૭-૧૨-૧૯૭૨ની સભા સમક્ષ મૂકવામાં આવી હતી તેમાં તે બાબતની વિચારણા મોકૂફ રહી હતી. દરમિયાન ગુજરાત યુનિવર્સિટી એક્ટમાં સુધારો થતાં જોઈન્ટ કન્સલ્ટેટિવ સમિતિ સ્ટેચ્યૂટ હેઠળ કરવી આવશ્યક બનેલ હોઈ સંબંધકર્તા સ્ટેચ્યૂટ મંજૂર થતાં કમિટીની ફરીથી રચના થશે ત્યારે આ પ્રસ્તાવ તેની વિચારણા માટે મૂકવામાં આવશે.

પ્રશ્ન ૮૩ : યુનિવર્સિટી કર્મચારીઓને વીમાની જોગવાઈનો લાભ આપતાં સ્ટેચ્યૂટ ૧૯૩-બી અને ગ્રેચ્યુઈટીને લગતા સુધારેલા સ્ટેચ્યૂટ ૧૯૩-એ બાબતમાં મેં યુનિવર્સિટીને લખેલ પત્રાંક ૧૧૯૧, તા. ૨૧-૧૧-૧૯૭૪નો જવાબ આજદિન સુધીમાં મને કેમ નથી આપવામાં આવ્યો ?

ઉત્તર ૮૩ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૧--૧૯૭૫ની સભામાં સ્ટે. ૧૯૩--એ અને સ્ટે. ૧૯૩--બીની બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને પુનર્વિચારણા માટે મોકલી હોવાથી તથા તે બાબતો પરત્વે હજુ આખરી નિર્ણય થયો ન હોવાથી જવાબ આપી શકાયો નથી.

પ્રશ્ન ૮૪ : મારા સદરહુ પત્રનો જવાબ મને આ પ્રશ્નના જવાબમાં વિગતવાર આપવા વિનંતી છે.

ઉત્તર ૮૪ : પ્રશ્ન નં. ૮૩ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૫ : યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં લગભગ ૧૦૦ વર્ષથી ખાલી રહેલી હેલ્પરની બે કાયમી જગ્યાઓ ઉપર ૧૦૦ વર્ષથી રોજિંદા ધોરણે કામ લેવામાં આવતું હતું તે કર્મચારીઓ શ્રી. મનુભાઈ અને શ્રી. રવજીભાઈને ત્યાં કાયમી કરવા બાબતમાં મેં યુનિવર્સિટીને તા. ૧--૧૧--૧૯૭૪ના રોજ લખેલ પત્રાંક ૧૧૭૯ ઉપર શું કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

ઉત્તર ૮૫ : યુનિવર્સિટીનાં ઇલેક્ટ્રિસિટીને લગતાં મેન્ટેનન્સ અંગેનાં કેટલાંક કામો હવે કૉન્ટ્રેક્ટ પદ્ધતિથી કરાવવામાં આવતાં હોવાથી ખાલી પડેલી જગ્યાઓ પૂરવાની હવે જરૂર છે કે કેમ તે પ્રશ્ન તપાસવામાં આવી રહ્યો છે, અને તેથી તે જગ્યાઓ હાલ પૂરવામાં આવી નથી.

પ્રશ્ન ૮૬ : મારા સદરહુ પત્રનો જવાબ હજુ સુધી મને કેમ આપવામાં આવ્યો નથી? આ પ્રશ્નના જવાબમાં તેનો જવાબ આપવા વિનંતી છે.

ઉત્તર ૮૬ : આ બાબતમાં નિર્ણય થયો નહીં હોવાથી જવાબ આપવાનું બની શકયું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૮૭ : યુનિવર્સિટી તરફથી અવારનવાર યોજવામાં આવતા વિવિધ સમારંભોમાં આમંત્રણો પાઠવવાના સંદર્ભમાં નીતિ નક્કી કરવા અંગે મેં લખેલ પત્રાંક ૧૨૫૯, તા. ૨૩--૧૨--૧૯૭૪નો જવાબ મને હજુ સુધી કેમ આપવામાં આવ્યો નથી? મારા સદરહુ પત્રનો જવાબ આ પ્રશ્નના જવાબમાં આપવા વિનંતી છે.

ઉત્તર ૮૭ : પ્રસંગોના મહત્ત્વને અનુલક્ષીને નિમંત્રણો મોકલવાની પ્રથા રાખવામાં આવેલ છે તેમાં ફેરફાર કરવાની જરૂર જણાઈ નથી.

પ્રશ્ન ૮૮ : કઈ કઈ સંલગ્ન કૉલેજોના આચાર્યો/ટ્રસ્ટના સભ્યો વ. બિન-શિક્ષક કર્મચારીઓને કૉલેજ સમયમાં અને ત્યાર બાદ પોતાના અંગત કામ માટે ઘેર અથવા બીજે બોલાવે છે?

ઉત્તર ૮૮ : તેવું બનતું હોવાની કોઈ માહિતી આ કાર્યાલય પાસે નથી.

પ્રશ્ન ૮૯ : (ક) આવા અંગત કામ અંગે કંઈ વધારાનું મહેનતાણું આવા કર્મચારીઓને આપવામાં આવે છે? અને

(ખ) જો આપવામાં આવતું હોય તો કેટલું મહેનતાણું આપવામાં આવે છે?

ઉત્તર ૮૯ (ક) અને (ખ) : ઉપર પ્રશ્ન ૮૮નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભા થતા નથી.

[૨] **આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૯૦ : (ક) ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોઈ કૉલેજને અનુસ્નાતક કક્ષાઓ માટે માન્યતા મેળવવી હોય તો યુનિવર્સિટીને કોઈ વાંધો છે?

ઉત્તર ૯૦ : (ક) યુનિવર્સિટી વિસ્તારમાં અનુસ્નાતક શિક્ષણ માટેની વ્યવસ્થા ગુજરાત યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણ અન્વયે યુનિવર્સિટી પોતે કરી શકે છે અગર તેના વતી કોઈ કૉલેજ દ્વારા તે કરાવી શકે છે, તેથી કોઈ કૉલેજને અનુસ્નાતક કક્ષાએ માન્યતા આપવાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૯૦ : (ખ) જો વાંધો ન હોય તો અનુસ્નાતક તરીકે કૉલેજોને ન ખોલવા દેવામાં શો હેતુ છે?

ઉત્તર ૯૦ : (ખ) ઉપર પ્રશ્ન ૯૦(ક)માં આ પ્રશ્નનો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૧ : (ક) કોઈ પણ આચાર્ય, અધ્યાપક કે કર્મચારીને કૉલેજ મૅનેજમેન્ટ કારણ આપ્યા વગર સસ્પેન્ડ કરી શકે?

ઉત્તર ૯૧ : (ક) (૧) સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગના કર્મચારીઓને સસ્પેન્ડ કરવાની બાબતમાં યુનિવર્સિટીએ કોઈ ધારાધોરણ ઘડેલાં નથી.

(૨) સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની બાબતમાં સસ્પેશન અંગેનો સંબંધકર્તા નિયમ નીચે પ્રમાણે છે :

"(1) If the managment or the Principal of an affiliated College or the Director of a recognised Institution is of

the opinion that the presence or behaviour of a particular employee of his College or Institution, as the case may be, is against the interest of the institutions, he shall immediately suspend such employee from the service."

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આચાર્ય અને બીજા ટીચિંગ સ્ટાફના સભ્યોના સસ્પેન્શન અંગે કોઈ જોગવાઈ નથી. આચાર્ય સસ્પેન્શન ઉપર હોય તો તે વાંધાજનક નથી લાગતું ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સસ્પેન્શનની બાબતમાં કૉલેજોના ટીચિંગ અને નૉન-ટીચિંગ સ્ટાફ અંગે જે હકીકત છે તે ઉપરના ઉત્તરમાં દર્શાવવામાં આવી છે. તેમાં જણાવ્યું છે કે નૉન-ટીચિંગ સ્ટાફ માટે સસ્પેન્શન અંગે જોગવાઈ છે, જ્યારે ટીચિંગ સ્ટાફ માટે આવી કોઈ જોગવાઈ નથી. ટીચિંગ સ્ટાફને સસ્પેન્ડ કરવાના નિયમો કરવાની જરૂર પડશે તો એકિઝકયુટિવ કાઉન્સિલ પાસે તે પ્રશ્ન મૂકવામાં આવશે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આચાર્ય ઓડમિનિસ્ટ્રેશનનું કામ કરે છે તો તેમને નૉન-ટીચિંગમાં ગણી શકાય ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ના, જી. પણ તેમના સસ્પેન્શન અંગેના નિયમો કરવાનું સભાગૃહનું મંતવ્ય હોય તો તે વાત એકિઝકયુટિવ કાઉન્સિલ પાસે પહોંચાડીશું.

પ્રશ્ન ૯૧ : (ખ) જો હા, તો એની સામે ચાર્જશીટ મૂકવા માટે કોઈ સમયમર્યાદા છે ?

ઉત્તર ૯૧ : (ખ) (૧) સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગના કર્મચારીઓની બાબત અંગે ઉપર ઉત્તર ૯૧(ક)(૧) જોવા વિનંતી છે.

(૨) સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની બાબતમાં એવી કોઈ સમયમર્યાદા નિયત થયેલી નથી.

પ્રશ્ન ૯૧ : (ગ) સસ્પેશન દરમિયાન તે વ્યકિતને કેટલો પગાર મળવો જોઈએ ?

ઉત્તર ૯૧ : (ગ) (૧) સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગના કર્મચારીઓ માટે ઉપર ઉત્તર ૯૧ (ક) (૧) જોવા વિનંતી છે.

(૨) સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે આ અંગે સંબંધકર્તા નિયમો નીચે પ્રમાણે છે :

"VII (4) (*a*) During the first twelve months of the period of suspension, the suspended employee shall be entitled to receive 50% of the basic salary plus allowances taken together other than personal allowance, if any.

(*b*) Where the period of suspension exceeds 12 months, the management shall be competent to vary the suspension allowance as follows :

(*i*) The amount of suspension allowance may be increased by the Management for the period of 12 months, by a suitable amount, not exceeding 50 % of the suspension allowance paid during the period of the first 12 months, if the period of suspension has been prolonged for reason not directly attributed to the suspended employee.

(*ii*) The amount of the suspension allowance may be reduced by the management for the remaining period subsequent to the period of 12 months, by a suitable amount, not exceeding 50% of the suspension allowance paid during the period of the first 12 months, if the period of suspension has been prolonged due to reasons directly attributable to the suspended employee.

(*iii*) The decision of the Management to vary the amount under sub-clauses (*i*) and (*ii*) shall be final and binding, and no appeal shall be entertained against it.''

પ્રશ્ન ૯૨ : (ક) અત્યાર સુધી કેટલા આચાર્યો આ રીતે સસ્પેન્ડ થયા છે ?

ઉત્તર ૯૨ : (ક) ઉપલબ્ધ માહિતી પ્રમાણે એક છે.

પ્રશ્ન ૯૨ : (ખ) આ સસ્પેન્ડ થયેલ આચાર્યોને સસ્પેન્ડ કરતાં પહેલાં યુનિવર્સિટીની અનુમતિ લેવાઈ હતી ?

ઉત્તર ૯૨ : (ખ) ના, જી.

[૩] **પ્રા. બી. જી. ચૌધરીએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૯૩ : (ક) યુનિવર્સિટી વિદ્યાભવનોના વિભાગોના વડા યુનિવર્સિટી સાથેનો બધો જ પત્રવ્યવહાર અધ્યક્ષશ્રી મારફતે કરે તેવા કોઈ નિયમ યુનિવર્સિટીએ કર્યો છે?

ઉત્તર ૯૩ : (ક) હા, જી. સામાન્યરીતે આવો પત્રવ્યવહાર જે તે ભવનના અધ્યક્ષશ્રી મારફતે કરવામાં આવે તેમ ઠરાવેલું છે.

પ્રશ્ન ૯૩ : (ખ) જો હા, તો આવો નિયમ જે તે વિભાગની શૈક્ષણિક સ્વાયત્તતા પર કાપ મૂકે છે?

ઉત્તર ૯૩ : (ખ) તે અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૯૩ : (ગ) પ્રત્યેક વિભાગની શૈક્ષણિક સ્વાયત્તતા જળવાય તે માટે યુનિવર્સિટી એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણ અન્વયે યુનિવર્સિટીએ કોઈ માર્ગદર્શક ઠરાવ કર્યો છે?

ઉત્તર ૯૩ : (ગ) હા, જી.

પ્રશ્ન ૯૩ : (ઘ) જો હા, તો કયો?

ઉત્તર ૯૩ : (ઘ) સિન્ડિકેટની તા. ૨૩--૯--૧૯૭૨ની સભાના ક્રમાંક ૭ના ઠરાવનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

"સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(ક) એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણો મંજૂર કરવી અને તેનો હાલ પ્રયોગાત્મક ધોરણે એક વર્ષ માટે અમલ કરવો અને તે પછી તેનું પુનરવલોકન કરવાનું રાખવું :

(૧) અનુસ્નાતક ભવનોની હાલની વ્યવસ્થામાં નીચે પ્રમાણેનું સ્વાયત્તતાનું તત્ત્વ દાખલ કરવું :

(૨) સ્વાયત્તતા ત્રણ સ્તરે આપવી ઘટે :

(અ) યુનિવર્સિટી વહીવટી તંત્ર અને ભવનો વચ્ચે,

(આ) ભવન અને વિષય-વિભાગ વચ્ચે, અને

(ઇ) વિષય-વિભાગમાંના અંતર્ગત વ્યવહારમાં.

(૩) ભવનના અધ્યક્ષ ભવનમાં સમાવિષ્ટ વિષય-વિભાગોના વડાઓની બનેલી સંયોજન સમિતિ સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે. એ જ રીતે વિષય-વિભાગના વડા એમના વિષયના બધા અધ્યાપકોની બનેલી સંયોજન સમિતિની સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે.

(૩--આ) આ બન્ને પ્રકારની સલાહકાર સમિતિઓ વિદ્યાકીય વર્ષ દરમિયાન ઓછામાં ઓછું દર મહિને એક વાર મળે.

(૪) રિસર્ચ આસિ.ની નિમણૂક જે તે વિષય-વિભાગના વડા અને તેમના સાથે પ્રોફેસરો, રીડરો, વ્યાખ્યાતાઓની કે એઓમાંથી નિમાયેલી પસંદગી સમિતિ કરે. જ્યારે સંશોધનકાર્ય કોઈ એક નિયત અધ્યાપકના માર્ગદર્શન હેઠળ ચાલતું હોય ત્યારે એ સંશોધન-કાર્યમાં ઉપયોગમાં લેવા માટે રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક બાબતમાં સદર અધ્યાપકની પસંદગી નિર્ણાયક ગણવી.

(૫) વિષય-વિભાગનાં અંદાજપત્ર તૈયાર કરવાનું કામ વિષય-વિભાગના વડા એ વિષયની સંયોજન સમિતિની સહાયથી કરશે.

(૬) ભવનોને વધારે કાર્યક્ષમ બનાવવા તથા અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિને વધારે ઉપકારક બનાવવાના હેતુથી સ્વાયત્તતાની ઉપર્યુક્ત જોગવાઈ ભો સૂચવવામાં આવી છે. પ્રત્યેક ભવનમાં અને પ્રત્યેક વિષય-વિભાગમાં કેવળ અનુસ્નાતક વર્ગોના શિક્ષણ આગળ જ સંપર્ક કાર્ય સમાપ્ત થવું ન ઘટે, પણ શિક્ષણ ઉપરાંત સંશોધન ઉપર ભાર મુકાવો ઘટે. પ્રત્યેક વિષય-વિભાગના અધ્યાપકો અને રિસર્ચ આસિસ્ટન્ટોના મતોને સમસ્ત વિભાગે હાથ ધરવા જેવો કોઈ સંશોધન વિષય હાથ ધરે અને તે ઉપરાંત પોતાના વિષયની જે શાખામાં અધ્યાપકને વિશેષ રસ હોય તેમાં સુધ્ધાં, જો વ્યક્તિગત સંશોધનકાર્ય હાથ ધરે. ખરેખર તો આ હેતુ સિદ્ધ કરવા માટે જ ભવનોની તંત્રરચનામાં વધુ સ્વાયત્તતા અને વધુ કાર્યક્ષમતા આણવાની હિમાયત કરેલી છે.

(નોંધ.—સમિતિની ભલામણ ક્રમાંક ૪ પરની વિચારણા એકેડેમિક કાઉન્સિલે મોકૂફ રાખી છે.)"

પ્રશ્ન ૯૩ : (૫) આ કાર્યનું સત્વર અમલ કરવા માટે યુનિવર્સિટીએ ઘટતાં પગલાં લીધાં છે?

ઉત્તર ૯૩ : (૫) તમામ વિભાગોને આ બાબતમાં પરિપત્ર મોકલવામાં આવ્યો છે.

પ્રશ્ન ૯૩ : (છ) હા, તો ક્યાં?

ઉત્તર ૯૩ : (છ) ઉપર પ્રશ્ન ૯૩ (૫)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૪ : (ક) યુનિવર્સિટીના જે તે વિષયના વિભાગના વડા તરફથી યુનિવર્સિટી તરફ મોકલવામાં આવતાં સૂચનો, પત્રવ્યવહાર વગેરે ભવનના અધ્યક્ષશ્રીઓ યુનિવર્સિટીને ફોરવર્ડ કરવામાં આનાકાની કરી રોકે એવું યુનિવર્સિટીની જાણમાં છે?

ઉત્તર ૯૪ : (ક) આવી કોઈ નોંધણી આ કાર્યાલય પાસે નથી.

પ્રશ્ન ૯૪ : (ખ) જો ના, તો આવી અડચણો દૂર કરવા માટે યુનિવર્સિટીએ શું પગલાં લીધાં છે?

ઉત્તર ૯૪ : (ખ) પ્રશ્ન ૯૪ (ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૯૫ : (ક) સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના પક્ષપાતી વલણ અંગે અને હાલની સ્કૂલ પ્રથાની નાકામયાબી અંગે સમાજવિદ્યા ભવનના કોઈ અધ્યાપક કે અધ્યાપકો તરફથી યુનિવર્સિટી કે વાઈસ-ચાન્સેલર સમક્ષ રૂબરૂમાં કે લેખિત રજૂઆત કરવામાં આવી છે?

ઉત્તર ૯૫ : (ક) હા, જી.

પ્રશ્ન ૯૫ : (ખ) જો હા, તો કોના તરફથી?

ઉત્તર ૯૫ : (ખ) અર્થશાસ્ત્ર વિભાગના વડા પ્રો. એમ. પી. ભટ્ટ તરફથી.

પ્રશ્ન ૯૫ : (ગ) અને તે અંગે યુનિવર્સિટીએ લીધેલાં પગલાં જણાવશો?

ઉત્તર ૯૫ : (ગ) આ અંગે અધ્યક્ષશ્રીને ઘટતાં સલાહસૂચનો આપવામાં આવ્યાં છે.

પ્રશ્ન ૯૬ : (ક) સમાજવિદ્યા ભવનમાં કેટલા સ્ટેનોગ્રાફર કામ કરે છે?

ઉત્તર ૯૬ : (ક) બે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એક સ્ટેનોગ્રાફર ડિરેક્ટર માટે રાખવામાં આવે છે તો આફિસનું એટલું બધું કામ રહે છે કે શિક્ષકોના કામ માટે તે ઉપલબ્ધ ન થઈ શકે? ડિરેક્ટરને એટલું બધું કામ હોય છે કે એક સ્ટેનોગ્રાફરની જરૂર પડે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે પ્રત્યેક ભવનમાં એકેક સ્ટેનોગ્રાફર છે, પરંતુ સમાજવિદ્યા ભવનમાં કામ ઘણું વધારે રહેતું હોવાથી પહેલાંના ડિરેક્ટરની માગણી ઉપરથી વધુ એક સ્ટેનોગ્રાફરની જગ્યા તે ભવનમાં આપવામાં આવેલી છે, જેથી તેના ટીચિંગ સ્ટાફને પણ સ્ટેનોગ્રાફરની સેવા ઉપલબ્ધ થઈ શકે. પહેલા સ્ટેનોગ્રાફરને ભવનનું કામ કરતાં ફાજલ સમય મળે તો તેમની સેવાઓ પણ ટીચિંગ સ્ટાફને ઉપલબ્ધ કરવા માટે કુલપતિશ્રીએ અધ્યક્ષશ્રીને જણાવ્યું છે.

પ્રશ્ન ૯૬ : (ખ) સમાજવિદ્યા ભવનમાં હાલ બે સ્ટેનોગ્રાફર કામ કરે છે તે સાચું છે?

ઉત્તર ૯૬ : (ખ) હા, જી.

પ્રશ્ન ૯૬ : (ગ) જો જવાબ હા હોય તો બંને સ્ટેનોગ્રાફરની સેવાઓ સમાજવિદ્યા ભવનના બધા જ અધ્યાપકોને કોઈ પણ જાતના ભેદભાવ વગર ઉપલબ્ધ કરવામાં આવે છે?

ઉત્તર ૯૬ : (ગ) સમાજવિદ્યા ભવનની શરૂઆતથી (૧૯૭૪થી) એક સ્ટેનોગ્રાફર અધ્યક્ષશ્રીની સાથે કામ કરે છે. બીજા સ્ટેનોગ્રાફર અન્ય અધ્યાપકોનું કામ કરે છે.

પ્રશ્ન ૯૬ : (ઘ) જો તેમની સેવાઓ બધા જ અધ્યાપકોને સમાન ધોરણે આપવામાં આવતી ન હોય તો શા માટે?

ઉત્તર ૯૬ : (ઘ) પ્રશ્ન ૯૬ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૬ : (ચ) સમાજવિદ્યા ભવનના બધા જ સ્ટેનોગ્રાફરની સેવા બધા જ અધ્યાપકોને જરૂર પડે ત્યારે મળી શકે એ માટે ઘટતા પ્રબંધ કરવા સમાજવિદ્યા ભવનના કોઈ પણ અધ્યાપક તરફથી મૌખિક કે લેખિત માગણી કરવામાં આવી હતી?

ઉત્તર ૯૬ : (ચ) હા, જી.

પ્રશ્ન ૯૬ : (છ) જો આવી માગણી કરવામાં આવી હોય તો યુનિવર્સિટીએ આ અંગે અધ્યક્ષશ્રીને કોઈ સૂચના કરી હતી?

ઉત્તર ૯૬ : (છ) અધ્યક્ષશ્રીને કુલપતિશ્રીએ તા. ૧--૬--૧૯૭૩ના રોજ ઘટતો પત્ર લખ્યો હતો.

ભવનના કામકાજને બાધ ન આવે તે રીતે સ્ટેનોગ્રાફરની મદદ અન્ય અધ્યાપકોને જરૂર તેમ જ સગવડ પ્રમાણે ઉપલબ્ધ થાય તેવી શ્રદ્ધા તેમાં વ્યકત કરેલ છે.

પ્રશ્ન ૯૬ : (જ) તે સૂચનનો અમલ થયો છે?

ઉત્તર ૯૬ : (જ) અધ્યાપકો માટે ૧૯૬૮ સુધી અધ્યક્ષ સાથે કામ કરતા સ્ટેનોગ્રાફરની સેવાઓ અન્ય કોઈને બિલકુલ ઉપલબ્ધ થતી ન હતી. હાલ જ્યારે ઓફિસમાં કામ કરતા સ્ટેનોગ્રાફર ગેરહાજર હોય અને જ્યારે અધ્યક્ષશ્રીનું કામ કરતા સ્ટેનોગ્રાફર કામમાં ન હોય ત્યારે તે અધ્યાપકોનું કામ કરે છે. તદુપરાંત જ્યારે અધ્યક્ષશ્રી બહારગામ હોય અને તેમણે સ્ટેનોગ્રાફરને ખાસ કામ સોંપ્યું ન હોય ત્યારે અધ્યક્ષશ્રીની જગ્યાએ ઓફિશિયેટ કરતા સીનિયર પ્રોફેસરના કહેવા અનુસાર સ્ટેનોગ્રાફર કામ કરે છે.

પ્રશ્ન ૯૬ : (ઝ) શું સૂચના કરી હતી ?

ઉત્તર ૯૬ : (ઝ) પ્રશ્ન ૯૬ (છ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૬ : (ટ) ક્યારે ?

ઉત્તર ૯૬ : (ટ) પ્રશ્ન ૯૬ (છ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૬ : (ઠ) તે સૂચનોનો અમલ થયો છે ?

ઉત્તર ૯૬ : (ઠ) પ્રશ્ન નં. ૯૬ (૭)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૬ : (ડ) લાગુ નો, શા માટે ?

ઉત્તર ૯૬ : (ડ) પ્રશ્ન ૯૬ (૭)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૯૬ : (ઢ) યુનિવર્સિટી આ બાબતમાં શું પગલાં લેવા માગે છે ?

ઉત્તર ૯૬ : (ઢ) આ બાબતમાં કોઈ પગલાં લેવાનો પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૯૭ : (ક) ખંભાતની જુદી જુદી કૉલેજોમાં કાયમી પ્રિન્સિપાલ કઈ કઈ સંસ્થામાં છે ?

ઉત્તર ૯૭ : (ક) નીચે પ્રશ્ન ૯૭ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૭ : (ખ) કામચલાઉ પ્રિન્સિપાલ ક્યારથી અને કઈ કઈ સંસ્થામાં છે ?

ઉત્તર ૯૭ : (ખ) (૧) બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તા. ૧૧--૬--૧૯૭૪થી એક વર્ષ માટે કાર્યકારી આચાર્ય હતા તેમ કૉલેજે જણાવ્યું છે.

(૨) બી. સી. જે. સાયન્સ કૉલેજમાં કાર્યકારી આચાર્ય તરીકે શ્રી. સી. એચ. પ્રજાપતિ, તા. ૧૮--૧૧--૧૯૭૪ પછી કામ કરે છે તેમ કૉલેજે જણાવ્યું છે. જ્યારે સદરહુ માહિતી માટે ખંભાતની અન્ય કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ તે કૉલેજો તરફથી કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૯૮ : (ક) ખંભાતની સૌ કૉલેજના પ્રિન્સિપાલનું ક્વૉલિફિકેશન યુનિવર્સિટીના નિયમો અનુસાર નથી તે વાત સાચી ?

ઉત્તર ૯૮ : (ક) હા, જી.

પ્રશ્ન ૯૮ : (ખ) શું એ વાત સાચી છે કે કૉલેજના મંત્રીશ્રીના તેઓ ખૂબ જ નજીકના સગા હોવાથી સૌ કૉલેજમાં તેમની નિમણૂક થઈ છે ?

ઉત્તર ૯૮ : (ખ) પ્રશ્નમાં કૉલેજના સંચાલક મંડળના મંત્રી અભિપ્રેત હશે એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે આચાર્યશ્રીના તેમની સાથેના સગપણ અંગે કે સગપણને કારણે તેઓ નિમાયા હોવાની બાબતમાં આ કાર્યાલય પાસે કશી માહિતી નથી.

પ્રશ્ન ૯૮ : (ગ) લાયકાત વગરના માણસની નિમણૂક થાય અને યુનિવર્સિટીની જાણમાં હોય છતાં કૉલેજના પ્રિન્સિપાલ તરીકે કોઈ પણ વ્યકિત ચાલુ રહી શકે ખરી ?

ઉત્તર ૯૮ : (ગ) સંલગ્ન કૉલેજોમાં કોઈ પણ જગ્યા માટે નિયત કરવામાં આવેલી ઓછામાં ઓછી લાયકાત ન ધરાવતી વ્યકિતની નિમણૂક સામાન્ય રીતે માન્ય કરવામાં આવતી નથી—સિવાય કે વિશિષ્ટ સંજોગોને કારણે કોઈ નિમણૂક અમુક સમય માટે ગ્રાહ્ય રાખવામાં આવી હોય.

પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કેસમાં કેટલી deficiency હતી જે આપણે condone કરી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે માહિતી કઢાવવી પડે.

પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એકમાં ઓછી deficiency હોવા છતાં અમુક સમય માટે ગ્રાહ્ય રાખવામાં આવે છે, જ્યારે બીજામાં વધુ deficiency હોવા છતાં અમર્યાદિત સમય સુધી ગ્રાહ્ય રાખવામાં આવે છે, તો શું. દેસાઈ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય હોવાને કારણે તેમ બન્યું છે?

શ્રી. કુલસચિવનો ઉત્તર : ના, જી.

પ્રશ્ન ૯૮ : (ધ) જો ના, તો કયા કારણસર ખંભાતની લૉ કૉલેજમાં પ્રિન્સિપાલ ચાલુ રહ્યા છે?

ઉત્તર ૯૮ : (ધ) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૧૨-૧૯૭૪ની સભામાં લૉ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રીની નિમણૂક ખાસ કેસ તરીકે ૧૪મી જૂન ૧૯૭૫ સુધી ગ્રાહ્ય ગણી છે.

પ્રશ્ન ૯૯ : ખંભાતની ફાર્મસી કૉલેજમાં કેટલા મહિનાનો પગાર શૈક્ષણિક કર્મચારીઓને મળ્યો નથી?

ઉત્તર ૯૯ : જુલાઈ ૧૯૭૪થી શૈક્ષણિક કર્મચારીઓને પગાર મળતા નથી તેમ એક તપાસસમિતિના રિપોર્ટ પરથી માલૂમ પડ્યું છે.

પ્રા. મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

નવ મહિના સુધી પગાર મળ્યો ન હોય, માંદી માહિતી પ્રમાણે દશ દિવસ પહેલાં ત્રણ મહિનાનો પગાર પહેલા ઇન્સ્ટોલમેન્ટમાંથી ચૂકવાયો છે અને બીજા ઇન્સ્ટોલમેન્ટમાંથી બાકીના છ મહિનાનો ચૂકવાશે, તો પ્રશ્નોત્તરીમાં એ કેમ જણાવ્યું નથી?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે, આ પ્રશ્નોના ઉત્તરોનો મુસદ્દો તૈયાર થયો ત્યારે ચુકવણી અંગે જે પરિસ્થિતિ હતી તે દર્શાવવામાં આવી છે. તે અંગે જે માહિતી આ કાર્યાલય પાસે હતી તે મુજબ જવાબ આપવામાં આવેલો છે.

કુલપતિશ્રીનો ઉત્તર : ફાર્મસી કૉલેજના વિદ્યાર્થીઓનું હિત લક્ષમાં લઈને તેમનું વર્ષ ન બગડે તે માટે સરકારશ્રીએ રૂ. ૨૧,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરેલી છે.

આચાર્યશ્રી શ્રી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પાંચ કૉલેજોનું સંકુલ છે તો ફાઇનેન્સિયલ મેટર્સની તપાસ કરવી નહિ જોઈએ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આ માટે સ્થાનિક તપાસસમિતિ એકથી વધુ વખત મુલાકાતે ગઈ છે, અને તે જોઈ શકે છે કે આ કૉલેજ પગાર ચૂકવી શકે તેમ નથી અને આ મંડળની સમગ્ર તથા આર્થિક સ્થિતિનો પ્રશ્ન વધુ ઊંડી તપાસ માંગે છે, તેથી વધુ માહિતી લાવ આપી શકાય તેમ નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : અમે આ બધાને પગાર ચૂકવાય તે માટે પ્રયત્નો કરી રહ્યા છીએ. વધુમાં આ કૉલેજમાં ડિગ્રી અભ્યાસક્રમમાં છેલ્લા વર્ષમાં વિદ્યાર્થીઓને દાખલ નહીં કરવા તેમ પણ કરાવ થયો છે એટલે આ વર્ષ પૂરતો જ આ વિદ્યાર્થીઓનો પ્રશ્ન છે.

વધુમાં કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું કે ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશને આ કૉલેજને મંજૂરી આપી નથી. દરમિયાન ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશન અને સ્ટેટ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટે વડોદરા અને બીજી કૉલેજ માટે મંજૂરી આપેલી છે. તે પહેલાં આ કૉલેજને કાઉન્સિલ પાસેથી મંજૂરી મળેલી નથી, અને તેથી પણ તેને ગ્રાન્ટ મળી ન હોય એ સંભવિત છે.

પ્રશ્ન ૧૦૦ : (ક) ખંભાતની આર્ટ્સ કૉલેજ નફો કરે છે તે વાત સાચી?

ઉત્તર ૧૦૦ : (ક) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૦૦ : (ખ) કૉલેજની ટ્યૂશન ફીની આવક કૉલેજના શૈક્ષણિક ખર્ચ કરતાં વધુ છે?

ઉત્તર ૧૦૦ : (ખ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૦૦ : (ગ) હા, તો શા માટે શૈક્ષણિક કર્મચારીઓ છૂટા થયા હોવા છતાં તેમની બાકી લેણી રકમ ચૂકવાતી નથી?

ઉત્તર ૧૦૦ : (ગ) ઉપર પ્રશ્ન ૧૦૦ (ખ)ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૧ : (ક) ખંભાતની જુદી જુદી કૉલેજમાંથી છૂટા થયેલ કર્મચારીઓની કોની કેટલી લેણી રકમ બાકી નીકળે છે?

ઉત્તર ૧૦૧ : (ક) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી. પરંતુ જે શિક્ષકોની ફરિયાદ આવી છે તેના સંદર્ભમાં કાર્યાલય પાસે જે માહિતી ઉપલબ્ધ છે તે નીચે પ્રમાણે છે :

(૧) શ્રી. બી. કે. શાહ	રૂજરની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
(૨) શ્રી. આર. એમ. શુકલ	,,
(૩) શ્રી. બી. જી. ચૌધરી	,,
(૪) ડૉ. જે. જે. ત્રિવેદી	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત

પ્રશ્ન ૧૦૧ : (ખ) આ બાબતમાં યુનિવર્સિટીની શું જવાબદારી ગણાય?

ઉત્તર ૧૦૧ : (ખ) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બાકી નીકળતી લેણી રકમ જે તે વ્યક્તિને કૉલેજ તરફથી ચૂકવાય તેમાં મદદરૂપ થવાની.

પ્રશ્ન ૧૦૨ : ખંભાતની ફાર્મસી કૉલેજ શરૂ થયા પછી છૂટા થયેલ અધ્યાપકોનાં નામ જણાવશો ખરા?

ઉત્તર ૧૦૨ : કૉલેજે તેના તા. ૧૮-૩-૧૯૭૫ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"ખંભાતની ફાર્મસી કૉલેજ શરૂ થયા પછી છૂટા થયેલા અધ્યાપકોનાં નામ નીચે પ્રમાણે છે :

(૧) શ્રી. એમ. કે. ત્રિવેદી	(૭) શ્રી. એમ. એ. પટેલ
(૨) શ્રીમતી બી. એમ. ત્રિવેદી	(૮) કુ. પી એ. પટેલ
(૩) શ્રી. કે. જે. શુકલ	(૯) શ્રી. કે. ટી. ઓઝા
(૪) શ્રી. વી. એમ. પટેલ	(૧૦) શ્રી. સેમ્યુઅલ મેથ્યુઝ
(૫) શ્રી. જે. જે. ગરાસિયા	(૧૧) શ્રી. કે. એમ. કે. પરંજ્યોતિ
(૬) શ્રી. બી. જી. પટેલ	(૧૨) શ્રી. એ. એલ. પાન

(૧૩) શ્રી ટી. કે. શીખ
(૧૪) કુ. એચ. એચ. પરીખ
(૧૫) શ્રી. બી. આર. સુરેન્દ્રન
(૧૬) શ્રી. કે. આઈ. રાવળ
(૧૭) શ્રી. એન. વી. પટેલ
(૧૮) શ્રીમતી જે. એન. પટેલ
(૧૯) શ્રી. વી. એસ. સુબ્રમણ્યમ
(૨૦) કુ. આર. એન. શાહ
(૨૧) શ્રી. એમ. એમ. પટેલ
(૨૨) શ્રી. પી. ડી. પટેલ
(૨૩) શ્રી. વી. ડી. પટેલ
(૨૪) શ્રી. એમ. એન. શાહ

પ્રશ્ન ૧૦૩ : (ક) કોઈ કૉલેજમાંથી અધ્યાપક છૂટો થાય છતાં પ્રૉ. ફંડ લાંબા સમય સુધી ચૂકવાય નહીં તો આ બાબતમાં યુનિવર્સિટી પત્રો લખ્યા સિવાય અને ખુલાસા માંગ્યા સિવાય બીજાં કયાં પગલાં લઈ શકે?

ઉત્તર ૧૦૩ : (ક) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પ્રત્યેક કેસની વિગતો તપાસીને તે મુજબ એક્ઝિકયુટિવ કાઉન્સિલને યોગ્ય લાગે તે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પ્રૉવિડંટ ફન્ડ અંગે મૅનેજમેન્ટ અને યુનિવર્સિટી કેમ ગંભીર બનતી નથી? પ્રો. પી. આર. શાહે જે માહિતી આપી છે તેમાં યુનિવર્સિટીઓ કેમ આગ્રહભર્યાં પગલાં લીધાં નથી? પ્રૉવિડંટ ફન્ડ એ પગાર પૂરતી બચતની બાબત છે. ૧૯૭૩થી ૧૯૭૫ના બે વર્ષના સમય દરમિયાન માહિતી આપી નથી તેની ગંભીર નોંધ લઈ તપાસ કરવી જોઈએ. જે નાણાં કર્મચારીઓના પી.એફ.નાં હતાં તે વહીવટી ખર્ચમાં વપરાયાં છે તો તે વાપરી શકાય ખરાં?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યુનિવર્સિટીએ પોતાના કર્મચારીઓ માટે પ્રૉવિડંટ ફંડ અંગેના નિયમો ઘડેલા છે, અને લગભગ તેવા જ નિયમો કૉલેજોના બિન-શિક્ષકવર્ગના તેમ જ શિક્ષકવર્ગના કર્મચારીઓ માટે પણ ઘડેલા છે. વધુમાં કૉલેજના શિક્ષકવર્ગના પ્રતિનિધિ તેની પ્રૉવિડંટ ફન્ડની સમિતિ ઉપર સભ્ય હોવા જોઈએ એમ પણ યુનિવર્સિટીએ ઠરાવેલું છે. આ નિયમોનું પાલન ન થતું હોય તો અધ્યાપકો / આચાર્યો યુનિવર્સિટીને જણાવી શકે છે. નિયમોના પાલન વિષે યુનિવર્સિટી પ્રયત્નશીલ રહે છે. બાકી એટલું તો સ્પષ્ટ છે કે પ્રૉવિડન્ટ ફંડનાં નાણાંનો બીજો ઉપયોગ ન કરી શકાય.

પ્રા. કડિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

તો એ કયા પ્રકારનો ગુનો કહેવાય? ક્રિમિનલ કહેવાય?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે એ કાયદાની વિગતોનો પ્રશ્ન છે અને હું તેનો જવાબ આપી શકું નહીં.

પ્રશ્ન ૧૦૩ : (ખ) યુનિવર્સિટીની આ બાબતમાં કઈ સત્તાઓ છે?

ઉત્તર ૧૦૩ : (ખ) સંલગ્ન કૉલેજોને નવું કે વધારાનું જોડાણ ન આપવા માટે કે ચાલુ જોડાણ પાછું ખેંચી લેવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવાની કે આર્થિક સહાય પાછી ખેંચવા કે ઘટાડવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવાની.

પ્રશ્ન ૧૦૩ : (ગ) અધ્યાપકોના પ્રૉ. ફંડનાં નાણાંના રક્ષણ માટે યુનિવર્સિટી પાસે કોઈ સત્તા છે?

ઉત્તર ૧૦૩ : (ગ) સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓની સેવાની શરતો નિયત કરવાની સત્તા યુનિવર્સિટી પાસે છે, અને તે અન્વયે તેમના પ્રૉવિડંટ ફંડ અંગેના જે નિયમો કર્યા છે તેમાં નિયમ નં. ૭ નીચે મુજબ છે :

"(7) The monies of the fund not immediately required for the purpose of the fund shall be invested by the trustees in their joint names in (*i*) securities of the nature specified in clause (1) (*a*), (*b*), (*c*), (*d*) or (*e*) of section 20 of the Indian Trusts, Act, 1882 and payable both in respect of capital and of interest in India, or (*ii*) in time deposits of scheduled banks."

પ્રશ્ન ૧૦૩ : (ઘ) જો હા, તો યુનિવર્સિટીએ સત્તાનો ઉપયોગ કયાંય કર્યો છે?

ઉત્તર ૧૦૩ : (ઘ) ઉપર પ્રશ્ન નં. ૧૦૩ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૩ : (ચ) જો ના, તો કયા કારણસર?

ઉત્તર ૧૦૩ : (ચ) ઉપર પ્રશ્ન નં. ૧૦૩ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

[૪] **પ્રા. ચિમનલાલ એમ.** શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૦૪ : (ક) સરકાર દ્વારા જાહેર થયેલા મોંઘવારી ભથ્થાનો અમલ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી કૉલેજોએ કર્યો નથી?

ઉત્તર ૧૦૪ : (ક) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૪ : (ખ) તેનો અમલ કેમ કરવામાં આવ્યો નથી?

ઉત્તર ૧૦૪ : (ખ) ઉત્તર ૧૦૪ (ક)નું પરિશિષ્ટ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૪ : (ગ) તેના અનુસંધાનમાં ગુજરાત યુનિવર્સિટી કોર્ટના કોઈ સભ્યશ્રીઓ ગુજરાત યુનિવર્સિટીને જાણ કરી છે?

ઉત્તર ૧૦૪ : (ગ) હા, જી.

પ્રશ્ન ૧૦૪ : (ઘ) તે દિશામાં યુનિવર્સિટીએ શું પગલું ભર્યું?

ઉત્તર ૧૦૪ : (ઘ) સંબંધકર્તા કૉલેજોને વખતોવખત પત્રો લખીને ચુકવણી ત્વરિત થાય તે જોવા માટે જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૦૪ : (ચ) યુનિવર્સિટીએ ડી.ઓ. લેટર લખ્યો હોય અને તેમ છતાં તે અંગે તેનો અમલ કેટલી કૉલેજોએ કર્યો નથી?

ઉત્તર ૧૦૪ : (ચ) ઉપર પ્રશ્ન ૧૦૪ (ક)ના ઉત્તરમાં આપેલ પરિશિષ્ટ જોવા વિનંતી છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૩૩ કૉલેજોએ મોંઘવારી ભથ્થું ચૂકવ્યું નથી તે માટે યુનિવર્સિટીએ શું પગલાં લીધાં છે? ડી.ઓ. પત્ર લખવા છતાં પણ કૉલેજો તરફથી જવાબ આપવામાં આવતા નથી તે બરાબર છે?

કુલપતિશ્રીનો ઉત્તર : તેઓ મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવે તે માટે પ્રયત્ન ચાલુ છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કેટલીક કૉલેજોને આર્થિક મુશ્કેલી હોવાથી રકમ ન ચૂકવાઈ હોય તેવું પણ બને છે. કૉલેજોની ગ્રાન્ટ અંગેની સમિતિ નિમાઈ છે તો ભવિષ્યમાં કૉલેજોની આર્થિક મુશ્કેલીઓ હળવી થશે એમ આશા રાખીએ.

પ્રશ્ન ૧૦૪ : (છ) યુનિવર્સિટી હવે તે દિશામાં કેવું સંગીન પગલું ભરનાર છે?

ઉત્તર ૧૦૪ : (છ) આ બાબતમાં કયાં પગલાં લેવાં તે અંગેની વિચારણા એકિઝકયુટિવ કાઉન્સિલ કરી શકે છે.

પ્રશ્ન ૧૦૪ : (જ) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી કૉલેજો તા. ૭મી સુધીમાં પગારો આપતી નથી?

ઉત્તર ૧૦૪ : (જ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૪ : (ઝ) શા માટે?

ઉત્તર ૧૦૪ : (ઝ) ઉત્તર ૧૦૪ (જ)નું પરિશિષ્ટ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૪ : (ટ) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી કૉલેજોએ ગ્રેચ્યુઇટી ચૂકવી છે?

ઉત્તર ૧૦૪ : (ટ) તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે સાત કૉલેજોએ ગ્રેચ્યુઇટી ચૂકવી છે.

પ્રશ્ન ૧૦૪ : (ઠ) કઈ કૉલેજોએ હજુ ચૂકવી નથી?

ઉત્તર ૧૦૪ : (ઠ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૪ : (ડ) તો હવે કયારે ચૂકવવામાં આવનાર છે?

ઉત્તર ૧૦૪ : (ડ) ઉત્તર ૧૦૪ (ઠ)નું પરિશિષ્ટ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૫ : (ક) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી કૉલેજોમાંથી માર્ચ ૧૯૭૪માં કેટલા અધ્યાપકોની છટણી થઈ?

અને

પ્રશ્ન ૧૦૫ : (ખ) તેનાં શું કારણો છે?

અને

પ્રશ્ન ૧૦૫ : (ગ) યુનિવર્સિટીએ તે દિશામાં શું પગલાં ભર્યાં?

ઉત્તર ૧૦૫ : (ક), (ખ) અને (ગ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૫ : (ઘ) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી કૉલેજોમાંથી આચાર્યોને ૧૯૭૪--૭૫માં છૂટા કરાયા છે?

ઉત્તર ૧૦૫ : (ઘ) ઉપલબ્ધ માહિતી પ્રમાણે કોઈ આચાર્યને ૧૯૭૪--૭૫ના વર્ષમાં છૂટા કરવામાં આવ્યા નથી.

પ્રશ્ન ૧૦૫ : (ચ) કેટલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે?

ઉત્તર ૧૦૫ : (ચ) આ કાર્યાલયને મળેલ માહિતી મુજબ બે કૉલેજોના આચાર્યશ્રીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તે પૈકી એકનો Suspension order પાછો ખેંચવામાં આવ્યો છે.

ડૉ. મહેન્દ્ર જે. દવેએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કપડવંજ કૉલેજના વિદ્યાર્થીમંડળે જણાવેલું છે કે તેમના છ જણાને સસ્પેન્ડ કર્યા છે અને તે બાબત કોર્ટમાં લઈ ગયા છે તો આપ શું કરવા માંગો છો? આ અંગે કોઈ સમિતિ નીમી તપાસ કરાવો.

કુલપતિશ્રીનો ઉત્તર : અમારી પાસે આ અંગે પૂરતી વિગતો આવશે તો તપાસ કરવાનું વિચારી શકાશે.

પ્રાધ્યાપક હરજીવાઈ મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ અંગે યુનિવર્સિટીએ નિયમો કરવા જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : અમને માહિતી મળશે તો જે યોગ્ય હશે તે કરીશું.

આ તબક્કે શ્રી. સાગર રાયકાએ જણાવ્યું કે તેમના પ્રશ્નોને "પ્રાયોરિટી" આપવી જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : નિયમ મુજબ આમાં પ્રાયોરિટી આપી શકાય તેમ નથી, પરંતુ સભાગૃહ સંમત હોય તો છેલ્લે બેચાર મિનિટ વધુ આપીશું.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોર્ટના 'એજન્ડા'ની બાબતમાં જે વસ્તુ એજન્ડા ઉપર જે ક્રમમાં હોય તે ક્રમમાં જ તે લઈ શકાય.

તે પછી કેટલાક સભ્યોએ સૂચવ્યું કે છેલ્લી ૧૦ મિનિટ તે પ્રશ્નો માટે આપવી.

તે પરથી કુલપતિશ્રીએ જણાવ્યું કે સભાગૃહની અનુમતિ છે તો છેલ્લે ૧૦ મિનિટ તેઓના પ્રશ્નો માટે આપીશું.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોઈ પણ કૉલેજમાં તેના કર્મચારીઓનાં લેણાં નાણાં બાકી રહેતાં હોય તો તેની ચુકવણી કરવી તે આવશ્યક શરત તરીકે તે કૉલેજના જોડાણ માટેની ભવિષ્યની કાર્યવાહીમાં ગણવાનો શિરસ્તો આપણે પાડેલો છે.

આચાર્ય શ્રી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ બાબતમાં સમિતિ નીમી પગલાં લઈએ તો શું ખોટું ?

પ્રાધ્યાપક મંગુભાઈ પટેલે જણાવ્યું કે મારો આગ્રહ છે કે કોર્ટના સભ્યોને આ સમિતિમાં નીમવા જોઈએ.

પ્રશ્ન ૧૦૫ : (છ) તેનાં ખાસ કારણો શું છે?

ઉત્તર ૧૦૫ : (છ) તેના કારણની માહિતી યુનિવર્સિટી પાસે નથી.

પ્રશ્ન ૧૦૫ : (જ) યુનિવર્સિટીએ તે દિશામાં કોઈ કામગીરી બજાવી છે?

ઉત્તર ૧૦૫ : (જ) સંબંધકર્તા કૉલેજના સંચાલક મંડળનાં વકતવ્ય માગવામાં આવ્યાં છે.

પ્રશ્ન ૧૦૫ : (ઝ) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી કૉલેજોમાંથી બિનશૈક્ષણિક કર્મચારીઓની છટણી થઈ છે?

અને

પ્રશ્ન ૧૦૫ : (ટ) શા કારણથી?

ઉત્તર ૧૦૫ : (ઝ) અને (ટ) ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે એક કૉલેજમાંથી એક બિનશૈક્ષણિક કર્મચારીને મુદતી નિમણૂક હોવાથી છૂટા કર્યા છે.

પ્રશ્ન ૧૦૫ : (ઠ) કેટલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે?

ઉત્તર ૧૦૫ : (ઠ) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજના બિનશિક્ષકવર્ગના કર્મચારી શ્રી. રાયમલ પરમારને સસ્પેન્ડ કર્યા અંગેની ફરિયાદ યુનિવર્સિટીને મળી છે.

પ્રશ્ન ૧૦૫ : (ડ) તે દિશામાં યુનિવર્સિટીઓ કોઈ પ્રકારની કાર્યવાહી કરી છે કે?

ઉત્તર ૧૦૫ : (ડ) હા, જી.

પ્રશ્ન ૧૦૫ : (ણ) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલીક કૉલેજોના વિદ્યાર્થીઓના કેસો કાયદાની કોર્ટમાં પડેલા છે?

ઉત્તર ૧૦૫ : (ણ) આ માહિતી ઉપલબ્ધ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૦૫ : (ન) યુનિવર્સિટી પાસે તે અંગે કોઈ કૉલેજે માર્ગદર્શન માંગ્યું છે કે કેમ?

ઉત્તર ૧૦૫ : (ન) ઉપર પ્રશ્ન (ણ)નો ઉત્તર જોતાં આ પ્રશ્નનો જવાબ આપવો શકય નથી.

[૫] પ્રા. મંગળભાઈ એમ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૦૬ : (ક) તા. ૧૩/૧૪/૧૧–૬–૧૯૭૪ની કોર્ટની સભાની કાર્યવાહીની નોંધ પ્રમાણે બી. કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરના અધ્યાપકોને નવાં યુ.જી.સી. પગારધોરણો પ્રમાણે બેઝિક પગાર, ડી.એ., એચ.આર.એ. અને પી.એફ.ના તફાવતની પૂરેપૂરી રકમ ચૂકવી નથી. આ કૉલેજના કયા કયા અધ્યાપકોની કેટલી કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે જણાવશો.

ઉત્તર ૧૦૬ : (ક) કૉલેજે તેના તા. ૬–૩–૧૯૭૫ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"તા. ૧–૪–૧૯૬૬થી અમલી બનેલાં પગારધોરણોની ચુકવણી કરવામાં આવેલ નથી. દરેકને ચૂકવવાના બાકી છે."

પ્રશ્ન ૧૦૬ : (ખ) યુનિવર્સિટીએ આ અંગે એક વર્ષ દરમિયાન કોઈ પગલાં ભર્યાં હોય તો જણાવશો.

ઉત્તર ૧૦૬ : (ખ) સદરહુ બાબત અંગે પત્રવ્યવહાર ચાલુ છે.

પ્રશ્ન ૧૦૭ : યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો કે માન્ય સંસ્થાઓમાંથી જે કૉલેજો કે સંસ્થાઓએ એફિલિયેશન માટેના નિયમોનો અમલ ન કર્યો હોય તેની યાદી આપશો અને કયા કયા નિયમો કે શરતોનું પાલન નથી થયું તે જણાવશો.

ઉત્તર ૧૦૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૮"** જોવા વિનંતી છે.

એક સભ્યે નીચેનો એક પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૯ કૉલેજોએ નિયમોનો ભંગ કરેલો છે, છતાં તેમને "એફિલિયેશન" આપીએ તો તેનો અર્થ શું? યુનિવર્સિટી તેવી કૉલેજો માટે શું પગલાં લેવા માંગે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : જો કોઈ સંસ્થા યુનિવર્સિટીના નિયમોનું પાલન ન કરે તો તે માટે ગ્રાન્ટ અટકાવવી. નવું કે વધારાનું જોડાણ ન આપવું કે ચાલુ જોડાણ પાછું ખેંચવું વગેરે પગલાં લેવા માટે ભલામણ કરવા માટે કાયદામાં જોગવાઈ છે.

પ્રશ્ન ૧૦૮ : (ક) પિલવાઈ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં સર્વિસ કરતા અધ્યાપક શ્રી. ઓ. ઓસ. શાહ, શ્રી. ઓસ. જે. શાહ કરતાં સીનિયર હોવા છતાં પગાર કેમ ઓછા મળે છે?

ઉત્તર ૧૦૮ : (ક) કૉલેજે તેના તા. ૮-૩-૧૯૭૧ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"શ્રી. ઓ. ઓસ. શાહ તેમ જ શ્રી. ઓસ. જે. શાહના પગારો યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧-૧૧-૧૯૭૧ના પરિપત્રાંક સિ. ૬૦૨૬ના પાના નં. ૪ અનુસાર નિયત કરવામાં આવ્યા છે."

વધુમાં જણાવવાનું કે સંલગ્ન કૉલેજોમાં કર્મચારીઓની સીનિયોરિટી અંગે કોઈ નિયમો યુનિવર્સિટીએ ઘડેલા નથી એ સ્પષ્ટતા સાથે ઉમેરવાનું કે સામાન્ય રીતે સીનિયોરિટી નિમણૂકનાં કક્ષા અને જોડાયાની તારીખ પર આધાર રાખે છે; તેથી એક જ કક્ષાના કર્મચારીઓમાં પણ વધુ પગાર મેળવનાર કર્મચારી Senior જ હોય એવું હંમેશાં ન પણ બને.

પ્રશ્ન ૧૦૮ : (ખ) શ્રી. ઓ. ઓસ. શાહે યુનિવર્સિટીમાં ફરિયાદ કરતાં યુનિવર્સિટીએ કોઈ પગલાં લીધાં છે ખરાં?

ઉત્તર ૧૦૮ : (ખ) શ્રી. ઓ. ઓસ. શાહની કોઈ ફરિયાદ આ કાર્યાલયમાં આવી નથી.

પ્રશ્ન ૧૦૯ : (ક) પિલવાઈ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં સર્વિસ કરતા અધ્યાપક શ્રી. જે. સી. મકવાણા ૧૯૬૩ નવેમ્બરથી લેક્ચરર તરીકે છે અને નવા પગારમાં ૧-૪-૧૯૬૬થી મુકાયા બાદ નવું ઇન્ક્રીમેન્ટ નવેમ્બર ૧૯૬૬થી કેમ મળે છે?

ઉત્તર ૧૦૯ : (ક) કૉલેજે તેના તા. ૮-૩-૧૯૭૧ ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

'શ્રી. મકવાણાની અરજી શિક્ષણનિયામકશ્રીને તા. ૯-૧૦-૧૯૭૦ના રોજ મોકલવામાં આવેલી. આ અંગેનો શિક્ષણનિયામકશ્રીનો જવાબ નીચે પ્રમાણે છે :

"જો મજકૂર શિક્ષક તા. ૧-૧૧-૧૯૬૬ના રોજ નોકરીમાં રહેલ હોય તો તેની તા. ૧-૪-૧૯૬૬ના રોજ નોકરીનાં બે વર્ષ પૂરાં થયેલ હશે જેથી તેઓ જે પગાર રૂ. ૩૦૦ તેમ જ ઇન્ક્રીમેન્ટની તારીખ જે હશે તે ચાલુ રહેશે.'"

પ્રશ્ન ૧૦૯ : (ખ) શ્રી. જે. સી. મકવાણાએ આ અંગે યુનિવર્સિટીમાં ફરિયાદ કરતાં યુનિવર્સિટીએ કોઈ પગલાં લીધાં છે ખરાં?

ઉત્તર ૧૦૯ : (ખ) શ્રી. જે. સી. મકવાણાની આ અગાઉ આવી કોઈ ફરિયાદ યુનિવર્સિટી કાર્યાલયમાં આવી નથી.

[૬] પ્રા. ચિમનલાલ એમ. શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૧૦ : (ક) ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં કેટલા બિનશૈક્ષણિક કર્મચારીઓને તેમનાં નવાં પગારધોરણો અપનાવતી વખતે ઈ.બી. ઓળંગવા દેવામાં આવ્યા નથી?

ઉત્તર ૧૧૦ : (ક) તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી અનુસાર એવી એક પણ કૉલેજ નથી જેમાં બિનશૈક્ષણિક કર્મચારીઓને તેમનાં નવાં પગારધોરણો અપનાવતી વખતે ઈ.બી. ઓળંગવા દેવામાં આવ્યા ન હોય.

પ્રશ્ન ૧૧૦ : (ખ) તેનાં શું કારણ છે?

ઉત્તર ૧૧૦ : (ખ) ઉપર પ્રશ્ન ૧૧૦ (ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૧૦ : (ગ) સૂચિત બાબત અંગે યુનિવર્સિટી સમક્ષ કોઈ કર્મચારીની ફરિયાદ આવી છે કે?

ઉત્તર ૧૧૦ : (ગ) ના, જી.

પ્રશ્ન ૧૧૦ : (ઘ) યુનિવર્સિટીએ તે દિશામાં શું પગલું ભર્યું ?

ઉત્તર ૧૧૦ : (ઘ) ઉપર પ્રશ્ન ૧૧૦ (ગ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૧૧ : (ક) સસ્પેન્ડ કરવામાં આવેલા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ કઈ કઈ કૉલેજોના કેટલા છે?

ઉત્તર ૧૧૧ : (ક) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ
(૨)	ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ

પ્રશ્ન ૧૧૧ : (ખ) તેનાં શું કારણ છે?

ઉત્તર ૧૧૧ : (ખ) સદરહુ માહિતી માટે કૉલેજને/સંચાલક મંડળને પૂછવામાં આવ્યું છે, પરંતુ તેમના તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૧૧ : (ગ) યુનિવર્સિટી સમક્ષ તેના અનુસંધાનમાં ન્યાયની માગણી કોણે કોણે કરી છે?

ઉત્તર ૧૧૧ : (ગ) હાલમાં સસ્પેન્ડ કરવામાં આવેલા પૈકી નીચેના શિક્ષક તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ તરફથી/વતી રજૂઆત કરવામાં આવી છે :

(૧) આચાર્ય જી. જે. જોશી, ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ

(૨) શ્રી. રાયમલ પરમાર (બિનશિક્ષકવર્ગના કર્મચારી), આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ

પ્રશ્ન ૧૧૧ : (ઘ) યુનિવર્સિટીએ તેના માટે શું પગલાં ભર્યાં ?

ઉત્તર ૧૧૧ : (ઘ) સંબંધકર્તા સંચાલકમંડળ/કૉલેજનું વકતવ્ય માંગવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૧૧ : (ચ) લવાદી પંચ માટે કેટલા કર્મચારીઓએ માગણી કરી છે?

ઉત્તર ૧૧૧ : (ચ) એક કર્મચારી શ્રી. રાયમલ પરમારે લવાદની માંગણી કરી છે.

પ્રશ્ન ૧૧૧ : (છ) યુનિવર્સિટીએ તેમના માટે લવાદી પંચની નિમણૂક કરી છે કે?

ઉત્તર ૧૧૧ : (છ) ના, જી.

પ્રશ્ન ૧૧૧ : (જ) અને જો લવાદી પંચની નિમણૂક કરવામાં ન આવી હોય તો તેનાં શું કારણો છે?

ઉત્તર ૧૧૧ : (જ) શ્રી. રાયમલ પરમારને સસ્પેન્ડ કર્યા પછી કૉલેજ તરફથી શી કાર્યવાહી થઈ છે તે અંગેની માહિતી આવ્યેથી આ બાબત તપાસી શકાશે.

પ્રશ્ન ૧૧૨ : (ક) ગુજરાત યુનિવર્સિટી પત્રાંક સિ. ૨--૦૨૮૬૧૦--૧૯૭૪ તા. ૧૮--૩--૧૯૭૪ મુજબ તેની સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓનાં નવાં પગારધોરણોનો અમલ કેટલી કૉલેજોએ તા. ૧--૪--૧૯૭૩થી કર્યો નથી?

અને

પ્રશ્ન ૧૧૨ : (ખ) તેનાં શું કારણો છે?

અને

પ્રશ્ન ૧૧૨ : (ગ) તેનો અમલ હવે ક્યારે થનાર છે?

ઉત્તર ૧૧૨ : (ક), (ખ) અને (ગ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૨ : (ઘ) તેના અનુસંધાનમાં યુનિવર્સિટીઓ કેટલા સ્મૃતિપત્રો પાઠવ્યા છે?

ઉત્તર ૧૧૨ : (ઘ) ત્રણ.

પ્રશ્ન ૧૧૨ : (ચ) સ્મૃતિપત્રો જો પાઠવવામાં આવ્યા હોય તો તેનો અમલ કેમ થયો નથી?

ઉત્તર ૧૧૨ : (ચ) સદરહુ માહિતી માટે ઉત્તર ૧૧૨(ક), (ખ) અને (ગ)નું **પરિશિષ્ટ "૧૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૨ : (છ) યુનિવર્સિટી તે દિશામાં આગળની કાર્યવાહી શું કરનાર છે?

ઉત્તર ૧૧૨ : (છ) સદરહુ બાબત એક્ઝિકયુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવામાં આવશે.

પ્રશ્ન ૧૧૩ : (ક) ગુજરાત યુનિવર્સિટીની કેટલીક કૉલેજો—છેલ્લાં ચાર--પાંચ મોંઘવારી ભથ્થાં ચૂકવતાં કાયદાની દૃષ્ટિએ શું સમગ્ર રકમની પચાસ ટકા સરકારમાં જમા કરાવવી પડે કે કેમ?

ઉત્તર ૧૧૩ : (ક) હા, જી. પરંતુ તા. ૬--૭--૧૯૭૪ પછીની ચૂકવવાની રકમના ૫૦ ટકાની રકમ સરકારમાં જમા કરાવવાની રહે છે.

પ્રશ્ન ૧૧૩ : (ખ) યુનિવર્સિટીઓ તે અંગે કોઈ સ્પષ્ટીકરણ કર્યું છે કે કેમ?

ઉત્તર ૧૧૩ : (ખ) આ અંગે રાજ્ય સરકાર તરફથી આવેલ તા. ૩--૧૨--૧૯૭૪નો પત્ર સર્વે સંલગ્ન કૉલેજોના આચાર્યોને મોકલવામાં આવ્યો છે અને તે અનુસાર તા. ૬--૭--૧૯૭૪ પછી આપવાની થાય તે મોંઘવારી ભથ્થા ઈ.ના વધારાની રકમના ૫૦ ટકા રકમ ફરજિયાત બચત હેઠળ કપાત કરવી આવશ્યક છે.

પ્રશ્ન ૧૧૩ : (ગ) સ્પષ્ટીકરણ કરવામાં જો આવ્યું હોય તો તેની ઉપરવટ કોઈ કૉલેજ જાય તો યુનિવર્સિટી શું પગલાં ભરશે?

ઉત્તર ૧૧૩ : (ગ) જો કોઈ ચોક્કસ કેસો યુનિવર્સિટી સમક્ષ રજૂ કરવામાં આવશે તો તે અંગે જરૂરી તપાસ કરીને ઘટતી તજવીજ કરવામાં આવશે.

પ્રશ્ન ૧૧૩ : (ઘ) યુનિવર્સિટીની અસ્પષ્ટતા અને કૉલેજમંડળની મોંઘવારી ચૂકવવાની વિલંબકારી નીતિને લઈને શું અધ્યાપકોને અને કર્મચારીઓને અન્યાય થયો હોય એમ યુનિવર્સિટી માને છે?

ઉત્તર ૧૧૩ : (ઘ) ઉપર પ્રશ્ન ૧૧૩ (ખ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૧૩ : (ચ) હવે યુનિવર્સિટી તેમાંથી કેવો માર્ગ કાઢી શકે?

ઉત્તર ૧૧૩ : (ચ) ઉપર પ્રશ્ન ૧૧૩ (ખ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

[૭] **પ્રા. પી. સી. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૧૪ : (ક) યુનિવર્સિટી પ્રેસમાં ૧૧ દિવસે ૧ દિવસની હક્ક રજા કયા કયા કર્મચારીઓને મળે છે? તે પ્રત્યેક કર્મચારીઓની તા. ૧-૩-૧૯૭૫ના રોજ કેટલી હક્ક રજાઓ જમા છે?

ઉત્તર ૧૧૪ : (ક) સદરહુ વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમ	નામ	હોદ્દો	વિભાગ	તા. ૧-૩-૧૯૭૫ના રોજ બાકી રહેતી કુલ હક રજાઓ
૧.	શ્રી. જે. એમ. પુરોહિત	પ્રેસ-મેનેજર	—	૧૭૪
૨.	શ્રી. ડી. એમ. પંડ્યા	પ્રૂફરીડર	પ્રૂફ વિભાગ	૭૮
૩.	શ્રી. ડી. ડી. પટેલ	પ્રૂફરીડર	પ્રૂફ વિભાગ	૧૪
૪.	શ્રી. કે. ડી. દેસાઈ	પ્રૂફરીડર	પ્રૂફ વિભાગ	૩૩
૫.	શ્રી. બી. કે. પટેલ	જુ. ક્લાર્ક	ઑફિસ	૧૨૯
૬.	શ્રી. એસ. એચ. દેસાઈ	જુ. ક્લાર્ક	ઑફિસ	૬૬
૭.	શ્રી. ડી. ઓ. પટેલ	જુ. ક્લાર્ક	ઑફિસ	૫૭
૮.	શ્રી. બી. આર. ભાવસાર	પ્રૂફરીડર 'બી'	પ્રૂફ વિભાગ	૭૧
૯.	શ્રી. જે. ડી. અમીન	પ્રૂફરીડર 'સી'	પ્રૂફ વિભાગ	૧૩.

પ્રશ્ન ૧૧૪ : (ખ) ઉપર (ક)માં દર્શાવેલ પૈકીનું હક્ક રજાઓ બાકીના કર્મચારીઓને કેમ આપવામાં આવતી નથી?

ઉત્તર ૧૧૪ : (ખ) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને ફેક્ટરીના કાયદા મુજબ હક્ક રજાઓ આપવામાં આવે છે. તેમાં પ્રેસના વહીવટી કાર્યાલયના કર્મચારીઓને તથા પ્રૂફરીડરોને યુનિવર્સિટીના બીજા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના પૈકીનું હક રજાઓ આપવા મંજૂર કરેલું, તે પછી આ રજાઓની બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે:

"૨. ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કાર્યાલયના કર્મચારીઓને તથા પ્રૂફરીડરો અને કોમ્પોઝિટરોને હાલ જે પૈકીનું હક રજાઓ આપવામાં આવે છે તે હાલના કાયમી થયેલા પ્રેસના કર્મચારીઓને તથા પ્રૂફરીડરોને અને કોમ્પોઝિટરોને આપવાનું ચાલુ રાખવું; પરંતુ તે જગ્યાઓ પર હવે પછી નિમાતા કે કાયમ થતા કર્મચારીઓને ફેક્ટરી ઍક્ટ પ્રમાણે જેટલી રજાઓ આપવી આવશ્યક હોય તેટલી હક રજાઓ આપવી." [સિન્ડિકેટ તા. ૬-૭-૧૯૬૯ બાબત ક્રમાંક ૩૩ (૩) (૨) પ્રમાણે].

પ્રશ્ન ૧૧૪ : (ગ) સિન્ડિકેટના ઠરાવ અનુસાર જેમને, ઉપર (ક)માં જણાવેલું પૈકીનું લાગુ પાડવાનું બંધ કરવામાં આવ્યું છે તેવા પ્રેસ-કર્મચારીઓનાં નામ આપવા વિનંતી છે.

ઉત્તર ૧૧૪ : (ગ) સદરહુ વિગત નીચે પ્રમાણે છે:

ક્રમ	નામ	હોદ્દો	વિભાગ
૧.	શ્રી. જે. એમ. પુરોહિત	પ્રેસ-મેનેજર	—
૨.	શ્રી. કે. બી. પંડ્યા	ક્લાર્ક-કમ-ટાઇપિસ્ટ	ઑફિસ
૩.	શ્રી. સી. એસ. પટેલ	પ્રૂફરીડર 'સી'	પ્રૂફવિભાગ

પ્રશ્ન ૧૧૫ : (ક) ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓને તબીબી રાહત કયારથી આપવાનું યુનિવર્સિટીએ શરૂ કર્યું?

ઉત્તર ૧૧૫ : (ક) તા. ૪--૭--૧૯૭૩થી.

પ્રશ્ન ૧૧૬ : (ખ) તબીબી રાહત શરૂ થઈ તે પછી યુનિવર્સિટીએ દરેક વર્ષે (છેલ્લાં પાંચ વર્ષનો) કેટલો ખર્ચો કર્મચારીઓ પાછળ કર્યો?

ઉત્તર ૧૧૬ : (ખ) ઉત્તર ૧૧૬ (ક)માં જણાવ્યા પ્રમાણે તબીબી રાહત યોજના તા. ૪--૭--૧૯૭૩થી શરૂ કરવામાં આવી છે.

આ અંગે તા. ૩૧--૩--૧૯૭૪ સુધીમાં રૂ. ૬,૪૭૯--૬૯ ખર્ચ થયું છે.

પ્રશ્ન ૧૧૭ : (ગ) જે ખર્ચ કરવામાં આવે છે તે સામે યુનિવર્સિટીના કર્મચારીઓના પગારમાંથી કૉન્ટ્રિબ્યુશન લેવાય છે?

ઉત્તર ૧૧૭ : (ગ) ના, જી.

પ્રશ્ન ૧૧૮ : (ઘ) તો તેમની માંદગીની રજાઓમાં કોઈ કાપકૂપ કરેલ છે?

ઉત્તર ૧૧૮ : (ઘ) ના, જી.

પ્રશ્ન ૧૧૯ : (ચ) જો ના, તો શા માટે નહિ?

ઉત્તર ૧૧૯ : (ચ) કાયદાસર રાજ્ય વીમાયોજનાના ઉદાર માંદગીની રજાઓ માટેનું વળતર યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને મળી શકે, જે યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓને મળતું નથી.

પ્રશ્ન ૧૨૬ : (ક) ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં વીમાયોજનાની માગણી કર્મચારીઓ તરફથી કરેલી?

ઉત્તર ૧૨૬ : (ક) ના, જી.

પ્રશ્ન ૧૨૬ : (ખ) જો ના, તો તેનો અમલ શાને કારણે કરવામાં આવ્યો?

ઉત્તર ૧૨૬ : (ખ) કાયદાસર રાજ્ય વીમાયોજનાનો કાયદો યુનિવર્સિટી પ્રેસને લાગુ પડતો હોવાથી.

પ્રશ્ન ૧૨૬ : (ગ) વીમાયોજનાના અમલ પછી કર્મચારીઓને ૭ માંદગીની રજાઓ કેટલાં વર્ષ આપવામાં આવી?

ઉત્તર ૧૨૬ : (ગ) કાયદાસર રાજ્ય વીમાયોજના જે કર્મચારીઓને લાગુ પડે છે તે કર્મચારીઓને માંદગીની રજાઓ ૧૯૬૪થી ૧૯૭૩ સુધી આપવાનું ચાલુ રહ્યું હતું.

પ્રશ્ન ૧૨૬ : (ઘ) તેમાં કયારે કયારે સુધારાઓ કોની માગણીથી કરવામાં આવ્યા?

ઉત્તર ૧૨૬ : (ઘ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે:

(૧) પ્રથમ સુધારો તા. ૬--૭--૧૯૬૭ની સિન્ડિકેટની સભામાં કરવામાં આવ્યો.

(૨) બીજો સુધારો તા. ૬--૯--૧૯૬૯ની સિન્ડિકેટની સભામાં કરવામાં આવ્યો, અને

(૩) ત્રીજો સુધારો તા. ૧૧--૩--૧૯૭૩ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં કરવામાં આવ્યો.

પ્રશ્ન ૧૧૬ : (ચ) યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓને વીમાયોજનામાં આવરી લીધેલા છે તેઓને યુનિવર્સિટી તબીબી રાહતનો લાભ આપવામાં આવે છે?

ઉત્તર ૧૧૬ : (ચ) ના, જી.

પ્રશ્ન ૧૧૬ : (છ) જો ના, તો શા માટે નહિ?

ઉત્તર ૧૧૬ : (છ) તેમને સરકાર તરફથી ચાલતી કામદાર રાજ્ય વીમાયોજના હેઠળ તબીબી રાહત મળતી હોવાથી.

પ્રશ્ન ૧૧૬ : (જ) વીમાયોજનામાં આવરી લીધેલા કર્મચારીઓના પગારમાંથી કૉન્ટ્રિબ્યુશન કાપવામાં આવે છે?

ઉત્તર ૧૧૬ : (જ) હા, જી.

પ્રશ્ન ૧૧૬ : (ઝ) જો હા, તો કેટલું?
(યુનિવર્સિટી તે યોજનામાં પોતાનો ફાળો છેલ્લાં પાંચ વર્ષથી દરેક વર્ષે કેટલો આપે છે?)

ઉત્તર ૧૧૬ : (ઝ) (૧) કામદાર રાજ્ય વીમા-યોજનાના સંદર્ભમાં કર્મચારીઓના પગારમાંથી કાપવામાં આવતા કૉન્ટ્રિબ્યુશન અંગેની વિગત નીચે મુજબ છે:

ક્રમાંક	રોજનું સરેરાશ વેતન	કામદારનો અઠવાડિક ફાળાનો દર રૂ. પૈસા
(૧)	રૂ. ૪--૦૦થી વધુ પણ રૂ. ૬--૦૦થી ઓછું વેતન	૦--૯૫
(૨)	રૂ. ૬--૦૦થી વધુ પણ રૂ. ૮--૦૦થી ઓછું વેતન	૦--૯૫
(૩)	રૂ. ૮--૦૦થી વધુ પણ રૂ. ૧૧--૦૦થી ઓછું વેતન	૧--૨૫
(૪)	રૂ. ૧૧--૦૦થી વધુ વેતન	૧--૭૫

(૨) ગુજરાત યુનિવર્સિટીએ છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કામદાર રાજ્ય વીમા-યોજનામાં આપેલ ફાળાની વિગત :

	વર્ષ	રકમ
(૧)	૧૯૬૯--૭૦	રૂ. ૭,૫૩૦--૨૬
(૨)	૧૯૭૦--૭૧	રૂ. ૧૦,૪૪૨--૭૫
(૩)	૧૯૭૧--૭૨	રૂ. ૧૧,૫૨૮--૨૫
(૪)	૧૯૭૨--૭૩	રૂ. ૧૨,૭૧૧--૦૦
(૫)	૧૯૭૩--૭૪	રૂ. ૧૪,૧૯૨--૫૫

પ્રશ્ન ૧૧૬ : (ટ) જો યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને માંદગીની રજાઓ અને વગર કૉન્ટ્રિબ્યુશને તબીબી સહાય આપી શકાય તો યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓ કૉન્ટ્રિબ્યુશન કપાવીને તબીબી રાહત મેળવે છે તેમને રજાઓ આપવામાં કાર્યાલયને શું બાધકર્તા છે?

ઉત્તર ૧૧૬ : (ટ) કામદાર રાજ્ય વીમા-યોજના હેઠળ પ્રેસ-કર્મચારીઓને માટે માંદગી અંગેની તબીબી સારવાર તેમ જ કાયદેસરની અન્ય સુવિધાઓ અને ગેરહાજરી અંગે નિયમ મુજબનું આર્થિક વળતર મળતું હોય છે.

આ સંજોગોમાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને માંદગીની રજા ચાલુ રાખવાનું યુનિવર્સિટી સત્તામંડળોને જરૂરી જણાતું નથી.

પ્રશ્ન ૧૧૬ : (ઠ) તો તેમની રજાઓ પૂર્વવત્ ચાલુ કરવાનું કયારથી બહુવામાં આવશે?

ઉત્તર ૧૧૬ : (ઠ) એવા કોઈ પ્રસ્તાવ હાલ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૧૧૭ : (ક) માર્ચ ૧૯૭૩માં યુનિવર્સિટીની સિન્ડિકેટે યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓનાં પગાર-ધોરણોનાં સીલિંગ સુધારેલાં?

ઉત્તર ૧૧૭ : (ક) હા, જી. કેટલીક જગ્યાઓ માટે તો પગારધોરણોનાં સીલિંગ સુધારવામાં આવ્યાં હતાં.

પ્રશ્ન ૧૧૭ : (ખ) જો હા, તો તે વખતે યુનિવર્સિટી પ્રેસના જુનિયર કલાર્કોનાં પગારધોરણોનાં સીલિંગ સુધારવાની બાબત કાર્યાલયે સિન્ડિકેટ સમક્ષ મૂકી, પરંતુ તે સાથે પ્રેસના અન્ય કર્મચારીઓનાં પગારધોરણોનાં સીલિંગ સુધારવાની બાબત યુનિવર્સિટી કાર્યાલયે સિન્ડિકેટ સમક્ષ કેમ ન મૂકી?

ઉત્તર ૧૧૭ : (ખ) યુનિવર્સિટીનાં જુનિ. કલાર્કનાં પગારધોરણોનાં સીલિંગ સુધારવામાં આવ્યાં હોવાથી અને આવી જગ્યા પ્રેસમાં પણ હોવાથી તેનાં પગારધોરણ સુધારવામાં આવ્યાં હતાં. સ્પષ્ટતા સાથે જણાવવાનું કે રાજ્ય સરકારના સદરહુ પત્રમાં જે કક્ષાઓનો નિર્દેશ કરવામાં આવ્યો હતો તે કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણોનાં સીલિંગ સુધારવામાં આવ્યાં છે. તેમાં યુનિવર્સિટી કાર્યાલયના તથા યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો તેમનાં પગારધોરણનાં સીલિંગ સુધારવામાં આવ્યાં નહોતાં.

પ્રશ્ન ૧૧૭ : (ગ) રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાની યાદીના આધારે સિન્ડિકેટે માર્ચ ૧૯૭૩માં યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓનાં પગારધોરણોનાં સીલિંગ સુધાર્યાં, પણ યુનિવર્સિટી પ્રેસના જુનિયર કારકુનો સિવાયના કર્મચારીઓનાં પગારધોરણોનાં સીલિંગ સુધારવા અંગે વિચાર સુધ્ધાં પણ ન કર્યો, તો શિક્ષણ--મજૂર ખાતાની યાદીમાં, સદરહુ યાદી યુનિવર્સિટી પ્રેસને લાગુ પડતી નથી એમ જણાવાયું હતું અરું?

ઉત્તર ૧૧૭ : (ગ) રાજ્ય સરકારના પત્રમાં ફકત અમુક જ જગ્યાઓનાં પગારધોરણોનાં સીલિંગ સુધારવા માટેની મંજૂરી આપવામાં આવી હોવાથી તે સિવાયના અન્ય પ્રેસ કર્મચારીઓનાં પગારધોરણનાં સીલિંગ પણ તે સમયે સુધારવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો નહોતો.

પ્રશ્ન ૧૧૭ : (ઘ) જો ના, તો પ્રેસના કર્મચારીઓનાં પગારધોરણોનાં સીલિંગ સુધારવાની બાબત સિન્ડિકેટ સમક્ષ કેમ ન મુકાઈ?

ઉત્તર ૧૧૭ : (ઘ) ઉત્તર ૧૧૭ (ગ) જેવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૭ : (ચ) ઉપર (ક)ના સંદર્ભમાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં સીલિંગ સુધારવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે?

ઉત્તર ૧૧૭ : (ચ) તે અંગેનો ઠરાવ નીચે મુજબ છે:

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને જલાવાય કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના જુનિયર કંપોઝીટરની જગ્યાનું રૂ. ૧૦૪-૫-૧૧૪ ઈ.બી.-૫-૧૭૯ નું પગાર ધોરણ (unmerged) રૂ. ૧૦૪-૪-૧૧૬-૬-૧૬૪-૭-૨૦૬નું કરવાની બાબતમાં સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને આ સુધારેલા પગારધોરણના અમલ રાજ્ય સરકારે નીમેલા વેતનપંચની ભલામણો સ્વીકારવા બાદ કરવો."

[એકિઝકયુટિવ કાઉન્સિલ તા. ૭--૧૨--૧૯૭૪, ૧૨ (૬)]

પ્રશ્ન ૧૧૭ : (છ) આનો વાસ્તવિક અમલ કરવામાં શું બાધક છે?

ઉત્તર ૧૧૭ : (છ) પ્રશ્ન ૧૧૭ (ચ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૮ : (ક) તા. ૧–૬–૧૯૬૭થી યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં પગારધોરણોમાં મોંઘવારી ભથ્થું આંશત: ભેળવવાની ફોર્મ્યુલા બીજા કેસોમાં લાગુ પાડવામાં આવી તે મુજબ મશીનમેન, કંપોઝીટર અને આસિ. બાઈન્ડરના જૂના પગાર રૂ. ૬૦ વત્તા તે વખતનું મોંઘવારી ભથ્થું રૂ. ૧૦૪ = રૂ. ૧૬૪ના પે-પેકેટમાંથી નવું મોંઘવારી ભથ્થું રૂ. ૪૦ બાદ કરતાં નવા મૂળ પગાર રૂ. ૧૨૪ થવો જોઈએ તેને બદલે રૂ. ૧૪૯ કરવામાં આવ્યો છે તે કેવી રીતે તે સમજાવશો?

ઉત્તર ૧૧૮ : (ક) તા. ૧–૪–૧૯૭૧થી પગારધોરણોમાં મોંઘવારી ભથ્થું આંશત: ભેળવવાની ફોર્મ્યુલા મુજબ મશીનમેન, કંપોઝીટર અને આસિ. બાઈન્ડરનો નવા મર્જ્ડ પગારધોરણમાં મૂળ પગાર રૂ. ૧૨૩–૦૦ થવો જોઈએ. આગાઉ કરેલી ગણતરીમાં ભૂલ રહેવા પામી હતી તે સ્વીકારવું જોઈએ.

પ્રશ્ન ૧૧૮ : (ખ) ઉપર ૧૧૮ (ક)માં જણાવેલ થયેલી ભૂલ અંગે સુધારો કરવા માટે સંબંધકર્તા પ્રેસ-કર્મચારીઓને થતા નુકસાન અંગે કોઈ ફરિયાદ આવી છે?

ઉત્તર ૧૧૮ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧૧૮ : (ગ) જો હા, તો કોના તરફથી ક્યારે ફરિયાદ આવી?

ઉત્તર ૧૧૮ : (ગ) પ્રેસના મશીનમેન, સેક્શન હેડ-કમ-કંપોઝીટર્સ તથા આસિ. બાઈન્ડર તરફથી તા. ૧૨–૧૨–૧૯૭૪ના રોજ આવી હતી.

પ્રશ્ન ૧૧૮ : (ઘ) ઉપર ૧૧૮ (ક) અંગે યુનિવર્સિટીની થયેલી ભૂલ સુધારવામાં શું હરકત છે?

ઉત્તર ૧૧૮ : (ઘ) ભૂલ સુધારવામાં કશી હરકત નથી.

પ્રશ્ન ૧૧૯ : (ક) યુનિવર્સિટી પ્રેસના જુનિયર કંપોઝીટર તરીકે સેવા આપતા કર્મચારીઓના સંદર્ભમાં નીચેની માહિતી આપશો :

ક્રમાંક	નામ	દાખલ તારીખ	મૂળ પગાર શરૂનો	આપાયેલા ઈજાફા	કુલ પગારમાં પડતો તફાવત
૧	૨	૩	૪	૫	૬
૧.	શ્રી. એચ. એસ. પટેલ				
૨.	શ્રી. સી. એસ. જૈન				
૩.	શ્રી. જે. કે. પરમાર				
૪.	શ્રી. પી. એચ. પટેલ				
૫.	શ્રી. યુ. એમ. દરબાર				

ઉત્તર ૧૧૯ : (ક) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે:

ક્રમાંક	નામ	દાખલ તારીખ	મૂળ પગાર શરૂઆતનો રૂ.	આપવેલ ઈજાફા	પગારમ તફાવત
૧.	શ્રી. જે. કે. પરમાર	૯--૬--૧૯૫૮	૫૦	—	—
૨.	શ્રી. સી. એસ. જૈન	૯--૫--૧૯૬૦	૫૯	ત્રણ	૯--૦૦
૩.	શ્રી. એચ. એસ. પટેલ	૨૨--૧--૧૯૬૩	૫૩	એક	૩--૦૦
૪.	શ્રી. પી. એચ. પટેલ	૫--૩--૧૯૬૩	૫૦	—	—
૫.	શ્રી. યુ. એમ. દરબાર	૧૯--૨--૧૯૬૪	૫૩	એક	૩--૦૦

નોંધ.—વરણી સમિતિની ભલામણોને અનુલક્ષીને ક્રમાંક ૨, ૩ અને ૪ના કર્મચારીઓને અનુક્રમે ત્રણ, એક તથા એક, એમ વધુ ઈજાફા શરૂઆતથી આપેલ હોવાથી સદરહુ તફાવતની ગણતરી કરાયેલ છે.

પ્રશ્ન ૧૧૯ : (ખ) તા. ૧--૪--૧૯૭૧ના રોજ મર્જર ફોર્મ્યુલા સ્વીકારાતાં ઉપર ૧ (ક)માં બતાવેલ કર્મચારીઓના બેઝિક પગાર કેટલો થયો?

ઉત્તર ૧૧૯ : (ખ) સદરહુ માહિતી નીચે દર્શાવ્યા પ્રમાણે છે:

ક્રમાંક	નામ	તા. ૧--૪--૧૯૭૧ના રોજનો મૂળ પગાર
૧.	શ્રી. જે. કે. પરમાર	રૂ. ૧૭૪--૦૦
૨.	શ્રી. સી. એસ. જૈન	રૂ. ૧૭૯--૦૦
૩.	શ્રી. એચ. એસ. પટેલ	રૂ. ૧૬૪--૦૦
૪.	શ્રી. પી. એચ. પટેલ	રૂ. ૧૫૯--૦૦
૫.	શ્રી. યુ. એમ. દરબાર	રૂ. ૧૫૯--૦૦

નોંધ.—ઉત્તર ૧૧૯ (ક)ની નોંધ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૯ : (ગ) આને અંગે ભથ્થાં સહિત તેઓને કેટલો પગાર મળતો હતો અને દરેક કર્મચારીઓને કુલ પગારમાં તફાવત કેટલો રહેતો હતો?

ઉત્તર ૧૧૯ : (ગ) સદરહુ માહિતી નીચે દર્શાવ્યા પ્રમાણે છે :

ક્રમાંક	નામ	તા. ૧-૪-૧૯૭૧નો અનમર્જ્ડ કુલ પગાર	તા. ૧-૪-૧૯૭૧નો મર્જ્ડ કુલ પગાર	તફાવત
૧.	શ્રી. જે. કે. પરમાર	૨૬૪--૫૦	૨૮૭--૧૫	૨૨--૬૫
૨.	શ્રી. સી. એસ. જૈન	૨૬૮--૧૦	૨૯૪--૨૭	૨૫--૭૭
૩.	શ્રી. એચ. એસ. પટેલ	૨૫૩--૫૦	૨૭૪--૯૦	૨૧--૪૮
૪.	શ્રી. પી. એચ. પટેલ	૨૫૩--૫૦	૨૭૪--૯૦	૨૧--૪૦
૫.	શ્રી. યુ. એમ. દરબાર	૨૫૦--૫૦	૨૬૮--૨૦	૧૭--૭૦

નોંધ.—ઉત્તર ૧૧૯ (ક)ની નોંધમાં જણાવ્યા પ્રમાણે આપવેલ ઈજાફાના તફાવતને અનુરૂપ મૂળ પગાર ઉપરાંત અન્ય ભથ્થાંઓમાં થતા ફેરફારના લીધે કુલ પગારમાં થતો તફાવત અત્રે દર્શાવવામાં આવ્યો છે.

પ્રશ્ન ૧૧૯ : (ઘ) તા. ૧--૭--૧૯૬૭નો મર્જરનો સિદ્ધાંત સ્વીકારાતાં ઉપરના ૧ (ક)માં બતાવેલ કર્મચારીઓનો ૧૯૭૫ના જાન્યુઆરી તથા ફેબ્રુઆરી માસમાં બેઝિક પગાર કેટલો થયો?

ઉત્તર ૧૧૯ : (ઘ) તા. ૧--૭--૧૯૬૭નો મર્જર સિદ્ધાંત સ્વીકારતાં ઉપરના (ક)માં બતાવેલ કર્મચારીઓનો જાન્યુઆરી ૧૯૭૫ તથા ફેબ્રુઆરી ૧૯૭૫નો મૂળ પગાર નીચે મુજબ છે:

ક્રમ	નામ	૧૯૭૫ના જાન્યુઆરીનો મૂળ પગાર	૧૯૭૫ના ફેબ્રુઆરીનો મૂળ પગાર
૧.	શ્રી. જે. કે. પરમાર	રૂ. ૧૯૯--૦૦	રૂ. ૧૯૯--૦૦
૨.	શ્રી. સી. એસ. જૈન	રૂ. ૧૯૯--૦૦	રૂ. ૧૯૯--૦૦
૩.	શ્રી. એચ. એસ. પટેલ	રૂ. ૨૦૭--૦૦	રૂ. ૨૦૭--૦૦
૪.	શ્રી. પી. એચ. પટેલ	રૂ. ૧૯૯--૦૦	રૂ. ૧૯૯--૦૦
૫.	શ્રી. યુ. એમ. દરબાર	રૂ. ૧૯૯--૦૦	રૂ. ૨૦૭--૦૦

પ્રશ્ન ૧૧૯ : (ચ) અને અન્ય ભથ્થાં સહિત તેઓને કેટલો પગાર મળ્યો?

ઉત્તર ૧૧૯ : (ચ) સદરહુ વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમાંક	નામ	જાન્યુઆરી ૧૯૭૫નો કુલ પગાર	ફેબ્રુઆરી ૧૯૭૫નો કુલ પગાર
૧.	શ્રી. જે. કે. પરમાર	રૂ. ૩૯૭--૮૦	રૂ. ૩૯૭--૮૦
૨.	શ્રી. સી. એસ. જૈન	રૂ. ૩૯૭--૮૦	રૂ. ૩૯૭--૮૮
૩.	શ્રી. એચ. એસ. પટેલ	રૂ. ૪૦૭--૪૪	રૂ. ૪૦૭--૪૪
૪.	શ્રી. પી. એચ. પટેલ	રૂ. ૪૦૨--૭૭	રૂ. ૪૦૨--૭૭
૫.	શ્રી. યુ. એમ. દરબાર	રૂ. ૩૯૭--૮૦	રૂ. ૪૦૭--૪૪

પ્રશ્ન ૧૧૯ : (છ) દરેક કર્મચારીઓને કુલ પગારમાં કેટલો તફાવત થયો?

ઉત્તર ૧૧૯ : (છ) સદરહુ વિગત નીચે પ્રમાણે છે :

ક્રમાંક	નામ	જાન્યુઆરી ૧૯૭૫	ફેબ્રુઆરી ૧૯૭૫	તફાવત
૧.	શ્રી. જે. કે. પરમાર	રૂ. ૩૯૭--૮૦	રૂ. ૩૯૭--૮૦	—
૨.	શ્રી. સી. એસ. જૈન	રૂ. ૩૯૭--૮૦	રૂ. ૩૯૭--૮૦	—
૩.	શ્રી. એચ. એસ. પટેલ	રૂ. ૪૦૭--૪૪	રૂ. ૪૦૭--૪૪	—
૪.	શ્રી. પી. એચ. પટેલ	રૂ. ૪૦૨--૭૭	રૂ. ૪૦૨--૭૭	—
૫.	શ્રી. યુ. એમ. દરબાર	રૂ. ૩૯૭--૮૦	રૂ. ૪૦૭--૪૪	૯--૬૪

પ્રશ્ન ૧૧૯ : (જ) તેમાં કંઈ વિસંગતતા થઈ? અને કયાં કારણોસર?

ઉત્તર ૧૧૯ : (જ) પગારવધારાની તારીખને કારણે જુનિયર કર્મચારીનો પગાર સીનિયર કર્મચારી કરતાં વધુ થાય તે વિસંગતિ થઈ હતી.

પ્રશ્ન ૧૧૯ : (ઝ) ઉપરના પાંચે કર્મચારીઓએ તેમની દાખલ તારીખથી ૩૧--૧--૧૯૭૫ સુધીમાં કુલ કેટલું વેતન મેળવ્યું? (તેમાં ૧૯૭૧ના મર્જરનો ડિફરન્સ કોને કેટલો મળ્યો? ૧૯૬૭થી થતા મર્જરનો ડિફરન્સ સહિત કુલ ડિફરન્સ જણાવવો.)

ઉત્તર ૧૧૯ : (ઝ) આ અંગેની છેલ્લાં પાંચ વર્ષની માહિતી નીચે દર્શાવ્યા પ્રમાણે છે :

ક્રમાંક	નામ	૧--૧--૧૯૭૦થી ૩૧--૧--૧૯૭૫ સુધીનું કુલ વેતન	૧--૪--૧૯૭૧નો મજૂરી તફાવત	૧--૬--૧૯૭૬નો મજૂરી તફાવત
		રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.
૧.	શ્રી. જે. કે. પરમાર	૧૮,૩૪૧--૩૦	૧૮૪--૮૧	૮૫૧--૧૮
૨.	શ્રી. સી. એસ. જૈન	૧૮,૪૧૪--૭૩	૧૬૪--૬૭	૬૪૮--૦૧
૩.	શ્રી. એચ. એસ. પટેલ	૧૭,૧૧૦--૧૦	૧૮૮--૧૦	૧,૭૮૩--૦૮
૪.	શ્રી. પી. એચ. પટેલ	૧૭,૪૨૮--૧૧	૨૦૬--૪૮	૧,૪૮૯--૮૧
૫.	શ્રી. યુ. એમ. દરબાર	૧૭,૪૪૦--૪૬	૧૧૬--૭૬	૧,૭૧૨--૧૯

પ્રશ્ન ૧૧૯ : (ટ) સૌથી જૂના કર્મચારીને તેમાં કોઈ અન્યાય થાય છે?

ઉત્તર ૧૧૯ : (ટ) હા, જી. હવે તેઓની અરજી ઉપરથી વાર્ષિક પગારવધારાની તારીખ ફેરવવાનું નક્કી થયું હોવાથી હવે વિસંગતતા દૂર થશે.

પ્રશ્ન ૧૨૦ : યુનિવર્સિટીએ જે શોર્ટ--ટર્મ સર્ટિફિકેટ કોર્સીસ ચાલુ કર્યા છે તેના સંદર્ભમાં નીચેની માહિતી મોકલી આપશોજી :

આત્યાર સુધી તાલીમ લીધેલા અને લેતા વિદ્યાર્થીઓનાં નામ	છેલ્લે પાસ કરેલી ડિગ્રી પરીક્ષા (વર્ગ સાથે: પારિતોષિક કે ચંદ્રક મળ્યો હોય તો તે પણ)	જે કોર્સ કર્યો હોય કે કરતા હોય તેનાં નામ	જે જોબ મળી હોય તેના નામ અને જોબ આપનાર સંસ્થાનું નામ	પ્રત્યેક કોર્સનો ગાળો (મહિનામાં)	તાલીમાર્થીઓને નોકરી મળી છે કે નહીં? હા કે ના લખશો.
૧	૨	૩	૪	૫	૬

ઉત્તર ૧૨૦ : કોલમ ૧, ૨, ૩ સંદર્ભે માહિતી વિસ્તૃત હોવાથી આપવાનું બની શક્યું નથી, તો ક્ષમા કરશો.

કોલમ—૪ જોબ કઈ સંસ્થામાં મળી છે તે અંગેની માહિતી ઉપલબ્ધ નથી

કોલમ—૫ સંદર્ભે માહિતી માટે પ્રશ્ન ૧૯૯નો ઉત્તર જોવા વિનંતી છે.

કોલમ—૬ કોલમ ૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૧ : (ક) યુનિવર્સિટી પ્રેસમાં કેટલીક ગેરરીતિઓ થયા અંગે ભૂતપૂર્વ કોર્ટ-સભ્ય સત્યેન્દ્ર ઝવેરી તરફથી યુનિવર્સિટી સમક્ષ કોઈ રજૂઆત થઈ છે?

ઉત્તર ૧૨૧ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૨૧ : (ખ) હા, તો કયારે?

ઉત્તર ૧૨૧ : (ખ) તા. ૩-૯-૧૯૭૪ના પત્રથી.

પ્રશ્ન ૧૨૧ : (ગ) શ્રી. ઝવેરીના પત્રની નકલ કોર્ટના પ્રત્યેક સભ્યને પરિપત્રિત કરવામાં આવશે?

ઉત્તર ૧૨૧ : (ગ) ના, જી. પણ તે પત્રની નકલ સભાગૃહમાં ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૧૨૧ : (ઘ) જો ના, તો શા માટે નહિ?

ઉત્તર ૧૨૧ : (ઘ) પ્રશ્નો દ્વારા માહિતી આપવાની જોગવાઈ છે. પત્રોની નકલો આપવાનું શકય નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૨૧ : (ચ) શ્રી. ઝવેરીના પત્રના સંદર્ભમાં યુનિવર્સિટી પ્રેસમાં ચોરાયેલા માલની કિંમત અંગે કોઈ અંદાજ કાઢવામાં આવ્યો છે?

ઉત્તર ૧૨૧ : (ચ) હા, જી.

પ્રશ્ન ૧૨૧ : (છ) જો હા, તો કેટલો?

ઉત્તર ૧૨૧ : (છ) અંદાજે રૂ. ૪૫/- .

પ્રશ્ન ૧૨૧ : (જ) જો ના, તો શા માટે નહિ?

ઉત્તર ૧૨૧ : (જ) ઉત્તર ૧૨૧ (છ) જોતાં આ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૧૨૧ : (ઝ) ઉપરની ગેરરીતિના સંદર્ભમાં કયા કયા કર્મચારીઓના જવાબ લેવામાં આવ્યા છે?

ઉત્તર ૧૨૧ : (ઝ) આ સંદર્ભમાં નીચે પ્રમાણેના કર્મચારીઓના જવાબ તેમ જ સાક્ષી પુરાવા લેવામાં આવ્યા હતા:

(૧) શ્રી. બળવંતસિંહ પરમાર	ટેમ્પ. મોનોકાસ્ટર
(૨) શ્રી. દલપતસિંહ મકનસિંહ	વૉચમેન
(૩) શ્રી. પી. ડી. મિસ્ત્રી	એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ
(૪) શ્રી. દયાશંકર જાની	મોનો ઓપરેટર
(૫) શ્રી. ગોવિંદસિંહ પરમાર	યુનિવર્સિટી ડ્રાઇવર
(૬) શ્રી. ચિમનસિંહ	વૉચમેન
(૭) શ્રી. ગુરુદીન	માળી.

પ્રશ્ન ૧૨૧ : (ટ) હા, તો નકલ આપશો?

ઉત્તર ૧૨૧ : (ટ) તે જવાબની નકલ સભા સમયે ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૧૨૧ : (ઠ) ઉપરોકત પત્રમાં જણાવ્યા અનુસાર યુનિવર્સિટી પ્રેસમાં નોટો ચોરાઈ તે દિવસે બીજી પાળીનો ચાર્જ કયા જવાબદાર અધિકારી પાસે હતો તેનું નામ આપશો?

ઉત્તર ૧૨૧ : (ઠ) નોટો ચોરાયાના આક્ષેપ અંગે સ્પષ્ટતા કરવાની કે તે દિવસે પ્રેસના કર્મચારી શ્રી. ડી. ઓ. પટેલે પોતાના ઘેરથી લાવેલી પસ્તીમાંથી દસ નોટ-બુકોનું સ્ટીચિંગ પ્રેસમાં કરાવ્યું હતું, એમ પ્રાથમિક તપાસમાં જણાયું છે. યુનિવર્સિટી પ્રેસમાં તે દિવસે બીજી પાળી દરમિયાન કોઈ અધિકારી ચાર્જમાં નહોતા. તે વખતે દેખરેખનું કામ શ્રી. ડી. ઓ. પટેલને સોંપવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૧૨૧ : (ણ) યુનિવર્સિટી પ્રેસમાં બીજી પાળી ચાલે છે ત્યારે હંમેશાં મૅનેજર અથવા આસિ. મૅનેજર બીજી પાળીમાં પૂરા સમય સુધી હાજર રહે છે?

ઉત્તર ૧૨૧ : (ણ) ના, જી.

પ્રશ્ન ૧૨૧ : (ત) જો ના, તો શા માટે નહિ?

ઉત્તર ૧૨૧ : (ત) પ્રેસના કામકાજને અનુરૂપ અને પ્રેસ આંતરિક સંચાલનની દૃષ્ટિએ જરૂરી પાળી આયોજન અને વ્યવસ્થા શ્રી. પ્રેસ-મૅનેજર કરે તેમ અપેક્ષા રાખવામાં આવે છે.

પ્રશ્ન ૧૨૨ : (ક) યુનિવર્સિટી પ્રેસમાં રોમાયર અને બેબકોક મશીનો છેલ્લા કેટલા સમયથી સતત બંધ છે?

ઉત્તર ૧૨૨ : (ક) (૧) રોમાયર મશીન : આ મશીન હાલ ચાલુ છે.
(૨) મિલ્ને બેબકોક મશીન : આ મશીન માર્ચ ૧૯૭૩થી બંધ છે.

પ્રશ્ન ૧૨૨ : (ખ) રોમાયર અને બેબકોક મશીનો ચાલુ સ્થિતિમાં હોય તો સરેરાશ રોજનું કેટલું પુલિંગ (રનિંગ કામનું) આપી શકે?

ઉત્તર ૧૨૨ : (ખ) કલાકની હજારથી ત્રણ હજાર નકલ જેટલું છાપકામ થઈ શકે પણ તેનો આધાર છાપકામનો પ્રકાર, જરૂરિયાત, કાગળ, શાહી, યંત્રની ઝડપ તથા તેનું નિયંત્રણ કરનાર કર્મચારીની કાર્યકુશળતા વગેરે પર રહે છે. એમ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ.

પ્રશ્ન ૧૨૨ : (ગ) ઉપર ૧૨૧ (ક) અને ૧૨૧ (ખ)ના સંદર્ભમાં તા. ૧–૩–૧૯૭૫ સુધીમાં યુનિવર્સિટી પ્રેસે ઉપરોક્ત મશીનના કેટલા લાખ પુલિંગ ગુમાવ્યા? (મશીનવાર માહિતી આપવી).

ઉત્તર ૧૨૨ : (ગ) જુદાં જુદાં છાપકામો પૈકી, જે તે છાપકામને અનુરૂપ કયું મશીન ઉપયોગમાં લેવું તે હકીકત ઉત્તર ૧૨૨ (ખ) પ્રમાણે હોઈ આ અંદાજ કાઢવો શક્ય નથી.

પ્રશ્ન ૧૨૨ : (ઘ) ઉપર ૧૨૨ (ગ)માં જણાવેલા કુલ પુલિંગ મેળવાયા હોત તો યુનિવર્સિટી પ્રેસના વર્તમાન દર મુજબ યુનિવર્સિટી પ્રેસને કેટલા રૂપિયાનું નુકસાન નિવારી શકાયું હોત?

ઉત્તર ૧૨૨ : (ઘ) ઉત્તર ૧૨૨ (ખ) અને ૧૨૨ (ગ) જોતાં અંદાજ કાઢવો શક્ય નથી.

પ્રશ્ન ૧૨૨ : (ચ) પ્રેસને ઉપર ૧૨૨ (ઘ)માં જણાવેલ નુકસાન થયું તે માટે જવાબદારી વ્યક્તિનું નામ અને તે નુકસાની વસૂલ લેવા અંગે યુનિવર્સિટીએ લીધેલાં પગલાંની વિગત આપશો.

ઉત્તર ૧૨૨ : (ચ) ઉત્તર ૧૨૨ (ક) પ્રમાણે હકીકત હોઈ આવાં કોઈ પગલાં લેવાં જરૂરી જણાયાં નથી.

પ્રશ્ન ૧૨૩ : (ક) મારા ગઈ બજેટ-બેઠકમાં પ્રશ્ન ક્રમાંક ૧૨૪ અને ૧૨૬માં જણાવ્યા મુજબ મેસર્સ જયભારત પ્રકાશન એન્ડ કંપની અને મેસર્સ સાહિત્ય મુદ્રણાલયને ઉત્તરવહીઓ છાપવાનું કામકાજ આપેલું, તેના સંદર્ભમાં રૂ. ૩,૨૭,૧૮૦ના અંદાજી ખર્ચ સામે ખરેખર કેટલી રકમ ચૂકવાઈ?

ઉત્તર ૧૨૩ : (ક) પ્રસ્તુત ઉત્તરવહીઓના છાપકામ અંગેના અંદાજી ખર્ચ રૂ. ૩,૨૭,૧૮૦ના સંદર્ભમાં રૂ. ૨,૪૯,૧૯૨–૭૦ મેસર્સ જયભારત પ્રકાશનને તથા રૂ. ૨૧,૬૦૦–૦૦ મેર્સ સાહિત્ય મુદ્રણાલયને ચૂકવવામાં આવેલા. કુલ રૂ. ૨,૭૧,૧૯૨–૭૦નું ખરેખર ખર્ચ થયું છે.

પ્રશ્ન ૧૨૩ : (ખ) આ ઉત્તરવહીઓનું કામ યુનિવર્સિટીએ પોતાના પ્રેસમાં કર્યું હોત તો યુનિવર્સિટી પ્રેસના દર મુજબ પ્રેસને કેટલી ખોટ ઓછી આવત?

ઉત્તર ૧૨૩ : (ખ) પ્રસ્તુત ઉત્તરવહીઓનું છાપકામ યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવ્યું હોય તો તે માટેનું ભિન્ન યુનિવર્સિટીઓ ભિન્ન ખાતાના હવાલા નાખવા માટેના બાંધેલા દર મુજબ ગણતાં અંદાજે રૂ. ૬૯,૨૧૦-૦૦ જેટલું થાત; તેમાં કાગળના ખર્ચનો સમાવેશ થતો નથી.

પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઉત્તરવહીઓ યુનિવર્સિટી પ્રેસમાં ન છાપતાં મે. જયભારત પ્રકાશનને છાપવા આપી છે તો તેમાં યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યના કોઈ સગા છે? હોય તો તેની માહિતી આપશો?

શ્રી. પ્રવીણચંદ્ર સી. શાહ અને શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ વચ્ચે કોઈ સંબંધ ખરો?

કુલપતિશ્રીનો ઉત્તર : અમારી પાસે તે પેઢીના ભાગીદારો અંગેની માહિતી હાલ ઉપલબ્ધ નથી. આ ઉત્તરવહીઓ છાપવાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે યુનિવર્સિટી પાસે કાગળો ન હતા. સરકારને લખ્યું તો સરકાર પાસેથી તે વેળાસર મળી શકયા નહીં, તેથી જાહેરખબર આપવી પડી, અને ૬૭ પ્રેસ પોતાના કાગળો ચાપરીને યોગ્ય ભાવોના હિસાબે આ કામ કરવા તૈયાર હતાં તેઓનું કામ આપ્યું હતું. આ વર્ષે સરકાર તરફથી કાગળો મળતાં ઉત્તરવહીઓ બહાર છપાવવાની જરૂર પડી નથી.

પ્રા. મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તમે સરકારને કાગળો માટે લખ્યું?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, જી.

પ્રશ્ન ૧૨૪ : (ક) યુનિવર્સિટીના ભાષા-ભવન અને સમાજવિદ્યા ભવનના વિદ્યાર્થીઓની સ્કોલરશિપોની રકમોની થયેલી ગેરરીતિઓ કયારે અને કેવા સંજોગોમાં યુનિવર્સિટીના ધ્યાન પર આવી?

ઉત્તર ૧૨૪ : (ક) ઓગસ્ટ ૧૯૭૪માં એક વિદ્યાર્થીની પોતાને સ્કોલરશિપનાં નાણાં નહીં મળ્યાં હોવાની ફરિયાદ પરથી તપાસ કરતા ભાષા-સાહિત્ય ભવનમાં અને સમાજવિદ્યા ભવનમાં નાણાકીય ગેરરીતિઓ થયાની વાત ધ્યાનમાં આવી.

પ્રશ્ન ૧૨૪ : (ખ) ઉપરોકત ગેરરીતિમાં વિદ્યાર્થીઓની કેટલી રકમ સંડોવાયેલી છે?

ઉત્તર ૧૨૪ : (ખ) તે માહિતી હાલ આપી શકાઈ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૨૪ : (ગ) સંડોવાયેલી રકમ મેળવવા શાં પગલાં ભરવામાં આવ્યાં છે?

ઉત્તર ૧૨૪ : (ગ) ભાષા-સાહિત્ય ભવનના કર્મચારી શ્રી. કે. એલ. મહેતાએ તમામ રકમ રૂ. ૨૯,૧૦૭-૭૦ ભરપાઈ કરી છે જ્યારે સમાજવિદ્યા ભવનના કર્મચારી શ્રી. કિશ્ચિયને રૂ. ૨૦,૪૨૧-૩૧ની રકમ જમા કરાવી છે. બાકીની રકમ વસૂલ લેવા માટે શાં પગલાં લેવાં તે અંગે ખાતાવાર તપાસનો હેવાલ આવ્યેથી વિચારણા કરવામાં આવશે.

પ્રશ્ન ૧૨૪ : (ઘ) ગેરરીતિને કારણે કયા કયા વિદ્યાર્થીને કેટકેટલી રકમ ચૂકવી શકાઈ નથી ?

અને

પ્રશ્ન ૧૨૪ : (ચ) પાત્ર થતા વિદ્યાર્થીને ઉપરોકત રકમ કયારે ચૂકવાઈ અથવા કયારે ચૂકવવામાં આવશે ?

ઉત્તર ૧૨૪ : (ઘ) અને (ચ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૪ : (છ) ઉપરોકત ગેરરીતિની તપાસ અંગે જે કોઈ સમિતિ નિમાઈ હોય તો તેના રિપોર્ટની નકલ કોર્ટની સભા મળે તે પહેલાં પ્રત્યેક સભ્યને પરિપત્રિત કરવામાં આવશે ?

ઉત્તર ૧૨૪ : (છ) ના, જી. પણ તે સભા સમયે ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૧૨૪ : (જ) હવે ભવિષ્યમાં આવી ગેરરીતિઓ ન થાય તે અંગે યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે અથવા લેવામાં આવશે ?

ઉત્તર ૧૨૪ : (જ) એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિનો આખરી રિપોર્ટ આવ્યે નક્કી કરવામાં આવશે.

[૮] **પ્રા. ધર્મેન્દ્ર એન. આચાર્ય** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૨૫ : પ્રી-સાયન્સ અને બી.એસસી. કેમિસ્ટ્રીમાં સેમિમાઈક્રોના પ્રયોગ માટે વિદ્યાર્થીઓ પુસ્તક સાથે પરીક્ષામાં બેસી શકે કે નહીં ?

ઉત્તર ૧૨૫ : ના, જી. તેવી કોઈ જોગવાઈ નિયમમાં નથી.

પ્રશ્ન ૧૨૬ : અભ્યાસક્રમમાં થતા સુધારાનો યુનિવર્સિટી તરફથી વખતોવખત બહાર પડતા સિલેબસના પુસ્તકમાં કેમ સમાવેશ થતા નથી ?

ઉત્તર ૧૨૬ : અભ્યાસક્રમોની નવી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે ત્યારે તેમાં સુધારાઓ આવરી લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૨૭ : (ક) ટયૂટર-ડેમોન્સ્ટ્રેટરના જુનિયર લેક્ચરર તરીકેના નામાભિધાન માટેના કોર્ટ અને એકિઝકયુટિવ કાઉન્સિલે પસાર કરેલા ઠરાવનું સ્થગિત કેમ કરવામાં આવ્યો છે ?

ઉત્તર ૧૨૭ : (ક) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૬-૧૯૭૪ની સભામાં, એ.કા.ની તા. ૩૦-૫-૧૯૭૫ની નીચેની ભલામણ મંજૂર રાખી છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે પગાર-સુધારાની બાબતમાં ભારત સરકાર અને/અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કક્ષાએ હાલ વિચારણા ચાલી રહી છે તેના સંદર્ભમાં ડેમોન્સ્ટ્રેટર, ટયૂટર અને ફિઝિકલ ઈન્સ્ટ્રકટરનાં નામાભિધાન સુધારવા માટેના એકિઝકયુટિવ કાઉન્સિલના નિર્ણયોનો અમલ સ્થગિત કરવા તથા ત્રણેય કક્ષાના આ શિક્ષકોનાં જૂનાં નામાભિધાનો ચાલુ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

પ્રશ્ન ૧૨૭ : (ખ) જુનિયર લેક્ચરરનાં નામાભિધાન અને સેન કમિટીના હેવાલ સાથે કાંઈ સંબંધ ખરો ?

ઉત્તર ૧૨૭ : (ખ) આ કાર્યાલયને માટે એ માહિતી આપવાનું શકય નથી.

પ્રશ્ન ૧૨૮ : (ક) પરીક્ષકોની નિમણૂક માટે ગુણાંક પદ્ધતિ અમલમાં હોવા છતાં નિમણૂકોમાં એકસૂત્રતા કેમ જળવાતી નથી?

ઉત્તર ૧૨૮ : (ક) યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષકોની નિમણૂકો માટે સામાન્ય રીતે ગુણાંકનને યોગ્ય મહત્ત્વ આપવામાં આવે છે, પરંતુ બધી જ નિમણૂકો ફક્ત ગુણાંકનને જ ધોરણે કરવામાં આવે છે એવું નથી.

પ્રશ્ન ૧૨૯ : જ્યાં ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવાતા હોય તેવી અમદાવાદની સાયન્સ કૉલેજોમાં ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપકો માટે નીચેની માહિતી આપશોજી :

કૉલેજનું નામ	પ્રોફેસરનું નામ	પ્રોફેસર તરીકેની નિમણૂક તારીખ	પ્રોફેસર તરીકેની બઢતી તારીખ	પ્રોફેસર તરીકેનો અનુભવ કુલ વર્ષમાં (૧૯૭૩--૭૪ સુધી)	પરીક્ષાના હેતુ માટે તૈયાર કરેલ ગુણાંક વખતે ગણતરીમાં લીધેલ પ્રોફેસર તરીકેનો અનુભવ કુલ વર્ષમાં (૧૯૭૩--૭૪ સુધી)

ઉત્તર ૧૨૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે **પરિશિષ્ટ "૨૧"** જોવા વિનંતી છે.

[૯] પ્રા. બી. વી. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૩૦ : ઑ. ૯૬માં દર્શાવેલ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણની તમામ કૉલેજોના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓનાં પૂરાં નામોની માહિતી આપવા વિનંતી છે—સને ૧૯૭૪--૭૫ અંગે.

ઉત્તર ૧૩૦ : ઑર્ડિ. ૯૬નો માહિતીમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં નામો મોકલવાનો જોગવાઈ નથી, જ્યારે સંલગ્ન શિક્ષણની કૉલેજોના શિક્ષક વર્ગ અંગે ઑર્ડિ. ૯૬ હેઠળની માહિતી માટે **પરિશિષ્ટ "૨૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૧ : (ક) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણની તમામ કૉલેજોના વિદ્યાર્થીઓની અલગ અલગ સંખ્યા આપવા વિનંતી છે. ૧૯૭૩--૭૪ કરતાં ૧૯૭૪--૭૫માં દરેક કૉલેજમાં અલગ અલગ રીતે કેટલો વિદ્યાર્થી વધારો થયેલ છે?

પ્રશ્ન ૧૩૧ : (ખ) (૧) વધેલી વિદ્યાર્થી સંખ્યા માટે શિ. ૧ : ૧૦ વિદ્યાર્થી ગુણોત્તર જળવાઈ રહે તે માટે કયા કયા શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે?

પ્રશ્ન ૧૩૧ : (ખ) (૨) આવો ગુણોત્તર ન જળવતી હોય તેવી કૉલેજોની યાદી આપવા વિનંતી છે.

ઉત્તર ૧૩૧ : (ક) અને (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૨ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોએ પોતપોતાના કર્મચારીઓ માટે કેટકેટલું ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કર્યું છે. ગ્રેચ્યુઈટીનાં નાણાં કઈ કઈ બૅન્કમાં મૂકવામાં આવ્યાં છે?

અને

પ્રશ્ન ૧૩૨ : (ખ) કઈ કઈ કૉલેજોએ આવું ફંડ ઊભું કર્યું નથી?

ઉત્તર ૧૩૨ : (ક) અને (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૨ : (ગ) ચાલુ જોડાણ કે કાયમી જોડાણની શરતોના એક ભાગ રૂપે આવું ફંડ ઊભું ન કરનાર કૉલેજો સામે યુનિવર્સિટી શાં શિક્ષાત્મક પગલાં લેવા ધારે છે કે લીધાં છે?

ઉત્તર ૧૩૨ : (ગ) સંબંધકર્તા કૉલેજોને આ બાબતમાં ઘટતા પત્રો લખવામાં આવ્યા છે અને જરૂર પડયે શાં પગલાં લેવાં તે પણ એક્ઝિકયુટિવ કાઉન્સિલ વિચારી શકશે.

પ્રશ્ન ૧૩૩ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોએ ટયૂટર-લેક્ચરર વગેરેને ઓરિયરનાં નાણાં ચૂક્વ્યાં નથી?

અને

પ્રશ્ન ૧૩૩ : (ખ) કેટકેટલી રકમ ચૂકવવાની બાકી છે?

અને

પ્રશ્ન ૧૩૩ : (ગ) આમ ન કરવાનાં કારણો ક્યાં ક્યાં છે?

ઉત્તર ૧૩૩ : (ક), (ખ) અને (ગ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૪ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોએ "પ્રોવિડંટ ફંડ ટ્રસ્ટ"ની રચના કરી છે?

અને

પ્રશ્ન ૧૩૪ : (ખ) કઈ કઈ કૉલેજોએ આવી રચના કરી નથી?

અને

પ્રશ્ન ૧૩૪ : (ગ) કઈ કઈ કૉલેજોએ આવા ટ્રસ્ટ પર અધ્યાપકોના પોતાના પ્રતિનિધિની નિમણૂક કરી છે? યાદી આપવા વિનંતી છે.

અને

પ્રશ્ન ૧૩૪ : (ઘ) શિક્ષણની કઈ કઈ કૉલેજોએ "પ્રોવિડંટ ફંડ ટ્રસ્ટ"ને ઈન્કમટેક્સ કચેરી પાસે મંજૂર કરાવી મંજૂરીપત્ર મેળવેલ છે?

અને

પ્રશ્ન ૧૩૪ : (ચ) જો ના મેળવેલ હોય તો તેમ કરવાનાં કારણો ક્યાં ક્યાં છે?

ઉત્તર ૧૩૪ : (ક), (ખ), (ગ), (ઘ) અને (ચ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૫ : (ક) શિક્ષણની કૉલેજોમાં ઈ.બી.સી. અને બી.સી. ફ્રીશિપ સિવાય અન્ય કોઈ પ્રકારની ફ્રીશિપ કે ફ્રી સ્ટુડન્ટશિપ આપવાનાં ધોરણો શું છે?

અને

પ્રશ્ન ૧૩૫ : (ખ) આવાં ધોરણો કઈ કઈ કૉલેજો પાળે છે?

ઉત્તર ૧૩૫ : (ક) અને (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૬ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોને સ્ટાફ ક્વાર્ટર્સ અને કૉલેજ કેન્ટીન માટે કેટકેટલા રૂપિયા ગ્રાન્ટ મળેલ છે?

ઉત્તર ૧૩૬ : (ક) શિક્ષણની કુલ ૨૧ કૉલેજો પાસેથી ઉપરોક્ત માહિતી માગવામાં આવેલી જે પૈકી ૧૪ કૉલેજો પાસેથી માહિતી મળી છે. તે ૧૪ કૉલેજો પૈકી નીચેની કૉલેજોને તેનાં નામ સામે જણાવેલ રકમની ગ્રાન્ટ મળેલ છે :

(૧) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	રૂ. ૧,૦૦૦	કૉલેજ કેન્ટીન માટે
(૨) વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	રૂ. ૯૯,૧૦૦	ટીચર્સ હૉસ્ટેલ માટે

પ્રશ્ન ૧૩૬ : (ખ) આવી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થયો છે?

ઉત્તર ૧૩૬ : (ખ) યોગ્ય ઉપયોગ થયાનું આ કૉલેજોએ જણાવ્યું છે.

પ્રશ્ન ૧૩૬ : (ગ) કેન્ટીનો વગેરે હકીકતમાં ચલાવવામાં આવે છે?

ઉત્તર ૧૩૬ : (ગ) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદની બાજુમાં ચા-પાણી, નાસ્તા વગેરેની વધુ અનુકૂળ અને સારી વ્યવસ્થા હોવાથી તથા કૉલેજ થિયરી માટે ત્રણ દિવસ જ ચાલતી હોવાથી ત્યાં નિયમિત કેન્ટીન ચલાવવી શક્ય નથી; છતાં તાલીમાર્થીઓના ઉપયોગ માટે કેન્ટીનનાં સાધનોનો જરૂર પડયે ઉપયોગ થાય છે.

પ્રશ્ન ૧૩૭ : (ક) શિક્ષણની તમામ કૉલેજોમાંથી છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કઈ કઈ કૉલેજોમાંથી અધ્યાપકો વર્ષ દરમિયાન અધવચ્ચેથી કૉલેજ છોડી ગયા છે?

અને

પ્રશ્ન ૧૩૭ : (ખ) કઈ તારીખોએ કૉલેજ છોડી ગયા છે?

અને

પ્રશ્ન ૧૩૭ : (ગ) તેઓની જગાઓ કોની, કઈ તારીખોથી નિમણૂક કરેલ છે?

અને

પ્રશ્ન ૧૩૭ : (ઘ) નિમણૂકો મોડી કરવામાં આવી હોય કે ના કરવામાં આવી હોય તેનાં કારણો શું છે?

ઉત્તર ૧૩૭ : (ક), (ખ), (ગ) અને (ઘ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૮ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોએ ગયા વર્ષની બી.એડ. પાર્ટ ૨ પરીક્ષાનાં નાણાં તાલીમાર્થીઓને સંપૂર્ણ પરત કર્યાં છે?

અને

પ્રશ્ન ૧૩૮ : (ખ) કેટલા તાલીમાર્થીઓને નાણાં પરત કરવાનાં બાકી છે?

અને

પ્રશ્ન ૧૩૮ : (ગ) કેટલા રૂ. જમા પડયા છે?

ઉત્તર ૧૩૮ : (ક), (ખ) અને (ગ) આ યુનિવર્સિટીએ બી.એડ. પાર્ટ ૨ની પરીક્ષાઓ મે-જૂન ૧૯૭૪માં લીધી ન હતી તે અંગે રૂ. ૩૩,૬૯૦ની પરીક્ષા-ફી સંબંધકર્તા કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓને પરત કરવામાં આવી હતી. તેમાંથી નીચેની કૉલેજોએ વિદ્યાર્થીઓને

નાણાં પરત કર્યાની જાણ યુનિવર્સિટીને કરી છે :

	પરીક્ષા-ફીની રકમ રૂ.
૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી	૧,૧૪૦
૨. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા	૯૭૫
૩. એસ. ટી. ટી. કૉલેજ, વીસનગર	૧,૪૮૫
૪. કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	૧,૬૦૫
૫. બી. ટી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન મેાડાસા	૧,૬૨૦
૬. બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	૧,૬૫૦
૭. આર. વી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	૧,૭૧૦
	કુલ રૂ. ૧૦,૧૮૫

બાકીની નીચેની કૉલેજોએ આ રકમ તે વિદ્યાર્થીઓને પરત કરી કે કેમ તે અંગેની માહિતી તેમની તરફથી હજુ સુધી મળી નથી (નીચેની કૉલેજોએ વિદ્યાર્થીઓને નાણાં પરત કર્યા અંગેનાં disbursement certificates મોકલ્યાં નથી):

	પરીક્ષા-ફીની રકમ રૂ.
૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	૧,૫૯૦
૨. ડી. ડી. ચોક્સી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર	૯૯૦
૩. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા	૧,૭૨૫
૪. એસ. ટી. ટી. કૉલેજ, ખેડા	૧,૬૯૫
૫. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા	૧,૬૩૫
૬. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	૧,૫૪૫
૭. વૈદ્ય એમ. એમ. કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	૧,૧૧૦
૮. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	૨,૮૦૫
૯. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	૧,૬૨૦
૧૦. એસ. ટી. ટી. કૉલેજ, વાસણા	૩,૦૩૫
૧૧. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	૧,૭૨૫
૧૨. વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	૧,૦૫૦
૧૩. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ	૧,૩૨૦
૧૪. બોરસદ કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ	૧,૬૬૫
	કુલ રૂ. ૨૩,૫૧૦

પ્રશ્ન ૧૩૯ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોએ ગુજરાત યુનિવર્સિટી-સિ. પ્રો. ફંડ/૦૧૮૪૨૪--૭૧, તા. ૧૦--૧૨--૧૯૭૧ના અનુસંધાનમાં ૩૦ માર્ચ ૧૯૭૩થી શરૂ કરી પી.એફ.નાં નાણાં પાંચ હપતામાં જમા મૂકવાનાં હતાં તે હજુ સુધી જમા મૂકવાપાત્ર હપતા જમા મૂકયા નથી?

અને

પ્રશ્ન ૧૩૯ : (ખ) શા માટે?

ઉત્તર ૧૩૯ : (ક) અને (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૦ : (ક) શિક્ષણની તમામ કૉલેજોના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓના ખાતે તા. ૩૧--૩--૧૯૭૧ સુધી અલગ અલગ રીતે પી.એફ.ના કુલ કેટકેટલા રૂપિયા જમા છે?

અને

પ્રશ્ન ૧૪૦ : (ખ) બધા જ કર્મચારીઓના કુલ રૂપિયા કેટલા જમા છે?

અને

પ્રશ્ન ૧૪૦ : (ગ) આટલી મોટી રકમો સંસ્થાઓ ફિકસ્ડ ડિપૉઝિટમાં મૂકે છે?

અને

પ્રશ્ન ૧૪૦ : (ઘ) કઈ કઈ શિક્ષણની કૉલેજોએ કેટલા કેટલા રૂપિયા કઈ તારીખોથી અધિકૃત બૅન્કમાં જમા મૂકયા છે?

અને

પ્રશ્ન ૧૪૦ : (ચ) જો બૅન્કમાં જમા ન મૂકતા હોય તો તેવી રકમોનું શું કરવામાં આવે છે?

ઉત્તર ૧૪૦ : (ક), (ખ), (ગ), (ઘ) અને (ચ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૧ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજો પોતાના કર્મચારીઓને પી.એફ. લોન આપે છે?

અને

પ્રશ્ન ૧૪૧ : (ખ) કેટકેટલી રકમની લોન આપે છે?

અને

પ્રશ્ન ૧૪૧ : (ગ) કયા વ્યાજના દરે લોન આપે છે?

અને

પ્રશ્ન ૧૪૧ : (ઘ) કર્મચારીઓને વાસ્તવિક વ્યાજનો દર કેટલા ટકા પરવડે છે?

અને

પ્રશ્ન ૧૪૧ : (ચ) કૉલેજો કર્મચારીના પી.એફ. પર કેટલા ટકા વ્યાજ આપે છે?

ઉત્તર ૧૪૧ : (ક), (ખ), (ગ), (ઘ) અને (ચ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૨ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોને છેલ્લાં બે વર્ષ દરમિયાન ચાલુ કે કાયમી જોડાણ આપવામાં આવ્યું છે?

ઉત્તર ૧૪૨ : (ક) નીચે જણાવેલી શિક્ષણની કૉલેજોને છેલ્લાં બે વર્ષ દરમિયાન નીચે પ્રમાણે કાયમી તથા ચાલુ જોડાણ આપવામાં આવ્યું છે :

(ક) **કાયમી જોડાણ**

(૧) એસ. ટી. ટી. કૉલેજ, ખેડા (૧૯૭૪થી)
(૨) શ્રી. બી. ટી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા (૧૯૭૪ થી)
(૩) શ્રીમતી બી. બી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત (૧૯૭૪થી)
(૪) એસ. ટી. ટી. કૉલેજ, વીસનગર (૧૯૭૫ થી)
(૫) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા (૧૯૭૫ થી)
(૬) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ (૧૯૫૫થી)
(૭) પ્રકાશ કૉલેજ, અમદાવાદ (૧૯૬૮થી)
(૮) એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ (૧૯૭૪થી)
(૯) વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, (૧૯૭૫થી)

(ખ) ચાલુ જોડાણ

(૧) કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(તા. ૧૧-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯)
(૨) કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી
(તા. ૧૧-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪)
(૩) શ્રી. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા
(તા. ૧૧-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૬)
(૪) કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
(તા. ૧૧-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૬)
(૫) કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
(તા. ૧૧-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૮)
(૬) શ્રી. આર. પી. આનંદા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ
(તા. ૧૧-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭)
(૭) ડી. ડી. ચોક્સી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર
(તા. ૧૧-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭)
(૮) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ એન્ડ એજ્યુ., મહેસાણા
(તા. ૧૧-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૫)
(૯) એસ. બી. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
(તા. ૧૧-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭)

(૧૦) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(તા. ૧૧--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫)
(૧૧) આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન,
(તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૮)
(૧૨) શ્રી. એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ,
(તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૫)

પ્રશ્ન ૧૪૨ : (ખ) જોડાણની દરેક શરતનું કઈ કઈ સંસ્થાઓએ પાલન કર્યું નથી?

ઉત્તર ૧૪૨ : (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩૨" જોવા વિનંતી છે.**

પ્રશ્ન ૧૪૨ : (ગ) કઈ શરતોનો અમલ બાકી છે?

ઉત્તર ૧૪૨ : (ગ) ઉપર પ્રશ્ન ૧૧૪ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૩ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોને પુસ્તકો માટે કેટકેટલા રૂપિયા અનુદાનમાં મળેલ છે?

ઉત્તર ૧૪૩ : (ક) શિક્ષણની કુલ ૨૧ કૉલેજો પાસેથી ઉપરોકત માહિતી માગવામાં આવેલી જે પૈકી ૧૪ કૉલેજો તરફથી જ માહિતી આવેલી છે તે પૈકી નીચેની પાંચ કૉલેજોને તેનાં નામ સામે જણાવેલી રકમની ગ્રાન્ટ મળેલ છે:

(૧) શેઠ એમ. એન. કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	રૂ. ૧૫,૦૦૦--૦૦
(૨) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા	રૂ. ૧૦,૦૦૦--૦૦
(૩) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ--૭	રૂ. ૧૦,૦૦૦--૦૦
(૪) બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	રૂ. ૧૦,૦૦૦--૦૦
(૫) કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી	રૂ. ૧૦,૦૦૦--૦૦

પ્રશ્ન ૧૪૩ : (ખ) આવા અનુદાનનો ઉપયોગ કરી કઈ કઈ કૉલેજો "બુકબેંક" ચલાવે છે?

અને

પ્રશ્ન ૧૪૩ : (ગ) બુકબેંકનાં પુસ્તકો પેટે કેટલા રૂપિયા દરેક તાલીમાર્થી પાસેથી ઘસારા ફંડ વત્તા ડિપૉઝિટ લેવામાં આવે છે?

ઉત્તર ૧૪૩ : (ખ) અને (ગ) સદરહુ માહિતી કૉલેજો પાસેથી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૪૩ : (ઘ) આજ દિન સુધી કુલ કેટલા રૂપિયા ઘસારા ફંડ પેટે એકઠા કરવામાં આવ્યા છે? આ રકમનો શો ઉપયોગ કરવામાં આવે છે?

ઉત્તર ૧૪૩ : (ઘ) સદરહુ માહિતી કૉલેજો પાસેથી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૪૪ : (ક) શિક્ષણની કઈ કઈ કૉલેજોમાં ગરીબ વિદ્યાર્થી ફંડ અમલમાં છે?

અને

પ્રશ્ન ૧૪૪ : (ખ) છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કેટલી અને કયા વિદ્યાર્થીઓને કેટકેટલા રૂપિયાની આર્થિક મદદ કરવામાં આવી છે?

અને

પ્રશ્ન ૧૪૪ : (ગ) આજ દિન સુધીમાં આવા ફંડમાં કેટલા રૂપિયા એકઠા કરવામાં આવ્યા છે?

ઉત્તર ૧૪૪ : (ક), (ખ), (ગ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૫ : (ક) કૉલેજ ઑફ એજ્યુકેશન, દરિયાપુરીએ શ્રી. ઘનશ્યામભાઈ ઓઝાને યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવ મુજબ કઈ તારીખથી નોકરીમાં લીધા છે?

ઉત્તર ૧૪૫ : (ક) શ્રી. ઓઝાને કૉલેજે નોકરીમાં લીધા નથી.

પ્રશ્ન ૧૪૫ : (ખ) જો "ના", તો યુનિવર્સિટી આ અંગે શું પગલાં ભરવા ધારે છે?

ઉત્તર ૧૪૫ : (ખ) એજ્યુકેશન કૉલેજ, દરિયાપુરીને જૂન ૧૯૭૪થી ૧૯૭૫ના ચાલુ જોડાણ માટે પ્રા. ઘનશ્યામભાઈ ઓઝાને પૂર્વવત્ નોકરીમાં ચાલુ રાખવા અંગે શરત મૂકવામાં આવી છે. તે શરતના પાલન અંગેનો કૉલેજનો અહેવાલ હજુ આવ્યો નથી. દરમિયાન કૉલેજને ચાલુ વર્ષ જોડાણ આપવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૧૪૬ : (ક) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ અને એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદમાં પ્રી-યુનિ.ના વર્ગોમાં અંગ્રેજી માધ્યમ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી વધારાની ફી લેવાય છે?

ઉત્તર ૧૪૬ : (ક) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજી માધ્યમ માટેના વર્ગોમાં રૂ. ૫૦ ની વધારાની ફી લેવામાં આવે છે, જ્યારે એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજી માધ્યમ માટે વધારાની ફી લેવામાં આવતી નથી.

પ્રશ્ન ૧૪૬ : (ખ) જો "હા", તો કેટલા રૂપિયા વધારાની ફી તરીકે લેવાય છે?

ઉત્તર ૧૪૬ : (ખ) ઉપર પ્રશ્ન નં. ૧૪૬ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૬ : (ગ) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આ રીતે વધારાની ફી લઈ શકાય?

ઉત્તર ૧૪૬ : (ગ) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૬-૭-૧૯૭૧ની સભામાં અંગ્રેજી માધ્યમ માટેના વર્ગ માટે રૂ. ૧૦/- વધારાની ફી લેવા માટે પરવાનગી આપવામાં આવી છે.

પ્રશ્ન ૧૪૭ : (ક) એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટયૂટમાં કયા કયા વિભાગોમાં એકથી વધારે ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટરો છે?

પ્રશ્ન ૧૪૭ : (ખ) અને પ્રત્યેક વિભાગમાં કેટલા?

ઉત્તર ૧૪૭ : (ક) અને (ખ) ૧૯૭૪-૭૫ના વર્ષની ઑર્ડિ. ૯૬ પ્રમાણેની સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	વિષય	કુલ ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર
(૧)	રસાયણવિજ્ઞાન	બે
(૨)	ભૌતિકવિજ્ઞાન	બે

પ્રશ્ન ૧૪૭ : (ગ) કોઈ પણ વિભાગમાં એકથી વધારે ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટરો લેાઈ શકે?

ઉત્તર ૧૪૭ : (ગ) ઑર્ડિ. ૧૨૦-એમાં નિર્દિષ્ટ જરૂરિયાત મુજબનો જરૂરી શિક્ષકગણ નિમાયા પછી વધારાના ખંડ સમયના શિક્ષકો એકથી વધુ નીમી શકાય.

પ્રશ્ન ૧૪૭ : (ઘ) જો "ના", તો યુનિવર્સિટી આ અંગે શું પગલાં લેશે ?

ઉત્તર ૧૪૭ : (ઘ) પ્રત્યેક કેસની વિગતો તપાસીને પગલાં લેવાની શક્યતા તપાસવામાં આવશે.

પ્રશ્ન ૧૪૮ : (ક) શિક્ષણની તમામ કૉલેજોએ ૧૯૭૧થી તા. ૩૧–૩–૧૯૭૫ સુધીમાં કેટકેટલી ગ્રાન્ટ (સરકારી અનુદાન) મેળવી છે?

અને

પ્રશ્ન ૧૪૮ : (ખ) તાલીમાર્થીઓ પાસેથી કેટલા રૂપિયા ફીના મેળવ્યા છે?

ઉત્તર ૧૪૮ : (ક) અને (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩૪"** જોવા વિનંતી છે.

[૧૦] પ્રા. ઈશ્વરભાઈ ઓ. પરમારે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૪૯ : (ક) તા. ૧–૩–૧૯૬૬થી અત્યાર સુધીમાં ૧–૩–૧૯૬૬, ૧–૧૦–૧૯૬૬, ૧–૧–૧૯૬૭, ૧–૨–૧૯૬૭, ૧–૩–૧૯૬૭, ૧–૬–૧૯૬૭, ૧–૪–૧૯૬૮, ૧–૪–૧૯૭૧, ૧–૨–૧૯૭૨, ૧–૧૦–૧૯૭૨, ૧–૫–૧૯૭૩, ૧–૮–૧૯૭૩, ૧–૧૦–૧૯૭૩, ૧–૧–૧૯૭૪, ૧–૩–૧૯૭૪, ૧–૫–૧૯૭૪, ૧–૬–૧૯૭૪, ૧–૮–૧૯૭૪ અને ૧–૧૦–૧૯૭૪ એમ કુલ ૧૯ વખત સરકારે અને યુનિવર્સિટીઓ "ડી.એ." (મોંઘવારી ભથ્થા)માં વધારો જાહેર કર્યો છે. તે અંગે નીચેના કોઠા પ્રમાણે માહિતી આપવા વિનંતી છે :

૧	૨	૩	૪
ડી.એ. વધારાની તારીખો	સરકારે ૩૮૦થી ૯૦૦ સુધીના બેઝિક પગાર મેળવનારાના પાડેલ સ્લેબ્ઝ	સરકારે પાડેલ જે તે સ્લેબ્ઝ અનુસાર મળતી રિવાઈઝ્ડ કરેલ ડી.એ.ની રકમ	ગુજરાત યુનિવર્સિટીએ ૩૮૦ થી ૯૦૦ સુધીના બેઝિક પગાર મેળવનારના પાડેલ સ્લેબ્ઝ
૧. ૧–૩–૧૯૬૬			
૨. ૧–૧૦–૧૯૬૬			
૩. ૧–૧–૧૯૬૭			
૪. ૧–૨–૧૯૬૭			
૫. ૧–૩–૧૯૬૭			
૬. ૧–૬–૧૯૬૭			
૭. ૧–૪–૧૯૬૮			
૮. ૧–૪–૧૯૭૧			
૯. ૧–૨–૧૯૭૨			
૧૦. ૧–૧૦–૧૯૭૨			
૧૧. ૧–૫–૧૯૭૩			
૧૨. ૧–૮–૧૯૭૩			
૧૩. ૧–૧૦–૧૯૭૩			
૧૪. ૧–૧–૧૯૭૪			
૧૫. ૧–૩–૧૯૭૪			
૧૬. ૧–૫–૧૯૭૪			
૧૭. ૧–૬–૧૯૭૪			
૧૮. ૧–૮–૧૯૭૪			
૧૯. ૧–૧૦–૧૯૭૪			

સરકારે પાડેલ કૉલમ (૨)માં જણાવેલ બેઝિકના સ્કેઝમાં ગુજરાત યુનિવર્સિટીએ કૉલમ (૪)માં બનાવ્યા અનુસાર જો કોઈ ફેરફાર કર્યો હોય તો તેની પાછળનાં કારણો	ગુજરાત યુનિવર્સિટીએ પાડેલ જે તે સ્કેઝ અનુસાર મળતી રિવાઈઝ્ડ ડી.ઓ.ની. રકમ
૫	૬

ઉત્તર ૧૪૯ : (ક) પાંચ વર્ષથી ઓછાઉના સમય ગાળાને સ્પર્શતી માહિતી સ્ટે. ૩૧ (૫) (૨) (આઈ) મુજબ આપવાનું બની શકે નહીં, તો માફ કરશો. તે પછીના સમયની માહિતી માટે **પરિશિષ્ટ "૩૫" જોવા** વિનંતી છે.

પ્રશ્ન ૧૪૯ : (ખ) ઉપરની વિગતમાં ૪૨૪--૪૨૯, ૪૩૦--૪૩૨, ૪૩૩--૪૬૧ના બેઝિક સ્કેઝમાં "ડી.ઓ."નો રકમ મૂળ પગારમાં ઉમેરાતાં ટોટલ ઇમોલ્યુમેન્ટ ઘટવાનું કારણ શું છે?

ઉત્તર ૧૪૯ : (ખ) યુનિવર્સિટીઓ મોંઘવારી ભથ્થાના દર રાજ્ય સરકારના ધોરણે નિયત કરેલા છે. તેમાં સાતમું સ્કેઝ પર કયાં કારણોસર ઉપરનો ફેરફાર છે તેની માહિતી આ કાર્યાલય પાસે નથી.

પ્રશ્ન ૧૪૯ : (ગ) અને ૭૧૦ સુધી ઘટતું રહેલ ડી.એ. ૭૧૧થી ૯૦૦ના સ્કેઝમાં એકાએક કેમ વધી જાય છે?

ઉત્તર ૧૪૯ : (ગ) ઉપર પ્રશ્ન (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૯ : (ઘ) તેની પાછળનાં નીતિવિષયક કે આર્થિક કારણો કયાં છે?

ઉત્તર ૧૪૯ : (ઘ) પ્રશ્ન ૧૪૯ (ખ) અને ૧૪૯ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫૦ : (ક) અનુસ્નાતક કક્ષાએ ૩ રિસર્ચ પેપર્સ પ્રકાશિત થયેલા રજૂ કરવાનો જે આગ્રહ યુનિવર્સિટી સેવે છે તે સંદર્ભમાં નીચેના ખુલાસા કરવા વિનંતી છે:

કાગળની અને સ્ટેશનરીની પ્રવર્તમાન તંગીની પરિસ્થિતિમાં યુનિવર્સિટીના ૧૦૦૦ કરતાં વધુ સંખ્યા ધરાવતા પી. જી. શિક્ષકોના પ્રત્યેકના ત્રણ ત્રણ એમ મળી કુલ ૩૦૦૦થી વધુ રિસર્ચ આર્ટિકલ્સ, જો તે દરેક આર્ટિકલમાં ઓછામાં ઓછાં ૫ પાનાં માની લઈએ તો, કુલ ૧૫૦૦૦થી વધુ પાનાંનું વિપુલ સાહિત્ય જાહેર કે પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશન પામી શકે તે શક્ય જણાતું નથી ત્યારે તેના વિકલ્પમાં યુનિવર્સિટી શી જોગવાઈ કરી શકે તેમ છે?

ઉત્તર ૧૫૦ : (ક) માન્ય અનુસ્નાતક શિક્ષકો/માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશોની માન્યતા ચાલુ રાખવાના હેતુ માટે ૩ સંશોધન પેપરો/લેખો અગર મોનોગ્રાફ પ્રકાશિત થયેલા ન હોય, પરંતુ પ્રકાશન માટે સ્વીકૃત થયેલા હોય તે વિકલ્પ પણ સ્વીકારવામાં આવેલો છે. વધુમાં જાણ માટે ઉમેરવાનું કે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૬૪ જેટલા શિક્ષકો તરફથી, પોતાની માન્યતા ચાલુ રાખવા માટે સંશોધન પેપરો/લેખોવાળી માહિતી સાથેની અરજીઓ યુનિવર્સિટી કાર્યાલયને મળેલ છે.

પ્રશ્ન ૧૫૦ : (ખ) આવા અધ્યાપકો પાસે સંશોધન લેખો લિખિત સ્વરૂપમાં તૈયાર હોય તો તેને સ્વીકૃતિ આપવા માટે યુનિવર્સિટી પાસે કોઇ જોગવાઈ છે? હોય તો માહિતી આપશો?

ઉત્તર ૧૫૦ : (ખ) યુનિવર્સિટીના સંશોધન સામયિક 'વિદ્યા'ના વિજ્ઞાનવિદ્યા, સમાજવિદ્યા અને ભાષાસાહિત્યના અલગ અલગ એવા ત્રણ અંકો વર્ષમાં બે વાર પ્રકાશિત કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે.

પ્રશ્ન ૧૫૦ (ગ) : (૧) જે રિસર્ચ પેપર છપાવવાની માહિતી યુનિવર્સિટીની જૂન ૧૯૭૪ની કોર્ટની પ્રશ્નોત્તરીમા પ્રકટ થઈ છે તે બધાં જ રિસર્ચ પેપર છે ખરાં?

ઉત્તર ૧૫૦ (ગ) : (૧) જે તે વિષયના નિષ્ણાતો તે કહી શકે.

પ્રશ્ન ૧૫૦ (ગ) : (૨) તેની કોઇ ભૂમિકાએ ચકાસણી કે મૂલ્યાંકન થયું છે ખરું?

ઉત્તર ૧૫૦ (ગ) : (૨) તે અંગેની કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૧૫૦ (ગ) : (૩) જો ન થયું હોય તો યુનિવર્સિટી લેખના નામ પરથી જ સંતોષ માની લે છે કે તે દિશામાં આગળ કોઈ કાર્યવાહી કરવા માંગે છે? ક્યારે?

ઉત્તર ૧૫૦ (ગ) : (૩) ઉપર પ્રશ્ન ૧૫૦ (ગ) (૧) નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૫૧ : (ક) ૧૯૭૨ પહેલાંની પી.એફ.ની રકમ બેંકના પી.એફ. ખાતામાં જમા કરાવવાનો મૅનેજમેન્ટને જે આદેશ ગુજરાત યુનિવર્સિટીએ આપેલ છે તેના સંદર્ભમાં નીચેની સ્પષ્ટતા કરવા વિનંતી છે.

પાંચ હપતાઓમાં જમા કરાવવાની જે રકમ યુનિવર્સિટીએ ગણી છે, તેમાં કયા વર્ષથી કયા વર્ષ સુધી કપાયેલ પી.એફ. ફાળાનો સમાવેશ થાય છે?

ઉત્તર ૧૫૧ : (ક) સંસ્થાના ફાળા સહિતની પ્રૉ. ફંડની રકમ પાંચ હપતામાં જમા કરાવવા અંગેના ઠરાવની જાણ યુનિ. કાર્યાલયના તા. ૧૦–૧૨–૧૯૭૧ના પરિપત્રાંક સિ. પ્રૉ. ફંડ-૦૧૮૪૨૪થી કરવામાં આવી હતી. તેમાં કયા વર્ષથી કયા વર્ષ સુધીમાં કપાયેલ P.F. ફાળાનો સમાવેશ કરવો તે જણાવેલું નથી પરંતુ તે તારીખ સુધીમાં, જે તે સભ્યના ખાતે જમા થયેલી રકમ તેમાં ગણવી જોઈએ એમ અપેક્ષા રહે છે.

પ્રશ્ન ૧૫૧ : (ખ) એ વર્ષ પછીથી આજદિન સુધીના પી.એફ.ની સોએ સો ટકા રકમ જે તે કૉલેજના પી.એફ. ખાતામાં જમા થયેલી હોવી જોઈએ તે અંગે યુનિવર્સિટીએ શી તાકીદ કરી છે?

ઉત્તર ૧૫૧ : (ખ) તેવી કોઈ ફરિયાદ યુનિ. કાર્યાલયને મળી નથી તેથી તાકીદ કરવાનો પ્રશ્ન ઊભો થયો નથી.

પ્રશ્ન ૧૫૧ : (ગ) જો તે રકમ જમા ન થઈ હોય તો યુનિવર્સિટી તે અંગે કયાં પગલાં લે છે?

ઉત્તર ૧૫૧ : (ગ) ઉપર પ્રશ્ન ૧૫૧ (ખ) નો ઉત્તર જોવા વિનંતી છે.

વધુમાં ઉમેરવાનું કે પ્રો. ફંડ કમિટી પર કર્મચારીઓના પ્રતિનિધિની નિમણૂક યુનિવર્સિટીએ આવશ્યક કરેલી છે.

પ્રશ્ન ૧૫૧ : (ઘ) માર્ચ ૧૯૭૫ સુધીમાં એ પાંચ હપતા પૈકી કેટલા હપતા બૅંકમાં પી.એફ. ખાતામાં જમા થયેલા હોવા જોઈએ?

ઉત્તર ૧૫૧ : (ઘ) ૩૧મી માર્ચ ૧૯૭૫ સુધી આવા ત્રણ હપતા થાય.

પ્રશ્ન ૧૫૧ : (ચ) બૅંકના સ્ટાફ પી.એફ.ના ખાતામાં સ્ટાફને પી.એફ.માંથી લોન આપવા સિવાયના અન્ય પ્રયોજન માટે કોઈ કૉલેજ પૈસા ઉપાડી શકે ખરી?

ઉત્તર ૧૫૧ : (ચ) ના, જી.

પ્રશ્ન ૧૫૧ : (છ) જો ઉપાડયા હોય તો તે દિશામાં યુનિવર્સિટી કયાં પગલાં લે છે?

ઉત્તર ૧૫૧ : (છ) આ અંગે યુનિ. પાસે કોઈ માહિતી નથી; અને તેથી તે બાબતમાં પગલાં લેવાનો પ્રશ્ન હાલના તબક્કે ઊભો થતો નથી.

[૧૧] પ્રા. ચિમનભાઈ ત્રિવેદીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૫૨ : તા. ૧૫-૧-૧૯૭૪ના રોજ એકિઝકયુટિવ કાઉન્સિલે યુવક મહોત્સવ અંગે સર્વગ્રાહી વિચારણા કરવા માટે નીમેલી સમિતિએ આ પ્રવૃત્તિ અંગે કયા નિર્ણયો લીધા છે?

ઉત્તર ૧૫૨ : આ અંગે નિયુકત સમિતિએ **પરિશિષ્ટ "૩૬"** પ્રમાણેના નિર્ણયો લીધા હતા.

પ્રશ્ન ૧૫૩ : (ક) કઈ કઈ કૉલેજોએ પ્રોવિડન્ટ ફંડની રકમ માટે અધ્યાપકોના પ્રતિનિધિઓવાળા ટ્રસ્ટની રચના કરી નથી?

ઉત્તર ૧૫૩ : (ક) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫૩ : (ખ) એવી રચના માટે કૉલેજોને યુનિવર્સિટીએ તાકીદ કરી છે ખરી?

ઉત્તર ૧૫૩ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧૫૪ : (ક) યુનિવર્સિટીએ એમ.એ.ની "એકસ્ટર્નલ" પરીક્ષા લેવા અંગે કોઈ નિર્ણય કર્યો છે ખરો?

ઉત્તર ૧૫૪ : (ક) ના, જી.

પ્રશ્ન ૧૫૪ : (ખ) "ભવન"માં ચાલતા સાંજના અનુસ્નાતક વર્ગો બંધ કરવાનું યુનિવર્સિટી વિચારે છે ખરી?

ઉત્તર ૧૫૪ : (ખ) એમ.એ. કક્ષાએ એકસ્ટર્નલ પરીક્ષા લેવાની પ્રથા દાખલ કરવામાં આવે તો સાંજના વર્ગોની આવશ્યકતા રહે કે કેમ તે પ્રશ્ન એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની સભા સમક્ષ મૂકવામાં આવેલ છે.

પ્રશ્ન ૧૫૪ : (ગ) અનુસ્નાતક વર્ગો સ્થાનિક કૉલેજોને સોંપવા અંગે કોઈ વિચારણા થઈ છે ખરી?

ઉત્તર ૧૫૪ : (ગ) એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિએ અમદાવાદ શહેરમાં અનુસ્નાતક શિક્ષણ માટેના સાંજના વર્ગો જરૂરી સ્થાનિક શિક્ષકગણ અને અન્ય સુવિધાઓ ધરાવતી વધુમાં વધુ બે કૉલેજોમાં શરૂ કરી શકાય એવી જોગવાઈ કરવાની ભલામણ કરી છે.

પ્રશ્ન ૧૧૪ : (ઘ) અડારગામનાં પરીક્ષાકેન્દ્રો પર સામૂહિક ચોરી થાય છે એવી વારંવાર રજૂઆત થઈ છે? આ બાબતે યુનિવર્સિટી કોઈ નક્કર પગલાં લેવા વિચારે છે ખરી?

ઉત્તર ૧૧૪ : (ઘ) પરીક્ષામાં સામૂહિક ચોરી થઈ છે એવી કોઈ રજૂઆત વારંવાર સ્પષ્ટ નિદેશ સાથે થઈ નથી. તેવું ન બને તે માટે યુનિવર્સિટી તરફથી કેન્દ્રો પર "ઓબ્ઝર્વર" મોકલવાનું ગોઠવવામાં આવે છે.

પ્રશ્ન ૧૧૫ : (ક) યુનિવર્સિટીનું વિજ્ઞાનભવન યુનિવર્સિટીથી સ્વતંત્રપણે કોઈ આર્થમૂલક વ્યવહાર--વ્યવસ્થા કરી શકે ખરું?

ઉત્તર ૧૧૫ : (ક) હા, જી. ઑર્ડિ. ૬૨--ડી પ્રમાણે કરી શકે છે.

પ્રશ્ન ૧૧૧ : (ખ) વિજ્ઞાનભવનના વનસ્પતિશાસ્ત્ર વિભાગમાં ડૉકટરેટના અભ્યાસ દરમિયાન પ્રો. એચ. કે. સુથાર સાથે આવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી હતી?

ઉત્તર ૧૧૧ : (ખ) સ્પષ્ટ માહિતીના અભાવે ઉત્તર આપવાનું બની શકયું નથી તો માફ કરશો.

પ્રશ્ન ૧૧૧ : (ગ) આવી કોઈ વ્યવસ્થાને ડિપોઝિટની રકમ સાથે સંડોવી શકાય?

ઉત્તર ૧૧૫ : (ગ) પ્રશ્ન ૧૧૧ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૫ : (ઘ) જો ના, અને પ્રો. સુથારની ડિપોઝિટની રકમ અટકાવવામાં આવી હોય તો એ શા માટે અટકાવવામાં આવી છે?

ઉત્તર ૧૧૫ : (ઘ) પ્રો. સુથારની લેબોરેટરી ડિપોઝિટ પરત કરવામાં આવી છે.

[૧૨] શ્રી. ગણપત પી. કંદોઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૧૬ : (ક) જેવી રીતે સિટી લૉ કૉલેજનું નામ બદલી "આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ" અને ન્યૂ લૉ કૉલેજનું નામ બદલી "એમ. એન. લૉ કૉલેજ" રાખવાનું ફકત બે લાખ રૂપિયાના દાનના કારણે સ્વીકારવામાં આવ્યું છે તો તેવી રીતે હું પોતે ગુજરાત યુનિવર્સિટીને ૫ લાખ (પાંચ લાખ) રૂપિયાનું દાન આપવા માગું છું. પરંતુ મારી શરત એટલી જ છે કે હવેથી ગુજરાત યુનિવર્સિટીએ પોતાનું નામ બદલીને "ગણપત યુનિવર્સિટી" સ્વીકારવું. શું આ યુનિવર્સિટીને મંજૂર છે?

ઉત્તર ૧૧૬ : (ક) કોઈ પણ પ્રકારના પ્રદાન અને તેની શરતો સ્વીકારવાની સત્તા એકિઝકયુટિવ કાઉન્સિલને હોય છે.

પ્રશ્ન ૧૧૬ : (ખ) નહિ, તો શા માટે?

ઉત્તર ૧૧૬ : (ખ) ઉપર પ્રશ્ન ૧૧૬(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૬ : (ગ) કૉલેજની મૅનેજિંગ બોડી ગમે તે નિર્ણય લે પરંતુ ગુજરાત યુનિવર્સિટી સાથે જ્યારે તે કૉલેજ સંલગ્ન હોય ત્યારે ગુજરાત યુનિવર્સિટીની કંઈ ફરજ ખરી કે નહીં?

ઉત્તર ૧૧૬ : (ગ) સંલગ્ન કૉલેજોનું નામાભિધાન બદલવાનો નિર્ણય તે કૉલેજનું સંચાલક મંડળ કરે તેમાં યુનિવર્સિટીની ફરજનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૫૭ : (ક) સને ૧૯૭૩--૭૪માં ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા શ્રી. મનીષી જાની કે જેઓ યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બર હતા, તેમની ફર્સ્ટ એમ.એ.ની ફર્સ્ટ ટર્મમાં અસંખ્ય હાજરી ખૂટતી હોવા છતાં વી. સી.એ કયાં કારણોસર તેમની હાજરી કોન્ડોન કરી હતી ?

ઉત્તર ૧૫૭ : (ક) ૧૯૭૩--૭૪ ના વર્ષમાં એમ.એ. પાર્ટ ૧ ના વિષયમાં પ્રથમ સત્રમાં અપાયેલાં કુલ વ્યાખ્યાનોના ૫૦ ટકા ઉપરાંત હાજરી શ્રી. મનીષી જાનીએ રાખી હતી, અને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શ્રી. પરીક્ષા નિયામકે તેમની ખૂટતી હાજરી માફ કરી હતી. આ ખૂટતી હાજરી માફ કરવાનું કારણ વિદ્યાર્થીની માંદગીનું હતું.

પ્રશ્ન ૧૫૭ : (ખ) આ ખૂટતી હાજરી (ગ્રાન્ટ) પૂરી કરવાનો નિર્ણય નવનિર્માણ રચાયા પહેલાં લીધો હતો કે પછી ?

ઉત્તર ૧૫૭ : (ખ) શ્રી. મનીષી જાનીની ખૂટતી હાજરી માફ કરવાનો નિર્ણય તા. ૭--૧૨--૧૯૭૩ના રોજ લેવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૧૫૭ : (ગ) તેની તારીખ સાથે જણાવશો ?

ઉત્તર ૧૫૭ : (ગ) પ્રશ્ન ૧૫૭(ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫૮ : એમ.એ.માં પાર્ટ એક અને પાર્ટ બે એમ બન્નેમાં થઈને ચાર ટર્મ હોય છે તે ચાર ટર્મમાંથી કોઈ પણ એક ટર્મ માટે જ મેડિકલ સર્ટિફિકેટ સ્વીકારવામાં આવે છે તે ગેર-વાજબી છે. ચાર ટર્મમાં કુલ બે ટર્મમાં મેડિકલ સર્ટિફિકેટ સ્વીકારવું જોઈએ.

ઉત્તર ૧૫૮ : આ અભિપ્રાય માટે આભાર.

[૧૩] **શ્રી. અશ્વિન વૈદ્યે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૫૯ : (ક) ગયા વર્ષે નવનિર્માણના આંદોલન બાદ વિદ્યાર્થીઓને પરીક્ષા આપ્યા વગર ઉપર ચડાવી દેવાનો નિર્ણય કરવાનું પ્રયોજન શું ? શ્રી. ઉપકુલપતિ સાહેબનો હેતુ ફકત ખુરશી ટકાવી રાખવાનો હતો ?

ઉત્તર ૧૫૯ : (ક) આ અંગે વિદ્યાર્થીઓ સહિતની સમિતિ નીમવામાં આવેલ અને વિશિષ્ટ સંજોગો તપાસ્યા બાદ નિર્ણય લેવામાં આવેલ.

પ્રશ્ન ૧૫૯ : (ખ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી. સાંડિલ્યે આવા નિર્ણયની સામે રાજીનામું આપ્યું હતું તો શ્રી. ઈશ્વરભાઈએ કેમ આપ્યું નહીં ?

ઉત્તર ૧૫૯ : (ખ) પ્રશ્ન (ક)નો ઉત્તર જોતાં ઉત્તર આપવાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૧૫૯ : (ગ) ઉપરોકત નિર્ણયથી ઘણા વિદ્યાર્થીઓનાં ભવિષ્ય બગડયાં છે તેનાથી શ્રી. ઈશ્વરભાઈ વાકેફ છે ?

ઉત્તર ૧૫૯ : (ગ) વિદ્યાર્થીઓને વિકલ્પે પરીક્ષા આપવાની જોગવાઈ કરવામાં આવી હતી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૫૯ : (ઘ) શું આવો નિર્ણય કરી ફકત કોલેજો ભરવાનો આપનો હેતુ હતો ?

ઉત્તર ૧૫૯ : (ઘ) એમ કહી શકાય નહીં.

પ્રશ્ન ૧૫૯ : (ચ) આવા નિર્ણયથી ઘણા વિદ્યાર્થીઓને નોકરી નથી મળતી તો આ અંગે આપના તરફથી કોઈ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે?

ઉત્તર ૧૫૯ : (ચ) ખાસ વ્યવસ્થા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. વ્યાવસાયિક તાલીમના કાર્યક્રમો ચાલે છે.

પ્રશ્ન ૧૫૯ : (છ) શું આવા નિર્ણયમાં રાજકીય પક્ષોનો હાથ હતો?

ઉત્તર ૧૫૯ : (છ) એનો ઉત્તર શકય નથી.

[૧૪] શ્રી. એચ. સી. શેલતે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૬૦ : (ક) (૧) એમ.એસસી. તથા એમ.એ.ની માફક એમ.કૉમ.ને શા માટે યુનિવર્સિટીના ભવનમાં ચલાવવામાં આવતા નથી.

ઉત્તર ૧૬૦ : (ક) (૧) વાણિજ્યનું અનુસ્નાતક વિદ્યાભવન શરૂ કરવાના પ્રસ્તાવનો પાંચમી પંચવર્ષીય યોજનામાં સમાવેશ કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ રજૂઆત કરવામાં આવેલી છે તે મંજૂર થાય તે પછી યુનિવર્સિટીનું વાણિજ્ય વિદ્યાભવન શરૂ કરવાનું વિચારી શકાશે.

પ્રશ્ન ૧૬૦ : (ક) (૨) મકાનોની સગવડ ન હોય તો અન્ય કોર્સીસને પ્રાધાન્ય આપી શા માટે વી. સી. સમાજમાં હલકો જશ ખાવાનો પ્રયાસ કરે છે?

ઉત્તર ૧૬૦ : (ક) (૨) સદરહુ પ્રશ્ન આક્ષેપાત્મક હોઈ તેનો જવાબ આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૬૦ : (ખ) તેમનું આવું દંભી વર્તન તેઓ કયારથી બદલવા માગે છે?

ઉત્તર ૧૬૦ : (ખ) સદરહુ પ્રશ્ન આક્ષેપાત્મક હોઈ તેનો જવાબ આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૬૧ : એમ.કૉમ. કક્ષાએ એડમિશન આપવામાં ચાલતી લાગવગશાહી અને તુમારશાહી રોકવા માટે ગુજરાત યુનિવર્સિટી પોતે અમદાવાદની તેમ જ બહારગામની કૉલેજોને યુ.ક. સીવું જ એડમિશન યુનિવર્સિટીના કાર્યાલયમાં આપવાની વારંવાર માગણી અંગે કંઈક વિચાર્યું છે ખરું?

ઉત્તર ૧૬૧ : યુનિવર્સિટીએ કૉલેજોમાં સ્થાપેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવા માટે કેન્દ્રોને સૂચના આપવામાં આવેલ છે. તેમાં લાગવગશાહી કે તુમારશાહીનો પ્રશ્ન ઊભો થતો નથી એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે એમ.કૉમ.નાં અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેનો પ્રશ્ન હાલ યુનિવર્સિટીની વિચારણા હેઠળ છે. તે અંગેની વિચારણા વખતે આ સૂચન પર પણ વિચારણા કરી શકાશે.

પ્રશ્ન ૧૬૨ : યુનિવર્સિટીના વહીવટમાં કરકસરનાં પગલાં જે લેવાય છે તે સમયે યુનિવર્સિટીના વી.-સી. યુનિવર્સિટીના ખર્ચે વૈભવશાળી બંગલામાં રહી યુનિવર્સિટીની મોટર, ફર્નિચરો, એરોપ્લેનમાં ફરવું વગેરે વાપરે તે હાલની પરિસ્થિતિમાં કઢંગું નથી શું? તો આજની તારીખથી વી.-સી. સ્વેચ્છાથી યુનિવર્સિટીમાં કરકસરનો દાખલો બેસાડવા અંગે સક્રિય પગલાં લેવા ધારે છે?

ઉત્તર ૧૬૨ : યુનિવર્સિટીના કુલપતિશ્રી માનાર્હ સેવાઓ આપે છે અને સ્ટે. ૧૩૦-એ માં જણાવ્યા પ્રમાણે તેઓશ્રીને બંગલો, ટેલિફોન, મોટર વગેરેની સગવડો આપવામાં આવે છે. આ સગવડો કુલપતિપદ સંભાળનાર વ્યક્તિને આપવાનું યુનિવર્સિટીનાં સત્તામંડળોને જરૂરી જણાયું છે.

[૧૫] પ્રા. પી. સી. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૬૩ : (ક) યુ.જી.સી. પગારધોરણના એરિયર્સના સંદર્ભમાં દશ વાર્ષિક હપતા કઈ કઈ કૉલેજોએ ચૂકવ્યા નથી?

ઉત્તર ૧૬૩ : (ક) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૩ : (ખ) અધ્યાપકોના યુ.જી.સી. એરિયર્સની રકમ દહેગામ કૉલેજે ડિપોઝિટ તરીકે લીધેલી તે રકમ લાગતાવળગતા અધ્યાપકોને પરત કરવામાં આવી છે?

ઉત્તર ૧૬૩ : (ખ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૩ : (ગ) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ અધ્યાપકોને મળતાં એરિયર્સ ડિપોઝિટ તરીકે લઈ શકાય?

ઉત્તર ૧૬૩ : (ગ) નાણાના માલિકની સંમતિ વિના તે કોઈથી ડિપોઝિટ લઈ શકાય નહીં.

પ્રશ્ન ૧૬૩ : (ઘ) જો ના, તો યુનિવર્સિટીએ તે કૉલેજ સામે શું પગલાં લીધાં છે?

ઉત્તર ૧૬૩ : (ઘ) ચોક્કસ માહિતી રજૂ થયેથી પગલાં લેવાનું વિચારી શકાય.

પ્રશ્ન ૧૬૩ : (ચ) યુ.જી.સી. પગારધોરણ મુજબ ટયૂટર-ડેમોન્સ્ટ્રેટરના નવા સ્કેલનો (રૂ. ૩૦૦--૪૦૦) અમલ કઈ કઈ કૉલેજોએ કર્યો નથી?

અને

પ્રશ્ન ૧૬૩ : (છ) કઈ કઈ કૉલેજોએ આ નિમિત્તે ગ્રાન્ટ લીધી છે અને નવા પગારોનો અમલ નથી કર્યો?

ઉત્તર ૧૬૩ : (ચ) અને (છ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૩૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૩ : (જ) અમલ ન કરનાર કૉલેજો સામે યુનિવર્સિટીએ શું પગલાં ભર્યાં છે?

ઉત્તર ૧૬૩ : (જ) સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવામાં આવશે.

પ્રશ્ન ૧૬૩ : (ઝ) અમલ કરાવવા માટે હવે યુનિવર્સિટી શું પગલાં ભરનાર છે?

ઉત્તર ૧૬૩ : (ઝ) તે માટેના પ્રયત્નો ચાલુ જ રાખવામાં આવશે.

પ્રશ્ન ૧૬૪ : (ક) હાલનાં ધારાધોરણ પ્રમાણે કઈ કઈ કૉલેજોએ પી.એફ. ટ્રસ્ટ બનાવ્યું છે?

ઉત્તર ૧૬૪ : (ક) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૪ : (ખ) આ નિયમો પ્રમાણે કઈ કઈ કૉલેજોએ અધ્યાપક અને સંસ્થાનો ફાળો પી. એફ. ટ્રસ્ટના નામે કયાં ડિપોઝિટ કરાવ્યો છે?

ઉત્તર ૧૬૪ : (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૪ : (ગ) આ કાર્યવાહી ન કરનાર કૉલેજો સામે યુનિવર્સિટીએ શું પગલાં ભર્યાં છે?

ઉત્તર ૧૬૪ : (ગ) પી.એફ.નાં નાણાં તે માટેના ટ્રસ્ટના નામે ડિપોઝિટ કરવાની બાબતમાં કૉલેજો પાસેથી માહિતી મંગાવવામાં આવી છે. તે માહિતી આવ્યેથી જરૂર જણાશે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

પ્રશ્ન ૧૬૪ : (ઘ) પી.એફ.ની રકમ સામે લીધેલી લોન ઉપર સંસ્થા કેટલું વ્યાજ લઈ શકે?

ઉત્તર ૧૬૪ : (ઘ) પી.એફ.ની રકમની સામે કૉલેજોના કર્મચારીઓએ લીધેલી લોન પર વ્યાજના દર અંગે યુનિવર્સિટીએ ઘડેલો સંબંધકર્તા નિયમ નીચે મુજબ છે :

"15. The amount advance shall be repaid in such equal monthly instalments not exceeding 24 in all as the trustees may fix and in all cases it shall bear interest at the rate fixed by the trustees subject to the condition that it shall not be less than the rate of interest which is credited to the subscriber's account of the fund, such interest being calculated on the amount outstanding from time to time. Interest shall be payable by the employee in the month succeeding the one in which the last instalment is paid."

પ્રશ્ન ૧૬૪ : (ચ) કઈ કઈ કૉલેજોએ પી.એફ. ટ્રસ્ટ ઉપર અધ્યાપકોના પ્રતિનિધિ તરીકે અધ્યાપકની નિયુક્તિ કરી નથી ?

ઉત્તર ૧૬૪ : (ચ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૪ : (છ) અમદાવાદ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજના અધ્યાપકોના પી.એફ.ની રકમ ક્યાં (કઈ અધિકૃત સંસ્થા કે બૅંકમાં) જમા કરાવી છે?

ઉત્તર ૧૬૪ : (છ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૪ : (જ) અધ્યાપકોની પી.એફ. બુકમાં કોણે સહીઓ કરી છે?

ઉત્તર ૧૬૪ : (જ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૪ : (ઝ) અમદાવાદ સાયન્સ કૉલેજના અધ્યાપકોને છેલ્લા કેટલાક મહિનાથી પગારપત્રક ઉપર સહી કરવા દીધી નથી તે વાત સાચી?

ઉત્તર ૧૬૪ : (ઝ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૪ : (ટ) જો હા, તો કેમ ?

ઉત્તર ૧૬૪ : (ટ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૪ : (ઠ) અમદાવાદ સાયન્સ કૉલેજના કયા કયા અધ્યાપકોએ પી.એફ. સામે લોનની અરજીઓ કરેલી ?

ઉત્તર ૧૬૪ : (ઠ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૪ : (ડ) તેમાં કયા કયા અધ્યાપકોને લોન આપેલી અને કયા કયા અધ્યાપકોને અરજી કરવા છતાં લોન આપી નથી?

ઉત્તર ૧૬૪ : (ડ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૪ : (ણ) જો લોન આપી હોય તો તેના ઉપર કેટલું વ્યાજ લેવામાં આવે છે?

ઉત્તર ૧૬૪ : (ણ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૫ : (ક) ઑ. ૯૬ પ્રમાણે ૧૯૬૮--૬૯ અને ૧૯૬૯--૭૦નાં શૈક્ષણિક વર્ષો માટે એસ.ટી.ટી. કૉલેજ (ખેડા)ના અધ્યાપકોની વિષયવાર યાદી આપશોજી?

ઉત્તર ૧૬૫ : (ક) સદરહુ માહિતી પાંચ વર્ષ પૂર્વેની હોઈ સ્ટે. ૩૧ (૫) (૨) (આઈ) અનુસાર તે માહિતી આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૬૫ : (ખ) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (ખેડા)એ ૧૯૭૪--૭૫ના વર્ષની ઑ. ૯૬ની માહિતી યુનિવર્સિટીને કઈ તારીખે આપી?

ઉત્તર ૧૬૫ : (ખ) સદરહુ માહિતી યુનિવર્સિટી કાર્યાલયને તા. ૧૦--૧--૧૯૭૫ના રોજ મળી.

પ્રશ્ન ૧૬૫ : (ગ) તે પ્રમાણે વિષયવાર પૂરા તેમ જ ખંડ--સમયના અધ્યાપકોનાં નામ આપશોજી?

ઉત્તર ૧૬૫ : (ગ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૫ : (ઘ) આ કૉલેજની તપાસ માટે સ્થાનિક તપાસસમિતિ (એલ.આઈ.સી.) કઈ તારીખે ગઈ હતી?

ઉત્તર ૧૬૫ : (ઘ) તા. ૧૧--૨--૧૯૭૫ના રોજ.

પ્રશ્ન ૧૬૫ : (ચ) તે માટે અક્ષમ્ય વિલંબ કેમ થયેલ?

ઉત્તર ૧૬૫ : (ચ) સદરહુ કૉલેજના સંચાલકમંડળના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીના તા. ૧૭-૧૨-૧૯૭૪ના પત્રથી, સ્થાનિક તપાસસમિતિના સભ્ય શ્રી. ગાંધીએ નીચે પ્રમાણે જણાવ્યું હતું:

> "અમારી કૉલેજમાં આચાર્યશ્રી આર. જે. શેઠે રાજીનામું આપેલ હોઈ અને હાલ નવી નિમણૂક ન થાય ત્યાં સુધી એટલે કે જાન્યુઆરી માસમાં નિમણૂક થયેથી યોગ્ય સમયે આવવા તમોને વિનંતી કરવામાં આવે છે તો વિઝિટ હાલ પૂરતી મોકૂફ રાખવા વિનંતી છે."

પ્રશ્ન ૧૬૫ : (છ) આ સંદર્ભમાં તે કૉલેજના કયા કયા અધ્યાપકોના કઈ કઈ તારીખે પત્રો આવેલા?

ઉત્તર ૧૬૫ : (છ) આ તપાસસમિતિ (એલ.આઈ.સી.) સંદર્ભમાં તે કૉલેજના કોઈ અધ્યાપકના પત્રો આ કાર્યાલયને મળ્યા નથી.

પ્રશ્ન ૧૬૫ : (જ) આ વિલંબ માટે યુનિવર્સિટી શા માટે જવાબદાર ન ગણાય?

ઉત્તર ૧૬૫ : (જ) પ્રશ્ન નં. ૧૬૫ (ચ)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૫ : (ઝ) પ્રા. એન. ટી. આમીનના શિક્ષણ બાબતમાં યુનિવર્સિટીને કયારે અને કોના તરફથી પત્ર મળેલ?

ઉત્તર ૧૬૫ : (ઝ) પ્રા. એન. ટી. આમીનના શિક્ષણની બાબતમાં મળેલા પત્રો અંગે માગેલી વિગતો નીચે પ્રમાણે છે :

યુનિ.ને પત્ર મળ્યા તારીખ	કોના તરફથી
૧૯--૧૦--૧૯૭૪	ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય તરફથી
૧૯--૧૦--૧૯૭૪	કૉલેજના આઠ શિક્ષકો તરફથી
૧૯--૧૦--૧૯૭૪	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાના આચાર્ય તરફથી
૨૧--૧૦--૧૯૭૪	કૉલેજના કૉમર્સ વિભાગના વડા તરફથી
૪--૧૨--૧૯૭૪	ઓક્વીસ અધ્યાપકો તરફથી
૨૦--૧૨--૧૯૭૪	પ્રા. આર. જે. શેઠ તરફથી (મૅનેજિંગ ટ્રસ્ટીને લખેલા પત્રની નકલ)

પ્રશ્ન ૧૬૫ : (ટ) તેની તપાસ માટે યુનિ.એ કૉલેજને કયારે પત્ર લખ્યો?

ઉત્તર ૧૬૫ : (ટ) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની કેટલીક બાબતો માટે જે સમિતિ નીમવામાં આવી હતી તે સમિતિને પણ આ પત્રો તપાસના સંદર્ભમાં મોકલી આપવામાં આવ્યા હતા. તપાસસમિતિ નીમ્યા અંગેની જાણ કૉલેજને આ કાર્યાલયના તા. ૨૧--૧૦--૧૯૭૪ના પત્રાંક સિ./૩૭૫૮૧થી કરવામાં આવી હતી.

પ્રશ્ન ૧૬૫ : (ઠ) પત્રનો પાઠ આપશો ?

ઉત્તર ૧૬૫ : (ઠ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૪૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૬ : (ક) કોર્ટની તા. ૨૯/૩૦--૩--૧૯૭૪ની સભામાં પરિશિષ્ટ ૧૩ માં આપેલી માહિતી પ્રમાણે
૧૯૬૯--૭૦માં વ્યા. શ્રી. સી. એચ. પટેલ અને શ્રી. ઓ. સી. પટેલ
૧૯૭૦--૭૧માં પ્રા. એમ. બી. રાવળ, ટ્યૂટર શ્રી. ડી. સી. ભટ્ટ અને એમ. બી. ગુર્જર
૧૯૭૧--૭૨માં ટ્યૂટર શ્રી. પી. એમ. શાહ અને શ્રી. બી. ડી. ચંદોરા કયા વિષયો ભણાવતા હતા?

ઉત્તર ૧૬૬ : (ક) ૧૯૭૧--૭૨ની ઑર્ડિ. ૯૬ ની એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદની માહિતીમાં દર્શાવ્યા પ્રમાણે સદરહુ શિક્ષકો નીચેના વિષયો શીખવતા હતા :

શ્રી. પી. એમ. શાહ	ડિપ.એડ. મનોવિજ્ઞાન પ્રાયોગિક પાઠોનું નિરીક્ષણ
શ્રી. બી. ડી. ચંદોરા	ઑર્ગેનિઝેશન ઑફ કો-કરિક્યુલર એક્ટિવિટીઝ પ્રાયોગિક પાઠોનું નિરીક્ષણ

૧૯૭૦--૭૧ની ઑર્ડિ. ૯૬ની માહિતીમાં સદરહુ શિક્ષકો કયા વિષયો શીખવતા હતા તે અંગે ઉપલબ્ધ માહિતી હવે પછી મોકલવામાં આવશે.

પ્રા. એમ. બી. રાવળ (પ્રા.)
શ્રી. ડી. સી. ભટ્ટ (ટ્રસ્ટી.)
શ્રી. એમ. બી. ગુર્જર (ટ્રસ્ટી.)

૧૯૬૯-૭૦ની માહિતી પાંચ વર્ષ પૂર્વેની હોઈ સ્ટે. ૩૧(૧) (૫) (*i*) અનુસાર આપી શકાય તેમ નથી તો માફ કરશો.

પ્રશ્ન ૧૬૬ : (ખ) આ અધ્યાપકોમાં કોણ કોણ અન્યત્ર પૂરા કે ખંડ સમય માટે નોકરી કરતા હતા?

ઉત્તર ૧૬૬ : (ખ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૬ : (ગ) આમાં શ્રી. એમ. આર. પંચાલનું નામ કોઈ જગાએ કેમ નથી મળતું?

ઉત્તર ૧૬૬ : (ગ) ઑડિ. ૯૬ હેઠળની માહિતી કૉલેજે મોકલેલી છે તેમાં શ્રી. એમ. આર. પંચાલના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૧૬૬ : (ઘ) શ્રી. પંચાલ કઈ તારીખે આ કૉલેજમાં જોડાયા અને કઈ તારીખે છૂટા થયા?

ઉત્તર ૧૬૬ : (ઘ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૬૬ : (ચ) તેઓશ્રી કયો વિષય ભણાવતા હતા?

ઉત્તર ૧૬૬ : (ચ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

[૧૬] પ્રા. વી. એમ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૬૭ : જે આચાર્યશ્રી પોતાની કૉલેજમાં યુનિવર્સિટીના નિયમોનું પાલન કરતા ન હોય તેઓશ્રીની યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં એલ.આઈ.સી.માં નિમણૂક કરી શકાય?

ઉત્તર ૧૬૭ : નિમણૂક કરનાર સત્તામંડળે તે જોવાનું છે.

પ્રશ્ન ૧૬૮ : યુનિવર્સિટી જો નિમણૂક કરતી હોય તો તેઓશ્રી પાસેથી કયા ફળની આશા રાખી શકાય?

ઉત્તર ૧૬૮ : યુનિવર્સિટીનાં ધારાધોરણોના સંદર્ભમાં સંબંધકર્તા કૉલેજ/સંસ્થામાં શી પરિસ્થિતિ પ્રવર્તે છે કે શી હકીકત છે તે તપાસીને તપાસસમિતિઓ પોતાનો હેવાલ આપવાનો હોય છે તથા તે હેવાલ યુનિવર્સિટીનાં જે તે સત્તામંડળો સમક્ષ રજૂ કરવામાં આવે છે તે જોતાં ફળનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૬૯ : અત્યાર સુધીમાં યુનિવર્સિટીઓ આવા કોઈ આચાર્યશ્રીની નિમણૂક કરી છે?

ઉત્તર ૧૬૯ : પ્રશ્ન સ્પષ્ટ નથી, અને તેથી તેનો ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.।

[૧૭] પ્રા. ચિત્તરંજન બી. મહેતાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, જેનો જવાબ નીચે પ્રમાણે આપવામાં આવ્યો હતો :

પ્રશ્ન ૧૭૦ : ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે અગાઉ ઠરાવ્યા પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીની કૉલેજોએ પ્રૉ. ફંડની રકમ નિયત હપતામાં જુદા ખાતામાં જમા કરાવવાની હતી. આ નિયમનું કઈ સંસ્થાઓએ પાલન કર્યું નથી?

ઉત્તર ૧૭૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪૫"** જોવા વિનંતી છે.

[૧૮] **પ્રા. બી. એસ. અગ્રવાલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૭૧ : Please give the names of the colleges affiliated to our University which are running in deficit, with the amount of deficit, for the last five years, after deducting the Govt. grant, as per schedule below :

Name of the College	*Year*	*Total Deficit*	*Govt. Grant*	*Net Deficit*

ઉત્તર ૧૭૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭૨ : Please give me the number of students appeared in Hindi and Persian main subjects from St. Xavier's College, Ahmedabad at S.Y. and T.Y. B.A. Examinations from 1969—70 March onwards.

ઉત્તર ૧૭૨ : સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાંથી માર્ચ ૧૯૬૯-૭૦ પછીના દ્વિતીય તથા તૃતીય બી.એડ.ની પરીક્ષામાં કોઈ વિદ્યાર્થી હિન્દી અને/અથવા ફારસી મુખ્ય વિષય લઈ બેઠો નથી.

પ્રશ્ન ૧૭૩ : (ક) Please let me know the names of the colleges, which have yet not formed the P. F. Trusts as per University Rules.

ઉત્તર ૧૭૩ : (ક) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૪૭"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૭૩ : (ખ) And the action taken by the University for it.

ઉત્તર ૧૭૩ : (ખ) પી.એફ. ટ્રસ્ટની રચના કરવી એ કૉલેજોના જોડાણ માટેની શરત તરીકે મૂકવાનું રાખ્યું છે.

પ્રશ્ન ૧૭૪ : (ક) Please give the names of the colleges which have yet not paid the arrears and put the Tutors/Demonstrators in the revised grades of 300–450.

ઉત્તર ૧૭૪ : (ક) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭૪ : (ખ) And the steps taken by the University for its implementation.

ઉત્તર ૧૭૪ : (ખ) સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવામાં આવશે.

પ્રશ્ન ૧૭૫ : Please let me know why the Tutors/Demonstrators at D. D. Institute of Technology, Nadiad are not included in the orders of the University, for getting the revised grades ?

ઉત્તર ૧૭૫ : રાજ્ય સરકારના તા. ૧૪--૧--૧૯૭૧ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૭૧-૩૪૬૦૧--ખ અનુસાર એન્જિનિયરિંગ તથા ફાર્મસી કૉલેજોના નૉન-ટેકનિકલ જગ્યાઓનો યુ.જી.સી.ની પગાર-સુધારાની યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૧૭૬ : Please give me the details of the sanctioned posts lying vacant in the University departments as per following schedule and reasons for not filling them (for the last five years).

Year	*Subject*	*Post*	*Date of sanction*	*Reasons for not filling it*
1969—70				
1970—71				
1971—72				
1972—73				
1973—74				
1974—75				

ઉત્તર ૧૭૬ : યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં છેલ્લાં પાંચ વર્ષથી ખાલી રહેલી હોય તેવી જગ્યાઓ અંગેની માહિતી નીચે મુજબ છે :

વર્ષ	વિષય	જગ્યા	મંજૂર થયાની તારીખ	કયા વર્ષથી ખાલી છે.	
૧૯૬૯--૭૦	અર્થશાસ્ત્ર	પ્રોફેસર	૧૨/૧૩-૩-૧૯૬૨	૧૯૭૦થી ખાલી હતી	
૧૯૭૦--૭૧	એજ્યુકેશન	લેક્ચરર	૧૨/૧૩-૩-૧૯૭૩		,,
૧૯૭૦--૭૧	મનોવિજ્ઞાન	પ્રોફેસર	૨/૩-૮-૧૯૭૮		,,
૧૯૭૧--૭૨	લેબર વેલ્ફેર	લેક્ચરર	૧૨/૧૩-૩-૧૯૬૨	૧૯૭૧	,,
૧૯૭૨--૭૩	રસાયણ વિજ્ઞાન	પ્રોફેસર	૨/૩-૮-૧૯૭૮	૧૯૭૨	,,
૧૯૭૨--૭૩	રસાયણવિજ્ઞાન	રીડર	,,	૧૯૭૩	,,
૧૯૭૩--૭૪	વનસ્પતિશાસ્ત્ર	,,	,,	૧૯૭૪	,,
૧૯૭૩--૭૪	ગણિતશાસ્ત્ર	,,	,,	૧૯૭૪	,,
૧૯૭૩--૭૪	લેબર વેલ્ફેર	,,	૧૨/૧૩-૩-૧૯૬૨	૧૯૭૪	,,
૧૯૭૩--૭૪	બોટાની	પ્રોફેસર	૨/૩-૮-૧૯૭૮	૧૯૭૪	,,
૧૯૭૪--૭૫	ઉપરોકત તમામ જગ્યાઓ ખાલી હતી.				

નહીં ભરવાનાં કારણો

એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તારીખ ૪--૧--૧૯૭૫ની સભામાં વિદ્યાભવનોના જે તે વિભાગની શિક્ષણ અંગેની જરૂરિયાતો અંગે સર્વગ્રાહી વિચારણા કરી તેમ જ આવતા વર્ષથી શરૂ થનારા નવા વિભાગો માટે જરૂરી જગ્યાઓ અંગે વિચારણા કરી આવશ્યક જગ્યાઓ માટે જાહેરાત આપવાની સત્તા માટે એક સમિતિની રચના કરી છે, અને તે સમિતિની કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૧૭૭ : Prof. R. C. Vashi & Prof. R. L. Patel, both were serving in Chemistry Department of Talod Science College on 1–4–1966. Please give me the following details about them :

1. Prof. R. C. Vashi Prof. R. L. Patel

2. Educational Qualification.
3. Teaching experience (including other colleges, if any)
4. Date of joining Talod College
5. Who was working or officiating as Head of the Dept. ?

ઉત્તર ૧૭૭ : પાંચ વર્ષ પહેલાંની માહિતી સ્ટે. ૩૧ (૫) (૨) (*i*) મુજબ આપવાનું બની શકે તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૭૮ : Please give below the list of the colleges which made appointments without asking for the representative at the University and the subject and post on which the appointment was made.

ઉત્તર ૧૭૮ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭૯ : Please let me know the recommendations made by the Committee appointed by item No. 53 of the Executive Council's minutes dtd. 15-3-74, for keeping the P. G. Grade open after 1—4—'66.

ઉત્તર ૧૭૯ : અનુસ્નાતક પગારધોરણ અંગે ગુજરાતની વડી અદાલતમાં થયેલી રિટ અરજીઓના સંદર્ભમાં આ સમિતિનું કામકાજ આગળ ચાલી શકયું નથી.

પ્રશ્ન ૧૮૦ : (૧) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૮--૫--૧૯૭૪ની સભાના કામકાજ બાબત ક્રમાંક ૩ નીચે (અ) ઓટોનોમસ કૉલેજીસ, (બ) પરીક્ષા સુધારણા, અને (ક) અનુસ્નાતક શિક્ષણના વિકાસની બાબતો પર વર્કશોપ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય રૂ. ૯,૦૦૦ સ્વીકારવી એમ જણાવ્યું છે. તે વિશે નીચેની માહિતી આપશો:
(*i*) યુનિવર્સિટીએ આવી બાબતનો કોઈ વર્કશોપ યોજયો હતો?
(*ii*) તેમાં ભાગ લેનાર વ્યકિતઓનાં નામ અને વર્કશોપની તારીખો.
(*iii*) વર્કશોપનું સ્થળ.

ઉત્તર ૧૮૦ : (૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન વતી આ યુનિવર્સિટીમાં (અ) ઓટોનોમસ કૉલેજીસ, (બ) પરીક્ષા સુધારણા, અને (ક) અનુસ્નાતક શિક્ષણની સુધારણા વગેરે બાબતો પરત્વે પ્રાદેશિક ધોરણે (regional) વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૧૮૦ : (૨) તેમાં ભાગ લેનાર વ્યકિતઓનાં નામ અને વર્કશોપની તારીખો.

ઉત્તર ૧૮૦ : (૨) વર્ષ ૧૯૭૪ના ઑગસ્ટ માસની તા. ૩, ૪ અને ૫ એમ ત્રણ દિવસ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. તેમાં નીચે જણાવેલી વ્યકિતઓએ ભાગ લીધો હતો:
(૧) ડૉ. જકોબ, ચેરમેન, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી
(૨) ડૉ. સતીશચંદ્ર, વાઈસ-ચેરમેન, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી
(૩) શ્રી. એસ. પી. ગુપ્તા, ડેપ્યુટી સેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી
(૪) શ્રી. આઈ. સી. મેનન, ડેપ્યુટી સેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી
(૫) શ્રી. એસ. સી. ગોયેલ, રિસર્ચ ઑફિસર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી
(૬) શ્રી. પી. જી. માવલંકર, એમ.પી., અમદાવાદ

(૭) શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
(૮) ડૉ. રવિપ્રકાશ, કુલપતિશ્રી, ભોપાળ યુનિવર્સિટી, ભોપાળ
(૯) શ્રી. વાય. પી. શુકલ, કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(૧૦) શ્રી. રામલાલ પરીખ, કુલપતિશ્રી, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(૧૧) પ્રો. પી. એસ. માને, કુલપતિશ્રી, નાગપુર યુનિવર્સિટી, નાગપુર
(૧૨) ડૉ. પી. જી. દેવ, કુલપતિશ્રી, ઈન્દોર યુનિવર્સિટી, ઈન્દોર
(૧૩) ડૉ. જી. પી. ભટ્ટ, પ્રો-વાઈસ-ચાન્સેલર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભાવનગર
(૧૪) શ્રીમતી કમલિની એચ. ભાણુસાલી, કુલસચિવ, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ-૨૦
(૧૫) શ્રી. એન. એમ. કોઠારી, આચાર્ય, ગવર્નમેન્ટ કૉલેજ, અજમેર
(૧૬) ડૉ. એસ. નાગરાજન, અંગ્રેજીના પ્રાધ્યાપક, પૂના યુનિવર્સિટી, પૂના
(૧૭) પ્રો. એ. જે. દસ્તૂર, પોલિટિક્સ એન્ડ સિવિક્સ ડિપાર્ટમેન્ટ, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ--૨૯
(૧૮) સિસ્ટર એલ. રેડ્રૂક્સ, સોફિયા કૉલેજ, મુંબઈ--૨૬
(૧૯) પ્રો. એચ. જે. આણિકર, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, પૂના યુનિવર્સિટી, પૂના
(૨૦) ડૉ. બી. કે. ટંડન, ઈકોનોમિક્સના પ્રાધ્યાપક, ઉદેપુર યુનિવર્સિટી, ઉદેપુર
(૨૧) શ્રી. જી. એમ. મહેતા, અંગ્રેજી ડિપાર્ટમેન્ટ, ઉદેપુર યુનિવર્સિટી, ઉદેપુર
(૨૨) ડૉ. એચ. વી. તિવારી, રવિશંકર યુનિવર્સિટી, રાયપુર (એમ.પી.)
(૨૩) પ્રો. એમ. એસ. દુબે, રવિશંકર યુનિવર્સિટી, રાયપુર (એમ.પી.)
(૨૪) પ્રો. બાબુલાલ શરાફ, ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ, રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર
(૨૫) ડૉ. એસ. એમ. દાસગુપ્તા, અધ્યક્ષ, એસ. જી. એસ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, ઈન્દોર
(૨૬) શ્રી. આર. ઓ. કુલકર્ણી, આચાર્ય, રામનારાયણ રુઈયા કૉલેજ, મુંબઈ
(૨૭) ડૉ. ટી. એસ. મૂર્તિ, ફિઝિક્સના પ્રાધ્યાપક, જબલપુર યુનિવર્સિટી, જબલપુર
(૨૮) ડૉ. ટી. એસ. વિલ્કિનસન, આચાર્ય, હિમલોપ કૉલેજ, નાગપુર
(૨૯) ડૉ. આર. એન. ચૌધરી, કૉલેજ શિક્ષણ નિયામક, જયપુર
(૩૦) ડૉ. ડી. ઓ. ડભોલકર, આચાર્ય, ફર્ગ્યુસન કૉલેજ, પૂના--૪
(૩૧) ડૉ. બી. એલ. નિગમ, માધવ કૉલેજ, વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન
(૩૨) શ્રી. જી. આર. મહેશકર, આચાર્ય, યશવંત મહાવિદ્યાલય, નાંદેડ
(૩૩) પ્રો. સી. એલ. અરોરા, આચાર્ય, ડી. બી. એફ. ડી. કૉલેજ, સોલાપુર
(૩૪) ડૉ. (શ્રીમતી) પ્રતિભા દેવ, શિક્ષણના પ્રાધ્યાપક, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ
(૩૫) શ્રી. અંજનીકુમાર, સેક્રેટરી, એસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટી, ન્યૂ દિલ્હી
(૩૬) પ્રો. આર. સી. મેહરોત્રા, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર
(૩૭) શ્રી. પી. એ. પટેલ, શિક્ષણ મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(૩૮) રેવ. ફાધર બ્રાગાન્ઝા, આચાર્ય, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૩૯) ડૉ. જે. જે. ચિનોય, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ

(૪૦) ડૉ. (મિસ) સી. એલ. ભટ્ટ, રીડર ઈન એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(૪૧) ડૉ. જે. ઓ. યાજ્ઞિક, ફિલોસોફી વિભાગના વડા અને પ્રાધ્યાપક, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(૪૨) ડૉ. એસ. આર. પાઠક, ડીન, વાણિજ્ય વિદ્યાશાખા, એ. પી. એસ. યુનિવર્સિટી, રેવા અને આચાર્યશ્રી, ટીચર્સ કૉલેજ, રેવા

(૪૩) ડૉ. પી. ડી. મિસ્ત્રી, ફિઝિક્સના પ્રાધ્યાપક, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, આણંદ કેમ્પસ, આણંદ

(૪૪) ડૉ. (મિસિસ) એચ. એમ. પટેલ, મહિલા આર્ટ્સ કૉલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

(૪૫) શ્રી. એમ. એસ. પટેલ, ડીન, વિનયન વિદ્યાશાખા, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

(૪૬) શ્રી. પ્રકાશચંદ્ર શુકલ, વિદ્યાર્થી, રવિશંકર યુનિવર્સિટી વિદ્યાર્થી યુનિયન, રાયપુર (એમ.પી.)

(૪૭) શ્રી. રાકેશ ભૂપણ ચૌબે, પ્રતિનિધિ, રવિશંકર યુનિવર્સિટી, રાયપુર (એમ.પી.)

(૪૮) શ્રી. વિમલ ચૌધરી, પ્રેસિડેન્ટ, રાજસ્થાન યુનિવર્સિટી વિદ્યાર્થી યુનિયન, જયપુર

(૪૯) શ્રી. મૂકેશ એમ. પટેલ, ૬, સરદાર પટેલ કોલોની, અમદાવાદ-૧૪.

પ્રશ્ન ૧૮૦ : (૩) વર્કશોપનું સ્થળ.

ઉત્તર ૧૮૦ : (૩) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીનું ઓડિટોરિયમ, અમદાવાદ--૯.

પ્રશ્ન ૧૮૧ : What is the qualitative difference between the lectures delivered by an Asst. to P. G. Teacher and a P. G. Teacher, so that one is paid Rs. 10/- per lecture and other Rs. 15/- per lecture, although even Rs. 15/- is quite humiliating and insufficient even for Rickshaw charges from far off places in Ahmedabad ? It will be better if there is no payment at-all !

ઉત્તર ૧૮૧ : અનુસ્નાતક શિક્ષણકાર્ય માટે માનદ વેતનનાં ધોરણો અંગે પ્રશ્નમાં વ્યક્ત થયેલ અભિપ્રાયનો પ્રશ્ન બાજુમાં રાખીને જણાવવાનું કે અનુસ્નાતક શિક્ષણકાર્યમાં વ્યાખ્યાનની ગુણવત્તા જે તે શિક્ષકોની વ્યક્તિગત શક્તિઓ અને રજૂઆત ઉપર આધાર રાખે છે એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે અનુસ્નાતક શિક્ષણકાર્ય માટે બે કક્ષાના શિક્ષકોને માન્યતા આપવામાં આવે છે અને તેમની ઓછામાં ઓછી લાયકાત (શૈક્ષણિક લાયકાત તેમ જ શિક્ષણકાર્યનો અનુભવ)નાં ધોરણો અને માનદ વેતનનાં ધોરણો પણ બે પ્રકારનાં નિયત કરવામાં આવેલાં છે.

પ્રશ્ન ૧૮૨ : Please give me the names of the persons, who were sent as representatives of the University to sit in the Selection Committees of the affiliated Colleges as per schedule below (Between March, 1973 & February, 1975) :

Name of the College	*Post & Subject*	*Name of the Representative*	*T.A. paid*

ઉત્તર ૧૮૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૫૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૩ : Please give me the names of the L.I.C. Committee members, who went to different colleges between Nov. 1974 and Feb. 1975, as per Schedule below :

Name of the college	*Name of the member/members*	*T.A. & D.A. Paid.*

ઉત્તર ૧૮૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૫૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૪ : (ક) Vide Item No. 55 of the E.C., dtd. 18—5—1974, it was resolved that Prof. R. K. Shastri of Tolani College, Adipur, should be paid the arrears immediately; as it was already three years late. Will you please let me know whether the payment has been made? And the amount he has been paid?

ઉત્તર ૧૮૪ : (ક) તોલાણી કૉલેજ, આદિપુરના પ્રા. આર. કે. શાસ્ત્રીએ પોતાની જે રકમ લેણી નીકળતી હોવાનું જણાવ્યું છે તેની ચુકવણી કૉલેજ તરફથી કરવામાં આવી નથી.

પ્રશ્ન ૧૮૪ : (ખ) If the arrears have not been paid as yet, what action the University has taken to see that its resolutions are being carried out by the affiliated Colleges?

ઉત્તર ૧૮૪ : (ખ) સદરહુ બાબત હાલ વિચારણા હેઠળ છે.

[૧૯] **પ્રા. સી. બી. મહેતા**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા:

પ્રશ્ન ૧૮૫ : (ક) હિંમતનગર કૉલેજના વિદ્યાર્થીઓએ કૉલેજ પર તથા અધ્યાપકો પર કરેલા પથ્થર-મારાના સંદર્ભમાં કૉલેજ કઈ કઈ તારીખોએ બંધ રહી હતી?

પ્રશ્ન ૧૮૫ : (ખ) તા. ૧૧મી ઑક્ટોબરથી અનિશ્ચિત મુદત સુધી કૉલેજ બંધ રહ્યાની જાહેરાત સંચાલક મંડળે કર્યા પછી એકાએક તા. ૧૪મીથી કૉલેજ ખૂલશે તેવી જાહેરાત કયાં કારણોસર કરી?

પ્રશ્ન ૧૮૫ : (ગ) બંધ થયાની જાહેરાતને કારણે અધ્યાપકો બહારગામ ચાલ્યા ગયા હોવાથી તા. ૧૪મી પછી કેટલાક અધ્યાપકો બેત્રણ દિવસે કૉલેજમાં જોડાયા ત્યારે તેમની સી.એલ. મંજૂર કરવામાં સંચાલકોએ પક્ષપાતી વલણ લીધું છે તે હકીકત સાચી છે?

પ્રશ્ન ૧૮૫ : (ધ) એક વિદ્યાર્થીએ આ આંદોલનના સંદર્ભમાં અર્થશાસ્ત્રના ટ્યૂટર શ્રી. એમ. સી. ઠક્કર ઉપર નિર્લજ્જ હુમલો કર્યો તે અંગે કૉલેજે તે વિદ્યાર્થી પર શું પગલાં લીધાં?

પ્રશ્ન ૧૮૫ : (ચ) આ વિદ્યાર્થીને પરીક્ષામાં ચોરી કરવાની છૂટ આપી ન હતી માટે સદરહુ અધ્યાપક પર હુમલો કર્યો હતો તે માહિતી સાચી છે?

ઉત્તર ૧૮૫ : (ક) થી (ચ) સદરહુ માહિતી માટે કૉલેજને પુછાવવામાં આવ્યું છે, પરંતુ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૮૬ : (ક) દહેગામ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં તા. ૧૨--૧૧--૧૯૭૩થી પૂરા સમયના મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કૉલેજે શ્રી. ભરતભાઈ ચોક્સીની નિમણૂક કરી હતી પરંતુ તે નિમણૂક કર્યાનો કોઈ નિમણૂક પત્ર અધ્યાપકને આપવામાં આવેલો નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૧૮૬ : (ક) કૉલેજે તેની તા. ૧૩--૧૨--૧૯૭૪ના પત્રથી શ્રી. ભરત ચોક્સીને આપેલ તા. ૧૩--૧૧--૧૯૭૩ના નિમણૂક પત્રની નકલ કૉલેજે યુનિવર્સિટીને મોકલી છે.

પ્રશ્ન ૧૮૬ : (ખ) અધ્યાપકને તે પછી માર્ચ ની ૧૫મીથી છૂટા કરવામાં આવ્યા. તેનો છૂટા કર્યાનો પણ કોઈ પત્ર અધ્યાપકને આપાયો નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૧૮૬ : (ખ) શ્રી. ભરત ચોક્સીએ તેમના તા. ૨૫--૨--૧૯૭૫ના પત્રમાં જણાવ્યા પ્રમાણે તેમને છૂટા કર્યાનો કોઈ પત્ર તેમને મળ્યો નથી.

પ્રશ્ન ૧૮૬ : (ગ) અધ્યાપકે સંસ્થા પાસેથી લેકેશનનો એક મહિનાનો પગાર યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે માગ્યો તે પછી યુનિવર્સિટી સાથેના પત્રવ્યવહાર વખતે કૉલેજે ઉપજાવી કાઢેલો નિમણૂક પત્ર યુનિવર્સિટીને મોકલ્યો છે છતાં યુનિવર્સિટીએ નિમણૂક પત્ર સાચો ગણી તે પ્રશ્નમાં કાંઈ કરવાપાત્ર નથી તેમ અધ્યાપકને જણાવ્યું છે તે સાચું છે?

ઉત્તર ૧૮૬ : (ગ) યુનિવર્સિટીને સદરહુ નિમણૂક પત્ર ઉપજાવી કાઢેલો હોવાનું માનવાને કોઈ કારણ જણાયું નથી અને તેથી શ્રી. ભરત ચોક્સીને તે પ્રશ્નમાં કંઈ કરવાપાત્ર જણાતું નથી તે પ્રમાણે જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૮૬ : (ઘ) નિમણૂક પત્ર જો અધ્યાપકને આપ્યો હોય તો તે મળ્યાની કોઈ સહી કૉલેજના રેકર્ડ પર છે ખરી?

ઉત્તર ૧૮૬ : (ઘ) આ નિમણૂક પત્ર પર શિક્ષકની સહી કેમ લેવામાં આવી નથી તે બાબતમાં કૉલેજને પૂછવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૮૬ : (ચ) આજ સુધી બીજા સર્વ પ્રકારના પત્રો મળ્યાની કૉલેજે અધ્યાપકની સહી લીધી છે તો પછી આ નિમાણૂક પત્ર પર સહી નથી તે બાબત કૉલેજનું જૂઠાણું સાબિત નથી કરતું ?

ઉત્તર ૧૮૬ : (ચ) આ અભિપ્રાયનો પ્રશ્ન હોઈ તેનો જવાબ આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૮૭ : (ક) યુનિવર્સિટી નિયુક્ત લિગલ કમિટી ઉપર શ્રી. ઈન્દ્રવદન નાણાવટી તથા શ્રી. ચંદ્રકાન્ત દરુએ છેલ્લાં પાંચ વર્ષમાં કયા કયા વર્ષમાં સભ્ય તરીકે સેવા આપી?

ઉત્તર ૧૮૭ : (ક) શ્રી. ઈન્દ્રવદન નાણાવટીએ ૧૯૭૦--૭૧માં સેવા આપી. શ્રી. ચંદ્રકાન્ત દરુએ ૧૯૭૪--૭૫માં સેવા આપી.

પ્રશ્ન ૧૮૭ : (ખ) ૧૯૭૦-૭૧, ૧૯૭૧-૭૨, ૧૯૭૨-૭૩, ૧૯૭૩-૭૪ અને ૧૯૭૪-૭૫ના વર્ષ દરમિયાન લિગલ કમિટીની કઈ કઈ તારીખોએ યુનિવર્સિટીએ સભાઓ બોલાવી હતી અને તેમાં શ્રી. ઈન્દ્રવદન નાણાવટી તથા શ્રી. ચંદ્રકાન્ત દરુ કઈ કઈ સભાઓમાં ગેરહાજર તથા હાજર રહ્યા?

ઉત્તર ૧૮૭ : (ખ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૫૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૭ : (ગ) યુનિવર્સિટી નિયુક્ત લિગલ કમિટીની સભાઓમાં ગેરહાજરીને કારણે સભ્યને ફારેગ કરવા અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણો શું છે?

ઉત્તર ૧૮૭ : (ગ) એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિ હોઈ ગેરહાજરી માટે ફારેગ કરવાની કોઈ જોગવાઈ નથી.

પ્રશ્ન ૧૮૭ : (ઘ) તે ધારાધોરણો પ્રમાણે શ્રી. નાણાવટી તથા શ્રી. ચંદ્રકાન્ત દરુને ફારેગ કરવામાં આવ્યા હતા?

ઉત્તર ૧૮૭ : (ઘ) પ્રશ્ન ૧૮૭ (ગ)નો ઉત્તર જોતાં તેઓને ફારેગ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૮૭ : (ચ) જો સભ્યો સતત ગેરહાજર રહેતા હોય તો તેમના સ્થાને યુનિવર્સિટી કોર્ટના સક્રિય સભ્ય હોય તેવા લો અધ્યાપકોને સમિતિમાં સામેલ કરવા જોઈએ તેવી કોઈ રજૂઆત યુનિવર્સિટી સમક્ષ કોર્ટ સભ્યોએ મૌખિક તેમ જ લેખિત કરી હોય તેની માહિતી આપશો.

ઉત્તર ૧૮૭ : (ચ) ચોક્કસ વિગતોના અભાવે માગેલ માહિતી આપવાનું બની શકયું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૮૮ : (ક) યુનિવર્સિટી પોતાના વિકાસ માટેની પંચવર્ષીય યોજના એકેડેમિક બોર્ડ દ્વારા તૈયાર કરાવે છે ત્યારે તેની ઘણી બધી બાબતો એકેડેમિક હોઈ, તૈયાર કરેલી યોજના એકેડેમિક કાઉન્સિલની સભા સમક્ષ રજૂ કરવામાં આવે છે ખરી?

ઉત્તર ૧૮૮ : (ક) એકેડેમિક બોર્ડ તરફથી તૈયાર કરવામાં આવતી વિકાસયોજનાઓમાંની જે બાબતો શૈક્ષણિક હોય છે તે બાબતો એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવે છે.

પ્રશ્ન ૧૮૮ : (ખ) ૧૯૭૧ના વર્ષની શરૂઆતમાં એકેડેમિક બોર્ડે તૈયાર કરેલી યોજના યુનિવર્સિટીએ યુ.જી.સી. સમિતિ સમક્ષ મૂકી છે. તે યોજના તે પહેલાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મૂકવામાં આવી હતી કે કેમ?

ઉત્તર ૧૮૮ : (ખ) ના, જી.

પ્રશ્ન ૧૮૮ : (ગ) એકેડેમિક બાબતમાં યુનિવર્સિટીનું ઉચ્ચતમ સત્તામંડળ એકેડેમિક કાઉન્સિલ હોવા છતાં યુનિવર્સિટીના એકેડેમિક કાર્યક્રમોની યોજના ઘડવામાં તે સત્તામંડળને બાજુ પર મૂકવામાં આવ્યું છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૧૮૮ : (ગ) ના, જી.

[૨૦] **પ્રા. વી. એમ. પટેલે** નીચેના પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૮૯ : (૧) મૅનેજમેન્ટ તાલીમ સેન્ટરમાં જે તે૨ અભ્યાસક્રમો (અંદાજપત્રકના ઉલ્લેખ પ્રમાણે) ચાલે છે તેની માહિતી આપવા વિનંતી છે.

અભ્યાસક્રમનું નામ અને ફાળવેલી સીટ સંખ્યા	પ્રવેશ માટેની ઓછામાં ઓછી લાયકાત	પ્રવેશ આપવા-માં આવેલા વિદ્યાર્થીઓનાં નામો	તેમની એસ.-એસ.સી. વર્ષ ગુણાંક	લાયકાતની વિગતો સ્નાતક ડિગ્રી, વર્ષ ને ગુણાંક	 અનુ. ડિગ્રીનું વર્ષ ને ગુણાંક	 વિશેષ લાયકાત

ઉત્તર ૧૮૯ : (૧) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૫૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૯ : (૨) અંદાજપત્રમાં જેવી રીતે બીજાં ભવનો વગેરેના ખર્ચની વહેંચણી બતાવવામાં આવી છે તે પ્રમાણે આ સેન્ટર માટેની કોઈ વહેંચણી બતાવવામાં આવી નથી તો તેનું કારણ આપશો ?

ઉત્તર ૧૮૯ : (૨) મૅનેજમેન્ટ તાલીમ કેન્દ્રની હાલની પ્રવૃત્તિઓ તે માટેની ગ્રાન્ટ/દાન મળે તે ઉપર આધાર રાખતી હોવાથી તે અંગેની વહેંચણી હાલ બતાવી શકાઈ નથી.

પ્રશ્ન ૧૯૦ : મૅનેજમેન્ટ તાલીમી કેન્દ્રમાં જે શિક્ષકોએ વ્યાખ્યાનો આપ્યાં છે તેના વિષયોની માહિતી નીચેના કોઠા પ્રમાણે આપવા વિનંતી છે :

અભ્યાસક્રમોનાં નામ	શિક્ષકનું નામ	શૈક્ષણિક લાયકાત	મે, ૧૯૭૪થી જાન્યુ. ૧૯૭૫ સુધી દર મહિને લીધેલાં વ્યાખ્યાનોની સંખ્યા	દર મહિને લીધેલાં વ્યાખ્યાનો માટે ચૂકવાયેલા માનદ વેતનની રકમ (ટી.એ., ડી.એ.સાથે)

ઉત્તર ૧૯૦ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૫૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૧ : મૅનેજમેન્ટ તાલીમ સેન્ટરમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા, વેતન, કામના કલાકો વગેરે માહિતી આપવા વિનંતી છે.

ઉત્તર ૧૯૧ : સંખ્યા : ૪ (૨ ટાઈપિસ્ટ-કલાર્ક અને ૨ પટાવાળા)
વેતન : રૂ. ૧૫૩ મૂળ પગાર તથા મોંઘવારી વગેરે ભથ્થાં મળીને કુલ રૂ. ૩૬૧--૪૦ માસિક વેતન આપવામાં આવે છે.
પટાવાળાને દૈનિક રૂ. ૫--૦૦ના ધોરણે રાખવામાં આવે છે.
કામના કલાકો : સવારે ૧૧--૦૦થી સાંજે ૭--૦૦ વાગ્યા સુધી.

પ્રશ્ન ૧૯૨ : (ક) મૅનેજમેન્ટ તાલીમ સેન્ટરમાં સ્વતંત્ર ટેલિફોનની વ્યવસ્થા છે કે કેમ ?
ઉત્તર ૧૯૨ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૯૨ : (ખ) તે ટેલિફોનનો નંબર જણાવશો ?
ઉત્તર ૧૯૨ : (ખ) ૪૦૧૧૯.

પ્રશ્ન ૧૯૩ : (ક) મૅનેજમેન્ટ તાલીમ સેન્ટરના કો-ઑર્ડિનેટરને જેવી રીતે જે સગવડો આપવામાં આવી છે (જેમકે બિનશૈક્ષણિક કર્મચારીઓ, ટાઇપિસ્ટ, પટાવાળા, ટેલિફોન ઓપ. વગેરે) તેવી સવલતો યુનિવર્સિટીના કોઈ પણ વિભાગના વડાને (ડાયરેક્ટરો અને વિજ્ઞાન ભવન સિવાય) આપવામાં આવી છે કે કેમ?

ઉત્તર ૧૯૩ : (ક) મૅનેજમેન્ટ તાલીમ કેન્દ્રના કાર્યાલય માટે ઉપરોકત સવલતો આપવામાં આવી છે. આવી જ સવલતો અનુસ્નાતક ભવનોનાં કાર્યાલયોમાં પણ આપવામાં આવેલી છે; જેનો ઉપયોગ વિભાગોના વડાઓને પણ ઉપલબ્ધ થઈ શકે છે. વિભાગોને માટે વહીવટી સ્ટાફની અલગ વ્યવસ્થા કરવામાં આવેલી નથી.

પ્રશ્ન ૧૯૩ : (ખ) આ માહિતી વિગતવાર આપવા વિનંતી છે.

ઉત્તર ૧૯૩ : (ખ) ઉપર પ્રશ્ન ૧૯૩ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૪ : (ક) યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલે જ્યારે રૂ. ૨૫૦--૦૦ માનદ વેતન પર શ્રી રમેશભાઈ ભટ્ટને કો-ઑર્ડિનેટર તરીકે નિમણૂક કરી હતી ત્યારે જે કૉલેજમાં પ્રો. ભટ્ટ કામ કરે છે તે કૉલેજના આચાર્યશ્રીને જાણ કરવામાં આવી હતી?

ઉત્તર ૧૯૪ : (ક) ના, જી. પરંતુ સ્પષ્ટતા માટે ઉમેરવાનું કે પ્રો. રમેશ ભટ્ટને આ કામ કરવા અંગેની મંજૂરી સંસ્થા તરફથી કૉલેજના આચાર્ય મારફતે આપવામાં આવેલી છે.

પ્રશ્ન ૧૯૪ : (ખ) જો જવાબ "હા" માં હોય તો યુનિવર્સિટીના કાગળની નકલ અને આચાર્યશ્રીના અનુમોદનના કાગળની નકલ આપવા વિનંતી છે.

ઉત્તર ૧૯૪ : (ખ) પ્રશ્ન ૧૯૪ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૫ : આ સંબંધમાં જો આચાર્યશ્રીને જાણ ના કરી હોય અને કૉલેજના સંચાલકોને જાણ કરી હોય તો યુનિવર્સિટીના તે કાગળની નકલ અને સંચાલકો તરફથી આવેલા અનુમોદન પત્રની નકલ આપવા વિનંતી છે.

ઉત્તર ૧૯૫ : પ્રશ્ન ૧૯૪ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૬ : મૅનેજમેન્ટ તાલીમ કેન્દ્રના કો-ઑર્ડિનેટર અઠવાડિયામાં સરેરાશ કેટલા કલાકનું કામ કેન્દ્ર માટે કરે છે તેની માહિતી જો ઉપલબ્ધ હોઈ શકે તો તે આપવા વિનંતી છે.

ઉત્તર ૧૯૬ : આ અંગે કોઈ રેકોર્ડઝ રાખવામાં આવતો નથી; પરંતુ દરરોજ આશરે પાંચેક કલાકનું કામ કરવાનું થાય છે.

પ્રશ્ન ૧૯૭ : ત્રણ લાખ ઓંશી હજારના અંદાજવાળા આવેલા મૅનેજમેન્ટ તાલીમ સેન્ટરના અભ્યાસકમો યુનિવર્સિટીના એક માનદ નિયામક મારફતે ચલાવે અને કોઈ કાયમી નિમણૂક ન કરે તો તે શિક્ષકોનું શોષણ કહેવાયું કે નહીં?

ઉત્તર ૧૯૭ : આ સેન્ટરના અભ્યાસકમો જે યોજનાઓ હેઠળ શરૂ કરવામાં આવેલા છે તે પ્રમાણે આ ગોઠવણ કરવામાં આવી છે તે જોતાં શોષણનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૧૯૮ : અંદાજપત્રમાં મૅનેજમેન્ટ તાલીમ સેન્ટર માટે ત્રણ લાખ ઑંશી હજારનો ખર્ચ આકારવામાં આવ્યો છે, પણ પરિશિષ્ટ ૧, પૃષ્ઠ ૨૮ ઉપરમાં એક લાખ એકતાલીસ હજાર નવસો ચોત્રીસ રૂપિયાની ગ્રાન્ટ ૩૦--૧૧--૧૯૭૪ સુધીના અંદાજપત્રમાં બતાવવામાં આવી છે. ૧૯૭૪--૭૫ કે ૧૯૭૫--૭૬ના વર્ષ માટે કોઈ ગ્રાન્ટ આકારવામાં આવી નથી. તો બાકીનો ખર્ચ યુનિવર્સિટીની કઈ આવકમાંથી કરવામાં આવશે તેની માહિતી આપશો.

ઉત્તર ૧૯૮ : પૃષ્ઠ ૨૮ ઉપર બતાવવામાં આવેલા રૂ. ૧,૪૧,૯૩૪--૦૦ની રકમ તા. ૩૦--૧૧--૧૯૭૪ સુધીની અંદાજવામાં આવેલ રકમ નથી; પરંતુ ખરેખર આવેલી રકમ છે. તે પછીના સમયમાં જે ગ્રાન્ટ આવશે તેનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. ૧૯૭૪--૭૫ અને ૧૯૭૫--૭૬નાં વર્ષો દરમિયાન ખરેખર કેટલી ગ્રાન્ટ મળશે તે નક્કી નહીં હોવાથી, આવી ગ્રાન્ટના મથાળે કોઈ રકમ બતાવી નથી; પરંતુ પૃષ્ઠ ૨ ઉપર મૅનેજમેન્ટ તાલીમ કેન્દ્રની ગ્રાન્ટ સાથેની આવક તરીકે બન્ને વર્ષો માટે રૂ. ૩,૮૦,૦૦૦--૦૦ની રકમ બતાવવામાં આવી છે. વધુમાં ઉમેરવાનું કે ચાલુ વર્ષે રૂ. ૩,૧૫,૫૫૮ની ગ્રાન્ટ આવી છે.

પ્રશ્ન ૧૯૯ : મૅનેજમેન્ટ તાલીમ કેન્દ્રના ૧૩ અભ્યાસક્રમોમાં દરેક અભ્યાસક્રમમાં આપાતી શિષ્યવૃત્તિની રકમ અને અભ્યાસક્રમની સમયમર્યાદા આપવાની વિનંતી છે.

ઉત્તર ૧૯૯ : સદરહુ માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	અભ્યાસક્રમનું નામ	અભ્યાસક્રમની સમયમર્યાદા	સ્ટાઈપેન્ડની રકમ
૧.	ઑફિસ મૅનેજમેન્ટ	૬ માસનો સમય છે	કોઈ સ્ટાઈપેન્ડ આપવામાં
૨.	બૅંકિંગ મૅનેજમેન્ટ	,,	આવતું નથી.
૩.	એક્ષપોર્ટ મૅનેજમેન્ટ	,,	,,
૪.	ફાઈનાન્શિયલ મૅનેજમેન્ટ	,,	,,
૫.	મટિરિયલ મૅનેજમેન્ટ	,,	,,
૬.	સ્ટેનોગ્રાફી	,,	,,
૭.	ડ્રગ એનાલિસિસ (કેમિસ્ટ્રી)	,,	,,
૮.	ડ્રગ એનાલિસિસ (માઈક્રોબાયોલોજી)	,,	,,
૯,	બૅન્ક રિક્રુટમેન્ટ ટેસ્ટ	૨ માસ માટે	ઈજનેરી સ્નાતકને રૂ. ૪૦૦, અનુસ્નાતકને રૂ. ૨૫૦, સ્નાતકને રૂ. ૧૫૦ના દરે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.
૧૦.	માર્કેટિંગ ઍન્ડ સેલ્સમૅનશિપ	૫ માસ માટે	,,
૧૧.	રિસર્ચ મેથોડોલોજી	,,	,,
૧૨.	ઈન્સ્ટ્રુમેન્ટેશન	,,	,,
૧૩.	ફોટોગ્રાફી	,,	,,
૧૪.	સ્ટેનોગ્રાફી	,,	,,

પ્રશ્ન ૨૦૦ : મૅનેજમેન્ટ તાલીમ સેન્ટરમાં પ્રથમ અને બીજા ગ્રુપ(ફર્સ્ટ અને સેકન્ડ બેચ)માં જે તાલીમાર્થીઓ લેવામાં આવ્યા છે તેમની માહિતી આ સાથે માગ્યા પ્રમાણે આપવા વિનંતી છે.

ઉત્તર ૨૦૦ : માગેલી માહિતી વિસ્તૃત હોવાથી તે આપી શકાઈ નથી તો માફ કરશો.

પ્રશ્ન ૨૦૧ : પદવીદાન સમારંભ વખતે કુલપતિશ્રીએ જાહેર કરેલું કે મૅનેજમેન્ટ તાલીમ કેન્દ્રના મોટા ભાગના તાલીમાર્થીઓને નોકરી મળી ગઈ છે તો તે અંગે જો યુનિવર્સિટીમાં કંઈ માહિતી હોય તો તે આપવા વિનંતી છે.

ઉત્તર ૨૦૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી કોર્ટના સભાના સમયે ટેબલ ઉપર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૨૦૨ : (ક) ૧૯૭૩--૭૪ અને ૧૯૭૪--૭૫ના વર્ષમાં એકિઝકયુટિવ કાઉન્સિલ કેટલી વાર મળી?

ઉત્તર ૨૦૨ : (ક) ૧૯૭૩--૭૪ના વર્ષમાં એકિઝકયુટિવ કાઉન્સિલની ૧૬ સભાઓ મળી અને ૧૯૭૪--૭૫માં ૮ સભાઓ મળી.

પ્રશ્ન ૨૦૨ : (ખ) અને તેમાં કેટલી સમિતિઓ નિમાઈ તેની સંખ્યા આપશો. આ સમિતિઓમાં એવી કેટલી વ્યકિતઓ છે કે જેમનાં નામો અનેકવાર સમિતિમાં આવતાં હોય?

પ્રશ્ન ૨૦૨ : (ગ) (૧) તેમનાં નામો આપશો?

ઉત્તર ૨૦૨ : (ખ) અને (ગ) (૧) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૫૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૨ : (ગ) (૨) આનું કારણ શું તે કુલપતિશ્રીના માણસો છે તે માટે તેમની સેવાઓ વારંવાર લેવામાં આવે છે?

ઉત્તર ૨૦૨ : (ગ) (૨) ના, જી. તેઓ બધા યુનિવર્સિટીના માણસો છે.

પ્રશ્ન ૨૦૩ : (ક) એલ.આઈ.સી.માં ચાલુ શૈક્ષણિક વર્ષે ગયેલા આચાર્યોનાં નામો આપશો. એક જ આચાર્યશ્રી વધુમાં વધુ બે જગ્યાઓ આ કાર્ય માટે ગયા હોય તેમનાં નામો આપવા વિનંતી છે.

ઉત્તર ૨૦૩ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૫૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૩ : (ખ) સેનેટના અનેક સભ્યો હોવા છતાં આમ શા માટે કરવામાં આવે છે તેનો જવાબ આપવા વિનંતી.

ઉત્તર ૨૦૩ : (ખ) સમિતિઓ નીમતી વખતે એકિઝકયુટિવ કાઉન્સિલ પૂરતી વિચારણા કરીને સભ્યો નીમે છે. તે અંગે આ કાર્યાલય કારણો આપી શકે નહીં. કેટલીક વખત યુનિવર્સિટી કોર્ટના સભ્યો ન હોય તેવી વ્યકિતઓનો પણ સમાવેશ કરવામાં આવે છે તે પણ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ.

[૨૧] ૧. **મંગુભાઈ પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૨૦૪ : (ક) યુનિવર્સિટીના ભાષા-ભવન અને સમાજવિદ્યા ભવનમાં જે હિસાબી ગોટાળો થયો તેની રકમનો આંકડો કેટલો છે?

ઉત્તર ૨૦૪ : (ક) ભાષા ભવનના હિસાબોમાં રૂ. ૨૯,૧૦૭-૭૩ પૈસા તથા સમાજવિદ્યા ભવનના હિસાબોમાં રૂ. ૪૪,૪૧૮ [illegible] રકમના ગોટાળો જણાયો છે.

પ્રશ્ન ૨૦૪ : (ખ) આ ગોટાળામાં સંડોવાયેલ [illegible] તેઓના નામ આપશો?

ઉત્તર ૨૦૪ : (ખ) ભાષા સાહિત્ય ભવનના હિસાબો અંગે શ્રી. કે. એલ. મહેતા (જુ. ક્લાર્ક) તથા સમાજવિદ્યા ભવનના હિસાબો અંગે શ્રી. વિકલિફ એન. ક્રિશ્ચિયન (સી. ક્લાર્ક) સંડોવાયેલા જણાયા છે.

પ્રશ્ન ૨૦૪ : (ગ) તેમના પર પોલીસ કેસ કેમ કરવામાં ન આવ્યો?

ઉત્તર ૨૦૪ : (ગ) ભાષા-સાહિત્ય ભવનના ક્લાર્ક શ્રી. કે. એલ. મહેતાએ પૂરેપૂરી રકમ (રૂ. ૨૯,૧૦૭-૭૩ પૈસા) યુનિવર્સિટીમાં ભરી દીધી હોવાથી, તથા આ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી તપાસસમિતિની ભલામણ ઉપરથી તેની તા. ૭--૧૨--૧૯૭૪નો સભામાં રાજીનામું મંજૂર કર્યું હોઈ તેઓની સામે પોલીસ કેસ કરવામાં આવ્યો નથી.

શ્રી. વિકલિફ એન. ક્રિશ્ચિયને આજ સુધી રૂ. ૨૦,૪૨૧--૩૧ની રકમ જમા કરાવી છે. આ અંગે નિમાયેલ સમિતિની ભલામણ ઉપરથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે આ બાબતમાં ખાનાવાર તપાસ કરવા માટે આચાર્ય વી. આર. રણદીવેને નીમ્યા છે અને તે અંગેની કાર્યવાહી હાલ ચાલુ છે.

પ્રશ્ન ૨૦૪ : (ઘ) ઉપરના ગોટાળા માટે ઉપરનાં બંને ભવનોના ડાયરેક્ટરોને કેટલા અંશે જવાબદાર લેખી શકાય?

ઉત્તર ૨૦૪ : (ઘ) આ કેસમાં સર્વગ્રાહી તપાસ કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫--૧૦--૧૯૭૪ની સભામાં એક સમિતિની રચના કરેલી છે. ભવનોના અધ્યક્ષશ્રીઓ આ બાબતમાં કેટલે અંશે જવાબદાર ગણાય તે બાબત પણ આ સમિતિ તપાસશે.

પ્રશ્ન ૨૦૪ : (ચ) જો તેનો જવાબ "ના" હોય તો શા માટે નહિ?

ઉત્તર ૨૦૪ : (ચ) પ્રશ્ન ૨૦૪ (ઘ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૪ : (છ) યુનિવર્સિટીના હિસાબ, ઑડિટ તથા ડેવલપમેન્ટ વિભાગની આમાં કેટલી જવાબદારી રહેલી છે તે જણાવશો.

ઉત્તર ૨૦૪ : (છ) આ બાબતમાં સદરહુ વિભાગોના સભ્ય કે સભ્યો કેટલે અંશે જવાબદાર ગણાય તે બાબત પણ સમિતિ તપાસશે.

પ્રશ્ન ૨૦૪ : (જ) તેના અધિકારીઓ સામે પગલાં ભરવામાં આવ્યાં છે?

ઉત્તર ૨૦૪ : (જ) ના, જી. સમિતિનો અહેવાલ આવ્યેથી તે પર ઘટતી વિચારણા કરવામાં આવશે.

પ્રશ્ન ૨૦૪ : (ઝ) આ માટે કોઈ તપાસસમિતિ નિમાઈ છે?

ઉત્તર ૨૦૪ : (ઝ) હા, જી.

પ્રશ્ન ૨૦૪ : (ટ) જો નિમાઈ હોય તો તેમનાં નામો આપવા કૃપા કરશો અને તેમણે આપેલા હેવાલની એક નકલ આપવા કૃપા કરશો.

ઉત્તર ૨૦૪ : (ટ) આ સમિતિના સભ્યોનાં નામો નીચે મુજબ છે :

(૧) ડૉ. એમ. એન. દેસાઈ
(૨) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૩) શ્રી. મણિભાઈ જી. ભટ્ટભટ્ટ

તે હેવાલની નકલ સભા સમયે ટેબલ ઉપર આપવામાં આવશે.

પ્રશ્ન ૨૦૪ : (ઠ) તપાસસમિતિ પર નિમાયેલા સભ્યો સામે કોઈ પરીક્ષાની નિમણૂક બાબતની ગેરરીતિઓ કે કૉલેજ/શાળાના સંચાલનની ગેરરીતિઓ વિષે કયારેય કંઈ પુછાયું છે ખરું?

ઉત્તર ૨૦૪ : (ઠ) પ્રશ્ન સ્પષ્ટ સમજાયો નથી, તેથી માહિતી આપવાનું બની શકયું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૦૪ : (ડ) તેની માહિતી આપશો.

ઉત્તર ૨૦૪ : (ડ) પ્રશ્ન ૨૦૪ (ઠ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૫ : ઈ.સ. ૧૯૭૪-૭૫માં કૉલેજો તથા યુનિવર્સિટીમાં થયેલી નિમણૂકો અંગે નીચેની માહિતી આપશો :

(ક) યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલે નક્કી કરેલી લાયકાતો કરતાં ઓછી લાયકાત ધરાવતા આચાર્યો, અધ્યાપકો તથા ટયૂટર, ડેમોન્સ્ટ્રેટરની યોગ્યતા ન હોવા છતાં, નિમણૂક થઈ છે ખરી?

અને

(ખ) આવી વ્યકિતઓની નિમણૂક કરનારનાં સંસ્થાવાર નામો આપવા વિનંતી છે.

ઉત્તર ૨૦૫ : (ક) ૧૯૭૪-૭૫ના વર્ષમાં યુનિવર્સિટી ભવનોમાં લાયકાતનાં નિયત ધોરણો કરતાં ઓછી લાયકાત ધરાવતા હોય તેવા કોઈ શિક્ષકની નિમણૂક કરવામાં આવી નથી.

ઉત્તર ૨૦૫ : (ખ) જ્યારે સંલગ્ન કૉલેજોમાં નિયત લાયકાતનાં ધોરણો કરતાં ઓછી લાયકાત ધરાવતી જે વ્યકિતઓની નિમણૂક થઈ છે તેની વિગતો માટે **પરિશિષ્ટ "૫૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૫ : (ગ) કુલપતિશ્રીએ આ પૈકી કઈ નિમણૂકો યોગ્યતા ન હોવા છતાં મંજૂર કરી છે?

ઉત્તર ૨૦૫ : (ગ) આવી નિમણૂકો ગ્રાહ્ય રાખવાની સત્તા એકિઝકયુટિવ કાઉન્સિલની છે અને તેણે તે ગ્રાહ્ય રાખી છે.

પ્રશ્ન ૨૦૫ : (ઘ) શા માટે?

ઉત્તર ૨૦૫ : (ઘ) ઉપર પ્રશ્ન ૨૦૫ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૫ : (ચ) જે નિમણૂકો માન્ય નથી થઈ તે નિમણૂકો શા માટે માન્ય નથી થઈ?

ઉત્તર ૨૦૫ : (ચ) ઊંચ્ચો પગારની વ્યકિતઓની લાયકાતો ગ્રાહ્ય રાખવાની બાબતમાં પ્રત્યેક કેસની વીગતો જોઈતપાસીને એકિઝકયુટિવ કાઉન્સિલે નિર્ણય કરેલ છે.

પ્રશ્ન ૨૦૫ : (છ) કુલપતિશ્રીને આવો ભેદભાવ કરવાની સત્તા કયી કાનૂની જોગવાઈ અનુસાર પ્રાપ્ત થાય છે?

ઉત્તર ૨૦૫ : (છ) ઉપર પ્રશ્ન ૨૦૫ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૬ : નીચેની માહિતી આપવા વિનંતી :

(ક) ગત વર્ષ (૧૯૭૩--૭૪)માં નોકરીમાં હોય અને તે જ અધ્યાપકોને ૧૯૭૪--૭૫માં ચાલુ રાખવામાં આવ્યા હોય, છતાં સર્વિસ બ્રેક કરી હોય તેવા કિસ્સા યુનિવર્સિટી પાસે આવ્યા છે ખરા?

ઉત્તર ૨૦૬ : (ક) હા, જી.

પ્રશ્ન ૨૦૬ : (ખ) આવ્યા હોય તો તેની વિગતો સંસ્થાઓ અને વ્યકિતઓનાં નામ સહિત પૂરી પાડશો.

ઉત્તર ૨૦૬ : (ખ) વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ
(૧)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	(૧) શ્રી. ક્ષમાબહેન વ્યાસ (૨) શ્રી. એ. એ. મલેક
(૨)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિમતનગર	(૧) શ્રી. આર. ડી. સુતરિયા તથા અન્ય શિક્ષકો.

પ્રશ્ન ૨૦૬ : (ગ) યુનિવર્સિટીએ આ ફરિયાદો અંગે શું પગલાં ભર્યાં છે?

ઉત્તર ૨૦૬ : (ગ) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોરના જે બે શિક્ષકોની બાબતમાં ફરિયાદ આવી હતી તેના સંદર્ભમાં આચાર્યશ્રીનું વકતવ્ય માગવામાં આવતાં કૉલેજે તેના તા. ૫—૩—૧૯૭૫ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"આપની પૃચ્છાને શબ્દશ: વિચારતાં અત્રે કોઈને 'ચાલુ રાખ્યા' ન હોવાથી અમને આ બાબત લાગુ પડતી નથી."

જ્યારે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિમતનગરના કેટલાક શિક્ષકોને નોકરીમાં સાતત્ય ન જળવાય તે રીતે નોકરીમાં ચાલુ રાખ્યા છે તે બિના યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૨૦૬ : (ઘ) જો ન ભર્યાં હોય તો શા માટે નથી ભર્યાં?

ઉત્તર ૨૦૬ : (ઘ) ઉપર પ્રશ્ન ૨૦૬ (ગ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૦૬ : (ચ) બાલાસિનોર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ અને હિંમતનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજોમાં આવી ઘટનાઓ બની છે ખરી ?

ઉત્તર ૨૦૬ : (ચ) હા, જી.

પ્રશ્ન ૨૦૬ : (છ) બ ની હોય તો તેની વિગતો આપશો અને યુનિવર્સિટીએ લીધેલાં પગલાંની માહિતી આપશો.

ઉત્તર ૨૦૬ : (છ) પ્રશ્ન ૨૦૬ (ખ) અને (ગ) ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૭ : (ક) બાલાસિનોર ખાતે તા. ૨--૧૧--૧૯૭૩ના રોજ યોજાયેલ યુવક તાલીમ શિબિરમાં હોવાલના પાન નંબર એકસો પાંચ (૧૦૫)ની સામે આ ફોટામાં મંચ ઉપર બેઠેલા યુવકોનાં નામ આપો તથા પ્રત્યેકની સામે તેમની આશરે ઉંમર તથા તેમનો ધંધો જણાવશો.

ઉત્તર ૨૦૭ : (ક) ઉપરોક્ત ફોટામાં મંચ ઉપર બેઠેલાઓમાં કોઈ યુવક નથી. તેમનાં નામ અને ઉંમર અંગેની વીગતો નીચે મુજબ છે :

૧. શ્રી. કે. ઓમ. આચાર્ય, આચાર્યશ્રી, સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ (ઉંમર આશરે વર્ષ ૫૬)

૨. શ્રી. નટવરલાલ મોદી, સ્થાનિક અગ્રણી સામાજિક કાર્યકર, કૉલેજ કારોબારીના સભ્ય અને સ્થાનિક પાક્ષિક "જનસાથી"ના તંત્રી (ઉંમર આશરે ૫૫ વર્ષ)

૩. શ્રી. વાસુદેવ મહેતા, અધ્યક્ષ, યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી (ઉંમર વર્ષ આશરે ૫૮)

૪. શ્રી. પૂનમચંદ દેસાઈ, એડવોકેટ અને કૉલેજ સંચાલક મંડળના ઉપપ્રમુખ (ઉંમર વર્ષ આશરે ૬૦)

૫. શ્રી. વી. ઓ. પ્યારા, આચાર્યશ્રી, સરકારી સાયન્સ કૉલેજ, ગાંધીનગર (ઉંમર વર્ષ આશરે ૫૮)

૬. શ્રી. વિનોદ અધ્વર્યુ, આચાર્યશ્રી, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર (ઉંમર વર્ષ આશરે ૫૪)

૭. શ્રી. કનક દવે, આસિ. ડાયરેક્ટર, યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી (ઉંમર વર્ષ આશરે ૩)

પ્રશ્ન ૨૦૭ : (ખ) આ યુવક તાલીમ શિબિરમાં કયા અધ્યાપકોએ ભાગ લીધો હતો ?

ઉત્તર ૨૦૭ : (ખ) આ શિબિરમાં ભાગ લેનાર અધ્યાપકોનાં નામોની યાદી **પરિશિષ્ટ "૫૮"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૨૦૭ : (ગ) આ યુવક તાલીમ શિબિરમાં કયા વિષય ઉપર પ્રવચનો યોજવામાં આવ્યાં હતાં?

ઉત્તર ૨૦૭ : (ગ) યોજાયેલ પ્રવચનોના વિષયો નીચે મુજબ હતા :

૧. યુવકો, કાયદો અને વ્યવસ્થા
૨. યુવકો અને પત્રકારત્વ
૩. કૉલેજ સંચાલન અને યુવાનો
૪. કૉલેજમાં નેતૃત્વ તાલીમ અને માવજત
૫. યુવકો અને અજંપો
૬. યુવા માનસ અને સમાજ

પ્રશ્ન ૨૦૭ : (ઘ) આ તાલીમ શિબિરમાં કેટલો ખર્ચ આવ્યો હતો?

ઉત્તર ૨૦૭ : (ઘ) રૂ. ૩,૧૯૨--૪૦.

પ્રશ્ન ૨૦૭ : (ચ) તેની વિગતો આપશો : જેમ કે ખાધાખોરાકી, ભાડાંભથ્થાં, સંચાલકોનું મહેનતાણું, કુલપતિશ્રીની ગાડીનું ખર્ચ, મહેમાનોનો ખર્ચ વગેરે.

ઉત્તર ૨૦૭ : (ચ) વિગતો નીચે મુજબ છે :

૧.	ખાધાખોરાકી	રૂ. ૧,૬૯૨--૭૧
૨.	ભાડાંભથ્થાં	રૂ. ૩૮૭--૦૫
૩.	સંચાલકોનું મહેનતાણું	રૂ. ૪૫૦--૦૦
૪.	કુલપતિશ્રીની ગાડી માટેનો પેટ્રોલ ખર્ચ	રૂ. ૭૫--૦૦ (અંદાજે) (આ ખર્ચ શિબિર ખર્ચમાં પડતો નથી.)
૫.	મહેમાનોનો ખર્ચ	રૂ. ૩૯૬--૪૦

પ્રશ્ન ૨૦૮ : (ક) ભાષા વિદ્યાભવનના પ્રાધ્યાપક શ્રી ભાયાણીએ રાજીનામું આપ્યું તે વાત સાચી છે?

ઉત્તર ૨૦૮ : (ક) હા, જી.

પ્રશ્ન ૨૦૮ : (ખ) તેમના રાજીનામામાં કયાં કારણો આપેલાં છે?

ઉત્તર ૨૦૮ : (ખ) ડૉ. ભાયાણીએ પોતાના રાજીનામાની અરજીમાં તેઓ પ્રાકૃત અને અપભ્રંશનો અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવે છે તેમ જણાવીને પોતાનું પદ છોડવાનો પોતે નિશ્ચય કરેલો છે તેમ જણાવ્યું છે.

પ્રશ્ન ૨૦૮ : (ગ) એકિઝકયુટિવ કાઉન્સિલે ઝડપથી રાજીનામું મંજૂર કરી દીધું તે પાછળ કયો ઉદ્દેશ હતો?

ઉત્તર ૨૦૮ : (ગ) ડૉ. ભાયાણીએ નિયમ પ્રમાણે નોટિસ આપીને છૂટા થવાની માગણી કરેલી હોઈ, રાજીનામું મંજૂર કરવું આવશ્યક હતું. તેમાં કોઈના ઉદ્દેશનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૦૯ : (ક) ગુજરાત યુનિવર્સિટીને કાનૂની સલાહ આપવાનું કામ કરતી કાનૂની સમિતિમાં કામ કરતી વ્યક્તિઓનાં નામો આપશો.

ઉત્તર ૨૦૯ : (ક) સ્થાયી કાનૂની સલાહકાર સમિતિ પર હાલના સભ્યોનાં નામો નીચે પ્રમાણે છે :

૧. શ્રી. ઈન્દ્રવદન એમ. નાણાવટી
૨. આચાર્ય વી. આર. રાવદેવ
૩. આચાર્ય એમ. એસ. પંડિત
૪. શ્રી. ચંદ્રકાન્ત ટી. દરુ
૫. શ્રી. મનુભાઈ ટી. પંચોલી
૬. આચાર્ય એન. એસ. પંડ્યા.

પ્રશ્ન ૨૦૯ : (ખ) આ વ્યક્તિઓમાંથી કેટલીક ખાનગી વકીલાત કરે છે તો તેમનાં નામો આપશો.

ઉત્તર ૨૦૯ : (ખ) શ્રી. ઈન્દ્રવદન એમ. નાણાવટી, શ્રી. ચંદ્રકાન્ત ટી. દરુ ખાનગી વકીલાત કરે છે.

પ્રશ્ન ૨૦૯ : (ગ) આમાંથી કેટલી વ્યક્તિઓ કેળવણીની સંસ્થાઓ સાથે જોડાયેલી છે તેનાં નામો આપશો.

ઉત્તર ૨૦૯ : (ગ) નીચેના સભ્યો કેળવણીની સંસ્થા સાથે એક યા બીજા પ્રકારે જોડાયેલા છે:

૧. આચાર્ય વી. આર. રાવદેવ
૨. શ્રી. ઈન્દ્રવદન એમ. નાણાવટી
૩. આચાર્ય એમ. એસ. પંડિત
૪. શ્રી. મનુભાઈ ટી. પંચોલી
૫. આચાર્ય એન. એસ. પંડ્યા
૬. શ્રી. ચંદ્રકાન્ત ટી. દરુ.

પ્રશ્ન ૨૦૯ : (ઘ) (૧) આ વ્યક્તિઓમાંના યુનિવર્સિટીની સામેના દાવાઓમાં યુનિવર્સિટીના વિરોધમાં રહી કેસો લડ્યા હોય તેમનાં નામો આપશો અને

પ્રશ્ન ૨૦૯ : (ઘ) (૨) જેમાં યુનિવર્સિટીને હાર મળી હોય તેની વિગતો આપશો.

ઉત્તર ૨૦૯ : (ઘ) (૧) કાનૂન સમિતિના સભ્યો પૈકી નીચેની વ્યક્તિઓ યુનિવર્સિટીની સામેના દાવાઓમાં વાદી પક્ષના વકીલ તરીકે ઊભા રહ્યા હતા:

૧. શ્રી. ઈન્દ્રવદન નાણાવટી
૨. શ્રી. ચંદ્રકાંત દરુ.

ઉત્તર ૨૦૯ : (ઘ) (૨) કોઈ ચોક્કસ કેસ વિષે સ્પષ્ટરૂપે માહિતી માગવામાં આવી નથી તેથી તે આપી શકાઈ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૧૦ : (ક) દરામલી એજ્યુકેશન કૉલેજ સામે યુનિવર્સિટીએ કોર્ટમાં કેવી રીતે સમાધાન કર્યું તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૨૧૦ : (ક) વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, દરામલીએ ગુજરાત યુનિવર્સિટી સામે કરેલ રિટ પિટિશનમાં ઉભયપક્ષે કરેલી સમજૂતીનો પાઠ નીચે પ્રમાણે છે:

"[The Parties hereto agree as under :

(1) That the Resolution of the Syndicate at Annexure 'M', dated 29th June 1974 be set aside;

(2) That a new Inquiry Committee be constituted by the Respondent No. 1 University and the Committee be asked to examine, among others, the following :

(*a*) the complaints and alleged breach of University rules/irregularities;

(*b*) the present position in respect of the requirements of staff, building, library, hostels, playground, etc.;

(*c*) such other relevant matters as the Committee may think fit and/or necessary to examine; and

(*d*) submit an overall report;

(3) place the report of the Inquiry Committee before the appropriate authorities of the University for such decision as they deem proper after giving reasonable opportunity to the Petitioner.

If after consideration of the report of the Inquiry Committee, the authorities of the University decide that deficiencies could be removed and renewal be granted, the Petitioners will be given reasonable time for removal of deficiencies, provided that in the event of the Inquiry Committee's not recommending renewal of affiliation, the question of granting any further time will not arise.]

પ્રશ્ન ૨૧૦ : (ખ) દરામલી કૉલેજને કઈ તારીખથી કઈ તારીખ સુધી જોડાણ આપવામાં આવ્યું છે?

ઉત્તર ૨૧૦ : (ખ) તા. ૧૪મી જૂન ૧૯૭૪ના રોજ મજકૂર કૉલેજના જોડાણની મુદ્દત પૂરી થઈ તે પછી જૂન ૧૯૭૪થી સદરહુ કૉલેજને જોડાણ ચાલુ કરી આપવામાં આવ્યું નથી. વધુમાં જાણ માટે ઉમેરવાનું કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી તેણે મૂકેલી શરતનું પાલન થયેથી જૂન ૧૯૭૪થી જૂન ૧૯૭૫ સુધી ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને કરેલી ભલામણ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૧-૧૯૭૫ની સભામાં મંજૂર રાખી છે.

પ્રશ્ન ૨૧૦ : (ગ) આ જોડાણ માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કોઈ શરત મૂકી છે?

ઉત્તર ૨૧૦ : (ગ) હા, જી. સદરહુ કૉલેજના પ્રા. શ્રી. ઘનશ્યામભાઈ ઓઝાને નોકરીમાં ચાલુ રાખવાની શરત મૂકવામાં આવી છે.

પ્રશ્ન ૨૧૦ : (ઘ) જો મૂકી હોય તો કઈ શરત?

ઉત્તર ૨૧૦ : (ઘ) ઉપર પ્રશ્ન ૨૧૦ (ગ) નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૦ : (ચ) ત્યાં નોકરી કરતા શ્રી. ઘનશ્યામભાઈ ઓઝાને ફરીથી લઈ લેવામાં આવ્યા છે કે નહિ તેની માહિતી આપશો.

ઉત્તર ૨૧૦ : (ચ) શ્રી. ઘનશ્યામભાઈ ઓઝાને તે કૉલેજમાં પુનઃ નોકરીમાં લેવામાં આવ્યા નથી.

પ્રશ્ન ૨૧૦ : (છ) તા. ૪-૧-૧૯૭૫ના એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવ પ્રમાણે તેઓને લઈ લીધા હશે તો તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૨૧૦ : (છ) ઉપર પ્રશ્ન ૨૧૦(ચ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૧ : (ક) ૧૯૭૪ના વર્ષે મળેલી સેનેટની કાર્યવાહીનો હેવાલ કેમ મોકલવામાં આવ્યો નથી?

ઉત્તર ૨૧૧ : (ક) આ અંગે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી રિટ પિટિશનના સંદર્ભમાં તારીખ ૧૩/૧૪-૬-૧૯૭૪ના રોજ મળેલી યુનિ. કોર્ટની કાર્યવાહીની નોંધ પરિપત્રિત કરવા માટે ગુજરાતની વડી અદાલતે ગુજરાત યુનિવર્સિટીને મનાઈહુકમ આપેલો છે.

પ્રશ્ન ૨૧૧ : (ખ) જો આનો જવાબ એ હોય કે આ અંગે કોર્ટનો મનાઈહુકમ છે માટે, તો મનાઈહુકમ કોણ લાવ્યું છે અને શા માટે લાવવામાં આવ્યો છે?

ઉત્તર ૨૧૧ : (ખ) આ કેસમાં યુનિવર્સિટી સામેના અરજદાર અમદાવાદ કૉમર્સ કૉલેજના આચાર્ય જી. એમ. પટેલ છે. તેમણે મનાઈહુકમ માટે વિનંતી કરી હતી. મનાઈહુકમ યુનિવર્સિટી કોર્ટની તા. ૧૫-૬-૧૯૭૪ની સભાની કેટલીક કાર્યવાહી સામેના તેમના વાંધાને કારણે માગવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૨૧૧ : (ગ) આ અંગે યુનિવર્સિટીએ કોર્ટમાં કોઈ વલણ અખત્યાર કર્યું છે તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૨૧૧ : (ગ) સદરહુ બાબતમાં કાનૂની સલાહ મુજબ રિસ્પોન્ડન્ટ તરીકે રજૂઆત કરવામાં આવી છે.

પ્રશ્ન ૨૧૧ : (ઘ) ઉપરોક્ત બાબતમાં કયા કારણસર મનાઈહુકમ મળ્યો છે તેની વિગતે જાણ કરવા વિનંતી છે.

ઉત્તર ૨૧૧ : (ઘ) પ્રશ્ન ૨૧૧ (ખ) નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૨ : (ક) હિંમતનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં આ વર્ષના બીજા સત્રમાં અર્થ-શાસ્ત્રના વિષયનો કાર્યભાર જણાવશો.

ઉત્તર ૨૧૨ : (ક) આ માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૨૧૨ : (ખ) ત્યાંના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકોનાં નામો આપશો અને કાર્યભાર જણાવશો.

ઉત્તર ૨૧૨ : (ખ) સને ૧૯૭૪-૭૫ની ઑડિ. ૯૬ હેઠળની માહિતીમાં અર્થશાસ્ત્ર વિભાગના શિક્ષકગણ નીચે પ્રમાણે હોવાનું દર્શાવ્યું છે; જ્યારે તે વિષયનો કુલ કાર્યભાર ૬૧ વ્યાખ્યાન તથા ૩૩ ટ્યુટોરિયલ્સનો દર્શાવિલો છે :

શ્રી. એ. એસ. પટેલ (પ્રા.)
શ્રી. પી. સી. શાહ (વ્યા.)
શ્રી. ડી. એ. મોદી (વ્યા.)
શ્રી. આર. ડી. સુતરિયા (વ્યા.)
શ્રી. એફ. એ. કલાની (ખંડ સમયના વ્યા.)

પ્રશ્ન ૨૧૩ : ૧૯૭૩-૭૪ના વર્ષમાં માનસશાસ્ત્રના ટ્યૂટર શ્રી. વી. એફ. પટેલ અને અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. આર. ડી. સુતરિયાને ૧૯૭૪-૭૫ના વર્ષમાં ચાલુ રાખવામાં આવ્યા છે; છતાં તેમની નોકરીમાં છ દિવસથી માંડી ૧૫ દિવસ સુધીનો બ્રેક શા માટે આપવામાં આવ્યો છે ?

ઉત્તર ૨૧૩ : આ માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે; પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૨૧૪ : (ક) ઉપરના બન્ને અધ્યાપકો શ્રી. પટેલ અને શ્રી. સુતરિયાનાં ઈન્ક્રીમેન્ટ અટકાવવામ આવ્યાં છે તે અંગે યુનિવર્સિટીએ કોઈ પગલું ભર્યું છે ખરું ?

ઉત્તર ૨૧૪ : (ક) ના, જી. ઈન્ક્રીમેન્ટ અટકાવવામાં યુનિ.ના નિયમોનો ભંગ થયો છે તેવું સાબિત થયા પછી પગલાં ભરવાનો પ્રશ્ન ઊભો થાય છે.

પ્રશ્ન ૨૧૪ : (ખ) ભર્યું હોય તો વિગત આપવા વિનંતી છે.

ઉત્તર ૨૧૪ : (ખ) પ્રશ્ન નં. ૨૧૪ (ક) નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૫ : (ક) ખંભાતની કૉલેજોમાં કામ કરી ગયેલા અને કરતા અધ્યાપકોને એરિયર્સની રકમ ચૂકવાઈ છે ખરી ?

ઉત્તર ૨૧૫ : (ક) ના, જી.

પ્રશ્ન ૨૧૫ : (ખ) ના ચૂકવાઈ હોય તો તે માટે યુનિવર્સિટીએ કયાં પગલાં લીધાં ?

ઉત્તર ૨૧૫ : (ખ) આ અંગે ખંભાતની પ્રત્યેક કૉલેજના આચાર્યશ્રીને પૂછવામાં આવ્યું છે અને પ્રત્યેક કૉલેજ તરફથી જરૂરી વિગત આવ્યેથી આ બાબત એક્ઝિકયુટિવ કાઉન્સિલ સમક્ષ ઘટતી વિચારણા માટે રજૂ કરવામાં આવશે.

પ્રશ્ન ૨૧૫ : (ગ) તેમાં કામ કરી ગયેલા શ્રી ચૈતન્ય ખંભોળજાનું કેટલી રકમ આપવામાં આવી છે ?

ઉત્તર ૨૧૫ : (ગ) આ માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૨૧૫ : (ઘ) જો આપવામાં આવી હોય તો તારીખ જણાવશો.

ઉત્તર ૨૧૫ : (ઘ) ઉપર પ્રશ્ન ૨૧૫ (ગ) ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૬ : (ક) હિંમતનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં ચાલુશે ક્ષણિક વર્ષ ૧૯૭૪-૭૫માં કયા કયા વિષયોમાં નવી નિમણૂકો થઈ છે ?

ઉત્તર ૨૧૬ : (ક) ૧૯૭૪--૭૫ના વર્ષમાં સદરહુ કૉલેજમાં નીચેના વિષયોમાં નવી નિમણૂકો કરવામાં આવી છે :

(૧) ગુજરાતી
(૨) સંસ્કૃત
(૩) ઈતિહાસ
(૪) અર્થશાસ્ત્ર
(૫) અંગ્રેજી
(૬) વાણિજ્ય
(૭) ફારસી.

પ્રશ્ન ૨૧૬ : (ખ) યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે વરણી સમિતિમાં કોણ કોણ કયા વિભાગોમાં ગયા હતા ?

ઉત્તર ૨૧૬ : (ખ) અધ્યાપકોની નિમણૂકો અંગેની વરણી સમિતિમાં હિંમતનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીચે મુજબ નિમાયા હતા :

ક્રમાંક	વિષય	યુનિ.ના પ્રતિનિધિનું નામ
૧.	ગુજરાતી	—
૨.	સંસ્કૃત	ડૉ. ડી. ડી. માલવણિયા
૩.	ઈતિહાસ	આચાર્ય આઈ. જે. ધ્રુવ
૪.	અર્થશાસ્ત્ર	(૧) આચાર્ય એચ. કે. બુખારી (૨) પ્રો. પી. એ. ત્રિવેદી (૩) આચાર્ય આર. વી. શાસ્ત્રી
૫.	અંગ્રેજી	આચાર્ય કે. એસ. યાદવ
૬.	વાણિજ્ય	પ્રો. પી. એ. ત્રિવેદી
૭.	ફારસી	ડૉ. સી. આર. નાયક

પ્રશ્ન ૨૧૬ : (ગ) વરણીસમિતિ વગર લેવાયા હોય તે માટે સંસ્થા સામે કોઈ પગલાં ભરવામાં આવ્યાં છે?

અને

પ્રશ્ન ૨૧૬ : (ઘ) આવ્યાં હોય તો શાં પગલાં ભર્યાં છે?

ઉત્તર ૨૧૬ : (ગ) સદરહુ કૉલેજમાં ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રમાં ફારસીના વિષયમાં અને (ઘ) વ્યાખ્યાતાની નિમણૂક તે માટેની વરણી સમિતિમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ વિના કરવામાં આવી હતી તે બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવામાં આવ્યો હતો. તે માટે કૉલેજને ઠપકો આપવામાં આવ્યો હતો.

ગુજરાતી વિષયમાં વ્યાખ્યાતાની નિમણૂક માટેની વરણીસમિતિમાં યુનિ. પ્રતિનિધિની નિમણૂક અંગે યુનિવર્સિટીને કેમ પૂછવામાં આવ્યું નથી તેની સ્પષ્ટતા કૉલેજ પાસેથી માગવામાં આવી છે.

[૨૨] **પ્રા. એમ. એમ. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૨૧૭ : ૧૯૬૯-૭૦થી ૧૯૭૩-૭૪ સુધીના સમય દરમ્યાનના પાદરા કૉલેજ ઑફ એજ્યુકેશનના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની યાદી યુનિવર્સિટીની ૨૯/૩૦-૩-૧૯૭૪ની વાર્ષિક કોર્ટ સભાની પ્રશ્નોત્તરીમાં **પરિશિષ્ટ "૧૩"માં પાન નં. ૨૭** પર જણાવેલ યાદીમાં ગ્રંથપાલ તરીકે શ્રી. એચ. બી. રાવળનું નામ છે?

ઉત્તર ૨૧૭ : હા, જી.

પ્રશ્ન ૨૧૭ : (ક) શ્રી. રાવળને તે વર્ષો દરમ્યાન કયા પગારધોરણે પગાર ચૂકવાયો છે?

ઉત્તર ૨૧૭ : (ક) ઑડિ. ૯૬માં શ્રી. રાવળનો નીચે પ્રમાણેનું પગારધોરણ આપ્યાનું દર્શાવ્યું છે :

સાલ	ગ્રંથપાલનું નામ	પગાર	નોંધ
૧૯૭૦—૭૧	શ્રી. હરેન્દ્ર રાવળ	૧૩૦—૦૦	
૧૯૭૧—૭૨	શ્રી. એચ. બી. રાવળ	૧૨૦-૧૦-૧૫૦	
૧૯૭૨—૭૩	,, ,,	,,	
૧૯૭૩—૭૪	શ્રી. હરેન્દ્ર બી. રાવળ	૧૨૦-૧૦-૨૧૦	
૧૯૭૪—૭૫	,, ,,	,,	(રૂ. ૩૦૦—૨૫—૬૦૦નું પગારધોરણ તા. ૧-૯-૧૯૭૪થી અમલી કર્યું છે. Arrears ચૂકવી દીધું છે.)

પ્રશ્ન ૨૧૭ : (ખ) શ્રી. રાવળ કોઈ બીજી સંસ્થામાં નોકરી કરે છે કે કેમ?

ઉત્તર ૨૧૭ : (ખ) હા, જી. તે બાબતમાં કૉલેજે નીચે મુજબ જણાવ્યું છે :

"આર્ટ્સ, સાયન્સ એન્ડ એજ્યુકેશન કૉલેજનું સંયુક્ત ગ્રંથાલય છે, જેમાં શ્રી. એચ. બી. રાવળને રૂ. ૩૦૦-૬૦૦નું પગારધોરણ અપાય છે."

પ્રશ્ન ૨૧૭ : (ગ) કરતા હોય તો ત્યાં પણ પગાર ચૂકવાય છે કે કેમ?

ઉત્તર ૨૧૭ : (ગ) ઉપર પ્રશ્ન ૨૧૭ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૮ : (ક) એકિઝકયુટિવ કાઉન્સિલની શૈક્ષણિક કર્મચારીની નિમણૂક અંગેના નિયમ અનુસાર ચાલુ વર્ષે તે નિયમનો ભંગ કરીને કઈ કઈ કૉલેજોએ શૈક્ષણિક કર્મચારીઓની ભરતી મનસ્વીપણે કરી છે તેની માહિતી પૂરી પાડશો.

ઉત્તર ૨૧૮ : (ક) નિમણૂકોની બાબતમાં જે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની યુનિવર્સિટીએ નિયત કરેલ ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણોનો ભંગ થયેલો છે તે કૉલેજો અંગેની માહિતી માટે **પરિશિષ્ટ "૫૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૮ : (ખ) જે કૉલેજોએ નિયમનો ભંગ કરીને શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક કરી છે તેમના પર યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં?

ઉત્તર ૨૧૮ : (ખ) આ માહિતી માટે પ્રશ્ન ૨૧૮ (ક)ના ઉત્તરમાં આપેલું **પરિશિષ્ટ "૫૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૯ : (ક) એકિઝકયુટિવ કાઉન્સિલના શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક અંગેની વરણી સમિતિમાં યુનિવર્સિટીએ વિવિધ વિષયોમાં કયા કયા પ્રતિનિધિઓને કઈ કઈ કૉલેજમાં મોકલેલા તેની યાદી જણાવશો?

ઉત્તર ૨૧૯ : (ક) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૬૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૯ : (ખ) એક જ વિષયના શૈક્ષણિક કર્મચારીની પસંદગી કરવા માટે યુનિવર્સિટી તરફથી એકથી વધુ કૉલેજોમાં એક જ વ્યકિતને વરણીસમિતિમાં મોકલવાનો શો હેતુ?

ઉત્તર ૨૧૯ : (ખ) વારણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિને નીમવામાં તેમના જ્ઞાન અને અનુભવ ઉત્તમ શિક્ષકની પસંદગી કરવામાં મદદરૂપ થાય તે છે.

પ્રશ્ન ૨૧૯ : (ગ) શું એક જ વ્યકિત સિવાય તે વિષયોમાં બીજા નિષ્ણાત નથી ઉપલબ્ધ થતા?

ઉત્તર ૨૧૯ : (ગ) કોઈ એક વિષયમાં એક જ નિષ્ણાતને હમેશાં નીમવામાં આવતા નથી, એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે નિષ્ણાતો સહેલાઈથી ઉપલબ્ધ થતા નથી.

[૨૩] **પ્રા. કનુભાઈ શાહે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૨૨૦ : (ક) ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અંગે નીચેની માહિતી આપવા વિનંતી :

ભાદરણ આર્ટ્સ એન્ડ સાયન્સ, બોરસદ આર્ટ્સ એન્ડ સાયન્સ, બોરસદ કૉમર્સ, દહેગામ આર્ટ્સ-કૉમર્સ, બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર, ખંભાત સાયન્સ કૉલેજ, ફાર્મસી કૉલેજ, ખંભાત; આર્ટ્સ-સાયન્સ કૉલેજ, પિલવાઈ; તલોદ આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ કૉલેજોમાં પગારો નિયમિત નથી થતા તે વાત સાચી?

અને

પ્રશ્ન ૨૨૦ : (ખ) ઉપરોકત કૉલેજોમાં કેટલા સમયથી પગારો ચૂકવાયા નથી તેની માહિતી આપશો.

ઉત્તર ૨૨૦ : (ક) અને (ખ) સદરહુ બાબત અંગેની ઉપલબ્ધ માહિતી માટે પ્રા. સી. બી. શેઠના પ્રશ્ન ૧૦૪ (જ) અને (ઝ) ના ઉત્તરનું **પરિશિષ્ટ "૧૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૦ : (ગ) રાજ્યપાલશ્રીએ ભવાદીમાં આપેલા ચુકાદા મુજબ કઈ કઈ કૉલેજોએ દશ વાર્ષિક હપતાનાં રકમ ૧૯૭૫ માર્ચના અંત સુધીની ચૂકવી નથી તેની માહિતી આપશો.

ઉત્તર ૨૨૦ : (ગ) આ તબક્કે ૧૯૭૫ના વર્ષના અંત સુધીની માહિતી આપી શકાય નહીં, એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૬૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૦ : (ઘ) ઉપરોકત દશ હપતાની રકમના હપતાઓ ન મળ્યાની યુનિવર્સિટી પાસે કોઈ ફરિયાદો છે ખરી? હોય તો તેની વિગતો આપશો.

ઉત્તર ૨૨૦ : (ઘ) ના, જી.

પ્રશ્ન ૨૨૦ : (ચ) ઉપરોકત (ખ) અને (ગ) અંગે યુનિવર્સિટીએ લીધેલાં પગલાંની માહિતી આપશો.

ઉત્તર ૨૨૦ : (ચ) પ્રશ્ન ૨૨૦ (ઘ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૨૦ : (છ) કોઠારી કમિશને સૂચવેલા ગ્રેડ મુજબ ૧-૪-૧૯૬૬થી ૧-૪-૧૯૭૦ સુધીની થતી એરિયર્સની રકમ કેટલીક કૉલેજોએ ડિપોઝિટ તરીકે અધ્યાપકો પાસેથી લીધી છે તે વાત સાચી છે?

ઉત્તર ૨૨૦ : (છ) તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે કોઈ કૉલેજમાં આવું બન્યાનું જણાવ્યું નથી.

પ્રશ્ન ૨૨૦ : (જ) કૉલેજોનાં નામ આપશો.

ઉત્તર ૨૨૦ : (જ) ઉપર પ્રશ્ન ૨૨૦(છ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૨૦ : (ઝ) આ અંગે યુનિવર્સિટી પાસે ફરિયાદો આવી હોય તો તેની વિગતો આપશો અને જે તે કૉલેજોના આચાર્યોનાં નામ પણ આપશો.

ઉત્તર ૨૨૦ : (ઝ) પ્રશ્ન ૨૨૦(છ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૦ : (ટ) ઉપરોકત કૉલેજો એરિયર્સની રકમ ન ચૂકવે તો તે અંગે સરકારને જાણ કરવાનું યુનિવર્સિટી વિચારે છે ખરી?

ઉત્તર ૨૨૦ : (ટ) જરૂરી માહિતી મળ્યા બાદ તેની જાણ રાજ્ય સરકારને કરવામાં આવશે.

પ્રશ્ન ૨૨૦ : (ઠ) અન્ય શું પગલાં યુનિવર્સિટી લેવા વિચારે છે તેની માહિતી આપશો.

ઉત્તર ૨૨૦ : (ઠ) પ્રત્યેક કેસની વિગતો જોતાં જરૂર જણાયેથી ઘટતાં પગલાં લેવા માટે રાજ્ય સરકારને સૂચવવામાં આવશે.

પ્રશ્ન ૨૨૧ : (ક) યુનિવર્સિટી ૧૯૭૩-૭૫ સુધીના વર્ષમાં કોર્ટમાં કેસ માટે કેટલી વખત ગઈ અને તેનો આજ સુધીમાં કેટલો ખર્ચ થયો તેનો આંકડો અને વિગતો આપશો. કયા કયા કેસમાં કેટલો ખર્ચ થયો તેની અલગ માહિતી આપશો.

ઉત્તર ૨૨૧ : (ક) સને ૧૯૭૩થી ૧૯૭૫ના વર્ષ દરમિયાન વાદી તરીકે અદાલતમાં એક પણ વખત યુનિવર્સિટી ગઈ નથી, તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે જ્યાં પ્રતિવાદી, સામાવાળા તરીકે યુનિવર્સિટીને સામેલ કરવામાં આવી છે તેવા દાવાઓની ઉપલબ્ધ વિગત માટે **પરિશિષ્ટ "૬૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૧ : (ખ) અને તે માટે કયા કયા વકીલ અથવા વકીલોની પેઢીઓને રોકવામાં આવેલી ? તેમને પ્રત્યેકને કેસ દીઠ ચૂકવાયેલી ફીની વિગતો આપશો.

ઉત્તર ૨૨૧ : (ખ) ઉપર પ્રશ્ન ૨૨૧(ક)ના ઉત્તરનું પરિશિષ્ટ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૧ : (ગ) આ પૈકીના કોઈ પણ વકીલ યુનિવર્સિટીની કાનૂની સલાહકાર સમિતિમાં છે ખરા?

ઉત્તર ૨૨૧ : (ગ) હા, જી.

પ્રશ્ન ૨૨૧ : (ઘ) છે, તો કોણ?

ઉત્તર ૨૨૧ : (ઘ) શ્રી. ઈન્દ્રવદન નાણાવટી.

પ્રશ્ન ૨૨૧ : (ચ) આ પૈકીના કોઈ પણ વકીલ યુનિવર્સિટીની સામે કોઈ કેસમાં ઊભા રહેલા ખરા? કયા કેસમાં ?

ઉત્તર ૨૨૧ : (ચ) હા, જી. (૧) અમદાવાદ એજ્યુકેશન સોસાયટી તથા અન્ય, તેમ જ (૨) અમદાવાદ સેંટ ઝેવિયર્સ કૉલેજ સોસાયટીઓ ભારતની સર્વોચ્ચ અદાલતમાં અંગભૂત કૉલેજો અંગે યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની સભામાં કરેલ ઠરાવના પાલન સામે કરેલી રિટ પિટિશનમાં વાદી પક્ષે ઍડવોકેટ તરીકે શ્રી. ઈન્દ્રવદન નાણાવટી ઊભા રહ્યા હતા.

પ્રશ્ન ૨૨૨ : (ક) ગુજરાત યુનિવર્સિટીએ ઘોડેસવારી અંગેનો કોઈ કોર્સ શરૂ કર્યો છે ખરો?

ઉત્તર ૨૨૨ : (ક) ગુજરાત યુનિવર્સિટીએ ઘોડેસવારીનો કોઈ કોર્સ શરૂ કર્યો નથી. પણ માહિતી ખાતર જણાવવું જોઈએ કે આ માટેના ત્રણ તાલીમ શિબિરો યોજવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૨૨૨ : (ખ) ઘોડેસવારી કે અન્ય કોઈ પ્રાણી ઉપર સવારીની તાલીમ એ યુનિવર્સિટીના કયા અભ્યાસક્રમનું અંગ છે?

ઉત્તર ૨૨૨ : (ખ) ઘોડેસવારીની તાલીમ એ કોઈ નિયત અભ્યાસક્રમનું અંગ નથી, પણ વિદ્યાર્થી-વિકાસ માટેની એક સાહસપ્રવૃત્તિ તરીકે આ તાલીમ શિબિરો યોજવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૨૨૨ : (ગ) (૧) આ અંગે યુનિવર્સિટીએ કોઈ ખર્ચ કર્યો છે ખરો?

ઉત્તર ૨૨૨ : (ગ) (૧) ના, જી.

પ્રશ્ન ૨૨૨ : (ગ) (૨) ખર્ચ કર્યો હોય તો તે કયા વિભાગ ખાતે ઉધારાયો છે?

ઉત્તર ૨૨૨ : (ગ) (૨) આ ખર્ચ સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત અને હરિ ૐ આશ્રમ પ્રેરિત જીવન-ગુણ વિકાસ હરિભા ભાઈલાલભાઈ પટેલ (નડિયાદ) સ્મારક ટ્રસ્ટ તરફથી થયો હતો તે માહિતી માટે ઉમેરવું જોઈએ.

પ્રશ્ન ૨૨૨ : (ઘ) ઘોડેસવારીની તાલીમ જે વિદ્યાર્થીઓને આપાઈ હોય તેમનાં નામ આપો.

ઉત્તર ૨૨૨ : (ઘ) વિદ્યાર્થીઓનાં નામોની યાદી **પરિશિષ્ટ "૬૩"** તરીકે જોડી છે.

પ્રશ્ન ૨૨૨ : (ચ) આ વિદ્યાર્થીઓએ રમતગમતમાં કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી ખરી?

ઉત્તર ૨૨૨ : (ચ) એ વિદ્યાર્થીઓની રમતગમતની સિદ્ધિ અંગેની માહિતી આ કાર્યાલય પાસે નથી. પણ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ કે કૉલેજોના આચાર્યો પાસેથી વિદ્યાર્થીઓનાં નામો મોકલવા માટે લખવામાં આવ્યું હતું ત્યારે પર્વતારોહણ અને એન.સી.સી.માં જોડાયેલ હોય તથા અન્ય શિબિરો ભર્યા હોય કે એન.સી.સી.માં વિશિષ્ટ હોદ્દો ધરાવતા હોય કે ખેલકૂદ કે રમતગમત સ્પર્ધામાં ભાગ લીધો હોય, તેમ જ સાહસિક, ખડતલ ને શિસ્તબદ્ધ હોય તેવા વિદ્યાર્થીઓને પસંદગી આપવાનું સૂચવવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૨૨૨ : (છ) ઘોડેસવારીની તાલીમ આપવા માટે પસંદગીનાં કયાં ધોરણો નક્કી કરાયાં હતાં?

ઉત્તર ૨૨૨ : (છ) ઉપર પ્રશ્ન ૨૨૨ (ચ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૨ : (જ) કુલપતિશ્રીએ ઘોડેસવારીની તાલીમના ઉદ્‌ઘાટન કે પૂર્ણાહુતિ સમારંભમાં ભાગ લીધેલો ખરો?

ઉત્તર ૨૨૨ : (જ) હા, જી.

[૨૪] પ્રા. એસ. બી. વોરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૨૨૩ : (ક) યુનિવર્સિટી ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી પરીક્ષાવિષયક સમિતિએ સૂચવેલ મુદ્દાઓનો અમલ મુલતવી શા માટે રહ્યો?

ઉત્તર ૨૨૩ : (ક) સદરહુ સમિતિની ભલામણો ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભા સમક્ષ રજૂ કરવામાં આવી હતી, તેનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. તેના અમલની બાબતમાં વ્યાવહારિક દૃષ્ટિએ જે ફેરફાર કરવા જરૂરી જણાય તે ફેરફારો સાથે ચોક્કસ નિયમો ઘડવા માટે નિમાયેલ સમિતિની તા. ૧-૫-૧૯૭૪ની સભાની ભલામણો ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૮-૧૯૭૪ની સભા સમક્ષ રજૂ કરવામાં આવતાં તેણે નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪-૭૫ના વર્ષની પરીક્ષાઓ (ઑક્ટોબર-નવેમ્બર અને માર્ચ-એપ્રિલની પરીક્ષાઓ સહિત) તથા તે પછીની તમામ યુનિવર્સિટીની પરીક્ષાઓ યુનિવર્સિટીનાં નિયત ધારાધોરણો મુજબ લેવામાં

આવશે અને તેમાં આંતરિક ગુણાંકન, પ્રશ્નોના વિકલ્પો ઇત્યાદિ અંગે કોઈ પણ પ્રકારની ખાસ રાહત આપવામાં આવશે નહીં એ સ્પષ્ટતા તમામ સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પરિપત્ર દ્વારા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.''

એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ તા. ૨૧--૮--૧૯૭૪ની સભાની ભલામણો તા. ૨૪--૮--૧૯૭૪ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ મંજૂર કરી છે.

પ્રશ્ન ૨૨૩ : (ખ) આ અમલ કયારથી કરવામાં આવશે ?

ઉત્તર ૨૨૩ : (ખ) ઉત્તર ૨૨૩ (ક) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૪ : (ક) ઑનર્સ કોર્સ માટેની સમિતિએ અત્યાર સુધી શું કાર્યવાહી કરી ?

ઉત્તર ૨૨૪ : (ક) ઑનર્સ કોર્સ દાખલ કરવાનું સૂચન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ સમક્ષ મૂકવામાં આવેલું. વિનયન વિદ્યાશાખામાં આ અભ્યાસક્રમ દાખલ કરવાના સૂચન પરત્વે અહેવાલ રજૂ કરવા માટે સમિતિ નીમવામાં આવી છે. સદરહુ સમિતિએ પોતાની કામગીરી હજુ પૂરી કરી નથી. વાણિજ્ય વિદ્યાશાખામાં આ અભ્યાસક્રમ દાખલ કરવા પરનો અહેવાલ રજૂ કરવા સમિતિ નીમવામાં આવી છે તેણે પણ હજુ પોતાની કામગીરી પૂરી કરી નથી. વિજ્ઞાન વિદ્યાશાખામાં આ અભ્યાસક્રમ દાખલ કરવા બાબતમાં વિદ્યાશાખાએ એકેડેમિક કાઉન્સિલને કેટલીક ભલામણો કરેલી તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલ તેની તા. ૧--૧--૧૯૭૫ની સભામાં નીચે મુજબ ઠરાવ કર્યો છે :

> "એથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં ઑનર્સ કોર્સ દાખલ કરવા બાબતમાં સરદાર પટેલ યુનિવર્સિટીએ કરેલા પ્રયોગનાં પરિણામ જોઈ, મૂલવી આગળ વધવાનું વિચારવું."

પ્રશ્ન ૨૨૪ : (ખ) આવા કોર્સ અમલી કયારે બનશે ?

ઉત્તર ૨૨૪ : (ખ) આ તબક્કે આ કાર્યાલય તેનો જવાબ આપી શકે તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૨૫ : (ક) અનુસ્નાતક કક્ષાઓ માન્યતા મેળવવા ચાલુ રાખવા જરૂરી ત્રણ પેપર લખ્યા હોય તેવા શિક્ષકોની યાદી આપવા વિનંતી છે.

(ખ) આ લેખો જે નિષ્ણાતોએ ચકાસ્યા હોય એમનાં નામ આપવા વિનંતી છે.

ઉત્તર ૨૨૫ : (ક) અને (ખ) અનુસ્નાતક કક્ષાઓ માન્યતા મેળવવા ચાલુ રાખવા માટે વર્ષ ૧૯૭૪--૭૫ દરમિયાન જે શિક્ષકોએ અરજી કરેલી અને તેની સાથે જરૂરી ત્રણ પેપર્સ મોકલાવેલ તેમનાં નામ તથા તેમના સંશોધન પેપરો--લેખો જે નિષ્ણાતોને ચકાસવા

માટે મોકલ્યા છે તેમનાં નામ નીચે મુજબ છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧.	શ્રી. એસ. ટી. જેસલપુરા	ગુજરાતી	પ્રો. એ. એમ. રાવળ
૨.	શ્રી. બી. આર. પટેલ	,,	શ્રી. જે. કે. મોઢ
૩.	શ્રી. એસ. સી. પટેલ	,,	ડૉ. રમણલાલ જોશી
૪.	શ્રી. એન. સી. શાહ	,,	આચાર્ય સી. એ. ટોપીવાલા
૫.	શ્રી. એન. ડી. દેસાઈ	,,	આચાર્ય વિનોદ અધ્વર્યુ
૬.	શ્રી. સી. એ. શુકલ	,,	શ્રી. ય. પ્રા. શુકલ
૭.	શ્રી. કે. બી. દેસાઈ	,,	આચાર્ય ધીરુભાઈ ઠાકર
૮.	શ્રી. જે. એ. દવે	,,	આચાર્ય પદ્માબહેન ફડિયા
૯.	શ્રી. જે. કે. વ્યાસ	,,	આચાર્ય કે. એમ. આચાર્ય
૧૦.	શ્રી. કે. જી. પટેલ	,,	આચાર્ય બી. પી. કોઠારી
૧૧.	શ્રી. આર. એસ. નાયક	,,	આચાર્ય તનમણિશંકર શુકલ
૧૨.	શ્રી. ડી. એમ. માસ્તર	,,	શ્રી. જે. કે. પટેલ
૧૩.	શ્રી. ડી. પી. ઠાકર	,,	શ્રી. આનંતરાય રાવળ
૧૪.	શ્રી. એન. યુ. જોશી	,,	આચાર્ય ડી. ડી. દેસાઈ
૧૫.	શ્રી. બી. એમ. પંડિત	,,	આચાર્ય માહનભાઈ પટેલ
૧૬.	શ્રી. એચ. જી. શુકલ	હિંદી	ડૉ. આંબાશંકર નાગર
૧૭.	શ્રી. એલ. ડી. જોશી	હિંદી	ડૉ. આંબાશંકર નાગર
૧૮.	શ્રી. ડી. જી. વેદિયા	સંસ્કૃત	ડૉ. ઈ. એ. સોલોમન
૧૯.	શ્રી. જે. સી. દેસાઈ	સંસ્કૃત	ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા
૨૦.	શ્રી. આઈ. વી. ત્રિવેદી	સંસ્કૃત	ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૨૧.	શ્રી. આર. આર. શાહ	સંસ્કૃત	આચાર્ય સી. એલ. શાસ્ત્રી
૨૨.	શ્રી. જી. એસ. શાહ	સંસ્કૃત	ડૉ. ઈ. એ. સોલોમન
૨૩.	શ્રી. જી. વી. પટેલ	સંસ્કૃત	ડૉ. એન. એમ. કંસારા
૨૪.	શ્રી. અગ્નિહોત્રી ઋષિરાજ	સંસ્કૃત	ડૉ. ઈ. એ. સોલોમન
૨૫.	શ્રી. કે. જી. દેસાઈ	એજ્યુકેશન	ડૉ. કે. જી. દેસાઈ
૨૬.	શ્રી. કે. વી. શેઠ	એજ્યુકેશન	આચાર્ય કે. જી. દેસાઈ
૨૭.	શ્રીમતી મધુબહેન એમ. શાહ	એજ્યુકેશન	આચાર્ય દાઉદભાઈ ઘાંચી
૨૮.	શ્રી. એન. એમ. પંડ્યા	,,	ડૉ. ચંપાબહેન ભટ્ટ
૨૯.	શ્રી. પી. જી. પટેલ	,,	ડૉ. ડી. એમ. દેસાઈ
૩૦.	શ્રી. એન. બી. પટેલ	,,	ડૉ. ગુણવંત બી. શાહ
૩૧.	શ્રી. કે. સી. પંચાલ	,,	ડૉ. ડી. બી. દેસાઈ
૩૨.	આચાર્ય બી. પી. પટેલ	,,	ડૉ. હરિભાઈ
૩૩.	શ્રી. સી. કે. અકુવાલાં	,,	આચાર્ય આર. એસ. ત્રિવેદી
૩૪.	શ્રી. આર. આર. દવે	,,	આચાર્ય આર. એસ. ત્રિવેદી

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૩૫.	શ્રી. જે. પી. અમીન	ભારતીય સંસ્કૃતિ	ડૉ. ભોગીલાલ સાંડેસરા
૩૬.	શ્રી. કે. બી. વ્યાસ	તત્ત્વજ્ઞાન	ડૉ. જે. એ. યાજ્ઞિક
૩૭.	શ્રી. જે. જે. શુક્લ	તત્ત્વજ્ઞાન	ડૉ. જાવડેકર
૩૮.	શ્રી. એમ. આર. સોલંકી	ઇતિહાસ	ડૉ. આર. કે. ધારૈયા
૩૯.	શ્રી. જે. બી. પટેલ	ઇતિહાસ	ડૉ. આર. કે. ધારૈયા
૪૦.	શ્રી. કે. એ. પટેલ	અર્થશાસ્ત્ર	ડૉ. જે. એચ. અધ્વર્યુ
૪૧.	શ્રી. કે. જી. મુનશી	અર્થશાસ્ત્ર	પ્રો. મહેશભાઈ ભટ્ટ
૪૨.	શ્રી. એસ. એસ. રાજ	અર્થશાસ્ત્ર	શ્રી. એચ. કે. ત્રિવેદી
૪૩.	શ્રી. આર. આર. મહેતા	અર્થશાસ્ત્ર	પ્રો. મહેશભાઈ ભટ્ટ
૪૪.	શ્રી. પી. ડી. શાહ	,,	પ્રો. જે. એચ. અધ્વર્યુ
૪૫.	શ્રી. એ. એસ. પટેલ	,,	પ્રો. આર. કે. અમીન
૪૬.	શ્રી. એન. યુ. રાજગુરુ	,,	ડૉ. વ્યાસ (આઈ.આઈ.એમ.)
૪૭.	શ્રી. એ. જી. શુક્લ	,,	ડૉ. દેસાઈ—વલ્લભ વિદ્યાનગર
૪૮.	શ્રી. વાય. એમ. પટેલ	,,	ડૉ. એમ. બી. દેસાઈ—સુરત
૪૯.	શ્રી. એસ. સી. કાનાવાલા	મનોવિજ્ઞાન	ડૉ. એ. એસ. પટેલ
૫૦.	શ્રી. એચ. ડી. બદામી	,,	ડૉ. કે. બી. વ્યાસ
૫૧.	શ્રી. ફ્રાન્કો જુડાસ	રસાયણશાસ્ત્ર	ડૉ. પી. સી. મહેતા
૫૨.	શ્રી. પી. એસ. આચાર્ય	,,	ડૉ. એસ. આર. પટેલ
૫૩.	શ્રી. એમ. સી. તલાટી	ભૌતિકવિજ્ઞાન	ડૉ. પંડ્યા (વડોદરા)
૫૪.	શ્રી. વી. એમ. સુકાવાલા	વનસ્પતિવિજ્ઞાન	ડૉ. આડતિયા આર. ડી.
૫૫.	શ્રી. સી. એમ. પટેલ	,,	ડૉ. જે. જે. ચિનોય
૫૬.	શ્રી. પી. વાય. પરમાર	પ્રાણીશાસ્ત્ર	ડૉ. વી. સી. શાહ
૫૭.	શ્રી. સી. આર. શાહ	એમ.કૉમ.	ડૉ. એમ. બી. દેસાઈ

પ્રશ્ન ૨૨૫ : (ગ) કુલ માન્ય શિક્ષકોની સંખ્યા કેટલી?

ઉત્તર ૨૨૫ : (ગ) શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા, વિજ્ઞાન વિદ્યાશાખા અને વાણિજ્ય વિદ્યાશાખામાં માન્યતા ધરાવતા એવા માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકોની ભેગી મળીને કુલ સંખ્યા ૧૩૭૧ છે.

પ્રશ્ન ૨૨૬ : (ક) યુનિવર્સિટી ધારાની કલમ ૩૩--એ (૧), (બી) (૧) અને (૨) પ્રમાણે કૉલેજોમાં સ્ટાફની નિમણૂક માટે યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલે કૉલેજોને તેમ કરવા શું ઠરાવ કરીને મોકલાવ્યો છે?

ઉત્તર ૨૨૬ : (ક) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧--૮--૧૯૭૩ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે અને તે પ્રમાણે તેની જાણ કૉલેજોને તા. ૨૫--૯--૧૯૭૩ના પરિપત્રથી કરવામાં

આવી છે :

"વરણીસમિતિ પર યુનિવર્સિટીના સભ્ય નીમવા માટેની ખબર જે તે કૉલેજ તરફથી વરણીસમિતિની તારીખના ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં યુનિવર્સિટીને જાણ કરવી જોઈએ."

પ્રશ્ન ૨૨૬ : (ખ) એ ઠરાવ કૉલેજોને મોકલાવ્યા પછી આજદિન સુધીમાં કઈ કઈ કૉલેજોએ કેટલી કેટલી વાર યુનિવર્સિટી મારફતી સદરહુ કલમનો અને યુનિવર્સિટીના ઠરાવનો ભંગ કર્યો છે?

ઉત્તર ૨૨૬ : (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૬૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૬ : (ગ) યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે આ કલમનો ભંગ કરનાર કૉલેજો સામે કઈ કઈ સભામાં શું ઠરાવ કર્યો?

ઉત્તર ૨૨૬ : (ગ) ઉપર પ્રશ્ન ૨૨૬ (ખ)ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૬ : (ઘ) એક વાર નિમણૂક ગ્રાહ્ય કરી હોય છતાં ફરીથી બીજી નિમણૂક વખતે કૉલેજે સદરહુ કલમનો ભંગ કર્યો હોય તેવી કૉલેજોનાં નામ આપો.

ઉત્તર ૨૨૬ : (ઘ) સદરહુ માહિતી માટે પ્રશ્ન ૧૭૮ના ઉત્તરમાં આપેલ પરિશિષ્ટ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૬ : (ચ) એક કૉલેજની નિમણૂકો બે કે તેથી વધુ વાર યુનિવર્સિટીએ તેના પ્રતિનિધિ વિના માન્યતા આપી હોય તેવી કૉલેજોનાં અને નિયુક્ત થયેલ જે તે અધ્યાપક/આચાર્યનાં નામ આપો.

ઉત્તર ૨૨૬ : (ચ) ઉપર પ્રશ્ન ૨૨૬(ખ)ના ઉત્તરમાં આપેલ **પરિશિષ્ટ "૬૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૭ : (ક) યુનિવર્સિટીએ પોતાની માલિકીની જમીનનો ઢોરોની માટે ઉપયોગ શરૂ કર્યો છે, તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૨૭ : (ક) હા, જી.

પ્રશ્ન ૨૨૭ : (ખ) ચાલુ વર્ષે યુનિવર્સિટીની જમીન પર ઘાસીના કયા પાક ઉગાડવામાં આવ્યા?

ઉત્તર ૨૨૭ : (ખ) રજકો, મકાઈ, જવ, ઘઉં વગેરે ઢોરના ખોરાક માટે ઉગાડેલ છે.

પ્રશ્ન ૨૨૭ : (ગ) તેમાંથી ઉત્પાદન આશરે કેટલી કિંમતનું મળ્યું? અને

પ્રશ્ન ૨૨૭ : (ઘ) તે માટે આશરે ખર્ચ કેટલો થયો?

ઉત્તર ૨૨૭ : (ગ) અને (ઘ) યુનિવર્સિટીએ તે માટે કોઈ ખર્ચ બતાવ્યો નથી. દુકાળમાં સપડાયેલાં ઢોરોને ઉગેરવા માટે આ જમીનમાંથી જે લીલો ચારો ઉગાડવામાં આવે છે, તે તેમને ખવડાવવામાં આવે છે. હાલમાં જે રાખવામાં આવેલ ઢોર અંગેની માહિતી નીચે મુજબ છે:

(તા. ૧૭--૩--૧૯૭૧) :

		નંગ
૧.	ગાય	૧૦૯
૨.	બળદ	૧૧૬
૩.	વાછરડા-વાછરડી	૪૦
૪.	ભેંસ	૧૬
૫.	પાડી	૦૨
૬.	ઈતર	૦૪
		૨૮૭.

પ્રશ્ન ૨૨૮ : (ક) પ્રી-યુનિ. વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન માટે અંગ્રેજીના સિલેકશન માટે યુનિવર્સિટીએ કઈ તારીખે ટેન્ડરો મંગાવ્યાં ?

ઉત્તર ૨૨૮ : (ક) પ્રી-યુનિ. વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન માટે અંગ્રેજીના સિલેકશન માટેનાં ટેન્ડરો યુનિવર્સિટીએ તા. ૯—૧—૧૯૭૪ના રોજ મંગાવ્યાં હતાં.

પ્રશ્ન ૨૨૮ : (ખ) આવેલાં ટેન્ડરો ખોલવા અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણો શું છે ?

ઉત્તર ૨૨૮ : (ખ) ટેન્ડરો ખોલવા અંગે યુનિવર્સિટીએ કોઈ ધારાધોરણ નક્કી કર્યાં નથી, પરંતુ સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં આપેલી સત્તાના આધારે કુલસચિવશ્રીના આદેશથી નીચે પ્રમાણે વ્યવસ્થા નક્કી કરેલી છે :

ટેન્ડર ખોલવા માટે નક્કી કરેલા અધિકારીનું નામ	કયા વિભાગનાં ટેન્ડરો ખોલવાં
૧. કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ	યુનિવર્સિટી મુદ્રણાલય
૨. ડેપ્યુટી રજિસ્ટ્રાર	હિસાબ વિભાગ તથા એસ્ટેટ વિભાગ
૩. ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઈનાન્સ)	યુનિ. ગ્રંથાલય અને ઉપર નં. ૧ અને ૨માં જણાવ્યા સિવાયના બીજા વિભાગો.

પ્રશ્ન ૨૨૮ : (ગ) આપેલાં ટેન્ડરની પાર્ટીઓને ટેન્ડર ખોલવા માટેનો સમય જણાવ્યો હતો ખરો ?

ઉત્તર ૨૨૮ : (ગ) ટેન્ડરમાં આવો કોઈ સમય જણાવેલો ન હતો પણ ટેન્ડર ભરતી પાર્ટીઓને તા. ૧૮-૧-૧૯૭૪ના રોજ બપોરે ૧૨—૦૦ વાગ્યાનો સમય મૌખિક રીતે આપવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૨૨૮ : (ઘ) ટેન્ડર ખોલવાનો સમય પાર્ટીઓને તા. ૧૭—૧—૧૯૭૪ને બપોરે ૧૨-૦૦નો આપેલો છતાં ટેન્ડરો તે દિવસે કેટલા વાગ્યે ખોલવામાં આવ્યાં ?

ઉત્તર ૨૨૮ : (ઘ) ટેન્ડરો તા. ૧૭--૫--૧૯૭૪ના રોજ નહીં પણ ઉપર પ્રશ્ન (ગ)ના ઉત્તરમાં જણાવ્યું છે તે પ્રમાણે તા. ૧૮--૧--૧૯૭૪ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે ખોલવામાં આવ્યાં હતાં.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જો ટેન્ડર 'ઈન્વાઈટ' કર્યાં હોય તે જે તે પાર્ટીની હાજરીમાં ખોલવાં જોઈએ, છતાં ટેન્ડર વહેલાં ખોલીને જયભારત પ્રકાશનને નહિ, પરંતુ રવાણી પ્રકાશન ગૃહને, તેના જ ભાગીદારો હોવા છતાં, તેને અંગ્રેજીનું 'સિલેકશન' છાપવા આપ્યું છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ટેન્ડર ખોલવા માટે તા. ૧૮-૧-૧૯૭૪ના રોજ ૧૨--૦૦ વાગ્યાનો સમય મૌખિક જણાવેલો. પણ એકિઝકયુટિવ કાઉન્સિલની સભા તે જ દિવસે સવારે ૯--૦૦ વાગે યોજાઈ હતી, અને પાઠયપુસ્તક જૂન માસમાં અમલમાં આવતું હોઈ તેના છાપકામમાં વિલંબ ન થાય તે દૃષ્ટિએ સવારે ૯--૦૦ વાગે ટેન્ડર ખોલવામાં આવ્યાં હતાં. રવાણી પ્રકાશન સંસ્થાના ભાગીદારો અંગે કાર્યાલયને જાણ નથી.

એક વિદ્યાર્થી સભ્યે નીચેનો એક પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ અંગે તાર કરવામાં આવ્યો છે તે વાત સાચી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : કોઈ બાબત અંગે અંગત આક્ષેપ કરવો યોગ્ય ગણાય નહિ. હું એ પણ કહેવા માંગું છું કે આમાં કોઈનો અંગત સ્વાર્થ કયાંય હતો નહીં.

પ્રા. લહુભાઈ મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કાયદાની દૃષ્ટિએ જે બાબતોમાં એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યના કોઈ સંબંધીનું હિત હોય તો તે સભ્યે હાજર રહેવું ન જોઈએ.

એક વિદ્યાર્થી સભ્યે જણાવ્યું કે આ અંગે તપાસસમિતિ નીમવી જોઈએ.

પ્રા. લહુભાઈ મહેતાએ જણાવ્યું કે યુનિવર્સિટીના કેટલાક પ્રશ્નો અંગે કાયમી 'વિજિલન્સ કમિટી' નીમવી જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : જેને લાગતુંવળગતું હોય તેણે સભા વખતે હાજર ન રહેવું જોઈએ તે વાત શિરસ્તાની દૃષ્ટિએ ઉચિત છે.

પ્રા. લહુભાઈ મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એક કોર્ટના ચુકાદામાં જણાવાયું છે કે લાગતાવળગતા સભ્ય સભામાં બેઠા નહોતા, તોપણ પગલાં લેવાયાં છે, તો આ બાબત અંગે તપાસસમિતિ નીમવી જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગે તપાસ કરવા જેવું લાગશે તો તે કરીશું.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જ્યારે કૉન્ટ્રાક્ટ આપવામાં આવ્યો ત્યારે કાગળોનો કવોટા મળેલો હતો છતાં તે જતો કરી બીજો કૉન્ટ્રાક્ટ આપ્યો હતો તે વાત સાચી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી.

પ્રા. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યના સગાને કામ સોંપાય તે યોગ્ય છે?

ડૉ. બિહારીભાઈ કનેયાલાલે જણાવ્યું કે આ અંગે એકિઝકયુટિવ કાઉન્સિલના જે કોઈ સભ્યના સગાની વાત આવતી હોય તે સભ્યની પોતાની ફરજ છે કે તેમણે સભાગૃહને તેની જાણ કરવી જોઈએ. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યોને આ અંગે કોણ ભાગીદાર છે તેનો ખ્યાલ ન પામી શકાય. એકિઝકયુટિવ કાઉન્સિલ કે ફાઈનાન્સ સમિતિના જે સભ્ય હોય તેમણે તેમનું કે તેમના સગાનું આર્થિક હિત હોય તો તેમણે તે વખતની ચર્ચામાં ભાગ લેવો ન જોઈએ.

પ્રા. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કાયદેસર છે કે કેમ?

કુલપતિશ્રીનો ઉત્તર : કાયદાના પ્રશ્નનો હું નિર્ણય આપી શકું નહીં.

પ્રા. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

હું શ્રી. કુલસચિવને પૂછું છું કે અધ્યક્ષે અભિપ્રાય આપવો જોઈએ કે નહીં?

શ્રી. કુલસચિવનો ઉત્તર : અધ્યક્ષશ્રીને પોતાનો અભિપ્રાય આપવાની ફરજ પાડી શકાય નહીં.

પ્રા. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રિ. કે. બી. વ્યાસની બાબતમાં કેસ કોર્ટમાં ગયેલો અને યુનિવર્સિટી હારી ગયેલી તો તેને આધારે આ અંગે નિર્ણય ન લઈ શકાય?

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રશ્નનો જવાબ હું આપી શકું તેમ નથી. ક્ષમા કરશો.

શ્રી. સાગર રાયકાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મારે જવાબ જોઈએ છે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે અહીં પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

તે પછી શ્રી. સાગર રાયકાએ જણાવ્યું કે તેમના પ્રશ્નો માટે છેલ્લી દસ મિનિટ ફાજલ પાડવાનું જણાવેલું હતું; તો હવે તે પ્રશ્નો હાથ ધરવા જોઈએ. અન્ય સભ્યોએ તેને અનુમોદન આપ્યું. તે પછી તેમના પ્રશ્નો હાથ ધરવામાં આવ્યા.

પ્રશ્ન ૨૨૮ : (ચ) ટેન્ડરો ખોલતી વખતે કઈ કઈ પાર્ટીઓ હાજર રહી હતી?

ઉત્તર ૨૨૮ : (ચ) ટેન્ડરો ખોલતી વખતે કોઈ પાર્ટી હાજર ન હતી.

પ્રશ્ન ૨૨૮ : (છ) કોઈ અમુક પાર્ટીનું ટેન્ડર મંજૂર કરવું હતું તેથી ટેન્ડર ખોલવાનો સમય યુનિવર્સિટીએ એકાએક બદલ્યો હોવાની માહિતી સાચી છે?

ઉત્તર ૨૨૮ : (છ) ના, જી.

પ્રશ્ન ૨૨૮ : (જ) ટેન્ડરો પૈકી કઈ પાર્ટીનું ટેન્ડર યુનિવર્સિટીએ મંજૂર કર્યું?

ઉત્તર ૨૨૮ : (જ) યુનિવર્સિટીએ "રવાણી પ્રકાશન ગૃહ"નું ટેન્ડર મંજૂર કર્યું હતું.

પ્રશ્ન ૨૨૮ : (ઝ) ટેન્ડર મંજૂર કરવામાં કેટલા કે.જી.નો કાગળ વાપરવાની યુનિવર્સિટીએ શરત મૂકી હતી?

ઉત્તર ૨૨૮ : (ઝ) ટેન્ડરમાં ૧૬.૩ કે.જી.નો કાગળ વાપરવાની યુનિવર્સિટીએ શરત મૂકી હતી.

પ્રશ્ન ૨૨૮ : (ટ) એ પાર્ટીએ સિલેક્શન કેટલા કે.જી.ના કાગળ પર છાપ્યું?

ઉત્તર ૨૨૮ : (ટ) સદરહુ પાર્ટીએ સિલેક્શન ૧૫.૩ કે.જી.ના કાગળ પર છાપ્યું હતું.

પ્રશ્ન ૨૨૮ : (ઠ) યુનિવર્સિટીએ તે પ્રકારની મંજૂરી આપી ત્યારે તે સિલેક્શનની કિંમત ઘટાડવાની કોઈ શરત પ્રકાશક પર મૂકી હતી?

ઉત્તર ૨૨૮ : (ઠ) ના, જી.

પ્રશ્ન ૨૨૮ : (ડ) આ ટેન્ડર જે પાર્ટીનું મંજૂર થયું તે પાર્ટી સાથે ભારત પ્રકાશન સંકળાયેલું છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૨૮ : (ડ) આ અંગેની કોઈ માહિતી યુનિવર્સિટી કાર્યાલય પાસે નથી.

પ્રશ્ન ૨૨૮ : (ણ) પ્રી-યુનિવર્સિટીનું આ અંગ્રેજીનું સિલેક્શન રબર સ્ટેમ્પવાળાં સાદાં બિલો આપીને વેચાણ કર્યું હોવાની કોઈ ફરિયાદ યુનિવર્સિટીને મળી છે ખરી?

ઉત્તર ૨૨૮ : (ણ) ના, જી.

પ્રશ્ન ૨૨૮ : (ત) આમ થતાં યુનિવર્સિટીની રોયલ્ટીમાં ઘટાડો થવા સંભવ છે તો તે અંગે યુનિવર્સિટી જે તે પ્રકાશક સામે તપાસ હાથ ધરી પગલાં ભરશે?

ઉત્તર ૨૨૮ : (ત) તપાસ કરવા માટે પ્રથમદર્શનીય પુરાવો મળશે તો તે બાબતમાં ઘટતી તજવીજ કરવામાં આવશે.

પ્રશ્ન ૨૨૯ : (ક) ખંભાત, તલોદ, ભાદરણ, પિલવાઈ અને બોરસદ પૈકી કઈ કઈ કૉલેજોમાં છેલ્લા કેટલા મહિનાનો અધ્યાપકોનો પગાર ચૂકવાયો નથી?

ઉત્તર ૨૨૯ : (ક) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પ્રશ્ન ૧૦૪ (જ) અને (ઝ)ના ઉત્તરનું **પરિશિષ્ટ "૧૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૯ : (ખ) યુનિવર્સિટીને આ અંગે કઈ તારીખોએ ફરિયાદો મળી?

ઉત્તર ૨૨૯ : (ખ) (૧) તા. ૧૦--૨--૧૯૭૫ના રોજ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈના શિક્ષકો તરફથી.

(૨) ફાર્મસી કૉલેજ, ખંભાતના વિદ્યાર્થીઓ તરફથી આ કૉલેજના શિક્ષકોને પગાર નથી મળ્યો તે માટે ફરિયાદ તા. ૨૮--૨--૧૯૭૫ના રોજ આવી હતી.

પ્રશ્ન ૨૨૯ : (ગ) યુનિવર્સિટીએ તે અંગે શું પગલાં ભર્યાં?

ઉત્તર ૨૨૯ : (ગ) (૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યનું વકતવ્ય માગવામાં આવ્યું હતું જેના અનુસંધાનમાં કૉલેજે તેની તા.૧૭--૨--૧૯૭૫ની સભામાં નીચે પ્રમાણે જણાવ્યું છે:

"...બાકીના બે માસના પગાર કરવા માટે તજવીજ ચાલુ છે તે દરમિયાન તાત્કાલિક રાહત તરીકે કેટલાક સ્ટાફ મેમ્બર્સને રૂ. ૧૫૦/- પ્રમાણે ઍડવાન્સની રકમ આપી છે, જ્યારે કેટલાક પાસેથી કૉલેજે એરિયર્સની ચુકવણી પેટે સામેથી જે રકમ લેવાની થાય છે તે હાલ તુરત લેવાનું મુલતવી રાખ્યું છે."

ઉપરના પ્રત્યુત્તરના અનુસંધાનમાં યુનિવર્સિટીએ તેના તા. ૨૪--૨--૧૯૭૫ના પત્રથી બાકી રહેલી તમામ ચુકવણી એક મહિનામાં કરીને યુનિવર્સિટીને જાણ કરવા કૉલેજને જણાવ્યું છે.

(૨) ખંભાતની કૉલેજને આ બાબતમાં પૂછવામાં આવ્યું છે પરંતુ તેમના તરફથી કોઈ પ્રત્યુત્તર આવ્યો નથી. દરમિયાન ફાર્મસી કૉલેજના ડિગ્રી અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ કરી આપવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૨૩૦ : (ક) દહેગામ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાંથી કયા કયા અધ્યાપકોની તેમના પગારોની એરિયર્સની કેટલી રકમ કૉલેજે ચૂકવવાની બાકી છે તેની વર્ષવાર માહિતી આપશો.

ઉત્તર ૨૩૦ : (ક) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી કોઈ પ્રત્યુત્તર નથી.

પ્રશ્ન ૨૩૦ : (ખ) આ કૉલેજે કયા અધ્યાપકોની કેટલી રકમ ડિપોઝિટ તરીકે જમા લીધી છે?

ઉત્તર ૨૩૦ : (ખ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ કૉલેજ તરફથી કોઈ પ્રત્યુત્તર નથી.

પ્રશ્ન ૨૩૦ : (ગ) અધ્યાપકોનો બાકી પગાર આ કૉલેજે ડિપોઝિટ તરીકે જમા લીધો છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૩૦ : (ગ) ઉપર પ્રશ્ન ૨૩૦ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૦ : (ધ) આ અધ્યાપકોને તે ડિપોઝિટની રકમ કૉલેજ કઈ તારીખ સુધીમાં પરત કરવાનું નક્કી કર્યું છે?

ઉત્તર ૨૩૦ : (ધ) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૨૩૧ : (ક) નાલનપુર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના કયા કયા અધ્યાપકોને તા. ૧–૪–૧૯૬૬થી આજની તારીખ સુધીના પગારધોરણોની વર્ષવાર કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

ઉત્તર ૨૩૧ : (ક) સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કૉલેજ તરફથી કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૨૩૧ : (ખ) આ અંગે છેલ્લાં પાંચ વર્ષમાં કઈ કઈ સેનેટ / કોર્ટ સભામાં પ્રશ્નો પુછાયા હતા

ઉત્તર ૨૩૧ : (ખ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ તથા તા. ૧૩/૧૪/૧૫–૬–૧૯૭૪ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની સભામાં આ અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૨૩૧ : (ગ) આ કૉલેજના અધ્યાપકોએ યુનિવર્સિટીને ફરિયાદ કયારે કરી?

ઉત્તર ૨૩૧ : (ગ) આ માહિતી ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૨૩૧ : (ઘ) યુનિવર્સિટીએ આ કૉલેજનું જે તે વિષયમાં એફિલિયેશન આપવાની છેલ્લાં પાંચ વર્ષ માટે કઈ કઈ તારીખે ભલામણ કરી?

ઉત્તર ૨૩૧ : (ઘ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

આ કૉલેજનું જે તે વિષયમાં જોડાણ આપવા માટે નીચે દર્શાવેલ તારીખથી તેની સામે જણાવેલ મુદત માટે ભલામણ કરી હતી / ઠરાવ્યું હતું :

૧.	તા. ૧૦–૮–૧૯૭૧થી (રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવી હતી)	તા. ૧૧–૬–૧૯૭૧થી તા.૧૪–૬–૭૪
૨.	તા. ૩–૭–૧૯૭૪થી એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૮–૫–૧૯૭૪ની સભાના ઠરાવ અન્વયે જોડાણ આપવામાં આવ્યું.	તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૭૬

પ્રશ્ન ૨૩૧ : (ચ) એફિલિયેશનની એક શરતમાં પગારચુકવણી બાકી હોય તે પૂરી કરી લેવાની શરત છે ખરી?

ઉત્તર ૨૩૧ : (ચ) હા, જી. ૧૯૭૪ની સદરહુ કૉલેજની ચાલુ જોડાણ માટેની અરજી પર આ અંગે શરત મૂકવામાં આવી હતી.

પ્રશ્ન ૨૩૧ : (છ) આ કૉલેજમાં તે શરત ન પળાયા છતાં યુનિવર્સિટીએ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલી વાર જે તે વિષયનું ઓફિલિયેશન માન્ય કર્યું ?

ઉત્તર ૨૩૧ : (છ) ૧૯૭૪ના ચાલુ જોડાણ માટે નીચેની શરત મૂકવામાં આવી હતી, તથા તેના પાલન અંગે કૉલેજ તે સામે દર્શાવ્યા પ્રમાણે જણાવ્યું છે :

શરત	પાલન અંગેનો કૉલેજનો અહેવાલ
યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોનાં વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.	આ નિયમનું પાલન કરવામાં આવે છે.

ઉપરની વિગતો જોતાં એક પણ વર્ષ, આ અંગે મૂકવામાં આવેલ જોડાણ અંગેની શરતનું પાલન થયાની લેખિત માહિતી મેળવ્યા વિના છેલ્લાં પાંચ વર્ષમાં, યુનિવર્સિટીએ આ કૉલેજનું જોડાણ આપ્યું નથી.

પ્રશ્ન ૨૩૧ : (જ) જો યુનિવર્સિટીની ઓફિલિયેશનની શરતો યુનિવર્સિટી પોતે જ ન પળાવી શકે તો પછી યુનિવર્સિટી તેવી કૉલેજનું ઓફિલિયેશન ફરી વાર તે શરતોનું પાલન થાય તે પછી જ માન્ય કરી શકે તેવાં ધારાધોરણો યુનિવર્સિટી માટે ઘડવાની જરૂરિયાત ઊભી થઈ છે એમ યુનિવર્સિટીને લાગે છે ખરું ?

ઉત્તર ૨૩૧ : (જ) આ પ્રશ્નનો જવાબ આપવાનું આ કાર્યાલય માટે શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૩૧ : (ઝ) પાલનપુર કૉલેજોના અધ્યાપકોની લેણી રકમ ન ચૂકવાયાની ફરિયાદ અંગે યુનિવર્સિટીએ શું પગલાં ભર્યાં ?

ઉત્તર ૨૩૧ : (ઝ) સદરહુ બાબત અંગે પત્રવ્યવહાર ચાલુ છે.

પ્રશ્ન ૨૩૧ : (ટ) કૉલેજનો તે અંગે શું ખુલાસો છે?

ઉત્તર ૨૩૧ : (ટ) કૉલેજનો ખુલાસો હજુ મળ્યો નથી.

પ્રશ્ન ૨૩૧ : (ઠ) અધ્યાપકોને તેમની આ વર્ષો-જૂની લેણી રકમ વ્યાજ સાથે ચૂકવાય તેવી કોઈ જવાબદારી યુનિવર્સિટી લેવા માંગે છે કે કેમ?

ઉત્તર ૨૩૧ : (ઠ) કૉલેજોની આર્થિક જવાબદારી યુનિવર્સિટી લઈ શકે તેમ નથી.

પ્રશ્ન ૨૩૧ : (ડ) કૉલેજ આ રકમ કઈ તારીખ સુધીમાં ચૂકવવા માંગે છે?

ઉત્તર ૨૩૧ : (ડ) કૉલેજને આ અંગે પૂછવામાં આવ્યું છે.

[૨૫] **પ્રા. અંબુભાઈ દેસાઈ**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૨૩૨ : (ક) ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના આચાર્યપદે નિયુક્ત થયેલ શ્રી. હર્ષદ દેસાઈનાં તે પદ માટેનાં લાયકાતનાં ધોરણો શું છે તે જણાવશો.

ઉત્તર ૨૩૨ : (ક) આચાર્ય હર્ષદભાઈ દેસાઈની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે :

ઓમ.એસસી. (૧૯૬૨) પ્રથમ વર્ગ (ઓર્ગે. કેમિસ્ટ્રી)
પીએચ.ડી. (૧૯૬૫) (કેમિસ્ટ્રી)

તથા શૈક્ષણિક અનુભવ નીચે પ્રમાણે છે :

૧૯૬૦--૬૨	ફેલો	જે. એન્ડ જે. કૉલેજ
૧૯૬૩--૬૪	ઓન. લેક્ચરર	જે. એન્ડ જે. કૉલેજ
૧૯૬૪--૬૬	પોસ્ટ-ડૉક્ટરેટ રિસર્ચ	જે. એન્ડ જે. કૉલેજ
૧૯૬૬--૬૯	લેક્ચરર	જે. એન્ડ જે. કૉલેજ
૧૯૬૯--૭૦	પ્રોફેસર	જે. એન્ડ જે. કૉલેજ
૧૯૭૦--૭૪	આચાર્ય	જે. એન્ડ જે. કૉલેજ
૧૯૭૪ પછી	આચાર્ય	ડી. ટી. આઈ. ટી., નડિયાદ

પ્રશ્ન ૨૩૨ : (ખ) એન્જિનિયરિંગ કૉલેજમાં આચાર્યપદની નિમણૂક માટેનાં લઘુતમ ધોરણો જણાવો.

ઉત્તર ૨૩૨ : (ખ) એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાત માટેનું ધોરણ નીચે મુજબ નિયત થયેલું છે :

Minimum qualifications for appointment to the post of a Principal in the affiliated college in any Faculty

"The Principal of an affiliated college shall hold at least the minimum qualification necessary for recognition as a full-fledged post-graduate teacher in subject (1) included in the faculty concerned as per provisions under St. 99 and (2) included in the syllabus for the final year of the degree course either as a compulsory or as an optional subject in the faculty.

Provided that in the Faculties of Medicine and Technology including Engineering, a Principal of an affiliated college shall have at least 10 years' teaching experience of which not less than 5 years' teaching experience must be as a Professor in an affiliated college in the Faculty of Medicine or in the Faculty of Technology including Engineering, as the case may be."

પ્રશ્ન ૨૩૨ : (ગ) યુનિવર્સિટીના નવા ધારાની જોગવાઈ પ્રમાણે શ્રી. હર્ષદ દેસાઈની આચાર્યપદે નિયુક્તિ થઈ ત્યારે સિલેક્શન સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ સંસ્થાઓ નિયુક્ત કર્યા ન હતા તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૩૨ : (ગ) હા, જી.

પ્રશ્ન ૨૩૨ : (ઘ) આચાર્ય દેસાઈ તે પદ માટે લાયકાતનાં ધોરણો ધરાવતા ન હોવાથી વિરોધ ટાળવા યુનિવર્સિટી પ્રતિનિધિને ન બોલાવ્યા હોવા છતાં યુનિવર્સિટીએ શ્રી. દેસાઈની આચાર્ય તરીકે માન્યતા ગ્રાહ્ય કરી, ત્યારે તેમની બીજી કઈ વધુ લાયકાતો યુનિવર્સિટીએ ધ્યાનમાં લીધી હતી?

ઉત્તર ૨૩૨ : (ઘ) એક્ઝિકયુટિવ કાઉન્સિલે પૂરી વિચારણા કરીને આચાર્ય એચ. એમ. દેસાઈની નિમણૂક ગ્રાહ્ય રાખવાનો ઠરાવ કર્યો છે. તે ઠરાવમાં અન્ય કોઈ નોંધ કરવામાં આવી નથી.

પ્રશ્ન ૨૩૨ : (ચ) તેઓ એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય હતા, અને જે. ઍન્ડ જે. સાયન્સ કૉલેજના આચાર્યપદેથી ફારેગ થતાં તેઓ એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યપદેથી ફારેગ થવા પાત્ર બનતા હતા તેથી તેઓ બીજી કૉલેજના આચાર્યપદે નિમાય તે જોવા પક્ષપાતી વલણ દાખવવામાં યુનિવર્સિટી પણ ભાગીદાર બની છે એમ તેમની માન્યતા ગ્રાહ્ય ગણવાથી શું ફલિત નથી થતું?

ઉત્તર ૨૩૨ : (ચ) પ્રશ્નમાં આક્ષેપ અને ફલિતાર્થનો ઉલ્લેખ છે તે જોતાં તેનો ઉત્તર આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૩૨ : (છ) શ્રી. દેસાઈ યુનિવર્સિટી કોર્ટના સભ્યપદે સાયન્સ કૉલેજના આચાર્યોની જગ્યા પર ચૂંટાયા હતા અને તે રૂએ તેઓ એક્ઝિકયુટિવ કાઉન્સિલમાં ચૂંટાયા હતા તો પછી આજે હવે એન્જિનિયરિંગ કૉલેજના આચાર્ય તરીકે તો યુનિવર્સિટી કોર્ટના તથા એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યમાં ચાલુ છે તે યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે છે ખરું?

ઉત્તર ૨૩૨ : (છ) હા, જી.

પ્રશ્ન ૨૩૩ : (ક) બોરેલી આર્ટ્સ કૉલેજમાં હિન્દીના વ્યાખ્યાતા તરીકે સેવા આપી રહેલાં શ્રી. સુશીલાબહેન જોશી ૧૯૭૩--૭૪ના વર્ષમાં માંદગીને કારણે તા. ૧૦--૧૧--૧૯૭૩થી તા. ૧--૧૨--૧૯૭૩ કૉલેજમાં ફરજ પર હાજર રહી શકયાં ન હતાં તે રજાઓ માંદગીની રજા તરીકે મંજૂર કરવાને બદલે સંસ્થાએ તેમાંથી થોડી રજાઓ સી. એલ. તરીકે અને બાકી રહેતી ૧૨ રજાઓ "પગાર વિનાની રજાઓ" તરીકે મંજૂર કરી છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૩૩ : (ક) કૉલેજે તેના તા. ૬--૩--૧૯૭૫ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"...૧૯ દિવસ સુધી કોઈ પણ પ્રકારનું રજા--આવેદન પત્ર રજૂ કર્યા વિના આ સંસ્થામાં ગેરહાજર હતાં.

તેમની ગેરહાજરી સામે શિસ્તભંગનાં પગલાં લેવાને બદલે સંસ્થાએ તેમની ગેરહાજરીને રજામાં બદલી આપવાની તૈયારી બતાવી. પરિણામે તેઓએ રજા (સી.એલ.)

અને વગર પગારની રજા(ઓલ.પલ્યુ.પી.)ની માગણી કરી અને પોતાની માગણીને માંદગીના હેતુ દર્શાવી સમર્થિત કરી.

સમજાય તેવું છે કે આ દાખલામાં માંદગીની રજા(સિકલીવ)નો કોઈ મુદ્દો જ ઉપસ્થિત થયો ન હતો. ગેરલાયકીનો બદલો રજાનો ઉપાય લેવામાં આવ્યો હતો."

પ્રશ્ન ૨૩૩ : (૫) એક અધ્યાપક કાયમી ન હોય અને પ્રોબેશન પર હોય તો તેવા અધ્યાપકને સી.એલ. સિવાયની બીજી રજાઓ આપી ન શકાય તેવાં કોઈ ધારાધોરણો યુનિવર્સિટીમાં છે ખરાં ?

ઉત્તર ૨૩૩ : (ખ) સંલગ્ન કૉલેજોમાં નિમાયેલા અધ્યાપકો કયા પ્રકારની અને કેટલી રજાઓને પાત્ર છે તે માટેના નિયમો ઘડવામાં આવ્યા છે. કઈ નો કેટલી રજાઓ ન આપી શકાય તે અંગેના કોઈ નિયમો ઘડવામાં આવેલા નથી.

પ્રશ્ન ૨૩૩ : (ગ) શ્રી. સુશીલાબહેન જોશીની સંસ્થાએ માન્ય કરેલી "પગાર વિનાની રજાઓ" યુનિવર્સિટીના નિયમો પ્રમાણે છે ખરી ?

ઉત્તર ૨૩૩ : (ગ) શ્રી. સુશીલાબહેન જોશીની રજાઓ સંસ્થાએ બિનપગારી રજાઓ તરીકે માન્ય કરી હોય તેથી યુનિવર્સિટીના કોઈ નિયમનો ભંગ થયો નથી.

પ્રશ્ન ૨૩૩ : (ઘ) પગાર વિનાની રજાઓ સંસ્થાએ મંજૂર કર્યા પછી શ્રી. જોશીને દર વર્ષે મળતો પગાર-ઈજાફો ૧૨ દિવસ કે ૧૩ દિવસ પાછો ઠેલવામાં આવ્યો છે, તેમ યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે થઈ શકે ખરું ?

ઉત્તર ૨૩૩ : (ઘ) તેથી યુનિવર્સિટીના કોઈ નિયમનું ઉલ્લંઘન થયું નથી.

પ્રશ્ન ૨૩૩ : (ચ) "પગાર વિનાની રજાઓ" સંસ્થાએ મંજૂર કર્યા પછી તેટલા દિવસનો ગાળો યુનિવર્સિટીના નિયમો પ્રમાણે શ્રી. સુશીલાબહેનની નોકરીમાં બ્રેક થયો ગણાશે ખરો ?
(યુનિવર્સિટીનાં રજાઓ અંગેનાં ધારાધોરણોનું યોગ્ય અર્થઘટન કરીને ઉપરની વિગતોના જવાબો યુનિવર્સિટી આપે તેવી વિનંતી છે.)

ઉત્તર ૨૩૩ : (ચ) ના, જી.

પ્રશ્ન ૨૩૪ : (ક) ઓટોનોમસ કૉલેજ તરીકે માન્યતા આપવા માટે યુનિવર્સિટીએ જો કોઈ નિયમો-બ્લુપ્રિન્ટ ઘડેલ હોય તો તે જણાવો.

ઉત્તર ૨૩૪ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૬૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૪ : (ખ) અત્યાર સુધીમાં કઈ કઈ કૉલેજોએ સ્વાયત્ત થવા માટે યુનિવર્સિટીને અરજી કરી છે ?

ઉત્તર ૨૩૪ : (ખ) નીચેની સંલગ્ન કૉલેજોએ સ્વાયત્તતા મેળવવા માટે અરજી કરી છે :

(૧) એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ
(૨) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૩) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૪) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ

(૫) સિટી લૉ કૉલેજ, અમદાવાદ
(૬) ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
(૭) એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
(૮) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(૯) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૧૦) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૧૧) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

પ્રશ્ન ૨૩૪ : (ગ) તેમાંથી કઈ કૉલેજોની અરજીઓની માન્યતા આપવા યુનિવર્સિટીનાં સત્તામંડળોએ વિચારણા હાથ ધરી છે?

ઉત્તર ૨૩૪ : (ગ) પ્રશ્ન ૨૩૪ (ખ)ના ઉત્તરમાં જણાવેલ તમામ (૧૧) કૉલેજોની સ્વાયત્તતા માટેની અરજીઓની વિચારણા હાથ ધરવામાં આવેલી છે.

પ્રશ્ન ૨૩૪ : (ઘ) તા. ૧૪-૨-૧૯૭૫ની એ.સી.ની સભામાં હ. કા. આર્ટ્સ કૉલેજની સ્વાયત્તતા અંગેની અરજી પર વિચારણા મોકૂફ રહી હતી તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૩૪ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૨૩૪ : (ચ) બીજે દિવસે વર્તમાનપત્રોમાં આ કૉલેજની સ્વાયત્તતા આપવામાં આવી નથી તેવા ખોટા સમાચાર પ્રગટ થયા હતા તે સમાચાર પ્રેસને કોણે મોકલાવ્યા?

ઉત્તર ૨૩૪ : (ચ) આ કાર્યાલય પાસે તે અંગે માહિતી નથી.

પ્રશ્ન ૨૩૪ : (છ) તા. ૧૪-૨-૧૯૭૫ની એ.સી.ની સભામાં ખેડા કૉલેજનું એફિલિયેશન રદ કર્યું હોવા છતાં તે સમાચાર વર્તમાનપત્રોમાં પ્રગટ ન થયા અને જે કૉલેજની સ્વાયત્તતા અરજી પર વિચારણા હજી મોકૂફ રહી છે તેના ખોટા સમાચાર પ્રગટ થયા તે પાછળ હિત ધરાવતાં કયાં તત્ત્વો કામ કરી રહ્યાં છે તેની યુનિવર્સિટીઓ તપાસ કરી છે ખરી?

ઉત્તર ૨૩૪ : (છ) ના, જી. કોઈ તત્ત્વો હિત ધરાવતાં હોવા અંગે આ કાર્યાલય પાસે કશી માહિતી નથી એમ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ.

પ્રશ્ન ૨૩૪ : (જ) જો કરી હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૨૩૪ : (જ) ઉપર પ્રશ્ન ૨૩૪ (છ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૩૫ : (ક) કોઈ પણ કૉલેજને યુનિવર્સિટી સ્વાયત્તતા આપે તે પછી તે કૉલેજના અધ્યાપકોને નોકરીની નવી શરતો લાગુ પડશે કે હાલ સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટેની જે શરતો છે તે જ લાગુ પડશે?

ઉત્તર ૨૩૫ : (ક) યુનિવર્સિટી ધારાની કલમ ૩૮ (બી) જોતાં (૧) વિદ્યાર્થી-પ્રવેશ અંગે, (૨) અભ્યાસક્રમ નિયત કરવા અંગે તથા (૩) શિક્ષણ અને પરીક્ષણની બાબતોમાં જ

સ્વાયત્તતા માટેની જોગવાઈ છે તે જોતાં, સંલગ્ન કૉલેજો સ્વાયત્ત થતાં શિક્ષકોની સેવાઓની શરતો અંગે યુનિવર્સિટીનાં જે ધારાધોરણો વખતોવખત અમલમાં હોય તેના પરિપાલનમાંથી આપોઆપ મુકત થતી નથી એમ માનવું છે તેમ છતાં આ પ્રશ્ન કાનૂની અભિપ્રાયને લગતો છે એમ સ્પષ્ટતા કરવી જોઈએ.

પ્રશ્ન ૨૩૫ : (ખ) જો તેવી કૉલેજ વિષયો બંધ કરીને, અથવા કાર્યભારની નવી પદ્ધતિ ઊભી કરીને અધ્યાપકોને છૂટા કરવાની પ્રવૃત્તિ હાથ ધરે તો તે સામે યુનિવર્સિટી સ્વાયત્તતા આપે તે વખતે તેની શરતોમાં અધ્યાપકને રક્ષણ આપતી કોઈ શરતો મૂકશે કે કેમ?

ઉત્તર ૨૩૫ : (ખ) સ્વાયત્તતા માટે અરજી કરનાર પ્રત્યેક કૉલેજની બાબતમાં સ્વાયત્તતા માટેની શરતોને લગતો પ્રસ્તાવ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે, અને જે પ્રસ્તાવ મંજૂર થશે તે રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

વધુમાં, આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી રહેલા આવી બે કૉલેજોને લગતા પ્રસ્તાવોમાં શિક્ષકોનાં વેતનનાં ધોરણો આરક્ષિત કરતી શરત મૂકવામાં આવેલી છે તે બાબ માટે ઉમેરવું જોઈએ.

પ્રશ્ન ૨૩૬ : (ક) યુનિવર્સિટી કોર્ટની છેલ્લી મીટિંગ કયારે મળી?

ઉત્તર ૨૩૬ : (ક) તા. ૧૩/૧૪/૧૫–૬–૧૯૭૪ના રોજ.

પ્રશ્ન ૨૩૬ : (ખ) કોર્ટની મીટિંગ બોલાવવા અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણો શું છે?

ઉત્તર ૨૩૬ : (ખ) યુનિવર્સિટી ધારામાં આ માટેની સંબંધકર્તા કલમ ૧૭ નીચે પ્રમાણે છે:

"17(1) The Court shall on a date to be fixed by the Chancellor meet once a year at a meeting to be called the annual meeting of the Court.

(2) The Vice-Chancellor may, wherever he thinks fit, and shall upon a requisition in writing signed by not less than twenty-five members of the Court convene a special meeting of the Court."

પ્રશ્ન ૨૩૬ : (ગ) કોર્ટની ગઈ મીટિંગમાં કામકાજની યાદી ઉપર કેટલી બાબતો હતી અને તેમાંની કેટલી બાબતો પર કાર્યવાહી પૂરી કરી શકાઈ હતી?

ઉત્તર ૨૩૬ : (ગ) કુલ ૧૩૦ બાબતોમાંથી પાંચ બાબતો પર વિચારણા થઈ હતી.

પ્રશ્ન ૨૩૬ : (ઘ) જો આટલી બધી બાબતો વિચારણા કર્યા વિના પડતી મૂકવામાં આવી હોય તે પછી યુનિવર્સિટીઓ વર્ષમાં ઓછામાં ઓછી ચાર મીટિંગ બોલાવવી જોઈએ એમ યુનિવર્સિટીને લાગે છે ખરું?

ઉત્તર ૨૩૬ : (ઘ) તે અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૨૩૬ : (ચ) છેલ્લી મીટિંગ જૂન ૧૯૭૪માં મળ્યા પછી બીજી મીટિંગ સામાન્ય રીતે ઑક્ટોબર-નવેમ્બરમાં મળવી જોઈએ તે યુનિવર્સિટીએ શા માટે બોલાવી નથી?

ઉત્તર ૨૩૬ : (ચ) ઉપર પ્રશ્ન ૨૩૬ (ખ)ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૭ : (ક) યુનિવર્સિટી કોર્ટમાં વિદ્યાર્થીઓને પ્રતિનિધિત્વ આપ્યું છે, પરંતુ તેમની ચૂંટણીનું પરિણામ અડધું વર્ષ વીતી ગયા પછી જાહેર થાય છે, અને તે પછી માત્ર તેઓ પાંચ કે છ મહિના કોર્ટના સભ્યપદે રહે છે. તો તે અંગેનાં યુનિવર્સિટી ધારાધોરણો સુધારવા કોઈ કાર્યવાહી થયેલી છે ખરી?

ઉત્તર ૨૩૭ : (ક) વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓની ચૂંટણી વેળાસર થઈ શકે તે હેતુથી સ્ટે. ૧૪-સી સુધારવા માટેનો પ્રસ્તાવ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યો છે.

પ્રશ્ન ૨૩૭ : (ખ) કુલપતિ શ્રી. ઈશ્વરભાઈએ કોર્ટની સભામાં વિદ્યાર્થી પ્રતિનિધિઓને તે મુદત વધારવા સરકારમાં રજૂઆત કરવાની ખાતરી આપી હતી તે બાબતમાં કુલપતિશ્રીએ શી કાર્યવાહી કરી છે?

ઉત્તર ૨૩૭ : (ખ) રાજ્ય સરકારને તથા કુલાધિપતિશ્રીને નીચે પ્રમાણે પત્ર લખી ઘટતી રજૂઆત કરી છે: કુલપતિશ્રીએ કુલાધિપતિશ્રીને તા. ૧૫-૬-૧૯૭૪ના રોજ તથા તા. ૬-૩-૧૯૭૫ના રોજ આ બાબતમાં પત્રો લખ્યા છે, તથા રાજ્ય સરકારને પણ તા. ૧૧-૧-૧૯૭૫ના રોજ આ બાબતમાં પત્ર લખવામાં આવ્યો છે.

પ્રશ્ન ૨૩૭ : (ગ) વિદ્યાર્થી ચૂંટાયા પછી બીજા વર્ષે તે વિદ્યાર્થી તરીકે ચાલુ હોય તો નવી ચૂંટણી થાય ત્યાં સુધી ચૂંટાયેલા વિદ્યાર્થી પ્રતિનિધિ કોર્ટના સભ્યપદે ચાલુ રહે તેવો ધારાધોરણોમાં ફેરફાર કરવાની કોઈ કાર્યવાહી યુનિવર્સિટીએ હાથ ધરી છે કે કેમ?

ઉત્તર ૨૩૭ : (ગ) ઉપર પ્રશ્ન ૨૩૭ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૭ : (ઘ) આ અંગેનો શ્રી. મૂકેશ પટેલનો ઠરાવ ગઈ કોર્ટ સભામાં સમયના અભાવે ચર્ચામાં લઈ શકાયો ન હતો તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૩૭ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૨૩૭ : (ચ) તો પછી તે સુધારો પસાર કરાવવા તથા બીજાં બાકી કામો પર વિચારણા કરવા વર્ષની મધ્યમાં બીજી કોર્ટ સભા યુનિવર્સિટીએ કેમ બોલાવી નહિ?

ઉત્તર ૨૩૭ : (ચ) યુનિવર્સિટીના વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણીઓ થઈ ન હતી તેથી.

પ્રશ્ન ૨૩૭ : (છ) કુલપતિશ્રીએ આ અંગે સુધારો કરવાની સરકારને ભલામણ કરવાની ખાતરી આપી તે શું પોકળ ખાતરી હતી?

ઉત્તર ૨૩૭ : (છ) ઉપર પ્રશ્ન ૨૩૭ (ખ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૩૭ : (જ) વિદ્યાર્થી મોટો ખર્ચ કરીને ચૂંટાય તે પછી માત્ર એક અથવા બે કોર્ટ સભામાં અને તે પણ ત્રેત્રાણ મહિનાના ગાળામાં, હાજરી આપીને કોર્ટના સભ્યપદેથી ફારેગ થાય

એમ કરીને યુનિવર્સિટીએ વિદ્યાર્થી પ્રતિનિધિત્વ હાસ્યાસ્પદ બનાવ્યું હોય એમ નથી લાગતું ?

ઉત્તર ૨૩૭ : (જ) ગુજરાત યુનિવર્સિટી ધારા હેઠળ કરવામાં આવેલી જોગવાઈ મુજબ વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી વેળાસર થાય તે માટે યુનિવર્સિટી પ્રયત્નશીલ છે તે જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૩૮ : (ક) ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજે ૧૯૭૨--૭૩, ૧૯૭૩--૭૪ અને ૧૯૭૪--૭૫નાં વર્ષોમાં ઓ. ૯૬ પ્રમાણે યુનિવર્સિટીને માહિતી પૂરી પાડી છે?

ઉત્તર ૨૩૮ : (ક) હા, જી.

પ્રશ્ન ૨૩૮ : (ખ) જે માહિતી પૈકી વર્ષવાર અને વિષયવાર પૂરા સમયના અને ખંડ સમયના શિક્ષકોનાં નામ આપો.

ઉત્તર ૨૩૮ : (ખ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૬૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૮ : (ગ) આ અંગે કૉલેજે નિયમોનો ભંગ કર્યો હોવાનો અને કૉલેજને ઠપકો આપ્યો હોવાના છેલ્લાં પાંચ વર્ષમાં યુનિવર્સિટી સત્તામંડળોએ કઈ કઈ સભાઓમાં કઈ બાબત નંબરથી ઠરાવ કર્યા છે?

ઉત્તર ૨૩૮ : (ગ) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૪--૮--૧૯૭૪ની સભામાં બાબત ક્રમાંક ૪૮ થી, એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮/૯--૭--૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૮૬થી.

પ્રશ્ન ૨૩૮ : (ઘ) યુનિવર્સિટીએ આ કૉલેજની તપાસ માટે છેલ્લાં બે વર્ષમાં કઈ તારીખે તપાસ-સમિતિ નીમી હતી અને એ તપાસસમિતિ સદરહુ કૉલેજમાં તપાસ અંગે કયારે ગઈ હતી?

ઉત્તર ૨૩૮ : (ઘ) સદરહુ કૉલેજની તપાસ માટે કુલપતિશ્રીએ એક સમિતિ નીમી હતી જેની જાણ સમિતિના સભ્યોને તા. ૧૯--૧૦--૧૯૭૪ના રોજ કરવામાં આવી હતી.

સદરહુ સમિતિ તા. ૧૦--૨--૧૯૭૫ના રોજ તપાસ માટે ગઈ હતી.

સદરહુ કૉલેજની જોડાણની અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ માટે તા. ૩૧--૮--૧૯૭૪ના રોજ બે સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવામાં આવી હતી.

સદરહુ સમિતિ તપાસ માટે તા. ૧૧--૨--૧૯૭૫ના રોજ ગઈ હતી.

પ્રશ્ન ૨૩૮ : (ચ) તપાસસમિતિના અહેવાલમાં નિયમ વિરુદ્ધ જે જે વિગતો નોંધી હોય તેની માહિતી આપો.

ઉત્તર ૨૩૮ : (ચ) સદરહુ સમિતિઓના અહેવાલો **પરિશિષ્ટ "૬૭"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૨૩૮ : (છ) તા. ૧૪--૨--૧૯૭૫ની એકેડેમિક કાઉન્સિલની સભામાં આ કૉલેજના એફિલિયેશન વિષે વિચારણા થઈ હતી તેમાં રજૂ થયેલા તપાસસમિતિના અહેવાલમાં કૉલેજમાં કુલ કેટલા પૂરા સમયના અને ખંડ સમયના અધ્યાપકો દર્શાવ્યા છે?

ઉત્તર ૨૩૮ : (છ) સદરહુ અહેવાલમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:

"કુલ ૩૧માંથી ૧૬ જેટલા અધ્યાપકો પાર્ટ–ટાઈમ હોય એ સ્થિતિ વિદ્યાકીય મૂલ્યોની જાળવણીમાં બાધારૂપ ગણાય."

પ્રશ્ન ૨૩૮ : (જ) યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભામાં, તે પછી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં આ કૉલેજના એફિલિયેશન અંગે શું નિર્ણય લેવાયા?

ઉત્તર ૨૩૮ : (જ) એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાએ સંખ્યાબંધ ખંડ સમયના શિક્ષકોની નિમણૂક કરીને યુનિવર્સિટીનાં ધારાધોરણોનો સરિયામ ભંગ કરેલો હોઈ તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ ન આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ પરની વિચારણા એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં મોકૂફ રહેલી હોઈ તે હવે પછીની સભા સમક્ષ વિચારણા માટે આવશે.

પ્રશ્ન ૨૩૯ : (ક) અમદાવાદ સાયન્સ કૉલેજમાંથી ૧૯૬૭-૬૮ના વર્ષમાં પ્રી-યુનિ. સાયન્સમાં રેગ્યુલર સ્ટુડન્ટ તરીકે કેટલા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષામાં પ્રવેશ લીધો હતો?

પ્રશ્ન ૨૩૯ : (ખ) કૉલેજમાં ૧૯૬૭-૬૮ના વર્ષમાં પ્રી-યુનિ. સાયન્સના કેટલા વર્ગો તથા ગુજરાતી વિષયમાં કેટલો કાર્યભાર ઑ. ૯૬ની માહિતીમાં દર્શાવ્યો છે?

પ્રશ્ન ૨૩૯ : (ગ) એ વર્ષમાં સાયન્સ કૉલેજમાં પ્રા. કૃષ્ણકાન્ત કડકિયા સિવાય બીજા કોઈ અધ્યાપકને ગુજરાતીનો કાર્યભાર ફાળવ્યો હોવાનું ઑ. ૯૬માં કૉલેજે દર્શાવ્યું છે?

પ્રશ્ન ૨૩૯ : (ઘ) જો "ના", તો પ્રા. કડકિયાને એ વર્ષે કૉલેજે કુલ કેટલો કાર્યભાર (વ્યાખ્યાન-ટ્યુટોરિયલ) ફાળવેલો ઑ. ૯૬માં દર્શાવ્યો છે?

પ્રશ્ન ૨૩૯ : (ચ) યુનિવર્સિટી સિન્ડિકેટે તેની તા. ૨૭-૨-૧૯૬૮ની સભામાં પ્રા. કડકિયાના પૂરા સમયના વ્યાખ્યાતા તરીકે રજિસ્ટ્રેશન નંબર સિ. અધ્યા-૮-૬૩૭૬૧થી માન્યતા આપી હતી તે હકીકત સાચી છે?

પ્રશ્ન ૨૩૯ : (છ) એ માન્યતા મેળવવા કૉલેજે યુનિવર્સિટી ઉપર મોકલેલી માહિતીમાં પ્રા. કડકિયાને કેટલો કાર્યભાર દર્શાવ્યો છે?

પ્રશ્ન ૨૩૯ : (જ) કૉલેજે પ્રા. કડકિયાને કુલ-ટાઇમ વ્યાખ્યાતા તરીકેનો ૧૯૬૭-૬૮માં કાર્યભાર સોંપેલો છે, તેમ જ તે માટેની કુલ-ટાઇમ વ્યાખ્યાતાની માન્યતા પણ કૉલેજે લીધી છે, છતાં તે વર્ષ દરમિયાન પ્રા. કડકિયાને કૉલેજે ખંડ સમયના વ્યાખ્યાતા તરીકેનો પગાર ચૂક્યો છે તે હકીકત સાચી છે?

પ્રશ્ન ૨૩૯ : (ઝ) યુનિવર્સિટીએ શ્રી. કડકિયાને પૂરા સમયના વ્યાખ્યાતા તરીકે માન્યતા આપી તેની જાણ પ્રા. કડકિયાને કરી હતી ખરી?

પ્રશ્ન ૨૩૯ : (ટ) કૉલેજે પ્રા. કડકિયાને અંધારામાં રાખીને તેમને યુનિવર્સિટીના દફતરે કુલ-ટાઇમ અને કૉલેજના પગારના દફતરે પાર્ટ-ટાઇમ દર્શાવ્યાની માહિતી યુનિવર્સિટી પાસે છે ખરી?

ઉત્તર ૨૩૯ (ક) થી ઉત્તર ૨૩૯ (ટ) :

સદરહુ માહિતી પાંચ વર્ષ પૂર્વેની હોઈ સ્ટે. ૩૧ (૧) (૫) (આઈ) અનુસાર તેનો ઉત્તર આપવાનું શક્ય નથી, તો માફ કરશો.

પ્રશ્ન ૨૩૯ : (ઠ) આ અંગે પ્રા. કડકિયાને યુનિવર્સિટીએ કઈ કઈ તારીખે ફરિયાદ-પત્રો લખ્યા?

ઉત્તર ૨૩૯ : (ઠ) પ્રા. કડકિયાએ નીચેની તારીખોએ યુનિવર્સિટીને પત્રો લખ્યા છે :

(૧) ૧૬--૭--૧૯૭૨, (૨) ૪--૮--૧૯૭૨, (૩) ૭--૮--૧૯૭૨, (૪) ૨૮--૧૧--૧૯૭૨, (૫) ૧૫--૭--૧૯૭૪, (૬) ૧૭--૧૨--૧૯૭૪ અને (૭) ૨૭--૧--૧૯૭૫.

પ્રશ્ન ૨૩૯ : (ડ) યુનિવર્સિટીએ તે અંગે શું પગલાં ભર્યાં છે?

ઉત્તર ૨૩૯ : (ડ) તે પરત્વે આચાર્યનો ખુલાસો માંગવામાં આવ્યો હતો, તથા પાંચ વર્ષ પૂર્વની વિગતો કૉલેજ પાસેથી મેળવી હતી.

પ્રશ્ન ૨૩૯ : (ણ) પ્રા. કડકિયાને કૉલેજે તે વર્ષે પૂરા સમયના વ્યાખ્યાતાનું કામ સોંપીને ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે પગાર ચૂક્વ્યો હોય તો તેઓ અન્યત્ર નોકરી કરતા હોવાના બહાના હેઠળ અમદાવાદ સાયન્સ કૉલેજમાંથી પૂરા સમયના વ્યાખ્યાતા તરીકેનો પગાર લેવાને પાત્ર નથી એમ યુનિવર્સિટીએ તે પ્રમાણે શ્રી. કડકિયાને જણાવ્યું છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૩૯ : (ણ) આ બાબતમાં અમદાવાદ સાયન્સ કૉલેજના આચાર્યશ્રીને પુછાવતાં તેમણે તેમના તા. ૬--૮--૧૯૭૪ના પત્રથી નીચે મુજબ જણાવેલું છે :

"સને ૧૯૬૭--૬૮માં શ્રી. કે. ઓ. કડકિયા ખંડ સમયના વ્યાખ્યાતા હતા અને ૧૯૬૭--૬૮માં અમારી કૉલેજમાં પ્રી-યુનિ. સાયન્સમાં ચાર વર્ગો હતા. આ માહિતી ઑડિ. ૯૬માં આપેલી છે. તેથી ગુજરાતી વિષયનાં આઠ જ વ્યાખ્યાન થાય. પરંતુ ટાઈપની ક્ષતિને લીધે ઑડિ. ૯૬માં શ્રી. કે. ઓ. કડકિયાના નામની સામે ૮ વ્યાખ્યાનને બદલે ૧૦ વ્યાખ્યાન ટાઈપ થયાં છે."

ઉપરની સ્પષ્ટતા તથા શ્રી. કડકિયા તે વખતે બીજી એક કૉલેજમાં પણ કામ કરતા હતા એ હકીકત—એ બેઉના સંદર્ભમાં શ્રી. કડકિયાને કાર્યાલય તરફથી નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું :

"(૧) ૧૯૬૭--૬૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન આપે અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ અને સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં એમ આ બે કૉલેજોમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂક સ્વીકારીને આ બન્ને કૉલેજોમાંથી વેતન સ્વીકારેલ છે....

"(૨)...તો ઉપરોક્ત હકીકત જોતાં આપે અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદમાંથી પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકેના પગારધોરણ પ્રમાણેનો પગાર તથા અન્ય આનુષંગિક ભથ્થાંની જે માગણી કરી છે તે ઉપરોક્ત હકીકત જોતાં મળી શકે નહિ તેની નોંધ લેશો."

પ્રશ્ન ૨૩૯ : (ત) આવી ગેરરીતિઓ સામે અધ્યાપકને રક્ષણ આપવા માટે યુનિવર્સિટીએ માન્યતા આપી હોય તે શિક્ષકને અલગ પત્રથી તેની માન્યતાની જાણ કરવા અંગેની જોગવાઈ કરવા યુનિવર્સિટી કોર્ટના કોઈ સભ્યે કોર્ટ સભામાં સૂચન કર્યું હોય તેની માહિતી આપશો.

ઉત્તર ૨૩૯ : (ત) સદરહુ સૂચન અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૨૪૦ : (ક) શ્રી. કૃષ્ણકાન્ત કડકિયાએ સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય પર લખેલા પત્રની નકલ યુનિવર્સિટીને ક્યારે મળી?

ઉત્તર ૨૪૦ : (ક) શ્રી. કૃષ્ણકાન્ત કડકિયાએ સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીને લખેલા તા. ૧૭-૧૨-૧૯૭૪ના પત્રની નકલ યુનિવર્સિટી કાર્યાલયને તા. ૧૯-૧૨-૧૯૭૪ના રોજ મળી છે.

પ્રશ્ન ૨૪૦ : (ખ) તે અંગે તે પત્રમાં રજૂ થયેલી કેટલીક ગંભીર બાબતો અંગે યુનિવર્સિટીએ તપાસ હાથ ધરી છે ખરી?

ઉત્તર ૨૪૦ : (ખ) ના, જી.

પ્રશ્ન ૨૪૦ : (ગ) જો તપાસ કરી હોય તો તેની યુનિવર્સિટીને શું માહિતી મળી છે?

ઉત્તર ૨૪૦ : (ગ) ઉપર પ્રશ્ન ૨૪૦ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૦ : (ઘ) આ કૉલેજના અધ્યાપકોને નિયમિત પગારો ચૂકવાતા નથી, જે પગારો ચૂકવાય છે તેમાં પણ બૅંકની ખરાબ નોંધ સાથે ચેક અધ્યાપકોને પાછા ફરે છે. પી.એફ.ની અધ્યાપકોની જમા થયેલી રકમ સંસ્થાઓ વાપરી નાખેલી છે, ગ્રેચ્યુઈટી ફંડ કૉલેજે ઊભું કર્યું જ નથી, સિટી ઑલાવન્સ અધ્યાપકોને ચૂકવાતું નથી, તા. ૧-૪-૧૯૬૬થી અમલી બનેલાં પગારધોરણોની એરિયર્સ પણ હજી કેટલાક અધ્યાપકોને પૂરેપૂરી ચૂકવાઈ નથી, ચાલુ વર્ષે કૉલેજમાં એફ.વાય.ના બે વર્ગો યુનિવર્સિટીને મોકલવાના સમય-પત્રકમાં દર્શાવ્યા છે, જ્યારે કૉલેજમાં બન્ને વર્ગોના વિદ્યાર્થીઓને એક વર્ગમાં બેસાડીને શિક્ષણકાર્ય ગોઠવેલું છે વગેરે કૉલેજ સામેની ગંભીર ફરિયાદોનો કોઈ ખુલાસો યુનિવર્સિટીએ કૉલેજ પાસેથી મેળવ્યો છે ખરો?

ઉત્તર ૨૪૦ : (ઘ) આચાર્યશ્રીને લખેલ પત્રની નકલ શ્રી. કડકિયાએ યુનિવર્સિટીને મોકલી હતી, તે સિવાય બીજી કોઈ ફરિયાદ આ કાર્યાલયને મળી નથી. આ બાબતમાં આચાર્યશ્રીનું વકતવ્ય મંગાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૨૪૦ : (ચ) જો ખુલાસો મળ્યો હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૨૪૦ : (ચ) કૉલેજે તેના તા. ૬-૩-૧૯૭૫ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"(૧) પગારો નિયમિત ચૂકવાય છે અને કોઈ પણ અધ્યાપકનો એક પણ મહિનાનો પગાર ચૂકવવાનો બાકી નથી.

(૨) પગારો બારોબાર અધ્યાપકોના બૅન્કના ખાતામાં જમા થાય છે એટલે કે ચેકો દ્વારા પગાર ચૂકવાતા નથી તેથી બૅન્કની ખરાબ નોંધનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

(૩) પી.એફ.ની અધ્યાપકોની જમા રકમ ૧૯૭૭ સુધીમાં બૅન્કના પી.એફ. ખાતામાં જમા કરાવવા અંગે અમે યુનિવર્સિટી પાસે પરવાનગી માગી છે.

(૪) સિટી ઑલાવન્સ તમામ કર્મચારીઓને નિયમિત ચૂકવાય છે.

(૫) તા. ૧–૪–૧૯૬૬ થી અમલી બનેલા પગારધોરણનાં એરિયર્સ તમામ અધ્યાપકોને પૂરેપૂરાં ચૂકવી દેવામાં આવ્યાં છે તેથી બાકીની રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) એફ.વાય.બી.એ.ના બે વર્ગો દર્શાવ્યા છે તેમ જ બે વર્ગો અલગ અલગ રીતે લેવાય છે. બન્ને વર્ગ માટેના શિક્ષકોની નિમણૂંક કરવામાં આવેલી છે તેમ જ અમારી પાસે ૨૫૦ વિદ્યાર્થીઓને બેસાડવા માટેનો કોઈ મોટો હૉલ પણ નથી. બન્ને વર્ગો એક જ ખંડમાં બેસાડવામાં આવે છે તે હકીકત ખોટી છે."

[૨૬] પ્રા. સી. બી. મહેતાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, જેનો જવાબ નીચે પ્રમાણે આપવામાં આવ્યો હતો :

પ્રશ્ન ૨૪૨ : (ક) તા. ૧--૧--૧૯૭૩ના રોજ અને તે પછી કઈ કઈ તારીખે ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં વધારો જાહેર કર્યો અને કેટલો તેની કોઠામાં માહિતી આપશો.

ઉત્તર ૨૪૨ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૬૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૨ : (ખ) આ પૈકી કઈ કઈ તારીખનાં મોંઘવારી ભથ્થાં યુનિવર્સિટીએ તેની સંલગ્ન કૉલેજોના શિક્ષક તથા બિનશિક્ષક કર્મચારીઓ માટે સ્વીકાર્યાં ?

ઉત્તર ૨૪૨ : (ખ) પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે તા. ૧--૫--૧૯૭૩, તા. ૧--૧૦-૧૯૭૩, તા. ૧-૧-૧૯૭૪, તા. ૧--૩--૧૯૭૪, તા. ૧--૬--૧૯૭૪, તા. ૧--૮--૧૯૭૪ અને તા. ૧--૯--૧૯૭૪-ના રોજ રાજ્ય સરકારે સુધારેલા મોંઘવારી ભથ્થાના દરો એકિઝકયુટિવ કાઉન્સિલે સ્વીકાર્યા છે.

પ્રશ્ન ૨૪૨ : (ગ) તે પૈકી કઈ કઈ તારીખનાં મોંઘવારી ભથ્થાંનો કૉલેજોએ અમલ કર્યો નથી તે જણાવશો.

ઉત્તર ૨૪૨ : (ગ) તા. ૧--૬--૧૯૭૪, તા. ૧--૮--૧૯૭૪, તથા તા. ૧--૯--૧૯૭૪ના રોજ સુધારેલા મોંઘવારી ભથ્થાના દર સિવાયના મોંઘવારી ભથ્થાના અમલ અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પ્રા. ચિમનલાલ શેઠના પ્રશ્ન ૧૦૪(ક) અને (ખ)ના ઉત્તરનું **પરિશિષ્ટ "૧૪"** જોવા વિનંતી છે.

[૨૭] આચાર્ય બી. એમ. પીરજાદાએ નોચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૨૪૩ : (ક) વાણિજ્ય અને/અથવા વિનયન વિદ્યાશાખા ધરાવતી અને એક હજારથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી કૉલેજોનાં નામ, તેમની વિદ્યાર્થી સંખ્યા, પ્રાધ્યાપકો, વ્યાખ્યાતા અને ટ્યૂટર્સની સંખ્યા, ફીનું ધોરણ, ૧૯૭૫--૭૬ની ટ્યૂશન અને અન્ય ફીની અંદાજી આવક, જુલાઈ તેમ જ ઑગસ્ટ ૧૯૭૪ની શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફની ચૂકવવાપાત્ર બનેલ પગારની રકમ, ૧૯૭૫--૭૬નો પગારનો અંદાજી ખર્ચ આપી શકાશે ?

ઉત્તર ૨૪૩ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૬૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૩ : (ખ) આવી કૉલેજોમાં જે બે કે વધુ કૉલેજો એક જ કૅમ્પસમાં બેસતી હોય તો તેવા કૅમ્પસ(અથવા કૉલેજ જૂથ)નાં નામો અને તે કૅમ્પસમાં એક જ સમયે આવતા તેમ જ જુદા જુદા સમયે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા આપી શકાશે?

ઉત્તર ૨૪૩ : (ખ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૭૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૪ : (ક) અમદાવાદ તેમ જ અન્યત્ર કેટલીક કૉલેજોમાં ટ્યુટોરિયલ્સની પ્રથા બિન-અધિકૃત રીતે બંધ કરી દેવામાં આવી છે અથવા અંશતઃ કે પૂર્ણતઃ પડી ભાંગી છે તે બાબતની યુનિવર્સિટીને જાણ છે?

ઉત્તર ૨૪૪ : (ક) ના, જી.

પ્રશ્ન ૨૪૪ : (ખ) ટ્યુટોરિયલ્સને વધુ અસરકારક બનાવવા માટે અને તે બરાબર લેવાય છે કે કેમ તેની ચકાસણી કરવા માટે યુનિવર્સિટીએ કોઈ પગલાં લીધાં છે?

ઉત્તર ૨૪૪ : (ખ) ટ્યુટોરિયલ્સને વધુ આવશ્યક બનાવવા માટે નીચે મુજબ સૂચનાઓ કૉલેજોને આપવામાં આવી છે:

સૂચનાઓ

(૧) પ્રોફેસરો પણ ટ્યુટોરિયલો લે.

(૨) ટ્યુટોરિયલોની હાજરીનું પ્રમાણપત્ર મેળવવું.

(૩) ટ્યુટોરિયલો લેવા અંગે નક્કર માર્ગદર્શન હાથપોથીમાં ટી.વાય.ના એક પેપર અંગે ત્રીસેક ટોપિકસ વ્યાખ્યાનો માટે નોંધવા અને એકેએક વ્યાખ્યાન પર ટ્યુટોરિયલ કયાં લઈ શકાય તેની નોંધ આપવી.

(૪) ટ્યુટોરિયલ કાર્યની નોંધ જર્નલ (લેખનપોથી) રૂપે એસાઈનમેન્ટ્સ આપવા, કરેલા વાચનની નોંધ, અંગ્રેજી વાચનસામગ્રીના ઉપયોગની નોંધ જર્નલ પરીક્ષામાં રજૂ થાય.

સંલગ્ન કૉલેજોની સ્થાનિક તપાસસમિતિઓ/ત્રિવાર્ષિક તપાસ-સમિતિઓ આ બાબતમાં પણ ઘટતી તપાસ કરી શકે છે.

પ્રશ્ન ૨૪૫ : ચાલુ વર્ષ દરમ્યાન જ, ચાલુ વર્ષની પરીક્ષા માટે, વાણિજ્ય, વિનયન અને વિજ્ઞાનના વિષયમાં નિયત કરેલ અભ્યાસક્રમોમાં યુનિવર્સિટીએ ફેરફાર કર્યો હોય તો તે ફેરફારોની વિગત અને તે ફેરફારોની માહિતી કૉલેજોને પહોંચાડવાનો સમય આપી શકાશે?

ઉત્તર ૨૪૫ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૭૧"** જોવા વિનંતી છે.

[૨૮] **શ્રી. શૈલેશ દેસાઈ**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૨૪૬ : યુનિવર્સિટી ભવનોમાં કાર્ય કરતા કેટલા શિક્ષકો માન્ય અનુસ્નાતક શિક્ષકો માટેની લાયકાત ધરાવતા નથી? તેની ભવનો પ્રમાણે યાદી આપશો.

ઉત્તર ૨૪૬ : આ અંગે સ્પષ્ટતા કરવાની કે યુનિવર્સિટીના ઑ. ૬૫–એ (૧) (એ) પ્રમાણે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં નિમાતા શિક્ષકો અનુસ્નાતક શિક્ષણકાર્ય માટે નિમાતા હોવાથી ભવનમાં તે કામ કરવા માટે તેમને અનુ. શિક્ષકના મદદનીશ

શિક્ષક તરીકે માન્યતા મેળવવી ફરજિયાત નથી એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે અનુ. પ્રશ્નમાં જણાવેલી લાયકાત વિદ્યાભવનોમાં કયા કયા શિક્ષકો ધરાવે છે તેની માહિતી મંગાવવામાં આવી છે, પણ તે ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૨૪૭ : (ક) યુનિવર્સિટી પીએચ.ડી. માટે માન્ય થયેલા શિક્ષકોમાંના પોતે પીએચ.ડી. ના થયા હોય તેની યાદી આપો.

ઉત્તર ૨૪૭ : (ક) માગેલ માહિતી નીચે મુજબ છે :

૧. પ્રો. આનંતરાય રાવળ
૨. પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી
૩. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
૪. શ્રી. એચ. પી. ભટ્ટ
૫. પ્રો. દલસુખભાઈ માલવણિયા
૬. શ્રી. રસિકલાલ છો. પરીખ
૭. પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ
૮. પ્રો. દેવવ્રત પાઠક
૯. પ્રો. પી. ડી. પાઠક
૧૦. આચાર્ય સી. એમ. પટેલ
૧૧. શ્રી. દર્શનસીંગ બસન

પ્રશ્ન ૨૪૭ : (ખ) તેમના હાથ નીચે કેટલા વિદ્યાર્થીઓ રજિસ્ટર્ડ થયા છે? અને તેમના હાથ નીચે કેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરી છે?

ઉત્તર ૨૪૭ : (ખ) સદરહુ બાબત અંગે ૧૯૫૬થી ૧૯૭૪ના અંત સુધીના સમયની માહિતી નીચે મુજબ છે :

ક્રમ	શિક્ષકનું નામ	નોંધાયેલા વિદ્યાર્થીની સંખ્યા	પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરી તેની સંખ્યા
૧.	પ્રો. આનંતરાય રાવળ	૧૨	૫
૨.	શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી	૧૫	૧૦
૩.	આચાર્ય પ્રેમશંકર ભટ્ટ	૪	—
૪.	પ્રો. એચ. પી. ભટ્ટ	૨	૨
૫.	પ્રો. દલસુખભાઈ માલવણિયા	૨	--
૬.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	૫	--
૭.	શ્રી. રસિકલાલ છો. પરીખ	૨૬	૮
૮.	પ્રો. દેવવ્રત પાઠક	૩	૧
૯.	આચાર્ય સી. એમ. પટેલ	--	--
૧૦.	શ્રી. દર્શનસીંગ બસન	--	--
૧૧.	પ્રો. પી. ડી. પાઠક	૮	૨

પ્રશ્ન ૨૪૮ : (ક) સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા અધ્યાપકો માટે અઠવાડિયામાં કેટલા પિરિયડ લેવાનો નિયમ છે?

ઉત્તર ૨૪૮ : (ક) ઑર્ડિ. ૧૨૦-એમાં તે માટે સંબંધકર્તા જોગવાઈ નીચે પ્રમાણે છે :

3. The maximum work-load per week for full-time teacher, Professor, Lecturer or Tutor or Demon-

strator shall be as under :

(*i*) Demonstrators	:	25 periods of 45 minutes each (or 18.45 hours) (a Demonstrator with a post-graduate degree may be assigned lectures or tutorials not exceeding 6 periods).
(*ii*) Tutors	:	22 periods of 45 (40 plus 5) minutes each (or 16.30 hours) of which lectures shall not exceed 9.
(*iii*) Lecturers and Professors	:	22 periods of 45 (40 plus 5) minutes each (or 16.30 hours) of which lectures shall not exceed 15.
(*iv*) Lecturers and Professors who are recognised Post-graduate teachers	:	19 periods of 45 (40 plus 5) minutes each (or 13.50 hours) of which lectures shall not exceed 13.
(*v*) Lecturers and Professors who are recognised as guide for Ph.D.	:	15 periods of 45 (40 plus 5) minutes each (or 10.50 hours) of which lectures shall not exceed 10.

Note.—Work-load shown against (3) (*iv*) and (*v*) is meant for those post-graduate teachers who are actually participating post-graduate instruction.

4. The maximum work-load in the faculty of Technology including Engineering per week for a full-time teacher for the following categories shall

be as under :

1. Lecturer/Professor	:	23 periods of 45 (40 plus 5) minutes each (or 17.25 hours) of which lectures shall not exceed 14.
2. Demonstrators (Asst. Lecturer)	:	26 periods of 45 (40 plus 5) minutes each (or 19.50 hours) of which lectures shall not exceed 14

Visiting Professors :

Arrangement for a visiting Professor in a subject taught as a special subject shall be considered adequate for the second year only. Provided the visiting Professor devotes at least four periods of teaching work at the college where he is to work as a visiting Professor subject to the following conditions :

(*a*) That the maximum work load permissible to him will be as follows :

Visiting Professors	:	23 periods of 45 (40 plus 5) minutes each (or 17.15 hours) of which not more than 17 periods shall be devoted to lectures, provided, however, that in the case of a visiting Professors who is also working as a recognised post graduate teacher his total work-load shall not exceed 18 plus 2 periods of (40 plus 5) minutes each (or 15 hous) of which not more than 15 periods shall be devoted to lectures.

(*b*) That such a teacher does not work in more than two college in all.

"For part-time teachers in various categories the maximum periods shall not exceed nine including tutorials in a week provided that the total number of lectures shall not exceed four in a week for a part-time Tutor.

Note.—Daily attenance of not less than four hours will be compulsory for every full-time on all teachers working days."

પ્રશ્ન ૨૪૮ : (ખ) યુનિવર્સિટી ભવનોમાં કાર્ય કરતા અધ્યાપકો માટે શું નિયમ છે?

ઉત્તર ૨૪૮ : (ખ) યુનિવર્સિટી ભવનોમાં કાર્ય કરતા અધ્યાપકો માટે કાર્ય ભાર અંગેનાં ધોરણો નિયત કરવામાં આવ્યાં નથી.

પ્રશ્ન ૨૪૯ : (ક) (૧) યૂથ સેન્ટર એ શું છે?

ઉત્તર ૨૪૯ : (ક) (૧) મળેલી માહિતી મુજબ યુનિવર્સિટીના ભૂતપૂર્વ તથા ચાલુ વિદ્યાર્થીઓને યુવક વિકાસની પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવા માટે યુવાનોમાં રસ ધરાવનાર વ્યક્તિઓના ઉત્સાહથી શરૂ કરવામાં આવેલ તે એક સંસ્થા છે.

પ્રશ્ન ૨૪૯ : (ક) (૨) તે યુનિવર્સિટી સાથે સંકળાયેલું છે?

ઉત્તર ૨૪૯ : (ક) (૨) ના, જી.

પ્રશ્ન ૨૪૯ : (ક) (૩) તેને માન્યતા આપી છે?

ઉત્તર ૨૪૯ : (ક) (૩) ના, જી.

પ્રશ્ન ૨૪૯ : (ખ) (૧) યુનિવર્સિટી ઑફિસ અને ટેલિફોન વાપરવામાં આવે છે?

ઉત્તર ૨૪૯ : (ખ) (૧) ના, જી.

પ્રશ્ન ૨૪૯ : (ખ) (૨) યુનિવર્સિટી હૉસ્ટેલની ઑફિસ અને ટેલિફોન કેમ વાપરવામાં આવે છે?

ઉત્તર ૨૪૯ : (ખ) (૨) યુનિવર્સિટી હૉસ્ટેલની ઑફિસ અને ટેલિફોનની સગવડનો ઉપયોગ આ સેન્ટરને માટે કરવામાં આવતો નથી.

પ્રશ્ન ૨૪૯ : (ખ) (૩) અને યુનિવર્સિટી કૅમ્પસનું સરનામું આપવામાં આવે છે?

ઉત્તર ૨૪૯ : (ખ) (૩) કૅમ્પસનું સરનામું એ ચીફ વૉર્ડનના ઘરનું છે, જે આ સંસ્થાના કન્વીનર છે. વધુમાં ઉમેરવું જોઈએ કે તા. ૨૬--૧--૧૯૭૫થી આ સંસ્થાનું કાર્ય "ચિત્રભાનુ સ્વાધ્યાય મંદિર, 'જયહિંદ' પ્રેસની બાજુમાં" થાય છે એમ માહિતી મળી છે.

પ્રશ્ન ૨૫૦ : (ક) વિદ્યાર્થી સંસદ કોણે અને કયારે રદ કરી?

ઉત્તર ૨૫૦ : (ક) ઉત્તર ગુજરાત નં. ૨ના આચાર્યો અને વિભાગના વિદ્યાર્થી પ્રતિનિધિઓની સભામાં વિદ્યાર્થી સંસદનું વિસર્જન કરવાના ઠરાવ પર વિચારણા કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુકત કરેલ સમિતિની ભલામણ પર વિચારણા કરીને એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭--૧૨--૧૯૭૪ની સભામાં રદ કરવાનું ઠરાવ્યું હતું.

પ્રશ્ન ૨૫૦ : (ખ) વિદ્યાર્થી પ્રતિનિધિની બારમી બેઠકની ચૂંટણી કેમ થઈ નથી?

ઉત્તર ૨૫૦ : (ખ) વિદ્યાર્થી સંસદનું વિસર્જન કરવામાં આવેલું છે તેથી.

પ્રશ્ન ૨૫૧ : (ક) એફિલિયેટેડ કૉલેજના પ્રાધ્યાપકોને અઠવાડિયામાં કેટલા પિરિયડ આપવામાં આવે છે?

ઉત્તર ૨૫૧ : (ક) પ્રશ્ન નં. ૨૪૮(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

[૨૯] શ્રી. સાગર રાયકાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા:

પ્રશ્ન ૨૫૨ : ચાલુ વર્ષે કૉર્ટના વિદ્યાર્થીઓની ચૂંટણીમાં અસાધારણ વિલંબ કરવામાં આવ્યો છે. શાથી?

ઉત્તર ૨૫૨ : યુનિવર્સિટી કૉર્ટ પર વિદ્યાર્થીઓની ચૂંટણી અંગેના મૂળ સ્ટે. ૧૪–સી મુજબ તા. ૧૫મી જુલાઈ સુધીમાં જે તે કૉલેજ/સંસ્થા/ભવનમાં જે વિદ્યાર્થીઓ નોંધાયા હોય તેમાંથી વિદ્યાર્થી મતદારોની ચૂંટણી કરીને તેમનાં નામ યુનિવર્સિટી કાર્યાલયને તા. ૩૧–૭–૧૯૭૪ સુધીમાં મોકલી આપવાનાં હતાં, પરંતુ ગયે વર્ષે ગુજરાતમાં પ્રવર્તેલી વ્યાપક અશાંતિને કારણે ચાલુ શૈક્ષણિક વર્ષ તા. ૧૫મી જૂન ૧૯૭૪ને બદલે તા. ૧લી જુલાઈ ૧૯૭૪ના રોજ શરૂ થયું અને તેથી તા. ૧૬મી ઑગસ્ટ ૧૯૭૪ સુધીમાં નોંધાયેલા વિદ્યાર્થીઓને વિદ્યાર્થી મતદારો ચૂંટવા માટે પાત્ર ગણવાનું આવશ્યક બન્યું. આવા ચૂંટાયેલા વિદ્યાર્થી મતદારોનાં નામો યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા માટેની તારીખ ૨૩મી ઑગસ્ટ ૧૯૭૪ નિયત કરવામાં આવી. આ સંજોગોમાં કૉર્ટ પરના વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી તા. ૬ ઠ્ઠી ઑક્ટોબર ૧૯૭૪ નિયત કરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન તા. ૧૦–૮–૧૯૭૪ના રોજ કેટલાક વિદ્યાર્થીઓ તરફથી ગુજરાતની વડી અદાલતમાં રિટ અરજી દાખલ કરવામાં આવતાં તા. ૬–૧૦–૧૯૭૪ના રોજ યોજવા ધારેલી ચૂંટણી મોકૂફ રાખવાનું આવશ્યક બન્યું.

સદરહુ રિટ અરજી પર વડી અદાલતના તા. ૩–૯–૧૯૭૪ના હુકમના સંદર્ભમાં વિદ્યાર્થી મતદારોનાં નામ મોકલવાની તારીખ ૨૩મી ઑગસ્ટને બદલે તા. ૨૩મી સપ્ટેમ્બર ૧૯૭૪ સુધી લંબાવવી પડી.

દિવાળી વેકેશન વચ્ચે આવતાં ચૂંટણી અંગેની જરૂરી કાનૂની વિધિઓ લક્ષમાં લઈને વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓની ચૂંટણી તા. ૧૫મી ડિસેંબર ૧૯૭૪ના રોજ યોજવામાં આવી હતી.

પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સંસદનું વિદ્યાર્થી પ્રતિનિધિત્વ રદ કરવાનો નિર્ણય લીધો છે? તે નિર્ણય યુનિવર્સિટીએ લીધો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : કૉલેજોમાં વિદ્યાર્થી મંડળોની રચનાની બાબતમાં ગુજરાતની વડી અદાલતનો હુકમ થયા પછી આ બાબતમાં ઘટતી વિચારણા કર્યા પછી તે અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિર્ણય લીધેલ છે.

શ્રી. સાગર રાયકાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉર્ટમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓની જોગવાઈ બિનઅસરકારક કરવાના પ્રયત્નો ચાલે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ના. કેટલાક વિદ્યાર્થીઓ અદાલતમાં ગયા તેથી ચૂંટણી કરવામાં વિલંબ થયો હતો. બારમી સીટના નિર્ણય માટે સરકારને લખ્યું છે અને તે માટેની કાર્યવાહી સરકારે કરવાની રહે છે.

પ્રશ્ન ૨૫૩ : વિદ્યાર્થી પ્રતિનિધિઓની જોગવાઈ બિનઅસરકારક બની રહે તેવી યુનિવર્સિટી સત્તાવાળાઓની ઇચ્છા તે માટે જવાબદાર છે?

ઉત્તર ૨૫૩ : ના, જી.

પ્રશ્ન ૨૫૪ : કોર્ટની આ સભા પરીક્ષા સમયે રાખવા પાછળ શું કોઈ વિશિષ્ટ કારણ છે?

ઉત્તર ૨૫૪ : ના, જી. યુનિવર્સિટી કોર્ટ (સેનેટ)ની વાર્ષિક સભા પ્રત્યેક વર્ષે માર્ચના છેલ્લા અઠવાડિયામાં રાખવામાં આવે છે તે મુજબ ચાલુ વર્ષે પણ રાખવામાં આવી છે.

પ્રશ્ન ૨૫૫ : (ક) યુનિવર્સિટી ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આ વર્ષે યુનિયન ફી કુલ કેટલી લેવામાં આવી છે? તેની ભવનો પ્રમાણે માહિતી આપો.

ઉત્તર ૨૫૫ : (ક) યુનિવર્સિટી ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આ વર્ષે યુનિયન ફી કુલ રૂ. ૩૮,૭૧૦--૦૦ લેવામાં આવી છે જે નીચે પ્રમાણે છે :

	રૂ. પૈ.
સમાજવિદ્યા ભવન	૧૧,૫૫૦--૦૦
ભાષા-સાહિત્ય ભવન	૧૨,૨૬૦--૦૦
મનોવિજ્ઞાન વિદ્યાભવન	૪,૮૯૦--૦૦
વિજ્ઞાન વિદ્યાભવન	૯,૩૦૦--૦૦
ગ્રંથાલયશાસ્ત્ર ભવન	૭૧૦--૦૦
કુલ	૩૮,૭૧૦--૦૦

પ્રશ્ન ૨૫૫ : (ખ) આ ફીમાંથી કેટલો ખર્ચ થયો છે?

ઉત્તર ૨૫૫ : (ખ) કુલ રૂ. ૩૮,૭૧૦--૦૦ની ફી માંથી ચાલુ વર્ષના ખર્ચનાં વાઉચરો નીચે પ્રમાણે રજૂ થયાં છે:

	રૂ. પૈ.
સમાજવિદ્યા ભવન	૬,૩૪૮--૯૭
ભાષા-સાહિત્ય ભવન	૯,૧૦૬--૫૭
મનોવિજ્ઞાન વિદ્યાભવન	૨,૮૦૯--૬૦
વિજ્ઞાન વિદ્યાભવન	૪,૮૧૨--૪૦
ગ્રંથાલયશાસ્ત્ર ભવન	—
કુલ	૨૩,૦૭૭--૫૪

શ્રી. સાગર રાયકાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આંકડો આપ્યો છે તે ખોટો છે. સમાજવિદ્યા ભવનમાં રૂ. ૬,૩૪૮--૯૭ ખર્ચાયા છે તે આંકડા ખોટા છે. વિદ્યાર્થી મંડળે આટલો ખર્ચ કર્યો નથી. જનરલ સેક્રેટરી તરીકે હું તે વાત જાણું છું.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આ આખો હિસાબ ઓડિટ ઑફ એકાઉન્ટ્સ તપાસે તેને હું આવકારું છું.

પ્રશ્ન ૨૫૫ : (ગ) અને વધેલા પૈસા વિદ્યાર્થીઓને પાછા આપવાના છે?

ઉત્તર ૨૫૫ : (ગ) હિસાબો હજુ અધૂરા છે.

શ્રી. સાગર રાયકાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વધેલા પૈસા વિદ્યાર્થીઓને પાછા આપવાના છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ભવનમાંથી વાઉચરો વગેરે આવે અને તે ઑડિટ થાય તે પછી પૈસા વધે છે કે કેમ તે કહી શકાય. તે પૈસા વિદ્યાર્થીઓને પાછા આપવાની વિચારણા કરવાનો પ્રશ્ન હાલ ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૫૬ : (ક) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં વિષયવાર કુલ કેટલા શિક્ષકો છે અને તે તે વિષયોમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

ઉત્તર ૨૫૬ : (ક) ચાલુ વર્ષમાં યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં કામ કરતા પૂરા સમયના શિક્ષકોની અને વિદ્યાર્થીઓની વિષયવાર સંખ્યા નીચે મુજબ રહી હતી :

ક્રમ	વિદ્યાભવનનું નામ	શિખવાડાતા વિષયો	શિક્ષકોની સંખ્યા	વર્ષ ૧૯૭૪-૭૫ દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા
૧.	સમાજવિદ્યા ભવન	અર્થશાસ્ત્ર	૭	૨૪૪
		સમાજશાસ્ત્ર	૬	૧૨૩
		રાજ્યશાસ્ત્ર	૮	૪૩
		ઇતિહાસ	૩	૧૪૦
		લેબર વેલ્ફેર	૫	૪૯
૨.	ભાષા-ભવન	ગુજરાતી	૩	૧૯૪
		ભાષાવિજ્ઞાન	૨	--
		અંગ્રેજી	૩	૧૮૨
		હિંદી	૨	૧૭૦
		સંસ્કૃત	૩	૩૪
		પર્શિયન	૧	૭
		પ્રાકૃત	૧	--
૩.	મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન	મનોવિજ્ઞાન	૪	૧૨૧
		તત્ત્વજ્ઞાન	૨	૨૦
		શિક્ષણશાસ્ત્ર	૪	૫૯
૪.	વિજ્ઞાન વિદ્યાભવન	રસાયણવિજ્ઞાન	૮	૨૩૯
		ભૌતિકવિજ્ઞાન	૮	૫૫
		વનસ્પતિવિજ્ઞાન	૮	૨૯
		પ્રાણીવિજ્ઞાન	૬	૨૯
		ગણિતશાસ્ત્ર	૭	૩૫
		આંકડાશાસ્ત્ર	૬	૨૬
		સ્પેસ સાયન્સ	૧	૧૫

પ્રશ્ન ૨૫૬ : (ખ) આ વર્ષ દરમિયાન પ્રાધ્યાપકોએ કરેલા સંશોધન લેખોની યાદી આપો.

ઉત્તર ૨૫૬ : (ખ) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કાર્ય કરતા પ્રાધ્યાપકોએ વર્ષ દરમિયાન કરેલ સંશોધન અંગેના લેખોની યાદી આ સાથે **પરિશિષ્ટ "૭૨"** તરીકે જોડી છે.

પ્રશ્ન ૨૫૭ : (ક) યુનિવર્સિટીના હાલના એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. એચ. એમ. દેસાઈ સાયન્સ ફેકલ્ટીના સભ્ય મટીને એન્જિનિયરિંગ ફેકલ્ટીમાં ગયા હોવાથી તેમની સાયન્સ ફેકલ્ટીની જગ્યા માટે ફરી ઈલેકશન કયારે થવાનું છે?

ઉત્તર ૨૫૭ : (ક) યુનિવર્સિટી કોર્ટ પર વિજ્ઞાનની વિદ્યાશાખા હેઠળની કૉલેજોના આચાર્યોની યુનિવર્સિટી કોર્ટ પરની જગ્યાઓ પૈકી ખાલી પડેલી આ એક જગ્યા માટેની પેટાચૂંટણી તા. ૧૫મી જૂન ૧૯૭૫ પછી યોજવામાં આવશે.

પ્રશ્ન ૨૫૭ : (ખ) શ્રી. એચ. અમ. દેસાઈની પ્રિન્સિપાલ તરીકેની નિમણૂક યુનિવર્સિટી પ્રતિનિધિની હાજરી સમક્ષ થઈ છે?

ઉત્તર ૨૫૭ : (ખ) ના, જી.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

શ્રી. એચ. એમ. દેસાઈની નિમણૂક આચાર્ય તરીકે કરવામાં આવી છે તેમાં યુનિવર્સિટીની દૃષ્ટિએ ખોટું નથી? તેમાં કાંઈ ભૂલ થઈ છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે વરણી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ નિમાયા સિવાય નિમણૂકો કર્યાના અનેક કેસો થયા છે; તો સુધારેલ કાયદો આ વર્ષે અમલમાં આવ્યો તેને અનુલક્ષીને આ ઊણપ ચાલુ વર્ષે આ વર્ષ પૂરતી ક્ષમ્ય ગણવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે ઠરાવ્યું છે.

પ્રા. કે. એસ. શાસ્ત્રીએ જણાવ્યું કે ડીનનો અભિપ્રાય ના છે અને એ સભ્ય એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય છે.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

ડીનનો પત્ર આવ્યો છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તપાસ કરીને કહી શકું.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

દસ વર્ષનો બદલે એક વર્ષનો અનુભવ હોવા છતાં તેને કોન્ડોન કરવામાં આવે અને એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે ચાલુ રાખવામાં આવે તો તે શું યોગ્ય છે?

પ્રા. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

અંગત રીતે મેં શ્રી. કુલસચિવને પત્ર લખ્યો છે અને મેં 'પોઈન્ટ આઉટ' કરેલું છે. એવાં કયાં ખાસ કારણો હતાં કે આપે કોન્ડોન કરવાની હિમત કરી?

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

તારીખવાર માહિતી આપો.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સાયન્સ કૉલેજના આચાર્યપદે તેમની નિમણૂક થઈ ત્યારે તે વખતનાં ધારાધોરણ પ્રમાણે તેઓ લાયક હતા? ફેલો થયા પછી રિસર્ચ આસિસ્ટન્ટ અને બીજે વર્ષે સાયન્સ કૉલેજના આચાર્ય બનાવાયા અને તે પછી એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યપદ માટે તેઓ પાત્ર ન હોવા છતાં એન્જિનિયરિંગ કૉલેજના આચાર્ય બનાવાયા તે શું બરાબર છે? આથી આપના સંબંધો તેમની સાથે કેવા છે તે બધું ખુલ્લું પડી જશે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સાયન્સ કૉલેજમાં ડૉ. દેસાઈની નિમણૂક અંગેની માહિતી કઢાવવી પડે. હાલ તે અંગે માહિતી આપી શકાય તેમ નથી.

શ્રી. સાગર રાયકાએ જણાવ્યું કે હસવાની વાત નથી. કુલપતિશ્રી ગંભીર રીતે જવાબ આપે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ જણાવ્યું કે પૂરી વિચારણા કરીને જણાવશો.

શ્રી. નરહરિ પરીખે જણાવ્યું કે યુનિવર્સિટીને નિયમો વિરુદ્ધ કોઈ પણ કાર્યવાહી કરવા નહીં દેવાય. આ બાબત ગંભીર છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ જણાવ્યું કે આ બાબત અંગે કમિટી નીમવા માટે નક્કી કરો; નહીં તો અમે આ 'હાઉસ'નું કામ આગળ ચલાવવા દેવા માગતા નથી.

શ્રી. સાગર રાયકાએ જણાવ્યું કે શ્રી. એચ. એમ. દેસાઈની બાબત અંગે આંખ-આડા-કાન કર્યા છે તે યુનિવર્સિટીની ભૂલ છે. કુલપતિશ્રીએ 'ફેવર' કરી છે અગર તો તેમના ઉપર દબાણ થયું છે. ઉપર બેઠેલા બધા વિદ્યાર્થીઓ સમજશે કે આ કારખાનું નથી.

પ્રા. કે. એસ. શાસ્ત્રીએ જણાવ્યું કે આચાર્ય એચ. એમ. દેસાઈ સાયન્સ ફેકલ્ટીમાંથી એન્જિનિયરિંગ ફેકલ્ટીમાં જાય છે, છતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે તે ચાલુ રહ્યા છે તેથી યુનિવર્સિટીની નફ્ફટાઈ છતી થાય છે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આચાર્ય એચ. એમ. દેસાઈના આ આખા પ્રશ્ન અંગે સેનેટ કમિટી નીમી શકે કે કેમ? શ્રી. કુલસચિવ તેનો જવાબ આપે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ના, જી. સભાગૃહમાં પ્રશ્નોત્તરી ચાલુ હોય ત્યારે પૂરક પ્રશ્નો દ્વારા માહિતી માંગી શકાય; પણ આ સભાગૃહ આ તબક્કે સમિતિ નીમી શકે નહીં.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ જણાવ્યું કે હું વિનંતી કરું છું કે આચાર્ય એચ. એમ. દેસાઈની નિમણૂક ગ્રાહ્ય ગણવાની બાબતમાં અને તે પછીની પ્રક્રિયા અંગે જાણ કરો.

આચાર્ય એમ. સી. દેસાઈએ જણાવ્યું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો અહીં બેઠેલા છે તો તેઓ ખુલાસો કરે તો કોર્ટના સભ્યોને સમજ પડે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે આચાર્ય એચ. એમ. દેસાઈ કેમિસ્ટ્રીના પ્રોફેસર છે. તેમણે કેમિસ્ટ્રીનો વિષય શિખવાડેલો છે અને આ કૉલેજમાં નિમાયેલા ત્રણ ભૂતપૂર્વ આચાર્યો

કેમિસ્ટ્રીના જાણકારો હતા અને તેને કારણે આ કેમિકલ એન્જિનિયરિંગની કૉલેજ હોવાથી એકિઝકયુટિવ કાઉન્સિલને યોગ્ય લાગ્યું અને તેથી તેમની નિમણૂક કૉન્ફોર્મ કરવામાં આવી છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ જણાવ્યું કે આચાર્ય એચ. એમ. દેસાઈની નિમણૂક અંગેના ભ્રષ્ટાચાર માટે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો સિવાયના સભ્યોની સમિતિ નીમો.

પ્રો. કડિયાએ સૂચવ્યું કે આ સભાગૃહ સમિતિ નીમી શકે તેમ ન હોય તો કુલપતિશ્રીએ સમિતિ નીમવી. તેને કેટલાક સભ્યોએ અનુમોદન આપ્યું.

તે પછી કુલપતિશ્રીએ જણાવ્યું કે પોતે ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી અને ભૂતપૂર્વ કુલપતિશ્રી લાલભાઈ દેસાઈની બનેલી સમિતિ નીમે છે.

તે પછી શ્રી. લાલભાઈ દેસાઈએ સમિતિ ઉપર કામ કરવાની પોતાની અશકિત દર્શાવી.

પ્રો. અંબુભાઈ દેસાઈએ જણાવ્યું કે અધ્યાપકોના પ્રતિનિધિ તરીકે પ્રા. કે એસ. શાસ્ત્રી અને વિદ્યાર્થીઓના પ્રતિનિધિ તરીકે શ્રી. સાગર રાયકાની પણ તેમાં નિમણૂક કરવામાં આવે.

કુલપતિશ્રીનો ઉત્તર : સમિતિની નિમણૂકની જાહેરાત થઈ ગઈ છે અને તેમાં પોતે હવે આ તબક્કે ફેરફાર કરી શકે તેમ નથી. તોપણ કોઈ પણ સભ્ય જે કાંઈ જણાવવા ઇચ્છતા હોય તે સમિતિ સમક્ષ રજૂઆત કરી શકે છે.

શ્રી. સાગર રાયકાએ જણાવ્યું કે આ પ્રશ્ન મારો છે અને આ કેસમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સંકળાયેલા હોવાથી વિદ્યાર્થીઓને પણ નીમવા જોઈએ. આ સમિતિની નિમણૂકમાં વિદ્યાર્થીઓના પ્રતિનિધિને નીમવામાં નહીં આવે તો અમે સૌ સભ્યો કોર્ટનો બહિષ્કાર કરીશું.

પ્રા. અંબુભાઈ દેસાઈએ જણાવ્યું કે એક વાર સમિતિ નીમ્યા પછી જો ગૌરવભંગ જેવું લાગતું હોય તો સમિતિને આ બે સભ્યોને કો-ઑપ્ટ કરવાની સત્તા આપવી જોઈએ.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કુલપતિશ્રીએ સમિતિ નીમી છે અને કુલપતિશ્રીનું આ કાર્ય એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ નોંધ માટે મૂકવું જોઈશે. કો-ઑપ્ટની બતમાં સમિતિ પોતે વિચારી શકે. આ સભાગૃહ કોને કો-ઑપ્ટ કરવા તે કહી શકે નહિ.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ જણાવ્યું કે જે સમિતિ નીમી છે તેમાં પાંચ નહીં પણ સાત સભ્યો કરો અને એક આચાર્ય અને એક અનુસ્નાતક શિક્ષકને પણ તેમાં લો.

કુલપતિશ્રીનો ઉત્તર : કમિટી નિમાઈ ગઈ છે. આ તબક્કે તેમાં ફેરફાર કરી શકાય નહીં; પરંતુ હું આ સભાગૃહની લાગણી લક્ષમાં રાખીશ.

તે પછી સભાગૃહમાં ભારે ધોંધાટ અને ધમાલ થતાં કુલપતિશ્રીએ જણાવ્યું કે સભ્યો આ રીતે વર્તે તો સભાગૃહનું કામકાજ ચાલી શકે નહીં, અને પુનઃ શાંતિ સ્થપાશે નહીં તો પોતાને આ સભાગૃહનું કામકાજ બંધ કરવાની ફરજ પડશે.

તે પછી શ્રી. લાલભાઈ દેસાઈએ જણાવ્યું કે મેં મારી આશંકિત દર્શાવી છે. હું સુરત રહું છું. અહીં રહેતો નથી, તેથી આ કામ માટે મારાથી વારંવાર આવી શકાશે નહીં. અને તેથી હું કામ કરી શકીશ નહીં. આ તબક્કે સભાગૃહનું ગૌરવ જળવાય તે જોવા હું સભ્યોને વિનંતી કરું છું.

તે પછી તેઓ આગળ બોલવા જતા હતા પણ ધાંધલ અને બૂમાબૂમને કારણે તેઓ તેમનું વકતવ્ય પૂરું કરી શકયા નહીં.

તે પછી કુલપતિશ્રીએ જાહેર કર્યું કે આ સભાગૃહનું કામકાજ આ રીતે ચાલી શકે તેમ નથી, તેથી આજની સભા બરખાસ્ત કરું છું.

તે પછી કુલપતિશ્રીના આદેશ મુજબ સભાગૃહનું કામકાજ તા. ૩૦--૩--૧૯૭૧ના રોજ પણ બંધ રાખવામાં આવ્યું હતું અને તેથી બાકીની બાબતો ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાઈ નહોતી.

કોર્ટ નં./૭૨૫૯/૧૯૭૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯.
મે ૯, ૧૯૭૫.

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "૧"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૨ અને ૯ અંગેની માહિતી

તા. ૧૫–૩–'૭૫ સુધીમાં કૉલેજો તરફથી ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે સંલગ્ન કૉલેજોના બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ, ઘરભાડા ભથ્થું, કૉમ્પેન્સેટરી ભથ્થાનો તા. ૧–૪–૧૯૭૩થી અમલ નથી કર્યો તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) યુનિવર્સિટી ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૨) એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
(૩) શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૪) એસ. જે. આર્ટ્સ–કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
(૫) સરસપુર આર્ટ્સ–કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૬) આર્ટ્સ કૉમર્સ કૉલેજ, ખેડા
(૭) આર્ટ્સ–કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ
(૮) એસ. ટી. ટી. કૉલેજ, ખેડા
(૯) કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(૧૦) આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૧૧) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા
(૧૨) કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
(૧૩) શ્રી. આર. પી. અનડા, કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ
(૧૪) શ્રી. એમ. એન. શુકલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૧૫) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(૧૬) પારેખ ગ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ
(૧૭) શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા
(૧૮) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૯) શ્રીમતી એસ. સી. પટેલ ફરતી ફૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ
(૨૦) શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
(૨૧) શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ
(૨૨) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ
(૨૩) શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૨૪) એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
(૨૫) શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત

પરિશિષ્ટ " ૨ "

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૫ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે સંલગ્ન કૉલેજોના બિન-શૈક્ષણિક કર્મચારીઓને જે સ્થળે ઘરભાડું નથી મળતું તેવાં સ્થળોએ મૂળ માસિક પગારના ૫% (પાંચ ટકા) જેટલું ઘરભાડા ભથ્થું આપવાના ઠરાવનો અમલ નથી કરતી તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી
(૨) સી. સી. મહેલા કૉલેજ, વીસનગર
(૩) શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૪) એસ. જે. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
(૫) શ્રી. કે. કે. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ધંધુકા
(૬) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ
(૭) એસ. ટી. ટી. કૉલેજ, વીસનગર
(૮) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા
(૯) ,, ,, ,, પેટલાદ
(૧૦) શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા
(૧૧) શ્રીમતી એસ. સી. પટેલ ફરતી કૂઈવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈ
(૧૨) તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર

પરિશિષ્ટ " ૩ "

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૬ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે સરકારી ઠરાવમાં જે જે ગામોનો ઉલ્લેખ છે તે સિવાયનાં ગામોની કૉલેજોમાં બિનશિક્ષક કર્મચારીઓને ૫% (ટકા) ઘરભાડું આપતી હતી તેવી કૉલેજોનાં નામો :

(૧) શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
(૨) આર્ટ્સ કૉલેજ, સંખેડા
(૩) શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી
(૪) શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર
(૫) સી. એન. પટેલ ફરતી કૂઈવાળા આર્ટ્સ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ
(૬) ભવન્સ આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ડાકોર
(૭) શ્રી. નટવરસિંહજી આર્ટ્સ-સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
(૮) શ્રી. લુણાવાડા આર્ટ્સ-સાયન્સ કૉલેજ, લુણાવાડા
(૯) શ્રી. આર. કે. આર્ટ્સ એન્ડ એમ. કે. કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૧૦) શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ
(૧૧) વાય. એસ. આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા
(૧૧-એ) શ્રી. કે. કે. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ધંધુકા
(૧૨) શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મિયાંગામ (કરજણ)
(૧૩) શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ
(૧૪) શ્રી. ખી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
(૧૫) વડનગર આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, વડનગર
(૧૬) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મહુધા
(૧૭) ,, ,, ,, બાલાસિનોર
(૧૮) કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી
(૧૯) કૉલેજ ઑફ ,, પેટલાદ
(૨૦) ,, ,, ,, ડભોઈ

(૨૧) ખી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મેાડાસા

(૨૨) આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ

(૨૩) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મેાડાસા

(૨૪) શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલેાદ

(૨૫) પારેખ ધ્રુવર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ

(૨૬) ભવન્સ જશેાદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકેાર

(૨૭) તેાલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર

(૨૮) શેઠ પી. એસ. લૉ કૉલેજ, ઊંઝા

(૨૯) આર્ટ્સ–કૉમર્સ કૉલેજ, દહેગામ

(૩૦) ,, ,, ,, ઈડર

(૩૧) ,, ,, ,, માણસા

પરિશિષ્ટ "૪"

શ્રી શરદ પટેલના પ્રશ્ન ૧૦ અંગેની તા. ૧૫--૩--૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી

યુનિવર્સિટીના પરિપત્ર સિ. ૦૨૮૬૫૦, તા. ૧૮--૩--૧૯૭૪ની કલમ ખ (૧)માં જણાવ્યા મુજબ કેશિયરનું કામ કરતા બિનશિક્ષક કર્મચારીને રૂ. ૧૫--૦૦ "કેશ એલાવન્સ" નથી આપતી તેવી કૉલેજોની યાદી.

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રી. કે. ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
(૨)	શ્રી. આર. કે. આર્ટ્સ એન્ડ એમ. કે. કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૩)	શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
(૪)	શેઠ સુરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
(૫)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસા
(૬)	આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ
(૭)	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
(૮)	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
(૯)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૧૦)	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત લૉ કૉલેજ, ભૂજ
(૧૧)	લૉ કૉલેજ, મોડાસા
(૧૨)	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૩)	કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા
(૧૪)	યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૧૫)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
(૧૬)	બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા
(૧૭)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૮)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૧૯)	કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા
(૨૦)	કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા

પરિશિષ્ટ "૫"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૧૨ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે વિજ્ઞાનની કૉલેજોમાં "સ્ટેરકેપર"ની જગાનો યુનિવર્સિટીએ નિયત કર્યા મુજબ સ્કેલનો અમલ નથી કર્યો તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૨) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ડભોઈ
(૩) યુ. પી. આર્ટ્સ એન્ડ એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ
(૪) શેઠ પી. ટી. આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ગોધરા
(૫) કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ-સાયન્સ કૉલેજ, કલોલ
(૬) બનાસકાંઠા આર્ટ્સ-સાયન્સ કૉલેજ, પાલનપુર
(૭) શ્રી લુણાવાડા આર્ટ્સ-સાયન્સ કૉલેજ, લુણાવાડા
(૮) સાયન્સ કૉલેજ, કડી
(૯) નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ
(૧૦) શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી./શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ
(૧૧) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ભાદરણ
(૧૨) શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
(૧૩) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ

પરિશિષ્ટ " ૬ "

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૧૯ અંગેની માહિતી

તા. ૧૫–૩–૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓના " પ્રૉવિડન્ટ ફંડ " અંગેના યુનિવર્સિટીના પરિપત્રનો અમલ નથી કર્યો તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૩) એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
(૪) બનાસકાંઠા આર્ટ્સ-સાયન્સ કૉલેજ, પાલનપુર
(૫) શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એચ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૬) એસ. જે. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
(૭) સરસપુર આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૮) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ખેડા
(૯) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ
(૧૦) એસ. ટી. ટી. કૉલેજ, ખેડા
(૧૧) કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(૧૨) એસ. ટી. ટી. કૉલેજ, વીસનગર
(૧૩) આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૧૪) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા
(૧૫) કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
(૧૬) શ્રી. આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ
(૧૭) શ્રી. એમ. એમ. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
(૧૮) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ–૯
(૧૯) અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૨૦) શ્રી. એમ. એમ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા
(૨૧) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૨) શ્રીમતી એસ. સી. પટેલ ફરતી ફૂઈવાલા કૉમર્સ કૉલેજ, ડભોઇ

(૨૩) અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

(૨૪) શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા

(૨૫) શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ

(૨૬) તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર

(૨૭) એમ. એન. લૉ કૉલેજ, અમદાવાદ

(૨૮) શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મેાડાસા

(૨૯) શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત.

પરિશિષ્ટ " ૭ "

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૨૦ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે સંલગ્ન કૉલેજોમાં બિનશૈક્ષણિક કર્મચારીઓને પરિપત્ર મુજબ " વચગાળાની રાહત " નથી આપતી તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
(૨) શેઠ એમ. એન સાયન્સ એન્ડ શ્રી/શ્રીમતી પી. કે. કોટાવાલા સાયન્સ કૉલેજ, પાટણ
(૩) શ્રી આર. કે. પરીખ આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૪) એસ. એ. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
(૫) સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૬) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
(૭) શ્રી એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. એન. એલ. આર્ટ્સ કૉલેજ, દહેગામ
(૮) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ
(૯) એસ. ટી. ટી. કૉલેજ, ખેડા
(૧૦) કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(૧૧) આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૧૨) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા
(૧૩) કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
(૧૪) શ્રી આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ
(૧૫) શ્રી એમ. એમ. શુક્લ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૧૬) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(૧૭) સાયન્સ કૉલેજ, કડી
(૧૮) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૧૯) શ્રી એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા
(૨૦) શ્રી સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૧) શ્રીમતી એસ. સી. પટેલ ફરતી ફૂઈવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈ
(૨૨) શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
(૨૩) શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ
(૨૪) એમ. એન. લૉ કૉલેજ, અમદાવાદ
(૨૫) શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણ
(૨૬) શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત

પરિશિષ્ટ "૮"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૨૧ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે સંલગ્ન કૉલેજોના બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે નિયત કરેલ "સેવાઓના નિયમો"ના પરિપત્રનો અમલ નથી કર્યો તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩) સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૪) કાપડિયા એન. એમ. એસ. આર્ટ્સ કૉલેજ, સંખેડા
(૫) નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૬) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૭) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
(૮) શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી/શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ
(૯) શેઠ પી. ટી. આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ગોધરા
(૧૦) ભવન્સ કૉલેજ, ડાકોર
(૧૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
(૧૨) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૧૩) એસ. જે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
(૧૪) દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ
(૧૫) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ખેડા
(૧૬) મ્યુનિસિપલ આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૧૭) શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ-કૉમર્સ, અમદાવાદ
(૧૮) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ઊંઝા
(૧૯) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, બાલાસિનોર
(૨૦) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ
(૨૧) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૨૨) એસ. ટી. ટી. કૉલેજ, ખેડા
(૨૩) શ્રી બી. ડી. શાહ એજ્યુ. કૉલેજ, મોડાસા
(૨૪) કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(૨૫) એસ. ટી. ટી. કૉલેજ, વીસનગર
(૨૬) આર. બી સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૨૭) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા

(૨૮) કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
(૨૯) આર. પી. અનડા એજ્યુકેશન કૉલેજ, બોરસદ
(૩૦) ડી. ડી. ચોકસી એજ્યુકેશન કૉલેજ, પાલનપુર
(૩૧) શ્રી. એમ. એન. શુકલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૩૨) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(૩૩) શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ
(૩૪) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
(૩૫) શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
(૩૬) અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૩૭) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૩૮) સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩૯) શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા
(૪૦) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૪૧) એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૪૨) નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
(૪૩) શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
(૪૪) શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ
(૪૫) તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર
(૪૬) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
(૪૭) સિટી લૉ કૉલેજ, અમદાવાદ
(૪૮) મોતીલાલ નેહરુ લૉ કૉલેજ, અમદાવાદ
(૪૯) શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા
(૫૦) લૉ કૉલેજ, ગોધરા
(૫૧) શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણ
(૫૨) એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૫૩) શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત.

પરિશિષ્ટ "૯"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૨૨ અને ૨૩ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે સંલગ્ન કૉલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે યુનિવર્સિટીએ નિયત કરેલ કર્મચારીઓનાં પ્રમાણ, મહેકમ તથા ગ્રેચ્યુઇટી અંગેના નિયમોનું પાલન ઇત્યાદિના પરિપત્રનો અમલ નથી કર્યો તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૩) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૪) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૫) શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૬) સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૭) શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
(૮) આર્ટ્સ કૉલેજ, સંખેડા
(૯) શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરેલી
(૧૦) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૧૧) યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૧૨) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
(૧૩) સી. સી. મહિલા કૉલેજ, વીસનગર
(૧૪) એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
(૧૫) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, પાટણ
(૧૬) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, પિલવાઈ
(૧૭) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ગોધરા
(૧૮) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, કલોલ
(૧૯) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, આદિપુર
(૨૦) ભવન્સ કૉલેજ, ડાકોર
(૨૧) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ-સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૨૨) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ભાદરણ
(૨૩) બનાસકાંઠા સાયન્સ કૉલેજ, પાલનપુર
(૨૪) લુણાવાડા આર્ટ્સ-સાયન્સ કૉલેજ, લુણાવાડા
(૨૫) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૨૬) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
(૨૭) સરસપુર કૉમર્સ કૉલેજ, અમદાવાદ

(૨૮) કે. કે. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ધંધુકા
(૨૯) શ્રીમતી એચ. સી. પટેલ કંડારી આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ
(૩૦) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, કપડવંજ
(૩૧) દેસાઈ સી. એમ. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, વીરમગામ
(૩૨) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ખેડા
(૩૩) નવજીવન આર્ટ્સ—કૉમર્સ કૉલેજ, દાહોદ
(૩૪) મ્યુનિસિપલ આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૩૫) શેઠ આર. એ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ
(૩૬) આર્ટ્સ—કૉમર્સ કૉલેજ, ઊંઝા
(૩૭) આર્ટ્સ—કૉમર્સ કૉલેજ, હિંમતનગર
(૩૮) આર્ટ્સ—કૉમર્સ કૉલેજ, માંડવી
(૩૯) આર્ટ્સ—કૉમર્સ કૉલેજ, દહેગામ
(૪૦) સાબરમતી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૪૧) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, માણસા
(૪૨) ,, ,, કૉલેજ, મહુધા
(૪૩) ,, ,, કૉલેજ, બાલાસિનોર
(૪૪) ,, ,, કૉલેજ, પ્રાંતીજ
(૪૫) ,, ,, કૉલેજ, સાવલી
(૪૬) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૪૭) એસ. ટી. ટી. કૉલેજ, ખેડા
(૪૮) બી. ડી. શાહ એજ્યુકેશન કૉલેજ, મોડાસા
(૪૯) શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત
(૫૦) કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(૫૧) આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૫૨) શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા
(૫૩) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા
(૫૪) કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
(૫૫) શ્રી. આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ
(૫૬) શ્રી. એમ. એમ. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
(૫૭) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(૫૮) શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ
(૫૯) જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ
(૬૦) શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૬૧) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
(૬૨) શેઠ એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
(૬૩) શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

(૬૪) શ્રીમતી પી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
(૬૫) પારેખ ધધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ
(૬૬) સાયન્સ કૉલેજ, કડી
(૬૭) શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
(૬૮) અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૬૯) નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ
(૭૦) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૭૧) એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૭૨) શ્રી. આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ
(૭૩) સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૭૪) શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા
(૭૫) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૭૬) એસ. વી. વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
(૭૭) શ્રીમતી એચ. સી. પટેલ ફરતી કૂઈવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈ
(૭૮) શ્રી. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૭૯) અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૮૦) શેઠશ્રી સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર
(૮૧) શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ
(૮૨) કૉમર્સ કૉલેજ, ભૂજ
(૮૩) શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
(૮૪) શ્રીમતી ,, એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ
(૮૫) શ્રીમતી તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર
(૮૬) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
(૮૭) સિટી લૉ કૉલેજ, અમદાવાદ
(૮૮) એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
(૮૯) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ
(૯૦) લૉ કૉલેજ, ભૂજ
(૯૧) લૉ કૉલેજ, મોડાસા
(૯૨) લૉ કૉલેજ, પાટણ
(૯૩) લૉ કૉલેજ, ગોધરા
(૯૪) એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
(૯૫) શેઠ એમ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત

પરિશિષ્ટ "૧૦"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૨૪ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે સંલગ્ન કૉલેજોના શિક્ષક-બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૫-૧૯૭૪થી વધેલ મોંઘવારી ભથ્થાના પરિપત્રનો અમલ નથી કર્યો તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૩) બી. ડી. કૉલેજ, અમદાવાદ
(૪) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૫) કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી
(૬) જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ
(૭) એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૮) આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
(૯) એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૦) એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
(૧૧) ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
(૧૨) એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ.

પરિશિષ્ટ "૧૧"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૨૭ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે કર્મચારીઓને "ફિક્સ" પગાર આપતી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	કર્મચારીનું નામ	હોદ્દો	અપાતો પગાર રૂપિયા
(૧)	શ્રી. એસ. કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	(૧) શ્રી. વી. જે. પ્રજાપતિ	લાઇબ્રેરી પ્યૂન	૧૦૦
		(૨) શ્રીમતી મંગુબહેન ભાટિયા	હોમ સાયન્સ એટેન્ડેટ	૧૦૦
		(૩) શ્રી. એમ. એસ. પ્રજાપતિ	પ્યૂન	૧૦૦
		(૪) શ્રી. એસ. બી. પ્રજાપતિ	પ્યૂન	૧૦૦
		(૫) શ્રી. આર. ડી. પરમાર	હૉસ્ટેલ પ્યૂન	૧૫૦
(૨)	આર્ટ્સ કૉલેજ, સંખેડા	શ્રી. જી. સી. તડવી	પટાવાળા	૧૨૦
(૩)	વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. કે. પી. દવે	ટાઇપિસ્ટ	૨૫૦
(૪)	સી. સી. મહિલા કૉલેજ, અમદાવાદ	શ્રી. બી. એ. દેસાઈ	એટેન્ડન્ટ	૧૨૫
(૫)	નગરપંચાયત આર્ટ્સ કૉલેજ, ડીસા	શ્રી. કે. એલ. પઢિયાર	કારકુન	૧૨૫
(૬)	કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	શ્રી. એ. એસ. પ્રજાપતિ	એટેન્ડન્ટ	૯૫
(૭)	બોરસદ સાયન્સ કૉલેજ,	શ્રી. વી. એમ. રાઠોડ	પટાવાળા	૧૨૫
(૮)	વિવેકાનંદ કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	શ્રીમતી જે. એમ. શાહ	કારકુન	૨૫૦
(૯)	વિવેકાનંદ કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	શ્રીમતી એ. સી. શાહ	કારકુન	૨૫૦
(૧૦)	શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(૧) શ્રીમતી જયશ્રી પુરાણી	કારકુન	૧૩૦
		(૨) શ્રી. કિશોર મકવાણા	પટાવાળા	૧૫૬
		(૩) શ્રી. હિંમત જીવા	પટાવાળા	૧૫૬
		(૪) શ્રી. તલાલજી મકવાણા	પટાવાળા	૧૧૭
		(૫) શ્રીમતી જીવીબહેન લવેંદરા	સફાઈ કામદાર	૭૮
		(૬) શ્રીમતી જીજીબહેન રાયડા	સફાઈ કામદાર	૭૮
		(૭) શ્રી. લાલજી રામજી	સફાઈ કામદાર	૭૮

ક્રમાંક	કૉલેજનું નામ	કર્મચારીનું નામ	હોદ્દો	આપાતો પગાર રૂપિયા
(૧૧)	આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ડભોઇ	નામ દર્શાવેલ નથી	લાઇબ્રેરી ક્લાર્ક	૨૭૫
(૧૨)	આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, દહેગામ	(૧) શ્રી. વી. બી. ચૌહાણ	પટાવાળા	૬૩. દૈનિક
		(૨) શ્રી. ડી. એમ. ગુપ્તા	ચોકીદાર	૬૩. ,,
		(૩) શ્રી. માધાભાઈ ભંગી	ભંગી	૩.૧-૬૬ પૈસા
(૧૩)	આર્ટ્સ-સાયન્સ કૉલેજ, કલોલ	(૧) શ્રીમતી એલ. બી. બારોટ	પાણીવાળી	૧૦
		(૨) ,, એમ. ડી. પંચાલ	,,	૧૦
		(૩) શ્રી. એલ જી. હરિજન	સફાઈ કામદાર	૨૦
(૧૪)	આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, માંડવી	(૧) શ્રી. કે. વી જોશી	એકાઉન્ટન્ટ	૨૫૦
		(૨) શ્રી. એ. જી. હજામ	પ્યૂન	૧૫૦
		(૩) શ્રી. એસ. એસ. ચૌહાણ	સ્વીપર-કમ-પ્યૂન	૧૫૦
(૧૫)	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	(૧) શ્રી. જી. કે. મિસ્ત્રી	મિસ્ત્રી	૩૧૫
		(૨) શ્રીમતી એસ. ડી. હરિજન	હરિજન	૧૦૦
		(૩) શ્રી. બી કે. મારવાડી	એટન્ડેન્ટ	૧૦૦
		(૪) શ્રી. આર. પી. ખાંટ	એટન્ડેન્ટ	૧૦૦
		(૫) શ્રીમતી એમ. પી. ભોઈ	પાણીવાળા	૧૨૦
(૧૬)	આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ઈડર	(૧) શ્રી. પી. ડી. શાહ	પાણી પાનાર	૮૫
		(૨) શ્રી. બી. કે. ભંગી	ભંગી	૧૦૦

પરિશિષ્ટ "૧૩"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ૪૭ અંગેની માહિતી

તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૩થી અમલી બનાવેલ નવાં પગારધોરણો, વયગાળાની રાહત વગેરેનો અમલ કર્યો છે, પરંતુ તે અંગેના એરિયર્સ કર્મચારીઓને ચૂકવવાનું બાકી હોય તેવી કૉલેજોનાં નામો નીચે પ્રમાણે છે :

(૧) બી. ડી. કૉલેજ, અમદાવાદ
(૨) યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા કૉલેજ, નડિયાદ
(૩) એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ-૯
(૪) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૫) પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ
(૬) શ્રી લુણાવાડા આર્ટ્સ-સાયન્સ કૉલેજ, લુણાવાડા
(૭) શ્રી. આર. કે. આર્ટ્સ એન્ડ એમ. કે. કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૮) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ
(૯) કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
(૧૦) શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ
(૧૧) જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ
(૧૨) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૧૩) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૪) લૉ કૉલેજ, ગોધરા
(૧૫) શ્રી. એમ. એમ. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
(૧૬) સાયન્સ કૉલેજ, કડી
(૧૭) આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ
(૧૮) એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૯) એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
(૨૦) શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
(૨૧) એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૨) સિટી કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
(૨૩) એલ. એમ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૪) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ડભોઈ
(૨૫) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, દહેગામ
(૨૬) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨૭) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ભાદરણ
(૨૮) આર્ટ્સ-સાયન્સ કૉલેજ, કલોલ
(૨૯) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, માણસા

(૩૦) સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
(૩૨) કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(૩૩) શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા
(૩૪) સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩૫) સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૩૬) સિટી લૉ કૉલેજ, અમદાવાદ.

પરિશિષ્ટ "૬૪"

પ્રા. ચિમનલાલ શેઠના પ્રશ્ન ૧૦૪(ક)(ખ) અંગેની તા. ૧૫--૩--૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી

સરકાર દ્વારા જાહેર થયેલાં મોંઘવારી ભથ્થાંનો અમલ નથી કરતી તે કૉલેજોની યાદી

કૉલેજનું નામ	અમલ નહિ કરવાનું કારણ
(૧) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૫--૧૯૭૪નું મોં. ભથ્થું વ્યવસ્થાપક સમિતિની મંજૂરી મળ્યેથી તે તરત ચૂકવાશે.
(૨) બી. ડી. કૉલેજ, અમદાવાદ	તા. ૧--૫--૧૯૭૪થી મોં. ઘોરણ આર્થિક તંગીના કારણે બાકી છે. તે આપવાનું સ્વીકારેલું છે. આર્થિક છૂટ થયેથી ચૂકવવામાં આવશે.
(૩) શ્રી. લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ	તા. ૧--૧--૧૯૭૩ પછી અમલમાં આવેલ મોંઘવારી ભથ્થાના દરો કૉલેજ સંચાલક મંડળે સ્વીકાર્યા છે અને આર્થિક સ્થિતિ સુધરતા ચૂકવવામાં આવશે.
(૪) બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	તા. ૧--૯--૧૯૭૪ પહેલાંનાં એરિયર્સ આર્થિક મુશ્કેલીને લીધે ચૂકવવામાં આવ્યાં નથી. પ્રબંધ કરવાનો પ્રયત્ન કરીએ છીએ.
(૫) શ્રી. આર. કે. આર્ટ્સ એન્ડ એમ. કે. કૉમર્સ કૉલેજ, પેટલાદ	—
(૬) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ	—
(૭) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા	તા. ૧--૧--૧૯૭૪ના ભથ્થા અંગે પ્રૉ. ફંડ કમિશનરને વટહુકમ પ્રમાણે કપાત અંગે પુછાવવામાં આવ્યું છે.
(૮) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	મોંઘવારી ભથ્થા અંગે તા. ૧--૧--૧૯૭૪ને પત્ર મૅનેજમેન્ટને લખેલ છે.
(૯) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસા	તા. ૧--૩--૧૯૭૪ના અને તા. ૧-૧-૧૯૭૪નું મોંઘવારી ભથ્થાં અંગે સંસ્થાની કારોબારી ચાલુ માસમાં મળ્યેથી ચૂકવવાનો નિર્ણય લેશે.

કૉલેજનું નામ	અમલ નહિ કરવાનું કારણ
(૧૦) સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા	તા. ૧--૫--૧૯૭૪નું માં. ભથ્થું ટૂંક સમયમાં ચૂકવવામાં આવશે.
(૧૧) કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	--
(૧૨) આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ	—
(૧૩) જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	તા. ૧-૫--૧૯૭૪ થી શરૂ થતા મોંઘવારી ભથ્થાની બાબત નિયામક સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકેલ છે.
(૧૪) એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા	તા. ૧--૩--૧૯૭૪ અને તા. ૧--૫--૧૯૭૪ના દરનું મોંઘવારી ભથ્થું સંસ્થાની કારોબારી ચાલુ માસમાં મળ્યેથી ચૂકવવા નિર્ણય લેવામાં આવશે.
(૧૫) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	—
(૧૬) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	—
(૧૭) આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ	તા. ૧--૫--૧૯૭૪થી અમલી બનતું મોંઘવારી ભથ્થું નિયામક સમિતિ સમક્ષ વિચારણા હેઠળ છે.
(૧૮) કૉમર્સ કૉલેજ, ડભોઈ	—
(૧૯) એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૫--૧૯૭૪થી અમલમાં આવતા દરો, મોંઘવારી ભથ્થાં ચૂકવવા અંગેની બાબત કૉલેજ વ્યવસ્થાપક સમિતિની વિચારણા હેઠળ છે.
(૨૦) એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	—
(૨૧) સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા	—
(૨૨) એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાળા લૉ કૉલેજ, નડિયાદ	—
(૨૩) લૉ કૉલેજ, ખંભાત	તા. ૧--૫--૧૯૭૪થી અમલી બનતું મોંઘવારી ભથ્થું ખાતાનો નંબર મળ્યેથી તુરત ચૂકવી આપવામાં આવશે.
(૨૪) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	—
(૨૫) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	—
(૨૬) સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	—
(૨૭) સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	—
(૨૮) સી. પ્રી. આર્ટ્સ કૉલેજ, નડિયાદ	નિયામક સમિતિનો વિચારણા માટે મૂકેલ છે.
(૨૯) યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	—
(૩૦) સાયન્સ કૉલેજ, કડી	—
(૩૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	મોંઘવારી ભથ્થાનો અમલ તા. ૧--૫--૧૯૭૪થી બાકી છે અને આ બાબત અમદાવાદ એજ્યુ-કેશન સોસાયટી પાસે રજૂ કરવામાં આવી છે.
(૩૨) ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	—
(૩૩) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૫--૧૯૭૪ સિવાયની રકમ ચૂકવવામાં આવી છે.

પરિશિષ્ટ "૧૫"

પ્રા. ચિમનલાલ શેઠના પ્રશ્ન ૧૦૪(જ)(ઝ) અંગેની તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી

તા. ૭મી સુધીમાં પગારો નથી આપતી તે કૉલેજોની યાદી :

કૉલેજનું નામ	તા. ૭મી સુધીમાં પગાર ન આપવાનું કારણ
(૧) શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ અને શેઠ પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	હાલ ફેબ્રુઆરી ૧૯૭૫ના માસના પગાર બાકી છે. જે ગ્રાન્ટ મળ્યેથી ચૂકવી દેવામાં આવશે.
(૨) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	જ્યારે ગ્રાન્ટના હપતા મોડા મળ્યા છે ત્યારે તારીખ સાચવી શકાઈ નથી.
(૩) લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	કારણ દર્શાવ્યું નથી.
(૪) વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	સંસ્થાની આર્થિક પરિસ્થિતિ પાછલા વર્ષમાં ખરાબ હોઈ, પાછલા વર્ષમાં પગારના નિયમોનું પાલન થઈ શકયું નથી.
(૫) જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ	કારણ દર્શાવ્યું નથી.
(૬) સાયન્સ કૉલેજ, કડી	કારણ દર્શાવ્યું નથી.
(૭) શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર	કારણ દર્શાવ્યું નથી.
(૮) બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	આર્થિક સંકડામણને કારણે
(૯) શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	આર્થિક સંકડામણને લીધે.
(૧૦) યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	કારણ દર્શાવ્યું નથી.
(૧૧) સાયન્સ કૉલેજ, કડી	કારણ દર્શાવ્યું નથી.
(૧૨) બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	કૉલેજ પાસે નાણાની વ્યવસ્થા ન હોવાથી આ શકય બનતું નથી.
(૧૩) બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	ફેબ્રુ. ૧૯૭૫ સિવાય દરેક પગારો નિયમિત રીતે ચૂકવી દેવામાં આવ્યા છે.
(૧૪) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	ડિસે. ૧૯૭૪, જાન્યુઆરી ૧૯૭૫ના બાકી હતા તે ચૂકવાઈ ગયા છે.
(૧૫) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ	જાન્યુ.-ફેબ્રુ. ૧૯૭૫ના પગારો ચૂકવવાના બાકી છે.
(૧૬) સાયન્સ કૉલેજ, તલોદ	,,
(૧૭) એમ. એન. ફાર્મસી કૉલેજ, ખંભાત	છેલ્લા આઠ માસથી બાકી છે.

પરિશિષ્ટ "૧૬"

પ્રા. ચિમનલાલ શેઠના પ્રશ્ન ૧૦૪ (૬) અંગેની તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી

યુનિવર્સિટીએ નિયત કરેલા ગ્રેચ્યુઇટીના નિયમો અનુસાર ગ્રેચ્યુઇટી મેળવવા પાત્ર થતા હોય તેવા કોઈ શિક્ષક કે બિનશિક્ષક વર્ગના કર્મચારી છૂટા થયેલા હોય તે અંગેની માહિતી :

ક્રમાંક	કૉલેજનું નામ	કર્મચારીનું નામ	હોદ્દો
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	(૧) શ્રી. આર. ડી. જોશી	પ્રોફેસર ઑફ સાયકોલોજી
		(૨) શ્રી. એ. એસ. કાદરી	પ્રોફેસર ઑફ પર્શિયન
		(૩) શ્રી. એ. જી. પરમાર	લેબ. આસિસ્ટન્ટ
૨.	શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રી. કે. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	(૧) શ્રી. એમ. કે. પટેલ	પ્રાધ્યાપક
		(૨) શ્રી. આર. બી. સીંગ	વ્યાખ્યાતા
		(૩) શ્રી. એચ. બી. નાગર	લાઈબ્રેરિયન
૩.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(૧) શ્રી. જે. આર. પાંડે	વ્યાખ્યાતા
		(૨) શ્રી. આઈ. જી. ક્રિશ્ચિયન	વ્યાખ્યાતા
૪.	એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી. પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	(૧) શ્રી. બી. એમ. પટેલ	પ્રોફેસર
૫.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. કે. એન. પંડ્યા	વ્યાખ્યાતા
૬.	શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ	(૧) શ્રી. વાય. કે. જોશી	વ્યાખ્યાતા
		(૨) શ્રી. સી. એમ. પટેલ	આચાર્ય
૭.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	શ્રીમતી એસ. જે. દેસાઈ	ફિઝિક્સના ડેમોન્સ્ટ્રેટર
૮.	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	શ્રી. એસ. એસ. દવે	આચાર્ય / પ્રાધ્યાપક
૯.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	શ્રી. સી. સી. શાહ	પ્રાધ્યાપક
૧૦.	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ	શ્રી. આર. એચ. વ્યાસ	પ્રાધ્યાપક
૧૧.	લૉ કૉલેજ, નડિયાદ	શ્રી. વી. આર. રણદીવે	આચાર્ય
૧૨.	શ્રી. બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	(૧) ડૉ. જે. જે. ત્રિવેદી	આચાર્ય
		(૨) શ્રી. એમ. ટી. મેમન	પ્રાધ્યાપક

છૂટા થયાની તારીખ	તેમને ફાળે નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ	ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી છે કે કેમ ?	ન ચૂકવવાનું કારણ	હવે ક્યારે ચૂકવવામાં આવશે ?
	રૂ. પૈ.			
૧૫--૮--૧૯૭૪	૯,૩૦૦--૦૦	ના	પેન્શન કેસનો નિકાલ થયો નથી.	એ.જી. અમદાવાદ તરફથી જ્યારે પેન્શન કેસનો નિકાલ થશે ત્યારે ચૂકવવામાં આવશે.
૧૦--૭--૧૯૭૪	૧૪,૩૨૫--૦૦	ના	,,	,,
૧૫--૯--૧૯૭૪	૩,૬૦૦--૦૦	ના	,,	,,
૩૦--૬--૧૯૭૪	૩,૬૨૮--૩૧	હા	—	—
૩૦--૬--૧૯૭૪	૨,૧૩૦--૫૫	હા	—	—
૩૦--૬--૧૯૭૪	૨,૭૭૬--૦૨	હા	—	—
૧--૭--૧૯૭૪	૮,૬૨૫--૦૦	હા	—	—
૧૬--૮--૧૯૭૪	૨,૬૨૫--૦૦	હા	—	—
૧૫--૬--૧૯૭૨	૨,૧૦૦--૦૦ અંદાજે	ના	ફંડનો અભાવ	નાણાની સગવડ થયેથી ચૂકવાશે.
૧૫--૬--૧૯૭૪	૭,૩૯૮--૦૦	ના	મેનેજમેન્ટને આ અંગે લખેલ છે.	મંજૂરી આવતા ચૂકવવામાં આવશે.
૧૬--૧૨--૧૯૭૩	૯,૬૦૦--૦૦	હા	—	—
૧૭--૧૧--૧૯૭૪	૬,૨૦૦--૦૦	—	—	ટૂંક સમયમાં
૧--૮--૧૯૭૪	૨,૧૧૭--૫૦	ના	નિયામક સમિતિની વિચારણા હેઠળ છે.	—
૧૫--૬--૧૯૭૪	૨,૯૦૦--૦૦	હા	—	—
૧૪--૧૧--૧૯૭૪	—	ના	ગવર્નિંગ બોડી સમક્ષ પેમેન્ટ માટે મૂકેલ છે.	મંજૂર થશે ત્યારે.
૩૦--૬--૧૯૭૪	૪,૪૮૦--૦૦	ના	નિયામક સમિતિની વિચારણા હેઠળ છે.	—
૩૦--૬--૧૯૭૪	૫,૬૦૦--૦૦	ના	સંચાલક મંડળનો જવાબ યુનિવર્સિટી પાસે છે.	વાંધાઓનો નિકાલ આવ્યા બાદ
૩૧--૫--૧૯૭૨	૧૨ વર્ષની સર્વિસ ઉપર થતી ગ્રેચ્યુઈટી	—	મંડળની આર્થિક સ્થિતિને લીધે	નાણાની વ્યવસ્થા થાય ત્યારે
૧૧--૬--૧૯૭૪	—	—	મંડળની આર્થિક સ્થિતિને લીધે	,,

પરિશિષ્ટ "૧૭"

[૪] પ્રા. ચિમનલાલ શેઠના પ્રશ્ન ૧૦૫(ક), (ખ) અને (ગ) અંગેની તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી

ક્રમાંક	કૉલેજનું નામ	અધ્યાપકનું નામ	છૂટા કરવાનું કારણ	યુનિવર્સિટીએ લીધેલાં પગલાં
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	(૧) કુ. ક્ષમાબહેન આર. વ્યાસ (૨) શ્રી. એ. એ. મલેક (૩) શ્રી. બી. ડી. અધ્વર્યુ (૪) શ્રી આર. વી. વાઘેલા (૫) શ્રી. યુ. એસ. સોલંકી (૬) શ્રી. આર. એમ. તલવાણિયા		આ અંગે કૉલેજને પૂછવામાં આવ્યું હતું. કૉલેજે તેના તા. ૫-૩-'૭૫ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે : "આપની પૃચ્છાને શબ્દશ: વિચારતાં અંત્રે કોઈને 'ચાલુ રાખ્યા' ન હોવાથી અમને આ બાબત લાગુ પડતી નથી."
૨.	અમ. અન. લૉ કૉલેજ, પાટણ	(૧) શ્રી. બી. એલ. પટેલ	પૂર્ણ સમયના વ્યાખ્યાતા હોવા છતાં પોતાનો આગવો વેપારધંધો કરતા હતા તેથી	—

પરિશિષ્ટ "૧૮"

પ્રા. મંગળભાઈ એમ. પટેલના પ્રશ્ન ૧૦૭ અંગેની માહિતી

સને ૧૯૭૪થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા સંલગ્ન કૉલેજો તરફથી આવેલી જોડાણઅરજીઓ પરત્વે મૂકવામાં આવેલી શરતો કે જેનું કૉલેજ તરફથી પાલન થયું નથી તેની માહિતી.

ક્રમાંક	કૉલેજનું નામ	શરતોના પરિપાલનમાં રહેલી ક્ષતિઓની વિગત	કાર્યાલયની નોંધ
૧.	શ્રી. યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ	સને ૧૯૬૮--૬૯ની પાછલી બાકી રકમ છૂટા થયેલા શિક્ષકોને કૉલેજે ચૂકવી નથી.	ચુકવણી કરવા અંગેની કાર્યવાહી શરૂ કરેલી છે તેમ કૉલેજે જણાવ્યું છે.
૨.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર.	૧. પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરી નથી. ૨. ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કર્યું નથી.	કૉલેજ તરફથી કોઈ જવાબ નથી.
૩.	રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત.	૧. ફેમિલી હેલ્થ એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટના વ્યાખ્યાતાની વિગતો મોકલી નથી. ૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકવામાં આવેલી શરતો મુજબ કરેલ ખર્ચની માહિતી મોકલી નથી. ૩. છૂટા થયેલા આચાર્ય શ્રી. આર. એમ. શુકલ તથા પ્રાધ્યાપક શ્રી. બી. કે. શાહની લેણી રકમ ચૂકવી નથી. ૪. પ્રૉવિડંટ ફંડની કેટલી રકમ ટ્રસ્ટને સોંપી છે તેની વિગતો નથી. ૫. તા. ૧--૪--૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરેલું નથી.	કૉલેજને પત્ર લખ્યો છે.

ક્રમાંક	કૉલેજનું નામ	શરતોના પરિપાલનમાં રહેલી ક્ષતિઓની વિગત	કાર્યાલયની નોંધ
૪.	બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	તા. ૧--૪--૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કર્યું નથી.	
૫.	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરી છે પરંતુ પ્રૉવિડંટ ફંડની રકમ સદરહુ ટ્રસ્ટને આપી નથી.	
૬.	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	ઈકોનોમિક્સ ઑફ કોટનના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવી નથી.	
૭.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવ્યું નથી.	પત્ર લખેલો છે.
૮.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	૧. પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરવામાં આવી નથી. ૨. ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કરેલું નથી.	,,
૯.	બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	પ્રૉવિડંટ ફંડની સઘળી રકમ ટ્રસ્ટને સોંપી નથી.	,,
૧૦.	કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી	શ્રી. ઘનશ્યામભાઈ ઓઝાને પાછા લીધા નથી. (કાર્યવાહી ચાલુ છે. જોડાણનું જાહેરનામું આપવામાં આવ્યું નથી.)	પત્ર લખેલો છે.
૧૧.	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. પ્રૉવિડંટ ફંડની સઘળી રકમ ટ્રસ્ટને સોંપવામાં આવી નથી. ૨. ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવ્યું નથી.	,,
૧૨.	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. કેન્દ્રીય ગ્રંથાલયમાં વધુ એક ગ્રંથપાલની નિમણૂક કરવાની બાકી છે. ૨. તા. ૧--૪--૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કર્યું નથી.	,,

ક્રમાંક	કૉલેજનું નામ	શરતોના પરિપાલનમાં રહેલી ક્ષતિઓની વિગત	કાર્યાલયની નોંધ
૧૩.	સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ	૧. ગ્રંથાલય માટે વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી છે. ૨. પ્રૉવિડંટ ફંડની સઘળી રકમ ટ્રસ્ટને સોંપી નથી.	૮--૩--૧૯૭૫ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં બાબત મૂકી છે. પત્ર લખેલો છે.
૧૪.	ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર	ગ્રૅચ્યુઈટી ફંડમાં સઘળી રકમ જમા કરાવી નથી.	,,
૧૫.	સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા	તા. ૧--૪--૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરેલું નથી.	,,
૧૬.	શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ	૧. લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરી નથી. ૨. પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરી નથી.	,,
૧૭.	શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણ	કેન્દ્રીય ગ્રંથાલયમાં વધુ એક ગ્રંથપાલની નિમણૂક કરવાની બાકી છે.	,,
૧૮.	ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	૧. પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરવામાં આવી નથી, પરંતુ પ્રૉવિડંટ ફંડની રકમ સદરહુ ટ્રસ્ટને સોંપી નથી. ૨. તા. ૧--૪--૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કર્યું નથી.	,,
૧૯.	કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ	૧. બે વ્યાખ્યાતાઓની જગ્યા પૂરવામાં આવી નથી. ૨. ક્લિનિકલ ઇન્સ્ટ્રક્ટરની બે જગ્યાઓ પૂરવામાં આવી નથી. ૩. મકાનનું બાંધકામ શરૂ થયું નથી.	,,

પરિશિષ્ટ "૧૯"

પ્રા. ચિમનલાલ શેઠના પ્રશ્ન ૧૧૨ (ક), (ખ) અને (ગ) અંગેની તા. ૧૫--૩--૧૯૭૫ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી.

ગુજરાત યુનિવર્સિટી પત્રાંક સિ. ૨-૦૨૮૬૧૦/૧૯૭૪, તા. ૧૮--૩--૧૯૭૪ મુજબ સંલગ્ન કૉલેજોના બિન-શૈક્ષણિક કર્મચારીઓનાં નવાં પગારધોરણોનો અમલ તા. ૧--૪--૧૯૭૩થી નથી કર્યો તેવી કૉલેજોની યાદી :

(૫) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૫) અન્વયે શિક્ષકો ન હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકીની ખાલી પડેલી એક જગ્યા.

સદરહુ પેટાચૂંટણી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તથા પ્રમુખશ્રીએ મતગણતરી માટે નીચેના સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા :

(૧) આચાર્ય કે. એન. શાહ
(૨) ડૉ. અંબાશંકર નાગર.

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ની પેટાકલમ ૧ની કંડિકા (૫)માં દર્શાવેલ જોગવાઈ પ્રમાણે કૉર્ટ મતદારવિભાગમાંથી કૉર્ટના સભ્યો પૈકી એક્ઝિકયુટિવ કાઉન્સિલ પર ચૂંટાયેલા ત્રણ સભ્યો કે જેઓ શિક્ષકો નથી, તે પૈકીની એક્ઝિકયુટિવ કાઉન્સિલ પરની એક ખાલી પડેલ જગ્યા માટેની પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય શુક્રવાર, તા. ૧૯-૩-૧૯૭૬ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં, જેની ચકાસણી શનિવાર, તા. ૨૦-૩-૧૯૭૬ના રોજ સાંજના ૪-૩૦ વાગ્યે કરવામાં આવતાં સદરહુ ઉમેદવારીપત્રો માન્ય (valid) ઠર્યાં હતાં :

ક્રમાંક	ઉમેદવારનું નામ	સરનામું
(૧)	શ્રી. નરહરિ હીરાલાલ અમીન	૨૧, વિજય કૉલોની, સરદાર પટેલ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ
(૨)	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	સિમ્સ લેબોરેટરી, ધી તરુણ કૉમર્શિયલ મિલ્સ પ્રિમાઈસીસ, કાલુપુર દરવાજા બહાર, અમદાવાદ-૨
(૩)	શ્રી. શરદ પટેલ	૪૯, પ્રોફેસર્સ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ-૯
(૪)	શ્રી. હરિયંત ચંપકલાલ શેલત	૭૯, ગિરધરનગર સોસાયટી, શાહીબાગ, અમદાવાદ-૪

(ખ) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૯) અન્વયે સંલગ્ન કૉલેજોના આચાર્યો સિવાયના તેના શિક્ષકો હોય તેવા કૉર્ટના સભ્યો પૈકીની ખાલી પડેલી એક જગ્યા.

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ની પેટાકલમ ૧ની કંડિકા (૯)માં દર્શાવેલ જોગવાઈ પ્રમાણે કૉર્ટ મતદાર વિભાગમાંથી કૉર્ટના સભ્યો પૈકી એક્ઝિકયુટિવ કાઉન્સિલ પર ચૂંટાયેલા આચાર્યો સિવાયના સંલગ્ન કૉલેજોના ત્રણ શિક્ષકો પૈકીની એક્ઝિકયુટિવ કાઉન્સિલ પરની એક ખાલી પડેલી જગ્યા માટેની પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય શુક્રવાર, તા. ૧૯-૩-૧૯૭૬ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં, જેની ચકાસણી શનિવાર, તા. ૨૦-૩-૧૯૭૬ના રોજ સાંજના ૪-૩૦ વાગ્યે કરવામાં આવતાં સદરહુ ઉમેદવારીપત્રો માન્ય (valid) ઠર્યાં હતાં :

ક્રમાંક	ઉમેદવારનું નામ	સરનામું
(૧)	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	૧૨, પ્રોફેસર્સ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ-૯
(૨)	શ્રી. રસિકલાલ ચૂનીલાલ સોનપાલ	એલ. ડી. એન્જિ. કૉલેજ, અમદાવાદ-૩૮૦૦૧૫.

ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ અને સમય પછીના ચોવીસ કલાકની અંદર એટલે કે રવિવાર, તા. ૨૧-૩-૧૯૭૬ના રોજ સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ તેમનું ઉમેદવારીપત્ર પોતાની સહીથી, લેખિત અરજી કરીને, અને સ્ટે. ૧૫૧માં જણાવેલી રીતે સહી-સાક્ષી કરી-કરાવીને પાછું ખેંચી લીધું હતું.

સદરહુ પેટાચૂંટણીમાં શ્રી. રસિકલાલ ચૂનીલાલ સોનપાલને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૩-૩-૧૯૭૬ના પરિપત્રાંક એકેડેમિક-૫૬૭૩૨ પ્રમાણે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલા છે તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

તે પછી મતદાનની કાર્યવાહી હાથ ધરવામાં આવી, આ તબક્કે શ્રી. હરુભાઈ મહેતાએ સૂચવ્યું કે સભાગૃહનું કામકાજ બપોરે ૩-૦૦ વાગ્યે હાથ ધરવામાં આવે, પરંતુ પ્રમુખશ્રીએ સભાગૃહનું આગળનું કામકાજ બપોરે બે વાગ્યે હાથ ધરવામાં આવશે એમ નિર્ણય જણાવ્યો.

મતગણતરીનું કામ પૂરું થતાં ચકાસણીદારોએ તેમનો અહેવાલ પ્રમુખશ્રીને આપ્યો. અને સાંજના ૪-૦૦ વાગ્યે સભાનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તે વખતે શ્રી. રજનીકાંત વિઠ્ઠલભાઈ પટેલને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

તે પછી બપોરે બે વાગ્યે સભાગૃહનું આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૪-અ પ્રશ્નોત્તરી

[૧] **પ્રા. ચિમનલાલ શેઠે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી કેટલી કૉલેજોએ માન્યતા પરત કરી છે?

ઉત્તર ૧ : યુનિવર્સિટી ધારાધોરણોમાં જોડાણ પરત કરવાની બાબતમાં કોઈ ઉલ્લેખ નથી તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે બે કૉલેજોએ જૂન ૧૯૭૫થી જોડાણ સરેન્ડર કરવાના પોતાના નિર્ણયની જાણ યુનિવર્સિટીને કરી હતી.

પ્રા. ચિમનલાલ શેઠે નીચેનો પ્રશ્ન પૂછ્યો :

તાજેતરમાં કઈ કૉલેજે માન્યતા પાછી ખેંચવા માટે પત્ર લખ્યો છે અને તે માટે શાં કારણો દર્શાવ્યાં છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ભવન્સ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સની વિજ્ઞાન વિદ્યાશાખાનું જોડાણ પરત કરવા માટે તેના સંચાલકોએ પત્ર લખ્યો છે અને તેમાં જણાવ્યું છે કે કૉલેજને કેટલાંક વર્ષોથી ખાધ જાય છે, અને વધારે વખત સુધી ખાધ સહન કરી શકે તેમ નથી.

પ્રા. ચિમનલાલ શેઠે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી તે અંગે કોઈ પગલાં ભરવા ઇચ્છે છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે યુનિવર્સિટીએ આ પ્રશ્ન તપાસવા માટે સમિતિ નીમી છે અને સમિતિ સ્થળ પર જઈ કૉલેજના સંચાલકમંડળના પ્રતિનિધિઓ, અધ્યાપકો અને અન્ય લાગતા વળગતાઓ સાથે વાતચીત કરીને રિપોર્ટ આપશે.

પ્રા. ચિમનલાલ શેઠે જણાવ્યું કે જોડાણ પરત કરવાની જે પ્રક્રિયા ચાલે છે તે અટકે નહીં તો યુનિવર્સિટી આ વિશે ગંભીરતા રાખતી નથી એમ મારું માનવું છે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મંડળ જૂનથી કૉલેજ બંધ કરી શકશે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે જોડાણ પરત કરવાની બાબતમાં ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં કોઈ જોગવાઈ નથી અને તેથી તેની એક વિદ્યાશાખાનું જોડાણ પરત કરવાનો આ પ્રશ્ન કાયદાનો પ્રશ્ન બને છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે વસ્તુ કાયદામાં નથી તે વિશે આપણે અહીંયાં કાંઈ કરી શકતા નથી તો આ બાબતમાં સ્પષ્ટતા થવી જોઈએ.

કુલસચિવશ્રીએ સ્પષ્ટતા કરીને ફરીથી જણાવ્યું કે જોડાણ પરત કરવા માટે કાયદામાં કોઈ જોગવાઈ નથી.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જોડાણ પરત કરવું અને ફેકલ્ટી બંધ કરવી તે બે બાબતોમાં શું ફરક છે તે અંગે આપ કાંઈ કહી શકશો?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે જોડાણ પરત કરવાની બાબતમાં કાયદામાં કશી જોગવાઈ નથી, જ્યારે કૉલેજની કોઈ વિદ્યાશાખા બંધ કરવાની બાબતમાં ઑર્ડિ. ૧૨૦-ઈ આપણે ઘડેલો છે.

વધુમાં આ પ્રશ્નની ધારાકીય બાબત ઉપરાંત તેમાં નૈતિક જવાબદારીનો પ્રશ્ન પણ રહેલો છે, અને આવો પ્રશ્ન ગયે વર્ષે સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ અંગે ઊભો થયો હતો ત્યારે યુનિવર્સિટીએ તેના સંચાલકમંડળને આ વિષે સ્પષ્ટ જણાવ્યું પણ હતું.

પ્રા. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વ્યાવહારિક રીતે પણ યુનિવર્સિટીએ કોઈ પ્રયત્ન કર્યો છે? આમ નહીં થવાને કારણે જ આ નવો પ્રશ્ન ઊભો થયો છે.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે વ્યાવહારિક રીતે ઉકેલ આવી શકે તે માટે પણ સમિતિ વિચારી શકે છે. બાકી આમાં મુખ્ય પ્રશ્ન યુનિવર્સિટી પાસે આવી પ્રવૃત્તિ અટકાવવા માટેની સત્તાનો છે.

કુલપતિશ્રીનો ઉત્તર : વ્યાવહારિક રીત અંગે કનુભાઈ શાહે વાત કરી તે અંગે મારે કહેવાનું છે કે હું ડાકોર કૉલેજના પ્રાધ્યાપકોને અને મૅનેજમેન્ટને ડાકોરમાં મળ્યો હતો અને કહ્યું હતું કે કૉલેજ બંધ નહીં કરતાં તમારે પુનર્વિચારણા કરવી જોઈએ.

આ તબક્કે એક સભ્યે સમિતિના સભ્યોનાં નામ અંગે માહિતી માગતાં શ્રી. કુલસચિવે નીચેનાં નામ જણાવ્યાં :

૧. ડૉ. વી. સી. શાહ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. ડૉ. જે. જે. ત્રિવેદી.

પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપ ડાકોર કૉલેજ માટે સમાધાન કરાવવા મળ્યા, પરંતુ સ્વામિનારાયણ સાયન્સ કૉલેજનું સમાધાન કરાવવા પચ્ચીસ વખત મળ્યા હતા તો પછી આ સમિતિ જે રિપોર્ટ કરે તે પછી શું કરવાનું ? યુનિવર્સિટીએ સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ અંગે શું કર્યું ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે પ્રયત્નો કર્યાનું પ્રો. શાસ્ત્રી કહે છે તે આનંદની વાત છે. બાકી પ્રયત્નો સફળ થયા નહીં તેથી આપણને સૌને ખેદ થાય તે સ્વાભાવિક છે.

કુલપતિશ્રીનો ઉત્તર : સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ અંગે મેં પત્ર લખ્યો હતો કે તમે કૉલેજ બંધ કરી શકતા નથી. તે માટે કુલાધિપતિશ્રીને પણ મેં પત્રો લખ્યા હતા. આ જોડાણ પરત કરવા અંગે કોઈ જોગવાઈ નથી તો શું કરવું ? ડાકોર ભવન્સ કૉલેજ અંગે વાટાઘાટો ચાલે છે. આમ કાયદેસર રીતે અને વ્યાવહારિક રીતે આપણે શક્ય તેટલું બધું કરીશું. તમારી ચિંતામાં અમે પણ ભાગીદાર છીએ.

શ્રી. મહેન્દ્ર બી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમ કૉલેજ જોડાણ પરત કરે છે, તેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું અહિત થાય છે. જોડાણ આપતાં પહેલાં યુનિવર્સિટીએ કૉલેજ પાસેથી બાંયધરી લેવી જોઈએ જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું અહિત ન થાય. યુનિવર્સિટીએ લેખિત નિયમો ઘડવા જોઈએ. આવી રીતે જોડાણ પરત કરનારી કૉલેજનું બિલ્ડિંગ અને સાધનસામગ્રી જપ્ત કરી યુનિવર્સિટીએ પોતાની કૉલેજ ચલાવવી જોઈએ. પ્રશ્ન એ છે કે વિદ્યાર્થીઓનું હિત કોણ સાચવશે તેનો જવાબ આપશો ?

કુલપતિશ્રીએ જણાવ્યું કે તે માટે પ્રયત્નો ચાલુ છે.

ડૉ. બી. એસ. અગ્રવાલે જણાવ્યું કે કૉલેજોની બાબતમાં પ્રશ્નો પૂછવામાં આવે છે તેમાંથી અડધી કૉલેજો જવાબ આપતી નથી. કૉલેજો નિયમોનું પાલન કરતી નથી તે માટે તેમને ઠપકા આપવામાં આવે છે, જે તમે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાઓની મિનિટ્સમાં વાંચી શકો છો. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ નિર્ણય લે છે તે પ્રમાણે કૉલેજો ચાલતી નથી. આજે જોડાણ પરત કરવાની ત્રીજી કૉલેજની વાત આવી છે. આ ગંભીર બાબત છે અને તે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : કોઈ પણ કૉલેજને પોતાનું જોડાણ પરત કરતાં અટકાવવા માટે કાયદો સુધારીને ઘટતી જોગવાઈ કરવાના પ્રશ્ન અંગે રાજ્ય સરકારને લખવામાં આવ્યું છે.

પ્રા. મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ અંગે લખાણ કર્યું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા જી, મેં કાગળ મોકલી આપ્યો છે.

પ્રા. મંગુભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તે અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ કર્યો છે કે આપે જ કાગળ મોકલ્યો છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : મેં કુલપતિ તરીકે પત્ર લખ્યો છે.

પ્રા. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પૈસાથી જે સામાન ખરીદાયો હતો તે સામાન વેચાઈ રહ્યો છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મદદથી જે સાધનો ખરીદવામાં આવ્યાં હોય તે કૉલેજ બંધ થતાં પરત કરવાં જોઈએ એવી ગ્રાન્ટની શરત છે.

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો પત્ર પણ કૉલેજને ગયો છે કે જે સાધનો તેની મદદથી વસાવ્યાં છે તે પરત કરવાં.

પ્રા. કનુભાઈ શાહે જણાવ્યું કે આ સાધનો વેચાઈ ગયાં છે.

પ્રા. મંગુભાઈ પટેલે જણાવ્યું કે પ્રશ્ન ૪૧૬નો જવાબ અને આ પ્રશ્નનો જવાબ સુસંગત નથી.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે પ્રશ્ન નં. ૪૧૬માં જે પૂછ્યું છે તેનો જવાબ તેમાં છે. તેમાં જણાવ્યા મુજબ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાયથી ખરીદાયેલાં સાધનોનું શું થયું તેની માહિતી અમારી પાસે નથી તે અત્યારે પણ હું કહું છું.

પ્રા. કનુભાઈ શાહે જણાવ્યું કે આ સાધનો સ્વામિનારાયણ સાયન્સ કૉલેજના ટ્રસ્ટીઓએ વેચી નાંખ્યાં છે તેમ હું જવાબદારીપૂર્વક કહું છું તેની નોંધ લો.

કુલપતિશ્રીનો ઉત્તર : અમને કશું ખોટું બોલવાને કારણ હોય તેવું મને લાગતું નથી. વ્યક્તિ તરીકે અને કુલપતિ તરીકે હું તેમને કાગળ લખીશ અને તે અંગે ઘટતી તપાસ પણ અમે કરીશું.

પ્રા. પાં. એફ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ પણ કૉલેજમાં ટી.વાય.નો વર્ગ બંધ કરવો હોય તો ત્રણ વર્ષ લાગે છે. તો આખી કૉલેજ બંધ કરવી હોય તો કોઈ નિયમ નથી ? જો એક વિષય બંધ ન કરી શકાય તો આખી કૉલેજ કેવી રીતે બંધ કરી શકાય ?

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઑર્ડિ. ૧૨૦-ઈ અને એફ પ્રમાણે "closure of a subject and closure of a Faculty" તેનો અર્થ વિષય બંધ કરે તો ફેકલ્ટી બંધ થઈ ગણાય. તો આમાં ભેદ પાડી શકાય ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ડાકોરની ભવન્સ કૉલેજે વિજ્ઞાન વિદ્યાશાખા બંધ કરવાની જાણ કરેલી અને ઉમેરેલું કે ફક્ત સાયન્સ કૉલેજ બંધ કરવા માટે પરવાનગી આપવામાં ન આવે તો તેમને આખી કૉલેજ બંધ કરવાની ફરજ પડશે. અગાઉ જણાવ્યું તે પ્રમાણે આ બાબતમાં સમિતિ નીમવામાં આવી છે અને તે અંગે શું કરવું તે સમિતિનો રિપોર્ટ આવ્યેથી એક્ઝિકયુટિવ કાઉન્સિલ વિચારશે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વિષય બંધ કરવો અને જોડાણ પરત કરવું તેમાં ભેદ કેમ પાડી શકાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : ઑર્ડિ. ૧૨૦-ઈનો પ્રશ્ન પણ રિટ પિટિશનમાં પડ્યો છે.

આચાર્ય શ્રી. એલ. શાસ્ત્રીએ સૂચવ્યું કે આ કૉલેજ બંધ કરવાની બાબતમાં આ સભાગૃહમાંથી સમિતિ નીમવામાં આવે.

ડૉ. બી. એસ. અગ્રવાલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જો કૉલેજ બંધ કરવાનું નક્કી કરવામાં આવ્યું જ હોય તો શું કરી શકાય ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આમાં કાયદાનો પ્રશ્ન સમાયેલો છે.

આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ સૂચવ્યું કે કાયદા ઉપરાંત સામાજિક અને નૈતિક દૃષ્ટિએ પણ સંચાલકમંડળ ઉપર લાવી શકાય.

પ્રા. કે. એચ મોદીએ જણાવ્યું કે કૉલેજ બંધ થાય તેવી પરિસ્થિતિ ઊભી થાય. પ્રોફેસરો બેકાર બને, તેમનાં કુટુંબો રઝળે તે અંગે પ્રશ્નો પૂછવામાં આવે છે, અને તે અંગે જે ચર્ચા થાય તેની ગંભીરતા સમજવી જોઈએ. માટે લિગલ સલાહ લઈને વિના વિલંબે તે અંગે વિચારવું જોઈએ.

કુલપતિશ્રીએ જણાવ્યું કે અગાઉ કહ્યું તેમ આ પ્રશ્ન પરત્વે અમે ગંભીરતાથી વિચારીએ છીએ અને આ સભાગૃહની ચિંતામાં પણ અમે ભાગીદાર છીએ, અને તેનો ઉકેલ આવે તે માટે પ્રયત્નશીલ છીએ.

પ્રા. અંબુભાઇ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમાં આપ ભાગીદાર નથી. શિક્ષણમંત્રીશ્રી(ભૂતપૂર્વ)એ વચન આપ્યું હતું, પણ યુનિવર્સિટી એ અંગે આગળ કાંઈ કરતી નથી. આજે જે કાંઈ કરવું હોય તે ગંભીરતાથી કરવું જોઈએ, અને તે માટે શું કરવું તે સભાગૃહ નક્કી કરે નહીં તો યુનિવર્સિટી બંધ કરવી જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : શિક્ષણમંત્રીશ્રી(ભૂતપૂર્વ)ને આજે પણ જઈને પૂછશો તો જણાશે કે મારો કાગળ બીજે દિવસે ત્યાં પહોંચી ગયો હતો. તે અંગે સત્વરે ઉકેલ આવે તે માટે જે કાંઈ થઈ શકશે તે ચોક્કસ કરીશું. આપ ગમે તેમ કહી શકો છો પણ અમને પોતાને પણ આની ચિંતા છે.

પ્રા. મંગુભાઈ પટેલે જણાવ્યું કે આપની આગેવાની નીચે સેનેટના સભ્યોનું સરઘસ ગવર્નર સાહેબને મળે. અમે આપની આગેવાની નીચે આવવા તૈયાર છીએ.

કુલપતિશ્રીનો ઉત્તર : કુલાધિપતિશ્રી પાસે આ અંગે પ્રતિનિધિમંડળ લઈ જવા માટે હું તૈયાર છું.

પ્રો. ચિત્તરંજન મહેતાએ જણાવ્યું કે સ્વામિનારાયણ સાયન્સ કૉલેજના બનાવ પછી આ ૧૬ મહિનામાં જો કોઈ યોગ્ય પગલાં લેવામાં આવ્યાં હોત તો આનું પુનર્નિર્માણ થાત નહીં.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ જણાવ્યું કે દુકાન ખોલવા માટે લાયસન્સની જરૂર રહે છે, પણ બંધ કરવા માટે લાયસન્સની જરૂર નથી રહેતી. જોડાણ પરત કરવા માટેનો કાંઈ નિયમ નથી, છતાં પાછું આપે છે. આ પ્રશ્ન ગંભીર છે અને ૧૦ + ૨ + ૩ની નવી તરાહ આવે છે તેથી આવતાં ૧૦ વર્ષમાં પચાસ ટકા જેટલી કૉલેજો બંધ થઈ જશે. જે કૉલેજોમાં વિદ્યાર્થીઓ નથી આવવાના તે કૉલેજોમાંના બાકીના સ્ટાફની સરકાર જવાબદારી લેશે તો તે ચાલી શકશે. તે માટેની સંપૂર્ણ જવાબદારી સરકાર લે તેવો ઠરાવ કરીએ.

તે પછી પ્રા. હરુભાઈ મહેતાએ નીચે મુજબ સભામોકૂફીનો પ્રસ્તાવ રજૂ કર્યો :

"ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરની વિજ્ઞાન વિદ્યાશાખા બંધ કરવાના તેના સંચાલક-મંડળના નિર્ણયના વિરોધમાં આ સભા ચાર વાગ્યા સુધી તેનું કામકાજ મોકૂફ રાખવાનું ઠરાવે છે."

કુલપતિશ્રીએ જણાવ્યું કે આ પ્રશ્નોત્તરીનો સમય છે. તે પૂરી થયા પછી કોઈ પણ સભ્ય સભા-મોકૂફીનો પ્રસ્તાવ રજૂ કરી શકે છે.

તે પછી પ્રા. હરુભાઈ મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ આપનું રૂલિંગ છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા જી.

શ્રી. મહેન્દ્ર બી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ડોક્ટર સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓને કઈ કૉલેજમાં સમાવી શકાશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : અત્યારે તે મુદ્દો ઉપસ્થિત થયો નથી. એવો મુદ્દો ઉપસ્થિત થશે ત્યારે તે ઉપર વિચારી શકાશે.

પ્રા. કે. એચ. મોદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સમિતિ કયારે રિપોર્ટ આપશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : બને તેટલો જલદી.

પ્રા. સી. કે. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ બંધ થઈ તે વખતે ધારાકીય જોગવાઈ હતી નહીં. તે પછી લગભગ એક વર્ષ વીતી ગયું છે. આ દરમિયાન તે અંગે કાંઈક કરવાનું આપને કેમ સૂઝયું નહીં ? હવે આપ પ્રમુખસ્થાનેથી આ અંગે કોઈ ખાતરી આપો છો કે આ બાબતમાં આપ કરાવ કરીને રાજ્ય સરકારની વિચારણા માટે તે મોકલશો ?

કુલપતિશ્રીનો ઉત્તર : મારાથી જે થઈ શકશે તે કરીશ. આ પહેલાં પણ મેં તમને કહ્યું છે કે કુલાધિપતિશ્રી પાસે પ્રતિનિધિમંડળ લઈને જઈશું. ધારાકીય જોગવાઈ અંગેનો પ્રસ્તાવ પણ એક્ઝિકયુટિવ કાઉન્સિલ પાસે મૂકીશું.

આચાર્ય ધીરુભાઈ ઠાકરે જણાવ્યું કે ડોક્ટર કૉલેજનું જોડાણ પરત કરવાની નોટિસ આની છે તેમાં એવું જણાવ્યું નથી કે તે અમુક વિષય બંધ કરવા માગે છે. યુનિવર્સિટીએ આખા કૉલેજને જોડાણ આપ્યું છે—નહીં કે ફક્ત સાયન્સ કૉલેજને. યુનિવર્સિટીએ કૉલેજને એમ કહેવું જોઈએ કે આ જોડાણના સરેન્ડરનો પ્રશ્ન નથી, પરંતુ આખી સાયન્સ વિદ્યાશાખા બંધ કરવાનો પ્રશ્ન છે. સાયન્સ વિદ્યાશાખા બંધ કરવા માટે જોડાણ પરત કરવાનું નક્કી કર્યું છે તે કાયદેસર માન્ય થઈ શકે તેમ નથી. આ રીતે સંચાલકો ઉતાવળે કૉલેજ બંધ કરવાનું પણ કરી શકે નહીં તેમ જ તે ચાલી પણ શકે નહીં, અને આને ૨૧ મહિનાની નોટિસ ગણીએ છીએ તેમ કૉલેજને જણાવવું જોઈએ.

પ્રા. મયૂરભાઈ પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

Part of the College અંગે કોઈ જોડાણ હોઈ શકે નહીં, એટલે ડોક્ટર કૉલેજને જોડાણ કેવી રીતે આપ્યું છે તેની સ્પષ્ટતા કરશો ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે પ્રસ્તુત ભવન્સ કૉલેજને બે વિદ્યાશાખાઓ માટે જોડાણ આપવામાં આવ્યું છે, તેમાંથી એક વિદ્યાશાખા બંધ કરવામાં આવે તો આખી કૉલેજ બંધ થતી નથી એ કાયદાનો પ્રશ્ન બને છે.

પ્રા. મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તો કમિટી કેમ નીમવામાં આવી ?

કુલપતિશ્રીનો ઉત્તર : સમજૂતીથી ઉકેલ આવે તો સારું. વાટાઘાટો દ્વારા સુખદ નિર્ણય આવી શકે છે.

પ્રા. સી. કે. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપને કોઈ વાટાઘાટોની સફળતા મળી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તમારા જેવી શક્તિ મારામાં નથી એમ સમજશો.

પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપ ગવર્નર સાહેબને મળીને ધારાકીય જોગવાઈ કરતાં વાર લાગે તેમ હોય તો ઑર્ડિનન્સ બહાર પાડવા જણાવશો ?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રતિનિધિમંડળને યોગ્ય લાગે તો તે એ વિષે સૂચન કરી શકે છે.

પ્રા. હરુભાઈ મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ સમિતિમાં બહારના કોઈ પ્રતિનિધિને લેવાનું ઉચિત કેમ ન લાગ્યું ?

કુલપતિશ્રીનો ઉત્તર : હું કોઈને બહારનો ગણતો નથી.

એક સભ્યે સૂચવ્યું કે પ્રતિનિધિમંડળની નિમણૂકમાં વિદ્યાર્થી અને નોન-ટીચિંગ સ્ટાફ માટે પણ વિચારશો.

આચાર્ય ઘનશ્યામભાઈ પરીખે જણાવ્યું કે આ પ્રશ્ન કેવળ ડાકોર કૉલેજનો નથી, પણ બીજી બધી કૉલેજોને નજરમાં રાખીને વિચારવા જેવો છે. આજે સાયન્સ કૉલેજ બંધ થાય છે. હવે પછી બી.એડ. કૉલેજો બંધ થવાનો પ્રશ્ન આવે તો આ અંગે રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ યોજવાનું મારું સૂચન છે. યુનિવર્સિટી, વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કૉલેજના સંચાલકો ભેગા મળીને વિચારશે તો આ પ્રક્રિયા અટકશે. આપ ઘણાં ડોનેશનો લાવો છો, તો કૉલેજના સંચાલકોને આવાં ડોનેશનો ના મળી શકે ? તેમની આર્થિક વિટંબણાઓ દૂર થઈ શકે તો પ્રશ્નનો ઉકેલ સરળ બનશે. તે માટે સરકારશ્રીને પણ આર્થિક સહાય આપવા માટે ભલામણ કરી શકાય. આનું નિરાકરણ કરવા માટે સાથે બેસીને પ્રયત્નો કરીશું તો યોગ્ય થશે

કુલપતિશ્રીનો ઉત્તર : બધી કૉલેજો માટે ગ્રાન્ટમાં સુધારો થાય તે અંગે સરકાર સાથે વાત થઈ છે, તે અંગે સરકારે કમિટી નીમી છે અને છેલ્લી મીટિંગ ૧૦મી માર્ચે મળી હતી ત્યાર પછી ગવર્નરશ્રીને મૅનેજમેન્ટે લખ્યું છે. મેં પણ તે માટે કહેલું છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગ્રાન્ટ માટે ત્રણ વર્ષ પહેલાં એક સમિતિ નીમી છે તે જસ્ટિસ મિયાંભાઈ સમિતિનું કામ કેટલે સુધી આવ્યું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે સમિતિ કામ કરતી બંધ થઈ ગઈ છે, એમ જાણવા મળ્યું છે.

ડૉ. એમ. એન. દેસાઈએ જણાવ્યું કે આપણે કાયદો સુધારીને કૉલેજ બંધ ન થવા દઈએ, પણ કૉલેજ ચાલે તો પગાર કોણ આપશે ? જો કૉલેજ ચાલુ રહીને પણ પગાર આપતી નથી તો સાયન્સ

કૉલેજની બધી જવાબદારી જ્યાં સુધી સરકાર નહીં સ્વીકારે ત્યાં સુધી તેનો ઉકેલ નહીં આવે. આપણે ગવર્નર સાહેબને મળવા જવાના છીએ ત્યારે કહેવું જોઇએ કે આ વાત તમે સ્વીકારો.

પ્રો. હરુભાઇ મહેતાએ જણાવ્યું કે મારી દરખાસ્ત છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર યુનિવર્સિટીની શરતોનો ભંગ કરે છે તે અંગે સભાગૃહની ચિંતા વ્યક્ત કરવા માટે આ સભા ચાર વાગ્યા સુધી મોકૂફ રાખવી.

કુલપતિશ્રીએ જણાવ્યું કે અહીં પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે અને હવે અર્ધા કલાકનો વિરામ જાહેર કરું છું.

આમ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થવાથી બાકીના પ્રશ્નો હાથ ધરી શકાયા નહીં.

તે પછી કેટલાક સભ્યોએ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર અંગે સભા ચાર વાગ્યા સુધી મોકૂફ રાખવાનો આગ્રહ રાખતાં કુલપતિશ્રીએ સભા ચાર વાગ્યા સુધી મોકૂફ રાખવાનું જાહેર કર્યું.

તે પછી સાંજે ચાર વાગ્યે સભાગૃહનું આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૫. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૩-૭૪ના વાર્ષિક હેવાલ ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯-૩-૧૯૭૫ની વાર્ષિક સભામાં થઈ શકી ન હોઈ એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧ માર્ચ ૧૯૭૫ના રોજ પૂરા થતા વર્ષનો એક્ઝિકયુટિવ કાઉન્સિલે રજૂ કરેલો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ધીરુભાઇ ઠાકરે** નોટિસ આપી હતી :

"તા. ૩૧ મી માર્ચ ૧૯૭૫ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

***G.U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual meeting. The Court may pass resolutions thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

†Statute 90 :

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.

સદરહુ પ્રસ્તાવ ડૉ. ધીરુભાઈ પી. ઠાકરે રજૂ કર્યો તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

ચર્ચા દરમિયાન કેટલાક સભ્યોએ જુદા જુદા મુદ્દાઓ પર પોઇન્ટ ઑફ ઇન્ફર્મેશનના મુદ્દા ઉઠાવ્યા તે અંગે પ્રમુખશ્રીએ સ્પષ્ટતા કરી કે એજન્ડા પરની કોઈ બાબત અંગે ચર્ચા ચાલતી હોય ત્યારે પોઇન્ટ ઑફ ઇન્ફર્મેશનનો મુદ્દો ઊભો કરવાની કોઈ જોગવાઈ યુનિવર્સિટીના નિયમોમાં નથી.

તે પરની ચર્ચાવિચારણા ચાલુ હતી તે દરમિયાન શ્રી નરહરિ પરીખે સૂચવ્યું કે પાંચ વાગ્યાનો સમય પૂરો થઈ ગયેલો હોઈ સભાગૃહનું કામકાજ બંધ રાખીને બીજે દિવસે હાથ ધરવામાં આવે.

અધ્યક્ષશ્રીએ સદરહુ સૂચન સ્વીકારીને સભાગૃહનું કામકાજ તે દિવસ પૂરતું બંધ કરવામાં આવે છે એમ જણાવ્યું.

તે પછી મંગળવાર તા. ૩૦–૩–૧૯૭૬ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે સભા મળતાં આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

આ તબક્કે એક સભ્ય શ્રી. મહેન્દ્ર ભોગીલાલ શાહે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહના વિદ્યાર્થી પ્રતિનિધિઓએ રજૂ કરેલા પ્રસ્તાવોને અગ્રિમતા આપીને તે પ્રસ્તાવો હાથ ધરવા જોઈએ.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે યુનિવર્સિટી કોર્ટની કાર્યવાહીનો અગ્રતાક્રમ સ્ટે. ૩૧ અન્વયે નિયત થયેલો હોઈ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો સદરહુ પ્રસ્તાવ માન્ય કરી શકાય તેમ નથી. તે છતાં શ્રી મહેન્દ્રભાઈ શાહે તથા બીજા કેટલાક સભ્યોએ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો પ્રસ્તાવ સ્વીકારવા માટે એકસાથે ઊભા થઈને વારંવાર આગ્રહ કર્યો.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ તેઓ પ્રસ્તાવ સ્વીકારી શકાય તેમ નથી એમ તેમણે જણાવેલું છે અને તેમાં બીજું કાંઈ થઈ શકે તેમ નથી.

તે પછી એમ સૂચવવામાં આવ્યું કે બાબત નં. ૬ ઉપર જે સભ્યોને પોતાનું વક્તવ્ય આ સભાગૃહમાં રજૂ કરવા માટે નિમંત્રણ આપવામાં આવે તેમાં શ્રી. મહેન્દ્રભાઈ શાહને બોલવા માટે અગ્રિમતા આપવામાં આવે. અધ્યક્ષશ્રીએ સદરહુ સૂચન સ્વીકાર્યું.

તે પછી શ્રી. મહેન્દ્રભાઈ બી. શાહે જણાવ્યું કે પોતાનું વક્તવ્ય રજૂ કરતાં પહેલાં તેઓ કેટલીક બાબતો અંગે માહિતી મેળવવા ઇચ્છે છે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ગઈ કાલે આ અંગે જણાવેલું છે કે આ માહિતી ચાલુ ચર્ચાએ આપી શકાય નહિ. તો હવે જે સભ્યને હાથ પરના કામકાજ અંગે પોતાનું મંતવ્ય રજૂ કરવું હોય તે કરી શકે છે અને માહિતી(point of information)ના મુદ્દા વારંવાર આગળ કરીને સભાગૃહના કામકાજમાં વિક્ષેપ ઊભો થાય તે યોગ્ય નથી. તેમ છતાં શ્રી. મહેન્દ્રભાઈ બી. શાહે સંલગ્ન કૉલેજોના જે વિદ્યાર્થીઓએ પરીક્ષા નથી આપી તે વિદ્યાર્થીઓને કેટલી કૉલેજોએ ખરેખર ફી પાછી મોકલી દીધી છે અને કેટલી કૉલેજોએ પાછી નથી મોકલી તેની માહિતી પોતાને પૂરી

પાડવામાં આવે તેવો આગ્રહ ચાલુ રાખ્યો અને આવી માહિતી મેળવવાનો પોતાને હક છે તેવો આગ્રહ રાખ્યો. આમાં બીજા કેટલાક સભ્યોએ પોતાનો સૂર પુરાવ્યો અને સભ્યોને માહિતી મેળવવાનો હક છે એમ જોરશોરથી રજૂઆત કરી જેને પરિણામે સભાગૃહમાં ભારે કોલાહલ પ્રવર્તી રહ્યો. અધ્યક્ષશ્રીએ પુનઃ જણાવ્યું કે સભાગૃહમાં એક વખતે એક જ સભ્ય બોલી શકે છે અને બીજા કોઈ સભ્યે તે સમયે ઊભા થવું જોઈએ નહીં અને તમામ સભ્યોએ શાંતિ રાખવી જોઈએ. તેમ છતાં કેટલાક સભ્યોનો ઉશ્કેરાટ શમ્યો નહીં. પ્રમુખશ્રીની સામે કેટલાક સભ્યો તરફથી વાંધાજનક ભાષામાં આક્ષેપો પણ કરવામાં આવ્યા. ઉપરાંત શાંત બેઠેલા બીજા સભ્યોને આહ્વાન કરવામાં આવ્યું કે એ બધા કેમ શાંત બેઠા છે? પરિણામે સભાગૃહમાં અશાંતિ અને ભારે ધોંધાટ પ્રવર્તી રહ્યાં. આ સંજોગોમાં અધ્યક્ષશ્રીએ સભાનું કામકાજ પોતાને ન છૂટકે બંધ કરવું પડે છે એમ જાહેરાત કરી.

તે પછી અધ્યક્ષશ્રીના આદેશ મુજબ સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું તેથી બાકીની બાબતો ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાઈ નહોતી.

કોર્ટ નં./૮૭૫૬/૧૯૭૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯.
તા. ૬–૫–૧૯૭૬

કે. ચં. પરીખ
કુલસચિવ.

ગુ. યુ. પ્રેસ ૧૨૬૭–૪૫૦–૨–૧૯૭૭

કોર્ટ (ખાસ સભા) : તા. ૩૧--૧૨–૧૯૭૬

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની ખાસ સભા, શુકવાર, તા. ૩૧--૧૨--૧૯૭૬ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ-ખંડમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ની પેટાકલમ (૧)ની કંડિકાઓ (૫), (૬), (૭), (૮), (૯) અને (૧૨) મુજબ એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યોની ચૂંટણી કરવા માટે મળી હતી.

(**નોંધ.**—ઉપર દર્શાવેલ ચૂંટણી અંગેની નોટિસ યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૧--૧૨--૧૯૭૬ના પરિપત્રાંક એકેડેમિક--૪૫૦૩૨--૭૬થી મોકલવામાં આવી હતી.)

કોર્ટનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૩૧--૧૨--૧૯૭૬
૧.	શ્રી. કે. કે. વિશ્વનાથન	ગેરહાજર
૨.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ	હાજર
૩.	શ્રી. એલ. આર. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. યુ. જે. જોષી	હાજર
૫.	શ્રી. એન. એમ. મિયાભાઈ	ગેરહાજર
૬.	શ્રી. કે. સી. પરીખ	હાજર
૭.	શ્રી. પી. એફ. પટેલ	હાજર
૮.	શ્રી. કે. રામમૂર્તિ	ગેરહાજર
૯.	શ્રી. એસ. બી. કુમતા	ગેરહાજર
૧૦.	ડૉ. એચ. એન. પટેલ	હાજર
૧૧.	શ્રી. એચ. આર. મલકાની	ગેરહાજર
૧૨.	શ્રી. સી. પી. પટેલ	ગેરહાજર
૧૩.	શ્રી. વી. ટી. પટેલ	હાજર
૧૪.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૩૧--૧૨--૧૯૭૬
૧૫.	શ્રી. એન. એમ. બારોટ	હાજર
૧૬.	શ્રી. એમ. જી. બ્રહ્મભટ્ટ	હાજર
૧૭.	શ્રી. બી. એન. પટેલ	ગેરહાજર
૧૮.	શ્રી. પી. સી. શાહ	હાજર
૧૯.	શ્રી. આર. જી. શાસ્ત્રી	ગેરહાજર
૨૦.	શ્રી. બી. કે. પટેલ	હાજર
૨૧.	શ્રી. જી. ડી. ભટ્ટ	હાજર
૨૨.	ડૉ. જે. એલ. ભટ્ટ	ગેરહાજર
૨૩.	શ્રી. જે. બી. શાહ	હાજર
૨૪.	શ્રી. એમ. જે. દવે	હાજર
૨૫.	શ્રી. આર. વી. પટેલ	હાજર
૨૬.	ડૉ. આર. એન. ઘોડિયાવાલા	ગેરહાજર
૨૭.	કુ. કે. એમ. શાહ	હાજર
૨૮.	ડૉ. એન. એચ. પટેલ	હાજર
૨૯.	ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૩૦.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૩૧.	શ્રી. આર. ટી. મણિયાર	હાજર
૩૨.	શ્રી. બી. એસ. અગ્રવાલ	હાજર
૩૩.	શ્રી. બી. કે. શાહ	હાજર
૩૪.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર
૩૫.	શ્રી. બી. આર. મિસ્ત્રી	હાજર
૩૬.	ડૉ. સી. એસ. ત્રિવેદી	હાજર
૩૭.	ડૉ. એચ. પી. પટેલ	હાજર
૩૮.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩૯.	શ્રી. એમ. સી. પરીખ	હાજર
૪૦.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૪૧.	શ્રી. એમ. એમ. પટેલ	હાજર
૪૨.	શ્રી. એમ. આર. પટેલ	હાજર
૪૩.	શ્રી. બી. જી. ચૌધરી	હાજર
૪૪.	શ્રી. બી. વી. પટેલ	હાજર
૪૫.	શ્રી. સી. એમ. શેઠ	હાજર
૪૬.	શ્રી. કે. એ. શાહ	હાજર
૪૭.	શ્રી. ઈ. એમ. બલસારા	હાજર
૪૮.	શ્રી. એમ. એચ. પટેલ	ગેરહાજર
૪૯.	શ્રી. એન. વી. પંડ્યા	હાજર

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૩૧--૧૨--૧૯૭૬
૫૦.	શ્રી. પી. સી. પટેલ	હાજર
૫૧.	શ્રી. પી. એફ. પટેલ	હાજર
૫૨.	શ્રી. આર. એસ. પટેલ	હાજર
૫૩.	શ્રી. ડી. એન. આચાર્ય	હાજર
૫૪.	શ્રી. એમ. એમ. પટેલ	ગેરહાજર
૫૫.	શ્રી. વી. એમ. પટેલ	હાજર
૫૬.	શ્રી. બી. એ. પટેલ	હાજર
૫૭.	શ્રી. વી. એસ. પટેલ	હાજર
૫૮.	શ્રી. એમ. એ. ત્રિવેદી	હાજર
૫૯.	શ્રી. કે. એચ. મોદી	હાજર
૬૦.	શ્રી. એમ. ડી. પંડ્યા	હાજર
૬૧.	શ્રી. એચ. એમ. મહેતા	હાજર
૬૨.	ડૉ. જે. એન. પટેલ	હાજર
૬૩.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૬૪.	શ્રી. સી. બી. મહેતા	હાજર
૬૫.	શ્રી. જી. આર. દેસાંઈ	હાજર
૬૬.	શ્રી. પી. આર. શાહ	હાજર
૬૭.	શ્રી. જી. એસ. શાહ	હાજર
૬૮.	શ્રી. આર. એમ. શાહ	હાજર
૬૯.	શ્રી. એસ. બી. વોરા	હાજર
૭૦.	શ્રી. સી. કે. શાહ	હાજર
૭૧.	શ્રી. ડી. બી. સોલંકી	હાજર
૭૨.	શ્રી. બી. જે. ત્રિપાઠી	હાજર
૭૩.	શ્રીમતી બી. કે. શાહ	હાજર
૭૪.	ડૉ. વી. કે. પટેલ	હાજર
૭૫.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર
૭૬.	આચાર્ય સી. કે. અકુવાલા	હાજર
૭૭.	આચાર્ય આઈ. જે. ભટ્ટ	હાજર
૭૮.	આચાર્ય એમ. ડી. ભટ્ટ	હાજર
૭૯.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૮૦.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર
૮૧.	આચાર્ય જી. બી. પરીખ	હાજર
૮૨.	આચાર્ય જી. બી. પટેલ	હાજર
૮૩.	આચાર્ય કે. એસ. પટેલ	હાજર
૮૪.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૩૧--૧૨--૧૯૭૬
૮૫.	આચાર્ય જે. એ. દવે	હાજર
૮૬.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર
૮૭.	આચાર્ય વી. જે. ત્રિવેદી	હાજર
૮૮.	આચાર્ય એમ. જે. પટણી	હાજર
૮૯.	આચાર્ય ડૉ. એ. જી. મુનશી	હાજર
૯૦.	આચાર્ય જે. જી. પટેલ	હાજર
૯૧.	આચાર્ય કે. એન. શાહ	હાજર
૯૨.	આચાર્ય વી. એફ. શાહ	હાજર
૯૩.	આચાર્ય જે. ડી. તલાટી	હાજર
૯૪.	આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર
૯૫.	આચાર્ય એન. આર. શાહ	હાજર
૯૬.	આચાર્ય એચ. એમ. દેસાઈ	હાજર
૯૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૯૮.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૯૯.	આચાર્ય સી. સી. ત્રિવેદી	હાજર
૧૦૦.	ડૉ. એમ. એન. જિન્દાલ	ગેરહાજર
૧૦૧.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૦૨.	આચાર્ય એચ. પી. પંડ્યા	હાજર
૧૦૩.	આચાર્ય એચ. એ. પટેલ	હાજર
૧૦૪.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૧૦૫.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર
૧૦૬.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૧૦૭.	ડૉ. કાશ્યપ ભાર્ગવ	હાજર
૧૦૮.	શ્રી. કે. સી. ખંભાલિયા	હાજર
૧૦૯.	શ્રી. કે. ડી. પટેલ	હાજર
૧૧૦.	શ્રી. જે. આર. જાની	હાજર
૧૧૧.	શ્રી. એમ. એસ. મહેતા	હાજર
૧૧૨.	શ્રી. એસ. એન. ઠાકર	હાજર
૧૧૩.	શ્રી. એમ. એ. પરીખ	હાજર
૧૧૪.	શ્રી. એ. આર. શાહ	હાજર
૧૧૫.	શ્રી. એ. એન. શાહ	હાજર
૧૧૬.	શ્રી. કે. આર. પટેલ	હાજર
૧૧૭.	શ્રી. એચ. વી. પટેલ	હાજર
૧૧૮.	શ્રી. શરદ પટેલ	હાજર
૧૧૯.	શ્રી. ડી. એન. પરીખ	હાજર

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૩૧--૧૨--૧૯૭૬
૧૨૦.	શ્રી. શ્રેણિક કસ્તૂરભાઈ લાલભાઈ	હાજર
૧૨૧.	શ્રી. એ. એમ. રાવલ	હાજર
૧૨૨.	શ્રી. ડી. એન. પાઠક	હાજર
૧૨૩.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૨૪.	ડૉ. ચંપાબહેન એલ. ભટ્ટ	હાજર
૧૨૫.	ડૉ. જે. એલ. ધોળકિયા	હાજર
૧૨૬.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૨૭.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૧૨૮.	શ્રી. એસ. કે. ચેટરજી	હાજર
૧૨૯.	શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ	હાજર
૧૩૦.	શ્રી. સી. જી. વાલેસ	ગેરહાજર
૧૩૧.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર
૧૩૨.	શ્રી. ઓ. એ. જસદણવાલા	ગેરહાજર
૧૩૩.	શ્રી. આઈ. એ. પરમાર	હાજર
૧૩૪.	શ્રીમતી એન. એ. પટેલ	હાજર
૧૩૫.	શ્રી. એચ. એન. પટેલ	ગેરહાજર

સભાની શરૂઆતમાં નીચેના શોકદર્શક ઠરાવો અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યા :

(૧) આપણા યુગના મહાન તપસ્વી, પરમ જ્ઞાની અને સંતશિરોમણિ પરમપૂજ્ય શ્રી. મોટાના દેહવિલયથી ગુજરાતને અને સમગ્ર ભારતને એક મહાન વિભૂતિની ખોટ પડી છે, તે સહેલાઈથી પુરાય તેમ નથી.

મૌન ભક્તિ, પ્રાણીમાત્ર માટે અનુકંપા, ઊંડો વિદ્યાપ્રેમ, સાહસ અને પરાક્રમની પ્રવૃત્તિઓનો પુરસ્કાર અને અનન્ય દાનશીલતાના ગુણોથી વિભૂષિત પૂ. મોટાએ ગુજરાત યુનિવર્સિટીને લગભગ રૂપિયા એકવીસ લાખ જેટલી રકમનું પ્રદાન કર્યું છે તેનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેમના પ્રત્યે પોતાનો ઊંડો પ્રેમ અને આદરભાવ વ્યકત કરે છે, અને શિક્ષણ, સંસ્કાર અને સમાજસેવાનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી અનન્ય સેવાઓને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૨) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા, તેના ભૂતપૂર્વ કાર્યકારી કુલપતિ, અને યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય તથા વાણિજ્યની વિદ્યાશાખાના ભૂતપૂર્વ અધ્યક્ષ અને એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના ભૂતપૂર્વ આચાર્યશ્રી સુરેન્દ્ર વૈકુંઠરાય દેસાઈના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સુનિષ્ઠ સેવાઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૩) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા, યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય તથા વિજ્ઞાનની વિદ્યાશાખાના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ગુજરાત કૉલેજ તથા સી. યુ. શાહ સાયન્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. વાય. જી. નાયકના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને વિજ્ઞાન અને શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સંનિષ્ઠ સેવાઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૪) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા, યુનિવર્સિટીની સેનેટ અને એકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય તથા આર્ટ્‌સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. પ્રેમશંકર હ. ભટ્ટના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને સાહિત્ય અને શિક્ષણનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સંનિષ્ઠ સેવાઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૫) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટીની સેનેટના ભૂતપૂર્વ સભ્ય ડૉ. ઇન્દ્રવદન દવેના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને સાહિત્ય અને શિક્ષણનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સંનિષ્ઠ સેવાઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૬) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા એમ. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી પી. પી. પંડિતના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સંનિષ્ઠ સેવાઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૭) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી અને ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રી તથા આ યુનિવર્સિટી કોર્ટના ભૂતપૂર્વ સભ્ય શ્રી. મોહનલાલ પી. વ્યાસના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે અધ્યક્ષશ્રીને સત્તા આપે છે.

(૮) યુનિવર્સિટી કોર્ટની આ સભા તેની કોર્ટના સભ્ય ડૉ. છોટુભાઈ એચ. નાયકના અવસાનથી શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણ અને તબીબી ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે અધ્યક્ષશ્રીને સત્તા આપે છે.

(૯) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રી તથા યુનિવર્સિટી કોર્ટના સભ્ય શ્રી. પ્રેમજીભાઈ ઠક્કરના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણ ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે અધ્યક્ષશ્રીને સત્તા આપે છે.

ઉપરના ઠરાવો સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યા :
તે પછી ચૂંટણી અંગેનું કાર્ય હાથ ધરવામાં આવ્યું.
અધ્યક્ષશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદાર (scrutineers) તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય ડી. એમ. શીખ
(૨) આચાર્ય ડી. ડી. દેસાઈ.

નીચેના ઉમેદવારોએ એક્ઝિકયુટિવ કાઉન્સિલની જુદી જુદી જગ્યા માટે ઉમેદવારી નોંધાવી હતી :

(૧) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૫) અન્વયે શિક્ષકો ન હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો
(૧) શ્રી. રજનીકાંત વિઠ્ઠલભાઈ પટેલ
(૨) શ્રી. શરદ પટેલ
(૩) શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ
(૪) શ્રી. જિતેન્દ્ર બચુભાઈ શાહ.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ પરની ત્રણ બેઠકો માટે ઉપર જણાવેલ ચાર ઉમેદવારો પૈકી શ્રી. જિતેન્દ્ર બચુભાઈ શાહે પોતાની ઉમેદવારી પાછી ખેંચેલી હોઈ નીચેના ત્રણ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :
(૧) શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ
(૨) શ્રી. શરદ પટેલ, અને
(૩) શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ.

(૨) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૬) અન્વયે, યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રાધ્યાપક હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકી નીચેના ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં અને તે માન્ય ઠરેલાં હોઈ તે બેઉ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :
(૧) પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક
(૨) ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ.

(**નોંધ.**—ઉપરોકત બેઉ બાબતો અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૪–૧૨–૧૯૭૬ ના પરિપત્રાંક એકેડેમિક/૩૯૨૮૯/૭૬ થી મોકલવામાં આવેલ નોટિસમાં જાણ કરવામાં આવી હતી.)

(૩) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૭) અન્વયે સંલગ્ન કૉલેજોના આચાર્યો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :
(૧) આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ
(૨) આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ
(૩) આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા
(૪) આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ
(૫) આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી
(૬) આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ
(૭) આચાર્ય વસંતરાય જટાશંકર ત્રિવેદી
(૮) આચાર્ય હીરાલાલ અંબાલાલ પટેલ.

(૪) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૮) અન્વયે યુનિવર્સિટી પ્રાધ્યાપક સિવાયના યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યો :

(૧) ડૉ. અંબાશંકર શિવસહાય નાગર

(૨) શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ.

(૫) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૯) અન્વયે આચાર્યો સિવાયના સંલગ્ન કૉલેજોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યો :

(૧) ડૉ. પી. પી. મહેતા

(૨) શ્રી. કે. એચ. મોદી

(૩) શ્રી. રમેશચંદ્ર મણિલાલ શાહ

(૪) શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી

(૫) શ્રી. સતીશચંદ્ર બાલાશંકર વોરા

(૬) શ્રી. ઈશ્વરભાઈ અમથાભાઈ પરમાર

(૭) ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ

(૮) શ્રી. પ્રહ્લાદભાઈ છગનલાલ પટેલ

(૯) શ્રી. દેવેન્દ્રસિંહ ભૈરવસિંહ સોલંકી.

(૬) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૧૨) અન્વયે સંલગ્ન કૉલેજોના સંચાલક મંડળોના પ્રતિનિધિઓ હોય તેવા કોર્ટના સભ્યો પૈકી નીચેના એકમાત્ર ઉમેદવારનું ઉમેદવારીપત્ર આવ્યું હતું, અને તે માન્ય ઠરેલું હોઈ તેમને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :

શ્રી. મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ.

(નોંધ.—આ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૪--૧૨--૧૯૭૬ ના પરિપત્રાંક એકેડેમિક/૩૯૨૮૯/૭૬ થી મોકલવામાં આવેલ નોટિસમાં જાણ કરવામાં આવી હતી.)

ઉપરની ચૂંટણીઓ "Proportional representation by means of a single transferrable vote by ballot "(એકડા, બગડા, ઈત્યાદિ)ની પદ્ધતિથી તા. ૩૧--૧૨--૧૯૭૬ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે મળેલ કોર્ટની સભામાં કરવામાં આવી હતી, અને તે અંગેની સૂચનાઓ મતદાનપત્રમાં જણાવવામાં આવી હતી. મતદાનપેટી તા. ૩૧--૧૨--૧૯૭૬ના રોજ બપોરના ૧૨--૪૫ કલાકથી બપોરના ૪--૦૦ કલાક સુધી ખુલ્લી રાખવામાં આવી હતી. આ સમય પછી આવનાર મતદારને મતપત્ર મળશે નહીં તેમ જણાવવામાં આવ્યું હતું.

ઉપરની ચૂંટણીઓ અંગેનું મતદાનનું કામ પૂરું થતાં બપોરના ૪--૧૫ કલાકે મતગણતરી અંગેનો ચકાસણીદારનો હેવાલ મળતાં કુલપતિશ્રીએ નીચેની વ્યકિતઓને ચૂંટાયેલી જાહેર કરી :

(૧) સંલગ્ન કૉલેજોના આચાર્યોની ત્રણ જગ્યા પર :

(૧) આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ

(૨) આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડયા

(૩) આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ.

(૨) યુનિવર્સિટી પ્રાધ્યાપક સિવાયના યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોની એક જગ્યા પર :

શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ.

(૩) આચાર્યો સિવાયના સંલગ્ન કૉલેજોના શિક્ષકોની ત્રણ જગ્યા પર :

(૧) ડૉ. પી. પી. મહેતા

(૨) શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી

(૩) શ્રી. રમેશચંદ્ર મણિલાલ શાહ.

નં. કોર્ટ / ૬૦૯૬૫ / ૧૯૭૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૩૮૦ ૦૦૯.
ફેબ્રુઆરી ૮, ૧૯૭૭.

કં. ચં. પરીખ
કુલસચિવ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા, મંગળવાર, તા. ૨૯–૩–૧૯૭૭ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ-ખંડમાં મળી હતી અને બુધવાર, તા. ૩૦-૩-૧૯૭૭ના રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. આ બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯–૩–૧૯૭૭	તા. ૩૦–૩–૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર	હાજર
૨.	,, લાલભાઈ ૨. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૩.	,, ઉમાશંકર જે. જોશી	ગેરહાજર	ગેરહાજર
૪.	,, એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર	ગેરહાજર
૫.	,, કંચનલાલ સી. પરીખ, કુલસચિવ	હાજર	હાજર
૬.	,, પી. એફ. પટેલ, ગ્રંથપાલ	હાજર	હાજર
૭.	,, કે. રામમૂર્તિ	ગેરહાજર	ગેરહાજર
૮.	,, એસ. બી. કુમતા	ગેરહાજર	ગેરહાજર
૯.	,, ડૉ. એચ. એન. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૦.	,, એચ. આર. મલકાની	ગેરહાજર	ગેરહાજર
૧૧.	,, સી. પી. પટેલ	હાજર	ગેરહાજર
૧૨.	,, વી. ટી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૩.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર	હાજર
૧૪.	શ્રી. એન. એમ. બારોટ	હાજર	ગેરહાજર
૧૫.	,, એમ. જી. બ્રહ્મભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૧૬.	,, બી. એન. પટેલ	હાજર	ગેરહાજર
૧૭.	,, પી. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯–૩–૧૯૭૭	તા. ૩૦–૩–૧૯૭૭
૧૮.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૧૯.	,, બી. કે. પટેલ	હાજર	હાજર
૨૦.	,, જી. ડી. ભટ્ટ	હાજર	ગેરહાજર
૨૧.	ડૉ. જે. એલ. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૨૨.	શ્રી. જે. બી. શાહ	હાજર	હાજર
૨૩.	ડૉ. એમ. જે. દવે	હાજર	ગેરહાજર
૨૪.	શ્રી. આર. વી. પટેલ	હાજર	હાજર
૨૫.	ડૉ. આર. એન. ઘોડિયાવાલા	હાજર	ગેરહાજર
૨૬.	કુ. કે. એમ. શાહ	હાજર	હાજર
૨૭.	ડૉ. એન. એચ. પટેલ	હાજર	ગેરહાજર
૨૮.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર	હાજર
૨૯.	પ્રિ. એમ. સી. શાહ	હાજર	હાજર
૩૦.	શ્રી. આર. ટી. મણિયાર	હાજર	ગેરહાજર
૩૧.	,, બી. કે. શાહ	હાજર	ગેરહાજર
૩૨.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર
૩૩.	ડૉ. બી. એસ. અગ્રવાલ	હાજર	હાજર
૩૪.	શ્રી. બી. આર. મિસ્ત્રી	હાજર	હાજર
૩૫.	ડૉ. સી. એસ. ત્રિવેદી	હાજર	હાજર
૩૬.	ડૉ. એચ. પી. પટેલ	હાજર	હાજર
૩૭.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર
૩૮.	,, એમ. સી. પરીખ	હાજર	હાજર
૩૯.	,, એન. એમ. પરીખ	હાજર	હાજર
૪૦.	,, એમ. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૪૧.	,, એમ. આર. પટેલ	હાજર	હાજર
૪૨.	,, બી. વી. પટેલ	હાજર	હાજર
૪૩.	,, સી. એમ. શેઠ	હાજર	હાજર
૪૪.	,, કે. એ. શાહ	હાજર	હાજર
૪૫.	,, ઈ. એમ. બલસારા	હાજર	હાજર
૪૬.	,, એમ. એચ. પટેલ	હાજર	ગેરહાજર
૪૭.	,, એન. વી. પંડ્યા	હાજર	હાજર
૪૮.	,, પી. સી. પટેલ	હાજર	હાજર
૪૯.	,, પી. એફ. પટેલ	હાજર	હાજર
૫૦.	,, આર. એસ. પટેલ	હાજર	હાજર
૫૧.	,, ડી. એન. આચાર્ય	હાજર	હાજર
૫૨.	,, એમ. એમ. પટેલ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯—૩—૧૯૭૭	તા. ૩૦—૩—૧૯૭૭
૫૩.	શ્રી. વી. એમ. પટેલ	હાજર	હાજર
૫૪.	,, બી. એ. પટેલ	હાજર	ગેરહાજર
૫૫.	,, વી. એસ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૫૬.	,, એમ. એ. ત્રિવેદી	હાજર	હાજર
૫૭.	,, કે. એચ. મોદી	હાજર	હાજર
૫૮.	,, એમ. ડી. પંડ્યા	હાજર	હાજર
૫૯.	,, એચ. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૬૦.	ડૉ. પી. પી. મહેતા	હાજર	ગેરહાજર
૬૧.	શ્રી. સી. બી. મહેતા	હાજર	હાજર
૬૨.	,, જી. આર. દેસાઈ	હાજર	ગેરહાજર
૬૩.	,, પી. આર. શાહ	હાજર	હાજર
૬૪.	,, જી. એસ. શાહ	હાજર	ગેરહાજર
૬૫.	,, આર. એમ. શાહ	હાજર	હાજર
૬૬.	,, એસ. બી. વોરા	હાજર	હાજર
૬૭.	,, સી. કે. શાહ	હાજર	હાજર
૬૮.	,, ડી. બી. સોલંકી	હાજર	હાજર
૬૯.	,, બી. જે. ત્રિપાઠી	હાજર	હાજર
૭૦.	શ્રીમતી બી. કે. શાહ	હાજર	હાજર
૭૧.	ડૉ. વી. કે. પટેલ	હાજર	ગેરહાજર
૭૨.	પ્રિ. કે. એમ. આચાર્ય	હાજર	હાજર
૭૩.	,, સી. કે. અકુવાલા	હાજર	હાજર
૭૪.	,, આઈ. જે. ભટ્ટ	હાજર	ગેરહાજર
૭૫.	,, એમ. ડી. ભટ્ટ	હાજર	ગેરહાજર
૭૬.	,, એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૭૭.	,, આર. વી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૭૮.	,, જી. બી. પરીખ	હાજર	ગેરહાજર
૭૯.	,, જી. બી. પટેલ	હાજર	ગેરહાજર
૮૦.	,, કે. એસ. પટેલ	હાજર	હાજર
૮૧.	,, સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૮૨.	,, જે. એ. દવે	હાજર	હાજર
૮૩.	,, ડી. પી. ડાકર	હાજર	હાજર
૮૪.	,, એમ. જે. પટણી	હાજર	હાજર
૮૫.	ડૉ. એ. જી. મુનશી	હાજર	હાજર
૮૬.	પ્રિ. જે. જી. પટેલ	હાજર	હાજર
૮૭.	,, કે. એન. શાહ	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯–૩–૧૯૭૭	તા. ૩૦–૩–૧૯૭૭
૮૮.	પ્રિ. વી. એફ. શાહ	હાજર	હાજર
૮૯.	,, જે. ડી. તલાટી	હાજર	ગેરહાજર
૯૦.	,, જે. જે. ત્રિવેદી	હાજર	ગેરહાજર
૯૧.	,, એન. આર. શાહ	હાજર	હાજર
૯૨.	,, એચ. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૯૩.	,, ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૯૪.	,, એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૯૫.	,, સી. સી. ત્રિવેદી	હાજર	હાજર
૯૬.	,, ડૉ. એમ. વી. ઝવેરી	હાજર	ગેરહાજર
૯૭.	,, એમ. સી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૯૮.	,, એચ. પી. પંડ્યા	હાજર	હાજર
૯૯.	,, એચ. એ. પટેલ	હાજર	હાજર
૧૦૦.	,, ડી. એમ. શીખ	હાજર	હાજર
૧૦૧.	,, એસ. આર. મહેતા	હાજર	હાજર
૧૦૨.	,, સી. એસ. શાહ	હાજર	હાજર
૧૦૩.	ડૉ. કશ્યપ ભાર્ગવ	હાજર	ગેરહાજર
૧૦૪.	શ્રી કે. સી. ખંભાલિયા	હાજર	હાજર
૧૦૫.	,, કે. ડી. પટેલ	હાજર	હાજર
૧૦૬.	,, જે. આર. જની	હાજર	હાજર
૧૦૭.	શ્રી. એમ. એસ. મહેતા	હાજર	ગેરહાજર
૧૦૮.	,, એસ. એન. ડાકર	હાજર	હાજર
૧૦૯.	,, એમ. એ. પરીખ	હાજર	હાજર
૧૧૦.	,, એ. આર. શાહ	હાજર	હાજર
૧૧૧.	,, જી. એચ. પટેલ	હાજર	હાજર
૧૧૨.	,, એ. એન. શાહ	હાજર	હાજર
૧૧૩.	,, કે. આર. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૧૪.	,, એચ. વી. પટેલ	હાજર	હાજર
૧૧૫.	,, શરદ પટેલ	હાજર	હાજર
૧૧૬.	,, દીપક નટવરલાલ પરીખ	ગેરહાજર	ગેરહાજર
૧૧૭.	,, શ્રેણિક કસ્તૂરભાઈ એલ.	ગેરહાજર	ગેરહાજર
૧૧૮.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર
૧૧૯.	પ્રિ. ખી. એમ. પીરજાદા	હાજર	હાજર
૧૨૦.	પ્રો. કે. જે. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૧૨૧.	શ્રી. એ. એમ. રાવલ	હાજર	હાજર
૧૨૨.	,, ડી. એન. પાઠક	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯—૩—૧૯૭૭	તા. ૩૦—૩—૧૯૭૭
૧૨૩.	ડૉ. વી. સી. શાહ	હાજર	હાજર
૧૨૪.	ડૉ. ચંપાબહેન એલ. ભટ્ટ	હાજર	હાજર
૧૨૫.	ડૉ. જે. એલ. ધોળકિયા	હાજર	હાજર
૧૨૬.	ડૉ. એ. એસ. નાગર	હાજર	હાજર
૧૨૭.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૨૮.	શ્રી. એચ. કે. ચેટરજી	ગેરહાજર	ગેરહાજર
૧૨૯.	,, કસ્તૂરભાઈ લાલભાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૩૦.	,, સી. જી. વાલેસ	ગેરહાજર	ગેરહાજર
૧૩૧.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર	ગેરહાજર
૧૩૨.	શ્રી. એ. એ. જસદણવાલા	હાજર	હાજર
૧૩૩.	,, એચ. સી. પટેલ	હાજર	ગેરહાજર
૧૩૪.	શ્રી. આઈ. એ. પરમાર	હાજર	હાજર
૧૩૫.	શ્રીમતી એન. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૩૬	શ્રી. એચ. એન. પટેલ	હાજર	ગેરહાજર

યાદી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં નીચેના શોકદર્શક ઠરાવો અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા ભારતના રાષ્ટ્રપતિ શ્રી. ફકરુદ્દીન અલી અહમદના અણુચિંતવ્યા અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આપણો દેશ પ્રતિષ્ઠાભર્યું સ્થાન પ્રાપ્ત કરે તે માટે રાષ્ટ્રની પ્રજા પરમ પુરુષાર્થ માટે સજ્જ બની રહી છે તે તબક્કે શ્રી. અહમદ જેવા સન્નિષ્ઠ, દેશભક્ત અને દીર્ઘદૃષ્ટિવાળા રાજપુરુષની ખોટ વસમી નીવડે તે દેખીતું છે. શ્રી. અહમદે રાષ્ટ્રની સેવાનાં અનેક જવાબદારીભર્યાં સ્થાનો ગૌરવપૂર્વક શોભાવ્યાં છે અને આ દેશની અને તેની પ્રજાની નિઃસ્વાર્થભાવે ઘણી મૂલ્યવાન સેવા બજાવી છે તેનું આ સભા કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને ભાવપૂર્વક શોકાંજલિ સમર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુમ્બીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે."

(૨) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના સભ્ય શ્રી. ચૌધરી ભગવાનદાસ ગણેશજી (આર્ટ્સ વિભાગના અધ્યાપક પ્રતિનિધિ)ના અકાળ અવસાનથી ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે, અને સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે, અને તેમનાં કુટુમ્બીજનો ઉપર અચાનક આવી પડેલી આ આપત્તિ સહન કરવા માટે તેમને શક્તિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુમ્બીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે."

ઉપરના ઠરાવો કોર્ટના સૌ સભ્યોએ ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળી પસાર કર્યા.

૧. (ક) તા. ૨૯/૩૦–૩–૧૯૭૬ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૯/૩૦–૩–૧૯૭૬ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(ખ) તા. ૩૧–૧૨–૧૯૭૬ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૩૧–૧૨–૧૯૭૬ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ સભાની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ૧૯૭૭–૭૮ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ.**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૭૬માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૭ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૭૭થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૮ સુધીનું છે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૨૧–૨–૧૯૭૭ના રોજ પરિપત્રાંક એકેડેમિક ૬૩૦૪૪/૧૯૭૭ દ્વારા મોકલવામાં આવી હતી.]

૧૯૭૭–૭૮ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપરની ત્રણ જગ્યાઓ માટે ચૂંટણી કરવાની હતી પરંતુ તે માટે ફક્ત એક જ ઉમેદવાર આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદીનું ઉમેદવારીપત્ર આવેલું હોઈ અને તે માન્ય કર્યું હોઈ તેમને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૪–૩–૧૯૭૭ના પરિપત્રાંક એકેડેમિક–૭૭૧૧૯ મુજબ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

૨–અ. પ્રશ્નોત્તરી :

[૧] **પ્રા. ચિમનલાલ એમ.** શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી કેટલા અધ્યાપકોને છટણીની નોટિસો મળી છે ?

ઉત્તર ૧ : તા. ૧૪–૩–૧૯૭૭ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે ૧૧ અધ્યાપકોને.

પ્રા. ચિમનલાલ એમ શેઠે જણાવ્યું કે મારી માહિતી મુજબ લગભગ ૬૦૦ જેટલા શિક્ષકોની છટણી કરવામાં આવી છે. આમાં યુનિવર્સિટીએ જે આંકડો આપ્યો છે તે બરાબર નથી.

પ્રશ્ન ૨ : યુનિવર્સિટીમાં તે અંગેની કોઈ ફરિયાદ આવી છે કે કેમ ?

ઉત્તર ૨ : હા, જી.

પ્રશ્ન ૩ : તે દિશામાં યુનિવર્સિટીએ શું કોઈ કાર્યવાહી કરી છે કે ?

ઉત્તર ૩ : શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં જે શિક્ષકો ફાજલ પડે તેમને છૂટા કરવા જ્યાં નોટિસ આપવામાં આવી છે તેવા કેસોમાં, રાજ્ય સરકાર તરફથી આ અંગેની નીતિ નક્કી ન થાય ત્યાં સુધી કોઈ શિક્ષકને છૂટા નહિ કરવા તથા જે છૂટા થવા નોટિસ આપી હોય તો તે પાછી ખેંચવા અંગે શિક્ષણ નિયામકના તા. ૨૮-૭-૧૯૭૬ના પત્રાંક ડી.એ.ઓ.બી/કે. ૯ (૧) (મિસ.)—કે નો આધાર ટાંકી ઘટતું કરવા સંબંધકર્તા કૉલેજોને જણાવવામાં આવ્યું હતું.

ઉપર જણાવેલ કારણ સિવાય જે શિક્ષકોને છૂટા કર્યાની ફરિયાદ યુનિવર્સિટીને મળેલી છે ત્યાં, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૧-એ માં નિર્દિષ્ટ કાર્યવાહી કર્યા સિવાય કાયમી જગ્યા પરના કોઈ શિક્ષકને છૂટા કરી શકાય નહિ તેમ સંબંધકર્તા કૉલેજોને જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૪ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં પ્રી-યુનિ. વર્ગ બંધ થતાં કેટલા અધ્યાપકો ફાજલ પડયા છે ?

ઉત્તર ૪ : તા. ૧૪—૩—૧૯૭૭ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે ૩૦૭

પ્રશ્ન ૫ : તેમની સલામતી માટે યુનિવર્સિટીએ શું વિચાર્યું છે ?

ઉત્તર ૫ : આ અંગે રાજ્ય સરકારનો તા. ૭-૩-૧૯૭૭નો સરકારી ઠરાવ ક્રમાંક એજીસી-૧૦૭૬/૧૩૯૦૮—ખ(૧) નીચે મુજબ છે :

" **Resolution** : Consequent upon the introduction of Higher Secondary Pattern of Education i.e. 10 + 2 + 3 pattern of education enrolment in the Pre-University Class is expected to be more or less stopped with effect from June 1977 rendering some of the college teachers as surplus. The Associations of college teachers have requested for job protection of such surplus teachers by providing them with alternative employment and for protection of their present emoluments and pay-scales. After sympathetic consideration of the problem, Government has decided that college teachers who are rendered surplus as a result of reduction/discontinuance of Pre-University Classes should be provided with alternative employment in teaching posts in the Higher Secondary Schools.

2. Government has also decided that the existing emoluments and pay-scales of such surplus college teachers should be protected on their absorption in Higher Secondary Schools.

3. This issues with the concurrence of the Finance Department, dated the 5th March 1977 on Education Department's file No. NGC-1076/13907-KH (I).

By order and in the name of the Governor of Gujarat,

K. V. Hari Har Das
Secretary to Government."

પ્રા. મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તા. ૭-૩-૧૯૭૭ના સરકારી ઠરાવ અંગે યુનિવર્સિટીએ કોઈ પરિપત્ર પાઠવેલો છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ સરકારી ઠરાવ બધી કોલેજોને પરિપત્રિત કરેલો છે અને કોલેજોએ નવી પેટર્ન મુજબ શિક્ષકોને છૂટા કરેલા છે તે અંગે કુલપતિશ્રીની અનુમતિ માંગવામાં આવી નથી.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીએ કોલેજોને લખ્યું છે કે તમારા શિક્ષકોને છૂટા કરવા અંગેની નોટિસો ખેંચી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી.

શ્રી. શરદભાઈ પટેલે જણાવ્યું કે ૧૦+૨+૩ના અનુસંધાનમાં નોન-ટીચિંગ સ્ટાફ અંગે કોઈ સરકારી ઠરાવ હજુ સુધી આવ્યો છે કે કેમ તથા તે અંગે યુનિવર્સિટીએ શું પગલાં લીધાં છે તે સભાગૃહના ધ્યાન ઉપર લાવવામાં આવે એમ સૂચન છે.

પ્રા. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ યુનિવર્સિટીએ સૂચવેલું કે સરકારે સૂચવેલું ?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટીએ કાંઈ સૂચવ્યું નથી. કોઈ કોલેજ શિક્ષકને છૂટા ન કરે તે માટે શિક્ષણસંચાલકશ્રીએ પત્ર લખ્યો હતો તે પરથી કોલેજોને તે માટે લખવામાં આવ્યું હતું. તે અંગે મોટા ભાગની કોલેજોએ જણાવ્યું છે કે અમે છૂટા નહીં કરીએ. મેં બધા કાગળની જાણ સરકારશ્રીને કરી છે. તે પછી કેટલાક સમય બાદ આ ઠરાવ સરકારે મોકલ્યો છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રી-યુનિવર્સિટીના વર્ગો બંધ થવાથી છૂટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, તેમ છતાં પણ બીજા શિક્ષકોને છૂટા કરવામાં આવ્યા છે, તો આ અંગે આપે કોઈ લિગલ કાર્યવાહી કરી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી. અમે માહિતી એકત્રિત કરી રહ્યા છીએ, અને સંયુક્ત રીતે વિચાર કરીશું. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની છેલ્લી સભામાં ઠરાવ્યું છે કે નોટિસ પાછી ખેંચી લેવા

માટે સંચાલકોને કહેવું. નોન-ટીચિંગ સ્ટાફના સભ્યો અંગે પણ સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે તેમને પણ રક્ષણ આપવું જોઈએ, અને છૂટા થતા હોય તેમને અન્યત્ર સમાવિષ્ટ કરવા પગલાં લેવાં જોઈએ. સરકારશ્રી યોગ્ય બંદોબસ્ત કરશે એમ અપેક્ષા છે.

શ્રી. નવીનચંદ્ર બારોટ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં પ્રી-યુનિવર્સિટીનો વર્ગ બંધ થવાને કારણે શિક્ષકો ફાજલ થયા છે, તો તે અંગે સરકારશ્રી શું વિચારે છે ? સરકારશ્રીની નીતિને બાજુએ રાખીને યુનિવર્સિટી સ્વતંત્ર રીતે વિચાર કરવા માંગે છે કે કેમ અને યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલે કોઈ વિચાર કર્યો છે કે નહીં ?

કુલપતિશ્રીનો ઉત્તર : એકિઝકયુટિવ કાઉન્સિલે આ અંગે સમિતિની ભલામણ પરથી સરકારશ્રી સમક્ષ રજૂઆત કરેલી કે સરકાર આની પુનર્વિચારણા કરે. ૧૦+૨+૩નો અભ્યાસક્રમ કુલ ૧૫ વર્ષનો થાય છે. ૧૧+૪નો અભ્યાસક્રમ કુલ ૧૫ વર્ષનો છે. વર્ષ કેટલાં છે કે કેટલાં નથી તે મહત્ત્વનું નથી, પરંતુ એ વર્ષ દરમ્યાન શું શિખવાડાય છે તે મહત્ત્વનું છે. ૧૨ વર્ષમાં જે કરાવ્યું હોય તે ૧૦ વર્ષમાં પણ કરાવી શકાય. કેન્દ્રીય નીતિ મુજબ ૧૦+૨+૩ની રાષ્ટ્રીય પેટર્ન ઊભી કરવી જોઈએ એની વાત આવતાં રાજ્ય સરકારે આ અંગે નિર્ણય કર્યો છે. શિક્ષકોની સલામતી વિશે મેં વારંવાર કહેલું છે અને જ્યારે સંલગ્ન કૉલેજો તરફથી તેમને છૂટા કરવાનો પ્રશ્ન આવ્યો ત્યારે તે અંગે શ્રી. ડી. ઈ.ને લખવામાં આવ્યું છે. એકિઝકયુટિવ કાઉન્સિલ આગળ વિચારણા કરીને સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવાનું પણ નક્કી કરેલું છે.

શ્રી. નવીનચંદ્ર બારોટ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી સ્વાયત્ત સંસ્થા છે. સ્વાયત્તતામાં સ્વતંત્રતા મળવી જોઈએ. સ્વાયત્તતાનો પ્રશ્ન અલગ ચર્ચા માગી લે છે. અધ્યાપકોની સલામતી માટે યુનિવર્સિટી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માગે છે કે નહીં ?

કુલપતિશ્રીનો ઉત્તર : જે સ્થિતિમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને બધાં સંયુક્ત રીતે રાષ્ટ્રીય કક્ષાએ વિચાર કરતાં હોય ત્યારે આપણે સૌએ તે ધ્યાનમાં લેવું જોઈએ. બાકી શિક્ષકોના છૂટા થવાની વાત અંગે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરેલી જ છે અને રાજ્ય સરકારે બાંયધરી પણ આપી છે કે એ જ પગાર અને એ જ પગારધોરણ સાથે બધાને સમાવીશું. તે અંગે શ્રી. ડી.ઈ. પણ જણાવે છે કે અમે બધા ફાજલ શિક્ષકોને સમાવિષ્ટ કરવા પ્રયત્ન કરી રહ્યા છીએ.

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્વાયત્તતા છે કે નહીં તે આપ સ્પષ્ટ કહી દો. પિરિયડો વધારવા કે ઘટાડવા, અને જગા પૂરવા કે ઘરભાડા અંગે રાજ્ય સરકારને પુછાવવાનું હોય તો સ્વાયત્તતા કયાં રહી ? સ્ટેટિસ્ટિકસનો એક પિરિયડ વધાર્યો, અને સરકારશ્રીએ ના પાડી ! એટલે એમ લાગે છે કે સ્વાયત્તતા આપણી પાસે રહી નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : આપણા ગવર્નર અને કુલાધિપતિશ્રીએ એક પત્ર બધી યુનિવર્સિટીઓને ગયા વર્ષની શરૂઆતમાં લખેલો કે કોઈ પણ યુનિવર્સિટી કૉલેજને પર કોઈ પણ પ્રકારનો આર્થિક બોજો વધે તેવો કશો નિર્ણય લેતાં પહેલાં રાજ્ય સરકારની સંમતિ મેળવીને નિર્ણય કરે એ પ્રકારની સમજ છે. જોઈન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની સભામાં એવી ચર્ચા થઈ છે કે આ બધા પૈસા કૉલેજોને અને યુનિવર્સિટીઓને ગ્રાન્ટ તરીકે મળતા હોઈ જે પગલાં કે હરાવને કારણે આર્થિક બાબતોને અસર પડતી હોય તો તે અંગે રાજ્ય સરકારની સંમતિ સિવાય આગળ વધવું નહીં. જેને પોતાનાં ઘર છે તેવા યુનિવર્સિટી કર્મચારીઓને પણ ઉચ્ચક ઘરભાડું આપતા નથી. એવું ઉચ્ચક ઘરભાડા ભથ્થું ગ્રાન્ટને પાત્ર થશે નહીં અને આપવું હોય તો યુનિવર્સિટી પોતાના જોખમે આપે એમ સરકારે જણાવ્યું છે. સરકારે ઉપરથી ઘરભાડું બંધ કરવાનું જ નહીં, પરંતુ ૧૯૭૨-૭૩ની સાલથી આપેલું ઘરભાડા ભથ્થું ગ્રાન્ટમાંથી કાપી લેવાનું પણ જણાવ્યું છે. આ પરિબળોમાં કયાં સુધી સ્વાયત્તતા સમાયેલી છે તે આપ સમજી શકો છો.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આર્થિક સ્વાયત્તતા નથી તે સ્વીકારીએ, પણ આ છટણીની નોટિસને અંગે કેટલાકને માનસિક અસર થઈ છે. મારો સવાલ એ છે કે યુનિવર્સિટી પોતે સ્વતંત્ર રીતે કોઈ યોજના વિચારે છે કે જેથી શિક્ષકોની છટણી ઓછી થાય કે બંધ થાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગે જેટલી રજૂઆત કરવા જેવી હતી તેટલી કરી છે. કોઈ કૉલેજ યુનિવર્સિટીનું કહ્યું ન કરે તો આપણી પાસે ચેતવણી સિવાય વ્યવહારમાં કોઈ ઈલાજ નથી. અંતિમ ઈલાજ ઍફિલિયેશન બંધ કરવાનો છે, પણ તેમાંથી તો બીજી મુશ્કેલીઓ ઊભી થાય છે.

આચાર્ય એન. એસ. પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કાયદાની દૃષ્ટિએ યુનિવર્સિટી 'ઑટોનોમસ' છે. આપણે એટલું કરી શકીએ કે યુનિવર્સિટીમાં લેકચરરોની જગ્યાઓ છે તેમાં તેમને લઈ શકાય ? તેઓ અન્ય રીતે સક્ષમ હોય તો છૂટા થનારમાંથી લઈ ન શકાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : બધી જગ્યાઓ માટેની જાહેરાત આપી છે. ફાજલ અધ્યાપકો પણ અરજી કરી શકે છે. તે પર સિલેકશન કમિટી વિચારી શકશે.

આચાર્ય એસ. આર. ભટ્ટે પૂછ્યું કે સાહેબ, અમે માહિતી મેળવીએ છીએ કે આપીએ છીએ ?

પ્રાધ્યાપક ચિમનભાઈ શેઠે સૂચવ્યું કે આ છટણીથી યુનિવર્સિટીના ઍકટનો ભંગ થાય છે તો તે અંગે યુનિવર્સિટીએ પગલાં લેવાં જોઈએ. સરકારશ્રી સમક્ષ યુનિવર્સિટીકરણ કરવાની યોજના મૂકવી જોઈએ.

ડૉ. એમ. એન. દેસાઈએ જણાવ્યું કે સરકાર પાસે વધુ ગ્રાન્ટ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. ૧૫ પિરિયડે એક લેકચરર જોઈએ. તો તે અંગે સરકારશ્રી ગ્રાન્ટ આપે તો આનો ઉકેલ આવી જાય.

કુલપતિશ્રીનો ઉત્તર : બધા કુલપતિશ્રીઓએ ગવર્નરશ્રીને કહ્યું કે આ બધી કૉલેજોને ગ્રાન્ટ વધારે મળે તો કૉલેજો પોતાનો વ્યવહાર સારી રીતે ચલાવી શકે. તે પછી પોલ સમિતિ પણ નીમવામાં આવેલી

છે. આ સમિતિનો હેવાલ ઘણો મોડો થયો. આ હેવાલ સરકારશ્રી પાસે પહોંચ્યો નથી, એટલે સરકારશ્રીએ તે અંગે કોઈ નિર્ણય હજુ સુધી લીધો નથી.

પ્રા. મંગુભાઈ પટેલે સૂચવ્યું કે સાહેબ, ચેરમાંથી એક ઠરાવ લાવો કે આ બધી નોટિસો ગેરવાજબી ગણવી.

શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ સૂચવ્યું કે સરકારશ્રીને જણાવો કે ૧૦ વર્ષ માટે લોન તરીકે એડવાન્સ ગ્રાન્ટ આપે, તો આનો ઉકેલ આવી જશે.

કુલપતિશ્રીનો ઉત્તર : આ બાબત અંગે પણ ઘટતી રજૂઆત કરેલી છે, અને ગ્રાન્ટ અટકી હોય તે મળે તે માટે પગલાં લેવાઈ રહ્યાં છે. કોલેજોને ગ્રાન્ટ મળે તે માટે અમે પ્રયત્ન કરેલા છે.

આચાર્ય એસ. આર. ભટ્ટે જણાવ્યું કે As a University, can we not convene a meeting of all concerned and discuss the problem? વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે આને લીધે સંઘર્ષ થાય છે તેનું મૂળ 'ફાઇનાન્સ' છે.

કુલપતિશ્રીનો ઉત્તર : આચાર્ય એસ. આર ભટ્ટનું સૂચન છે કે આ કોલેજોનો આર્થિક પ્રશ્ન છે, ને તેના સુચિંતિત ઉકેલ માટે છૂટક છૂટક વિચારણાને બદલે કોઈ ચોક્કસ ધોરણે થઈ શકે તે માટે જુદા જુદા વિભાગો સંયુક્ત રીતે વિચારણા કરે તો તે વિચાર આવકારપાત્ર છે.

શ્રી. નવીનચન્દ્ર બારોટે જણાવ્યું કે કોલેજોમાંથી છૂટા થનારા શિક્ષકોને હાયર સેકન્ડરી સ્કૂલમાં સમાવવાના છે. સરકારની મંજૂરી સિવાય કોઈ પણ કર્મચારીને છૂટા કરવા નહીં. સરકારે પોતે આ નીતિ નક્કી કરી છે, ત્યારે તે સરકારની જવાબદારી છે. તે યુનિવર્સિટી ઉપર નાંખી શકાય નહીં. યુનિવર્સિટી સમગ્ર પ્રશ્ન અંગે વિચારે અને બીજી યુનિવર્સિટીઓ સાથે સંપર્ક સાધી સરકારની જવાબદારી છે, તેથી તે વચ્ચે રહી આનો નિકાલ લાવે. ગુજરાતની બધી યુનિવર્સિટીઓમાં શું પરિસ્થિતિ છે તેની માહિતી મેળવવી જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : બીજી યુનિવર્સિટીઓની પરિસ્થિતિ આપણાથી જુદી છે, એમ નથી. અમે બધા કુલપતિશ્રીઓએ ગવર્નરશ્રીની, મિનિસ્ટરોની-બધાની સાથે ચાર કલાક સુધી આ અંગે ચર્ચા-વિચારણા કરી છે. સરકારે ૧૦+૨+૩ કર્યું તેથી આ સ્થિતિ ઊભી થઈ છે. આ અંગે યોગ્ય સમયે બીજી યુનિવર્સિટીઓની સાથે થઈને સરકારશ્રીને જણાવીશું.

આચાર્ય ધીરુભાઈ ઠાકરે જણાવ્યું કે સરકાર કે યુનિવર્સિટી એકબીજાને સાંભળવા તૈયાર નથી કે સમજી શકતી નથી, કે સરકારને તમે કહી શકતા નથી. અને આમાં તો સરકાર અને યુનિવર્સિટીના નિયમો જુદા છે. કોલેજોને બધી ગ્રાન્ટ આપવી જોઈએ એમ સરકારશ્રીને કહેવું જોઈએ. આપણે સ્વાયત્તતાને માટે લાયક હોઈએ તો સરકારની પાસે આ વસ્તુ ગળે ઉતરાવવી જોઈએ, અને સરકારે પોતાની જવાબદારી ગણીને કોલેજોને ગ્રાન્ટ આપવી જોઈએ. મેનેજમેન્ટ, અધ્યાપકો, આચાર્યો અને યુનિવર્સિટી—બધાંને ભેગાં કરી સુચિંતિત નિર્ણય લેવા માટે નહીં વિચારીએ, તો પરિસ્થિતિ ખરાબ થશે. સરકાર કોઈ નિર્ણય કરી શકતી નથી અને તેથી અધ્યાપકો અને વિદ્યાતંત્ર અને યુનિવર્સિટી ગંભીર પરિસ્થિતિમાં છે. તેમાંથી બહાર નીકળવા આપણે સૌએ પ્રયત્ન કરવો જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : અમે બહુ સ્પષ્ટ શબ્દોમાં સરકારશ્રીને આ અંગે કહેલું છે.

પ્રો. પી. આર. શાહે જણાવ્યું કે છૂટા કરવામાં આવેલા અધ્યાપકોને મૅનેજમેન્ટ તરફથી નોટિસો મોકલી દીધેલી છે, તો શું પરિસ્થિતિ ઊભી થશે તે વિચારશો.

આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજોને આપે કાગળ લખ્યા છે કે કોઈને છૂટા કરવા નહીં. તેનો જવાબ મૅનેજમેન્ટે આપને આપ્યો. તે પછી કોઈ પ્રક્રિયા થઈ છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, શ્રી. ડી. ઈ. ને તે અંગે સ્પષ્ટતા માટે પત્ર લખ્યો છે.

પ્રા. કડિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

લોન સર્વિસીસ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલમાં કોઈ નિર્ણય થયો છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે જે શિક્ષકોને કૉલેજમાંથી છૂટા કરવામાં આવે અને ઉચ્ચ માધ્યમિકમાં દાખલ કરવામાં આવે તેમની લોન સર્વિસીસ ગણવી એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલની ગઈ સભામાં સૂચન થયું હતું.

શ્રી. શરદભાઈ પટેલે સૂચવ્યું કે આ પ્રશ્ન બાબત સભાગૃહની જે માંગણી છે તે અંગે આ સભાગૃહે સરકારશ્રી પાસે સરઘસ કાઢીને જવાબ માંગવો જોઈએ, અને એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યો તે માટે દર અઠવાડિયે જાય તેવી મારી વિનંતી છે.

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રતિનિધિમંડળ મોકલવું હોય તો ખુશીથી મોકલી શકાએ; મને વાંધો નથી.

પ્રો. ધોળકિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મને લાગે છે કે કૉલેજના અધ્યાપકોની છટણીનો સવાલ ઉકેલી શકાય તેમ છે. મારે ત્યાં ૧૫ વર્ષના અનુભવી શિક્ષકો નોકરી માટે નામ નોંધાવવા આવે છે. આ અંગે કૉંક્રીટ એક્શન પ્લાન શું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ સૂચન પ્રમાણે લાગતાવળગતા સૌને બોલાવીને એક્શન પ્લાન અંગે વિચારી શકાય. ફાજલ શિક્ષકોને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય તે અંગે વિચારીશું.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૦+૨+૩ ની જરૂરિયાત ઉપરાંતના કેટલાક શિક્ષકોને પણ નોટિસ મળી છે તેની યુનિવર્સિટીને જાણ છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : અમને જે કેસોની જાણ થઈ છે તે અંગે અમે કૉલેજોને કહ્યું છે કે તમે છૂટા કરી શકતા નથી.

પ્રા. એસ. બી. વોરાએ સૂચવ્યું કે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને અહીંયાં બોલાવીએ અને બધા પ્રશ્નો વિચારીએ.

શ્રી. શરદભાઈ પટેલે જણાવ્યું કે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય છે, પણ તેઓ ઘણી સભામાં હાજર રહેતા નથી.

આચાર્ય કેશુભાઈ પટેલે જણાવ્યું કે ૧૦, ૧૨ અને ૧૫ વર્ષના અનુભવી શિક્ષકોને પણ છૂટા કરવાની નોટિસો આપવામાં આવી છે જે આપણા માટે શરમજનક વસ્તુ બની છે.

પ્રા. અગ્રવાલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ પણ કૉલેજ પ્રી-યુનિવર્સિટી વર્ગ નહીં રાખે. સરકારે બધી કૉલેજોને પત્ર લખી મોકલ્યો છે કે કેટલી કૉલેજો પ્રી-યુનિવર્સિટી વર્ગ રાખવા માંગે છે. ૧૧ વર્ષની એસ. એસ. સી. છે તેમાં ઑક્ટોબરમાં જે પાસ થયા હોય અને માર્ચની આ પરીક્ષામાં પાસ થશે અને તેમાંથી જેમને પ્રેપરેટરીમાં જવું હોય તેમના માટે વ્યવસ્થા કેવી રીતે કરવી તે અંગેની માહિતી યુનિવર્સિટી પાસે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : સરકારે કૉલેજોને શું જણાવ્યું છે તેની માહિતી અમારી પાસે નથી.

આચાર્ય કેશુભાઈ પટેલે જણાવ્યું કે હું ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને મળ્યો હતો, પણ તેમની પાસે પણ આ અંગે કોઈ માહિતી નથી.

પ્રા. અગ્રવાલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રી-યુનિવર્સિટીનો વર્ગ રાખવો કે નહીં રાખવો તે અંગે યુનિવર્સિટી નિર્ણય લે છે કે ડિરેક્ટર ઑફ એજ્યુકેશન નિર્ણય લે છે ? આ અંગે કોઈ કૉલેજે એફિલિયેશન બંધ કરવા માંગણી કરી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, અમને કોઈ કૉલેજે તે અંગે લખ્યું નથી.

શ્રી. કુલસચિવે સ્પષ્ટતા કરી કે ૧૧મા ધોરણના વિદ્યાર્થીઓ ૧૨માં હાયર સેકન્ડરીમાં જોડાશે, તેથી તે કૉલેજમાં આવશે નહીં.

આચાર્ય દર્શનસિંહ શીખે જણાવ્યું કે તા. ૧૧-૯-૧૯૭૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મિનિટ્સનું પાનું નં. ૨૦ જુઓ. શિક્ષકો અને બિનશિક્ષકોને ઘરભાડા ભથ્થું તા. ૧-૧-૧૯૭૬થી આપવું તેમ ઠરાવ્યું છે. કૉલેજો કઈ રીતે પૈસા આપશે ? છૂટા થયેલા શિક્ષકોને પ્રશ્નોત્તરી મુજબ કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ્યું છે તે મુજબ પૈસા આપવાના છે ? બન્નેમાં વિરોધાભાસ છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે છૂટા થયેલા શિક્ષકોને અને ચાલુ શિક્ષકોને પણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવ મુજબ ઘરભાડા ભથ્થું મળવું જોઈએ.

તે પછી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં બાકીની પ્રશ્નોતરી હાથ ધરી શકાઈ નહીં.

૩. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૪-૭૫ના વાર્ષિક હેવાલ ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩-૧૯૭૬ની વાર્ષિક સભામાં થઈ શકી ન હોઈ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦† અનુસાર તા. ૩૧ માર્ચ ૧૯૭૩ના રોજ પૂરા થતા વર્ષનો એકિઝકયુટિવ કાઉન્સિલે રજૂ કરેલો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રા. ડી. એન.** પાઠકે નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૭૫ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

સદરહુ ઠરાવ પ્રો. ડી. એન. પાઠકે રજૂ કર્યો તેને આચાર્ય ધીરુભાઈ ઠાકરે ટેકો આપ્યો.

તે પર સંક્ષિપ્ત વર્ષાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી તા. ૨૯–૩–૧૯૭૩ના રોજ સભાનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને તા. ૩૦–૩–૧૯૭૩ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે સભા ફરીથી મળતાં સભાગૃહનું કામકાજ આગળ ઉપર ધરવામાં આવ્યું.

૫. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૧–૭૨, ૧૯૭૨–૭૩ અને ૧૯૭૩–૭૪ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦–૩–૧૯૭૪ની વાર્ષિક સભામાં થઈ શકી ન હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ ઓડિટ થયેલા હિસાબોની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

***G.U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual meeting. The Court may pass resolutions thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

†Statute 90 :

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.

૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના ૧૯૭૪-૭૫ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. સી. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૪-૭૫ના વર્ષના ઑડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. સી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને ડૉ. એમ. એન. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. ૧૯૭૩-૭૪ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જશભાઈ પટેલે** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૩-૭૪ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય જશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય સી. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૮. ૧૯૭૪-૭૫ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. સી. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૪-૭૫ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. સી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૯. ૧૯૭૫-૭૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. સી. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૫-૭૬ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. સી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની **પરિશિષ્ટ "ગ"** નકલ તરફેક સામેલ છે.)

૧૦. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૪-૭૫ના વર્ષના અંદાજપત્ર તથા સને ૧૯૭૩-૭૪ના વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા કોર્ટની સંબંધિત વાર્ષિક સભામાં થઈ શકી નહીં તે સંજોગોમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલા સદરહુ અંદાજપત્રની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૧૧. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૫-૭૬ના વર્ષના અંદાજપત્ર તથા સને ૧૯૭૪-૭૫ના વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા કોર્ટની સંબંધિત વાર્ષિક સભામાં થઈ શકી નહીં તે સંજોગોમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલા સદરહુ અંદાજપત્રની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૧૨. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૬-૭૭ના વર્ષના અંદાજપત્ર તથા સને ૧૯૭૫-૭૬ના વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા તા. ૨૯/૩૦ ૩-૧૯૭૬ની વાર્ષિક સભામાં થઈ શકી નહીં અને નવું વર્ષ તા. ૧-૪-૧૯૭૬થી શરૂ થતું હોઈ એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલા સદરહુ અંદાજપત્રની નોંધ લીધાના એક્ઝિકયુટિવ કાઉન્સિલના ઠરાવની નોંધ લેવા બાબત.

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૧૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ તથા રૂટ. ૮૯‡ અનુસાર એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૭૭-૭૮નું અંદાજપત્ર તથા સને ૧૯૭૬-૭૭નું પુનર્નિર્મિત અંદાજપત્ર.

---

§G. U. Act, Section 49 :

(1) The annual accounts of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the State Government for audit.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિકયુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૭૭–૭૮ના અંદાજપત્ર તથા સને ૧૯૭૬–૭૭ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય સી. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

ચર્ચા દરમ્યાન કેટલાક વિદ્યાર્થી પ્રતિનિધિઓએ તેમના પ્રસ્તાવો પહેલાં હાથ ધરવા માટે અધ્યક્ષશ્રીને વિનંતી કરી. તે અંગે સ્ટે. ૩૧(૮)ની જોગવાઈઓ જોતાં તે વિનંતી કેમ સ્વીકારી શકાય તેમ નથી તે અધ્યક્ષશ્રીએ જણાવ્યું. તેમ છતાં વિદ્યાર્થીઓના સદરહુ પ્રસ્તાવો એક્ઝિકયુટિવ કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે પોતે મૂકશે એમ તેમણે સધિયારો આપ્યો.

તે પછી થોડીક વધુ ચર્ચા બાદ સદરહુ બાબત પર ચર્ચાવિચારણા આગળ ચાલી અને ત્યાર બાદ સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

---

(2) The Executive Council shall, after the accounts are audited, submit a copy thereof along with a copy of the Audit Report, to the Court and to the State Government.

(3) The Executive Council shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimates for the ensuing year.

(3-A) The Executive Council shall, having regard to the Government grants that are likely to be available, finally prepare the financial estimates for the ensuing year.

(4) The annual accounts and the financial estimates shall be considered by the Court at its annual meeting and the Court may pass resolution with reference thereto and communicate the same to the Executive Council which shall take them into consideration and take such action thereon as it thinks fit, and finally adopt the accounts and financial estimates. The Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking on action.

‡**Statute 89 :**

The Executive Council shall prepare the financial estimates for the ensuing year at least six weeks before the date fixed for the annual meeting of the Court and shall send a copy of the financial estimates prepared by the Executive Council to all the members of the Court so as to reach them six weeks before the annual meeting of the Court every year and the consideration of the budget shall be an item on the agenda of the annual meeting of the Court.

નોંધ.- સદરહુ પ્રસ્તાવ પર નીચેના સુધારાઓ રજૂ કરવા માટે નોટિસો આપવામાં આવી હતી પરંતુ તે સભાગૃહમાં રજૂ થયા નહોતા :

૧૩ (૧). પ્રા. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને તબીબી રાહત યોજના લાગુ પાડવામા આવી તે પહેલાં તેમને માંદગીની રજાઓ જે ધોરણે મળતી હતી તે આજે પણ યથાવત્ મળે છે એમ છતાં પ્રેસ-કર્મચારીઓને કામદાર વીમા યોજનાને કારણે તેમને મળતી માંદગીની સાત રજાઓ પાછી ખેંચી લેવાઈ છે. આથી એક જ સંસ્થાના કર્મચારીઓ વચ્ચે ભેદભાવની પરિસ્થિતિ પ્રવર્તે છે. બધા જ કર્મચારીઓ વચ્ચે સમાનતા સ્થાપિત કરવા પ્રેસ-કર્મચારીઓને માંદગીની સાત રજાઓનો લાભ યથાવત્ આપવા માટે આ સભા ઍકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. આના સંદર્ભમાં ૧૯૭૭-૭૮ના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર યુનિવર્સિટી મુદ્રણાલયનો કૂલ ખર્ચ રૂ. ૮,૨૮,૫૦૮ ૦૦ અંદાજવામાં આવ્યો છે, તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૦૧નો ખર્ચ વધુ અંદાજવા વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

૧૩ (૨). પ્રા. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તા. ૨૪/૨૫/૨૬—૩—૧૯૭૨ની યુનિવર્સિટી કોર્ટની સભાના ઠરાવનો ઍકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલે સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તે ધ્યાનમાં લઈને યુનિવર્સિટી કાર્યાલયના ત્રીજા-ચોથા વર્ગના કર્મચારીઓની ગણતરીમાં બન્યું છે તેમ યુનિવર્સિટી પ્રેસના પણ ત્રીજા-ચોથા વર્ગના કર્મચારીઓ માટે નિવાસસ્થાનના તૈયારી કરવાની યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટી ઍકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૭—૭૮ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૭ ઉપર બાબત નંબર ૨૩ અને ૨૪માં પ્રત્યેકમાં દર્શાવેલ ખર્ચમાં પ્રતીક તરીકે રૂ. ૧—૦૦ વધુ ઉમેરવાની વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

૧૩ (૩). પ્રા. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના પગારધોરણમાં મોંઘવારી ભથ્થાનો અંશતઃ ભાગ તા. ૧—૪—૧૯૭૧થી ભેળવવામાં આવેલો તે વખતે પ્રેસના જુનિયર કંપોઝીટરો અને પંપ ઍટેન્ડન્ટનું પગારધોરણ રૂ. ૫૦—૩—૮૦ ઈ.બી. ૪—૧૦૦ હતું. તેનું મર્જ પગારધોરણ રૂ. ૧૦૪—૫-૧૧૬ ઈ.બી. ૧૭૮ થયેલું, પરંતુ યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના રાજ્ય સરકારના ઍજ્યુકેશન ઍન્ડ લેબર ડિપાર્ટમેન્ટના પત્રાંક યુ.ઍસ.જી. ૧૧૬૯—૧૮૮૮૩ કે.ઍચ. તા. ૨૯—૭—૧૯૭૧ પ્રમાણે યુનિવર્સિટીની ૨૮ (અઠ્ઠાવીસ) કેડરોનાં પગારધોરણો (સીલિંગ) સુધારેલાં તેનો અમલ તા. ૧૨—૧—૧૯૭૩ની સિન્ડિકેટની સભાએ બાબત નં. ૪૦ થી તા. ૧—૪—૧૯૭૧થી અમલ કરવામાં આવેલો છે તેને બદલે આ નવા સુધારેલા પગાર-ધોરણ રૂ. ૧૦૪-૪-૧૧૬-૬-૧૬૪-૭-૨૦૬નો અમલ તા ૧—૬—૧૯૬૭થી વાસ્તવિક અમલ કરવા વિનંતી છે. આ મોંઘવારી ભથ્થું ચૂકવવામાં ઍક જ સંસ્થામાં—ઍક જ પ્રેસમાં કામ કરતા કર્મચારી કર્મચારી વચ્ચે જે ભેદભાવ ઊભો કર્યો છે તે દૂર કરવા આ સભા ઍકેડેમિક કાઉન્સિલને વિનંતી કરે છે. પ્રેસના ફક્ત ૨૧ જુનિયર કંપોઝીટરોને તા. ૧—૬—૧૯૬૭થી

૩૧—૧૨—૧૯૭૨ના ગાળા દરમિયાન મોંઘવારી ભથ્થાનો ડિફરન્સ ચૂકવી આપી આ ભેદભાવ દૂર કરવો જોઈએ તેના સંદર્ભમાં ૧૯૭૭—૭૮ના અંદાજપત્રના પૃષ્ઠ ૪૯ ઉપર યુનિવર્સિટી મુદ્રણાલયનો કુલ ખર્ચ રૂ. ૮,૨૮,૧૦૦ અંદાજવામાં આવ્યો છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૧નો ખર્ચ વધુ અંદાજવા વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

૧૩ (૪). પ્રા. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તે વખતના કાર્યકારી પ્રેસ-મૅનેજરશ્રીની સૂચના મુજબ ખાસ ટ્રક ભાડે રાખીને યુનિવર્સિટી-પ્રેસના જુનિયર બાઈન્ડર શ્રી. પી. બી. પ્રજાપતિએ પરીક્ષા કેન્દ્રો ઉપર કૉરી ઉત્તરવહીઓ પહોંચાડવાનું કામ તા. ૬–૩—૧૯૭૩થી તા. ૧૩—૩—૧૯૭૩ દરમિયાન કરેલું. પ્રેસ-મૅનેજરે યુનિવર્સિટી કાર્યાલય ઉપર તા. ૩૧—૭—૧૯૭૩ના રોજ મોકલેલા પ્રસ્તાવમાં પ્રમાણિત કર્યું છે તે મુજબ સદર દિવસોનું કથી ૮ કલાક પ્રમાણે ઓવરટાઇમ વેતન શ્રી. પ્રજાપતિને ચૂકવવાનું થાય છે. પ્રેસ-મૅનેજરે પ્રમાણિત કર્યા મુજબ શ્રી પ્રજાપતિને સદર દિવસોનું ઓવરટાઇમ વેતન ચૂકવવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે તેના સંદર્ભમાં યુનિવર્સિટીના ૧૯૭૭–૭૮ના અંદાજપત્રના પૃષ્ઠ ૪૯ ઉપર અધિક સમય તથા બીજાં ભથ્થાંના મથાળા સામે કૉલમ ૫માં રૂ. ૫૦,૦૦—૦૦નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૧—૦૦ (અગિયાર) વધુ અંદાજવાની વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

૧૩ (૫). આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

અંદાજપત્ર પરનો ઠરાવ ૧

"કૉર્ટની આ સભા, '૧૯૭૭–૭૮ના અંદાજપત્ર ઉપરની નોંધ'ના પાના નં. ૧૨ પર 'યુનિવર્સિટીની આર્થિક સ્થિતિ સંતોષકારક નથી' તેવી નોંધને ચિંતાની નજરે જુએ છે અને યુનિવર્સિટી શિક્ષણ-વિકાસ, અભ્યાસેતર પ્રવૃત્તિ અને સ્વાસ્થ્યખાતામાં સૂચવેલા ખર્ચાઓને બહાલી આપતાં પહેલાં જે તે ખર્ચાઓની યોગ્યતાના 'Norms'ના આધારે તેની યોગ્યતા ચૂકવવા અને તે અંગે પુનર્વિચારણા કરે તે માટે યુનિવર્સિટીનાં સત્તામંડળોને અનુરોધ કરે છે."

પ્રા. ચિત્તરંજન બી મહેતા, પ્રા. પી. આર શાહ અને પ્રા. એસ. બી. વોરાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

(*i*) પ્રિ. પીરજાદાના ઠરાવમાં "જે ને ખર્ચની યોગ્યતાના નોર્મ્સ" પછી ઉમેરો "અને આવકની પર્યાપ્તતા".

(*ii*) આ જ ઠરાવમાં "ચૂકવવાને" બદલે "મૂલવવા" વાંચવું.

ત્યાર બાદ આચાર્ય બી. એમ. પીરજાદાએ સભામોકૂફીનો પ્રસ્તાવ રજૂ કરતાં દરખાસ્ત કરી કે આ સભા તા. ૧૦મી જૂન ૧૯૭૭ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે પુનઃ મળે તે રીતે મોકૂફ રાખવામાં આવે તેને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઉપરના ઠરાવ મુજબ તા. ૧૦મી જૂન ૧૯૭૭ના રોજ સભા પુનઃ બોલાવવા માટે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૭-૪-૧૯૭૭ના પરિપત્ર નં. એકેડેમિક / ૧૯૯૩૭ / ૧૯૭૭ની નોટિસ સભ્યોને મોકલવામાં આવી હતી.

તે પછી કુલપતિશ્રીના આદેશથી સદરહુ સભા તા. ૯-૬-૧૯૭૭ના પરિપત્રાંક એકેડેમિક / ૧૩૫૪૨ / ૧૯૭૭થી રદ કરવામાં આવી હતી.

આમ થતાં બાકીનાં કામકાજ હાથ ધરી શકાયાં નહીં.

નં. કોર્ટ /૫૧૫૪૧/ ૧૯૭૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
જૂન ૩૦, ૧૯૭૭.

કું. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૭

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ યુનિવર્સિટી હિસાબોના ઑડિટ અંગે હાજર રહી કામ પૂરું કર્યું છે. તા. ૧૭-૨-૧૯૭૫ના રોજ છેવટની સભામાં નીચેના સભ્યો હાજર હતા :

૧. આચાર્ય હીરાલાલ અંબાલાલ પટેલ	હાજર
૨. આચાર્ય જશભાઈ જી. પટેલ	ગેરહાજર
૩. શ્રી. જિતેન્દ્ર બચુભાઈ શાહ	હાજર.

નીચે પ્રમાણે પંદર આઈટમોનો સને ૧૯૭૩-૭૪ના હિસાબો અંગે રિપોર્ટ કરવાનું કરાવવામાં આવ્યું :

૧. વર્ષ દરમિયાન ભવનોને એડવાન્સ રકમ આપવામાં આવે તે અંગેના હિસાબો તે અંગેની વધેલી રકમ સહિત કોઈ પણ સંજોગોમાં જે તે હિસાબી વર્ષની આખર સુધીમાં એટલે કે તા. ૩૧મી માર્ચ પહેલાં હિસાબ વિભાગને મળે તેમ ગોઠવવું જોઈએ.

૨. જો એડવાન્સ રકમ અંગેના હિસાબો તા. ૩૧મી માર્ચ સુધીમાં ન મળે તો તે જ પ્રવૃત્તિ માટે એડવાન્સની વધુ રકમ નવા વર્ષમાં આપતાં પહેલાં જૂના હિસાબો ચૂકતે થયા પછી તે આપવાનું રાખવું જોઈએ.

૩. કૉલેજોએ યુનિવર્સિટી પરીક્ષાના સંચાલન ખર્ચ માટે એડવાન્સ રકમ મેળવી હોય તે અંગેના હિસાબો પરીક્ષા પૂરી થયા બાદ એક માસમાં વધેલી રકમ સહિત યુનિવર્સિટી કાર્યાલયને સુપરત કરવાનું રાખવું જોઈએ.

૪. યુનિવર્સિટીની વધતી જતી પ્રવૃત્તિઓને કારણે હિસાબોનું કામ વિસ્તરતું રહ્યું છે. આથી ઑડિટ અંગેના કામને પહોંચી વળવા યુનિવર્સિટીના આંતરિક ઑડિટ વિભાગમાં સ્ટાફનો વધારો કરવા અમારું સૂચન છે. આવું સૂચન બે વર્ષથી બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલમાં પણ કરવામાં આવ્યું હતું તે પ્રત્યે ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

૫. વિજ્ઞાન વિદ્યાભવનની ઑફિસમાં ટપાલ અંગે જે પોસ્ટલ સ્ટેમ્પ્સ લગાવી કામ કરવામાં આવે છે તેને બદલે "પોસ્ટલ ફ્રેન્કિંગ મશીન"નો ઉપયોગ કરવામાં આવે તો તે વિભાગની ટપાલ અંગેના કામકાજનો ઝડપી નિકાલ થાય અને ટપાલ માટે જે હાથ પર સિલક રાખવામાં આવે છે તે ટાળી શકાય.

૬. દરેક વિભાગની પેટીકેશ જે રિકુપમેન્ટ માટે મોકલવામાં આવે છે તે પહેલાં જે તે વિભાગના વડાએ વાઉચરો તથા પેટીકેશ ચકાસી સહી કરી પછી મોકલવાનું રાખવું.

૭. દરેક વિભાગમાં જે સ્ટેડસ્ટોક રજિસ્ટરો રાખવામાં આવે છે અને તેમાં જે નોંધ કરવામાં આવે છે તે વસ્તુઓ કઈ જગ્યાએ રાખવામાં આવી છે તે અંગેની નોંધ રજિસ્ટરમાં રાખવી જોઈએ.

૮. પેટીકેશની રકમ સિવાય જે કોઈ રકમો એડવાન્સ આપવામાં આવે છે તથા સ્કૉલરશિપ વગેરેની રકમો જે આપવામાં આવે છે તેના માટે જે રજિસ્ટરમાં દરેક વિભાગમાં નોંધ રાખવામાં આવે છે અને તેના કલાર્કે જે તેની રકમ આપી સહી તથા તારીખ લેવી તથા ત્યાર બાદ દરરોજ વિભાગના વડાની સહી લેવાનું ચૂકવું; અને તેમાં ૭ દિવસથી વધુ રકમ પડી રહે તો કાર્યાલયમાં તે રકમ જમા કરાવવાનું રાખવું.

૯. દરેક વિભાગના વડાને એડવાન્સ આપવા માટે જે પાસબુક આપવામાં આવે છે અને જે તે વિભાગના કલાર્ક તે અંગે જે રકમ હિસાબ વિભાગમાંથી લાવી બાકી રજિસ્ટરમાં નોંધે છે તે બે પાસબુક અને રજિસ્ટર દરેક હિસાબી વર્ષ માટે રાખવા, એટલે કે દરેક હિસાબી વર્ષે નવી પાસબુક અને રજિસ્ટર રાખવાં.

૧૦. જે તે વિભાગોને પેટીકેશ એડવાન્સ આપવામાં આવે છે તે દરેક વિભાગમાં જ્યારે જ્યારે ખર્ચની રકમની જરૂર પડે છે ત્યારે પેટીકેશ રિકુપમેન્ટ ઑફ ઑડિટ વિભાગમાં પેટીકેશ વાઉચર તથા પેટીકેશ રજિસ્ટર મોકલે છે તે રિકુપમેન્ટ હવે દર મહિને નિયમિત રીતે પહેલાં અવશ્ય કરવાનું રાખવું અને તે અંગે આંતરિક ઑડિટ વિભાગે ધ્યાન રાખવું.

૧૧. બૅંક ખાતાંઓના બૅંક રિકન્સિલિયેશન સ્ટેટમેન્ટ દર માસે તૈયાર કરી મેળવવાનું રાખવું.

૧૨. પરીક્ષા ફી, ટયૂશન ફી, એલિજિબિલિટી સર્ટિફિકેટ ફી, માઇગ્રેશન સર્ટિફિકેટ ફી, એનરોલમેન્ટ સર્ટિફિકેટ ફી, વગેરેની આવક બરોબર આવી છે કે કેમ અને કોઈ વિદ્યાર્થીની ફી બાકી રહેતી નથી તેની ખાતરી સંબંધકર્તા વિભાગ કરવાનું રાખે તેમ વ્યવસ્થાગોઠવવાનું રાખવાનું અમારું સૂચન છે.

૧૩. નાણાંની પહોંચો જે ઈસ્યુ કરવામાં આવે છે તેના હિસાબોનું ઇન્ટર્નલ ઑડિટ વિભાગે રોજબરોજ ઑડિટ કરવાનું રાખવું આવશ્યક છે.

૧૪. બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પોતાની મર્યાદાઓને કારણે ફક્ત "ટેસ્ટ" ઑડિટ જ કરી શકે છે. તેથી આ અંગેના સ્ટેચ્યૂટમાં ઑડિટ શબ્દની આગળ "ટેસ્ટ" શબ્દ ઉમેરી સ્ટેચ્યૂટ સુધારવો જોઈએ. તેથી હાલના સ્ટેચ્યૂટમાં સુધારો કરવા અમારી ભલામણ છે.

૧૫. યુનિવર્સિટીના સને ૧૯૭૩-૭૪ના ઑડિટ થયેલા વાર્ષિક હિસાબો અમે તપાસ્યા છે અને બરાબર રાખેલા જણાયા છે. હિસાબો અંગે ઇન્ટર્નલ ઑડિટર્સ મે. લાખિયા ઍન્ડ કું.ની ઑડિટ નોંધ અમે જોઈ છે. હિસાબો અંગે જરૂરી માહિતી અમને પૂરી પાડવામાં આવી હતી અને તે અંગેના અમારા બધા પ્રશ્નોના સંતોષકારક ખુલાસાઓ અમને મળ્યા હતા. હિસાબ વિભાગે આપેલા સહકાર બદલ અમે આભારી છીએ.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૮

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ સને ૧૯૭૪-૭૫ના વર્ષનું યુનિવર્સિટી હિસાબોનું ઑડિટ કામ પૂરું કર્યું છે. તા. ૧૧-૨-૧૯૭૬ તથા તા. ૧૨-૨-૧૯૭૬ના રોજ છેવટની સભામાં નીચેના સભ્યો હાજર હતા.

	તા. ૧૧-૨-૧૯૭૬	તા. ૧૨-૨-૧૯૭૬
૧. આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદી	હાજર	હાજર
૨. શ્રી. પ્રિયવદન રતિલાલ શાહ	હાજર	હાજર
૩. શ્રી. હરિયંત ચંપકલાલ શેલત	હાજર	હાજર

પ્રમુખસ્થાન આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદીએ લીધું હતું. બોર્ડના દરેક સભ્યે તેમને આપવામાં આવેલું ઑડિટ અંગેનું કામ પૂરું કર્યું છે તેની નોંધ લેવામાં આવી. ત્યાર બાદ કોર્ટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું :

૧. યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષોએ દરેક સત્રના અંતે ટ્યૂશન ફીની આવક અંગે સ્ટેટમેન્ટ બનાવી જરૂરી "રિકન્સિલિયેશન" કરી તે યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવાનું રાખવું. બીજા સત્રની ટ્યૂશન ફીની આવક અંગેનું સ્ટેટમેન્ટ ભવનોએ ૧૫મી માર્ચ પહેલાં હિસાબ વિભાગને મોકલી આપવાનું રાખવું.

૨. યુનિવર્સિટી વિદ્યાભવનોને સંશોધનકાર્ય અંગે યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી જુદાં જુદાં કામો અંગેની એડવાન્સ રકમોના હિસાબી કામ પૂરું થયા બાદ મોડામાં મોડા પંદર દિવસમાં રજૂ કરીને બાકીની વધતી રકમ યુનિવર્સિટીમાં પરત થાય તે જોવાનું અધ્યક્ષોએ રાખવું. કામ પૂરું થયું ન હોય તો પણ દરેક વર્ષની ૧૫મી માર્ચ પહેલાં હિસાબો તથા બાકી રહેતી રકમો યુનિવર્સિટીને મોકલી આપવી.

૩. કૉલેજોએ યુનિવર્સિટીની પરીક્ષાઓના સંચાલન ખર્ચ માટે એડવાન્સ રકમો મેળવી હોય તે અંગેના હિસાબો પરીક્ષા પૂરી થયા બાદ એક માસમાં વધેલી રકમ સહિત યુનિવર્સિટી કાર્યાલયને સુપરત કરવાનું રાખવું જોઈએ. કૉલેજોને રાષ્ટ્રીય સેવા યોજના પ્રવૃત્તિ માટે તથા બીજાં કામો માટે કોઈ એડવાન્સની રકમો આપવામાં આવી હોય તો તે કામ પૂરું થયે મોડામાં મોડા પંદર દિવસમાં તેના હિસાબો રજૂ કરીને બાકીની વધતી રકમો યુનિવર્સિટીમાં ભરપાઈ થાય તે પ્રમાણે કરવું. મોડામાં મોડા દરેક વર્ષની ૧૫મી માર્ચ પહેલાં હિસાબો તથા બાકી રહેતી રકમો યુનિવર્સિટીને મોકલી જ આપવી.

૪. યુનિવર્સિટીના દરેક વિદ્યાભવનમાં એક એક હિસાબી કારકુનની નિમણૂક કરવી અને તે હિસાબી કારકુનોએ યુનિવર્સિટી હિસાબ વિભાગના સંપર્કમાં રહી હિસાબી કામકાજ કરવું.

૫. બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પોતાની મર્યાદાઓના કારણે ફક્ત "ટેસ્ટ" ઑડિટ જ કરી શકે છે. તેથી આ અંગેના સ્ટેચ્યૂટમાં ઑડિટ શબ્દની આગળ "ટેસ્ટ" શબ્દ ઉમેરી સ્ટેચ્યૂટ સુધારવો જોઈએ. આ ઉપરાંત બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ચૂંટાઈ આવતા સભ્યોને તેમની કામગીરી

બરાબર અદા કરવા માટે સતત ત્રણ વર્ષ માટે તે કામગીરી સોંપવી ઉપકારક થઈ પડશે તેવું અમારું અનુભવના આધારે માનવું છે તેથી હાલના સ્ટેચ્યૂટમાં જરૂરી સુધારો કરવા અમારી ભલામણ છે.

૬. રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ અંગે કૉલેજોએ કરેલા ખર્ચના હિસાબો "ઑડિટ" કરીને મોકલવા અને તે સાથે ઑડિટ હેવાલ-પ્રમાણપત્ર પણ મોકલવાં, જેમાં ઑડિટરોએ સ્પષ્ટ જણાવવું કે સદરહુ ખર્ચ ગ્રાન્ટના નિયમોને આધીન રહીને કરવામાં આવ્યો છે અને ફર્નિચર, ડેડસ્ટોક કે ડેવલપમેન્ટ જે ખરીદવામાં આવ્યું હોય તે ડેડસ્ટોક રજિસ્ટરમાં નોંધવામાં આવ્યું છે અને કરેલા ખર્ચ અંગે સંતોષકારક વાઉચરો રજૂ કરવામાં આવ્યાં છે.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં બિનઉપયોગી ચોપડીઓ(ઓબસોલીટ)ની વિસ્તૃત યકાસણી કરી દર ત્રણ વર્ષે તેવી ચોપડીઓ રદ કરવાનું રાખવું અને તે માટે જરૂરી તંત્ર ઊભું કરવું.

૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મંગાવવામાં આવતાં સામયિકો પૈકી જે ઉપયોગી હોય તે જ બંધાવવાનું રાખવું અને તે નક્કી કરવા જરૂરી તંત્ર ઊભું કરવું.

૯. અનુસ્નાતક કેન્દ્રો યુનિવર્સિટીની સહાયથી જે પુસ્તકો ખરીદતાં હોય તે જે તે કેન્દ્રોમાં શીખવાતા અનુસ્નાતક કક્ષા વિષયોનાં જ પાઠ્યપુસ્તકો અને સંદર્ભગ્રંથો જ હોવાં જોઈએ. આ અંગે દરેક કેન્દ્રમાંથી "પ્રોફેસર-ઇન-ચાર્જ"નું પ્રમાણપત્ર મેળવવાનું રાખવું.

૧૦. અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓને ફીશિપ / સ્કોલરશિપની ચુકવણી વિદ્યાર્થીઓના નામે "એકાઉન્ટ પેયી ઓન્લી"ના ચેકો લખી સંબંધકર્તા અનુસ્નાતક કેન્દ્રો દ્વારા કરવી જેથી તેમાં કોઈ પ્રકારની ગેરરીતિનો સંભવ ન રહે.

૧૧. યુનિવર્સિટી વિદ્યાભવનોમાં તથા અનુસ્નાતક કેન્દ્રોમાં અંદાજપત્રમાંની જોગવાઈના પ્રમાણમાં સંશોધનકાર્ય અંગેનું ખર્ચ ઘણું ઓછું થાય છે. સંશોધનકાર્ય અંગે ફાળવેલી રકમોનો પૂરેપૂરો ઉપયોગ થાય તે ઇચ્છવા જોગ છે.

૧૨. સમાજવિદ્યાભવનમાં અને ભાષા-સાહિત્ય ભવનમાં કલાર્ક શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયને અને શ્રી. કે. એલ. મહેતાએ ગંભીર પ્રકારની નાણાકીય ગેરરીતિઓ કરેલી, તે બાબત ધ્યાન ઉપર આવતાં યુનિવર્સિટીએ તાબડતોબ ઊંડી તપાસ ચલાવી બન્ને કારકુનો પાસેથી સંડોવાયેલી જણાતી રકમો પ્રથમ વસૂલ કરી તેઓને છૂટા કરવા અંગે—રાજીનામા અંગે—ઘટતી કાર્યવાહી કરી છે. ભવિષ્યમાં આવી ગેરરીતિઓનું પુનરાવર્તન ન થાય માટે આવા કેસોમાં કડક કાયદેસર પગલાં ન્યાયની રાહે લેવાય તેવી અમે ભલામણ કરીએ છીએ.

યુનિવર્સિટીના સને ૧૯૭૪-૭૫ના ઑડિટ થયેલા વાર્ષિક હિસાબો અમે તપાસ્યા છે અને તે બરાબર રાખેલા જણાયા છે. તે હિસાબો અંગે ઇન્ટર્નલ ઑડિટર્સ મે. લાખિયા ઍન્ડ કં.ની ઑડિટ નોંધ અમે જોઈ છે અને તેમાં કરેલાં વિધાનો અંગે ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે. હિસાબો અંગે જરૂરી માહિતી અમને પૂરી પાડવામાં આવી હતી અને તે અંગેના અમારા બધા પ્રશ્નોના સંતોષકારક ખુલાસાઓ અમને મળ્યા હતા. હિસાબ વિભાગે આપેલા સહકાર માટે અમે આભારી છીએ.

સી. સી. ત્રિવેદી
પ્રિયવદન રતિલાલ શાહ
એચ. સી. શેલત

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૯

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ સને ૧૯૭૫–૭૬ના વર્ષનું યુનિવર્સિટી હિસાબોનું ઑડિટ-કામ પૂરું કર્યું છે, તો તા. ૪–૨-૧૯૭૭ના રોજ છેવટનો અહેવાલ આપવાની સભામાં નીચેના સભ્યો હાજર હતા :

૧. આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ — હાજર

૨. આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદી — હાજર

૩. આચાર્ય એસ. આર. મહેતા — હાજર.

પ્રમુખસ્થાન આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલે લીધું હતું. બોર્ડના દરેક સભ્યે તેમને સોંપવામાં આવેલું ઑડિટ અંગેનું કામ પૂરું કર્યું છે તેની નોંધ લેવામાં આવી, ત્યાર બાદ કોર્ટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) રાષ્ટ્રીય સેવા યોજનાના ખર્ચા અંગે જરૂરી ધોરણો અને નિયમો ઘડવા માટે જરૂરી કાર્યવાહી કરવી. આ પ્રવૃત્તિ અંગે કૉલેજને તરફથી ઑડિટ થયેલા હિસાબો રજૂ થાય છે તે માટે એકસરખો પ્રોસીજર નક્કી કરવો જેથી કૉલેજને તરફથી જે ઑડિટેડ હિસાબો આવે તેમાં એકસૂત્રતા જળવાઈ રહે. આ અંગે ઇન્ટરનલ ઑડિટર્સ મેસર્સ લાખિયા ઍન્ડ કં.એ તેમના ૧૯૭૫–૭૬ના વર્ષના ઑડિટ રિપોર્ટની બાબત ૭ (સી)માં આપેલ પ્રોફોર્મા પ્રમાણે સર્ટિફિકેટ મંગાવવાનું રાખવું.

(૨) મેસર્સ લાખિયા ઍન્ડ કં.ના સને ૧૯૭૫–૭૬ના ઑડિટ રિપોર્ટ (બાબત ૧૦)માં જણાવ્યા પ્રમાણે કેટલીક નાની નાની રકમો લાંબા સમયથી વસૂલ આવી નથી તે રકમો ઑડિટરની ભલામણ મુજબ માંડવાળ કરવી.

(૩) કેટલીક કૉલેજો પાસેથી સને ૧૯૭૪–૭૫ના વર્ષથી પરીક્ષા ઍડવાન્સ પેટે રકમો લેવાની બાકી નીકળે છે તે પરત મેળવવી અથવા ભવિષ્યમાં ઍડવાન્સ આપતી વખતે ઍડજસ્ટ કરવી જેથી જૂની બાકી ખેંચાય નહીં.

(૪) બોર્ડ ઑફ એકાઉન્ટ્સના બધા જ સભ્યોએ ભવનોમાં સાથે જઈને દરેક ભવનની પેટીકેશ તથા ટપાલ ઍડવાન્સની પુરાંત ચેક કરતાં તે બરાબર જણાઈ હતી. દરેક ભવન તરફથી સભ્યોએ પૂછેલા પ્રશ્નોના સંતોષકારક ખુલાસાઓ આપવામાં આવ્યા હતા.

(૫) યુનિવર્સિટીના સને ૧૯૭૫-૭૬ના વર્ષના ઑડિટ થયેલા વાર્ષિક હિસાબો અમે તપાસ્યા છે અને તે બરાબર રાખેલા જણાયા છે. સદરહુ હિસાબો અંગેની ઇન્ટરનલ ઑડિટર્સ મે. લાખિયા ઍન્ડ કં.ની ઑડિટ-નોંધ અમે જોઈ છે. તેમાં કરેલાં વિધાનો અંગે ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે. હિસાબ વિભાગ તરફથી હિસાબો અંગે જરૂરી માહિતી અમને પૂરી પાડવામાં આવી હતી અને તે સંબંધે અમારા બધા પ્રશ્નોના સંતોષકારક ખુલાસાઓ અમને મળ્યા હતા. હિસાબ વિભાગે આપેલા સહકાર માટે અમે આભારી છીએ.

આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ
આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદી
આચાર્ય એસ. આર. મહેતા

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ--૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા બુધવાર, તા. ૨૯–૩–૧૯૭૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ ખંડમાં મળી હતી તથા ગુરુવાર, તા. ૩૦–૩–૧૯૭૮ના રોજ પણ મળનાર હતી, પરંતુ સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (કોરમ)ના અભાવે બપોરે ૧–૦૦ વાગ્યે તેનું કામકાજ આગળ ચાલી શકયું નહોતું. પ્રમુખસ્થાન બન્ને દિવસોએ કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. બન્ને દિવસોએ હાજરી નીચે પ્રમાણે નોંધાઈ હતી :

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૨૯–૩–૧૯૭૮	તા. ૩૦–૩–૧૯૭૮
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ	હાજર	હાજર
૨.	,, લાલભાઈ આર. દેસાઈ	હાજર	હાજર
૩.	,, ઉમાશંકર જે. જોશી	ગેરહાજર	ગેરહાજર
૪.	,, એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર	ગેરહાજર
૫.	,, કંચનલાલ સી. પરીખ	હાજર	હાજર
૬.	,, પી. એફ. પટેલ	હાજર	ગેરહાજર
૭.	,, કે. રામમૂર્તિ	ગેરહાજર	ગેરહાજર
૮.	,, એસ. બી. કુમતા	ગેરહાજર	ગેરહાજર
૯.	ડૉ. એચ. એન. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૦	શ્રી. એચ. આર. મલકાની	ગેરહાજર	ગેરહાજર
૧૧.	,, એસ. એ. કાકિાર	ગેરહાજર	ગેરહાજર
૧૨.	,, સી. પી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૩.	,, વી. ટી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૪.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	ગેરહાજર	હાજર
૧૫.	શ્રી. એન. એમ. બારોટ	ગેરહાજર	ગેરહાજર
૧૬.	,, એમ. જી. બ્રહ્મભટ્ટ	હાજર	હાજર

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૨૯--૩--૧૯૭૮	તા. ૩૦--૩--૧૯૭૮
૧૭.	શ્રી. બી. એન. પટેલ	હાજર	ગેરહાજર
૧૮.	,, પી. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૯.	,, આર. જી. શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૨૦.	,, બી. કે. પટેલ	હાજર	ગેરહાજર
૨૧.	,, જી. ડી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૨૨.	ડૉ. જે. એલ. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૨૩.	શ્રી. જે. બી. શાહ	હાજર	ગેરહાજર
૨૪.	,, એમ. જે. દવે	ગેરહાજર	ગેરહાજર
૨૫.	,, આર. વી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૬.	ડૉ. આર. એન. ઘોડિયાવાલા	હાજર	હાજર
૨૭.	કુ. કે. એમ. શાહ	હાજર	ગેરહાજર
૨૮.	ડૉ. એન. એચ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૯.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર	હાજર
૩૦.	શ્રી. એમ. સી. શાહ	હાજર	ગેરહાજર
૩૧.	શ્રી. આર. ટી. મણિયાર	ગેરહાજર	ગેરહાજર
૩૨.	,, બી. કે. શાહ	હાજર	ગેરહાજર
૩૩.	,, એ. ટી. દેસાઈ	હાજર	હાજર
૩૪.	ડૉ. બી. એસ. અગ્રવાલ	હાજર	ગેરહાજર
૩૫.	શ્રી. બી. આર. મિસ્ત્રી	હાજર	હાજર
૩૬.	ડૉ. સી. એસ. ત્રિવેદી	હાજર	હાજર
૩૭.	,, એચ. પી. પટેલ	હાજર	ગેરહાજર
૩૮.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર
૩૯.	,, એમ. સી. પરીખ	હાજર	હાજર
૪૦.	,, એન. એચ. પરીખ	હાજર	ગેરહાજર
૪૧.	,, એમ. એમ. પટેલ	હાજર	હાજર
૪૨.	,, એમ. આર. પટેલ	હાજર	હાજર
૪૩.	,, કે. ડી. આચાર્ય	હાજર	હાજર
૪૪.	,, બી. વી. પટેલ	હાજર	હાજર
૪૫.	,, સી. એમ. શેઠ	હાજર	હાજર
૪૬.	,, કે. એ. શાહ	હાજર	હાજર
૪૭.	,, એમ. એચ. પટેલ	હાજર	ગેરહાજર
૪૮.	,, એન. વી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૪૯.	,, પી. એફ. પટેલ	હાજર	ગેરહાજર
૫૦.	,, આર. એસ. પટેલ	હાજર	હાજર
૫૧.	,, મંગળભાઈ એમ. પટેલ	હાજર	ગેરહાજર

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૨૯--૩--૧૯૭૮	તા. ૩૦--૩--૧૯૭૮
૫૨.	શ્રી. વી. એમ. પટેલ	હાજર	ગેરહાજર
૫૩.	,, બી. એ. પટેલ	હાજર	ગેરહાજર
૫૪.	,, એમ. એ. ત્રિવેદી	હાજર	ગેરહાજર
૫૫.	,, કે. એચ. મોદી	હાજર	હાજર
૫૬.	,, એમ. ડી. પંડ્યા	હાજર	ગેરહાજર
૫૭.	,, એચ. એમ. મહેતા	ગેરહાજર	હાજર
૫૮.	,, આર. એમ. શાહ	હાજર	હાજર
૫૯.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૬૦.	શ્રી સી. બી. મહેતા	હાજર	હાજર
૬૧.	,, પી. આર. શાહ	હાજર	હાજર
૬૨.	,, જી. એસ. શાહ	હાજર	ગેરહાજર
૬૩.	ડૉ. આર. એમ. શાહ	હાજર	ગેરહાજર
૬૪.	શ્રી. એસ. બી. વોરા	હાજર	હાજર
૬૫.	,, સી. કે. શાહ	હાજર	ગેરહાજર
૬૬.	,, ડી. બી. સોલંકી	હાજર	ગેરહાજર
૬૭.	,, બી. જે. ત્રિપાઠી	હાજર	હાજર
૬૮.	શ્રીમતી બી. કે. શાહ	હાજર	ગેરહાજર
૬૯.	ડૉ. વી. કે. પટેલ	હાજર	ગેરહાજર
૭૦.	આચાર્ય કે. એમ. આચાર્ય	ગેરહાજર	ગેરહાજર
૭૧.	,, સી. કે. અકુવાલા	હાજર	ગેરહાજર
૭૨.	,, આઈ. જે. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૭૩.	,, એમ. ડી. ભટ્ટ	હાજર	ગેરહાજર
૭૪.	,, આર. વી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૭૫.	,, જી. બી. પરીખ	હાજર	ગેરહાજર
૭૬.	,, જી. બી. પટેલ	હાજર	ગેરહાજર
૭૭.	,, કે. એસ. પટેલ	હાજર	ગેરહાજર
૭૮.	,, સી. એલ. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૭૯.	,, જે. એ. દવે	હાજર	હાજર
૮૦.	,, ડી. પી. ઠાકર	હાજર	ગેરહાજર
૮૧.	,, ડી. એસ. જોશી	હાજર	ગેરહાજર
૮૨.	,, એમ. જે. પટણી	હાજર	ગેરહાજર
૮૩.	ડૉ. એ. જી. મુનશી	હાજર	હાજર
૮૪.	પ્રિ. જે. જી. પટેલ	હાજર	હાજર
૮૫.	,, કે. એન. શાહ	હાજર	ગેરહાજર
૮૬.	પ્રિ. વી. એફ. શાહ	હાજર	ગેરહાજર

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૭૮	તા. ૩૦-૩-૧૯૭૮
૮૭.	શ્રી. જે. ડી. તલાટી	હાજર	ગેરહાજર
૮૮.	,, જે. જે. ત્રિવેદી	હાજર	હાજર
૮૯.	,, એન. આર. શાહ	ગેરહાજર	ગેરહાજર
૯૦.	,, એચ. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૯૧.	,, ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૯૨.	,, એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૯૩.	,, સી. સી. ત્રિવેદી	હાજર	હાજર
૯૪.	ડૉ. સી. આઈ. ઝાલા	હાજર	ગેરહાજર
૯૫.	શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૯૬.	,, ડી. એચ. વેલવણ	હાજર	ગેરહાજર
૯૭.	,, એચ. પી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૯૮.	,, એચ. એ. પટેલ	હાજર	હાજર
૯૯.	,, ડી. એમ. શીખ	ગેરહાજર	હાજર
૧૦૦.	,, એસ. આર. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૧૦૧.	,, ડૉ. કશ્યપ ભાર્ગવ	હાજર	ગેરહાજર
૧૦૨.	શ્રી. બી. જી. નાકરાની	હાજર	હાજર
૧૦૩.	,, કે. ડી. પટેલ	હાજર	ગેરહાજર
૧૦૪.	,, એમ. એન. ખાચર	હાજર	હાજર
૧૦૫.	,, એચ. એસ. પડાણુ	હાજર	હાજર
૧૦૬.	,, એન. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૦૭.	,, એસ. એસ. પટેલ	હાજર	હાજર
૧૦૮.	,, એમ. એમ. ખમાર	હાજર	હાજર
૧૦૯.	,, એન. એચ. અમીન	હાજર	હાજર
૧૧૦.	,, વાય. બી. બીરાજ	હાજર	ગેરહાજર
૧૧૧.	,, કે. આર. પટેલ	હાજર	ગેરહાજર
૧૧૨.	,, વાય. બી. ગરધારિયા	ગેરહાજર	ગેરહાજર
૧૧૩.	,, શરદ પટેલ	હાજર	હાજર
૧૧૪.	,, દીપક નટવરલાલ પરીખ	ગેરહાજર	ગેરહાજર
૧૧૫.	,, શ્રેણિક કસ્તૂરભાઈ એલ.	ગેરહાજર	ગેરહાજર
૧૧૬.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧૭.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર	હાજર
૧૧૮.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૧૧૯.	શ્રી. એમ. એસ. કાન્હીદે	હાજર	હાજર
૧૨૦.	,, ડી. એન. પાઠક	હાજર	હાજર
૧૨૧.	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર	ગેરહાજર

ક્રમાંક	કોર્ટ સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૭૮	તા. ૩૦-૩-૧૯૭૮
૧૨૨.	ડૉ. વી. સી. શાહ	હાજર	ગેરહાજર
૧૨૩.	ડૉ. ચંપાબહેન એલ. ભટ્ટ	હાજર	હાજર
૧૨૪.	ડૉ. જે. એલ. ધોળકિયા	હાજર	હાજર
૧૨૫.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૨૬.	શ્રી. એસ. કે. ચેટરજી	ગેરહાજર	ગેરહાજર
૧૨૭.	,, કસ્તૂરભાઈ લાલભાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૨૮.	,, સી. જી. વાલેસ	હાજર	ગેરહાજર
૧૨૯.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર	ગેરહાજર
૧૩૦.	શ્રી. એ. એ. જસદણવાલા	હાજર	હાજર
૧૩૧.	,, એચ. સી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૩૨.	શ્રી. આઈ. એ. પરમાર	હાજર	ગેરહાજર
૧૩૩.	શ્રીમતી એન. એ. પટેલ	હાજર	ગેરહાજર
૧૩૪.	શ્રી. એચ. એન. પટેલ	હાજર	ગેરહાજર
૧૩૫.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર

સભાની શરૂઆતમાં નીચેના શોકદર્શક ઠરાવો અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યા :

(૧) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ રાજ્યપાલશ્રી અને યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલાધિપતિશ્રી શ્રીમન્નારાયણજીના અણચિંતવ્યા અવસાનથી ઘેરા શોકની લાગણી અનુભવે છે.

સદ્‌ગત શ્રી. શ્રીમન્નારાયણજી પ્રખર કેળવણીકાર, સર્વોદયનેતા, ગાંધીવાદી વિચારક અને લેખક, તથા સંનિષ્ઠ દેશભક્ત હતા. રાષ્ટ્રીય નિયોજન પંચના સભ્ય તરીકે, નેપાળ ખાતે ભારતના રાજદૂત તરીકે અને ગુજરાતના રાજ્યપાલશ્રી તરીકે, અને બીજાં અનેક જવાબદાર સ્થાનો પરથી દેશની અને સમાજની કરેલી ઉત્તમોત્તમ સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા સદ્‌ગતને ઊંડા પ્રેમ અને આદરથી શ્રદ્ધાંજલિ અર્પે છે અને શ્રીમતી મદાલસાબહેન તથા અન્ય કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૨) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય, યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના આદ્ય અધ્યક્ષ અને અર્થશાસ્ત્ર વિભાગના વડા તથા સિન્ડિકેટ અને ઍકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય, એલ. ડી. આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય અને ખ્યાતનામ અર્થશાસ્ત્રી પ્રો. બી. આર. શેનોયના દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. અર્થશાસ્ત્રના વિષયમાં ઊંડો અભ્યાસ, સર્વગ્રાહી પરિશીલન, મૌલિક ચિંતન અને પોતાના દૃષ્ટિબિંદુને તર્કબદ્ધ અને નિર્ભયતાપૂર્વક રજૂ કરવાના તેમના કૌશલ્યને કારણે શિક્ષણ અને સંશોધનનાં ક્ષેત્રોમાં તેમ જ દેશના આર્થિક પ્રશ્નોના નિરાકરણમાં તેઓશ્રીએ કરેલું યોગદાન ચિરસ્મરણીય રહેશે. તેમની સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા સદ્‌ગત પ્રો. બી. આર. શેનોયને શ્રદ્ધાંજલિ અર્પે છે અને શ્રીમતી અનસૂયાબહેન શેનોય અને અન્ય કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૩) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના તથા સિન્ડિકેટના અને ઍકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય અને તબીબી વિદ્યાશાખાના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. મોતીભાઈ ડી. પટેલના દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને તબીબી શિક્ષણ અને તબીબી સેવાનાં ક્ષેત્રોમાં તેમણે કરેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પે છે અને સદ્‌ગતનાં કુટુંબીજનો તરફ ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૪) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા ભારતીય દર્શનશાસ્ત્ર અને સંસ્કૃતિના પ્રકાંડ પંડિત, સમર્થ ચિંતક અને લેખક તથા મહાન સારસ્વત પંડિતવર્ય સુખલાલજીના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. પંડિતજી જીવંત વિદ્યાપીઠ-સ્વરૂપ હતા. તેઓશ્રીની સંશોધન-પ્રવૃત્તિનાં સુફળ સાત દાયકાઓ ગૂજરાત વિદ્યાપીઠ, બનારસ હિન્દુ યુનિવર્સિટી અને લા. દ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજીને પ્રાપ્ત થયેલ છે. ભારતીય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તેઓશ્રીના ચિંતન અને સંશોધનનો ફાળો ચિરસ્મરણીય રહેશે.

ગુજરાત યુનિવર્સિટીએ ડી.લિટ.ની માનાર્હ પદવી તેઓશ્રીને અર્પીને પોતાનું જ ગૌરવ વધાર્યું છે.

તેઓશ્રીની આ વિશિષ્ટ સેવાઓ અને સન્નિષ્ઠ વિદ્યાપ્રેમને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા તેમને શ્રદ્ધાંજલિ અર્પે છે તથા તેમનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૫) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા પ્રો. ફિરોઝ કાવસજી દાવરના દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. લગભગ પચાસ વર્ષ સુધી અંગ્રેજી ભાષા અને સાહિત્યના વિદ્વાન અને સન્નિષ્ઠ પ્રાધ્યાપક તરીકે સદ્‌ગત પ્રો. દાવરે વિદ્યાર્થીઓને અધ્યાપન દ્વારા સાહિત્ય અને સંસ્કારનાં અમૃતવારિ પાયાં છે. સાહિત્ય, ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અગાધ અભ્યાસ, ઊંડું મનન અને સત્ત્વશીલ ચિંતન એ પ્રો. દાવરના અધ્યાપનકાર્યના પ્રધાન ગુણો હતા.

ગુજરાત યુનિવર્સિટીએ ડી.લિટ.ની માનાર્હ પદવી તેઓશ્રીને અર્પીને પોતાનું જ ગૌરવ વધાર્યું છે. સાહિત્ય, શિક્ષણ અને તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રોમાં અધ્યયન, અધ્યાપન અને લેખન દ્વારા સદ્‌ગતે બજાવેલી અનન્ય સેવાઓને ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા કૃતજ્ઞભાવે સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પે છે અને સદ્‌ગતનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૬) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા ખ્યાતનામ ચિત્રકાર અને કલાશિક્ષક શ્રી. રવિશંકર મ. રાવળના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. કલાસર્જન, કલાવિવેચન અને કલાશિક્ષણના ત્રિવિધ માર્ગ દ્વારા શ્રી. રવિશંકર રાવળે ગુજરાતમાં કલા પ્રત્યે અભિરુચિ કેળવવામાં યશસ્વી ફાળો આપેલો છે અને અનેક તેજસ્વી ચિત્રકારોનું ઘડતર કરીને ગુજરાતના કલાગુરુ તરીકે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની તે વિશિષ્ટ અને સંનિષ્ઠ સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે, અને સદ્‌ગતનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૭) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા શિક્ષણશાસ્ત્રી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૂતપૂર્વ ઉપકુલપતિ ડૉ. ગૌરીભાઈ ભટ્ટના દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણ અને સંશોધનનાં ક્ષેત્રોમાં તેમણે કરેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પે છે તથા તેમનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૮) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, તલોદના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. મગનભાઈ એમ. નાયકના અકાળ અને અણચિંતવ્યા અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં તેમણે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પે છે અને સદ્‌ગતનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૯) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને સામાજિક કાર્યકર શ્રી. મૂળદાસ વૈશ્યના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણ અને સમાજસેવાનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પે છે, અને સદ્‌ગતનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૧૦) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય, નવચેતન હાઈસ્કૂલના આચાર્ય તથા જાણીતા શિક્ષણશાસ્ત્રી, સમાજસેવક અને લેખક શ્રી. દામુભાઈ શુક્લના દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણના અને સમાજસેવાનાં ક્ષેત્રોમાં તેમણે કરેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પે છે તથા શ્રીમતી કુમુદબહેન શુક્લ અને અન્ય કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

સદરહુ ઠરાવોની નકલ સદ્‌ગત મહાનુભાવોનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

ઉપરના ઠરાવો સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યા.

તે પછી સભાગૃહનું બાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૧. તા. ૨૯/૩૦—૩—૧૯૭૭ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત :

તા. ૨૯/૩૦-૩-૧૯૭૭ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ૧૯૭૮—૭૯ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ.**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૭૭માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૮ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૭૮થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૯ સુધીનું છે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૨૪-૨-૧૯૭૮ના રોજ પરિપત્રાંક ઍકેડેમિક/૧૨૫૬૪૩/૧૯૭૮ દ્વારા મોકલવામાં આવી હતી.]

૧૯૭૮-૭૯ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપર નીચેના ત્રણ સભ્યોને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૪-૩-૧૯૭૮ના પત્રાંક ઍકેડેમિક—૧૩૯૩૭૫ પ્રમાણે બિનહરીફ ચૂંટાયેલા જાહેર

કરવામાં આવેલા હોઈ, તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ :

(૧) આચાર્ય જસભાઈ ગોરધનભાઈ પટેલ
(૨) આચાર્ય વિનોદરાય ફૂલચંદ શાહ
(૩) આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદી

૨—અ. પ્રશ્નોત્તરી :

[૧] શ્રી. શરદ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : સને ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ નં. ૬૪થી, સુધારાયેલી કલમ ૨૦ની કંડિકા ૩૯થી સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, સેવાની શરતો નિયત કરવાની કાયદેસરની સત્તા એકિઝકયુટિવ કાઉન્સિલને ખરી ?

ઉત્તર ૧ : હા, જી.

પ્રશ્ન ૨ : આ સત્તા એકિઝકયુટિવ કાઉન્સિલને મળ્યા બાદ સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓ માટે એકિઝકયુટિવ કાઉન્સિલે અત્યાર સુધીમાં કઈ કઈ તારીખની સભાઓમાં તેમનાં પગારધોરણો વગેરે સુધાર્યાં ?

ઉત્તર ૨ : એકિઝકયુટિવ કાઉન્સિલની નીચેની તારીખોએ મળેલી સભાઓમાં સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ સુધારવામાં આવ્યાં :

તા. ૯-૬-૧૯૭૩
તા. ૧૬-૩-૧૯૭૪
તા. ૯-૧૧-૧૯૭૬.

પ્રશ્ન ૩ : એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં ઠરાવ નંબર ૮૮ અને તા. ૨૩-૪-૧૯૭૭ની સભાના ઠરાવ ૫૬થી લીધેલ નિર્ણયો યુનિવર્સિટીએ તેના પરિપત્રાંક ઍકેડેમિક-બિનશિક્ષક-૨૩૦૯૩, તા. ૧૭-૫-૧૯૭૭થી કૉલેજોને અમલ કરવા જણાવેલ પગારધોરણો, અમલની તારીખ, ફિકસેશનની ફોર્મ્યુલા તથા અન્ય વિગતો શું શું છે તે વિગતે કેડરવાઇઝ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૩ : સદરહુ માહિતી સભા સમયે સભાગૃહના ટેબલ પર મૂકવામાં આવશે તથા કાર્યાલય સમય દરમ્યાન સભ્યોને જોવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે.

પ્રશ્ન ૪ : આ પગારધોરણો વગેરેનો અમલ કરવો કૉલેજોએ આવશ્યક છે તેમાં આપણે કૉલેજોને જણાવેલ છે ?

ઉત્તર ૪ : હા, જી.

પ્રશ્ન ૫ : આ પગારધોરણો વગેરેનો જણાવેલ **તારીખથી આજ દિન સુધીમાં** કઈ કઈ કૉલેજોએ અમલ કર્યો છે ?

અને

પ્રશ્ન ૬ : અને કઈ કઈ કૉલેજોએ તેનો અમલ જણાવેલ તારીખથી નથી કર્યો ?

અને

પ્રશ્ન ૭ : શા માટે ?

ઉત્તર ૫, ૬ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

અને

૭

પ્રશ્ન ૮ : તેનો અમલ કરાવવા યુનિવર્સિટીએ સદર પરિપત્ર તા. ૧૭-૫-૧૯૭૭ના રોજ કૉલેજોને મોકલ્યો ત્યાર બાદ આજે ૧૦ મહિના દરમ્યાન કૉલેજોએ તેનો અમલ કર્યો છે કે કેમ તે અંગેની સ્પષ્ટ માહિતી કેટલી વાર એકત્રિત કરી ?

ઉત્તર ૮ : સંલગ્ન કૉલેજોએ ઑર્ડિ. ૯૬ (અ) અન્વયે મોકલવાની માહિતીના સંદર્ભમાં આ માહિતી આવતી હોવાથી સદરહુ માહિતી અલાયદી એકત્રિત કરવાની જરૂર જણાઈ નથી.

પ્રશ્ન ૯ : આ અંગેની આવેલ માહિતીથી એકિઝકયુટિવ કાઉન્સિલને વાકેફ કરવામાં આવી છે ?

ઉત્તર ૯ : હા, જી.

પ્રશ્ન ૧૦ : જો "ના" તો કેમ ?

ઉત્તર ૧૦ : ઉપર પ્રશ્ન (૧૦)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૧ : તેનો અમલ થાય તેના માટે યુનિવર્સિટી હજી પણ પત્રો લખવા વિના શું સક્રિય કાર્યવાહી કરવા માગે છે ?

ઉત્તર ૧૧ : એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૧-૧૯૭૮ની સભાના ઠરાવ અન્વયે સુધારેલાં પગાર-ધોરણોનો તાત્કાલિક અમલ કરવા કૉલેજોને જણાવવામાં આવ્યું છે. તેના સંદર્ભમાં પગાર-ધોરણોનો અમલ ન થયાની માહિતી મળશે તો આ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ પુનઃ રજૂ કરવામાં આવશે.

પ્રશ્ન ૧૨ : તા. ૧૦-૧૨-૧૯૭૭ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલ બાબત પપ પર શું ઠરાવ કર્યો છે ? ઠરાવનો પૂરેપૂરો પાઠ આપવા વિનંતી.

ઉત્તર ૧૨ : સદરહુ ઠરાવનો પાઠ નીચે આપ્યો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સરકારી ઠરાવોની નોંધ લેવી.

વધુમાં આ સભા ઠરાવે છે કે સને ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ નં. ૬ થી સુધારાયેલી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની કંડિકા ૩૯થી આ સભાને મળેલી સત્તાને આધારે સભાએ અગાઉ સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, સેવાની શરતો વગેરે અંગે લીધેલ નિર્ણયો લક્ષમાં રાખીને તેને તાત્કાલિક અનુદાનને પાત્ર ગણવા રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરવી અને તેનો લાભ હાલમાં જે કર્મચારીઓ કૉલેજોની સેવાઓમાં ચાલુ છે તે તમામને લાગુ પાડવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતીય રજૂઆત કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી

૨. આચાર્ય એસ. આર. ભટ્ટ

૩. આચાર્ય એમ. સી. શાહ

૪. આચાર્ય કે. એન. શાહ

૫. શ્રી. શરદભાઈ પટેલ."

પ્રશ્ન ૧૩ : ઠરાવમાં જણાવવામાં આવેલ સમિતિ કૉલેજોના કર્મચારીઓનાં પગારધોરણો વગેરેના પ્રશ્ને ઠરાવમાં વ્યકત થયેલ વાતની રજૂઆત કરવા રાજ્ય સરકાર સાથે તેની મુલાકાત ગોઠવાય તે માટે યુનિવર્સિટીએ અને કુલપતિશ્રીએ અત્યાર સુધીમાં એવી તે કેવી કાર્યવાહી કરી છે કે ૨ માસ ઉપર સમય થઈ ગયો છતાં રાજ્ય સરકારે કુલપતિશ્રીના અધ્યક્ષપદ-વાળી આ સમિતિને હજી મુલાકાત પણ નથી આપી ?

ઉત્તર ૧૩ : આ સમિતિને મળવા માટે શિક્ષણમંત્રીશ્રીએ સોમવાર, તા. ૧૩-૩-૧૯૭૮ના રોજ સાંજે ૫-૩૦નો સમય આપેલ છે.

પ્રશ્ન ૧૪ : સંલગ્ન કૉલેજોના શિક્ષકઅને બિનશિક્ષક કર્મચારીઓને રાજ્ય સરકાર અને યુનિવર્સિટીના કર્મચારીઓના ધોરણે મોંઘવારી ભથ્થાં આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે અવારનવાર લીધેલ નિર્ણયો અનુસાર અત્યાર સુધીમાં વધારવામાં આવેલ સદર ભથ્થાં ચૂકવવાનાં કયાં કયાં બાકી છે ? અને કઈ કૉલેજોએ તે ચૂકવ્યાં નથી ? શા માટે ?

ઉત્તર ૧૪ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫ : તે ચૂકવી આપવા અત્યાર સુધી યુનિવર્સિટીએ શું કાર્યવાહી કરી છે ?

અને

પ્રશ્ન ૧૬ : યુનિવર્સિટીએ કાર્યવાહી કરી હોય છતાં મોંઘવારી ભથ્થાં ન ચૂકવ્યાની માહિતીથી યુનિ-વર્સિટીએ એકિઝકયુટિવ કાઉન્સિલને વાકેફ કરી છે ?

ઉત્તર ૧૫ અને ૧૬ : મોંઘવારી ભથ્થાની જે કૉલેજોએ ચુકવણી કરી નથી તેવી કૉલેજોના કેસો યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુકત કરેલ શિક્ષક, બિનશિક્ષકવર્ગની સેવાની શરતો અંગેની સ્થાયી સમિતિ સમક્ષ મૂકવામાં આવતાં તેની ભલામણને અનુલક્ષીને આવા કિસ્સાઓમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનો અસરકારક અમલ થાય તે માટે યોગ્ય પગલાં લેવાની જોગવાઈ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં ઠરાવ્યું છે.

વધુમાં મોંઘવારી ભથ્થાના અમલ વિશે સંલગ્ન કૉલેજો પાસેથી માહિતી એકઠી કરવામાં આવી રહી છે, જે આવ્યેથી એકિઝકયુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવામાં આવશે.

પ્રશ્ન ૧૭ : જો ના, તો શા માટે?

અને

પ્રશ્ન ૧૮ : તેનો અમલ થાય તે માટે યુનિવર્સિટી હજી પણ પત્રો લખવા વિના બીજી શું સક્રિય કાર્યવાહી કરવા માગે છે ?

ઉત્તર ૧૭ : ઉપરના પ્રશ્નો (૧૫) અને (૧૬)નો ઉત્તર જોતાં આ પ્રશ્નો ઊભા થતા નથી.

અને

૧૮

પ્રશ્ન ૧૯ : ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર કૉલેજીઝ બિનશિક્ષક કર્મચારી સંકલન સમિતિ તરફથી તા. ૪-૧૧-૧૯૭૭ના રોજ તેમને પગારધોરણો વિગેરેમાં થયેલા અન્યાયો અંગે રજૂઆત કરતું કોઈ વિગતવાર આવેદનપત્ર કુલપતિશ્રીને આપેલું છે ?

ઉત્તર ૧૯ : હા, જી.
(સદરહુ આવેદનપત્ર તા. ૧૦-૧૧-૧૯૭૭નું છે.)

પ્રશ્ન ૨૦ : સદર આવેદનપત્રનો પૂરેપૂરો પાઠ આપવા વિનંતી છે.

ઉત્તર ૨૦ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧ : તેના ઉપર કુલપતિશ્રીએ શું કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૨૧ : કુલપતિશ્રીએ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રીને તેની જાણ કરી ઘટતું કરવા કહ્યું છે.

પ્રશ્ન ૨૨ : સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલો અને એકાઉન્ટન્ટો માટે યુનિવર્સિટીએ રાજ્ય સરકારને કયું પગારધોરણ આપવા ભલામણ કરી છે ?

ઉત્તર ૨૨ : નીચે પ્રમાણેનું પગારધોરણ અનુદાનને પાત્ર ગણવા રાજ્ય સરકારને ભલામણ કરી છે :
(૧) ગ્રંથપાલ... રૂ. ૫૫૦-૨૧-૭૦૦-ઈ.બૉ.-૨૧-૭૫૦-૩૦-૯૦૦
(૨) એકાઉન્ટન્ટ... રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈ.બૉ.-૧૫-૫૬૦-૨૦-૭૦૦-૨૫-૮૦૦

પ્રશ્ન ૨૩ : સદર પગારધોરણો રાજ્ય સરકાર સ્વીકારે તે માટે સરકારને સદર ઠરાવો મોકલ્યા બાદ તે માટે યુનિવર્સિટીએ શું શું કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૨૩ : આ બાબતમાં રાજ્ય સરકારને ત્રણ સ્મૃતિપત્રો મોકલવામાં આવેલ છે. દરમિયાન રાજ્ય સરકારના તા. ૧૯-૧૦-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી-૧૩૭૭-ખ થી ગ્રંથપાલનું પગારધોરણ રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈ.બૉ.-૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈ.બૉ. ૨૦-૭૦૦ રાખવા જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૨૪ : તા. ૮-૧-૧૯૭૭ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની બાબત નંબર ૭૮માં સદર સભાની વિચારણા માટે જે પ્રસ્તાવો ૧થી ૫ અને ૯ હતા તેના પાઠ આપવા વિનંતી છે.

ઉત્તર ૨૪ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૫ : સદર પ્રસ્તાવો ઉપર સભાએ વિચારણા કર્યા બાદ તે પ્રસ્તાવો અંગે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરીને તેને અનુમતિ આપવા રાજ્ય સરકારને વિનંતી કરવાનું ઠરાવેલું તે બરાબર છે ?

ઉત્તર ૨૫ : સદરહુ પ્રસ્તાવો રાજ્ય સરકારની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હતું.

શ્રી. શરદભાઈ પટેલે પ્રમુખશ્રીનું ધ્યાન ખેંચ્યું કે આ પ્રશ્નનો જે જવાબ આપેલો છે તે ખરો નથી, કેમકે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તે પછીની સભામાં મૂળ ઠરાવના પાઠમાં સુધારો કરવામાં આવેલો છે.

શ્રી. કુલસચિવનો ઉત્તર : શ્રી. પટેલનું કહેવું યથાર્થ છે, અને પ્રશ્ન નં. ૨૫નો જવાબ 'હાજી' એમ સુધારીને વાંચવા વિનંતી છે.

પ્રશ્ન ૨૬ : ત્યાર બાદ આજે ૧૩ માસ થયા છતાં રાજ્ય સરકારને મોકલેલા સદર ઠરાવ અનુસાર રાજ્ય સરકારે તેમના કેટલા પ્રસ્તાવોને અનુમતિ આપી છે ? વિગતે જણાવવા વિનંતી.

ઉત્તર ૨૬ : તેઓના એક પણ પ્રસ્તાવને હજુ સુધી રાજ્ય સરકારની અનુમતિ મળી નથી.

પ્રશ્ન ૨૭ : તે અનુમતિ મેળવવા યુનિવર્સિટીએ કેટલી વાર રાજ્ય સરકારમાં રજૂઆત કરી ?

ઉત્તર ૨૭ : તે માટે રાજ્ય સરકારને એક પત્ર અને એક સ્મૃતિપત્ર પાઠવવામાં આવ્યા છે.

પ્રશ્ન ૨૮ : યુનિવર્સિટીમાં અત્યારે હેડક્લાર્ક અને આસિ. એકાઉન્ટન્ટનું નવું પગારધોરણ અમલમાં છે ?

ઉત્તર ૨૮ : હા, જી.

પ્રશ્ન ૨૯ : યુનિવર્સિટીમાં અગાઉ હેડક્લાર્ક અને આસિ. એકાઉન્ટન્ટનું પગારધોરણ શું હતું ? (સુધર્યું તે પહેલાં)

ઉત્તર ૨૯ : યુનિવર્સિટીમાં અગાઉ હેડક્લાર્ક અને આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટનાં હાલનાં સુધારેલાં પગારધોરણ અમલમાં આવ્યાં તે પહેલાં નીચે મુજબ હતાં :

૧. હેડક્લાર્ક : રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩-ઈબી-૨૨-૫૭૫

૨. આસિ. એકાઉન્ટન્ટ : રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩-ઈબી-૨૨-૫૭૫

પ્રશ્ન ૩૦ : યુનિવર્સિટીમાં ડે. એકાઉન્ટન્ટ અને કાર્યાલય નિયામકનું પગારધોરણ અમલમાં છે ?

ઉત્તર ૩૦ : હા, જી.

પ્રશ્ન ૩૧ : યુનિવર્સિટીમાં અગાઉ ડે. એકાઉન્ટન્ટ અને કાર્યાલય નિયામકનું પગારધોરણ કયું હતું ? (સુધાર્યા તે પહેલાં)

ઉત્તર ૩૧ : યુનિવર્સિટીમાં અગાઉ ડે. એકાઉન્ટન્ટ અને કાર્યાલય નિયામકનું પગારધોરણ નીચે પ્રમાણે હતું (સુધાર્યા તે પહેલાં) :

૧. ડે. એકાઉન્ટન્ટ : રૂ. ૪૬૬-૨૦-૫૬૬-૨૨-૬૧૦-ઈબી-૨૫-૬૬૦

૨. કાર્યાલય નિયામક : ઉપર મુજબ.

પ્રશ્ન ૩૨ : યુનિવર્સિટીમાં સ્ટોરકીપર અને જુ. ક્લાર્કનું નવું પગારધોરણ શું છે ?

ઉત્તર ૩૨ : યુનિવર્સિટીમાં સ્ટોરકીપર અને જુ. ક્લાર્કનું નવું પગારધોરણ નીચે મુજબ છે :

૧. જુ. ક્લાર્ક : રૂ. ૨૬૦-૬-૩૦૮ ઈબી ૬-૩૨૬-૮-૩૫૦ ઈબી ૮-૩૯૦-૧૦-૪૦૦

૨. સ્ટોરકીપર : રૂ. ૪૨૫-૧૧-૫૦૦ ઈબી ૧૧-૫૬૦-૨૦-૬૦૦ ઈબી ૨૦-૭૦૦

પ્રશ્ન ૩૩ : યુનિવર્સિટીમાં અગાઉ સ્ટોરકીપર અને જુ. ક્લાર્કનું પગારધોરણ શું હતું ?

ઉત્તર ૩૩ : યુનિવર્સિટીમાં અગાઉ સ્ટોરકીપર અને જુ. ક્લાર્કનું પગારધોરણ નીચે મુજબ હતું :

૧. જુ. ક્લાર્ક : રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈબી ૧૫-૪૦૮-૧૯-૪૬૫

૨. સ્ટોરકીપર : ઉપર મુજબ.

પ્રશ્ન ૩૪ : હેડક્લાર્ક અને આસિ. એકાઉન્ટન્ટ, ડે. એકાઉન્ટન્ટ અને કાર્યાલય નિયામક, તથા સ્ટોર અને જુ. ક્લાર્કની કેડરનાં પગારધોરણો જ્યારે જ્યારે અત્યાર સુધીમાં ફેરફારો થયા છે, ત્યારે ત્યારે આ કેડરોને સમકક્ષ હતી જ અને સમકક્ષ રાખવામાં આવી છે તે બરાબર છે ?

ઉત્તર ૩૪ : દેસાઈ પંચની ભલામણ પ્રમાણે રાજ્ય સરકારે યુનિવર્સિટીનાં પગારધોરણો સુધાર્યાં તે અગાઉ સદરહુ સુધારાઓ પગારધોરણની દૃષ્ટિમાં સમકક્ષ હતા.

પ્રશ્ન ૩૫ : તા. ૧-૧-૧૯૭૩થી અમલમાં આવેલ આ કેડરોમાં પગારધોરણોમાં ભિન્નતા ઊભી થયેલ છે તે જાણવા છતાં, હેડક્લાર્ક, કાર્યાલય નિયામક અને જુ. ક્લાર્કને પુનઃ સમકક્ષ રાખવા તેમને તે પગારધોરણો આપીને થયેલ અન્યાય દૂર કરવા યુનિવર્સિટીએ આજદિન સુધીમાં શું કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૩૫ : પ્રશ્નમાં રહેલ ગૃહીતને બાજુએ રાખીને માહિતી માટે જણાવવાનું કે, સુધારેલાં પગારધોરણો અંગે જે કોઈ કર્મચારીને અન્યાય થયેલો લાગ્યો હોય તેમને તે અંગે પોતાની રજૂઆત કરવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. વધુમાં સદરહુ અરજીઓ પણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ સમક્ષ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવી હતી. તે અંગે વિચારણા કરીને કુલપતિશ્રી તથા કર્મચારી મંડળ તરફથી રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતની નોંધ લેવામાં આવી હતી. ગુજરાત રાજ્યના કુલપતિશ્રીઓના બોર્ડ સમક્ષ પણ આ બાબત મૂકવામાં આવી હતી અને તેના સંદર્ભમાં પણ કુલપતિશ્રીએ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે. કુલપતિશ્રી તથા યુનિ. કર્મચારી મંડળના પ્રતિનિધિઓ તરફથી રાજ્યના મંત્રીમંડળની પેટાસમિતિ સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હતી. હવે આ સમિતિ પોતાનો નિર્ણય જાહેર કરે તેની રાહ જોવાઈ રહી છે.

પ્રશ્ન ૩૬ : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે અગાઉ પોતાના ચોથા વર્ગના કર્મચારીઓનાં રહેઠાણો માટે વધુમાં વધુ રૂ. ૨૫ ભાડું લેવાનો કોઈ ઠરાવ કર્યો હતો ?

ઉત્તર ૩૬ : હા, જી.

પ્રશ્ન ૩૭ : તે ઠરાવ બાદ આજે યુનિવર્સિટીના ક્વાર્ટર્સમાં રહેતા ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી આજની તારીખમાં કેટલું ભાડું લેવામાં આવે છે? પ્રત્યેક ચોથા વર્ગના કર્મચારીનું નામ, બેઝિક પગાર (આજનો) તથા વસૂલ કરવામાં આવતા ભાડાની રકમનું સ્ટેટમેન્ટ આપવા વિનંતી છે.

ઉત્તર ૩૭ : સદરહુ કર્મચારીઓ પાસેથી હાલ સરકારી નિયમો પ્રમાણે મૂળ પગારના ૧૦ ટકા પ્રમાણે ભાડું પગારમાંથી કાપવામાં આવે છે.

ચોથા વર્ગના કર્મચારીઓ કે જેઓ યુનિવર્સિટી ક્વાર્ટર્સમાં રહે છે તેઓનાં નામ, મૂળ પગાર અને ભાડાની કપાતની રકમ અંગે **પરિશિષ્ટ " ૫ "** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૮ : આ રૂ. ૨૫થી વધુ ભાડું સિન્ડિકેટના એ ઉપરોક્ત ઠરાવ છતાં કાર્યાલયે વસૂલ લેવાનું શરૂ કર્યું તે પહેલાં તે ઉપર સિન્ડિકેટે અગાઉ નિર્ણય ઉપર કોઈ પુનઃ વિચારણા કરી હતી?

ઉત્તર ૩૮ : યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, ભથ્થાં ઇ. બાબતો અંગે પગાર પંચની ભલામણો પર રાજ્ય સરકારે કરેલ તેના તા. ૨૩-૬-૧૯૭૬નો ઠરાવ નંબર જી. આર. પી.સી.આર. ૩૦૭૫-કેએચ. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં સ્વીકાર્યો તેમાં મકાનભાડા અંગેના ઉપરના રાહતવાળા દરનો સમાવેશ થયેલો નથી.

શ્રી. શરદભાઈ પટેલે જણાવ્યું કે આ પ્રશ્નના જવાબની છેલ્લી લીટીમાં રાજ્ય સરકારનો તા. ૨૩-૬-૧૯૭૬નો ઠરાવ નં. જી.આર.પી.સી.આર.૩૦૭૫-કે.એચ. એક્ઝિકયુટિવ કાઉન્સિલે સ્વીકાર્યો છે તેમાં મકાનભાડા અંગેના ઉપરના રાહતવાળા ઘરભાડાનો સમાવેશ થયો નથી તેથી ઘરભાડું કયા ધોરણે કાપવું તેનો કશો ઉલ્લેખ નથી. આપણે સરકારી ધોરણે કાપીએ છીએ. તે વખતે ૧૦ ટકા લીધું હતું અને એક્ઝિકયુટિવ કાઉન્સિલે રૂ. ૨૫/-નું ટોકન ઘરભાડું લેવાનું નક્કી કર્યું છતાં આ જી.આર. એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કર્યો છે તેમાં રાહતવાળા દરનો સમાવેશ થયેલ નથી તે બરાબર નથી. મારી વિનંતી છે કે આ પ્રપોઝલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મૂકવામાં આવે અને તેના ઉપર વિચારણા કરવામાં આવે.

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપણે બધું જી.આર. પ્રમાણે કરીએ છીએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : સામાન્ય રીતે.

પ્રશ્ન ૩૯ : જો "ના" તો સિન્ડિકેટને પૂછ્યા વિના કાર્યાલયે મનસ્વી રીતે તેવું પગલું લેવાનો આશય શું છે?

ઉત્તર ૩૯ : પ્રશ્ન નંબર ૩૮ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૦ : યુનિવર્સિટીના ચોથા વર્ગના કયા કયા કર્મચારીઓ નવું પગારધોરણ સ્વીકાર્યા બાદ તેમના તે પગારધોરણના સીલિંગે પહોંચી ગયા છે અને કઈ તારીખે તેનું સ્ટેટમેન્ટ આપવા વિનંતી છે.

ઉત્તર ૪૦ : સદરહુ માહિતી **પરિશિષ્ટ " ૬ "**માં દર્શાવવામાં આવી છે.

પ્રશ્ન ૪૧ : યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ તેમના પગારધોરણના સીલિંગે પહોંચી જાય તો તેમને ૨ વર્ષે એક વધારાનો ઈજાફો અને વધુમાં વધુ ૩ ઈજાફા આપવા તેવો કોઈ નિર્ણય અગાઉ સિન્ડિકેટે લીધેલો છે?

ઉત્તર ૪૧ : હા, જી. તેવો નિર્ણય સિન્ડિકેટે તેની તા. ૧૪--૧૨--૧૯૭૧ની સભામાં લીધો હતો.

પ્રશ્ન ૪૨ : જો "હા" તો સદર ઠરાવ ઉપર પુનઃ વિચારણા કઈ તારીખની સિન્ડિકેટે કરી તેનો અમલ કર્યો છે?

ઉત્તર ૪૨ : યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, ભથ્થાં ઈ. બાબતો અંગે પગાર પંચની ભલામણો પર રાજ્ય સરકારે કરેલ તેનો તા. ૨૩--૬--૧૯૭૬ નો ઠરાવ નંબર જી.આર.પી.સી.આર. ૩૦૭૫ કેએચ. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯--૧૧--૧૯૭૬ની સભામાં સ્વીકાર્યો તેમાં મકાનભાડા અંગેના ઉપરના રાહતવાળા દરનો સમાવેશ થયેલો નથી.

શ્રી. શરદભાઈ પટેલે જણાવ્યું કે આ પ્રશ્નનો જવાબ ખરો નથી.

શ્રી. કુલસચિવનો જવાબ : આગલા પ્રશ્નના ઉત્તરને અનુલક્ષીને આપવામાં આવેલા આ જવાબમાં પ્રશ્નના આધારે ભાષાકીય ફેરફાર કરવો જરૂરી હોઈ 'મકાનવાળા ઉપરના રાહતવાળા દરનો' એ શબ્દોને બદલે 'પોતાના પગાર-ધોરણમાં ટોચના પગથિયા પર પહોંચેલા કર્મચારીઓને વધુ ઈજાફા આપવા અંગેની જોગવાઈનો' એ શબ્દો મૂકવા.

પ્રશ્ન ૪૩ : જો સિન્ડિકેટે સદર ઠરાવ ઉપર પુનર્વિચારણા કરી નથી અને સદર ઠરાવ રદ પણ કર્યો નથી તો ચોથા વર્ગના ઘણા કર્મચારીઓ સીલિંગે આજની તારીખમાં પહોંચી ગયા હોવા છતાં તેનો લાભ તેમને નહીં આપવા પાછળનું કાર્યાલયનું પ્રયોજન શું છે?

ઉત્તર ૪૩ : પ્રશ્ન નં. ૪૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૪ : જુ. કલાર્ક, સી. કલાર્ક, હેડકલાર્ક વગેરે કેડરોનાં જૂનાં પગારધોરણોમાં ઈજાફાના દરો શું હતા? (તા. ૧--૧--૧૯૭૩થી અમલમાં આવેલા સ્કેલો પહેલાંના)

ઉત્તર ૪૪ : જુ. કલાર્કના જૂના પગારધોરણ રૂ. ૧૫૩--૫--૧૮૩--૧૦--૨૪૩--ઈ.બી. ૧૫--૪૦૮--૧૯--૪૬૫માં ઈજાફાના દરો ૫, ૧૦, ૧૫ અને ૧૯ હતા.

સી. કલાર્કના જૂના પગારધોરણ રૂ. ૨૧૫--૧૦--૨૪૫--ઈ.બી. ૧૫-૩૮૦-૨૦-૫૨૦ માં ઈજાફાના દરો રૂ. ૧૦, ૧૫ અને ૨૦ હતા.

હેડકલાર્કના જૂના પગારધોરણ રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩-ઈ.બી.-૨૨-૫૭૫માં ઈજાફાના દરો રૂ. ૧૫, ૨૦ અને ૨૨ હતા.

પ્રશ્ન ૪૫ : તા. ૧--૧--૧૯૭૩થી અમલી બનેલી દેસાઈ પંચવાળા પગારધોરણોમાં આ ત્રણે કેડરોના ઈજાફાના દરો શું છે?

ઉત્તર ૪૫ : સુધારેલા પગારધોરણ રૂ. ૨૬૦-૬-૩૦૮-ઈ.બી.-૬-૩૨૬-૮-૩૫૦-ઈ.બી.-૮-૩૯૦-૧૦-૪૦૦-માં જુ. કલાર્કના ઈજાફાના દરો ૬, ૮ અને ૧૦ છે.

સુધારેલા પગારધોરણ રૂ. ૩૩૦-૧૦-૩૮૦-ઈ.બી.-૧૨-૪૪૦-ઈ.બી.-૧૫-૫૬૦ માં સીનિયર ક્લાર્કના ઈજાફાના દરો ૧૦, ૧૨ અને ૧૫ છે.

સુધારેલા પગારધોરણ રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈ.બી.-૫૬૦-૨૦-૬૦૦-ઈ.બી.-૨૫-૮૦૦-માં હેડક્લાર્કના ઈજાફાના દરો રૂ. ૧૫, ૨૦ અને ૨૫ છે.

પ્રશ્ન ૪૬ : આ યુનિવર્સિટીએ સ્વીકાર્યા છે?

ઉત્તર ૪૬ : હા, જી.

પ્રશ્ન ૪૭ : જૂના અને નવા સ્કેલોમાં ઈજાફાના દરો ઘટાડવામાં આવ્યા છે તે વાત સાચી છે?

ઉત્તર ૪૭ : હા, જી. વધુમાં સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ કે પગારધોરણોના ફેરફારથી કોઈ કર્મચારીને વિપરીત અસર ન થાય તે માટે તેમને જૂના પગારધોરણમાં ચાલુ રહેવા માટે વિકલ્પ આપવામાં આવેલો છે.

પ્રશ્ન ૪૮ : નવા સ્કેલમાં ઈજાફાના દરો સુધારવામાં ન આવે પણ જાળવાઈ તો રહેવા જ જોઈએ તેવી કોઈ રજૂઆત કર્મચારીઓએ યુનિવર્સિટીને કરી છે?

ઉત્તર ૪૮ : હા, જી.

પ્રશ્ન ૪૯ : કર્મચારીઓની રજૂઆત સ્વીકારાય અને તેનો અમલ થાય તે માટે યુનિવર્સિટીએ આજ-દિન સુધીમાં શું કાર્યવાહી કરી છે?

ઉત્તર ૪૯ : પ્રશ્ન ૩૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૦ : યુનિવર્સિટીના સ્થાપના કાળથી રજિસ્ટ્રાર કાર્યાલયમાં કર્મચારીઓના બેઝિક પગાર પરીક્ષા ભથ્થા તરીકે જેને પાછળથી બેઝિકના ૧૦ ટકા તરીકે આપવામાં આવતો હતો (ડિટેન્શન ભથ્થું) તે યુનિવર્સિટીએ ધીમે ધીમે સ્ટેગ્ડ કરી બંધ કરવાનો નિર્ણય લીધો છે તે વાત સાચી છે

ઉત્તર ૫૦ : હા, જી.

પ્રશ્ન ૫૧ : શિક્ષકોનું પરીક્ષાનાં પેપરો જોવાનું કામ તેમની ફરજનો એક ભાગ છે તેમ ગણી સદર અપાતું મહેનતાણું બંધ કરવાનો યુનિવર્સિટીએ નિર્ણય લીધેલો તે વાત સાચી છે?

ઉત્તર ૫૧ : હા, જી

પ્રશ્ન ૫૨ : આ પરીક્ષાનાં પેપરો જોવાના કામનું મહેનતાણું ફરી ચાલુ કરવાનો નિર્ણય યુનિવર્સિટીએ લીધો છે તે વાત સાચી છે?

ઉત્તર ૫૨ : હા, જી.

પ્રશ્ન ૫૩ : કર્મચારીઓએ તેમને મળતું ૧૦ ટકા પરીક્ષા ભથ્થું રાજ્યના મુજબ પુનઃ ચાલુ કરવા કરેલ માગણી ઉપર યુનિવર્સિટીએ શું નિર્ણય લીધો છે?

ઉત્તર ૫૩ : આ અંગે કુલપતિશ્રીએ શિક્ષણપ્રધાનશ્રીને અધિકતમ સમય ભથ્થું રાજ્યના મુજબ પુનઃ ચાલુ રાખવા ડી.ઓ. પત્ર લખ્યો છે.

પ્રશ્ન ૫૪ : શિક્ષકો માટે બંધ કરવાનો નિર્ણય અને પુનઃ ચાલુ કરવાના નિર્ણય વચ્ચે કેટલા સમયનો ગાળો હતો?

ઉત્તર ૫૪ : આશરે દોઢ વર્ષનો સમયનો ગાળો હતો.

પ્રશ્ન ૫૫ : યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને તા. ૧--૧--૧૯૭૪થી તા. ૩૧--૧૨--૧૯૭૫-ના ગાળા દરમિયાનનું પગારધોરણનું એરિયર્સ રોકડમાં ચૂકવવા રાજ્ય સરકારે/યુનિવર્સિટી-એ તેમને યુનિવર્સિટીના શિક્ષકોની સમકક્ષ (Par) ગણવાનું નક્કી કરેલું અને પછી તે નિર્ણય બિનશિક્ષક કર્મચારીઓ માટે લીધેલો તે વાત સાચી છે?

ઉત્તર ૫૫ : હા, જી.

પ્રશ્ન ૫૬ : તા. ૧--૬--૧૯૬૭ પહેલાં અને તા. ૩૧--૧૨--૧૯૭૨ બાદ યુનિવર્સિટીના શિક્ષકો અને બિનશિક્ષક કર્મચારીઓને એક જ ધોરણે મોંઘવારી ભથ્થું મળતું હતું તે વાત સાચી છે?

ઉત્તર ૫૬ : હા, જી.

પ્રશ્ન ૫૭ : અને આ બંને વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો અલગ અલગ હોય, પણ મોંઘવારી ભથ્થું એક જ ધોરણે મળવું જોઈએ તે નિર્વિવાદ વાત હોવા છતાં તથા તા. ૧--૬--૧૯૬૭થી તા. ૩૧--૧૨--૧૯૭૨ના ગાળા દરમિયાન બિનશિક્ષક કર્મચારીઓની મર્જ્ડ સ્કેલ ઉપર યુનિવર્સિટીના શિક્ષકોની માફક અન-મર્જ્ડ મોંઘવારી ભથ્થું આપવાની અને તફાવતની રકમ ચૂકવી આપવા કર્મચારીઓએ કરેલ અવારનવારની માગણી તદ્દન ન્યાયી અને વાજબી હોવા છતાં આજદિન સુધી શા માટે સ્વીકારવામાં આવી નથી?

ઉત્તર ૫૭ : કર્મચારીઓની માગણી અંગે ઘટતું કરવા રાજ્ય સરકારને ભલામણ કરવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫--૨--૧૯૭૮ની સભામાં ઠરાવ્યું છે.

પ્રશ્ન ૫૮ : તેને મંજૂરી મળે તે માટે યુનિવર્સિટીએ રાજ્ય સરકારમાં આ અંગે કેટલી વાર ભાર-પૂર્વકની રજૂઆત કરી છે?

ઉત્તર ૫૮ : પ્રશ્ન નંબર ૫૭નો ઉત્તર જોવા વિનંતી છે.

[૨] **શ્રી. ચિમનલાલ એમ.** શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૫૯ : ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી અને કઈ કૉલેજોએ સ્વામિનારાયણ કૉલેજની જેમ માન્યતા પરત કરી છે?

ઉત્તર ૫૯ : કેવળ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ.

પ્રશ્ન ૬૦ : શા માટે?

ઉત્તર ૬૦ : પ્રાંતીજ તાલુકા કેળવણી મંડળના મૅનેજિંગ ટ્રસ્ટીઓ તેમના તા. ૧૪--૮--૧૯૭૫ના પત્રથી નીચે પ્રમાણેનું કારણ દર્શાવ્યું છે :

"વિદ્યાર્થીઓ અને શિક્ષણના હિતમાં અમારે કેટલાંક પગલાં ના છૂટકે લેવાં પડ્યાં છે. ઉચ્ચ શિક્ષણની જેમને માથે જવાબદારી છે તેવા શિક્ષકો અને આચાર્યશ્રી

પણ બેજવાબદાર રીતે વર્તે અને યુનિવર્સિટી સત્તામંડળો પણ ન્યાયી અને વાજબી બાબતોની અવગણના કરે તેવા સંજોગોમાં કાર્યક્ષમ રીતે કૉલેજ ચલાવવાનું અમારે માટે મુશ્કેલ બન્યું હોવાથી કૉલેજનું જોડાણ પરત કરવાની અમને અનિચ્છાએ ફરજ પડી છે."

પ્રશ્ન ૬૧ : તે દિશામાં યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરી છે કે કેમ?

અને

પ્રશ્ન ૬૨ તેના માટે શું અને કાર્યવાહી કરવામાં આવી છે?

ઉત્તર ૬૧ : રાજ્ય સરકારના તા. ૧૩-૯-૧૯૭૬ના પત્રાંક એનજીસી. ૧૦૭૬-૭૪૦૯૯-ખથી

અને આવેલા નીચેના પ્રસ્તાવ પર યુનિવર્સિટીની સમિતિની ભલામણ નીચે પ્રમાણે વંચાય

ઉત્તર ૬૨ તે રીતે સુધારીને મોકલવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં ઠરાવ્યું છે :

પ્રસ્તાવ

"Where the trust wishes to surrender the affiliation of a college, the University shall withdraw the affiliation of all other colleges managed by such a Trust and the Trust shall release and hand over its assets to the extent of grants recovered to any other management permitted by the University to shoulder the responsibility of all the colleges."

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર રાખેલી સમિતિની ભલામણ

(૧) ઉપરોકત પ્રસ્તાવ સાથે યુનિવર્સિટી સંમત છે અને સરકાર આ અંગે ઝડપી કાર્યવાહી કરે તેવી ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કાયદાનો ઘણી કૉલેજો ભંગ કરતી હોય છે. શૈક્ષણિક સંસ્થાઓને આમ કરતાં અટકાવવા માટે તે સંસ્થાઓ દ્વારા ચાલતી કૉલેજો ઉપરાંત બીજી અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે રાજ્ય સરકારે માન્યતા આપવી જોઈએ નહિ એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(૨) ઉપરાંત આ સંસ્થા કે અન્ય બીજી કોઈ સંસ્થા દ્વારા કૉલેજ શરૂ કરવા સરકારશ્રી યુનિવર્સિટી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, મ્યુનિસિપલ કૉર્પોરેશન, પંચાયત જેવી જાહેર સંસ્થાઓ તરફથી પ્રાપ્ત થયેલ જમીન, મકાન કે અન્ય સાધનોમાં આપેલી સહાય પાછી લેવી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(૩) આવી સંસ્થાઓ કૉલેજ કે સ્કૂલના શિક્ષક કે બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ ચલાવવા માંગતા હોય તો ઉપર દર્શાવ્યા પ્રમાણે પ્રાપ્ત થયેલ તમામ સહાય સામે આપવા માટે કાયદાકીય જોગવાઈઓ કરવાનું આ સમિતિ સરકારને ભલામણ કરે છે.

(૪) આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે ગંભીર કટોકટી સર્જે તેવી પરિસ્થિતિ યુનિવર્સિટીના નિયમોનો ભંગ કરીને ઊભી કરતી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો યુનિવર્સિટીનાં ધારાધોરણોનો અસરકારક અમલ કરે તે માટે યોગ્ય પગલાં લેવાની જોગવાઈ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

શ્રી. મંગુભાઇ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રાંતીજ તાલુકા કેળવણી મંડળે પ્રાંતીજ કૉલેજનું જોડાણ પાછું આપ્યું તો આવો પ્રસ્તાવ આવ્યો. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ જ્યારે જોડાણ પાછું આપ્યું ત્યારે વિનંતી કેમ કરી અને આવો પ્રસ્તાવ કેમ ન આવ્યો ? પ્રાંતીજવાળા ગામડાના છે એટલે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી. એવું નથી. એમને સમજાવવાનો આપણે પ્રયત્ન કરેલો અને આ લોકો સમજ્યા તેથી પ્રાંતીજના જેવો પ્રસ્તાવ લાવવાની જરૂર રહી નથી.

શ્રી. અંબુભાઇ દેસાઇએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની કૉલેજે માન્યતા પરત કરવા અરજી કરી હતી ખરી ? સ્વામિનારાયણ કૉલેજને માન્યતા આપી નહોતી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ માન્યતા પરત કરવાનો ઇરાદો વ્યક્ત કર્યો હતો—માન્યતા પરત કરી ન હતી.

શ્રી. અંબુભાઇ દેસાઇએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

રાજ્ય સરકારને આ પ્રસ્તાવ કઇ તારીખે મોકલી આપ્યો અને સરકાર તરફથી કોઇ પ્રતિભાવ મળ્યો છે ખરો ?

કુલપતિશ્રીનો ઉત્તર : સરકાર તરફથી કોઇ પ્રતિભાવ મળ્યો નથી. આપણે પ્રસ્તાવ મોકલી આપેલો છે.

શ્રી. મંગુભાઇ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્વામિનારાયણ કૉલેજની મિલકત કબજે કરવા સૂચના આપેલી તેનો અમલ કેમ થયો નથી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી જે સાધનસામગ્રી ખરીદેલી તે પરત કરવા સ્વામિનારાયણ કૉલેજના સંચાલકમંડળને જણાવેલું છે.

શ્રી. કનુભાઇ શાહે જણાવ્યું કે સ્વામિનારાયણ કૉલેજમાં આર.ટી.ઓ.ની ઑફિસ થાય છે અને સાધનો વેચાઇ ગયાં છે આ અંગે નોંધ લેશો. રૂ. ૯૩,૦૦૦ હૉસ્ટેલ માટે આપ્યા છે તો તે મિલકતનો કબજો લેવા કોર્ટમાં કેમ જતા નથી ?

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ સાધનો ખરેખર હયાત છે ખરાં ? અને તેને પરત કરવા કોઇ મુદત આપેલી ? ઑડિટ નોંધમાં પણ લખેલું છે.

કુલપતિશ્રીનો ઉત્તર : સાધનો પાછાં મંગાવવા માટેની કાર્યવાહી ચાલુ છે.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમાં યુનિવર્સિટીની ફરજ છે કે યુ.જી.સી.નું ધ્યાન દોરવું.

કુલપતિશ્રીનો ઉત્તર : અમે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું પણ ધ્યાન દોરેલું છે.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી આને માટે સમિતિ નીમી તપાસ કરી શકશે ?

શ્રી. નરહરિ પરીખે જણાવ્યું કે ચેરિટી કમિશનરને લખીએ તો એ વહેલું પતશે.

કુલપતિશ્રીનો ઉત્તર : ચેરિટી કમિશનર અને યુ.જી.સી. બન્નેને.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યા :

યુનિવર્સિટીને ગ્રેડાણ પરત કર્યું ત્યાર પછી કોઈ ગ્રેડાણ માટેની અરજી આવી છે ખરી ? ગ્રેડાણ વિસ્તરણની કોઈ અરજી આવે ત્યારે તેને અટકાવી ન શકાય ?

ડૉ. એમ. એન. દેસાઈએ જણાવ્યું કે ગ્રાન્ટ રોકવા માટે સરકારે પ્રયત્ન કર્યો ત્યારે તે સંસ્થાની આર્ટ્સ કૉલેજ બંધ કરવાનો પ્રયત્ન થયો હતો તેવો મારો ખ્યાલ છે, એટલે એ વાત પડતી મૂકવી પડી હતી.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્વામિનારાયણ સાયન્સ કૉલેજે અધ્યાપકોનો પોતાનો પ્રૉવિડન્ટ ફન્ડનો ફાળો આવ્યો નથી તે માહિતીની આપને ખબર છે ? જો હોય તો આપ આ ગંભીર બાબત અંગે પગલાં લઈ શકો ખરા ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, તે અંગે તપાસ કરીશું.

શ્રી. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુ.જી.સી. દ્વારા સાધનો પરત કરવાની વાત આવી અને ગ્રાન્ટ અટકાવવાની વાત આવી ત્યારે આવા એકાદ કેસમાં અલગ પગલાં લેવા જઈએ છીએ, તેથી મુશ્કેલી ઊભી થાય છે. તો વ્યવસ્થાતંત્રમાં કાંઈ કરીએ અને સરકારની સાથે પણ વાત કરીએ.

કુલપતિશ્રીનો ઉત્તર : રાજ્ય સરકારનું ફરીથી ધ્યાન દોરીને તેઓ ઘટતું ઠરે તે માટે જણાવવું.

પ્રશ્ન ૬૩ : ગુજરાત યુનિવર્સિટી એક સ્વાયત્ત સંસ્થા હોવા છતાં સરકાર તેની ઉપરવટ જઈને નિર્ણયો લઈ રહી છે. તો તે બાબતમાં શું કોઈ ઘટના બની છે કે કેમ?

પ્રશ્ન ૬૪ : અને કોઈ ઘટના ઘટી હોય, બની હોય તો યુનિવર્સિટીએ તે બાબતમાં સરકારનું ધ્યાન દોર્યું છે કે કેમ?

પ્રશ્ન ૬૫ : સરકાર તરફથી તે અંગે સ્પષ્ટીકરણ થયું છે કે કેમ?

ઉત્તર ૬૩, ૬૪, ૬૫ : કોઈ ચોક્કસ ઘટના કે ઘટનાઓના ઉલ્લેખના અભાવે આ પ્રશ્નના ઉત્તરો આપવાનું બની શકયું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૬૬ : ગુજરાત યુનિવર્સિટીની કેટલી અને કઈ કૉલેજો નિયમિત પગારો આપે છે?

ઉત્તર ૬૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૭ : કેટલી અને કઈ કૉલેજો અનિયમિત પગારો આપે છે? તેના માટેનું શું કારણ છે?

ઉત્તર ૬૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૮"** જોવા વિનંતી છે.

શ્રી. ચિમનભાઈ એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન ૬૬ અને ૬૭ ના જવાબમાં પરિશિષ્ટ ૭ અને ૮ જોવા જણાવ્યું છે. કેટલી કૉલેજો નિયમિત પગાર ચૂકવે છે અને કેટલી કૉલેજો અનિયમિત પગાર ચૂકવે છે એમાં જે યાદીઓ આપવામાં આવેલી છે તેમાં ઘણી કૉલેજોના જવાબ આવ્યા નથી. યુનિવર્સિટી તરફથી પૂછવામાં આવતી માહિતીનો જવાબ દરેક કૉલેજે આપવો જોઈએ. જેમણે જવાબ આપ્યો નથી તેની યાદી આપવામાં આવેલ છે તો તેમના ઉપર કડક પગલાં લેવાં જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : સ્મૃતિપત્રો જાય છે.

શ્રી. ચિમનભાઈ એમ. શેઠે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જવાબ આવે છે ખરો ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આવેલી કે ન આવેલી માહિતીને અનુલક્ષીને જવાબો આપવામાં આવ્યા છે.

શ્રી. ચિમનભાઈ એમ. શેઠે જણાવ્યું કે તો તેવી કૉલેજો ઉપર પગલાં લેવાં જોઈએ.

શ્રી. કનુભાઈ શાહે જણાવ્યું કે પરિશિષ્ટ ૮માં જણાવ્યા મુજબ કેટલીક કૉલેજોએ માહિતી આપી નથી અને સ્વાયત્તતાનો ઘંટ વગાડી જોડાણ પરત કરવાનું કહી પગારો નથી આપ્યા તેનું શું ?

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજ માહિતી ન મોકલે તો તે યુનિવર્સિટીના નિયમનો ભંગ ગણાય કે કેમ?

શ્રી કુલસચિવે જણાવ્યું : હાજી.

પ્રશ્ન ૬૮ : કેટલી કૉલેજોએ અને કઈ કૉલેજોએ ફેબ્રુઆરી ૧૯૭૮ સુધીના પગારો ચૂકવ્યા નથી?

ઉત્તર ૬૮ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૯ : અને જો ના ચૂકવ્યા હોય તો યુનિવર્સિટીને તે અંગે જાણકારી હોય તો તે દિશામાં યુનિવર્સિટીએ શું પગલાં લીધાં?

ઉત્તર ૬૯ : જે કૉલેજમાં પગારની ચુકવણી સમયસર ન થયાનું જણાયું છે તે તમામ કેસોમાં કૉલેજોને ઘટતી સૂચના આપવામાં આવી છે.

પ્રશ્ન ૭૦ : નવી તરાહને લઈને પ્રી-યુનિ.નો વર્ગ બંધ કરતાં ગુજરાત યુનિવર્સિટીના કેટલા અધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓ ફાજલ પડયા છે?

ઉત્તર ૭૦ : આ સંદર્ભમાં તા. ૨૪--૬--૧૯૭૭ના પરિપત્રથી તા. ૧૫--૬–૧૯૭૭ના રોજ જે સંખ્યાધિક શિક્ષકો કૉલેજમાં ચાલુ છે કે નહિ તેની માહિતી માંગવામાં આવી હતી. તેના સંદર્ભમાં આવેલી માહિતી અનુસાર ૬૮૮ શિક્ષકો સંખ્યાધિક થયા.

જ્યારે બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને ગુજરાત રાજ્યના તા. ૨૯--૧૨--૧૯૭૭-ના સરકારી ઠરાવ અનુસાર તા. ૧૬--૬--૧૯૭૮ સુધી આરક્ષિત ગણવામાં આવ્યા છે.

પ્રશ્ન ૭૧ : ફાજલ પડેલા તમામ અધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓનો શું સમાવેશ થઈ ગયો છે?

ઉત્તર ૭૧ : સદરહુ માહિતી યુનિવર્સિટી પાસે નથી.

શ્રી અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન ૭૧ ના જવાબમાં માહિતી યુનિવર્સિટી પાસે નથી તેમ જણાવ્યું છે. યુનિવર્સિટીએ સરકાર પાસેથી આ માહિતી મેળવવા પત્ર લખ્યો છે ? લખ્યો હોય હોય તો તેની તારીખ અને સ્મૃતિપત્ર લખ્યો હોય તો તેની તારીખ પણ આપશો.

કુલપતિશ્રીનો ઉત્તર : આ બાબતમાં સરકારને પુછાવ્યું નથી.

શ્રી. અંબુભાઈ દેસાઇએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તો આપણે કોની પાસેથી માહિતી મંગાવતા હતા ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કૉલેજ પાસેથી.

શ્રી. અંબુભાઈ દેસાઇએ નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એકિઝકયુટિવ કાઉન્સિલે સમિતિ નીમી છે અને આપણે મુલાકાત માગીએ તો પણ ચાર મહિના સુધી સરકાર મુલાકાત આપે નહીં તો તે અંગે શું પ્રયત્ન કર્યો છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ટેલિફોન કર્યા કરું છું.

પ્રશ્ન ૭૨ : ફાજલમાં ફાજલ પડેલા અધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓની આજે શી સ્થિતિ છે?

ઉત્તર ૭૨ : સદરહુ માહિતી યુનિવર્સિટી પાસે નથી.

પ્રશ્ન ૭૩ : તેમને જે તે સંસ્થા તરફથી સંપૂર્ણ રકમની ચુકવણી થઈ ગઈ છે કે કેમ?

ઉત્તર ૭૩ : કેટલાક કેસોમાં સંસ્થા તરફથી સંપૂર્ણ રકમની ચુકવણી નહિ થયાની ફરિયાદ મળી છે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આવી કઈ સંસ્થાઓ છે તેની માહિતી મળી શકશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે માહિતી તાત્કાલિક ઉપલબ્ધ નથી.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ઓછામાં ઓછી બે કૉલેજોના શિક્ષકોની ફરિયાદ આવેલી છે—ડાકોર અને બાલાસિનોરના શિક્ષકોની.

પ્રશ્ન ૭૪ : ગુજરાત યુનિવર્સિટીની કેટલીક કૉલેજોમાં અધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓ હજુ પણ ફાજલ પડનાર છે કે કેમ?

ઉત્તર ૭૪ : હા, જી. (જૂન, ૧૯૭૮થી પ્રી-યુનિ.નો વર્ગ બંધ થવાને કારણે.)

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

આ સિવાય સંખ્યા ઘટવાને કારણે શિક્ષકોને ફાજલ પાડવામાં આવે તો યુનિવર્સિટી માન્ય રાખશે કે કેમ ? અને ૫૧(એ) પ્રમાણે એ છૂટા થયેલા ગણાશે નહિ તે આપ માન્ય રાખો છો કે કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : સરકારને આ અંગે લખ્યું છે કે પ્રી-યુનિવર્સિટીમાંથી જે સંખ્યા એફ.વાયમાં જતી હતી તેની સરખામણીમાં પ્રી-યુનિવર્સિટી અને ૧૨મું ધોરણ ભેગું કરીને જે સંખ્યા આવશે તે ઘટવાની દહેશત છે. આ સંજોગોમાં ફાજલ પડે તે શિક્ષકોને સમાવી લેવા સરકારને, પત્ર દ્વારા અને રૂબરૂ મળીને વિનંતી કરી છે. અને આ બધાને આરક્ષિત કરવામાં આવશે તેની મને આશા છે.

પ્રશ્ન ૭૫ : તેવા અધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓને રક્ષણ બક્ષવા યુનિવર્સિટીએ કાંઈ વિચારીને તે દિશામાં કોઈ કાર્યવાહી કરી છે કે કેમ?

ઉત્તર ૭૫ : આવા કર્મચારીઓને આરક્ષિત કરવાનું રાજ્ય સરકારે ઠરાવ્યું છે.

પ્રશ્ન ૭૬ : ગુજરાત યુનિવર્સિટીની કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓ માટે દેસાઈ પંચની ભલામણો મુજબનાં પગારધોરણોનો અમલ કેટલી અને કઈ કૉલેજોએ કઈ તારીખથી કર્યો છે?

ઉત્તર ૭૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૭ : કેટલી અને કઈ કૉલેજોએ તેનો અમલ કર્યો નથી? શા માટે?

ઉત્તર ૭૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૮ : તેના માટે યુનિવર્સિટીએ કોઈ સંગીન કાર્યવાહી કરી છે કે કેમ?

અને

પ્રશ્ન ૭૯ : કાર્યવાહી કરી હોય તો તેનું શું પરિણામ આવ્યું?

ઉત્તર ૭૮ અને ૭૯ : સદરહુ બાબત અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦--૧૨ -૧૯૭૭ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સરકારી ઠરાવોની નોંધ લેવી.

વધુમાં આ સભા ઠરાવે છે કે સને ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ નં. ૬ થી સુધારાયેલી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ કંડિકા ૩૯ થી આ સભાને મળેલી સત્તાને આધારે સભાએ અગાઉ સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, સેવાની શરતો, વગેરે અંગે લીધેલ નિર્ણયો લક્ષમાં રાખીને તેને તાત્કાલિક અનુદાનને પાત્ર ગણવા રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરવી અને તેનો લાભ હાલમાં જે કર્મચારીઓ કૉલેજની સેવાઓમાં ચાલુ છે તે તમામને લાગુ પાડવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી

૨. આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ

૩. આચાર્યશ્રી કે. એન. શાહ

૪. આચાર્યશ્રી. એમ. સી. શાહ

૫. શ્રી. શરદભાઈ પટેલ."

એક્ઝિકયુટિવ કાઉન્સિલના ઉપરોકત ઠરાવમાં નિર્દિષ્ટ સમિતિને રૂબરૂ મુલાકાત આપવા માટે અનુકૂળ તારીખ અને સમયની યુનિવર્સિટીને જાણ કરવા રાજ્ય સરકારના શિક્ષણમંત્રીશ્રીને લખવામાં આવ્યું છે.

પ્રશ્ન ૮૦ : ગુજરાત યુનિવર્સિટીની કેટલી અને કઈ કૉલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના કેસો કોર્ટમાં પડેલા છે ?

ઉત્તર ૮૦ : નીચેની કૉલેજોના શિક્ષકો તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના કેસો કોર્ટમાં પડેલા છે :

ક્રમાંક	કૉલેજનું નામ
* ૧.	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
* ૨.	તોલાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, આદિપુર
* ૩.	શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા
* ૪.	શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવણજ.
૫.	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ.
૬.	મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા.

પ્રશ્ન ૮૧ : આવા કાયદાની કોર્ટમાં પડેલા પ્રશ્નો સબબે યુનિવર્સિટી પાસે કોઈ જાણકારી છે કે કેમ ?

ઉત્તર ૮૧ : જે કેસોની જાણકારી છે ત્યાં પ્રશ્ન ૮૦ ના ઉત્તરમાં એસ્ટરિક નિશાની કરી છે.

પ્રશ્ન ૮૨ : તેમાં કોઈ કૉલેજે યુનિવર્સિટીના નિયમો નેવે મૂકીને કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ?

ઉત્તર ૮૨ : કાયદાના ક્ષેત્રાધીન (Subjudice)ની બાબત હોઈ પ્રશ્નનો ઉત્તર આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૮૩ : ગુજરાત યુનિવર્સિટીની કેટલી અને કઈ કૉલેજોના સંચાલકોએ બે કે ત્રણ કે ચાર કૉલેજોના એકીકરણ માટે માગણી કરી છે કે કેમ ?

ઉત્તર ૮૩ : નીચેની સંસ્થાઓએ ત્રણ વિદ્યાશાખાના કૉલેજના સંકુલનની માગણી કરી છે :

૧. ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદ

૨. ભારતીય વિદ્યાભવન, ડાકોર કેન્દ્ર

૩ શ્રી. સી. ડી. પટેલ મહાવિદ્યાલય મંડળ, તલોદ.

પ્રશ્ન ૮૪ : કોઈ એવી સંસ્થા છે કે કેમ કે જેનું યુનિવર્સિટી સમક્ષ તેની માગણી મૂકવા પહેલાં ત્રણ કૉલેજોનું એકીકરણ કરી દીધું છે ?

ઉત્તર ૮૪ : સદરહુ બાબત અંગે ભારતીય વિદ્યાભવન, ડાકોર કેન્દ્રના ચેરમેન તેમના તા. ૧૦--૬--૧૯૭૭ના પત્રથી મૅનેજમેન્ટે લીધેલા નીચેના ઠરાવની યુનિવર્સિટીને જાણ કરી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીએ તેના તા. ૯--૬--૧૯૭૭ના પત્રાંક એકેડેમિક/૨૬૮૯૨થી પરિપત્રિત કરેલ ઑ. ૧૨૦–બી અન્વયે ૧૯૭૭--૭૮ના શૈક્ષણિક વર્ષથી ભારતીય વિદ્યાભવન, ડાકોર કેન્દ્રના ત્રણ ફેકલ્ટી એકમો ભેગા કરી એક કૉલેજ કરવી તથા મૅનેજમેન્ટના આ નિર્ણયની જાણ ગુજરાત યુનિવર્સિટીને કરવી."

પ્રશ્ન ૮૫ : આ પ્રશ્નની બાબતમાં યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ?

ઉત્તર ૮૫ : યુનિવર્સિટીએ તેના તા. ૨૩--૬--૧૯૭૭ના પત્રથી સંચાલકોને એમ સ્પષ્ટ જણાવ્યું હતું કે ત્રણ વિદ્યાશાખાઓને એક એકમ તરીકે જોડવા બાબતમાં યુનિવર્સિટીની પૂર્વમંજૂરી આવશ્યક છે.

પ્રશ્ન ૮૬ : જો કરવામાં આવી હોય તો તેનું શું પરિણામ આવ્યું તે જાણવા મળશે ?

ઉત્તર ૮૬ : સદરહુ અરજી પરત્વે કાર્યવાહી કરી એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧--૧--૧૯૭૮ની સભામાં (૧) ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર, અને (૨) ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરને ત્રણ વિદ્યાશાખાઓ સંયુક્ત કરીને પોતાનું શિક્ષણકાર્ય ચલાવવા માટે મંજૂરી આપવામાં આવી છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજને સંયુક્ત કરવાથી ચારથી પાંચ બિનશિક્ષક કર્મચારીઓને ફાજલ ગણવામાં આવ્યા છે અને તેથી મુશ્કેલી ઊભી થઈ છે.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજને સંયુક્ત કરતાં કોઈને ફાજલ ગણવા જોઈએ નહીં અને છૂટા કર્યા હોય તો પાછા લેવા જોઈએ એમ વાત થયેલી ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના જી. તે પછી તેમણે યુનિવર્સિટી કાર્યાલય તરફથી લખવામાં આવેલ તા. ૨૩–૬–૧૯૭૭નો પત્ર વાંચી સંભળાવ્યો.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ સંયુક્ત કરવાનું કોઈપણ શરતને આધીન આપેલું કે શરતો સિવાય આપેલું ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે શિક્ષણકાર્ય સંયોજિત કરવા રજા આપેલી. તેમાં કોઈ શરત મૂકવામાં આવી નહોતી.

આચાર્ય સી. સી. ત્રિવેદીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કઈ શરતોએ આપી છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧—અ સ્પષ્ટ છે અને તેમાં કરેલી કાનૂની જોગવાઈ શરત કરતાં પણ વધુ અસરકારક છે.

પ્રશ્ન ૮૭ : ગુજરાત યુનિવર્સિટીના નિયમ પ્રમાણે હજુ કેટલી અને કઈ કૉલેજોએ પ્રૉવિડન્ટ ફંડ અંગે બૅન્કોમાં ખાતાં ખોલાવવાની કાર્યવાહી કરી નથી ?

ઉત્તર ૮૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧૦" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૮ : આવી અતિ ગંભીર બાબતમાં નિયમનો ભંગ કરનારી સંસ્થા સામે હવે કોઈ નિશ્ચિત પરિણામદાયક કામગીરી બજાવવા યુનિવર્સિટીએ કાંઈ વિચાર્યું છે કે કેમ ?

ઉત્તર ૮૮ : પ્રત્યેક કેસ પર તેના ગુણદોષના આધારે વિચારણા કરવામાં આવશે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કાયદાનો ભંગ કરે તો તેને ચોરી કરી ન કહેવાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : ચોરી ખરી, પણ સજા કેટલી એ સવાલ છે.

શ્રી. મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રોવિડન્ટ ફન્ડની રકમ બૅંકમાં જમા કરાવવી જોઈએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રોવિડન્ટનો વહીવટ હવે ટૂંક સમયમાં રાજ્ય સરકાર સંભાળશે. તે અંગેની કાર્યવાહી ચાલુ છે.

શ્રી. ચિત્તરંજન મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૪૦ કૉલેજોમાંથી ૬ કૉલેજોએ બૅંકમાં ખાતાં ખોલાવ્યાં છે. બાકીની કૉલેજોએ માહિતી નથી આપી. સંસ્થાઓ માહિતી આપે નહીં તેના મૂક સાક્ષી બનીએ તે સારું ન કહેવાય. કંપની ધારામાં આ ફોજદારી ગુનો ગણાય છે. પણ કૉલેજો માહિતી ન આપે તો આપણે લાચારી અનુભવીએ છીએ તે યોગ્ય ન ગણાય.

કુલપતિશ્રીનો ઉત્તર : તેની ગંભીર નોંધ લઈએ છીએ. રાજ્ય સરકાર એવું વિચારી રહી છે કે બધી કૉલેજોનું પ્રોવિડન્ટ ફન્ડ એ કૉલેજો પાસે રાખવાને બદલે સરકારમાં જમા થાય.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગ્રેચ્યુઈટીનો પ્રશ્ન પૂછ્યો છે તેમાં ગ્રેચ્યુઈટીની રકમ સરકાર ગ્રાન્ટેબલ ગણતી નથી, તો કૉલેજોએ શું કરવું ?

કુલસચિવશ્રીનો ઉત્તર : કૉલેજોએ ચૂકવવી, અને સરકાર પાસે ગ્રાન્ટની માગણી ચાલુ રાખવી.

એક સભ્યે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સરકાર ન આપે તો યુનિવર્સિટી આપશે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ના.

શ્રી. નરહરિ પરીખે નીચેના પૂરક પ્રશ્ન પૂછ્યો :

આચાર્યનું ઘરભાડું ઍન્ટેબલ છે ? છતાં અપાવ છે

કુલપતિશ્રીનો ઉત્તર : તે અંગે અમારી પાસે કોઇ માહતી નથી.

શ્રી. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્ટેશનરી અંગે ગ્રાન્ટ અપાતી નથી. છતાં કૉલેજોએ છેલ્લા ૮ મહિનામાં સ્ટેશનરી કેમ છપાવી તે કૉલેજોને પૂછવું જોઇએ.

કુલપતિશ્રીનો ઉત્તર : ગ્રેચ્યુઇટી ગ્રાન્ટને પાત્ર ગણવા રાજ્ય સરકાર પાસે એક્ઝિકયુટિવ કાઉન્સિલે એક સમિતિ દ્વારા રજૂઆત કરી છે અને આને વિકલ્પે પ્રોવિડન્ટ ફન્ડ અને પેન્શન યોજનાની વિચારણા ચાલી રહી છે.

રાજ્ય સરકાર પાસે બે વખત સમિતિએ રજૂઆત કરી છે. સરકારે લખ્યું કે તમે તમારા નિયમોમાંથી ગ્રેચ્યુઇટી શબ્દ કાઢી નાખો. તો અમે ફરી રજૂઆત કરી કે તે અંગે પુર્નવિચારણા કરવી જરૂરી છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગ્રેચ્યુઇટી માટે સરકાર તરફથી યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સમિતિને જવાબ મળેલો કે આ મંજૂર કરતા નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રૉવિડન્ટ ફન્ડ અને ગ્રેચ્યુઇટી એ બે આપી શકાય પણ કૉન્ટ્રિબ્યુટરી પ્રૉવિડન્ટ ફન્ડ અને ગ્રેચ્યુઇટી એ બે ન આપી શકાય એમ સરકારનું કહેવું છે. પ્રૉવિડન્ટ ફન્ડ એટલે કર્મચારીની પોતાની રકમ. સરકારમાં પી.એફ. છે, પણ સી.પી.એફ. નથી એટલે પી.એફ. અને ગ્રેચ્યુઇટી આપી શકાય પણ સી.પી એફ. અને ગ્રેચ્યુઇટી ન આપી શકાય, એમ સરકારનું કહેવું છે.

શ્રી. રજનીકાન્ત વી. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીના કર્મચારીઓને આવી રીતે પ્રૉવિડન્ટ ફન્ડ અને ગ્રેચ્યુઇટી મળે ખરી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે હા.

શ્રી. રજનીકાન્ત વી. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જો હા, તો સેનનો નિયમ સ્વીકાર્યા પછી યુનિવર્સિટીના કર્મચારીઓને મળે અને કૉલેજોના કર્મચારીઓને ન મળે તો તે કેટલે અંશે બરોબર છે ?

આચાર્ય સી. સી. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સેન પગારના તફાવતમાં સરકારે ફક્ત પગારનો તફાવત આપ્યો છે, ડી.એ.નો આપ્યો નથી; જ્યારે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં પગાર અને ડી.એ.નો તફાવત મળ્યો છે.

પ્રશ્ન ૮૯ : ગુજરાત યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કેટલી અને કઈ કૉલેજોએ ગ્રેચ્યુઈટી ચૂકવી છે ?

ઉત્તર ૮૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૦ : કઈ કૉલેજોએ ચૂકવી નથી ? શા માટે ?

ઉત્તર ૯૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧૨" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૧ : તેના માટે યુનિવર્સિટી સમક્ષ કંઈ ફરિયાદ આવી છે કે કેમ ?

ઉત્તર ૯૧ : હા, જી.

પ્રશ્ન ૯૨ : યુનિવર્સિટીએ તે દિશામાં કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ?

ઉત્તર ૯૨ : યુનિવર્સિટીનાં ધારાધોરણના સંદર્ભમાં કૉલેજને ઘટતો પત્ર લખવામાં આવ્યો છે.

પ્રશ્ન ૯૩ : શિક્ષણની નવી તરાહને કારણે અનેકવિધ સમસ્યાઓ જોવા મળે છે તેથી જુનિયર કૉલેજો ખોલવાની કાર્યવાહી થઈ રહી છે કે કેમ ?

ઉત્તર ૯૩ : તેવો કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળો સમક્ષ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૯૪ : તેમાં યુનિવર્સિટી તરફથી દિશાસૂચન છે કે કેમ ?

ઉત્તર ૯૪ : ઉપર પ્રશ્ન નં. ૯૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૫ : ગુજરાત યુનિવર્સિટીનો નવો કોર્ટનું અસ્તિત્વ આવ્યા પછી કોર્ટના કયા સભ્યોએ આજ સુધી કેટલા પ્રશ્નો પૂછ્યા છે?

અને

પ્રશ્ન ૯૬ : અને કેટલાની ચર્ચા થઈ શકી?

ઉત્તર ૯૫ અને ૯૬ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૧૩" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૭ : અને બાકીના પ્રશ્નોની ચર્ચા હાથ ધરાતી નથી તો તે અંગે યુનિવર્સિટીએ શું વિચાર્યું?

ઉત્તર ૯૭ : સ્ટે. ૩૧ (૫) (૧) મુજબ બાકી રહેવા પામેલા પ્રશ્નો યુનિવર્સિટી કોર્ટની તે પછીની સભામાં નવેસરથી નોટિસ આપીને પૂછી શકાય છે.

પ્રશ્ન ૯૮ : ગુજરાત યુનિવર્સિટીનો નવો કોર્ટના અસ્તિત્વ પછી કોર્ટની મીટિંગમાં કુલ કેટલા ઠરાવો એજન્ડા ઉપર રજૂ કરવામાં આવ્યા?

ઉત્તર ૯૮ :

કાર્યાલય તરફથી રજૂ થયેલા પ્રસ્તાવો	કોર્ટ સભ્યો તરફથી રજૂ થયેલા પ્રસ્તાવો	કુલ પ્રસ્તાવો
૧૫૨	૬૬૮	૮૨૦

પ્રશ્ન ૯૯ : કોર્ટના મેમ્બર તરફથી મુકાયેલા ઠરાવોમાંથી કેટલા ઠરાવો ચર્ચાની એરણ ઉપર લેવાયા?

ઉત્તર ૯૯ : યુનિવર્સિટી કોર્ટ સભ્યો તરફથી મુકાયેલા પ્રસ્તાવોમાંથી કોઈ પણ પ્રસ્તાવની વિચારણા હાથ ધરી શકાઈ નથી.

પ્રશ્ન ૧૦૦ : બાકીના ઠરાવો અંગે યુનિવર્સિટીએ શું વિચારેલ છે?

ઉત્તર ૧૦૦ : સ્ટે. ૩૬ મુજબ બાકી રહેવા પામેલા પ્રસ્તાવો યુનિવર્સિટી કોર્ટની તે પછીની સભામાં નવેસરથી નોટિસ આપીને કાર્યવાહીમાં સામેલ કરી શકાય છે.

પ્રશ્ન ૧૦૧ : શું આ બાકીના ઠરાવો સિન્ડિકેટની મીટિંગમાં લઈને ચર્ચા ના કરી શકાય?

અને

પ્રશ્ન ૧૦૨ : અથવા તેના માટે પુન: કોર્ટની મીટિંગ ના બોલાવી શકાય?

ઉત્તર ૧૦૧ અને ૧૦૨ : ઉપર પ્રશ્ન ૧૦૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૩ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કઈ કૉલેજના બિનશિક્ષક કર્મચારી માટે યુનિવર્સિટીએ જ નિયુક્ત કરેલી સમિતિની ભલામણોની ઉપરવટ જઈને કુલપતિશ્રીએ તે કર્મચારીને નોકરીમાંથી છૂટો કરવા પરવાનગી આપી હતી?

ઉત્તર ૧૦૩ : ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧–એની કાર્યવાહીના સંદર્ભમાં કુલપતિશ્રીએ છૂટા કરવાની પરવાનગી અંગે નિર્ણય લેવાના હોય છે તેથી કોઈ સમિતિની ભલામણની ઉપરવટ જઈને નિર્ણય લેવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૦૪ : જો આમ બનવા પામ્યું હોય તો તપાસસમિતિનો કાંઈ અર્થ ખરો?

અને

પ્રશ્ન ૧૦૫ : શું તેનાથી યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને હાનિ ના પહોંચે?

ઉત્તર ૧૦૪ અને ૧૦૫ : ઉપરના પ્રશ્ન ૧૦૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૬ : ગુજરાત યુનિવર્સિટીને મળેલ ધારાકીય સત્તાને આધારે યુનિવર્સિટીએ કૉલેજોના સંચાલન અંગે વખતોવખત બહાર પાડેલા આદેશોનો, કૉલેજ સંચાલકો "સરકારશ્રીની નીતિ સાથે સુસંગત નથી" તેવાં બહાનાં હેઠળ અનાદર કરે છે તે બાબત સાચી છે?

ઉત્તર ૧૦૬ : આવી કેટલીક રજૂઆતો યુનિવર્સિટી કાર્યાલયને મળી છે.

પ્રશ્ન ૧૦૭ : જો તે બાબત સાચી હોય તો તે અંગે યુનિવર્સિટીએ શું કાર્યવાહી હાથ ધરી છે?

ઉત્તર ૧૦૭ : યુનિવર્સિટીનાં ધારાધોરણોના એવા પ્રત્યેક કેસમાં પરિપાલન માટે આગ્રહ રાખવામાં આવેલ છે.

[૩] **શ્રી. ચિતરંજન બી. મહેતા, શ્રી, પી. આર. શાહ અને શ્રી. એસ. બી. વોરાએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૦૮ : ગુજરાત યુનિવર્સિટીની અગાઉની સિન્ડિકેટની મીટિંગમાં ઠરાવ્યા મુજબ સંલગ્ન કૉલેજોએ પ્રૉવિડંટ ફંડની રકમ નિયત હપતામાં જુદા ખાતામાં જમા કરાવવાની હતી. આ નિયમનું કઈ સંસ્થાઓએ પાલન કર્યું નથી?

ઉત્તર ૧૦૮ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૯ : ગયા વર્ષની સેનેટમાં આ પ્રશ્નના જવાબમાં આપના તરફથી **પરિશિષ્ટ "૪૩"**માં આપેલી માહિતી મુજબ કુલ ૨૩ સંસ્થાઓએ આ ઠરાવનું પાલન કર્યું નથી. શું આપના તરફથી ચાલુ વર્ષ દરમિયાન આ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી છે?

ઉત્તર ૧૦૯ : ગયા વર્ષની યુનિવર્સિટી કોર્ટની પ્રશ્નોત્તરીમાં પ્રશ્નમાં જણાવ્યું છે તેવું કોઈ પરિશિષ્ટ નહોતું.

પ્રશ્ન ૧૧૦ : હવે આ તારીખ સુધીમાં આ બેકી કઈ સંસ્થાઓએ આ અંગે પાલન કર્યું છે?

ઉત્તર ૧૧૦ : ઉપર પ્રશ્ન ૧૦૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૧ : ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન તથા આ અગાઉ ગુજરાત સરકારે જાહેર કરેલાં અને યુનિવર્સિટી સિન્ડિકેટે પસાર કરેલા મોંઘવારી ભથ્થાની વિગતો કઈ છે?

ઉત્તર ૧૧૧ : સદરહુ માહિતી સભા સમયે સભાગૃહના ટેબલ પર મૂકવામાં આવશે તથા કાર્યાલયના સમય દરમિયાન સભ્યોને જોવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ટેબલ ઉપર આ માહિતી મૂકવામાં આવી છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે હા, જી. કોઈ પણ સભ્ય તે જોઈ શકે છે.

એક વિદ્યાર્થી સભ્યે જણાવ્યું કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી કાર્યક્રમ માટે સેનેટ હૉલનું ભાડું લેવાય છે તે બરોબર નથી. કોર્ટની સભા પરીક્ષા સમયે કેમ રાખવામાં આવે છે ? વિદ્યાર્થીઓની બારમી જગ્યા બંધ થઈ છે તે માટે શું કર્યું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : બારમી જગ્યા માટે રાજ્ય સરકારને લખવામાં આવ્યું છે. તે પછી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં બાકીના પ્રશ્નો હાથ ધરી શકાયા નહીં. તે પછી સભાગૃહની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧ માર્ચ ૧૯૭૭ના રોજ પૂરા થતા વર્ષનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલે રજૂ કરેલો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

" તા. ૩૧મી માર્ચ ૧૯૭૭ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે. "

***G. U. Act, Section 50 ;**

The Annual Report of the Unlversity shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual meeting. The Court may pass resolutions thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit: and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

+Statuce 90 :

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.

વાર્ષિક હેવાલના પાના ૧૫૭ પરની કંડિકા ૩ ની ત્રીજી લીટીમાં પગારધોરણો પછીના શબ્દો 'નીચે મુજબ સુધારવામાં આવ્યા'ને બદલે 'અંગેનો રાજ્ય સરકારનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો' એમ વાંચવાનું સુધારા સાથેના ફેરફારવાળી કામકાજની યાદીથી જણાવવામાં આવ્યું હતું.

ઉપરનો પ્રસ્તાવ શ્રી. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો તેને આચાર્ય કે. એન. શાહે ટેકો આપ્યો.

તે પર કેટલીક ચર્ચાવિચારણા બાદ સભાનું કામકાજ બપોરે ૨-૫૫ કલાકે વિરામ માટે મુલતવી રાખવાનું પ્રમુખશ્રીએ જાહેર કર્યું અને સભા વિરામ બાદ બપોરે ૩—૪૫ કલાકે ફરીથી મળશે તેમ જણાવ્યું. વિરામ સમય બાદ સભામાં જરૂરી ગણપૂર્તિ (quorum) ન થવાથી પ્રમુખશ્રીએ તા.૨૯-૩-૧૯૭૮ ના રોજ સભાનું કામકાજ બંધ રાખવામાં આવેલ છે તેમ જણાવ્યું. તા. ૩૦-૩-૭૮ ના રોજ બપોરે ૧-૦૦ વાગ્યા સુધી રાહ જોવા છતાં સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (quorum) એટલે કે ઓછામાં ઓછા ૫૦ સભ્યોની હાજરી ન થવાથી સભાનું કામકાજ આગળ ચાલી શકયું નહિ અને તેથી કામકાજની યાદી ઉપરનાં બાકીનાં કામ કાજ હાથ ધરી શકાયાં નહીં.

નં. કોર્ટ / ૩૬૬૦ / ૧૯૭૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ—૩૮૦૦૦૯
તા. ૧૦-૫-૧૯૭૮

કં. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "૧"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ક્રમાંક (૫), (૬) અને (૭) તથા
શ્રી. ચિમનલાલ એમ. શેઠના પ્રશ્ન ક્રમાંક (૭૬) અને (૭૭) અંગેની માહિતી

તા. ૧૦-૩-૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે સંલગ્ન બિનસરકારી કૉલેજોએ બિનશિક્ષક વર્ગના કર્મચારીના પગારધોરણ અંગે અમલ કર્યા/ન કર્યા અંગેની માહિતી :

ક્રમાંક	કૉલેજનું નામ	કઈ તારીખથી અમલ કર્યો અથવા કર્યો નહિ	અમલ નહિ કરવાનું કૉલેજે જણાવેલ કારણ
(૧)	કાપડિયા એન. એમ. એન. એસ. આર્ટ્સ કૉલેજ, સંખેડા	તા. ૧-૫-૧૯૭૩થી	—
(૨)	શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર	તા. ૧-૧-૧૯૭૭થી	—
(૩)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	કેવળ અમલ કર્યો છે તેમ જણાવ્યું છે	—
(૪)	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧-૪-૧૯૭૭થી	—
(૫)	શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	અમલ કર્યો નથી	પગાર ફિક્સ કરવા અંગે ડી. ઈ. તરફથી સ્પષ્ટતા નથી
(૬)	કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	તા. ૧-૫-૧૯૭૩થી	—
(૭)	શ્રીમતી એચ. સી. પટેલ કંડારી આર્ટ્સ કૉમર્સ કૉલેજ, મિયાંગામ (કરજણ)	અમલ કર્યો નથી	સરકારી ગ્રાન્ટ નહિ મળ્યાથી
(૮)	દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	ના	યુનિવર્સિટી અને શિક્ષણનિયામક તરફથી અમલ કરવાની તારીખ જુદી જુદી હોવાને કારણે
(૯)	પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ એન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ	અમલ કર્યો નથી	—

ક્રમાંક	કૉલેજનું નામ	કઈ તારીખથી અમલ કર્યો અથવા કર્યો નહિ	અમલ નહિ કરવાનું કૉલેજે જણાવેલ કારણ
(૧૦)	એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિમતનગર	તા. ૧–૧૧–૧૯૭૭થી	તફાવતની રકમ રાજ્ય સરકાર ન આપે તો તે થૂકવી શકે તેમ નથી
(૧૧)	શેઠ એસ. વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)	તા. ૧–૧૧–૧૯૭૭થી	—
(૧૨)	સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧–૪–૧૯૭૮થી	—
(૧૩)	સી. ઍન્ડ એસ. એસ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાશિનોર	તા. ૧–૪–૧૯૭૭થી	—
(૧૪)	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	ના	સરકારના પરિપત્ર પ્રમાણે પગાર આપવામાં આવે છે
(૧૫)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	તા. ૧–૧૦–૧૯૭૭થી	—
(૧૬)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	તા. ૧–૪–૧૯૭૭થી	—
(૧૭)	ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર	તા. ૧–૪–૧૯૭૭થી	—
(૧૮)	કૉલેજ ઑફ એજ્યુકેશન,	તા. ૧--૪--૧૯૭૭થી	
(૧૯)	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	૧–૪–૧૯૭૭	—
(૨૦)	સાયન્સ કૉલેજ, કડી	૧–૧૨–૧૯૭૭	—
(૨૧)	ભવન્સ શેઠ આર એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	૧–૪–૧૯૭૭	—
(૨૨)	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	કેવળ અમલ કર્યો છે તેટલું જ જણાવેલ છે.	—
(૨૩)	બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ	૧–૧૧–૧૯૭૭	—
(૨૪)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	૧–૪–૧૯૭૭	—
(૨૫)	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧–૪–૧૯૭૭	—
(૨૬)	શેઠ સી. એમ. કૉમર્સ કૉલેજ, વીસનગર	૧–૪–૧૯૭૭	—

ક્રમાંક	કૉલેજનું નામ	કઈ તારીખથી અમલ કર્યો અથવા કર્યો નહિ	અમલ નહિ કરવાનું કૉલેજે જણાવેલ કારણ
(૨૭)	શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ	૧-૪-૧૯૭૭	—
(૨૮)	શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ	અમલ કર્યો નથી	અમલ કરવાની તારીખ અંગે સરકાર તરફથી સ્પષ્ટતા થઈ ન હોવાથી
(૨૯)	આલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	અમલ કર્યો નથી	શ્રી દેસાઈ પંચની ભલામણ ગુજરાત સરકારની ભલામણ હેઠળ છે.
(૩૦)	શ્રી આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	અમલ કર્યો નથી	આર્થિક મુશ્કેલીના કારણે
(૩૧)	શ્રી આર. પી. આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	તા. ૧-૪-૧૯૭૭	—
(૩૨)	સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. આર્ટ્સ કૉલેજ, કડી	તા. ૧-૧-૧૯૭૮	—
(૩૩)	શ્રી કે. કે. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ધંધુકા	તા. ૧-૧-૧૯૭૩	—
(૩૪)	શ્રી બી. કે. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી	તા. ૧-૨-૧૯૭૮	—
(૩૫)	નવજીવન આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, દાહોદ	તા. ૧-૪-૧૯૭૭	—
(૩૬)	મ્યુનિસિપલ આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મહેસાણા	તા. ૧-૪-૧૯૭૭	—
(૩૭)	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ-કૉમર્સ, અમદાવાદ	તા. ૧-૪-૧૯૭૭	—
(૩૮)	બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	તા. ૧-૯-૧૯૭૭	—
(૩૯)	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	તા. ૧-૪-૧૯૭૭	—
(૪૦)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	અમલ કર્યો નથી	રાજ્ય સરકાર તરફથી અનુદાન નહિ મળવાથી.

ક્રમાંક	કૉલેજનું નામ	કઈ તારીખથી અમલ કર્યો અથવા કર્યો નહિ	અમલ નહિ કરવાનું કૉલેજે જણાવેલ કારણ
(૪૧)	કૉલેજ ઑફ્ એજ્યુકેશન, ડભોઈ	અમલ કર્યો નથી	રાજ્ય સરકાર તરફથી અનુદાન નહિ મળવાથી.
(૪૨)	શ્રીમતી એમ. કે. દલાલ એજ્યુકેશન કૉલેજ ફોર વિમેન્સ, અમદાવાદ	તા. ૧-૪-૧૯૭૭	—
(૪૩)	શ્રીમતી એસ. સી. પટેલ ફરતીકૂઈવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈ	અમલ કર્યો નથી	પગાર અંગેના ફિક્સેશનના નિયમો સરકારે કે યુનિવર્સિટીએ મોકલ્યા નથી
(૪૪)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કેવળ અમલ કર્યો છે તેમ જણાવ્યું છે.	—
(૪૫)	એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧-૧૨-૧૯૭૭	—
(૪૬)	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	તા. ૧-૪-૧૯૭૭	—
(૪૭)	તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર	તા. ૧-૪-૧૯૭૭	—
(૪૮)	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	તા. ૧-૪-૧૯૭૭	—
(૪૯)	ભવન્સ આર્ટ્સ--સાયન્સ એન્ડ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર	તા. ૧-૪-૧૯૭૭	–
(૫૦)	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	તા. ૧-૧૨-૧૯૭૭	—

પરિશિષ્ટ " ૨ "

શ્રી શરદ પટેલના પ્રશ્ન ક્રમાંક (૧૪) તથા શ્રી. ચિત્તરંજન બી. મહેતા, પી. આર. શાહ તથા એસ. બી. વોરાના પ્રશ્ન ક્રમાંક ૧૧૨ અંગેની માહિતી :

તા. ૧૦–૩–૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે જે સંલગ્ન કૉલેજોએ મોંઘવારી ભથ્થાના સુધારેલા દર પૈકી જે સુધારા પ્રમાણે શિક્ષક તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને ચુકવણી કરી નથી તેવી બિનસરકારી કૉલેજોની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ	કઈ તારીખે સુધાર્યા પ્રમાણેના મોંઘવારી ભથ્થાના દરની ચુકવણી કરી નથી	ન ચૂકવવાનું કૉલેજે જણાવેલ કારણ
૧	૨	૩	૪
(૧)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧–૫–૧૯૭૩થી તા. ૧૨–૩–૧૯૭૭ સુધીના	સરકારશ્રી સાથે ગ્રાન્ટ અંગે વાટાઘાટો ચાલે છે તેમ જણાવ્યું છે.
(૨)	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧–૯–૧૯૭૭	—
(૩)	શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	કેવળ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને એક પણ મોંઘવારી ભથ્થું ચૂકવ્યું નથી	બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પગાર ફિક્સ કરવાની તારીખ નક્કી થઈ ન હોવાથી.
(૪)	કલોલ મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કલોલ	તા. ૧–૯–૧૯૭૭	—
(૫)	શ્રીમતી એચ. સી. પટેલ કંડારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ	તા. ૧–૪–૧૯૭૭ અને તા. ૧–૯–૧૯૭૭	—
(૬)	દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	તા. ૧–૯–૧૯૭૭	જી.આર. હમણાં જ આવ્યો હોવાથી
(૭)	પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ	તા. ૧–૧–૧૯૭૭, તા. ૧–૪–૧૯૭૭, તા. ૧–૯–૧૯૭૭	—
(૮)	એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	તા. ૧–૧–૧૯૭૭, તા. ૧–૯–૧૯૭૭	રાજ્ય સરકાર તરફથી તફાવતની રકમ આવી ન હોવાને કારણે
(૯)	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી	તા. ૧–૬–૧૯૭૪થી તા. ૧–૯–૧૯૭૭ સુધીનાં	—

૧	૨	૩	૪
(૧૦)	સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૫--૧૯૭૫ અને તા. ૧--૯--૧૯૭૭	આર્થિક પરિસ્થિતિને કારણે
(૧૧)	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૧--૧૯૭૭ અને તા. ૧--૯--૧૯૭૭	—
(૧૨)	એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ	તા. ૧--૫--૧૯૭૫, તા. ૧--૧--૧૯૭૭, તા. ૧--૯--૧૯૭૭	કૉલેજની આર્થિક મુશ્કેલીને કારણે
(૧૩)	ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુર	તા. ૧--૪--૧૯૭૭, તા. ૧--૯--૧૯૭૭	—
(૧૪)	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	તા. ૧--૧--૧૯૭૭, તા. ૧--૪--૧૯૭૭ તા. ૧--૯--૧૯૭૭	—
(૧૫)	સાયન્સ કૉલેજ, કડી	તા. ૧--૫--૧૯૭૧	સરકાર તરફથી ગ્રાન્ટ ન મળવાથી
(૧૬)	શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૧--૧૯૭૭ સુધીના	સરકારશ્રી સાથે ગ્રાન્ટ અંગે વાટાઘાટો ચાલે છે તેમ જણાવ્યું છે
(૧૭)	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૫--૧૯૭૩થી તા. ૧૨--૩--૧૯૭૭ સુધીના	સરકારશ્રી સાથે ગ્રાન્ટ અંગે વાટાઘાટો ચાલે છે તેમ જણાવ્યું છે.
(૧૮)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૧--૧૯૭૭ સુધીના અને તા. ૧--૯--૧૯૭૭	નાણાકીય મુશ્કેલીના કારણે
(૧૯)	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૯--૧૯૭૭ સુધીના	સરકારશ્રી સાથે પત્રવ્યવહાર ચાલે છે
(૨૦)	સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર	તા. ૧--૯--૧૯૭૭	—
(૨૧)	શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ.	તા. ૧--૯--૧૯૭૭	—
(૨૨)	શ્રીમતી. ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ	તા. ૧--૧--૧૯૭૭થી તા. તા. ૧--૯--૧૯૭૭	—
(૨૩)	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	તા. ૧--૧--૧૯૭૭થી તા. ૧--૯--૧૯૭૭ સુધીના	—

૧	૨	૩	૪
(૨૪)	શ્રી. આર. કે. પરીખ ઍન્ડ એન. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	તા. ૧--૧૦--૧૯૭૩, તા. ૧--૧--૧૯૭૪, તા. ૧--૩--૧૯૭૪ તા. ૧--૬--૧૯૭૪ તા. ૧--૮--૧૯૭૪, તા. ૧-૧-૧૯૭૭ તા. ૧-૪-૧૯૭૭, તા. ૧-૯-૧૯૭૭	આર્થિક મુશ્કેલી
(૨૫)	શ્રી. રજની પારેખ ઍન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	તા. ૧--૯--૧૯૭૭	સરકારને બજેટમાં સમાવેશ કરવા જણાવ્યું તેમ કૉલેજે જણાવ્યું છે.
(૨૬)	સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી	તા. ૧--૯--૧૯૭૭	—
(૨૭)	શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી	તા. ૧-૧-૧૯૭૭, તા. તા. ૧--૪--૧૯૭૭, તા. ૧--૯--૧૯૭૭ (શિક્ષકવર્ગને બાકી છે.)	—
(૨૮)	મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૧--૧૯૭૭ સુધીના તથા તા. ૧--૯--૧૯૭૭	—
(૨૯)	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૧--૧૯૭૭ સુધીના	—
(૩૦)	શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	તા. ૧--૯--૧૯૭૭	આર્થિક મુશ્કેલી
(૩૧)	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	તા. ૧--૯--૧૯૭૭થી	—
(૩૨)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	તા. ૧--૧--૧૯૭૭થી તા. ૧--૯--૧૯૭૭ સુધી	નવું પગારધોરણ ફિક્સ્ડ થયું ન હોવાથી.
(૩૩)	કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	તા. ૧--૪--૧૯૭૭, તા. ૧--૯--૧૯૭૭ (બિન-શિક્ષકવર્ગના કર્મચારીને બાકી છે)	પગારધોરણ ફિક્સ્ડ થયું ન હોવાથી

૧	૨	૩	૪
(૩૪)	એમ. એન. કે. દલાલ કૉલેજ ઑફ એજ્યુ. ફોર વીમેન, અમદાવાદ	તા. ૧--૧૦--૧૯૭૩થી તા. ૧--૩--૧૯૭૪ સુધીના તથા તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૯--૧૯૭૪ સુધીના તા. ૧--૫--૧૯૭૫થી, તા. તા. ૧--૧--૧૯૭૭ સુધીના અને તા. ૧--૯--૧૯૭૭	આર્થિક ભીંસને લીધે
(૩૫)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૧--૧૯૭૩થી તા. ૧૨--૩--૧૯૭૭ સુધીના એરિયર્સની ચુકવણી કરવામાં આવી નથી.	સરકારશ્રી સાથે ગ્રાન્ટ અંગે વાટાઘાટો ચાલે છે તેમ જાણવ્યું છે
(૩૬)	અન. સી. ખોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૮--૧૯૭૪થી તા. ૧–૧–૧૯૭૧ સુધીના; તથા તા. ૧--૪--૧૯૭૪ અને તા. ૧--૯--૧૯૭૭ સુધીના	આર્થિક મુશ્કેલી
(૩૭)	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૯--૧૯૭૭ સુધીના	સરકારશ્રી સાથે આ અંગે વાટાઘાટો ચાલે છે તેમ જણાવ્યું છે.
(૩૮)	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૯--૧૯૭૭ સુધીના	,,
(૩૯)	એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફોર વીમેન, અમદાવાદ	તા. ૧--૧૦--૧૯૭૩, તા. ૧--૧--૧૯૭૪, તા. ૧--૩--૧૯૭૪, તા. ૧--૬--૧૯૭૪થી તા. ૧--૧--૧૯૭૭ સુધીના અને તા. ૧--૯--૧૯૭૭	આર્થિક મુશ્કેલી
(૪૦)	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	તા ૧--૯--૧૯૭૭	

પરિશિષ્ટ "૩"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ક્રમાંક (૨૦) અંગેની માહિતી :

ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર કૉલેજીઝ બિનશિક્ષક કર્મચારી સંકલન સમિતિ તરફથી આવેલ તા. ૫–૧૧–૧૯૭૭નું આવેદનપત્ર.

Gujarat University Area Colleges Non-teaching Staff Co-ordination Committee.
C/o. Bipin R. Shah, Mathetawada, Modasa–383315.

તા. ૫--૧૧--૧૯૭૭

પ્રતિ
આદરણીય કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ--૩૮૦ ૦૦૯.

વિષય. —કૉલેજ બિનશિક્ષક કર્મચારીઓને દેસાઈ પગારો આપવા અંગે.

મુરબ્બીશ્રી ઈશ્વરભાઈ સાહેબ,

આપને એ સુવિદિત છે કે ગુજરાત સરકારે હમણાં જ તેના તા. ૧૯ ઑક્ટોબર, ૧૯૭૭ના જી.આર. નં. એનજીસી--૧૩૭૭--કેજીથી બિનસરકારી આર્ટ્સ--સાયન્સ--કૉમર્સ અને બી.એડ્. કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને દેસાઈ પંચ મુજબના પગારો ચૂકવવાનો સ્વીકાર કર્યો છે.

સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ જી.આર.માં અનેક ઊણપો છે તે પ્રત્યેની નીચેની હકીકતો ઉપર આપનું ધ્યાન દોરું છું :

સરકારી જી.આર.ની ઊણપો :

આપ જાણો છો કે યુનિવર્સિટીના નવા ધારાની કંડિકા ૩૦થી યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને મળેલી સત્તાને આધારે યુનિવર્સિટી એ. કા. કૉલેજ બિનશિક્ષક કર્મચારીઓનાં પગારધોરણો, નોકરીની શરતો વગેરે અંગે નિયમો ઘડે છે. આથી યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે એમ સ્વીકારેલું છે કે યુનિવર્સિટીઓના કર્મચારીઓને જે પગારધોરણો—લાભો મળે એ જ પગારધોરણો કૉલેજ કર્મચારીઓને આપવા અને તે મુજબ આપની યુનિવર્સિટીએ તેની તા. ૯--૧૧--૧૯૭૬ની સભા (ઠરાવ ૮૮) અને તા. ૨૩--૪--૧૯૭૭ની સભામાં (ઠરાવ ૫૬)થી કૉલેજ બિનશિક્ષક કર્મચારીઓને દેસાઈ પગારપંચ મુજબ પગારો તા. ૧--૧--૧૯૭૩થી ચૂકવવા આદેશ આપ્યો છે. (યુનિવર્સિટીના તા. ૧૭--૫--૧૯૭૭ના પત્રની નકલ સામેલ છે.)

હવે સરકારશ્રી દ્વારા ગુજરાત યુનિવર્સિટી ઍક્ટથી અપાયેલ સત્તા પછી કૉલેજ બિનશિક્ષક કર્મચારીઓના પગાર ઉપર ગ્રાન્ટ આપવા સંદિગ્ધ (ambiguous) જી.આર. બહાર પાડે છે ત્યારે યુનિવર્સિટીએ લીધેલા વાજબી

અને ન્યાયી નિર્ણયો ધ્યાનમાં લેવા જોઈએ. પણ સરકારશ્રી તેને ધ્યાનમાં ન લીધા તથા અમારાં મંડળોએ/સંકલન સમિતિએ કરેલી અનેક રજૂઆતોને પણ ધ્યાનમાં ન લઈ કર્મચારીઓને આર્થિક ગંભીર નુકસાન પહોંચાડ્યું છે. જેથી કર્મચારીગણમાં અસંતોષ, અન્યાય અને હતાશાની લાગણી પ્રસરી છે.

પોસ્ટની યાદીની ક્ષતિ :

આ જી.આર.માં જે ગંભીર ક્ષતિઓ છે તે નીચે મુજબ છે :

સરકારે ફક્ત ૧૦ પોસ્ટ માટે નવ પગારધોરણો નક્કી કર્યાં છે. તે સામે કૉલેજોમાં ૩૨ કેડરો છે અને તેમને માટે તેર પગારધોરણો છે, જે નીચેના કોઠા પરથી સ્પષ્ટ થશે :

સરકારે સૂચવેલ પોસ્ટો	હાલમાં બિનસરકારી કૉલેજોમાં અસ્તિત્વ ધરાવતી પોસ્ટો (૩૨)
૧. ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ	૧. ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ
૨. હેડક્લાર્ક	૨. હેડક્લાર્ક
૩. ગ્રંથપાલ	૩. ગ્રંથપાલ
૪. સીનિયર ક્લાર્ક	૪. સીનિયર ક્લાર્ક/સીનિયર ટાઇપિસ્ટ એકાઉન્ટ્સ ક્લાર્ક
૫. સ્ટોર-કીપર	૫. સ્ટોર-કીપર
૬. લેબોરેટરી આસિસ્ટન્ટ	૬. લેબોરેટરી આસિસ્ટન્ટ, હરબેરિયમ આસિસ્ટન્ટ
૭. જુનિયર ક્લાર્ક	૭. જુનિયર ક્લાર્ક, ક્લાર્ક ટાઇપિસ્ટ, વર્કમૅન, કૅશિયર, ઇલેક્ટ્રિશિયન, ટેલિફોન ઑપરેટર, ગેસમિકેનિક, મિકેનિક, પ્લાન્ટ ક્લેક્ટર
૮. ગેસમિકેનિક પ્લમ્બર	૮. માળી
૯. પ્યૂન (પટાવાળા)	૯. પટાવાળા, ચોકીદાર, સફાઈ કામદાર, ગ્રાઉન્ડમૅન, વૉચમૅન, હેલ્પર, વૉટરમૅન.
	૧૦. હેડપ્યૂન, લાઇબ્રેરી એટેન્ડન્ટ, પંપએટેન્ડન્ટ, ડુપ્લિકેટિંગ મશીનમૅન, ઇલેક્ટ્રિક વાયરમૅન
	૧૧. કમ્પાઉન્ડર
	૧૨. એકાઉન્ટન્ટ.

ઉપરની હકીકત જોતાં સરકારશ્રીએ કૉલેજમાં હાલ હકીકત ધરાવતી નીચેની પોસ્ટ અંગે કોઈ પગારધોરણો સ્પષ્ટ નથી કર્યાં જે તાકીદે સ્પષ્ટ થવાં જરૂરી છે :

(૧) એકાઉન્ટન્ટ, (૨) સીનિયર ટાઇપિસ્ટ, (૩) એકાઉન્ટ ક્લાર્ક, (૪) કેશિયર, (૫) ઇલેક્ટ્રિશિયન (વાયરમૅન), (૬) હેડપ્યૂન, (૭) માળી(બાગબાન), (૮) લાઇબ્રેરી એટેન્ડન્ટ, (૯) લાઇબ્રેરી ક્લાર્ક, (૧૦) ડુપ્લિકેટિંગ મશીનમૅન અને (૧૧) ચોકીદાર.

બિનસરકારી કૉલેજ કર્મચારીઓની બઢતીની તકોની જોગવાઈ ન હોવાથી થનું નુકસાન :

આ સરકારી જી.આર.માં એમ સૂચવ્યું છે કે સરકારી કૉલેજોમાં નૉન-ટીચિંગ સ્ટાફ માટે જે પગારધોરણો છે તે બિનસરકારી કૉલેજોના કર્મચારીઓને લાગુ પાડવાં. આ જોગવાઈ કરીને પણ કર્મચારીઓને નુકસાન કર્યું છે, કારણ કે

સરકારી કૉલેજના કર્મચારીઓને સરકારશ્રીના ગમે તે ખાતામાંથી આવતા હોય છે અને ગમે તે ખાતામાં બદલી થઈ જતી હોય છે તેમ જ તેમને માટે પ્રમોશનની તકો પણ હોય છે. જ્યારે કૉલેજ કર્મચારીઓ માટે આવી બઢતીની તકો (પ્રમોશન-એવન્યુ) નહિવત્ હોય છે એટલે કે જુનિયર ક્લાર્ક તરીકે જોડાયેલ કર્મચારી જુનિયર ક્લાર્ક તરીકે જ મોટા ભાગે રિટાયર્ડ થતો હોય છે. સીનિયર ક્લાર્ક સીનિયર ક્લાર્ક તરીકે અને અન્ય કેડરના કર્મચારીઓ તે જ કેડરમાં નિવૃત્ત થતા હોય છે.

તુલનાત્મક દૃષ્ટિએ જોતાં સંલગ્ન કૉલેજોમાં નોન-ટીચિંગ સ્ટાફની સંખ્યા સરકારી કૉલેજો કરતાં ઓછી હોય છે. પરિણામે કાર્યબોજ વધતો જાય છે તે ઉપર તો ધ્યાન અપાયું નથી અને તે અંગે સરકારશ્રી સમક્ષ અનેક રજૂઆતો કરવા છતાં તે તરફ દુર્લક્ષ સેવાયું છે તેની પણ અહીં નોંધ લેવા વિનંતી કરું છું.

સરકારી જી.આર.માં વેતન 'સ્પાન'નો ગેરલાભયુકત ઘટાડો :

સરકારશ્રીએ આ જી.આર.નાં પગારધોરણોમાં સ્પાન (span) પણ ઘટાડવામાં આવ્યા છે, જે નીચેની હકીકત પરથી પણ જોઈ શકાશે :

પગારધોરણો		
સરકારના		યુનિવર્સિટી મુજબ હાલ કૉલેજમાં ચૂકવાતાં
૧૩૦૦--૨૫--૬૫૦ ઈ.બી.	કાર્યાલય નિયામક	૬૫૦--૩૦--૭૪૦--૩૫--૭૧૦
૭૧૦--૩૦--૯૦૦.		ઈ.બી. ૪૫--૯૦૦
૪૨૫--૧૫--૧૩૦૦ ઈ.બી.	હેડક્લાર્ક અને	૪૨૫--૧૫--૧૩૦૦ ઈ.બી.
૧૫--૧૬૦--૨૦--૬૦૦ ઈ.બી.	એકાઉન્ટન્ટ	૧૫--૫૬૦--૨૦--૭૦૦ ઈ.બી.
૨૦--૭૦૦.		૨૫--૮૦૦
૩૩૦--૧૦--૩૮૦ ઈ.બી.	સ્ટોર-કીપર	૪૨૫--૧૫--૧૩૦૦ ઈ.બી.
૧૨--૪૪૦ ઈ.બી. ૧૫--૧૬૦		૧૫--૧૬૦--૨૦--૬૦૦ ઈ.બી. ૭૦૦.
૨૬૦--૬--૩૦૮ ઈ.બી.	લેબોરેટરી આસિસ્ટંટ	૨૮૫--૧૫--૩૦૦--૧૦ ઈ.બી.
૬--૩૨૬--૮--૩૫૦ ઈ.બી.	અને જુનિયર ક્લાર્ક	૧૫--૧૫૫૦--૨૦--૬૩૦
૮--૩૯૦--૧૦--૪૦૦.		(સરકારશ્રીને ભલામણ કરેલ છે.)
૪૨૫--૧૫--૧૩૦૦ ઈ.બી. ૧૬૦	ગ્રંથપાલ	૧૨૫--૨૫--૭૦૦ ઈ.બી.
૨૦--૬૦૦ ઈ.બી. ૨૦--૭૦૦.		૨૫--૭૫૦--૩૦--૯૦૦.

આ સ્થાનના ઘટાડાથી કર્મચારીને આર્થિક નુકસાન વેઠવું પડે તેમ છે તેથી યુનિવર્સિટીએ નિયત કરેલાં પગારધોરણો સત્વરે અમલમાં આવવાં જોઈએ, તો જ આર્થિક નુકસાનમાંથી મુકત થઈ શકાય તો તે વાત ધ્યાનમાં લેવા વિનંતી છે

નીચાં પગારધોરણો અને ઓછા ઈજાફાથી થતું નુકસાન :

હવે સરકારશ્રીએ જે પોસ્ટનાં પગારધોરણો નક્કી કર્યાં છે તે કર્મચારીઓને હાલ મળતાં પગારધોરણોથી ઓછાં પગારધોરણો નક્કી કર્યાં છે તે તરફ આપનું ધ્યાન દોરું છું :

ગ્રંથપાલ :—કૉલેજોમાં હાલ ગ્રંથપાલોને રૂ. ૩૦૦--૨૫--૬૦૦નું પગારધોરણ મળે છે. હવે સરકારશ્રીનું નવું પગારધોરણ ૪૨૫--૧૫--૧૩૦૦--ઈબી--૧૫--૧૬૦--૨૦--૬૦૦ છે. જે તદ્ન અયોગ્ય છે; કારણ કે કર્મચારીને નવો

પગાર મળે ત્યારે અગાઉ અને વર્ષાથી મળતા પગારના વાર્ષિક ઇજાફા કરતાં ઓછો ઇજાફો મળે તે વાજબી છે જ નહીં. સરકારશ્રીએ ઓછા ઇજાફાની જોગવાઈ કરી હોવાથી કર્મચારીને કેવું નુકસાન જાય તે નીચેનો દાખલો જોવાથી સ્પષ્ટ થશે :

	હાલ મળતો પગાર	નવા જી. આર. મુજબ પગાર આપતાં
	૪૨૫	૪૨૫
પ્રથમ ઇજાફો ઉમેરતાં	૨૫	૧૫
બીજો ઇજાફો ઉમેરતાં	૨૫	૧૫
	૪૭૫	૪૫૫

સરકારશ્રીએ ગ્રંથપાલ માટે જી. આર. મુજબ પગારધોરણ ચૂકવાય તો ઉપર મુજબ નુકસાન થાય. આથી યુનિવર્સિટીએ એકિઝકયુટિવ કાઉન્સિલની ઓક્ટોબરની સભામાં ભલામણ કર્યા મુજબ ૫૫૦--૨૫--૭૦૦--ઈબી--૨૫--૭૫૦--૩૦-૯૦૦નો નક્કી કરાવી તેમને થતો અન્યાય દૂર કરાવવો જરૂરી છે.

૨. લેબોરેટરી આસિસ્ટંટ :

લેબોરેટરી આસિસ્ટંટનું પગારધોરણ ૨૬૦--૬--૩૦૮--ઈબી--૬--૩૨૬--૮ નક્કી કરતાં સરકારશ્રીએ ઉચ્ચ શિક્ષણનો કશો જ વિચાર કર્યો લાગતો નથી; કારણ કે કૉલેજોના લેબોરેટરી આસિસ્ટંટને સ્નાતક/અનુસ્નાતક કક્ષા સુધીની આખી લેબોરેટરીનું સંચાલન કરવાનું હોય છે. તેમાં કેટલુંક કામ તો ડેમોસ્ટ્રેટરને પણ મુશ્કેલી પડે તેવું હોય છે. હવે સરકારશ્રી દ્વારા જ્યારે ઉચ્ચતર માધ્યમિક શાળામાં લેબોરેટરી કો-ઑર્ડિનેટર માટેના પગાર રૂ. ૩૩૦--૮-૩૭૦--ઈબી--૧૦--૪૨૦નો નક્કી કર્યો છે ત્યારે ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થામાં તે કરતાં વધુ કામ હોવા છતાં ઓછું પગારધોરણ નક્કી કરી, કુદરતી ન્યાયની વિરુદ્ધનું પગલું ભર્યું છે જે અયોગ્ય છે. તો તેમાં યોગ્ય પગારધોરણ યુનિવર્સિટીએ ભલામણ કર્યા મુજબ ૨૮૫--૫--૩૦૦--૧૦--૪૦૦--ઈબી--૧૫--૫૫૦--૨૦--૬૩૦નું મંજૂર કરવા વિનંતી છે.

પગાર 'અમલ'ની નક્કી થતી અયોગ્ય તારીખ :

આ ઉપરાંત સરકારશ્રીએ આ જી. આર.નો અમલ તા. ૧--૪--૧૯૭૭થી કરવો ઠરાવી કર્મચારીઓની વાજબી ન્યાયી માગણીઓને ઠુકરાવી આર્થિક નુકસાનની ખાઈમાં ડુબાડી દીધા છે અને સરકારશ્રીએ પોલ કમિશને કરેલી ભલામણનો લગભગ અસ્વીકાર કર્યા છે. કારણ કે પોલ કમિશનના હેવાલમાં સ્પષ્ટ કહ્યું છે કે The Desai Pay commissions scales of pay may be extended to the non-teaching staff of affiliated college. This is justified in view of the introduction of UGC scales of pay to the teaching staff.

પોલ કમિશનની ભલામણ અનુસાર સરકારશ્રી આ પગારધોરણો આપવાનું સ્વીકારે છે તેનો અર્થ સ્પષ્ટ જ છે કે જે તે તારીખે યુ.જી.સી. સ્કેલ ટીચિંગ સ્ટાફને મળે તે જ તારીખે કૉલેજોના બિનશિક્ષક કર્મચારીને દેસાઈ પંચનાં પગારધોરણો મળવાં જોઈએ.

આ સાથે જ્યારે ગુજરાતના જે તે સંસ્થાઓના કર્મચારીઓને દેસાઈ પગારધંચના લાભો તા. ૧–૧–૧૯૭૩થી જ આપ્યા છે. જેથી આ કર્મચારીઓને પણ યુનિવર્સિટી એક્ટમાં સમાવ્યા ત્યારથી એટલે કે તા. ૧–૧–૧૯૭૩થી મળવાં જોઈએ. તો સરકારશ્રી દ્વારા આ તારીખમાં તાકીદે સુધારો થાય અને ગુજરાતભરમાં ફક્ત આ જ કર્મચારીઓને છેલ્લાં ૨૫ વર્ષ દરમિયાન થઈ રહેલા અન્યાયો દૂર કરવા વિનંતી છે.

બાકી મોંઘવારી ભથ્થાંની રકમ :

અને આપશ્રીના ધ્યાન ઉપર એ હકીકત લાવવા માગીએ છીએ કે સરકારશ્રી દ્વારા તા. ૧–૫–૧૯૭૪થી આજ સુધી જાહેર કરેલાં તમામ મોંઘવારી ભથ્થાં આ કર્મચારીઓને કૉલેજોએ નહીં ચૂકવી આ કર્મચારીઓની કફોડી સ્થિતિ કરેલી છે. તેઓ જો સરકારશ્રી તા. ૧–૪–૧૯૭૭થી પગારધોરણો ચૂકવવા ઉપર ગ્રાન્ટ મળશે તેવો જી.આર. બહાર પાડી સૂર પુરાવે તો શિક્ષણજગતમાં અંધાધૂંધી સિવાય બીજું કશું ઊભું ન થાય.

આ વાત આપને મારે એટલા માટે કહેવાની છે કે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ બિનશિક્ષક કર્મચારીઓમાં કૉલેજ પટાવાળાને સરેરાશ માસિક રૂ. ૪૫ અને ક્લાર્ક, હેડક્લાર્કને માસિક સરેરાશ રૂ. ૬૫ જેટલી રકમ આજે પગારમાં છેલ્લાં ત્રણ વર્ષથી ઓછી મળે છે. જે રકમ માટે અમે હકદાર હોવા છતાં અમને મળી નથી ત્યાં સરકારશ્રી દ્વારા આવો અયોગ્ય જી.આર. બહાર પડે તો કર્મચારીઓની બૂરી દશા થાય.

યુનિવર્સિટીએ નક્કી કરેલ પગારધોરણોનો સ્વીકાર જ એકમાત્ર વિકલ્પ :

આમ અમને પગારધોરણના ઉપરોક્ત જી.આર.માં જે સ્પષ્ટ અન્યાય થયો છે તે નિવારવા નીચેનો વિકલ્પ રહે છે અને તે એ છે કે યુનિવર્સિટીએ આજસુધી કૉલેજ બિનશિક્ષક કર્મચારીઓ માટે ઘડેલા નિયમો, પગારધોરણો, ભથ્થાંઓ, સવલતો ઇત્યાદિ (યુનિવર્સિટીના કર્મચારીઓને જે મુજબ લાભો મળે છે અને જે પણ દેસાઈ પંચે જ નક્કી કરેલ છે) મુજબ કૉલેજ કર્મચારીઓને ચૂકવવાં અને સરકારશ્રીએ તે મુજબ જ ગ્રાન્ટને પાત્ર ગણવા માટેનો સુધારો સરકારશ્રી તરફથી તાકીદે બહાર પડે તે માટે આગામી એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં અમારા પ્રશ્નો મૂકી સરકારશ્રી ઉપર દબાણ લાવવા અનુરોધ છે. આમ કરવાથી યુનિવર્સિટીએ સ્વીકારેલ નીતિ મુજબ પગારધોરણો વિગેરે મળતાં કર્મચારીઓને કોઈ આર્થિક નુકસાન થશે નહિ.

યુનિવર્સિટી સ્વાયત્તતામાં મુકાયેલો કાપ :

આ તબક્કે વધુમાં વધુ અમે આપની સમક્ષ એ હકીકત રજૂ કરવાની તક લઈએ છીએ કે જ્યારે રાજ્યની વિધાન ઘડતી સર્વોચ્ચ સત્તાઓ "વિધિ" (ઍક્ટ) ઘડી યુનિવર્સિટીને તેની સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓનાં પગારધોરણો, ભથ્થાંઓ, સવલતો ઇત્યાદિ નિયત કરવાની સત્તા આપી છે એ સંજોગોમાં ગ્રાન્ટનું હથિયાર બતાવી કર્મચારીઓની ન્યાયી વાજબી માગણીઓ ઠુકરાવી રાજ્ય સરકાર યુનિવર્સિટીની "સ્વાયત્તતા"માં કાપ મૂકે તે તદ્દન અનુચિત છે. સરકારશ્રી અન્ય સ્વાયત્ત સંસ્થાઓની સ્વાયત્તતા પર કાપ મૂકવાનું વિચારતી નથી અને આપની અને તેથી વિશેષ તો યુનિવર્સિટીની સ્વાયત્તતા પર કાપ મૂકવાની ચેષ્ટા યુનિવર્સિટીના ગૌરવને ઝાંખી રૂપ છે.

૨૫ વર્ષો સુધી કર્મચારીઓને યોગ્ય પગારો ન ચૂકવાયા હોય ત્યારે વાજબી પગારો ચૂકવવા આર્થિક દબાણના હથિયારનો એવો ઉપયોગ કરવો લોકશાહીમાં માનતી સરકાર માટે લાંછનરૂપ છે.

કૉલેજ કર્મચારીઓ પણ ઉચ્ચ શિક્ષણમાં મહત્ત્વનો ફાળો આપે છે અને શિક્ષણ એ રાજ્યની મુખ્ય જવાબદારી છે ત્યારે વર્ષોથી જેમનું શોષણ થયું છે તેવા કર્મચારીઓને સરકારે સ્વીકારેલી નીતિ મુજબ યોગ્ય પગારધોરણો, લાભો યોગ્ય તારીખથી મળવા જ જોઈએ.

અમારી રજૂઆતનું સમાપન કરતાં ફક્ત ફરી વિનંતી કરીએ કે પગારધોરણોની સુધારણા યોગ્ય રીતે થઈ છે તેવું કર્મચારી પણ અનુભવી શકે તે પ્રમાણે અમે જણાવ્યા મુજબના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં આવે તેવી અપેક્ષા.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,
બિપિન ર. શાહ
કન્વીનર.

બિડાણ : યુનિવર્સિટીનો તા. ૧૭--૫--૧૯૭૭નો કૉલેજોને આદેશ
આપતો ધારાસભાએ ઘડેલા યુનિવર્સિટી ઍક્ટ ધારા એકિઝ. કાઉન્સિલને
મળેલી સત્તાને આધારે પગારધોરણો અંગેનો
ક્રમાંક ઍકેડેમિક/બિનશિક્ષક/૨૩૦૯૩/૧૯૭૭.

ઍકેડેમિક-બિનશિક્ષક-૨૩૦૯૩-૧૯૭૭
અમદાવાદ–૯, તા. ૧૭-૧૧-૧૯૭૭

પ્રતિ
સંલગ્ન કૉલેજોના આચાર્યો તથા
માન્ય સંસ્થાઓના વડાઓ

વિષય—સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, ભથ્થાં વિગેરેના અમલ બાબત.

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

સને ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ નં.૬ થી સુધારાયેલી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની કંડિકા ૩૯થી એકિઝકયુટિવ કાઉન્સિલને મળેલી સત્તાને આધારે તેણે તેની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં ઠરાવ નં. ૮૮ અને તા. ૨૩-૪-૧૯૭૭ની સભાના ઠરાવ નં. ૫૬ થી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓ માટે પગારધોરણો વિગેરે અંગે કરેલા ઠરાવો અન્વયે આથી તમામ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવાનું કે નીચે મુજબનાં પગારધોરણો બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને ચૂકવી આપી તેની જાણ આ કાર્યાલયને તાત્કાલિક કરવી :

નં.	કેડર	પગારધોરણ
૧.	કાર્યાલય નિયામક	રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૭૧૦-ઈ.બી.૪૫-૯૦૦
૨.	હેડક્લાર્ક	રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈ.બી.૧૫-૫૬૦-૨૦-૭૦૦-ઈ.બી.૨૫-૮૦૦
૩.	સીનિયર કલાર્ક, સીનિયર ટાઇપિસ્ટ, એકાઉન્ટ્સ કલાર્ક	રૂ. ૩૩૦-૧૦-૩૮૦-ઈ.બી.૧૨-૪૪૦-ઈ.બી.૧૫-૫૬૦
૪.	લેબોરેટરી આસિસ્ટન્ટ, હરબેરિયમ આસિસ્ટન્ટ,	રૂ. ૨૬૦-૮-૩૦૮-ઈ.બી.૮-૩૪૦-૧૦-૩૬૦-ઈ.બી.૧૦-૪૩૦
૫.	સ્ટોરકીપર	રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈ.બી. ૧૫-૧૬૦-૨૦-૬૦૦-ઈ.બી. ૨૦ -૭૦૦

નં.	કેડર	પગારધોરણ
૬.	જુનિયર ક્લાર્ક, ક્લાર્ક-ટાઈપિસ્ટ, વર્કમેન, કેશિયર, ટેલિફોન ઑપરેટર, ઈલેકિટ્રશિયન, ગેસ મિકેનિક મિકેનિક, પ્લાન્ટ ક્લેકટર,	રૂ. ૨૬૦-૬-૩૦૮-ઈ.બી. ૬-૩૨૬-૮-૩૫૦-ઈ.બી. ૮-૩૯૦ -૧૦-૪૦૦
૭.	હેડપ્યૂન, લાઈબ્રેરી એટેન્ડન્ટ પમ્પ એટેન્ડન્ટ, ડુપ્લિકેટિંગ મશીનમેન	રૂ. ૨૧૦-૪-૨૫૦-૫-૨૭૦
૮.	માળી	રૂ. ૨૦૦-૩-૨૦૬-૪-૨૫૦
૯.	પટાવાળા, ચોકીદાર, સફાઈ કામદાર, ગ્રાઉન્ડમેન-કમ-વૉચમેન-, હેલ્પર, વૉટરમેન	રૂ. ૧૯૬-૩-૨૩૨
૧૦.	ઈલેકિટ્રક વાયરમેન	રૂ. ૩૫૦-૧૨-૪૧૦-ઈ.બી. ૧૨-૪૭૦-ઈ.બી. ૧૫-૫૬૦
૧૧.	કમ્પાઉન્ડર	રૂ. ૩૩૦-૧૦-૩૮૦-ઈ.બી. ૧૨-૪૪૦-ઈ.બી. ૧૫-૫૬૦

૧૨. જે કૉલેજોમાં એકાઉન્ટન્ટની જગ્યા છે તેના પગારધોરણ અંગે આખરી નિર્ણય થયેથી જાણ કરવામાં આવશે.

૧૩. ગ્રંથપાલના નવા પગારધોરણ અંગે રાજ્ય સરકારનો નિર્ણય આવ્યેથી યુનિવર્સિટી નિર્ણય લઈને જાણ કરશે.

૧૪. આ પગારધોરણો ઉપરાંત સરકારશ્રીના તા. ૨૩-૬-૧૯૭૬ના જી.આર.પી.સી.આર. ૩૦૭૫-૮૬-એમ. ના શેડ્યુલ ૩ માં જણાવ્યા મુજબ મોંઘવારી ભથ્થાં, ઘરભાડું, સી.એલ.એ. વિગેરે મંજૂર કરવામાં આવેલ હોઈ તે મુજબ ચુકવણી કરવાની રહેશે. (તા. ૩૧-૧૨-૧૯૭૨થી જે જે મોંઘવારી ભથ્થાના દરો સુધારવામાં આવેલા છે તેની જાણ આ અગાઉ કૉલેજોને -માન્ય સંસ્થાઓને કરવામાં આવી છે તો તે પ્રમાણે ગણતરી કરવી).

૧૫. કેશિયરને રૂ. ૧૫ માસિક કૅશ એલાવન્સ આપવામાં આવે.

૧૬. અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષાઓ ટાઈપ કરનાર ટાઈપિસ્ટને માસિક રૂ. ૧૦નું એલાવન્સ આપવામાં આવે.

૧૭. કેમિસ્ટ્રી વિભાગમાં કામ કરતા પટાવાળાઓને માસિક રૂ. ૧૦નું દૂધ એલાવન્સ આપવું.

૧૮. ઉપર જણાવેલ પગારધોરણો અને ભથ્થાઓનો અમલ તા. ૧-૧-૧૯૭૩થી કરવાનો રહેશે.

૧૯. પગાર ફિકશેશન અંગે કૉલેજ/માન્ય સંસ્થાએ નીચે મુજબ ગણતરી કરવાની છે:

તા. ૧-૧-૧૯૭૩નો મૂળપગાર રૂ. .....
તા. ૩૧-૧૨-૧૯૭૨નું ડી.એ. રૂા. .....
વચગાળાની રાહત રૂ. .....

વેઈટેજ ૧ ટકા
(ઓછામાં ઓછા રૂ. ૧૧
વધુમાં વધુ રૂા. ૫૦) રૂ. .....
જો કુલ સરવાળા પછી જે
રકમ આવે તે સૂચિત પગાર-
ધોરણનું પગથિયું હોય,
(સરવાળો) કુલ રૂ. ---------

જો કુલ સરવાળા પછી જે રકમ આવે તે સૂચિત પગારધોરણનું પગથિયું હોય, તો તે રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી. પરંતુ જો તે રકમ સૂચિત પગારધોરણનું પગથિયું ન હોય તો તે પછીના તરતના ઉપલા પગથિયાની રકમ પગાર તરીકે નક્કી કરવી.

૨૦. પગારધોરણ તફાવતની રકમની ચુકવણી રાજ્ય સરકાર/યુનિવર્સિટીના કર્મચારીઓના ધોરણે કરવી.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૮-૩-૧૯૭૪ના પરિપત્રાંક સિં. ૨-૦૨૮૬૫૦માં દર્શાવ્યા છે તે મુજબ જે તે કક્ષા માટે જે પગારધોરણો નિર્દિષ્ટ કર્યાં હતાં તેની ગણતરી ધ્યાનમાં લઈને નવું પગારધોરણ નિયત કરવું.

૨૨. ઉપરોક્ત નવાં પગારધોરણો, ભથ્થાં ઈત્યાદિનો અમલ કરવો આવશ્યક છે તેમ કૉલેજો તથા માન્ય સંસ્થાઓને આથી જણાવવામાં આવે છે.

૨૩. પગારધોરણ સ્વીકારવાની તારીખ નવા કે જૂના પગારમાં રહેવા માંગે છે કે નવા પગારધોરણમાં રહેવા માંગે છે તે માટે વિકલ્પ (ઓપ્શન) રાખવાની છૂટ આપવી.

૨૪. આ અંગે આપને તા. ૧-૪-'૭૭ના પત્ર નં. ઍકેડેમિક બિનશિક્ષક-પગાર/૧૧૧૦૮--૭૭થી અને તા. ૧૬-૪-૧૯૭૭ના પત્ર નં. ઍકેડેમિક/બિનશિક્ષક-૧૮૯૫૧૧/૭૭થી ચૂકવી આપવા જણાવેલ છે. કેટલીક કૉલેજોએ સ્પષ્ટતા માંગી હોવાથી આ સ્પષ્ટતા કરવામાં આવે છે.

યુનિવર્સિટીની ઉપરોક્ત સૂચનાઓનું પરિપાલન કરીને આપની કૉલેજ/માન્ય સંસ્થાના બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓ માટે ઉપર જણાવેલ પગારધોરણો, ભથ્થાં, ઈત્યાદિનો ત્વરિત અમલ કરશો અને તેમ કર્યાની જાણ આ કાર્યાલયને વળતી ટપાલે કરશો.

આભાર સહ,

લિ. આપનો વિશ્વાસુ,
(સહી) કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "૪"

શ્રી. શરદ પટેલના પ્રશ્ન ક્રમાંક (૨૪) અંગેની માહિતી :

તા. ૮-૧-૧૯૭૭ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની બાબત ક્રમાંક ૭૮થી વિચારણા માટે મૂકવામાં આવેલા (૧) થી (૫) અને (૯) પ્રસ્તાવો :

પ્રસ્તાવ ૧ :

"યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે રાજ્ય સરકારશ્રીએ યુનિવર્સિટીને તેના જી.આર. ક્રમાંક પી.સી.આર. ૩૦૭૫-૮૬-એમ, તા. ૨૩-૬-૧૯૭૬થી નવાં પગારધોરણોનો અમલ કરવાનું જણાવતાં યુનિવર્સિટીએ તેમ કર્યું છે, પણ સૂચવેલાં પગારધોરણો વ.માં નાના અને ટૂંકી આવક ધરાવતા કર્મચારીઓ માટે સૂચવેલાં નવાં પગારધોરણોમાં સીલિંગ તથા મળતા ઈજાફાઓ પણ ઘટાડી નાંખવામાં આવ્યા છે. આ બાબતમાં સમગ્ર પ્રશ્નો અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે તેના આવેદનપત્રાંક ૨૧૯૦, તા. ૧૩-૧૦-૧૯૭૬થી કુલપતિશ્રી સમક્ષ કરેલી વિગતવાર રજૂઆતો લક્ષમાં લઈ મજકૂર આવેદનપત્રમાં કરવામાં આવેલી ન્યાયી અને વાજબી રજૂઆતો ઉપર સંપૂર્ણ સહાનુભૂતિથી વિચારણા કરી કર્મચારીઓની વાજબી રજૂઆતો સ્વીકારવા ગુજરાત યુનિવર્સિટી એક્ઝિકયુટિવ કાઉન્સિલની આ સભા પ્રજાકીય રાજ્ય સરકારશ્રીને ભારપૂર્વક ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૨ :

"This meeting of the Gujarat University Executive Council strongly recommends to the State Government that the Section 16–Class II–Ordinary members–Sub-section B (ii) be amended to read as under—

Five representatives of the members of non-teaching staff out of which two shall be from the University and other three shall be from affiliated colleges including recognised institutions and approved institutions to be elected in the manner specified in Statutes.

Provided that for purpose of election of Ordinary members a person entitled to stand as a candidate or to vote in more than one constituency shall, before such date as may be appointed by Statutes, elect the constituency from which he desires to stand as a candicate or to vote at the election and shall not be entitled to stand or to vote in more than one constituency."

પ્રસ્તાવ ૩ :

"This meeting of the Gujarat University Executive Council strongly recommends to the State Government that following sub-section be added to Section 19(1) as sub-section (xiii) :

" Two representatives of the members of the non-teaching staff out of which one shall be from the University staff and the other one shall be from affiliated colleges including recognised institutions and approved institutions staff elected by the Court from amongst its members."

પ્રસ્તાવ ૪ :

"યુનિવર્સિટીમાં મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, લોકલ કોમ્પેનસેટરી ભથ્થું જેવાં ભથ્થાંઓ શિક્ષક કર્મચારીઓ અને બિનશિક્ષક કર્મચારીઓને કોઈ પણ જાતના ભેદભાવ વિના એક જ ધોરણે આપવામાં આવે છે. મોંઘવારી ભથ્થું જીવનધોરણની સમતુલા જળવાય તે હેતુસર આપવામાં આવતું હોઈ આ ભથ્થું ચૂકવવામાં કર્મચારી-કર્મચારી વચ્ચે ભેદભાવ રાખવો વાજબી નથી તેમ આ સભા દ્રઢપણે માને છે. તા. ૧-૧-૧૯૭૩ બાદ પણ આ ભથ્થું શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને એક જ ધોરણે ચૂકવવાનું હવે શરૂ થયું છે. પણ તા. ૧-૪-૧૯૬૭થી તા. ૩૧-૧૨-૧૯૭૨ના ગાળા દરમ્યાન બિનશિક્ષક કર્મચારીઓને મર્જ્ડ સ્કેલ ઉપર મર્જ્ડ મોંઘવારી ભથ્થું ચૂકવવાનો અને શિક્ષક કર્મચારીઓને તા. ૧-૪-૧૯૬૬થી મર્જ્ડ સ્કેલ ઉપર અનમર્જ્ડ મોઘવારી ભથ્થું ચૂકવવાનો નિર્ણય લઈ તેનો અમલ કરી યુનિવર્સિટીએ/રાજ્ય સરકારે આ ભથ્થું પણ ચૂકવવામાં એક જ સંસ્થામાં કામ કરતા કર્મચારી–કર્મચારી વચ્ચે જે ભેદભાવ ઊભો થયેલ છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને બિનશિક્ષક કર્મચારીઓને પણ શિક્ષક કર્મચારીઓની માફક તા. ૧-૬-૧૯૬૭થી તા. ૩૧-૧૨-૧૯૭૨ના ગાળા દરમ્યાન મર્જ્ડ સ્કેલ ઉપર અનમર્જ્ડ મોંઘવારી ભથ્થું મળવું જોઈએ અને તેઓને તે મુજબ આ ગાળા દરમ્યાનના મોંઘવારી ભથ્થાનો ડિફરન્સ ચુકવણીમાં આપી તા. ૧-૬-૧૯૬૭થી તા. ૩૧-૧૨-૧૯૭૨ના ગાળા દરમિયાન આ ભથ્થું ચૂકવવામાં જે અસમાનતા થયેલી છે તે સત્વરે દૂર કરવા ગુજરાત યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આ સભા પ્રજાકીય રાજ્ય સરકારશ્રીને ભારપૂર્વક ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૫ :

"યુનિવર્સિટીના ક્વાર્ટર્સમાં રહેતા ઘણી જ ઓછી આવક ધરાવતા ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી ટોકન રૂ. ૧-૦૦ ઘરભાડું લઈ તેમને યુનિવર્સિટીનાં રહેઠાણો રહેવા માટે આપવાં."

પ્રસ્તાવ ૬ :

"યુનિવર્સિટીમાં બિનશિક્ષક કર્મચારીઓને પ્રમોશનની ઘણી જ જૂજ તકો હોવાથી જુનિયર ક્લાર્ક ૧૫ વર્ષ સુધી જુ. ક્લાર્ક જ રહેવા પામે છે. આ જોતાં કર્મચારીઓને પ્રમોશનની થોડી તકો મળે તે માટે પ્રમોશનવાળી જગ્યાઓ નવી ઉઘાડવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા આ સભા ઠરાવે છે."

પરિશિષ્ટ "૧"

શ્રી શરદ પટેલના પ્રશ્ન ક્રમાંક (૩૭) અંગેની માહિતી

ક્રમાંક	ચોથા વર્ગના કર્મચારીનું નામ	હોદ્દો	કર્મચારીનો મૂળ પગાર રૂ.	પર્સનલ પે રૂ.	ભાડાની કપાત રૂ. પૈસા	રિમાર્ક
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	શ્રી. પી. જી. ઝાલા	ખ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૮૯	૩૨—૧૦	
૨.	,, એન. ડી. ચૌધરી	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૩.	,, પી. ડી. ખત્રી	,,	૨૧૦	૭૧	૩૨—૧૦	
૪.	,, એન. ડી. ગરાસિયા	,,	૨૩૨	૮૯	૩૨—૧૦	
૫.	,, પી. બી. ચૌહાણ	નાયક	૨૧૦	૭૧	૩૨—૧૦	
૬.	,, જી. એન. આંબળા	હવાલદાર	૨૭૦	૬૭	૩૩—૭૦	
૭.	,, ગુરુદીન એસ. જાદવ	હેડ માળી	૩૧૧	—	૩૧—૫૦	
૮.	,, રામશરણ ભગવતી	માળી	૨૧૦	૫૧	૩૦—૧૦	
૯.	,, જી. બી. જાદવ	ખ્યૂન	૨૭૧	—	૨૭—૫૦	
૧૦.	,, વી. એસ. પટેલ	ખ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૮૯	૩૨—૧૦	
૧૧.	,, એમ. એલ. ચૌધરી	ખ્યૂન	૨૩૨	૬૯	૩૦—૧૦	
૧૨.	,, એન. એલ. વાઘેલા	નાયક	૨૧૦	૭૧	૩૨—૧૦	
૧૩.	,, એમ. બી. ઝાલા	ખ્યૂન	૨૩૨	૬૯	૩૦—૧૦	
૧૪.	,, આર. બી. સોલાર	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૧૫.	,, એમ. જી. મરાઠા	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૧૬.	,, એમ. ડી. ચૌધરી	,,	૨૩૨	૮૯	૩૨—૧૦	
૧૭	,, બી. એચ. નાઈ	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૧૮.	,, એસ. એન. ત્રિવેદી	,,	૨૭૫	—	૨૭—૫૦	
૧૯.	,, એસ. એન. ઉત્તકેર	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૨૦.	,, જે. કે. પટેલ	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૨૧.	,, બી. એન. પટેલ	,,	૨૩૨	૬૯	૩૨—૧૦	
૨૨.	,, ડી. બી. ગોવિંદાણી	,,	૨૭૦	૫૧	૩૨—૬૦	
૨૩.	,, સી. પી ચૌહાણ	,,	૨૩૨	૬૯	૩૨—૧૦	
૨૪.	,, એન. એ. જાદવ	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૨૫.	,, સી. કે. વાઘેલા	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	

૧	૨	૩	૪	૫	૬	૭
૨૬.	શ્રી. કે. પી. ડોડિયા	પ્યૂન	૨૩૨	૬૯	૩૦—૧૦	
૨૭.	,, ડી. એલ. ચૌહાણ	વૉચમૅન	૨૩૨	૫૭	૨૮—૯૦	
૨૮.	,, રામરતન સોમાઈ	માળી	૨૫૦	૫૧	૩૦—૧૦	
૨૯.	,, કે. જે. વડોદરા	પ્યૂન	૨૩૨	૫૧	૩૦—૧૦	
૩૦.	,, એમ. આર. મેનન	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૩૧.	,, દિગપાલ રામકરણ	માળી	૨૫૦	૫૧	૩૦—૧૦	
૩૨.	,, ડી. એમ. પાટીલ	વૉર્ડબૉય	૨૯૯	—	૨૯—૯૦	
૩૩.	,, આઈ. એ. વાઘેલા	પ્યૂન	૨૩૨	૬૯	૩૦—૧૦	
૩૪.	,, આર. સી. તિવારી	,,	૨૩૨	૬૯	૩૦—૧૦	
૩૫.	,, જી. એલ. ચૌહાણ	વૉચમૅન	૨૭૪	—	૨૭—૪૦	
૩૬.	,, સી. એમ. પવાર	,,	૨૩૨	૨૧	૨૫—૩૦	
૩૭.	,, રામદીન અનંગ	માળી	૨૫૦	૫૧	૩૦—૧૦	
૩૮.	,, બચુ મનબોથ	,,	૨૫૦	૫૧	૩૦—૧૦	
૩૯.	,, હજારીસીંગ પી. ચૌહાણ	વૉચમૅન	૨૪૩	—	૨૪—૩૦	
૪૦.	,, સી. એમ. પટેલ	પ્યૂન	૨૩૨	૬૯	રેન્ટ ફ્રી	
૪૧.	,, વિશ્વનાથ મહોળ	,,	૧૯૯	—	,,	
૪૨.	,, બી. એમ. વૈશ્ય	વૉર્ડબૉય	૨૩૨	૮૯	,,	
૪૩.	,, ડી. જે. ચૌધરી	,,	૩૭૦	—	,,	
૪૪.	,, રામરતન ફેરાઈ	માળી	૨૪૮	—	,,	
૪૫.	,, કે. ડી. કડિયા	ડ્રાઇવર	૪૦૦	—	,,	
૪૬.	,, જી. જે. પરમાર	,,	૪૦૦	—	,,	
૪૭.	,, બી. આર. ગોસ્વામી	,,	૨૮૪	—	,,	

પરિશિષ્ટ " ૬ "

શ્રી. શરદ પટેલના પ્રશ્ન (૪૦) અંગેની માહિતી

ક્રમાંક	ચોથા વર્ગના કર્મચારીનું નામ	હોદ્દો	નવું પગારધોરણ સ્વીકાર્યા બાદ છેલ્લા પગથિયે પહોંચી ગયા છે તે પગાર	કઈ તારીખે
૧	૨	૩	૪	૫
			રૂપિયા	તારીખ
૧.	શ્રી. ગોવિંદ જે. પરમાર	ડ્રાઈવર	૪૦૦	૧-૧-'૭૩ થી
૨.	,, કે. ડી કડિયા	,,	૪૦૦	૧-૭-'૭૩ થી
૩.	,, ટી. આર. કડિયા	જમાદાર	૨૭૦	૯-૧૨-'૭૪ થી
૪.	,, કે. એમ. નાઈ	હવાલદાર	૨૭૦	૧-૭-'૭૫ થી
૫.	,, પી. કે. કડિયા	,,	૨૭૦	૧-૭-'૭૫ થી
૬.	,, જી. એન. આંબળા	,,	૨૭૦	૧-૭-'૭૫ થી
૭.	,, એન. એલ. વાઘેલા	નાયક	૨૫૦	૧-૧૦-'૭૩ થી
૮.	,, પી. ડી. ખત્રી	,,	૨૫૦	૧-૧૦-'૭૩ થી
૯.	,, કે. બી. પટેલ	,,	૨૫૦	૧-૧૦-'૭૩ થી
૧૦.	,, જે. આર. ચાવડા	,,	૨૫૦	૧-૧૦-'૭૩ થી
૧૧.	,, વી. એસ. પટેલ	પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૧-૮-'૭૫ થી
૧૨.	,, બી. એન. કડિયા	,,	૨૩૨	૧-૮-'૭૫ થી
૧૩.	,, આર. વી. સેલાર	પટાવાળા	૨૩૨	૧-૭-'૭૩ થી
૧૪.	,, એન. એલ. ચૌધરી	,,	૨૩૨	૧-૮-'૭૩ થી
૧૫.	,, આર. એસ. પારેખ	,,	૨૩૨	૧-૭-'૭૩ થી
૧૬.	,, જે. કે. પટેલ	,,	૨૩૨	૨૦-૪-'૭૬ થી
૧૭.	,, કે. આર. પ્રજાપતિ	,,	૨૩૨	૨૨-૪-'૭૬ થી
૧૮.	,, એન. કે. પરમાર	,,	૨૩૨	૨૫-૪-'૭૬ થી
૧૯.	,, આર. કે. પારધી	,,	૨૩૨	૧-૭-'૭૬ થી
૨૦.	,, એન. ડી. ચૌધરી	,,	૨૩૨	૧-૭-'૭૩ થી
૨૧.	,, પી. એમ. મકવાણા	ડુપ્લિકેટિંગ મશીનમૅન	૨૭૦	૩૦-૧૦-'૭૪ થી
૨૨.	,, જે. એસ. પ્રજાપતિ	પટાવાળા	૨૩૨	૧-૭-'૭૩ થી

૧	૨	૩	૪	૫
			રૂપિયા	તારીખ
૨૩.	શ્રી. આર. એસ. સીરસાર	પટાવાળા	૨૩૨	૧૩—૧—'૭૪ થી
૨૪.	,, એમ. વી. ઝાલા	,,	૨૩૨	૧૪—૩—'૭૪ થી
૨૫.	,, જી. એમ. પરમાર	પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૧—૭—'૭૫ થી
૨૬.	,, ડી. આર. પ્રજાપતિ	પટાવાળા	૨૩૨	૧—૭—'૭૩ થી
૨૭.	,, આર. એન. નાડિયા	,,	૨૩૨	૨૩—૪—'૭૬ થી
૨૮.	,, પી. જી. ઝાલા	પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૨—૭—'૭૫ થી
૨૯.	,, ગેરાઉદીન ગ્યાનદાન જાધવ	ચોકીદાર	૨૩૨	૧—૧—'૭૩ થી
૩૦.	,, દલ્લાસીંગ લાલસીંગ	,,	૨૩૨	૧—૧—'૭૩ થી
૩૧.	,, રાજારામ રામનાથન	,,	૨૩૨	૬—૯—'૭૪ થી
૩૨.	,, ડી. એમ. ચાવડા	,,	૨૩૨	૩—૮—'૭૬ થી
૩૩.	,, બી. એલ. મારવાડી	ગ્રાઉન્ડમેન-કમ-વૉચમેન	૨૩૨	૧૩—૭—'૭૬ થી
૩૪.	,, સી. એમ. પવાર	ચોકીદાર	૨૩૨	૪—૧૨—'૭૩ થી
૩૫.	,, પી. પી. જાડેજા	,,	૨૩૨	૨૯—૧૧—'૭૬ થી
૩૬.	,, રામદીન અનંગ	માળી	૨૫૦	૧—૭—'૭૩ થી
૩૭.	,, રામનરેશ ભગવતી	,,	૨૫૦	૧—૭—'૭૩ થી
૩૮.	,, રામરતન સોમાઈ	,,	૨૫૦	૧—૭—'૭૩ થી
૩૯.	,, દાગપાલ રામહરખ	,,	૨૫૦	૧—૭—'૭૩ થી
૪૦.	,, રામનરેશ કાન્તિપ્રસાદ	,,	૨૫૦	૧—૭—'૭૩ થી
૪૧.	,, રામનીધ પરમેશ્વર	,,	૨૫૦	૨૫—૧૧—'૭૫ થી
૪૨.	,, રતા વરૂ	હેડ સફાઈ કામદાર	૨૫૦	૧—૭—'૭૬ થી
૪૩.	શ્રીમતી રેવા રતા	સફાઈ કામદાર	૨૩૨	૧—૭—'૭૩ થી
૪૪.	,, હીરા બાપુ વાઘેલા	,,	૨૩૨	૨૭—૧૨—'૭૬ થી
૪૫.	,, બી. કે. પ્રજાપતિ	હેલ્પર	૨૩૨	૨૦—૧૧—'૭૬ થી
૪૬.	,, જી. જી. પ્રજાપતિ	પટાવાળા	૨૩૨	૧—૭—'૭૩ થી
૪૭.	,, જુગા ચુના	સફાઈ કામદાર	૨૩૨	૧—૭—'૭૩ થી
૪૮.	,, બી. સી. વાઘેલા	,,	૨૩૨	૧—૭—'૭૩ થી
૪૯.	,, મગન ડાહ્યા ચૌધરી	પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૧—૭—'૭૫ થી
૫૦.	શ્રીમતી પ્રભાબહેન બી. ચૌહાણ	સ્ત્રી-પટાવાળા	૨૩૨	૫—૬—'૭૫ થી
૫૧.	શ્રી. સી. ડી. ઠાકોર	પટાવાળા	૨૩૨	૫—૬—'૭૫ થી
૫૨.	,, બી. એમ. વૈશ્ય	વૉર્ડબૉય	૨૩૨	૯—૧૧—'૭૪ થી
૫૩.	,, એન. કે. વાઘેલા	સફાઈ કામદાર	૨૩૨	૨—૬—'૭૫ થી
૫૪.	,, પી. બી. ચૌહાણ	નાયક	૨૫૦	૧—૧૦—'૭૩ થી
૫૫.	,, બી. બી. મકવાણા	પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૨૪—૧૦—'૭૩ થી
૫૬.	,, એલ. જે. સોમૈયા	,,	૨૩૨	૯—૧૧—'૭૪ થી

૧	૨	૩	૪	૫
			રૂપિયા	તારીખ
૫૭.	શ્રી. કે. એસ. રાણા	પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૯—૧૦—'૭૪ થી
૫૮.	,, એમ. એમ. મકવાણા	,,	૨૩૨	૧૦—૧૦—'૭૩ થી
૫૯.	,, એન. ડી. ગરાસિયા	,,	૨૩૨	૧૦—૪—'૭૬ થી
૬૦.	,, બી. એચ. નાઈ	પટાવાળા	૨૩૨	૧—૭—'૭૩ થી
૬૧.	,, જી. બી. પરમાર	,,	૨૩૨	૧૭—૧—'૭૪ થી
૬૨.	,, એસ. જે. રાણા	,,	૨૩૨	૬—૫—'૭૫ થી
૬૩.	,, વી. એમ. પરમાર	,,	૨૩૨	૨૫—૫—'૭૫ થી
૬૪.	,, એમ. ડી. ડાભી	,,	૨૩૨	૮—૫—'૭૫ થી
૬૫.	,, એન. આર. પરમાર	,,	૨૩૨	૧૭—૧૧—'૭૫ થી
૬૬.	,, એચ. જે. રાવલ	,,	૨૩૨	૧૮—૫—'૭૬ થી
૬૭.	,, પી. સી. ચૌહાણ	,,	૨૩૨	૩—૫—'૭૬ થી
૬૮.	,, એ. એમ. મકવાણા	,,	૨૩૨	૬—૧૧—'૭૬ થી
૬૯.	,, કે. એસ. લેઉઆ	,,	૨૩૨	૧૫—૬—'૭૬ થી
૭૦.	,, કે. બી. મકવાણા	,,	૨૩૨	૧—૭—'૭૩ થી
૭૧.	,, એસ. એન. ઉત્તેકર	,,	૨૩૨	૭—૨—'૭૬ થી
૭૨.	,, કે. પી. રાવલ	સફાઈ કામદાર	૨૩૨	૧—૭—'૭૩ થી
૭૩.	,, જે. એ. વાઘેલા	પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૧—૭—'૭૫ થી
૭૪.	,, જી. સી. વાઘેલા	પટાવાળા	૨૩૨	૬—૭—'૭૩ થી
૭૫.	,, સી. પી. ચૌહાણ	,,	૨૩૨	૬—૧૧—'૭૬ થી
૭૬.	,, એફ. એમ. પરમાર	સફાઈ કામદાર	૨૩૨	૧—૭—'૭૩ થી
૭૭.	,, સી. કે. વાઘેલા	પટાવાળા	૨૩૨	૧—૭—'૭૩ થી
૭૮.	,, આઈ. એ. વાઘેલા	,,	૨૩૨	૧—૭—'૭૩ થી
૭૯.	,, કે. પી. ડોડિયા	,,	૨૩૨	૨—૧૧—'૭૩ થી
૮૦.	,, એસ. કે. વાઘેલા	,,	૨૩૨	૨—૫—'૭૪ થી
૮૧.	,, કે. ડી. વાઘેલા	,,	૨૩૨	૧—૧—'૭૩ થી
૮૨.	,, બેની માધવ કુર્મા	હેડ માળી	૨૭૦	૧—૧—'૭૩ થી
૮૩.	,, બી. એ. જાધવ	માળી	૨૫૦	૧—૭—'૭૩ થી
૮૪.	,, ડી. એ. માળી	,,	૨૫૦	૧—૧—'૭૩ થી
૮૫.	,, એમ. આર. જાધવ	પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૨૩૨	૧—૭—'૭૫ થી
૮૬.	,, બી. જે. પરમાર	પટાવાળા	૨૩૨	૧—૭—'૭૩ થી
૮૭.	,, એ. ડી. ચૌહાણ	,,	૨૩૨	૧—૭—'૭૩ થી
૮૮.	,, એમ. આર. મેનન	,,	૨૩૨	૧—૭—'૭૩ થી
૮૯.	,, એન. સી. ચૌહાણ	સફાઈ કામદાર	૨૩૨	૧—૬—'૭૪ થી

૧	૨	૩	૪	૫
			રૂપિયા	તારીખ
૯૦.	શ્રી. એમ. કે. રાઠોડ	પટાવાળા	૨૩૨	૧-૭-'૭૪ થી
૯૧.	,, ડી. જે. પરમાર	,,	૨૩૨	૫-૧૨-'૭૪ થી
૯૨.	,, પી. એમ. મેકવાન	,,	૨૩૨	૩૦-૧-'૭૫ થી
૯૩.	,, મફાજી ભુદરજી	,,	૨૩૨	૨૮-૧૦-'૭૫ થી
૯૪.	,, રામફેર સેદીરામ તિવારી	,,	૨૩૨	૧૦-૧-'૭૬ થી
૯૫.	,, આર. કે. વાઘેલા	,,	૨૩૨	૧-૧-'૭૩ થી
૯૬.	,, એમ. એ. ડાભી	,,	૨૩૨	૧-૧-'૭૩ થી

પરિશિષ્ટ "૭"

શ્રી. ચિમનલાલ એમ. શેઠના પ્રશ્ન ક્રમાંક (૬૬) અંગેની માહિતી :

તા. ૧૦-૩-૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે જે સંલગ્ન કોલેજો નિયમિત પગાર ચૂકવે છે તેવી બિનસરકારી કોલેજોની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ કૉલેજ, સંખેડા
(૨)	સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર
(૩)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૪)	કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
(૫)	શ્રીમતી એચ. સી. પટેલ કંડારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ (કરજણ)
(૬)	દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ
(૭)	એસ. એસ. મલેના આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિમતનગર
(૮)	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
(૯)	સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૦)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખાલાસિનોર
(૧૧)	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૧૨)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(૧૩)	ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુર
(૧૪)	સાયન્સ કૉલેજ, કડી
(૧૫)	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૧૬)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૧૭)	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૮)	સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર
(૧૯)	શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ
(૨૦)	શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ
(૨૧)	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
(૨૨)	શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
(૨૩)	સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
(૨૪)	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
(૨૫)	મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૨૬)	આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ
(૨૭)	શ્રીમતી એમ. એન. કે. દલાલ કૉલેજ ઑફ એજ્યુ., અમદાવાદ
(૨૮)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૯)	એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩૦)	તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર
(૩૧)	ભવન્સ જશોદાબેન કૉમર્સ કૉલેજ, ડાકોર
(૩૨)	એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ

પરિશિષ્ટ "૮"

શ્રી. ચિમનલાલ એમ. શેઠના પ્રશ્ન ક્રમાંક (૬૭) અંગેની માહિતી :

તા. ૧૦-૩-૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે જે સંલગ્ન કોલેજો અનિયમિત પગા ચૂકવે છે તેવી બિનસરકારી કૉલેજોની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ	અનિયમિત પગાર ચૂકવવાનું કારણ
(૧)	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	મે ૧૯૭૭ અને ઓકટો. ૧૯૭૭ના પગારો ગ્રાન્ટ મોડી મળવાથી મોડા ચૂકવાયા છે.
(૨)	શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ	ગ્રાન્ટ મોડી આવવાથી મે, ૧૯૭૭નો પગાર મોડો ચૂકવાયો છે.
(૩)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	આર્થિક મુશ્કેલી.
(૪)	એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ	આર્થિક મુશ્કેલી.
(૫)	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	ગ્રાન્ટ સમયસર નહીં મળ્યાથી.
(૬)	આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	ફંડ ન હોવાથી.
(૭)	બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ	આર્થિક સંકડામણને કારણે.
(૮)	આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	આર્થિક મુશ્કેલી.
(૯)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	—
(૧૦)	બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	આર્થિક મુશ્કેલી.
(૧૧)	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	ગ્રાન્ટ મળવામાં વિલંબ.
(૧૨)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	આર્થિક મુશ્કેલી.
(૧૩)	શ્રીમતી એચ. સી. પટેલ ફરતી કૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ	આર્થિક મુશ્કેલી.
(૧૪)	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	આર્થિક પરિસ્થિતિ.
(૧૫)	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	આર્થિક પરિસ્થિતિ.
(૧૬)	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	ગ્રાન્ટના હપતા મોડા આવવાને કારણે.

પરિશિષ્ટ "૯"

શ્રી ચિમનલાલ એમ. શેઠના પ્રશ્ન ક્રમાંક (૬૮) અંગેની માહિતી :

તા. ૧૦-૩-૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે જે સંલગ્ન કૉલેજોએ ફેબ્રુઆરી, ૧૯૭૮ સુધીના પગારો ચૂકવ્યા નથી તેવી બિનસરકારી કૉલેજોની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ	નોંધ
(૧)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	છેલ્લા ચાર માસના પગાર બાકી છે.
(૨)	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ એજ્યુકેશન કૉલેજ અમદાવાદ.	જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૧૯૭૮નો પગાર બાકી છે.
(૩)	આર. એ. સાયન્સ કૉલેજ, અમદાવાદ	ફેબ્રુઆરી ૧૯૭૮નો પગાર બાકી છે.
(૪)	બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ	છેલ્લા ચાર માસનો પગાર બાકી છે.
(૫)	આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, બોરસદ	જાન્યુઆરી, ફેબ્રુઆરી ૧૯૭૮નો પગાર બાકી છે.
(૬)	બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	ફેબ્રુઆરી૧૯૭૮નો પગાર બાકી છે.
(૭)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	જાન્યુઆરી તથા ફેબ્રુઆરી ૧૯૭૮નો પગાર બાકી છે.

પરિશિષ્ટ "૧૦"

શ્રી ચિમનલાલ એમ. શેઠના પ્રશ્ન ક્રમાંક (૮૭) અંગેની માહિતી :

તા. ૧૦—૩—૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે જે સંલગ્ન કૉલેજોએ પ્રૉવિડંટ ફંડ અંગે બૅંકોમાં ખાતાં ખોલાવવાની કાર્યવાહી કરી નથી તેવી બિનસરકારી કૉલેજોની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૨)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૩)	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
(૪)	મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૫)	શ્રીમતી એમ. એમ. કે. દલાલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ.
(૬)	એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વીમેન, અમદાવાદ.

પરિશિષ્ટ " ૧૧ "

શ્રી ચિમનલાલ એમ. શેઠના પ્રશ્ન ક્રમાંક (૮૯) અંગેની માહિતી :

તા. ૧૦—૩—૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે જે સંલગ્ન કૉલેજોએ ગ્રેચ્યુઈટીની રકમ ગ્રેચ્યુઈટીને પાત્ર હોય તેવા કર્મચારીને ચૂકવી છે તેવી બિનસરકારી કૉલેજોની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૨)	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૩)	શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. પારેખ કૉમર્સ કૉલેજ, ખંભાત
(૪)	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
(૫)	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
(૬)	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ.

પરિશિષ્ટ " ૧૨ "

શ્રી ચિમનલાલ એમ. શેઠના પ્રશ્ન ક્રમાંક (૯૦) અંગેની માહિતી :

તા. ૧૦—૩—૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે જે સંલગ્ન કૉલેજોએ ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી નથી તેવી બિનસરકારી કૉલેજોની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ	ગ્રેચ્યુઈટીની રકમ ન ચૂકવ્યાનું કૉલેજે જણાવેલું કારણ
(૧)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	એક શિક્ષકને ગ્રેજ્યુઈટીની રકમ ચૂકવી નથી કારણ કે આ રકમ અનુદાનને પાત્ર નથી.
(૨)	દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	—
(૩)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	—
(૪)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	અમદાવાદ એજ્યુ. સોસાયટીને દરખાસ્ત મોકલી છે તેમ કૉલેજે જણાવ્યું છે.
(૫)	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	ગવર્નિંગ બોડીની સંમતિ આવેલી ન હોવાથી
(૬)	ભવન્સ આર્ટ્સ, સાયન્સ એન્ડ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર	—

પરિશિષ્ટ ૧૩

પ્રા. ચિમનલાલ એમ. શેઠના પ્રશ્ન ક્રમાંક ૯૫ અને ૯૬ અંગેની માહિતી

ક્રમાંક	કોર્ટ-સભ્યનું નામ	કુલ પુછાયેલા પ્રશ્નોની સંખ્યા	કુલ ચર્ચાયેલા પ્રશ્નોની સંખ્યા
૧.	શ્રી. શરદ પટેલ	૩૩૪	૧૭૩
૨.	પ્રિ. જે. ડી. તલાટી	૧	—
૩.	પ્રા. ધર્મેન્દ્ર આચાર્ય	૧૦૨	૫
૪.	પ્રા. સી. એમ. શેઠ	૧૮૯	૧૨
૫.	પ્રા. પી. સી. પટેલ	૧૭૫	૧૫
૬.	પ્રા. એસ. બી. વોરા	૧૩૪	૧૦
૭.	પ્રા. ચિમનલાલ ત્રિવેદી	૨૩	૪
૮.	પ્રા. દેવેન્દ્રસિંહ સોલંકી	૮	–
૯.	પ્રા. બી. એસ. અગ્રવાલ	૩૫	૧૪
૧૦.	પ્રા. કે. એ. શાહ	૧૭૩	૩
૧૧.	પ્રા. મંગુભાઈ આર. પટેલ	૨૨૭	૧૩
૧૨.	પ્રા. એ. ટી. દેસાઈ	૧૮૮	૧૧
૧૩.	પ્રા. ચંદ્રકાંત કે. શાહ	૩૪	–
૧૪.	પ્રા. ઈશ્વરભાઈ પરમાર	૩૫	૩
૧૫.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	૩	૩
૧૬.	પ્રા. બી. જી. ચૌધરી	૪૭	૧૧
૧૭.	પ્રા. બી. વી. પટેલ	૨૦	૧૯
૧૮.	શ્રી. ગણપત પી. કંદોઈ	૩	૩
૧૯.	શ્રી. અશ્વિન વૈદ્ય	૧	૧
૨૦.	શ્રી. એચ. સી. શેલત	૭	૩
૨૧.	પ્રા. વી. એમ. પટેલ	૨૧	૧૮
૨૨.	પ્રા. સી. બી. મહેતા	૨૧	૬
૨૩.	પ્રા એમ. એમ. પટેલ	૭	૭
૨૪.	પ્રિ. બી. એમ. પીરજાદા	૧૩	૩
૨૫.	શ્રી. શૈલેશ દેસાઈ	૬	૬
૨૬.	શ્રી. સાગર રાયકા	૭	૫

ક્રમાંક	કોર્ટ-સભ્યનું નામ	કુલ પુછાયેલા પ્રશ્નાની સંખ્યા	કુલ ચર્ચાયેલા પ્રશ્નોની સંખ્યા
૨૭.	પ્રિ. એસ. આર ભટ્ટ	૪	–
૨૮.	પ્રિ. જશભાઈ પટેલ	૩૬	–
૨૯.	પ્રા. ભૂપેન્દ્ર મિસ્ત્રી	૪૭	–
૩૦.	શ્રી. નરહરિ અમીન	૧૭	–
૩૧.	શ્રી. જગદીશ બારોટ	૫૦	–
૩૨.	પ્રા. પી. આર. શાહ	૧૨૧	–
૩૩.	શ્રી. મહેન્દ્ર બી શાહ	૮૭	–
૩૪.	શ્રી. કિશોર આર. શાહ	૩૨	–
૩૫.	પ્રા. એન. વી. પંડ્યા	૬	–
૩૬.	પ્રા. આર. એમ. શાહ	૬	–
૩૭.	શ્રી. અમીત શાહ	૨૮	–
૩૮.	શ્રી. મૂકેશ પટેલ	૩૬	–

પરિશિષ્ટ " ૧૪ "

શ્રી ચિતરંજન બી. મહેતા. પી. આર. શાહ તેમ જ એસ. બી. વોરાના પ્રશ્ન ક્રમાંક (૧૦૮) અંગેની માહિતી :

તા. ૧૦—૩—૧૯૭૮ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે જે સંલગ્ન કૉલેજોએ પ્રૉવિડંટ ફંડની રકમ નિયત હપતામાં જુદા ખાતામાં જમા કરવાની હતી તે નિયમનું પાલન કર્યું નથી તેવી બિનસરકારી કૉલેજોની યાદી :

ક્રમાંક કૉલેજનું નામ

(૧) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૨) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
(૩) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૪) શ્રી રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
(૫) શ્રી કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
(૬) મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૭) શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત
(૮) એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

ગુ જ રા ત યુ નિ વ સિ ટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા, ગુરુવાર, તા. ૨૯--૩--૧૯૭૯ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ-ખંડમાં મળી હતી અને શુક્રવાર, તા. ૩૦--૩--૧૯૭૯ના રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. અને તે પછી તા. ૩૦--૩--૧૯૭૯ના રોજ તે દિવસના કામકાજને અંતે પસાર કરવામાં આવેલી સભામોકૂફીની દરખાસ્ત પ્રમાણે તે મોકૂફ રહેલી સભા સોમવાર, તા. ૨--૪--૧૯૭૯ના રોજ બપોરે ૧૨--૦૦ વાગ્યે પુનઃ મળી હતી. આ ત્રણે દિવસોએ સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. આ ત્રણે દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯—૩—૧૯૭૯	તા. ૩૦—૩—૧૯૭૯	તા. ૨—૪—૧૯૭૯
૧.	ડૉ. પી. સી. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. ઉમાશંકર જે જોશી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. એન. એમ. મિયાભાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૪.	શ્રી. એલ. આર. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. આઈ. જે. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ	હાજર	હાજર	હાજર
૭.	શ્રી. આર. એસ. ગાંધી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. એમ. એન. ભુચ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. એસ. બી. કુમતા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. એચ. એન. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. એચ. આર. મલકાની	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨.	શ્રી. એસ. એ. ઠાકોર	હાજર	હાજર	ગેરહાજર
૧૩.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૪.	શ્રી. એચ. આર. પાઠક	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫.	શ્રી. જહાંગીર આર. જે. કામા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬.	શ્રી. એમ. જી. પરમાર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭.	શ્રી. સી. એચ. ભટ્ટ	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૭૯	તા. ૩૦-૩-૧૯૭૯	તા. ૨-૪-૧૯૭૯
૧૮.	શ્રી. જી. જે. બ્રહ્મભટ્ટ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯.	શ્રી. પી. સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૨૦.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૨૧.	શ્રી. કે. એસ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૨૨.	શ્રી. એ. એચ. યાજ્ઞિક	હાજર	હાજર	હાજર
૨૩.	શ્રી. પી. એમ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૨૪.	શ્રી. એમ. બી. શાહ	હાજર	હાજર	હાજર
૨૫.	શ્રી. આર. વી. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૬.	શ્રી. ડી. સી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૨૭.	કુ. કુસુમ એમ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૨૮.	ડૉ. આર. એમ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૨૯.	ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર	ગેરહાજર	હાજર
૩૦.	શ્રી. એમ. સી. શાહ	હાજર	હાજર	હાજર
૩૧.	શ્રી. બી. કે. શાહ	હાજર	હાજર	હાજર
૩૨.	શ્રી. એસ. સી. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૩૩.	શ્રી. બી. એસ. અગ્રવાલ	હાજર	હાજર	ગેરહાજર
૩૪.	શ્રી. યુ. એ. કાપડિયા	હાજર	હાજર	હાજર
૩૫.	શ્રી. પી. એમ. મજમુદાર	હાજર	હાજર	હાજર
૩૬.	શ્રી. એન. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૩૭.	શ્રી. વી. બી. પટેલ	હાજર	હાજર	હાજર
૩૮.	શ્રી. કે. એ. શાહ	હાજર	હાજર	હાજર
૩૯.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૪૦.	શ્રી. સી. એમ. શેઠ	હાજર	હાજર	હાજર
૪૧.	શ્રી. આર. આર. સીંગ	હાજર	હાજર	હાજર
૪૨.	શ્રી. ટી. કે. વાઘેલા	હાજર	હાજર	હાજર
૪૩.	શ્રી. એ. ટી. અજમેરા	હાજર	હાજર	હાજર
૪૪.	શ્રી. એચ. પી. ચૌહાણ	હાજર	હાજર	હાજર
૪૫.	શ્રી. બી. જે. દવે	હાજર	હાજર	હાજર
૪૬.	શ્રી. આર. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૪૭.	શ્રી. આર. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૪૮.	શ્રી. વી. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૪૯.	શ્રી. એન. એસ. શાહ	હાજર	હાજર	હાજર
૫૦.	શ્રી. એન. આર. શાહ	હાજર	હાજર	હાજર
૫૧.	શ્રી. આર. એ. શાહ	હાજર	હાજર	હાજર
૫૨.	ડૉ. વી. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૭૯	તા. ૩૦-૩-૧૯૭૯	તા. ૨-૪-૧૯૭૯
૫૩.	ડૉ. સી. પી. જોષી	હાજર	હાજર	હાજર
૫૪.	શ્રી. એસ. જે. શાહ	હાજર	હાજર	હાજર
૫૫.	કુ. એસ. એન. શોધન	હાજર	હાજર	હાજર
૫૬.	શ્રી. જી. બી. વાંઝા	હાજર	હાજર	હાજર
૫૭.	શ્રી. કે. જે. નથવાણી	હાજર	હાજર	હાજર
૫૮.	શ્રી. એચ. એમ. મહેતા	હાજર	હાજર	ગેરહાજર
૫૯.	શ્રી. એમ. ડી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૬૦.	શ્રી. કે. ડી. શાહ	હાજર	હાજર	હાજર
૬૧.	શ્રી. વી. એચ. દીક્ષિત	હાજર	હાજર	હાજર
૬૨.	શ્રી. પી. પી. મહેતા	હાજર	ગેરહાજર	હાજર
૬૩.	શ્રી. યુ. એસ. મેઢ	હાજર	હાજર	ગેરહાજર
૬૪.	શ્રી. વી. એસ. દોશી	હાજર	હાજર	હાજર
૬૫.	શ્રી. એમ. એમ. ગાંધી	હાજર	હાજર	હાજર
૬૬.	શ્રી. સી. બી. મહેતા	હાજર	હાજર	હાજર
૬૭.	શ્રી. કે. જે. મહેતા	હાજર	હાજર	હાજર
૬૮.	શ્રી. આર. એમ. શાહ	હાજર	હાજર	હાજર
૬૯.	શ્રી. એસ. બી. ઘોરા	હાજર	હાજર	હાજર
૭૦.	શ્રી. ડી. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૭૧.	શ્રી. ડી. બી. સોલંકી	હાજર	હાજર	હાજર
૭૨.	શ્રી. એમ. એન. શેઠ	હાજર	હાજર	હાજર
૭૩.	શ્રી. કે. આર. શાહ	હાજર	હાજર	હાજર
૭૪.	શ્રી. કે. એફ. જોષી	હાજર	હાજર	હાજર
૭૫.	આચાર્ય જે. એ. દવે	હાજર	હાજર	હાજર
૭૬.	આચાર્ય બી. કે. ગઢવી	હાજર	હાજર	હાજર
૭૭.	આચાર્ય ડી. એ. ઘાંચી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૭૮.	આચાર્ય ડી. એસ. જોષી	હાજર	હાજર	હાજર
૭૯.	આચાર્ય જી. બી. પરીખ	હાજર	ગેરહાજર	હાજર
૮૦.	આચાર્ય બી. સી. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૮૧.	આચાર્ય બી. આર. પટેલ	હાજર	હાજર	હાજર
૮૨.	આચાર્ય પી. એ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૮૩.	આચાર્ય એસ. એમ. શાહ	હાજર	હાજર	હાજર
૮૪.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૮૫.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૮૬.	આચાર્ય બી. એમ. ઠાકર	હાજર	હાજર	હાજર
૮૭.	આચાર્ય કે. આર. યાદવ	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૭૯	તા. ૩૦-૩-૧૯૭૯	તા. ૨-૪-૧૯૭૯
૮૮.	આચાર્ય એ. જી. મુન્શી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૮૯.	આચાર્ય એન. વી. પંડ્યા	હાજર	હાજર	ગેરહાજર
૯૦.	આચાર્ય એમ. જે. પટણી	હાજર	હાજર	હાજર
૯૧.	આચાર્ય જે. બી. પટેલ	હાજર	હાજર	હાજર
૯૨.	આચાર્ય આર. એલ. પટેલ	હાજર	હાજર	હાજર
૯૩.	આચાર્ય કે. એન. શાલ	હાજર	હાજર	હાજર
૯૪.	આચાર્ય જે. ડી. તલાટી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૯૫.	આચાર્ય વી. સી. ઉપાધ્યાય	હાજર	હાજર	ગેરહાજર
૯૬.	આચાર્ય એચ. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર	હાજર
૯૭.	આચાર્ય પી. આર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૯૮.	આચાર્ય એમ. ડી. પંચોલી	ગેરહાજર	હાજર	હાજર
૯૯.	આચાર્ય બી. એમ. પાઠક	હાજર	હાજર	હાજર
૧૦૦.	આચાર્ય સી. આઈ. ઝાલા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૧.	આચાર્ય એચ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૦૨.	આચાર્ય જી. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૦૩.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર	ગેરહાજર
૧૦૪.	આચાર્ય આર. એલ. સંઘવી	હાજર	હાજર	હાજર
૧૦૫.	આચાર્ય ડી. એમ. શીંગ	હાજર	હાજર	હાજર
૧૦૬.	આચાર્ય આર. એ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૦૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર	હાજર	હાજર
૧૦૮.	આચાર્યા બી. એમ. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૧૦૯.	આચાર્ય કશ્યપ ભાર્ગવ	હાજર	હાજર	ગેરહાજર
૧૧૦.	શ્રી. વી. કે. શુવા	હાજર	હાજર	હાજર
૧૧૧.	શ્રી. શ્રીવાસ્તવ એસ.	હાજર	હાજર	હાજર
૧૧૨.	શ્રી. એ. કે. ઝાલા	હાજર	હાજર	હાજર
૧૧૩.	શ્રી. ડી. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૪.	શ્રી. એન. જી. વડનગરવાલા	હાજર	હાજર	હાજર
૧૧૫.	શ્રી. બી. એમ. છાન્જેર	હાજર	હાજર	હાજર
૧૧૬.	શ્રી. જે. કે. વર્મા	હાજર	હાજર	હાજર
૧૧૭.	શ્રી. પી. જે. શાહ	હાજર	હાજર	હાજર
૧૧૮.	શ્રી. એમ. એસ. અમીન	હાજર	હાજર	હાજર
૧૧૯.	શ્રી. એસ. એન. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૦.	શ્રી. આર. જે. રાણા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૧.	શ્રી. શરદ પટેલ	હાજર	હાજર	હાજર
૧૨૨.	શ્રી. એસ. આઈ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯–૩–૧૯૭૯	તા. ૩૦–૩–૧૯૭૯	તા. ૨–૪–૧૯૭૯
૧૨૩.	શ્રી. શ્રેણિક કે. લાલભાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૪.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૨૫.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૧૨૬.	આચાર્ય કે. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૨૭.	આચાર્ય જી. એમ. ચૌહાણ	હાજર	હાજર	હાજર
૧૨૮.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર	હાજર	હાજર
૧૨૯.	શ્રી. એમ. પી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૦.	ડૉ. સી. જી. ખત્રી	હાજર	હાજર	હાજર
૧૩૧.	શ્રી. આર. ડી. ચૌધરી	હાજર	હાજર	હાજર
૧૩૨.	શ્રી. એ. આર. શાહ	હાજર	હાજર	હાજર
૧૩૩.	શ્રી. એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૩૪.	શ્રી. પી. સી. મહેતા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૫.	શ્રી. એન. જે. શાહ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૬.	શ્રી. વાય. પી. શુક્લ	હાજર	ગેરહાજર	હાજર
૧૩૭.	શ્રી. એસ. જે. દામાણી	હાજર	હાજર	ગેરહાજર
૧૩૮.	શ્રી. એન. એચ. અમીન	હાજર	હાજર	હાજર
૧૩૯.	શ્રી. કે. ટી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૪૦.	શ્રી. કે. એચ. સોનેરી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૧.	શ્રીમતી ઇન્દુબહેન પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૨.	શ્રી. આસન વાસવાણી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૩.	શ્રી. બબાભાઈ પટેલ	હાજર	હાજર	હાજર

૧. તા. ૨૯/૩૦–૩–૧૯૭૮ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૯/૩૦–૩–૧૯૭૮ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના ક્રમકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૧–અ. તે પછી પ્રમુખસ્થાનેથી નીચેના બે શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના આદ્ય અધ્યક્ષ અને વનસ્પતિવિજ્ઞાન વિભાગના વડા તથા યુનિવર્સિટી કોર્ટ, એકિઝકયુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય અને ખ્યાતનામ વિજ્ઞાની પ્રો. જે. જે. ચિનોયના દુ:ખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. વનસ્પતિવિજ્ઞાનના ક્ષેત્રમાં શિક્ષણ અને સંશોધનની તેમણે કરેલી ઉત્કૃષ્ટ કામગીરીને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુમ્બીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટી સેનેટ, સિન્ડિકેટ તથા એકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય અને એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના ભૂતપૂર્વ આચાર્ય અને ફાર્મસી વિદ્યાશાખાના

ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. આર. પી. પટેલના દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણનાં તથા ફાર્મસીનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સંનિષ્ઠ સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુમ્બીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.'"

ઉપરના શોકદર્શક ઠરાવો સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યા.

૨. ૧૯૭૯--૮૦ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૭૮માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૯ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૭૯થી તા. ૩૧મી માર્ચ ૧૯૮૦ સુધીનું છે.

(૩) ચૂંટણીની નોટિસ કૅર્ટના સભાસદોને તા. ૨૪-૨-૧૯૭૯ના રોજ પરિપત્રાંક એકૅડેમિક/૧૨૧૧૬૧/૧૯૭૯ દ્વારા મોકલવામાં આવી હતી.]

૧૯૭૯--૮૦ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય ગુરુવાર તા. ૨૧--૩--૧૯૭૯ના રોજ કાર્યાલયના સમય દરમ્યાન. નીચેના ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં :

૧. શ્રી. હરજીવન પ્રભુદાસ ચૌહાણ
૨. શ્રી. ચન્દ્રકાન્ત પ્રભાશંકર જોશી
૩. આચાર્ય બહેચરભાઈ રાયછોડભાઈ પટેલ
૪. શ્રી. પંકજ જયંતીલાલ શાહ
૫. શ્રી. સુરેશચન્દ્ર જેઠાલાલ શાહ.

સદરહુ ઉમેદવારીપત્રોની ચકાસણી શુક્રવાર તા. ૨૩--૩--૧૯૭૯ના રોજ સવારના ૧૧--૩૦ વાગ્યે કરવામાં આવતાં નીચેના ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો માન્ય કરવામાં આવ્યાં હતાં અને તેની જાણ કાર્યાલયના તા. ૨૪--૩--૧૯૭૯ના પરિપત્રાંક એકૅડેમિક/૧૩૧૬૩૯થી સભ્યોને કરવામાં આવી હતી :

ક્રમાંક	નામ	હોદ્દો	સરનામું
૧.	શ્રી. હરજીવન પ્રભુદાસ ચૌહાણ	કૅર્ટ સભ્ય	૨/એ, અવની ફ્લેટ્સ, જીવાલા પાર્ક પાસે, ઈશ્વરભુવન સામે, અમદાવાદ--૯
૨.	આચાર્ય બહેચરભાઈ રાયછોડભાઈ પટેલ	કૅર્ટ સભ્ય	શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
૩.	શ્રી. પંકજ જયંતીલાલ શાહ	કૅર્ટ સભ્ય	નવગુજરાત લૉ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ--૩૮૦ ૦૧૪
૪.	શ્રી. સુરેશચન્દ્ર જેઠાલાલ શાહ	કૅર્ટ સભ્ય	મંગલ સોસાયટી, પિલવાઈ.

તે પછી પ્રમુખશ્રીએ નીચેના સભ્યોની ચકાસણીદ્વર તરીકે નિમણૂક કરી :

૧. આચાર્ય કે. એન. શાહ

૨. શ્રી. બંબુભાઈ દેસાઈ

૩. શ્રી. એ. આર. શાહ

૪. આચાર્ય આર. વી. શાસ્ત્રી.

ચૂંટણીની નોટિસમાં જાહેર કર્યા મુજબ મતદાનનો સમય બપોરના ૧૨--૪૫ થી ૨--૪૫નો રાખવામાં આવ્યો હતો. પરંતુ સભાગૃહની સંમતિથી સભાનું આગળનું કામકાજ અર્ધા કલાક પછી પુનઃ હાથ પર લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

મતગણતરી પૂરી થતાં પ્રમુખશ્રીએ નીચેના ત્રણ સભ્યોને ચૂંટાયેલા જાહેર કર્યા :

૧. શ્રી. હરજીવન પ્રભુદાસ ચૌહાણ

૨. શ્રી. સુરેશચન્દ્ર જેઠાલાલ શાહ

૩. શ્રી. પંકજ જયંતીલાલ શાહ

૩. **એકિઝકયુટિવ કાઉન્સિલ પર નીચે પ્રમાણે ખાલી પડેલી જગ્યાઓ માટેની પેટાચૂંટણી :**

(ક) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૬) અન્વયે યુનિવર્સિટી પ્રાધ્યાપકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકીની ખાલી પડેલી એક જગ્યા.

(ખ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૭) અન્વયે સંલગ્ન કોલેજોના આચાર્યો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકીની ખાલી પડેલી એક જગ્યા.

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ની પેટાકલમ ૧ નો ક્રોડિક (૬) અને (૭)માં દર્શાવેલ જોગવાઈ પ્રમાણે એકિઝકયુટિવ કાઉન્સિલ પર ખાલી પડેલી એકેક જગ્યા માટેની પેટાચૂંટણી માટે નિયત સમય સુધીમાં એટલે કે તા. ૧૯--૩--૧૯૭૯ના રોજ બપોરના ૪--૦૦ વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં, જેની ચકાસણી તા. ૨૦--૩--૧૯૭૯ના રોજ બપોરના ૪--૩૦ વાગ્યે કરવામાં આવતાં સદરહુ નીચે જણાવેલ ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો માન્ય ઠર્યાં હતાં.

(ક) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૬) (૬) પ્રમાણે

ક્રમાંક	ઉમેદવારનું નામ	સરનામું
(૧)	શ્રી. એમ. પી. ભટ્ટ	અર્થશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
(૨)	ડૉ. (મિસ) ઈ. એ. સોલોમન	ભાષા--સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ--૯

(ખ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૭) પ્રમાણે

ક્રમાંક	ઉમેદવારનું નામ	સરનામું
(૧)	પ્રિ. મનુભાઈ દેવશંકર પંચોલી	૯, ટાગોર પાર્ક, એસ. એમ. રોડ, અમદાવાદ--૧૫.
(૨)	પ્રિ. ઘનશ્યામભાઈ ભાઈલાલભાઈ પરીખ	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, પાલડી, સરખેજ રોડ, અમદાવાદ--૭.
(૩)	પ્રિ. ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ અમદાવાદ--૧૫

ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ અને સમય પછીના ચોવીસ કલાકની અંદર એટલે કે તા. ૨૧--૩--૧૯૭૯ના રોજ બપોરના ૪--૩૦ વાગ્યા સુધીમાં પ્રો. એમ. પી. ભટ્ટ, પ્રિ. મનુભાઈ દેવશંકર પંચોલી અને પ્રિ. ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રીએ તેમનાં ઉમેદવારીપત્રો સ્ટે. ૧૫૫ મુજબ પાછાં ખેંચી લીધેલાં હોઈ ડૉ. (મિસ) ઈ. એ. સોલોમન ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૬) અન્વયે અને પ્રિ. ઘનશ્યામભાઈ ભાઈલાલભાઈ પરીખ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (૭) અન્વયે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર બિનહરીફ ચૂંટાયાની જાહેરાત કરવામાં આવી હતી અને તે અંગેનો પરિપત્ર સભ્યોને તા. ૨૩--૩--૧૯૭૯ના રોજ પરિપત્રાંક એકેડેમિક/૧૩૧૪૮૮થી અલગ મોકલવામાં આવ્યો હતો.

૩–અ. પ્રશ્નોત્તરી

[૧] **શ્રી. નરહરિ એચ. અમીને** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૧ : યુનિવર્સિટી ભવનોની ૧૯૭૮--૭૯ની કુલ વિદ્યાર્થીઓની ફીની આવક કેટલી થાય છે?

ઉત્તર ૧ : ચાલુ વર્ષે તા. ૩૧--૧--૧૯૭૯ સુધીમાં અનુસ્નાતક વિદ્યાભવનોના વિદ્યાર્થીની ફીની આવક અંગેની વિગતો નીચે મુજબ છે:

	રૂ.
(૧) સમાજવિદ્યા ભવન	૧,૨૨,૩૫૧--૫૦
(૨) ભાષા-સાહિત્ય ભવન	૧,૨૨,૬૪૨--૫૦
(૩) મનોવિજ્ઞાન વિદ્યાભવન	૫૭,૭૮૨--૫૦
(૪) વિજ્ઞાન વિદ્યાભવન	૨,૦૨,૨૨૫--૦૦
(૫) શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન	૬૨,૪૮૫--૯૫
(૬) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ	૪૯,૩૧૨--૫૦
(૭) ગ્રંથાલયશાસ્ત્ર ભવન	૧૩,૧૩૫--૦૦
(૮) શેઠ અચરતલાલ ગિરધરલાલ ચેરિટી ટ્રસ્ટ ધારાશાસ્ત્ર ભવન	૩૭,૮૭૦--૦૦
	૬,૬૭,૮૦૪--૯૫

પ્રશ્ન ૨ : અપેક્ષિત શિક્ષકો અને બિનશિક્ષકોનું તે જ વર્ષમાં પગારખર્ચ કેટલું છે?

ઉત્તર ૨ : ચાલુ વર્ષે તા. ૩૧--૧--૧૯૭૯ સુધી ભવનોવાર ખર્ચ નીચે પ્રમાણે છે :

	શિક્ષકોના પગારનું ખર્ચ	બિનશિક્ષક વર્ગના પગારનું ખર્ચ
	રૂ.	રૂ.
(૧) સમાજવિદ્યા ભવન	૫,૪૦,૪૪૮--૯૦	૮૫,૩૪૨--૬૯
(૨) ભાષા-સાહિત્ય ભવન	૩,૩૫,૫૨૫--૨૯	૭૨,૬૮૭--૧૪
(૩) મનોવિજ્ઞાન વિદ્યાભવન	૨,૦૨,૧૧૩--૧૪	૬૯,૪૯૭--૦૭
(૪) વિજ્ઞાન વિદ્યાભવન	૭,૧૭,૫૨૧--૭૫	૩,૯૩,૩૧૫--૪૪
(૫) શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન	૧,૦૨,૮૭૪--૬૦	૨૮,૦૯૮--૮૦
(૬) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	૯૩,૮૦૯--૨૬	૩૭,૫૨૪--૬૯
(૭) ગ્રંથાલય શાસ્ત્રભવન	૨૭,૬૩૪--૪૦	—
(૮) શેઠ ચાંચરતલાલ ગિરધરલાલ ચેરિટી ટ્રસ્ટ ધારાશાસ્ત્ર ભવન	૪૭,૭૭૦--૪૧	૧૦,૯૪૨--૦૦
કુલ રૂ.	૨૦,૬૭,૬૯૭--૭૫	૬,૯૭,૪૦૭--૮૩

પ્રશ્ન ૩ : પુસ્તકોનું ખર્ચ કેટલું ?

ઉત્તર ૩ : ચાલુ વર્ષે તા. ૩૧--૧--૧૯૭૯ સુધીમાં ગ્રંથાલયમાં પુસ્તકોનું ખર્ચ રૂ. ૫,૦૨,૦૮૭--૭૭નું થયું હતું.

પ્રશ્ન ૪ : વિદ્યાર્થી દીઠ સરેરાશ ખર્ચ કેટલું આવે છે?

ઉત્તર ૪ : ૧૯૭૮--૭૯ના વર્ષમાં (તા. ૩૧--૧--૧૯૭૯ સુધી) યુનિવર્સિટીનાં ભવનોમાં વિદ્યાર્થી દીઠ સરેરાશ ખર્ચ નીચે પ્રમાણે થાય છે :

	વિદ્યાર્થી દીઠ સરેરાશ ખર્ચ
	રૂ.
(૧) સમાજ વિદ્યાભવન	૨,૧૫૮--૦૦
(૨) ભાષા-સાહિત્ય ભવન	૧,૩૧૬--૧૧
(૩) મનોવિજ્ઞાન ભવન	૧,૯૩૧--૪૪
(૪) વિજ્ઞાન વિદ્યાભવન	૪,૭૯૫--૪૪
(૫) ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	૨,૭૯૯--૦૫
(૬) વાણિજ્ય વિદ્યાભવન	૧,૦૨૫--૦૦
(૭) કાયદાશાસ્ત્ર ભવન	૬૦૯--૦૦

પ્રશ્ન ૫ : પરીક્ષા ભથ્થું કે વધુ ભથ્થું કુલસચિવશ્રીના કાર્યાલયના કાયમી તથા હંગામી એમ બેઉ કર્મચારીઓને આપવામાં આવે છે?

ઉત્તર ૫ : ના, જી. શ્રી. કુલસચિવના કાર્યાલયના બધા કાયમી કર્મચારીઓને પણ આ ભથ્થું આપવામાં આવતું નથી. વધુમાં, હંગામી કર્મચારીઓને આ ભથ્થું આપવામાં આવતું નથી.

પ્રશ્ન ૬ : યુનિવર્સિટીમાં ડેઈલી વેઈજીસ ઉપર જે કર્મચારીઓ રોકવામાં આવે છે તે અંગેનું ધારાધોરણ શું છે?

ઉત્તર ૬ : પ્રશ્ન સ્પષ્ટ ન હોવાથી ઉત્તર આપી શકાયો નથી તો માફ કરશો.

પ્રશ્ન ૭ : યુનિવર્સિટીમાં કેટલા કર્મચારીઓ ડેઈલી વેઈજીસના ધોરણે રોકવામાં આવેલા છે?

ઉત્તર ૭ : હાલ યુનિવર્સિટી તથા વિભાગોમાં કુલ ૧૩૭ કર્મચારીઓને દૈનિક ધોરણે રોકવામાં આવેલા છે.

શ્રી. શરદભાઈ પટેલે સૂચન કર્યું કે છેલ્લાં પાંચ વર્ષ સુધી જેમણે કામચલાઉ ધોરણે સેવા આપી હોય તેમની કાયમી ધોરણે નિમણૂક કરવા વિનંતી છે.

આચાર્ય કે. એન. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમાં સૌથી જૂનું કોણ છે?

કુલપતિશ્રીનો ઉત્તર : માહિતી કાઢેલી તૈયાર નથી, તે કઢાવવી પડે.

પ્રશ્ન ૮ : અને તેઓ કેટલા માસથી છે?

ઉત્તર ૮ : જરૂરિયાત પ્રમાણે જુદા જુદા સમયથી તેઓ કામ કરે છે.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૪ થી ૬ કે તેથી વધુ વર્ષથી તેઓ રોજિંદા પગાર ઉપર છે. તો આ લોકો માટે આવી જગ્યા કાયમી હોય તો આ માટે કમિટી નીમી આ જગ્યાઓની કાયમી જરૂરિયાત અંગેનો તેનો રિપોર્ટ એક્ઝિકયુટિવ કાઉન્સિલ પાસે મૂકી શકાય ખરો?

શ્રી કુલસચિવે જણાવ્યું કે એક્ઝિકયુટિવ કાઉન્સિલ આવી કોઈ સમિતિ નીમે તો તેનો રિપોર્ટ એક્ઝિકયુટિવ કાઉન્સિલ પાસે મૂકવો જ પડે. રાજ્ય સરકારે રાજ્યની યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના સ્ટાફ અંગે બે સમિતિઓ નીમી છે. એક સમિતિને ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ અને તેની ઉપરની કક્ષાઓના કર્મચારીઓનાં પગારધોરણો, નામાભિધાન વગેરે અંગે તપાસ કરવાનું કામ સોંપાયું છે અને બીજી સમિતિ ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટની નીચેના કર્મચારીઓના કેડર્સ માટેની છે. તેનો રિપોર્ટ આવ્યેથી સરકારે નવી જગ્યાઓ મંજૂર કરવાની થાય તો તેવી મંજૂરી લીધા પછી તે જગ્યાઓ પૂરી શકાય તેમ છે.

શ્રી. શરદભાઈ પટેલે જણાવ્યું કે સરકારને ભલામણ કરવી એમ સ્થાયી સમિતિમાં કહેવામાં આવે છે. શ્રી કુલસચિવે જે માહિતી આપી તે ઉપરથી જણાય છે કે સરકારને કોઈ રિપોર્ટ આપે નહીં તો તે પૂરી શકાય નહીં. આવી વાત સ્થાયી સમિતિમાં કરવામાં આવી નથી.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સ્થાયી સમિતિમાં આ પ્રશ્ન ઉદ્‌ભવ્યો નહોતો. નહિ તો તે વખતે માહિતી આપવામાં આવી હોત.

આચાર્ય કે. એન. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ક્લાર્ક અને પટાવાળાની ઉપરની દૈનિક જગ્યાઓ ખરી કે આ ગરીબ લોકો માટેની કામચલાઉ જગ્યાઓ છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કૉમ્પ્યુટર સેન્ટરમાં પ્રોગ્રામરની અને મકાનના કામકાજ માટે પણ આવી કોઇક જગ્યાઓ ૧૨ રોજિંદા ધોરણે નિમણૂક થયેલી છે.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીએ આવી કોઈ સમિતિ નીમી છે અને તેમાં શ્રી. શરદભાઈ પટેલ સભ્ય છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે શ્રી. શરદભાઈ પટેલ આનો જવાબ આપે તેવી કુલપતિશ્રીને વિનંતી છે.

આચાર્ય એમ. સી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજો અને યુનિવર્સિટી સ્વાયત્ત સંસ્થા છે તો આપણે નિર્ણય ન લઈ શકીએ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આ આર્થિક જવાબદારીનો પ્રશ્ન હોઈ સરકારી ગ્રાન્ટ સાથે તે સંકળાયેલો છે.

પ્રશ્ન ૯ : અને તેમની નિમણૂક કોણ કરે છે?

ઉત્તર ૯ : તેઓની નિમણૂક કુલપતિશ્રીના આદેશથી કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૦ : ૧૯૭૮—૭૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં અનુસ્નાતક અભ્યાસ માટે કેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે?

ઉત્તર ૧૦ : સદરહુ માહિતી નીચે મુજબ છે:

	વિનયન વિદ્યાશાખા		વાણિજ્ય વિદ્યાશાખા	
	પાર્ટ ૧	પાર્ટ ૨	પાર્ટ ૧	પાર્ટ ૨
રેગ્યુલર	૫૧૫	૨૭૭	૧૪૩	૭૦
એક્સ્ટર્નલ	૨,૭૭૫	૯૪૭	૩,૯૦૩	૧,૨૦૯

પ્રશ્ન ૧૧ : તે દરેક પાસેથી કેટલી ફી લેવામાં આવે છે?

ઉત્તર ૧૧ : (૧) ઑર્ડિ. ૧૫૧—સી અનુસાર રેગ્યુલર પાર્ટ ૧ ના વિદ્યાર્થીઓ પાસેથી સત્ર ફી રૂ. ૧૭૫+૯ સર્વિસ ચાર્જીસના મળી રૂ. ૧૮૪ લેવાય છે. પાર્ટ ૨ના વિદ્યાર્થીઓ પાસેથી વર્ષ ૧૯૭૮—૭૯ દરમિયાન રૂ. ૧૬૫—૦૦ સત્ર ફી લેવામાં આવી છે.

(૨) એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ પાસેથી એમ.એ., એમ.કૉમ. માટે રૂ. ૧૦૦ રજિસ્ટ્રેશન ફીના + રૂ. ૫૦ પરીક્ષા ફીના અને રૂ. ૫ માર્ક-સ્ટેટમેન્ટના મળી રૂ. ૧૫૫ લેવામાં આવે છે.

શ્રી. પંકજભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ પાસેથી રૂ. ૧૦૦ રજિસ્ટ્રેશનના, રૂ. ૫૦ પરીક્ષા ફીના અને રૂ. ૫ માર્ક સ્ટેટમેન્ટના મળી કુલ રૂ. ૧૫૫ લેવામાં આવે છે. એમ.એ. અને એમ.કૉમ.માં ૮૦૦૦ થી ૮૫૦૦ વિદ્યાર્થીઓ ભણે છે.

તેમની પાસેથી આટલી ફી લેવામાં આવે છે છતાં તેમને ગ્રંથાલય સિવાય કોઈ સુવિધા આપવામાં આવતી નથી તો રૂ. ૧૦૦ રજિસ્ટ્રેશન ફીના લઈ નફો કરવાનો અર્થ ખરો ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે વિદ્યાર્થીઓ લાઈબ્રેરીનો પૂરેપૂરો ઉપયોગ કરી શકે છે. બાકી યુનિવર્સિટીમાં નફાનો કોઈ પ્રશ્ન જ નથી.

પ્રશ્ન ૧૨ : એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓને પણ યુનિવર્સિટી ગ્રંથાલયનો ઉપયોગ કરવાની સુવિધા આપવામાં આવેલ છે ?

ઉત્તર ૧૨ : હા, જી.

પ્રશ્ન ૧૩ : તેમજ અભ્યાસને લગતા બીજા કોઈ લિટરેચર આપવામાં આવે છે ?

ઉત્તર ૧૩ : ના, જી.

પ્રશ્ન ૧૪ : કુલપતિશ્રી કૉલેજ અને યુનિવર્સિટી લેવલે ફરીથી યૂથ ફેસ્ટિવલ ચાલુ કરવા ઇચ્છે છે ?

ઉત્તર ૧૪ : યૂથ ફેસ્ટિવલ ફરીથી ચાલુ કરવા અંગેનો પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૧૫ : શું આવતા વર્ષથી યૂથ ફેસ્ટિવલ ચાલુ થઈ જશે ?

ઉત્તર ૧૫ : ઉપર પ્રશ્ન નં. ૧૪ નો ઉત્તર જોવા વિનંતી છે.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

'પ્રસ્તાવ વિચારણા હેઠળ છે' તેમ લખ્યું છે તો અંદાજપત્રમાં યૂથ ફેસ્ટિવલ માટે કેમ જોગવાઈ કરી નથી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આ બાબતમાં નિર્ણય થશે તો બજેટમાં જરૂરી જોગવાઈ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે,

કુલપતિશ્રીનો ઉત્તર : વિચારણા હેઠળ છે એટલે અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી નથી.

શ્રી ભરતભાઈ છાજેરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યૂથ ફેસ્ટિવલનો પ્રસ્તાવ બે ત્રણ વર્ષથી સત્તાવાળાઓ પાસે વિચારણા હેઠળ છે. આપ આવ્યા ત્યારે અમે મળ્યા હતા ત્યારે આપે કહ્યું હતું કે તે વિચારણા હેઠળ છે. તો તે અંગે નિર્ણય લેતાં કેટલો સમય લાગશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ૧૪૫ કૉલેજો સાથે મળીને આ અંગે વિચાર કરવો સહેલો નથી. આપણી સૌની આશા સફળ થાય એમ હું ઇચ્છું છું.

પ્રશ્ન ૧૬ : ગુજરાત યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કેટલી કૉલેજોએ પ્રોવિડન્ટ ફંડ અંગે બૅંકમાં ખાતાં ખોલાવાની કાર્યવાહી કરી નથી ?

ઉત્તર ૧૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭ : ગુજરાત યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કેટલી અને કઈ કૉલેજોએ ગ્રેજ્યુઈટી ચૂકવી છે ?

પ્રશ્ન ૧૮ : કઈ કૉલેજોએ ચૂકવી નથી ?

પ્રશ્ન ૧૯ : શા માટે?

ઉત્તર ૧૭, ૧૮ અને ૧૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

શ્રી અંબુભાઈ દેસાઇએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે જવાબ છે તેમાં ૨૬ કૉલેજોએ ૧૬મા પ્રશ્નનો જવાબ આપ્યો છે. અને ૧૭, ૧૮ અને ૧૯ના કેવળ ૫ કૉલેજોએ જવાબ આપ્યા છે. જે કોઈ પ્રશ્ન પૂછ્યા છે તેની માહિતી કૉલેજ પાસેથી માંગવામાં આવી છે. પણ મોટા ભાગની કૉલેજો જવાબ આપતી નથી. છેલ્લાં ૫ વર્ષથી તે માટે કયાં સક્રિય પગલાં લીધાં છે તેની માહિતી આપવા વિનંતી છે. કેટલી કૉલેજોએ જવાબ આપ્યા નથી અને કઈ કઈ કૉલેજોએ આપ્યા છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યાદીમાં છપાયા પછી પણ કેટલીક કૉલેજોના જવાબ આવ્યા છે. જે કૉલેજોએ જવાબ આપ્યા નથી તેની સામે યુનિવર્સિટીએ ખાસ કશાં સક્રિય પગલાં લીધાં નથી.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૩૫ સિવાયની ૧૦૦ કૉલેજોએ માહિતી નથી આપી તેવું પરિશિષ્ટ જોતાં દેખાય છે તો તે ઓટોનોમસ છે?

They can ignore the Vice-Chancellor, the Academic Council, the Executive Council and even the Court?

કુલપતિશ્રીનો ઉત્તર : **ના, જી. તેવી કૉલેજોને ઓટોનોમસ કહેવાય નહીં.**

એક સભ્યે નીચેનું સૂચન કર્યું :

વખતોવખત માગ્યા છતાં માહિતી ન આપતી હોય તેવી કૉલેજોનાં નામ જણાવો અને સરકારશ્રીને વિનંતી કરો કે તેવી કૉલેજોનાં સત્તામંડળો ફેરવી નાખે.

કુલપતિશ્રીનો ઉત્તર : સૂચન માટે આભાર.

પ્રશ્ન ૨૦ : યુનિવર્સિટીએ આ અંગે કોઈ પગલાં લીધાં?

ઉત્તર ૨૦ : જે કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર ગ્રેચ્યુઇટીને પાત્ર હોય તેવા કર્મચારીઓને તેની ચુકવણી ન થયાનું જણાયું છે તેવી કૉલેજોને તેની ચુકવણી કરવા ઘટતી સૂચના આપવામાં આવી છે.

વધુમાં ઉમેરવાનું કે કૉલેજોના ગ્રાન્ટને લગતા પ્રશ્નો ઇ. અંગે રાજ્યના શિક્ષણમંત્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નિયુકત કરેલી સમિતિને, ગ્રેચ્યુઇટીને પાત્ર થતા શિક્ષકોને ચૂકવવાની થતી રકમ અનુદાન માટે ગ્રાહ્ય ગણવા અંગેનો પ્રશ્ન પણ સોંપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે ઠરાવ્યું છે.

[૨] પ્રા. ચિમનલાલ એમ. શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૨૧ : પોલ કમિશનની ભલામણોના અમલીકરણ પછી લગભગ સો ટકા ગ્રાન્ટ મળતી હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાંથી કેટલી અને કઈ કૉલેજો નિયમિત પગારો ચૂકવતી નથી?

પ્રશ્ન ૨૨ : તેના માટેનું શું કારણ છે?

ઉત્તર ૨૧ અને ૨૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

શ્રી. ચિમનલાલ એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૮ કૉલેજોએ જવાબ આપ્યા નથી તો તેમનો ખુલાસો માંગવો જોઈએ.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે હા, ખુલાસા માગ્યા પછી કેટલીક કૉલેજોએ ચુકવણી કરી છે અને અનિયમિતતાની માત્રા ઘટી છે.

પ્રશ્ન ૨૩ : તે અંગેની યુનિવર્સિટી સમક્ષ કોઈ રજૂઆત થઈ છે કે કેમ?

ઉત્તર ૨૩ : હા, જી.

પ્રશ્ન ૨૪ : તે દિશામાં યુનિવર્સિટીએ કોઈ પગલું ભર્યું છે કે કેમ?

ઉત્તર ૨૪ : બોરસદની ઈ. એમ. એસ. ટ્રસ્ટ સંચાલિત કૉલેજો તથા બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરમાં બાકી ચઢેલા પગારોની ચુકવણી બાબતમાં તપાસ કરી હેવાલ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિની નીચેની ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫—૨—૧૯૭૯ની સભામાં સ્વીકારી છે:

(૧) બોરસદ ઈ. એમ. એસ. ટ્રસ્ટ સંચાલિત કૉલેજો માટેની ભલામણ

"આ સમગ્ર પરિસ્થિતિ જોતાં અમારી ભલામણ છે કે—

(અ) ફેબ્રુઆરી માસ સહિતના તમામ બાકી પગારો ૧૫ મી માર્ચ ૧૯૭૯ સુધીમાં ચૂકવી આપવા કૉલેજોને જણાવવું.

(બ) ત્યાર પછીના પગારો યુનિવર્સિટીના નિયમ મુજબ નિયમિત ચૂકવવા જણાવવું અને તે મુજબની લેખિત બાંયધરી સંચાલકમંડળ પાસેથી મેળવવી.

(ક) પ્રૉવિડંટ ફંડની બાકી રકમમાંથી એક-તૃતીયાંશ રકમ ૧૯૭૯ની ૩૧મી મે સુધીમાં અને બાકીની રકમ ૧૯૭૯ ના ડિસેમ્બરના અંત સુધીમાં પી.એફ.ના ખાતામાં અલગ જમા કરાવવા સંચાલકમંડળને સૂચના આપવી અને તે અંગેની લેખિત બાંયધરી મેળવવી.

જો સંચાલકમંડળ તા. ૧૫ મી માર્ચ ૧૯૭૯ સુધીમાં ઉપર જણાવેલ (અ) મુજબ અમલ ન કરે અને (બ) અને (ક) અંગેની લેખિત બાંયધરી ન આપે તો નીચે મુજબનાં પગલાં ભરવાં અને સૂચિત પગલાંની જાણ અગાઉથી કરવી :

(૧) ૧ લી એપ્રિલ ૧૯૭૯ થી ગ્રાન્ટ ન ચૂકવવા રાજ્ય સરકારને ભારપૂર્વક અનુરોધ કરવો.

(૨) આગામી વર્ષે વિદ્યાર્થી પ્રવેશ ન આપવા સંસ્થાઓને સૂચના આપવી.

(૨) બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર માટેની ભલામણ

૧. પગારોની અનિયમિતતાની સ્થિતિ ૧ લી માર્ચથી રહેશે નહિ.

૨. બાકી એરિયર્સમાંથી અડધી રકમ માર્ચ ૧૯૭૯ના અંત સુધીમાં ચૂકવાશે, અને

૩. બાકીની રકમ પણ બનતી ત્વરાએ ચૂકવાશે. આ મુજબ અમલ થાય અને પ્રૉવિડંટ ફંડની બાકી રકમ બનતી ત્વરાએ નિયમ મુજબ અલગ મૂકવામાં આવે તેની ખાતરી કરવા માટેની કાર્યવાહી સ્થાયી સમિતિ અને કાર્યાલય વખતોવખત કરે."

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૪/૨૫--૨--૧૯૭૯ની સભામાં સમિતિની નીચેની ભલામણ પણ મંજૂર રાખી છે :

"આથી રાજ્ય સરકાર આગામી હિસાબી વર્ષ (તા. ૧--૪-૧૯૭૯) થી જ ડાયરેક્ટ પેમેન્ટની વ્યવસ્થા અમલમાં મૂકે તેવો ભારપૂર્વક અનુરોધ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ છે."

ઉપર નિર્દિષ્ટ ભલામણો અનુસાર કૉલેજો તથા રાજ્ય સરકારને ઘટતા પત્રો લખવામાં આવ્યા છે.

પ્રશ્ન ૨૫ : અનિયમિત પગારો ચૂકવીને સંચાલકો યુનિવર્સિટી અને સરકારના નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરે છે ને?

ઉત્તર ૨૫ : પ્રતિ માસની સાતમી તારીખ સુધીમાં પગારની પૂરેપૂરી ચુકવણી ચેક દ્વારા ન કરવામાં આવે તો તે બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણનો ભંગ થયો કહેવાય.

પ્રશ્ન ૨૬ : નિયમિત પગારો મળી રહે તેવું કોઈ પગલું યુનિવર્સિટી સરકાર દ્વારા લેવાનું વિચારે છે કે કેમ?

ઉત્તર ૨૬ : ઉપર પ્રશ્ન ૨૪નો ઉત્તર જોવા વિનંતી છે. વધુમાં ઉમેરવાનું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫--૨--૧૯૭૯ની સભામાં ઠરાવ ક્રમાંક ૭૮ થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"માધ્યમિક શાળાના શિક્ષકોની જેમ કૉલેજના અધ્યાપકો અને કર્મચારીઓને સીધા પગારની ચુકવણી (ડાયરેક્ટ પેમેન્ટ) કરવાની જોગવાઈ એ જ આ પ્રશ્નનો કાયમી ઉકેલ છે અને તેથી સરકાર દ્વારા પગારો સીધા ચૂકવાય તેવી વ્યવસ્થા ઊભી કરવા આ સભા સરકારશ્રીને આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

પ્રશ્ન ૨૭ : ગુજરાત યુનિવર્સિટી સાંલગ્ન કૉલેજો પૈકી કેટલાં કેળવણી મંડળોએ કૉલેજોના એકીકરણની માગણી કરી છે?

ઉત્તર ૨૭ : છ

પ્રશ્ન ૨૮ કેટલાંની માગણી સ્વીકારાઈ છે કે કેમ?

પ્રશ્ન ૨૯ : તેના માટેની કઈ કઈ શરતો રાખવામાં આવી છે?

ઉત્તર ૨૮ અને ૨૯ : (૧) ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર અને ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરના એકીકરણ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની

તા. ૨૧--૧--૧૯૭૮ની સભામાં ઠરાવ ક્રમાંક ૮૮ થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે દરમિયાન ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર અને ભવન્સ જશોદા-બહેન કૉમર્સ કૉલેજ, ડાકોરની ત્રણ વિદ્યાશાખાઓની સંયુક્ત કૉલેજ કરીને પોતાનું શિક્ષણકાર્ય ચલાવવા માટે મંજૂરી આપવી."

વધુમાં સદરહુ કૉલેજોના કર્મચારીઓ તરફથી રજૂઆત થતાં આ બાબ[illegible] એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯--૪--૧૯૭૮ની સભામાં ઠરાવ ક્રમ[illegible] ૬૨ થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જાણવવાનું કે તેમના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને છૂટા કરવા માટે તેમણે આપેલી નોટિસો પાછી ખેંચી લેવામાં આવે તે પછી સદરહુ પ્રસ્તાવ ઉપર વિચારણા કરવામાં આવશે."

ઉપરના ઠરાવના સંદર્ભમાં સંકુલ અંગેનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે.

(૨) ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અને ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર કૉલેજોનું એક સંકુલ તા. ૧૧ મી જૂન ૧૯૭૯થી કરવા માટે નીચેની શરતે મંજૂરી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫--૨--૧૯૭૯ની સભામાં ઠરાવ ક્રમાંક ૬૬ થી ઠરાવ્યું છે :

"આ સંકુલ થવાને કારણે ફાજલ પડતા શિક્ષકવર્ગના તથા બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગાર અને પગારધોરણો આરક્ષિત કરવામાં આવે."

શ્રી. કનુભાઈ શાલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજોનું એકીકરણ થાય તો શિક્ષકોનું શું થાય? અને ફિઝિકલ એજ્યુકેશનના શિક્ષકોને પાછા લીધા નથી તો તે સ્થિતિ એની એ જ રહેવાની. તેમને reinstate કર્યા સિવાય એકીકરણની પ્રક્રિયા નહીં થવી જોઈએ.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સદરહુ કૉલેજના સંકુલના પ્રશ્નની બાબતમાં એક સમિતિને મુલાકાત માટે મોકલવામાં આવી હતી, તેના રિપોર્ટની રાહ જોવાય છે.

આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સંકુલ થવાથી આચાર્યો પણ ફાજલ થાય છે. તપાસસમિતિ જ્યારે જાય છે ત્યારે આ પ્રશ્ન તરફ ધ્યાન રાખે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : સામાન્ય રીતે તપાસસમિતિ જે નીમી છે તેની ભલામણ ઉપરથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ નિર્ણય લે છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન ૨૮ અને ૨૯નો જવાબ આપ્યો છે તેમાં શિક્ષક સિવાયના કર્મચારીઓ એમ ફલિત થાય છે?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, જી.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરને પાછા લેવા માટે યુનિવર્સિટી કાર્યાલય લખાણ કરી રહ્યું છે.

પ્રશ્ન ૩૦ : સેન એરિયર્સના અમલીકરણમાં હજુ કેટલી અને કઈ કૉલેજોએ તેનો સંપૂર્ણ અમલ કર્યો નથી? અને

પ્રશ્ન ૩૧ : સેન એરિયર્સમાં બાંધવારીની રકમ સંલગ્ન કૉલેજોએ ચૂકવી છે કે કેમ? અને

પ્રશ્ન ૩૨ : ચૂકવી નથી તો તેનું શું કારણ છે?

ઉત્તર ૩૦, ૩૧ અને ૩૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

આચાર્ય કે. એન. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઑડિ. ૯૬ નું ફૉર્મ અધૂરું છે. તેમાં શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને ચૂકવાયેલી રકમોની જુદી માહિતી માટે ફૉર્મમાં જોગવાઈ કરવી જોઈએ.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સૂચન માટે આભાર.

શ્રી. ચિમનભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ બાબત breach of trust થાય છે કે નહીં?

કુલપતિશ્રીનો ઉત્તર : કાયદાશાસ્ત્રીઓને પૂછવું પડે.

આચાર્ય એમ. સી. શાહે જણાવ્યું કે સરકારે પૈસા આપ્યા હોય અને ન ચૂકવાયા હોય તેવું બને ખરું? અને સરકારે પૈસા ન આપ્યા હોય અને ન ચૂકવાયા હોય તેવું જુદું જણાવવું જોઈએ.

પ્રશ્ન ૩૩ : યુનિવર્સિટી તેના અમલીકરણ કરાવવાનું શું વિચારે છે? અને

પ્રશ્ન ૩૪ : યુનિવર્સિટીએ સરકાર સમયે તે અંગે રજૂઆત કરી તેનો ફૈસલો લાવવાનો પ્રયાસ કર્યો છે કે કેમ?

ઉત્તર ૩૩ અને ૩૪ : એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫–૨–૧૯૭૮ની સભામાં કૉલેજોના આર્થિક પ્રશ્નો (ગ્રાન્ટ સહિતના) અંગે રાજ્ય સરકાર પાસે જરૂર પ્રમાણે વખતોવખત રજૂઆત કરવા માટે નીમેલ સમિતિએ આ અંગે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરી હતી અને શિક્ષણમંત્રીશ્રી સાથે વધુ ચર્ચાવિચારણા માટે પરસ્પરની અનુકૂળ તારીખે ફરીથી મળવાનું રાખ્યું છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તે અંગે શિક્ષણમંત્રીશ્રી. સમક્ષ બીજીવાર રજૂઆત કરવામાં આવી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિએ ૨૧ મી માર્ચે શિક્ષણમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરી છે.

પ્રશ્ન ૩૫ : ગુજરાત યુનિવર્સિટીના નિયમ પ્રમાણે હજુ કેટલી અને કઈ કૉલેજોએ પ્રો. ફંડ અંગે બૅન્કોમાં ખાતાં ખોલાવવાની કાર્યવાહી કરી નથી? અને

પ્રશ્ન ૩૬ : શા માટે? અને

પ્રશ્ન ૩૭ : સરકારના આદેશ પ્રમાણે પણ કેટલી અને કઈ કૉલેજોએ પ્રૉ. ફંડની રકમ માટેનો હિસાબ જુદો કર્યો કે કેમ? અને

પ્રશ્ન ૩૮ : અમલ ના કર્યો હોય તો તેનું શું કારણ? અને

પ્રશ્ન ૩૯ : સરકારનાં ધારાધોરણ પ્રમાણે પ્રૉ. ફંડની રકમ કેટલી અને કઈ કૉલેજોએ તેનો અમલ કર્યો છે?

ઉત્તર ૩૫ થી ૩૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એક શિક્ષક એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જાય તો તેમનું પ્રૉવિડન્ટ ફન્ડ કપાતું નથી. કેટલીક કૉલેજોમાં date of joiningથી પ્રૉવિડન્ટ ફન્ડ કપાતું નથી અને recall કરેલાનું પણ કપાતું નથી તો આ બાબતમાં યુનિવર્સિટી શું પગલાં લેવા માંગે છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તે કૉલેજોના પ્રૉવિડન્ટ ફંડ અંગે રાજ્ય સરકારે તાજેતરમાં જે કાયદો સુધાર્યો છે તે જોતાં આ બાબત અંગે શ્રી. શિક્ષણ સંચાલક સમક્ષ રજૂઆત કરવી જોઈએ.

આચાર્ય એમ. સી. શાહે જણાવ્યું કે બધી કૉલેજો જવાબ આપવા માંગતી હોય તો પણ વહીવટી કામકાજના ભારને લીધે કે કૉલેજોમાં ટેસ્ટ ચાલતી હોવાથી ઈચ્છા હોવા છતાં જવાબ આપી શકતી નથી. ઑક્ટોબરમાં સભા બોલાવવામાં અને સપ્ટેમ્બરમાં જવાબ મંગાવવામાં આવે તો કૉલેજો જવાબ આપી શકે તે તરફ આપનું ધ્યાન દોરું છું.

શ્રી. અંબુભાઈ દેસાઈએ જણાવ્યું કે આ માહિતી કૉલેજો યુનિવર્સિટીને બેત્રણ મહિનામાં મોકલી આપે અને યુનિવર્સિટી તે કોર્ટના સભ્યોને પરિપત્રિત કરે.

શ્રી. હરુભાઈ મહેતાએ સૂચવ્યું કે આ માટે કૉલેજમાં એક વધારાના કારકુનની જોગવાઈ કરવામાં આવે.

પ્રશ્ન ૪૦ : ગુજરાત યુનિવર્સિટી કોર્ટનું અસ્તિત્વ આવ્યા પછી તેની પાંચ વર્ષની સમયમર્યાદામાં કયા કયા સભ્યો દ્વારા કુલ્લે કેટલા પ્રશ્નો પુછાયા?

ઉત્તર ૪૦ : કુલ ૨૫૩૧ પ્રશ્નો વર્ષ ૧૯૭૪ થી ૧૯૭૮ સુધીના ગાળામાં પુછાયા હતા. આ આંકડામાં પૂરક પ્રશ્નોની સંખ્યાનો સમાવેશ થતો નથી. પ્રશ્ન પૂછનાર સભ્યોનાં નામોની યાદી **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૪૧ : શું બધા જ પ્રશ્નોની ચર્ચા થઈ ખરી કે કેમ?

ઉત્તર ૪૧ : ના, જી.

પ્રશ્ન ૪૨ : ના થઈ તો શું કારણ?

ઉત્તર ૪૨ : પ્રશ્નોત્તરી માટેની સમયમર્યાદા સ્ટે. ૩૧(૫)(૧) હેઠળ નિયત થયેલી હોવાથી.

પ્રશ્ન ૪૩ : હવે તેના અમલીકરણ માટે યુનિવર્સિટીએ કંઈ વિચાર્યું છે કે કેમ?

ઉત્તર ૪૩ : પુછાયેલા પ્રશ્નોના અમલીકરણનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૪૪ : ગુજરાત યુનિવર્સિટીને મળેલી ધારાકીય સત્તાના આધારે યુનિવર્સિટીએ કૉલેજોના સંચાલન અંગે વખતોવખત બહાર પાડેલ આદેશોનું કૉલેજ સંચાલકો સરકારની નીતિ સાથે તે સુસંગત નથી તેવા બહાના હેઠળ અનાદર કરે છે, તે બાબત શું સાચી છે?

ઉત્તર ૪૪ : પ્રશ્નનો વ્યાપ જોતાં તેનો ઉત્તર આપવાનું શકય નથી તો ક્ષમા કરશો. કોઈ ચોક્કસ બાબતોનો નિર્દેશ કરવામાં આવે તો તે અંગે માહિતી આપી શકાય.

પ્રશ્ન ૪૫ : તે વાત જો સાચી હોય તો તે અંગે યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરી છે કે કેમ?

ઉત્તર ૪૫ : ઉપરના પ્રશ્ન નં. ૪૪ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૬ : ગુજરાત યુનિવર્સિટીની નવી કોર્ટના અસ્તિત્વ પછી તેની પાંચ વર્ષની કાર્યવાહી દરમિયાન કેટલા ઠરાવો રજૂ થયા?

ઉત્તર ૪૬ : કુલ ૯૩૫.

પ્રશ્ન ૪૭ : તેમાંથી કોઈ ઠરાવોની ચર્ચા થઈ છે કે કેમ?

ઉત્તર ૪૭ : હા, જી. તે પૈકી કુલ ૨૬ પ્રસ્તાવો ઉપર ચર્ચાવિચારણા થઈ હતી.

પ્રશ્ન ૪૮ : ચર્ચા ભલે ના થઈ હોય તો હવે તેની ચર્ચા થશે તેવી નીતિ અપનાવવા યુનિવર્સિટીએ વિચાર્યું છે કે કેમ?

ઉત્તર ૪૮ : સ્ટેચ્યૂટ ૭૬ મુજબ બાકી રહેવા પામેલા પ્રસ્તાવો/પ્રસ્તાવ રજૂ કરનાર કે યુનિવર્સિટી કોર્ટના અન્ય સભ્ય તરફથી નવેસરથી નોટિસ મળ્યેથી યુનિવર્સિટી કોર્ટની સભાની કામકાજની યાદીમાં સામેલ કરી શકાય છે.

પ્રશ્ન ૪૯ : બાકી રહેલા ઠરાવો સિન્ડિકેટની મીટિંગમાં ચર્ચા માટે ના લઈ શકાય?

ઉત્તર ૪૯ : તે અંગે કોઈ ચોક્કસ પ્રસ્તાવ આવ્યેથી તે એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં પણ ચર્ચાવિચારણા માટે મૂકવાનું વિચારી શકાય.

પ્રશ્ન ૫૦ : તેના માટે પુનઃ યુનિવર્સિટી કોર્ટની મીટિંગ શું ના બોલાવી શકાય?

ઉત્તર ૫૦ : પ્રશ્ન ૪૮ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૧ : ગુજરાત યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કેટલી અને કઈ કૉલેજોએ ગ્રેચ્યુઈટી ચૂકવી છે?

પ્રશ્ન ૫૨ : અને કઈ કૉલેજોએ તે ચૂકવી નથી? અને

પ્રશ્ન ૫૩ : શા માટે?

ઉત્તર ૫૧, ૫૨ અને ૫૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૪ : તેના માટે યુનિવર્સિટી સમક્ષ કોઈની ફરિયાદ આવી છે કે કેમ?

ઉત્તર ૫૪ : હા, જી.

પ્રશ્ન ૫૫ : યુનિવર્સિટીએ તેના માટેની કોઈ કાર્યવાહી કરી છે કે કેમ?

ઉત્તર ૫૫ : તેવા કેસોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મળવાપાત્ર રકમની ચુકવણી કરવા માટે સંબંધકર્તા કોલેજોને જણાવવામાં આવેલ છે.

પ્રશ્ન ૫૬ : ગુજરાત યુનિવર્સિટી એક સ્વાયત્ત સંસ્થા હોવા ઉપરાંત સરકાર તેની ઉપરવટ જઈને નિર્ણય લઈ રહી છે કે કેમ?

ઉત્તર ૫૬ : પ્રશ્નનો વ્યાપ જોતાં તેનો ઉત્તર આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫૭ : તેવી કાઈ ઘટના શું બની છે કે કેમ?

ઉત્તર ૫૭ : ઉપર પ્રશ્ન નં. ૫૬ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૮ : યુનિવર્સિટીએ તે અંગે સરકારનું ધ્યાન દોર્યું છે કે કેમ?

ઉત્તર ૫૮ : ઉપર પ્રશ્ન નં. ૫૬ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૯ : યુ.જી.સી.ના દશ હપતાની રકમમાંથી કઈ કઈ કોલેજોએ નિયમ પ્રમાણે કેટલા હપતા અને ચૂકવ્યા નથી ?

પ્રશ્ન ૬૦ : અને તેનું શું કારણ?

ઉત્તર ૫૯ અને ૬૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ " ૩ " જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૧ : યુનિવર્સિટી સમક્ષ તેની કોઈ ફરિયાદ છે કે કેમ?

ઉત્તર ૬૧ : હા, જી.

પ્રશ્ન ૬૨ : તેના માટે યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી હાથ ઉપર લીધી છે કે કેમ?

ઉત્તર ૬૨ : તેવા કેસોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ, રાજ્યપાલશ્રીના ચુકાદાના સંદર્ભમાં ચૂકવવા પાત્ર રકમ દશ હપતામાં ચૂકવવા માટે કોલેજને જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૬૩ : તેનું પરિણામ શું આવ્યું ?

ઉત્તર ૬૩ : સાનુકૂળ પરિણામની રાહ જોવાય છે.

[૩] શ્રી રમણલાલ એ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૬૪ : તા. ૧૧--૧૧--૧૯૭૮ અને તા. ૧૮--૧૧--૧૯૭૮ના રોજ ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં રજૂ થયેલ ઠરાવ "સંલગ્ન કૉલેજોના વ્યાયામ શિક્ષકને 'લેક્ચરર ઇન ફિઝિકલ એજ્યુકેશન' નામાભિધાન આપવા અંગે વિચારણા કરવા બાબત." (આ ઠરાવ નં. ૧૧૦ છે.) આ સભાએ સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખી છે, શા માટે?

ઉત્તર ૬૪ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નોંધમાં સદરહુ બાબત મોકૂફ રાખવાનું કારણ દર્શાવવામાં આવ્યું નથી તે સંજોગોમાં કાર્યાલય તે કારણ આપી શકે તેમ નથી.

શ્રી. રમણભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વ્યાયામ શિક્ષકોનું નામાભિધાન બદલવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કયા કારણસર ના પાડી છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આ બાબતની વિચારણા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મોકૂફ રાખી છે.

કુલપતિશ્રીનો ઉત્તર : તમારો અભિપ્રાય એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોએ સાંભળ્યો છે તો તેની પણ અસર તો થશે.

પ્રશ્ન ૬૫ : સંલગ્ન કૉલેજોના શારીરિક શિક્ષણના શિક્ષકો યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ અન્ય વિષયના શિક્ષકોની જેમ ટીચિંગ સ્ટાફના સભ્યો હોવા છતાં ગુજરાત સરકારે તેઓને નૉનટીચિંગ સ્ટાફના સભ્યો ગણી દેસાઈ પંચના પગારો લાગુ પાડવાની ચેરવી કરી યુનિવર્સિટીની સ્વાયત્તતા ઉપર તરાપ મારી છે. આ સામે યુનિવર્સિટીએ આજદિન સુધી કોઈ કાર્યવાહી કરી છે ખરી?

અને

પ્રશ્ન ૬૬ : શારીરિક શિક્ષણના શિક્ષકોને અન્ય વિષયના શિક્ષકોની સાથે ભૂતકાળમાં પગારધોરણો મળ્યાં છે તે પ્રમાણે સેન પગારધોરણો અપાવવા માટે યુનિવર્સિટીએ કોઈ પ્રયાસ કર્યો છે?

ઉત્તર ૬૫ અને ૬૬ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ૧૯૭૩થી બીજા શિક્ષકોનાં પગારધોરણોમાં સુધારા કર્યા ત્યારે વ્યાયામ શિક્ષકોના પગારધોરણમાં સુધારો કર્યો નથી એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે, કૉલેજોની ગ્રાન્ટને લગતા પ્રશ્નો ઈ. અંગે રાજ્યના શિક્ષણમંત્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિને શારીરિક શિક્ષકોના પગારધોરણની બાબતમાં રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ્યું છે.

[૪] શ્રી. શરદભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૬૭ : યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોમાં અસ્થાયી જાતિઓ અને વિમુકત જાતિઓ સહિત સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે શિક્ષકગણની કુલ જગ્યાઓના પાંચ ટકા અને બિન-શિક્ષકગણની કુલ જગ્યાઓના ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાનો એક્ઝિકયુટિવ કાઉન્સિલે કઈ તારીખની સભામાં નિર્ણય લીધો?

ઉત્તર ૬૭ : તા. ૨–૯–૧૯૭૮ની સભામાં.

પ્રશ્ન ૬૮ : અને કૉલેજોને કઈ તારીખના પરિપત્રથી પગલાં લેવાનું યુનિવર્સિટીએ જણાવ્યું?

ઉત્તર ૬૮ : તા. ૯–૯–૧૯૭૮ના પરિપત્રાંક એકેડેમિક ૧૩/૦૫૧૭૪થી.

પ્રશ્ન ૬૯ : એક્ઝિકયુટિવ કાઉન્સિલે આ નિર્ણય લીધો ત્યાર બાદ સંલગ્ન કૉલેજોમાં જે જે જગ્યાઓ ભરવામાં આવે–શિક્ષક અને બિનશિક્ષક વર્ગની–તેમાં ઉપરોકત નિર્ણય મુજબ ભરવી જોઈએ તે આવશ્યક છે?

ઉત્તર ૬૯ : હા. જી.

પ્રશ્ન ૭૦ : જો "હા", તો કઈ કઈ સંલગ્ન કૉલેજોએ તે તારીખ પછી નવી નિમણૂક કરી હોય, પ્રમોશન ઉપરની જગ્યા ઉપર આપ્યાં હોય, શિક્ષક અને બિનશિક્ષક વર્ગની જગ્યાઓમાં તેમના નામે જે જગ્યા ઉપર નિમણૂક કરી હોય, પ્રમોશન આપ્યું હોય તે જગ્યાનું નામ, પહેલાં કઈ જગ્યા ઉપર તે કર્મચારી હતો તે જગ્યાનું નામ અને તેમની જાતિ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૭૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૫"** જોવા વિનંતી છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પ્રશ્નોત્તરી છપાઈને મોકલ્યા પછી માહિતી આવી છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોઈ ચોક્કસ બાબત અંગે પૂછવામાં આવે તો માહિતી આપવાની સમજ પડે.

પ્રશ્ન ૭૧ : યુનિવર્સિટી કાર્યાલયમાં અને ભવનોમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે આ નિર્ણય લીધો ત્યાર બાદ જે જે જગ્યાએ શિક્ષક અને બિનશિક્ષક વર્ગમાંથી પુરાઈ હોય તેનાં નામ, હોદ્દો, અને જાતિ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૭૧ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૬" જોવા વિનંતી છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પરિશિષ્ટ ૬ માં જે માહિતી આપી છે તેમાં શિક્ષક વર્ગના લેકચરરની જગ્યા પુરાયાની માહિતી આપી નથી.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તેમનું નામ મૂકવાનું રહી ગયું હતું. તે પ્રશ્નોત્તરી છપાઈ ગયા પછી લઈ શકાયું નથી. હવે પછી તે તેમાં સમાવી લેવામાં આવશે.

પ્રશ્ન ૭૨ : એકિઝકયુટિવ કાઉન્સિલે આ નિર્ણય લીધો તે પહેલાં યુનિવર્સિટી કાર્યાલય અને વિદ્યાભવનોમાં શિક્ષક વર્ગની અને બિનશિક્ષક વર્ગની કઈ કઈ કાયમી જગ્યાઓ ખાલી હતી?

ઉત્તર ૭૨ : સદરહુ બાબતની માહિતી માટે પરિશિષ્ટ "૭" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૩ : આ ખાલી જગ્યાઓ, આ નિર્ણય ઈ.સી.એ કર્યો તે પહેલાં જે ધોરણે પૂરવામાં આવતી હતી તે ધોરણે પૂરવાની માંગણી ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે કરેલી છે?

ઉત્તર ૭૩ : હા, જી.

પ્રશ્ન ૭૪ : જો "હા" તો તે શા માટે, તે ધોરણે હજુ સુધી પૂરવામાં આવી નથી?

ઉત્તર ૭૪ : દરમ્યાન એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦–૧૨–૧૯૭૮ની સભામાં જે જગ્યાઓ પૂરવા અંગે ઠરાવો કરેલા હોઈ ખાલી પડેલી જગ્યાઓ પૂરવાની કાર્યવાહી હાલ કરી નથી.

પ્રશ્ન ૭૫ : સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓ માટેનાં નવાં પગારધોરણો વિ. ના સરકારી જી.આર.નો એકિઝકયુટિવ કાઉન્સિલ સ્વીકાર કરે તે પછી જ કૉલેજોએ તેનો અમલ કરવો આવશ્યક છે કે કૉલેજો સીધો જ અમલ કરી શકે?

ઉત્તર ૭૫ : સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ (શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના) માટેની સેવાની શરતો નિયત કરવાની સત્તા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ (૧) (૩૯) અન્વયે એકિઝકયુટિવ કાઉન્સિલને આપવામાં આવેલી હોઈ, તે બાબતમાં રાજ્ય સરકારના જી.આર. નો સ્વીકાર એકિઝકયુટિવ કાઉન્સિલ કરે તે પછી જ તે મુજબનો પગારધોરણોનો અમલ કરવો આવશ્યક બને છે.

પ્રશ્ન ૭૬ : સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો નિયત કરવાની કાયદેસરની સત્તા એકિઝકયુટિવ કાઉન્સિલને છે તે વાત સાચી છે?

ઉત્તર ૭૬ : હા, જી.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ અંગે યુનિવર્સિટીએ કોઈ ધારાધોરણો ઘડેલાં છે? કઈ કઈ સંલગ્ન કૉલેજોમાં બિનશિક્ષક કર્મચારીઓની ખાલી જગ્યાઓ પુરાઈ નથી તેની માહિતી મેળવી છે? અને આ બાબત અંગેનો પ્રશ્ન એકિઝકયુટિવ કાઉન્સિલ પાસે મૂકી શકાય ખરો?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યુનિવર્સિટીએ કૉલેજોના કર્મચારીઓના મહેકમ અંગેના નિયમો કરેલા છે પણ તેના અમલ અંગે પરિપત્ર મોકલ્યા પછી તે માટે આગ્રહ રાખવો નહીં એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલે ઠરાવ્યું છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પછી સરકારશ્રી તરફથી સંલગ્ન કૉલેજોમાં મહેકમ અંગે લખાણ આવેલું છે અને તે માટે ગ્રાન્ટ મળે તેમ છે તો કેમ આગ્રહ રાખવો નહીં ?

શ્રી. કનુભાઈ શાહે જણાવ્યું કે મહેકમ અંગે યુનિવર્સિટીએ કંઈક પગલાં લેવાં જોઈએ. મહત્તમ મહેકમને બદલે યુનિવર્સિટીએ લઘુતમ મહેકમ અંગે નિયમ કરવો જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : લઘુતમ મહેકમ અંગે યુનિવર્સિટીએ કર્યું નથી, એ હકીકત છે.

પ્રશ્ન ૭૭ : યુનિવર્સિટી કર્મચારીઓ માટે આવેલા દેસાઈ પગારધોરણોનો લાભ કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને તા. ૧--૫--૧૯૭૩થી આપવાનો નિર્ણય એક્ઝિકયુટિવ કાઉન્સિલે લીધો હતો ?

ઉત્તર ૭૭ : હા, જી.

પ્રશ્ન ૭૮ : કઈ તારીખની સભામાં ?

ઉત્તર ૭૮ : એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૩—૪—૧૯૭૭ની સભામાં.

પ્રશ્ન ૭૯ : જો "હા" તો કઈ કઈ સંલગ્ન કૉલેજોએ તેનો લાભ તા. ૧--૫--૧૯૭૩થી પોતાની કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને આપ્યો છે અને કઈ કઈ કૉલેજોએ આપ્યો નથી ?

ઉત્તર ૭૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે **પરિશિષ્ટ "૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૦ : કૉલેજોના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિએ અગાઉ કોઈ ઠરાવ કરીને તા. ૧--૧--૧૯૭૩ પછીની કોઈ પણ તારીખથી આ પગારધોરણોનો કૉલેજ કર્મચારીઓ સ્વીકાર કરી શકે તેવી રાજ્ય સરકારને ભલામણ કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી હતી ?

ઉત્તર ૮૦ : હા, જી.

પ્રશ્ન ૮૧ : જો "હા" તો સદર ઠરાવનો પાઠ આપવા વિનંતી છે.

ઉત્તર ૮૧ : પ્રશ્નમાં નિર્દિષ્ટ ભલામણ રાજ્ય સરકારને કરવા બાબતમાં શ્રી. શરદ પટેલના પ્રસ્તાવ અંગે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૨--૯--૧૯૭૮ની સભાનો ઠરાવ નીચે પ્રમાણે છે :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનો પ્રસ્તાવ સ્વીકારવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આ સંદર્ભમાં જાણ માટે ઉમેરવાનું કે, સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને પોતાનાં તા. ૩૧--૧૨--૧૯૭૨નાં પગારધોરણોને લઈને નવાં પગારધોરણો સ્વીકારવાનો વિકલ્પ તેમને ફાયદા રૂપ થાય તે તારીખથી પસંદ કરવા માટે રાજ્ય સરકારે ઠરાવ કર્યો છે.

પ્રશ્ન ૮૨ : અને તેના ઉપર રાજ્ય સરકારે શું પગલાં લીધાં છે તેની કોઈ માહિતી હોય તો પૂરી પાડવા વિનંતી છે.

ઉત્તર ૮૨ : પ્રશ્ન--૮૧ નો ઉત્તર જોવા વિનંતી છે.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

હેડ પ્યૂન અંગે યુનિવર્સિટીએ નિયત કરેલા પગારધોરણમાં ફેરફાર કરવા માટે સરકારશ્રીને ભલામણ કરી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, જી.

પ્રશ્ન ૮૩ : યુનિવર્સિટી કાર્યાલયના કાર્યાલય નિયામક શ્રી. વી. એમ. વ્યાસે કુલપતિશ્રીને ઉદ્દેશીને પાઠવેલ તા. ૧--૬--૧૯૭૮ના પત્ર જે પત્રની નકલ તેમણે તા. ૧૫--૧૨–૧૯૭૮ના રોજ ફરી રજૂ કરી છે તે તા. ૧--૬--૧૯૭૮ના પત્રની વિગતો આપશો.

ઉત્તર ૮૩ : સદરહુ પત્રની નકલ માટે પરિશિષ્ટ "૮અ" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૪ : તથા તે અંગે અત્યાર સુધી શી કાર્યવાહી થઈ છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૮૪ : સદરહુ વિનંતી મંજૂર કરી શકાઈ નથી.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કુલપતિશ્રી આવો નિર્ણય લે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : કામચલાઉ ધોરણે કુલપતિશ્રી આવો નિર્ણય લે છે.

પ્રશ્ન ૮૫ : સંલગ્ન કઈ કઈ કૉલેજોમાં ટાઈપિસ્ટોને તે અંગેનો સ્પેશિયલ પે અને કૅશિયરોને તે અંગેનો સરકારી નિયમ મુજબનો સ્પેશિયલ પે અપાય છે ?

પ્રશ્ન ૮૬ : અને આ જગ્યાઓ ઉપર કૉલેજોમાં કર્મચારીઓ કામ કરતા હોય છતાં આ સ્પે. પે ન અપાતો હોય તેવી કઈ કઈ કૉલેજો છે?

ઉત્તર ૮૫ અને ૮૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પરિશિષ્ટ "૯" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૭ : સંલગ્ન સરકારી વિજ્ઞાન કૉલેજોના લેબોરેટરી સ્ટાફને "વેકેશન-સ્ટાફ" ગણી તેમને વેકેશનનો લાભ આપવામાં આવે છે તેવી કઈ કઈ આ યુનિવર્સિટી સાથે સંલગ્ન સરકારી વિજ્ઞાન કૉલેજો છે?

ઉત્તર ૮૭ : તા. ૧૪–૩–૧૯૭૯ સુધીમાં ઉપલબ્ધ થયેલ સદરહુ માહિતી પ્રમાણે કેવળ આર. આર. લાલન કૉલેજ, ભૂજની લેબોરેટરી સ્ટાફના વેકેશનનો લાભ આપવામાં આવે છે.

પ્રશ્ન ૮૮ : બિનસરકારી સંલગ્ન વિજ્ઞાન કૉલેજોના લેબો. સ્ટાફે તેમને વેકેશન સ્ટાફ ગણવાની કોઈ માંગણી યુનિવર્સિટી સમક્ષ કરેલી છે?

ઉત્તર ૮૮ : હા, જી.

પ્રશ્ન ૮૯ : જો "હા" તો કઈ તારીખે કરી હતી?

ઉત્તર ૮૯ : છેલ્લે તા. ૨૪--૨--૧૯૭૯ના રોજ.

પ્રશ્ન ૯૦ : અને આજદિન સુધી તેના ઉપર શું કાર્યવાહી યુનિવર્સિટી કક્ષાએ થઈ છે?

ઉત્તર ૯૦ : આ બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫--૨--૧૯૭૯ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોના સ્ટાફને પણ રાજ્ય સરકારના ધોરણે વેકેશન સ્ટાફ ગણવો."

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બી. જે. મેડિકલ કૉલેજ અને ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજના લેબોરેટરી સ્ટાફને વેકેશન સ્ટાફ ગણવામાં આવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી,

સદરહુ સભ્યે સૂચવ્યું કે મારું સૂચન છે કે તેમને પણ વેકેશન સ્ટાફ ગણવો જોઈએ.

પ્રશ્ન ૯૧ : યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને સ્પર્શતા વિવિધ પ્રશ્નો અંગે તા. ૮--૧--૧૯૭૭ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની વિચારણા માટે બાબત ૭૮ થી પ્રસ્તાવ--૧, પ્રસ્તાવ--૨, પ્રસ્તાવ--૩, પ્રસ્તાવ—૪, પ્રસ્તાવ—૫, પ્રસ્તાવ--૮, પ્રસ્તાવ--૯ રજૂ કરવામાં આવેલા તેના પાઠ આપવા વિનંતી છે.

ઉત્તર ૯૧ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૧૦" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૨ : સદર સભામાંના પ્રસ્તાવ નં. ૧થી ૧૧ અને ૯ ઉપર થયેલા ઠરાવો તા. ૧૯--૨--૧૯૭૭ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલે સુધારીને જે ઠરાવ કરેલો તેનો પાઠ આપવા વિનંતી છે.

ઉત્તર ૯૨ : સદરહુ ઠરાવનો પાઠ નીચે પ્રમાણે છે :

"બાબત નં. ૭૮ના પ્રસ્તાવો નં. ૧ થી ૧૧ અને ૯ ઉપરના ઠરાવો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવો નં. ૧ થી ૧૧ અને ૯ અંગે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરીને તેને અનુમતિ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી."

પ્રશ્ન ૯૩ : સદર તમામ પ્રસ્તાવો ઉપર થયેલ ઠરાવો મુજબ આજદિન સુધીમાં આજે બે વર્ષને અંતે શું શું કાર્યવાહી યુનિવર્સિટીએ કરી છે?

ઉત્તર ૯૩ : સદરહુ પ્રસ્તાવો રાજ્ય સરકારની વિચારણા માટે મોકલવામાં આવ્યા છે. તે અંગે રાજ્ય સરકારના નિર્ણયની રાહ જોવાય છે.

શ્રી. શરદભાઈ પટેલે જણાવ્યું કે આ ઠરાવ એકિઝકયુટિવ કાઉન્સિલે બે વર્ષ પહેલાં પસાર કર્યો છે અને તે સરકારશ્રીને મોકલ્યો છે. યુનિવર્સિટી કાર્યાલયે કેટલાક સ્મૃતિપત્રો પાઠવ્યા છતાં તેનો જવાબ આપવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૯૪ : અને સદર પ્રશ્નો હાલમાં કયા તબક્કે પડયા છે તેની વિગતે માહિતી આપવા વિનંતી છે.

ઉત્તર ૯૪ : પ્રશ્ન ૯૩ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૫ : કપડવંજની કૉલેજના માળીની જગ્યા ઉપર કામ કરતા બિનશિક્ષક કર્મચારી શ્રી. રાયમલ પરમારને અગાઉ કૉલેજ સસ્પેન્ડ કરેલો ને દરમ્યાનનો પગાર નિયમિત રીતે યુનિવર્સિટીના કાયદા મુજબ તેને ચૂકવાયો હતો?

ઉત્તર ૯૫ : સસ્પેન્શન ગાળા દરમિયાન, જૂન ૧૯૭૬ થી તેમને બરતરફ કર્યાનો કુલપતિશ્રીએ તા. ૨૬--૮--૧૯૭૭ના રોજ આદેશ આપ્યો તે સમયગાળાના યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મળવા પાત્ર પગારની રકમ તેમને ચૂકવવામાં આવી હતી.

પ્રશ્ન ૯૬ : આ સસ્પેન્ડ કરવામાં આવેલ કર્મચારીને સસ્પેન્શનના ગાળા દરમ્યાનના પગાર ચૂકવી આપવા બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે છેલ્લો નિર્ણય શું કર્યો હતો?

ઉત્તર ૯૬ : એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨--૭--૧૯૭૮ની સભામાં કરેલી નીચેની ભલામણ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨--૭--૧૯૭૮ની સભામાં ઠરાવ ક્રમાંક ૭૦થી મંજૂર રાખી છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને જાણ કરીને પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજની ગ્રાન્ટમાંથી જરૂરી કપાત કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

પ્રશ્ન ૯૭ : સદર ઈ. સી. ની સભાના નિર્ણય અન્વયે રાજ્ય સરકારે કૉલેજની ગ્રાન્ટમાં તે નાણાં કાપી તે કર્મચારીને ચૂકવવામાં આવેલાં છે?

ઉત્તર ૯૭ : ના, જી.

પ્રશ્ન ૯૮ : જો "ના", તો સરકારે આ બાબતમાં યુનિવર્સિટીને કાંઈ જવાબ આપેલો છે?

ઉત્તર ૯૮ : હા, જી.

પ્રશ્ન ૯૯ : સરકારના સદર પત્રનો પાઠ પૂરો પાડવા વિનંતી છે.

ઉત્તર ૯૯ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૧૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૦ : સદર પત્રની જાણ ઈ. સી. ની સભાને કરવામાં આવી હતી?

ઉત્તર ૧૦૦ : ના, જી. સ્પષ્ટતા કરતાં ઉમેરવાનું કે, પ્રશ્ન--૯૮ અને ૯૯ ના ઉત્તરમાં આપવામાં આવેલ પરિશિષ્ટમાં જણાવેલ શિક્ષણ નિયામકશ્રીના તા. ૧૬--૩--૧૯૭૮ના પત્ર પછી આ બાબત એકેડેમિક કાઉન્સિલ તથા એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રાન્ટ કપાત અંગે ઠરાવ્યું છે.

પ્રશ્ન ૧૦૧ : આ કર્મચારીનો કેસ હાલમાં કયા તબક્કે પડેલો છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૦૧ : એક્ઝિકયુટિવ કાઉન્સિલના ઠરાવ અનુસાર ગ્રાન્ટ કપાત અંગે રાજ્ય સરકારને ભલામણ કરતાં તે અંગે કપડવંજ કેળવણી મંડળે કરેલ રજૂઆતના સંદર્ભમાં સરકારશ્રી તરફથી લખાણ આવ્યેથી આગળ કાર્યવાહી કરવામાં આવશે.

[૫] શ્રી. પંકજ શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૦૨ : ૧૯૭૮--૭૯ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં અનુસ્નાતક અભ્યાસ માટે કેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે?

ઉત્તર ૧૦૨ : સદરહુ માહિતી માટે પ્રશ્ન ક્રમાંક ૧૦ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૩ : તે દરેક પાસેથી કેટલી ફી લેવામાં આવેલ છે?

ઉત્તર ૧૦૩ : પ્રશ્ન ક્રમાંક ૧૧ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૪ : એમ.એ., એમ.કોમ. વગેરે વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી એક્સ્ટર્નલ ફીના બદલામાં કોઈ વાંચનસામગ્રી આપવામાં આવે છે?

ઉત્તર ૧૦૪ : સદરહુ માહિતી માટે પ્રશ્ન ક્રમાંક ૧૨ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૫ : ગુજરાત યુનિવર્સિટીમાં કઈ કઈ સંસ્થાઓએ શિક્ષણ સિવાયના હેતુઓ માટે મકાનનો ઉપયોગ કર્યો છે?

ઉત્તર ૧૦૫ : તા. ૧૪–૩–૧૯૭૯ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે કેવળ શ્રીમતી એસ. સી. પટેલ ફરતી કુઈવાલા કોમર્સ કોલેજ, ડભોઈએ નવા મકાનના ભોંયતળિયાનો ભાગ એલ.આઈ.સી. અને જી.ઈ.બી. બોર્ડને ભાડે આપેલ છે.

શ્રી. પંકજ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અમદાવાદની કોઈ પણ કોલેજે પોતાનું મકાન ભાડે આપ્યું નથી?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ઉપલબ્ધ માહિતી સભાગૃહને આપવામાં આવી છે.

શ્રી. પંકજભાઈ શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અમદાવાદની કોઈ પણ કોલેજે પોતાનું મકાન ભાડે આપ્યું છે તેવી ફરિયાદ આવી છે ખરી?

શ્રી. કુલસચિવે જણાવ્યું : હા, જી.

શ્રી. પંકજભાઈ શાહે નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કઈ કઈ કોલેજોની ફરિયાદ આવી છે? નામ આપશો?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સ્વામિનારાયણ આર્ટ્સ કોલેજ અંગે આવી ફરિયાદ આવેલી છે. આ કેસમાં અદાલતી કાર્યવાહી થતાં યુનિવર્સિટીએ તે અંગે ઘટતી રજૂઆત અદાલત સમક્ષ પણ કરેલી છે.

શ્રી. નરહરિભાઈ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એક્ઝિક્યુટિવ કાઉન્સિલના એક સભ્યશ્રીની કોલેજે કોલેજનું મકાન ભાડે આપેલું છે?

આચાર્ય એમ. સી. શાહે ખુલાસો કરતાં જણાવ્યું કે નવગુજરાત કોલેજ મકાન ભાડે આપ્યું નથી. કોલેજે ટ્રસ્ટને મકાન સોંપ્યું છે અને ટ્રસ્ટે ભાડે આપ્યું છે.

શ્રી. નરહરિભાઈ પરીખે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અમદાવાદની ત્રણ કૉલેજોએ બીજાને મકાન ભાડે આપ્યું છે. તેની માહિતી યુનિવર્સિટી પાસે છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યુનિવર્સિટીના રેકૉર્ડ ઉપર એવી માહિતી આવી હોય એવું સ્મરણમાં નથી. હકીકતમાં પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી પોતે જ જાણતા હોય એમ લાગે છે. કૉલેજને પોતાનું મકાન હોતું નથી, અને તેથી ટ્રસ્ટ મકાન ભાડે આપે છે ત્યારે આ મુશ્કેલી ઊભી થાય છે. કોઈ પણ સંલગ્ન કૉલેજને duly constituted governing body હોવી જોઈએ તેવી કાયદાની જોગવાઈ છે અને જોડાણની શરતો પ્રમાણે કૉલેજમાં જરૂરી સુવિધાઓ હોવી જોઈએ તેવો આગ્રહ આપણે રાખી શકીએ. તે સિવાય ટ્રસ્ટ પોતાની મિલકત વિશે બીજી રીતે વર્તે તો ટ્રસ્ટને આપણે કશું કરી શકતા નથી.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જોડાણની શરતોમાં અમુક સમયમાં કૉલેજને પોતાનું મકાન હોવું જોઈએ એવી શરત છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું : ના, જી.

એક સભ્યે જણાવ્યું કે કૉલેજનું મકાન ટ્યૂશન ક્લાસ માટે ભાડે આપેલું છે અને અમદાવાદ આર્ટ્સ કૉલેજના મકાનમાં એમ.કૉમ. અને એલએલ.એમ.ના ટ્યૂશન ક્લાસ ચલાવે તે યુનિવર્સિટીની જોડાણની શરતોમાં આવતું નથી.

ડૉ. અરવિંદભાઈ શાહે સૂચવ્યું કે યુનિવર્સિટી કૉલેજોને કહી શકે કે તમે આટલું જ કરી શકો.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે હા.

શ્રી. રમણભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સંલગ્ન કૉલેજને પોતાનું મકાન હોવું જોઈએ તેવી શરત છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોઈ પણ કૉલેજને પોતાનું મકાન હોવું જોઈએ એવી શરત નથી પણ તેને અમુક ક્ષેત્રફળવાળું કે અમુક વર્ગખંડોવાળું મકાન હોવું જોઈએ તેવી શરત હોય છે.

શ્રી. નરહરિભાઈ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન મકાનની ગ્રાન્ટ ટ્રસ્ટોને આપે છે ત્યારે કોઈ અપેક્ષા રાખે છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યુ.જી.સી.ની અપેક્ષા વિશે આપણે શું કહી શકીએ?

શ્રી. નરહરિભાઈ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શૈક્ષણિક સિવાયના બીજા હેતુ માટે મકાન ભાડે ન આપવું તેવી અપેક્ષા ખરી?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે અપેક્ષા એક બાબત છે અને કાયદો બીજી બાબત છે.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીએ કે સરકારે જે પ્રવૃત્તિ માન્ય ન રાખી હોય તેવી પ્રવૃત્તિ તે કૉલેજમાં થઈ શકે નહીં અને કરે તો તેની સામે પગલાં લેવાં જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : આપના સૂચન માટે આભાર.

પ્રશ્ન ૧૦૬ : શું શિક્ષણ સંસ્થાઓ ચલાવવા અમદાવાદ નગરપાલિકા તરફથી કે ગુજરાત સરકાર તરફથી સસ્તા ભાવમાં જમીન કોઈ સંસ્થાને ફાળવવામાં આવી છે?

ઉત્તર ૧૦૬ : તા. ૧૪-૩-૧૯૭૯ સુધીમાં ઉપલબ્ધ થયેલી સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	આર. આર. લાલન કૉલેજ, ભુજ
(૨)	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ.

પ્રશ્ન ૧૦૭ : વેલ્ફેર બોર્ડના અંદાજપત્રમાં ફાળવવામાં આવેલ પૈસા વાપરવામાં આવે છે?

ઉત્તર ૧૦૭ : હા, જી.

પ્રશ્ન ૧૦૮ : નથી વપરાતા તો કેમ?

ઉત્તર ૧૦૮ : ઉપર પ્રશ્ન ૧૦૭નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૯ : કઈ કઈ વિગતોના નથી વપરાયા?

ઉત્તર ૧૦૯ : યુવક મહોત્સવ અંગેનાં નાણાં વપરાયાં નથી.

પ્રશ્ન ૧૧૦ : એમ.કૉમ., એમ.એ. વગેરે પોસ્ટ-ગ્રેજ્યુએટના ક્લાસ ચલાવવાની કૉલેજોને પરવાનગી યુનિવર્સિટીએ આપી છે કે કેમ?

ઉત્તર ૧૧૦ : એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦, ડિસેમ્બર ૧૯૭૮ની સભામાં ઠરાવ ક્રમાંક ૬૧૪થી અનુસ્નાતક શિક્ષણની વિકેન્દ્રિત વ્યવસ્થા યુનિવર્સિટીનાં ભવનો ઉપરાંત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં તેમ જ માન્ય સંસ્થાઓમાં ગોઠવવાનો પ્રસ્તાવ સ્વીકારેલ છે.

શ્રી. કનુભાઈ શાહે જણાવ્યું કે સ્ટડી સેન્ટરના નામે એક કૉલેજમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ક્લાસીસ ચાલે છે અને તે અંગે યુનિવર્સિટીએ આંખમીંચામણાં કર્યાં છે.

આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ જણાવ્યું કે એકસ્ટર્નલ વિદ્યાર્થીઓની સુવિધા માટે કૉલેજે આવાં સેન્ટર કાઢ્યાં હતાં.

પ્રશ્ન ૧૧૧ : યુનિવર્સિટીમાં એકઝામ. અંગે લેવામાં આવતા પૈસા આગાઉનાં વર્ષોમાં પહોંચ રજૂ કરતાં, જો પરીક્ષા ન આપી હોય, તો રોકડા આપવામાં આવતા હતા, જે અત્યારે રોકડા ન આપતાં ઘેર મોકલવામાં આવે છે તો તે કેમ?

ઉત્તર ૧૧૧ : યુનિવર્સિટીની એકઝામમાં ન બેસનાર વિદ્યાર્થીઓને તેમની અર્ધી પરીક્ષા-ફી, તેમની ઇચ્છા મુજબ રોકડેથી કે મનીઑર્ડરથી પાછી આપવાની પ્રથા હાલ પણ ચાલુ છે.

પ્રશ્ન ૧૧૨ : અને જે પૈસા નથી લઈ જતા, તે પૈસાનું શું કરવામાં આવે છે?

ઉત્તર ૧૧૨ : જે વિદ્યાર્થીઓ પોતાની અર્ધી પરીક્ષા-ફી પાછી મેળવવા માટે માગણી (claim) કરતા નથી તેમને તે નાણાં મોકલવામાં આવતાં નથી. દરમિયાન તેમની ફી પરીક્ષા-ફી માટે યુનિવર્સિટીના ફંડમાં જમા લેવામાં આવેલી હોય છે.

પ્રશ્ન ૧૧૩ : શું તેમને ઘેર મોકલી આપવાની વ્યવસ્થા ન થઈ શકે?

ઉત્તર ૧૧૩ : પ્રશ્ન નં. ૧૧૧ અને ૧૧૨ ના ઉત્તરો જોવા વિનંતી છે.

[૬] **શ્રી. શરદ પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા:

પ્રશ્ન ૧૧૪ : યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો જે તા. ૧--૬--૧૯૬૭માં હતાં તેમાં જુ. કલાર્ક, પટાવાળા, સી. કલાર્ક, હેડ કલાર્ક અને કાર્યાલય નિયામકનાં શું હતાં તથા તા. ૧--૧--૧૯૭૩થી જે નવાં સુધારીને આવ્યાં તે આ કેડરો માટે કયાં છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૧૪ : તા. ૧--૬--૧૯૬૭નાં પગારધોરણોની માહિતી રૂટે. ૩૧ (૫) (૨) (૧) મુજબ અત્રે આપી શકાઈ નથી તો માફ કરશો. તા. ૧--૧--૧૯૭૩નાં પગારધોરણોની માહિતી માટે **પરિશિષ્ટ "૧૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૫ : નવાં આવેલ પગારધોરણોમાં જુ. કલાર્કનું પગારધોરણ કે જે ૨૬૦--૪૦૦ છે તેમાં આ કર્મચારીઓને જૂના પગારધોરણમાં મળતા ઇજાફા વધેલા છે કે ઘટેલા છે?

ઉત્તર ૧૧૫ : ઘટેલા છે.

પ્રશ્ન ૧૧૬ : શું ઇજાફા હતા અને શું નવા આવ્યા?

ઉત્તર ૧૧૬ : જુનિયર કલાર્કના સુધારેલા પગારધોરણમાં ઇજાફાના દર રૂ. ૬, ૮ અને ૧૦ છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જવાબમાં પૂરી માહિતી આપવામાં આવી નથી. જૂના પગારધોરણના ઇજાફા જણાવવા જોઈએ.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સ્ટેચ્યૂટ પ્રમાણે આપી શકાય તે માહિતી આપી છે.

પ્રશ્ન ૧૧૭ : યુનિવર્સિટીના અધિકારી વર્ગની વિવિધ કેડરો (સુપરિન્ટેન્ડન્ટથી ઉપરની) જણાવી તેમનું તા. ૧--૬--૧૯૬૭ના રોજ કયું પગારધોરણ હતું અને તા. ૧--૧--૧૯૭૩થી નવું આવ્યું તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૧૭ : તા. ૧--૬--૧૯૬૭ની માહિતી રૂટે. ૩૧ (૫) (૨) (૧) મુજબ અહીં આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો. તા. ૧--૧--૧૯૭૩થી અમલમાં આવેલા સદરહુ જગ્યાઓ માટેનાં પગારધોરણો અંગેની માહિતી માટે **પરિશિષ્ટ "૧૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૮ : તેમાં મળતા જૂના પગારધોરણના ઇજાફા નવા ધોરણમાં વધ્યા છે કે ઘટ્યા છે?

ઉત્તર ૧૧૮ : વધ્યા છે.

પ્રશ્ન ૧૧૯ : સરેલા પંચની પે ફિક્સેશનની ફોર્મ્યુલા રાજ્ય સરકારે તેના જી.આર. યુ.એસ.જી. ૧૧૬૯--૫૮૮૮૩ કેએચ, તા. ૨૯--૭--૧૯૭૧ થી યુનિવર્સિટીને મોકલી તે મુજબ તે વખતની સિન્ડિકેટે ઘડેલાં પગારધોરણો કે જેને રાજ્ય સરકારે તેના જી.આર. યુ.એસ.જી. ૧૧૭૧--૧૭૫૫૯ કેએચ, તા. ૬--૩--૧૯૭૩ થી મંજૂરી આપેલી તે પગારધોરણો ઉપર દેસાઈ પંચની ફોર્મ્યુલા લાગુ પાડવામાં આવે તો પટાવાળા, જૂ. ક્લાર્ક, સી. ક્લાર્કનાં પગાર ધોરણો શું આવે તે ગણતરી કરીને જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૧૯ : સરેલા પંચની ફોર્મ્યુલા અંગેની બાબત પાંચ વર્ષથી વધુ સમય જૂની હોવાથી સ્ટે. ૩૧ (૫) (૨) (૧) (આઈ) પ્રમાણે આ માહિતી આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૨૦ : પ્રશ્ન ૧૧૯મા જણાવેલ સરેલાવાળી ફોર્મ્યુલા અધિકારી વર્ગનાને સ્કેલો આપેલા અને સરકારે સદર જી.આર.થી મંજૂર કરેલા તે સ્કેલો ઉપર દેસાઈ પંચની ફોર્મ્યુલા લાગુ પાડવાથી કાર્યાલય નિયામકથી ઉપરની કેડરના અધિકારી વર્ગનાં પગારધોરણો શું આવે તે ગણતરી કરીને જણાવવા વિનંતી છે. મદદનીશ કુલસચિવ, નાયબ કુલસચિવ, પરીક્ષા નિયામક, વિકાસ અધિકારી, નાયબ હિસાબનીશ, હિસાબનીશ, કુલસચિવ, પ્રકાશન અધિકારી, એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટની જગ્યાઓના જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૨૦ : પ્રશ્ન ૧૧૯ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૧ : ભવનોના ટાઇપિસ્ટોએ યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટોના ધોરણે સરકારી નિયમ મુજબ રૂપે. પે માંગતો અરજી યુનિવર્સિટીને કઈ તારીખે કરી હતી?

ઉત્તર ૧૨૧ : યુનિવર્સિટીનાં સમાજવિદ્યા ભવન, ભાષાભવન, ડૉ. બી. કે. સ્કૂલ તથા યુનિવર્સિટી મુદ્રણાલયના ક્લાર્ક--ટાઇપિસ્ટની મૂળ સંયુક્ત અરજી ઉપલબ્ધ નથી. તા. ૩૦--૧--૧૯૭૯-ના રોજની અરજી લાલ ફાઈલ ઉપર છે.

પ્રશ્ન ૧૨૨ : સદર અરજી ઉપર યુનિવર્સિટીએ આજદિન સુધી શું નિર્ણય લીધો છે?

ઉત્તર ૧૨૨ : તા. ૩૦--૧--૧૯૭૯ની અરજી ઉપરથી તેઓને પશ્ચાદ્વર્તી અસર થાય તે પ્રમાણે રૂ. ૨૦--૦૦ નું માસિક ટાઈપિંગ ભથ્થું મંજૂર કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૨૩ : તેમની પ્રથમ અરજી અને તે અંગેના રજિસ્ટ્રારશ્રીના કાર્યાલયની નોંધ સાથેના નમામ અસલ કાગળો સભાગૃહના ટેબલ ઉપર રજૂ કરવા વિનંતી છે.

ઉત્તર ૧૨૩ : અરજી તથા તેની સાથેના કાગળો ઉપલબ્ધ ન હોવાથી રજૂ કરી શકાય તેમ નથી, તો ક્ષમા કરશો. તા. ૩૦--૧--૧૯૭૯ની અરજી અને તે અંગેના કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કાગળ કેમ રજૂ કરવામાં આવ્યો નથી? તે મળ્યો લાગતો નથી?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તે કાગળ હાલને તબક્કે traceable નથી.

પ્રશ્ન ૧૨૪ : તા. ૧૮--૧--૧૯૭૯ના રોજ આવેલ સરકારી જી.આર.પી.સી.આર. ૩૦૭૮-૧૮૯-એમ.ના પેરા ૩ અન્વયે જણાવ્યા મુજબ જે કર્મચારીઓ વિકલ્પે જૂના સ્કેલમાં રહે તેમને સદર ફૉર્મ્યુલા મુજબ તેમાં આપેલા દાખલા અનુસાર જે કર્મચારીનો બેઝિક પગાર રૂ. ૧૨૯ આવે તેના ઉપર નવા ધોરણે ઘરભાડું, લોકલ કોમ્પ. ભથ્થું, મેં. ભથ્થું, સી.પી.એફ. વિ. ના ખર્ચ રાજ્ય સરકાર ગ્રાન્ટને પાત્ર ગણનાર છે તે વાત સાચી છે?

ઉત્તર ૧૨૪ : હા, જી.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ કર્મચારી તા. ૩૦--૬--૧૯૭૮થી નવું પગારધોરણ સ્વીકારે તો ૧૯૭૩--૭૮ની વચ્ચે જૂના પગાર-ધોરણનું જૂનું મોંઘવારી ભથ્થું વગેરે મળે છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોઈ ચોક્કસ કેસ કે કેસો રજૂ થાય તો તેનો અભ્યાસ કરીને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવાનું વિચારી શકાય.

શ્રી. કનુભાઈ શાહે જણાવ્યું કે આ બાબતની નોંધ લેવા વિનંતી છે.

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગેના પ્રશ્નની નોંધ તમે કુલસચિવશ્રીને આપશો એમ વિનંતી છે,

પ્રશ્ન ૧૨૫ : જો તે ઉપરાંત વેઈટેજ જે નવા સ્કેલો સ્વીકારનારને મળેલ છે તે જૂના સ્કેલ ઉપર રહેલાને યુનિવર્સિટી આપે તો યુનિવર્સિટીનો આવા (જૂનામાં રહેલ) સ્ટાફ માટે આ અંગેનો માસિક અંદાજી ખર્ચ કેટલો વધે તેમ છે?

ઉત્તર ૧૨૫ : જૂના પગારધોરણમાં રહેતા પટાવાળા અને તેની સમકક્ષ, જુ. ક્લાર્ક અને તેની સમકક્ષ અને સી. ક્લાર્ક અને તેની સમકક્ષ યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પણ આવા વેઈટેજનો લાભ તા. ૧--૪--૧૯૭૯થી આપવાનું ઠરાવવામાં આવ્યું છે તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે સદરહુ વેઈટેજ આપવાને પરિણામે યુનિવર્સિટીને અંદાજે રૂ. ૪૫,૧૦૦ નો ખર્ચ વધશે તેમ અંદાજ છે.

પ્રશ્ન ૧૨૬ : જુ. ક્લાર્કના જૂના સ્કેલ રૂ. ૧૧૩-૪૬૧ ઉપર દેસાઈ પંચની ફૉર્મ્યુલા જે નવો સ્કેલ આપે છે તેના ફક્ત વેઈટેજનો ખર્ચ બાદ કરીએ તો યુનિવર્સિટીનો બીજો કોઈ ખર્ચ વધે તેમ છે?

ઉત્તર ૧૨૬ : હા, જી.

પ્રશ્ન ૧૨૭ : જો હા તો કેટલો?

ઉત્તર ૧૨૭ : અંદાજે રૂપિયા એક હજારનો માસિક ખર્ચ વધશે તેવી ધારણા છે.

[૭] શ્રી. આર. એ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૨૮ : સિન્ડિકેટ ઠરાવ નં. ૭,૪૧૮ તા. ૧૦--૧--૧૯૬૧ મુજબ ટીચર (Deemed) સેકન્ડ ક્લાસ ડેમોન્સ્ટ્રેટર--ટયૂટર ને યુ.જી.સી.ના ફિફ્થ પ્લાન મુજબ હાયર સ્ટાર્ટ રૂ. ૨૯૧નો આપવામાં આવ્યો નથી. ઠરાવનું ઔચિત્ય જળવાયું નથી. યુનિવર્સિટીએ આ બાબતે શું પગલાં ભર્યાં ?

ઉત્તર ૧૨૮ : ચોથી પંચવર્ષીય યોજના હેઠળ બીજા વર્ગના સમકક્ષ ટયૂટર–ડેમોન્સ્ટ્રેટરને સદરહુ પગાર-ધોરણમાં શૂન્ય માસિક પગાર રૂ. ૩૦૦ આપવા અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા કુલપતિશ્રીને વિનંતી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫--૧--૧૯૭૪ની સભામાં ઠરાવ ક્રમાંક ૬૨ થી ઠરાવ્યું હતું. પરંતુ રાજ્ય સરકારે સદરહુ વિનંતી માન્ય રાખી નથી જેની નોંધ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮--૨--૧૯૭૫ની સભામાં (બા. ક્ર. ૪૬ થી) લીધી છે.

પ્રશ્ન ૧૨૯ : સરકારશ્રી સાથે શું રજૂઆત થઈ તે જણાવશો ?

અને

પ્રશ્ન ૧૩૦ : હાલમાં આવા કેટલા સ્ટાફ મેમ્બરો છે તે જણાવશો ?

ઉત્તર ૧૨૯ અને ૧૩૦ : ઉપર પ્રશ્ન ૧૨૮ ના ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભા થતા નથી.

પ્રશ્ન ૧૩૧ : યુ.જી.સી.ના સ્કેલ મુજબ એમ.એસસી. સેકન્ડ ક્લાસ ટયૂટર--ડેમોન્સ્ટ્રેટરનો ૨૫૦-૧૫-૪૦૦ ને બદલે ૩૦૦-૧૫-૪૦૦નો સ્કેલ કેટલી કૉલેજોએ આપ્યો છે ?

અને

પ્રશ્ન ૧૩૨ : કેટલી કૉલેજોએ આપ્યો નથી તે વિગતે જણાવો.

ઉત્તર ૧૩૧ :

અને ૧૩૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૪"** જોવા વિનંતી છે

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ટયૂટર/ડેમોન્સ્ટ્રેટરના deemed second ક્લાસને યુ.જી.સી. પગારધોરણમાં deemed second clas ગણતા નથી અને રાજ્ય સરકાર તે મુજબ ન ગણતી હોય તો રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવી જોઈએ

શ્રી. કુલસચિવે જણાવ્યું કે રજૂઆત કરેલી છે અને જરૂર પડશે તો ફરીથી પણ રજૂઆત કરી શકાશે

તે પછી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો હતો.

૪. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૬--૭૭ના વાર્ષિક હેવાલ ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦--૩--૧૯૭૮ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ(કોરમ)ના અભાવે પૂરી થઈ શકી નહીં તે સંજોગોમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૭૮ના રોજ પૂરા થતા વર્ષનો એક્ઝિકયુટિવ કાઉન્સિલે રજૂ કરેલો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. કે. એસ. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૭૮ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને શ્રી. અંબુભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

લંબાણ ચર્ચાવિચારણા પછી તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૫-૭૬ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩-૧૯૭૮ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહીં તે સંજોગોમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ ઑડિટ થયેલા હિસાબોની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૬--૭૭ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. ડી. તલાટી**એ નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૬-૭૭ના વર્ષના ઑડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

(ઑડિટ થયેલા હિસાબોની નકલ સામેલ છે.)

સદરહુ બાબત સુધારા સાથેના ફેરફારવાળી કામકાજની યાદીમાં જણાવ્યા મુજબ કામકાજની યાદીમાંથી રદ ગણવામાં આવેલી હોઈ તે અંગે કશું કરવાપણું રહ્યું નહોતું.

***G. U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual meeting. The Court may pass resolutions thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

+Statute 90 :

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.

૮. ૧૯૭૬-૭૭ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો હેવાલ.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. ડી. તલાટી**એ નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૬-૭૭ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે."

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

સદરહુ પ્રસ્તાવ આચાર્ય જે. ડી. તલાટીને બદલે શ્રી. અંબુભાઈ દેસાઈએ રજૂ કર્યો. તેને શ્રી. કનુભાઈ શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. ૧૯૭૭—૭૮ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો હેવાલ :

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. ડી. તલાટી**એ નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૭—૭૮ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે."

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

સદરહુ પ્રસ્તાવ આચાર્ય જે. ડી. તલાટીને બદલે શ્રી. અંબુભાઈ દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. કનુભાઈ શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૮--૭૯ના વર્ષના અંદાજપત્ર તથા સને ૧૯૭૭—૭૮ના વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦—૩--૧૯૭૮ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ(કોરમ)ના અભાવે થઈ શકી નહીં તે સંજોગોમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલા સદરહુ અંદાજપત્રની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

૧૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ તથા સ્ટે. ૮૯† અનુસાર એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૭૯--૮૦નું અંદાજપત્ર તથા સને ૧૯૭૮--૭૯નું પુનર્નિર્મિત અંદાજપત્ર.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય **શ્રી. એમ. પીરજાદા**એ નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૧) અનુસાર એક્ઝિકયુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૭૯-૮૦ના અંદાજપત્ર તથા સને ૧૯૭૮-૭૯ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

---

§ G. U. Act, Section 49 :

(1) The annual accounts of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the State Government for audit.

(2) The Executive Council shall, after the accounts are audited, submit a copy thereof along with a copy of the Audit Report, to the Court and to the State Government.

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. એમ. પીરઝાદાએ રજૂ કર્યો, તેને આચાર્ય સી એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

સદરહુ બાબતના સંદર્ભમાં શ્રી. કનુભાઈ એ. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી મુદ્રણાલયની છેલ્લાં ત્રણ વર્ષની આવક ખર્ચની વિગત નીચે પ્રમાણે છે :

વર્ષ	આવક	ખર્ચ	ખર્ચનો વધારો
૧૯૭૫–૭૬	૩,૫૨,૨૩૨–૮૭	૫,૫૦,૭૧૧—૩૧	૧,૯૮,૫૩૮–૪૪
૧૯૭૬–૭૭	૪,૩૯,૪૭૦–૨૨	૬,૫૯,૦૫૧—૭૨	૨,૧૯,૫૮૧–૫૦
૧૯૭૭–૭૮	૩,૭૯,૫૭૪–૯૪	૯,૫૧,૭૭૬—૫૨	૫,૭૨,૭૭૬–૫૮

ઉપરોક્ત વિગતો ઉપરથી એ હકીકત સ્પષ્ટ થતી જાય છે કે મુદ્રણાલયની ખાધ પ્રતિવર્ષ વધતી જાય છે. વાર્ષિક ઇજાફા, પગારધોરણમાં સુધારા વગેરે કારણોસર એકંદર ખર્ચમાં અમુક ટકા વધારો થાય તે સમજી શકાય, પરંતુ છેલ્લા એક વર્ષમાં જ રૂ. ત્રણ લાખનો વધુ ખર્ચ કર્યા છતાં રૂ. ૬૦,૦૦૦નું ઉત્પાદન ઘટ્યું છે, તે સામાન્ય સમજમાં ઊતરે તેવું નથી.

એક બાજુથી યુનિવર્સિટી મુદ્રણાલયમાં ઉત્પાદન ઘટતું જાય છે, જ્યારે યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રો, પ્રકાશનો વગેરે બહાર છપાય છે એ તર્કસંગત લાગતું નથી. બહારનાં છાપખાનાંઓમાં છપાતાં યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રોમાં ખોટી રીતે લેડ, જગ્યા વગેરે નાંખીને વધારે પાનાં બનાવીને પ્રશ્નપત્રો છાપવાનાં ઊંચાં બીલો બહારનાં છાપખાનાંઓ બનાવતાં હોવાની ફરિયાદ છે જ. બીજી બાજુ યુનિવર્સિટીના પોતાના પ્રેસને પૂરતું કામ ન મળે અને વર્ષે રૂ. ૬૦,૦૦૦ જેટલું ઉત્પાદન ઘટી જાય!

---

(3) The Executive Council shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimates for the ensuing year.

(3–A) The Executive Council shall, having regard to the Government grants that are likely to be available, finally prepare the financial estimates for the ensuing year.

(4) The annual accounts and the financial estimates shall be considered by the Court at its annual meeting and the Court may pass resolution with reference thereto and communicate the same to the Executive Council which shall take them into consideration and take such action thereon as it thinks fit, and finally adopt the accounts and financial estimates. The Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

‡ **Statute 89 :**

The Executive Council shall prepare the financial estimates for the ensuing year at least six weeks before the date fixed for the annual meeting of the Court and shall send a copy of the financial estimates prepared by the Executive Council to all the members of the Court so as to reach them six weeks before the annual meeting of the Court every year and the consideration of the budget shall be an item on the agenda of the annual meeting of the Court.

ઉપરોક્ત તમામ હકીકતોનો ખ્યાલ કર્યા પછી યુનિવર્સિટી કોર્ટની આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને અનુરોધ કરે છે કે—

(અ) યુનિવર્સિટી મુદ્રણાલયના કથળેલા વહીવટ અને ઉત્પાદન અંગે તપાસ કરવા તથા યોગ્ય ઉપાયો સૂચવવા નીચેના સભ્યોની સમિતિ નીમવામાં આવે :

(૧) કુલપતિશ્રી.

(૨) ગવર્નમેન્ટ સેન્ટ્રલ પ્રેસ, ગાંધીનગરના વ્યવસ્થાપકશ્રી,

(૩) શ્રી સત્યેન્દ્રભાઈ ઝવેરી (યુનિવર્સિટી પ્રેસ કર્મચારીઓના પ્રતિનિધિ)

(૪) શ્રી ઉજમશી કાપડિયા (કોર્ટ-સભ્ય)

(૫) કુલપતિશ્રી-નિયુક્ત યોગ્ય સંખ્યાના સભ્યો;

(બ) છેલ્લાં બે વર્ષમાં બહારનાં પ્રેસોમાં છપાયેલાં યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રોનાં કૃત્રિમ રીતે પાનાં વધારવા જેવા અયોગ્ય પ્રયત્નો દ્વારા યુનિવર્સિટી ઉપર કેટલો બોજો વધ્યો તે અંગે તપાસ કરવા સમિતિ નીમવામાં આવે;

(ક) વચગાળાના ઉપાય તરીકે યુનિવર્સિટી પ્રશ્નપત્રો, પ્રકાશનો, વગેરેનું તમામ કામ તાત્કાલિક અમલમાં આવે તે રીતે યુનિવર્સિટી મુદ્રણાલયમાં ખસેડવામાં આવે.

સદરહુ ઠરાવનો અમલ કરવા સમિતિ નીમવાના હેતુથી યુનિવર્સિટીના સભા-સમિતિઓના ખર્ચમાં પ્રતીક તરીકે રૂ. ૧ નો ખર્ચ વધારવો અને સને ૧૯૭૯-૮૦ ના અંદાજપત્રના પૃષ્ઠ ૯ ઉપર મથાળા નં. ૪ (૪) સામે કુલ ખર્ચ રૂ. ૫૦,૦૦૦ દર્શાવેલો છે તેને બદલે રૂ. ૫૦,૦૦૧નો આકારવાની અને પૃ. ૨ ઉપર મથાળા નં. ૧૨ સામે આવક રૂા. ૫,૫૫,૦૦૦ અંદાજવામાં આવી છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧ વધારી કુલ આવક રૂ. ૫,૫૫,૦૦૧ આકારવાની વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

ઉપરનો પોતાનો પ્રસ્તાવ શ્રી. કનુભાઈ એ. શાહે રજૂ કર્યો, તેને શ્રી. સી. બી. મહેતાએ ટેકો આપ્યો.

શ્રી. કનુભાઈ એ. શાહના ઉપરના પ્રસ્તાવ પર શ્રી. એચ. પી. ચૌહાણે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

કામકાજની યાદી ક્રમાંક ૧૧(૧)માં સુધારો

